ડૉ. મનસુખભાઈ
પટેલ.
એ.કે. રોડ, સુરત.

હરિઃ ઓમ્ આશ્રમ પ્રેરિત શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ
સ્મારક સર્વધર્મ દર્શન ગ્રંથમાળા – ૬

# બૌદ્ધધર્મદર્શન


લેખક

**નગીન જી. શાહ**

અધ્યક્ષ, લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ–૯



સરદાર પટેલ યુનિવર્સિટી

વલ્લભ વિદ્યાનગર–૩૮૮ ૧૨૦

BAUDDHADHARMADARSHAN

પ્રથમ આવૃત્તિ : એપ્રિલ ૧૯૭૮

પ્રત સંખ્યા : ૧,૦૦૦

મૂલ્ય : રૂા. ૧૫-૦૦

© : યુનિવર્સિટી

યોજનાદાન : હરિઃ ૐ આશ્રમ, નડિયાદ

મુદ્રક અને પ્રકાશક : કાન્તિભાઈ અંબાલાલ અમીન
કુલસચિવ, સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભ વિદ્યાનગર – ૩૮૮ ૧૨૦

# પ્રસ્તાવના

લોકશાહીને વરેલા કોઈ પણ સમાજને સુદૃઢ કરવો હોય તો એ સમાજની પ્રજાને જીવન વિશેના દર્શનનો સુયોગ્ય ખ્યાલ આપવો જોઈએ. વળી વ્યક્તિનું વ્યક્તિ તરીકેનું મૂલ્ય ને આદર એ સાચી લોકશાહીનો પાયો છે. દરેક પ્રજાજનમાં આ ભાવના જન્મે તે માટે દુનિયાભરના બધા ધર્મ પ્રત્યે સમભાવ કેળવવાની આવશ્યકતા છે; અને આ માટે બધા જ ધર્મ, દર્શન, ચિંતન અને ફિલસૂફીના શુદ્ધ અને સાત્ત્વિક જીવન–દર્શનથી પ્રજાને પરિચિત કરાવવી તે જરૂરી પણ છે. એકબીજાના ધર્મના આદરભાવથી સમતા ખીલે છે અને સાંકડા થતા જગતમાં એકબીજાને સમજવા માટે એ આવશ્યક છે.

ગુજરાતની યુવાન પેઢી સર્વધર્મ સમભાવ કેળવે તેવી પુનિત ભાવનાની હરિ: ઓમ્ આશ્રમના સદ્‌ગત પૂજ્ય શ્રી મોટાને આકાંક્ષા જન્મી અને જગતનાં સર્વધર્મ, દર્શન, ચિંતન, ફિલસૂફી વગેરેથી ગુજરાતની ગુણિયલ પ્રજાને પરિચિત કરાવવાની યોજના માટે એમણે સરદાર પટેલ યુનિવર્સિટીને રૂપિયા બે લાખનું 'આનંદશંકર બાપુભાઈ ધ્રુવ સ્મારક સર્વધર્મ દર્શન પ્રકાશન ટ્રસ્ટ' સુપ્રત કર્યું છે. આ ટ્રસ્ટના વ્યાજમાંથી વિશ્વનાં વિવિધ ધર્મો, દર્શનો, ચિંતકો વિષેના પ્રમાણભૂત મૌલિક ગ્રંથો એક પછી એક પ્રગટ કરવાની અમારી યોજના છે.

આ ગ્રંથમાળાના પાંચ ગ્રંથો 'ખ્રિસ્તી દર્શન', 'ઝરથુષ્ટ્ર દર્શન', 'શીખ દર્શન', 'ઇસ્લામ દર્શન' અને 'હિંદુ દર્શન' પ્રગટ થઈ ચૂકયા છે. આ ગ્રંથ-માળાનો છઠ્ઠો ગ્રંથ 'બૌદ્ધધર્મદર્શન' શ્રી નગીનભાઈ શાહે તૈયાર કર્યો છે જે પ્રગટ કરતાં હું આનંદ અનુભવું છું. આ ગ્રંથમાળામાં અગાઉ પ્રગટ થયેલા પાંચેય ગ્રંથોને ગુજરાતની પ્રજાએ જેવો આવકાર આપ્યો છે તેવો જ આવકાર આ છઠ્ઠા ગ્રંથને પણ મળશે એવી શ્રદ્ધા છે.

ગુજરાતની પ્રજાના હૃદયમાં શુદ્ધ અને સાત્ત્વિક ભાવો જન્માવવાના શુભાશયથી સરદાર પટેલ યુનિવર્સિટીને દાનનિધિ સુપ્રત કરવા માટે હરિ: ઓમ્ આશ્રમ પ્રત્યે હું આભારની લાગણી વ્યકત કરું છું અને આ ગ્રંથના કર્તા શ્રી નગીનભાઈ શાહનો પણ હું હૃદયપૂર્વક આભાર માનું છું.

સરદાર પટેલ યુનિવર્સિટી
**વલ્લભ વિદ્યાનગર**

**આર. ડી. પટેલ**
કુલપતિ

## સલાહકાર સમિતિ

(૧) શ્રી રમણભાઈ ડી. પટેલ (કુલપતિ)

(૨) શ્રી એચ. એમ. પટેલ

(૩) ફાધર વાલેસ

(૪) શ્રી નગીનદાસ પારેખ

(૫) શ્રી ડી. ડી. જાડેજા

(૬) શ્રી જે. એમ. શેખડીવાળા (મંત્રી, સલાહકાર સમિતિ)

# પ્રવેશક

ભારત પુણ્યભૂમિ છે, કર્મભૂમિ છે, સાધનાપીઠ છે. તેની સંસ્કૃતિ ચેતનામયી છે. હજારો વર્ષોથી તેને ખોળે આવનારને તે ધારતી, પોષતી, કેળવતી અને ઉન્નત બનાવતી રહી છે. તેણે કદી પોતાના–પારકા એવો ભેદ કર્યો નથી. એનું કારણ એની ઉદાત્ત અધ્યાત્મવિદ્યા છે. આ અધ્યાત્મવિદ્યા ભારતમાં અનેક ધર્મોનાં રૂપે આકાર પામી છે. તેના પ્રાચીન મુખ્ય ત્રણ રૂપ છે — હિન્દુ, બૌદ્ધ અને જૈન. આ ત્રણમાંથી એક રૂપનું દર્શન આપણે આ ગ્રંથમાં કરીશું. આ ગ્રંથમાં આપણે બૌદ્ધધર્મનાં સ્વરૂપ, સત્ત્વ અને ગરિમાને શબ્દબદ્ધ કરીશું.

બૌદ્ધધર્મ વિશ્વના મહનીય ધર્મોમાં અજોડ છે. આ ધર્મમાં એવી તો સંજીવની શકિત છે કે આજે અઢી હજાર વર્ષો પછી પણ તે સજીવ રહ્યો છે; એટલું જ નહિ પણ કાળે કાળે અને દેશે દેશે નવીન રૂપો તેણે ધાર્યાં છે. આજ પણ તેનો પ્રભાવ માનવસમાજ પર છે. એશિયાના અમુક નાના ભાગને છોડી આ વિસ્તૃત ભૂખંડ પર તેની પ્રભુતા અતુલનીય છે. બૌદ્ધધર્મે કરોડો માનવોનું મંગલ કર્યું છે અને આજેય કરી રહ્યો છે. પાશ્ચાત્ય જગતની ચિન્તનશીલ વ્યકિતઓ પર પણ તેનો પ્રભાવ પહેલાં પડયો હતો અને આજ પણ પડી રહ્યો છે.

બૌદ્ધધર્મનું ધ્યેય દુ:ખમુક્તિ છે. દુ:ખમુક્તિ માટે ચિત્તશોધન આવશ્યક છે. ચિત્તને કલેશરહિત બનાવવું જોઈએ. જયાં સુધી ચિત્તમાં રાગદ્વેષ છે ત્યાં સુધી દુ:ખ છે. ચિત્તને નિર્મળ કરવા બૌદ્ધધર્મે શીલ, સમાધિ અને પ્રજ્ઞા આ ત્રણ ક્રમિક ઉપાયો સૂચવ્યા છે. વળી, ચિત્તશોધન કરવા ઇચ્છનારે ચિત્તને સમજવું જરૂરી છે. તેથી બૌદ્ધધર્મમાં જેવું સૂક્ષ્મ વિશ્લેષણ ચિત્ત અને ચિત્તના ધર્મોનું કરવામાં આવ્યું છે તેવું બીજા ધર્મોમાં ભાગ્યે જ મળશે.

રાગદ્વેષને ચિત્તમાંથી દૂર કરી ચિત્તને વિશુદ્ધ કરવા બૌદ્ધધર્મે મૈત્રી અને કરુણાથી ચિત્તને ભરી દેવા જણાવ્યું છે. મૈત્રી–કરુણા તો સમાનતા, આત્મૌપમ્ય અને અહિંસાની પ્રસવભૂમિ છે.

ધર્મની ત્રણ ભૂમિકા ગણાવી શકાય—કાયદો (Law), નૈતિકતા (Morality) અને આધ્યાત્મિકતા (Spirituality). ભારતમાં કાયદાને પણ ધર્મ કહેવામાં આવે છે. આપણા પ્રાચીન ધર્મશાસ્ત્રો એ કાયદાપોથીઓ છે.

આ દર્શાવે છે કે કાયદો અને ધર્મ એકબીજાના વિરોધી નથી. સમાજને અને વ્યક્તિને ટકવા માટે કાયદો અનિવાર્ય છે. તે સમાજને અને વ્યક્તિને ધારણ કરે છે. ધર્મ કાયદાનો અનાદર કરવાનું શીખવતો નથી. ધાર્મિક માણસ કાયદાનું પાલન કરે છે. જો તેનું અંતર કહે કે કાયદાને વશ થવાથી મોટી હાનિ થશે તો તેની સમક્ષ કાયદાએ પોતે જ મૂકેલા બે વિકલ્પોમાંથી એકનો તે સ્વીકાર કરે છે — કાયદાનું પાલન અથવા કાયદાથી નક્કી થયેલી શિક્ષા. જે બીજો વિકલ્પ સ્વીકારે છે તે કાયદાનો ભંગ કરતો નથી. તે સામે ચાલીને શિક્ષાનો સ્વીકાર કરે છે. કાયદાનું રક્ષણ કરો, કાયદો તમારું રક્ષણ કરશે. અંધાધૂંધી અને અવ્યવસ્થામાં નથી વ્યક્તિનું કલ્યાણ કે નથી સમાજનું કલ્યાણ. બૌદ્ધધર્મ કાયદાપાલનને જરૂરી ગણે છે. રાજ્યવિરુદ્ધ આચરણને તે પોષતો નથી. સૈનિકને પ્રવ્રજ્યા ન દેવાનો નિયમ શું સૂચવે છે? જૈનધર્મ પણ કાયદાપાલન પર ભાર મૂકે છે. ખોટાં તોલમાપ વાપરવાં, ખોટી સાક્ષી પૂરવી, ખોટાં લેખ કરવા, કરચોરી કરવી, વગેરેને તે ધર્મચ્યુતિ ગણે છે. રાજ્યવિરુદ્ધ આચરણ ન કરવાનો જૈનધર્મનો આદેશ છે. કેટલાક આધુનિક વિદ્વાનો એમ માને છે કે રાજ્ય શ્રેષ્ઠીઓ પાસેથી ધન પડાવી લેવા લાગ્યું એટલે શ્રેષ્ઠિપુત્રો ધન છોડી બૌદ્ધ ભિક્ષુઓ બની ગયા; તેમને આમાં બૌદ્ધધર્મના ઉદ્‌ભવનું કારણ જણાય છે. પરંતુ આ વાત સાચી લાગતી નથી. કાયદા વડે રાજ્ય ધનિક પાસેથી ભારે કર નાખી ધન લે તેથી ધનિકો ભિક્ષુ બની જતા હોત તો વર્તમાનકાળે ઘણા ધનિકો ભિક્ષુ બની જવા જોઈતા હતા. જે કર રૂપે અમુક ભાગનું ધન છોડી શકતો નથી તે બધું ધન છોડી, સઘળા સંબંધો છોડી ભિક્ષુ બની જાય એ વાત ગળે ઊતરતી નથી. રાજ્ય સમગ્ર પ્રજાના હિત—સુખને ધ્યાનમાં રાખી કાયદા ઘડે છે અને દરેક નાગરિકને સમગ્ર દેશ યા પ્રજાની દૃષ્ટિએ વિચારતો કરે છે. કાયદાનું પાલન કરવું એ સૌ ધાર્મિક જનોનું કર્તવ્ય છે. જે કાયદાનું પાલન નથી કરતો તે અધાર્મિક છે. જે કરચોરી વગેરે ઉપાયોથી ધન ભેગું કરી મંદિરો બંધાવે છે તે અધાર્મિક છે, નિકૃષ્ટ છે. મંદિરો ન બંધાવે તો કંઈ નહિ, પણ કરચોરી તો ન જ કરવી જોઈએ. કાયદામાં કર્તવ્ય—અકર્તવ્યનો નિર્ણય પ્રજાજનોના સુખની વૃદ્ધિ અને દુ:ખની હાનિને આધારે થાય છે. કાયદો આપણને અમુક કરવા અને અમુક ન કરવા ફરજ પાડે છે. કાયદાનો ભંગ કરનારને શિક્ષા કરવામાં આવે છે. કાયદાની દૃષ્ટિએ કર્તવ્ય શું અને અકર્તવ્ય શું એનું જ્ઞાન કાયદાપોથીઓ આપે છે. કાયદાની ભૂમિકાએ પણ અહિંસા, સત્ય વગેરે પાંચ યમોનું પાલન હોય છે જ પરંતુ તે સ્થૂળ હોય છે. આમ કાયદો ધર્મની પ્રાથમિક ભૂમિકાએ રહેલા લોકોને

ઉચ્ચ ભૂમિકા માટે કેળવે છે. બૌદ્ધધર્મની શીલની ભૂમિકાનો અધિકારી તે જ બની શકે છે જે રાજ્યવિરુદ્ધ આચરણ કરતો નથી અને કાયદાનું બરાબર પાલન કરે છે.

કાયદાપાલનની ભૂમિકા પછી આવે છે નૈતિકતાની ભૂમિકા. બૌદ્ધ શીલથી મહદંશે આ ભૂમિકા સૂચવાય છે. આ ભૂમિકા કાયદાપાલનની ભૂમિકાથી ચડિયાતી છે, એનો અર્થ એ નહિ કે વિરોધી છે. આ ભૂમિકાએ કર્તવ્યાકર્તવ્યનો નિર્ણય સર્વ જીવોની સુખવૃદ્ધિ અને દુ:ખહાનિને આધારે થાય છે. શું કરવાથી સર્વ જીવોનું કલ્યાણ થશે અને શું કરવાથી સર્વ જીવોના દુ:ખમાં વધારો થશે એનું જ્ઞાન ધર્મગ્રંથોની સહાયથી પરિષ્કૃત થયેલી વિવેકબુદ્ધિ વડે થાય છે. જેમ જેમ રાગદ્વેષ ઓછા થતા જાય છે તેમ તેમ વિવેકબુદ્ધિ વધુ ને વધુ ખીલતી જાય છે. પોતાની વિવેકબુદ્ધિ વડે મનુષ્યને જે કર્તવ્ય જણાય તેનું તેણે પાલન કરવું જ જોઈએ. કર્તવ્યનું પાલન કરાવવા આ ભૂમિકાએ કોઈ બાહ્ય દબાણ નથી. આ ભૂમિકાએ દબાણ આંતરિક હોય છે. કર્તવ્યનું પાલન ન કરવાથી અંતર ડંખે છે, ચેન પડતું નથી. આ જ મોટી શિક્ષા છે. કોઈ સ્થૂળ શિક્ષા આ ભૂમિકાએ નથી. જેમ જેમ વિવેકદૃષ્ટિ ખુલતી જાય છે તેમ તેમ કર્તવ્યાકર્તવ્યનું ભાન તીવ્ર–તીવ્રતર બનતું જાય છે, અને પરિણામે આંતર દબાણ વધતું જાય છે. એ દબાણ એટલું બધું હોય છે કે માણસ કર્તવ્યનું પાલન કરે જ અને ન કરે તો તે જીવી શકે જ નહિ (કેવી મોટી શિક્ષા !). આવકનો અમુક ભાગ કર રૂપે આપવો જોઈએ જ એ કાયદાનો આદેશ છે; ન આપો તો શિક્ષા થાય. પરંતુ દાન કરવા કોઈ ફરજ પાડતું નથી. અન્યને દુ:ખી દેખી કરુણાથી પ્રેરાઈ જે દાન કરે છે તે નૈતિક ભૂમિકાએ છે. અલબત્ત, જે કરચોરી યા ચોરી કરી દાન કરે છે તે નિકૃષ્ટ ભૂમિકાએ છે, અધાર્મિક છે. કેટલાક વિદ્વાનો એવું માને છે કે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનો બૌદ્ધ—જૈન ધર્મે જે ઉપદેશ આપ્યો છે તે ઉપદેશનું જનક કારણ વ્યાપારી સંસ્કૃતિ છે, વ્યાપાર છે. જ્યારે વ્યાપાર ખીલ્યો ત્યારે તેને પોષક આવો ઉપદેશ જરૂરી બન્યો. આ માન્યતા અયોગ્ય છે. આ ઉપદેશ વ્યાપારને પોષક છે એની ના નહિ પરંતુ તેથી વ્યાપાર એનો જન્મદાતા છે એમ માનવું ભૂલભરેલું છે. અહિંસા આદિ વ્રતો નૈતિક ભૂમિકાએ સ્થૂળ લાભાલાભ અને આર્થિક દૃષ્ટિએ જ મૂલવાતા નથી. સર્વ જીવોના કલ્યાણ અને દુ:ખમુક્તિની વિશાળ દૃષ્ટિએ આ ભૂમિકાએ તે મૂલવાય છે. ભગવાન બુદ્ધે સર્વ જીવોના કલ્યાણ અને દુ:ખમુક્તિ માટે શીલોપદેશ આપ્યો હતો, વ્યાપારની

વૃદ્ધિ અને પોષણ તો આનુષંગિક છે. નૈતિક ભૂમિકાએ વિવેકદૃષ્ટિ પૂર્ણ હોતી નથી કારણ કે રાગદ્વેષનો સમૂળગો નાશ હજુ થયો હોતો નથી. રાગદ્વેષ વિવેકદૃષ્ટિનાં આવરણો છે. તે આવરણો સંપૂર્ણપણે દૂર થાય ત્યારે જ વિવેકદૃષ્ટિ પૂર્ણ થાય.

રાગદ્વેષનો સમૂળ નાશ આધ્યાત્મિક ભૂમિકાએ થાય છે. રાગદ્વેષનો નિઃશેષ નાશ કરવા માટે ધ્યાનાભ્યાસ અને સમાધિમાર્ગની સાધના જરૂરી છે. શીલસંપન્ન જ આ સાધનાનો અધિકારી છે. સમાધિ સિદ્ધ થતાં રાગદ્વેષ નાશ પામે છે અને સાધક સિદ્ધ યા વીતરાગ બને છે. આ વીતરાગ પુરુષ (યા સ્ત્રી) અહિંસા આદિનું પૂર્ણ પાલન કરે છે કારણ કે રાગદ્વેષનાં આવરણો સંપૂર્ણ દૂર થતાં તેની વિવેકદૃષ્ટિ પૂરેપૂરી પ્રગટ થઈ હોય છે. હવે તેની સમક્ષ કર્તવ્યાકર્તવ્યનો પ્રશ્ન જ નથી રહેતો કારણ કે તે સંપૂર્ણ વિવેકદૃષ્ટિસંપન્ન વીતરાગ પુરુષ હોઈ તેની પ્રવૃત્તિ સ્વાભાવિકપણે જ અહિંસા આદિના પૂર્ણ પાલનરૂપ જ હોય છે. તે વસ્તુને યથાર્થ જાણે છે. શિવ યા કલ્યાણ તેને પ્રત્યક્ષ છે. આ જ પ્રજ્ઞા છે. તે દુઃખથી પર થઈ જાય છે. તે સર્વ જીવોને દુઃખમુક્ત થવામાં સહાય કરે છે, તેમને દુઃખમુક્તિનો માર્ગ દેખાડે છે. આમ આધ્યાત્મિક ભૂમિકામાં સમાધિ અને પ્રજ્ઞા બંનેનો સમાવેશ થાય છે. બૌદ્ધ ધર્મમાં સમાધિમાર્ગનું વિસ્તૃત અને ઊંડું નિરૂપણ છે. જાપાનનો ઝેન સંપ્રદાય એનું એક નૂતન રૂપ છે. પ્રજ્ઞા યા વિપશ્યના બૌદ્ધધર્મમંદિરના શિખરે વિરાજતો સુવર્ણકલશ છે. પ્રજ્ઞાનું કારણ સમાધિ છે. પ્રજ્ઞા સમાધિનું ફળ છે. પ્રજ્ઞાસંપન્ન જ દુઃખમુક્તિના માર્ગનો ઉપદેશ આપવા સમર્થ છે.

શીલ, સમાધિ અને પ્રજ્ઞા આ ત્રણમાં બૌદ્ધધર્મનો સાર છે. બૌદ્ધધર્મનો શીલોપદેશ એટલો વ્યાપક, ઉદાર અને ઉદાત્ત છે કે તેણે અનેકોનાં હૃદયને સ્પર્શ કર્યો છે. તેની સમાધિમાર્ગની વાત એટલી બુદ્ધિગમ્ય, વિશદ અને તલસ્પર્શી છે કે તેનો પરિચય થતાં જ તે માર્ગે જવા અનેકનાં મન લલચાયાં છે. તેણે બુદ્ધિને ધર્મવિરોધી ગણી નથી. તેણે તો બુદ્ધિને ધર્મપરીક્ષક અને ગુરુસ્થાનીય ગણી છે. તેણે વ્યક્તિને શરણે જવાને બદલે બુદ્ધિને શરણે જવાનો સંદેશ આપ્યો છે. આથી તો 'નાસ્તિકો'ને પણ બૌદ્ધધર્મમાં આશ્વાસન મળ્યું છે. બૌદ્ધધર્મે મૈત્રી–કરુણાને મહત્ત્વનું સ્થાન આપ્યું છે અને ચિત્તશુદ્ધિના પ્રધાન ઉપાય તરીકે તેમની પ્રતિષ્ઠા કરી છે. બૌદ્ધ અધ્યાત્મવિદ્યા મૈત્રી અને કરુણાથી અનુપ્રાણિત છે. માનવ, પશુ અને વનસ્પતિ

જગતની સાથેય સદા શાંતિ અને સહઅસ્તિત્વનો જ વ્યવહાર કરવાનું તે શીખવે છે. સમગ્ર સ્થાવર અને જંગમ પ્રાણીસમૂહને તે મૈત્રીભાવનાથી આપ્લાવિત કરવાનો સંદેશ દે છે. બૌદ્ધધર્મની મૈત્રી વિશ્વવ્યાપી છે. એમાં સંકુચિતતાનો લેશ પણ નથી. મૈત્રી–કરુણા એ જ તો અહિંસા છે. એટલે જ તથાગતે સંક્ષેપમાં અહિંસાને ધર્મ કહ્યો છે. જેના ચિત્તમાં મૈત્રી–કરુણા ઉભરાતા રહે છે તેના ચિત્તમાંથી મળ નીકળી જાય છે. પૂર્ણ નિર્મળ ચિત્ત પૂર્ણપ્રજ્ઞ બને છે. તેની પ્રજ્ઞા તેને દુઃખીઓનો ઉદ્ધાર કરવાનું સામર્થ્ય બક્ષે છે. તેનામાં પ્રજ્ઞા અને કરુણા યુગનદ્ધ બની જાય છે. તેથી તેની પ્રજ્ઞા વાંઝણી યા નિષ્ક્રિય રહેતી નથી. તે દુઃખીઓનાં દુઃખોને દૂર કરવામાં પ્રયોજાય છે. તે પ્રજ્ઞાધારી બને છે મહાયાની બોધિસત્ત્વ. તે મુક્ત હોવા છતાં મોક્ષસ્થાને તેને જવું નથી. તે નિર્વાણનો અધિકાર હોવા છતાં નિર્વાણમાં પ્રવેશતો નથી. તે તો દુઃખી જીવોની વચ્ચે તેમના ઉદ્ધાર માટે જીવવાનું પસંદ કરે છે. આવા જીવન્મુક્ત યા બોધિસત્ત્વનો આદર્શ લોકહૃદયને સ્પર્શે અને ભાવવિભોર કરે એમાં શું આશ્ચર્ય ?

આવા મહાન ધર્મનું અધ્યયન કરવા તક મને સરદાર પટેલ યુનિવર્સિટીએ આપી. તેણે પોતાના હસ્તકના 'શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ સ્મારક સર્વધર્મ-દર્શન પ્રકાશન ટ્રસ્ટ'ની ગ્રંથમાળામાં બૌદ્ધધર્મ ઉપર ગ્રંથ લખવા મને નિમંત્રણ આપ્યું, તે બદલ હું તેનો અન્તઃકરણપૂર્વક આભાર માનું છું.

આ ગ્રંથમાં દોષો તો હશે જ. તે તરફ મારું ધ્યાન દોરવા વાચકોને વિનંતી કરું છું. મારાથી બની શકે તેટલું વ્યવસ્થિત અને પ્રામાણિક નિરૂપણ કરવા મેં નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કર્યો છે. છેવટનો ન્યાય કરનારા તો તે જ છે જેમના માટે આ પુસ્તક લખાયું છે. જેમના માટે લખાયું છે તેમના ઉપયોગનું ન હોય તો શ્રમ વ્યર્થ છે. વાચકો સહાનુભૂતિપૂર્વક વાંચે. મેં જે નિર્ણયો તારવ્યા છે તે અંતિમ છે એમ હું માનવા–મનાવવા ઇચ્છતો નથી. તે વિચારણાર્થે છે. કોઈને મનદુઃખ ન થાવ. જે ધર્મ મૈત્રી–કરુણા અને અહિંસાને વરેલો છે તેનું નિરૂપણ જો કોઈને દુઃખકર થાય તો તે લેખકને માટે સારું ન જ ગણાય. આ ગ્રંથનું શીર્ષક બૌદ્ધધર્મદર્શન હોઈ બૌદ્ધ તત્ત્વજ્ઞાન વિશે એક અધ્યાયમાં જ પતાવ્યું છે. બૌદ્ધ તત્ત્વજ્ઞાન એટલું વિસ્તૃત અને વિવિધતાયુક્ત છે કે એના વિશે સ્વતંત્ર ગ્રંથ જ લખવો પડે.

મારા આ પુસ્તકને મુદ્રણ પહેલાં વાંચી યોગ્ય સૂચનો કરવા બદલ ભારતીય ધર્મદર્શનના ઊંડા અભ્યાસી શ્રી દલસુખભાઈ માલવણિયાનો હું ઋણી છું. ભાર-

તીય ધર્મદર્શનને સમજવાની દૃષ્ટિ મને પ્રદાન કરનાર અને મારે માટે શાશ્વત પ્રેરણાસ્રોત સમા કુશલદ્રષ્ટા પંડિત શ્રી સુખલાલજી તરફનો મારો કૃતજ્ઞભાવ શબ્દ-બદ્ધ કરવો અશક્ય છે. આ પુસ્તકમાં જે કંઈ સત્ત્વ છે તે તેમણે પ્રદાન કરેલી દૃષ્ટિને આભારી છે.

આ પુસ્તક બૌદ્ધ ધર્મ તેમ જ તત્ત્વજ્ઞાનના વિશેષ અભ્યાસ માટે વાચકોમાં રસ જગાડશે તો મારો શ્રમ સાર્થક થયાનો મને આનંદ થશે.

લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર

અમદાવાદ–૯

૨૬ જાન્યુઆરી, ૧૯૭૭

નગીન જી. શાહ

અધ્યક્ષ

# વિષયનિર્દેશ

અધ્યાય


| | | |
|---|---|---|
| ૧. | બે પરંપરા | ૧–૧૦ |
| | (૧) આર્ય ધર્મપરંપરા | ૧–૨ |
| | (૨) આર્યેતર ધર્મપરંપરા | ૨–૪ |
| | (૩) બે ધર્મ પરંપરાનો ભેદ | ૪–૫ |
| | (૪) બે ધર્મપરંપરાનો સંઘર્ષ | ૫–૭ |
| | (૫) બે ધર્મપરંપરાનો સમન્વય | ૭–૯ |
| ૨. | ઈ. સ. પૂર્વે છઠ્ઠી શતાબ્દીનું ભારત | ૧૧–૨૧ |
| | (૧) રાજકીય સ્થિતિ | ૧૧–૧૨ |
| | (૨) સામાજિક સ્થિતિ | ૧૩–૧૫ |
| | (૩) ધાર્મિક સ્થિતિ | ૧૫–૨૦ |
| ૩. | બુદ્ધચરિત | ૨૨–૩૭ |
| ૪. | બુદ્ધોપદેશ | ૩૮–૫૭ |
| ૫. | ઉપાસકની સાધના | ૫૮–૬૧ |
| ૬. | ભિક્ષુસાધના અને સમાધિમાર્ગ | ૬૨–૧૧૮ |
| | [૧] ચાર આર્યસત્યોનું મનન–નિદિધ્યાસન | ૬૨–૬૪ |
| | [૨] શિક્ષાત્રય | ૬૪ |
| | [૩] દશ શીલ | ૬૪–૬૫ |
| | [૪] બોધિપક્ષીય ધર્મો | ૬૫–૮૧ |
| | (૧) આર્યઅષ્ટાંગિક માર્ગ | ૬૬–૬૯ |
| | (૨) પાંચ ઈન્દ્રિયો અર્થાત્ મુખ્ય શક્તિઓ | ૬૯–૭૨ |
| | (૩) પાંચ બળ | ૭૨ |
| | (૪) ચાર ઋદ્ધિપાદ | ૭૨–૭૩ |

(૫) ચાર સમ્યક્ પ્રધાન ૭૩–૭૪
(૬) ચાર સ્મૃત્યુપસ્થાન ૭૪–૭૯
(૭) સાત બોધ્યંગ ૭૯–૮૧
[૫] સમ્યક્ સમાધિનો માર્ગ ૮૧–૧૧૦
(૧) સમાધિના ભેદ અને ચાર ધ્યાનો ૮૧–૮૨
(૨) સમાધિ સાધવામાં નડતા અંતરાયો ૮૨–૮૮
(૩) સમાધિનાં સાધનો યા ઉપાયો ૮૮–૧૦૮
(૧) આનાપાનસ્મૃતિ ૯૩–૯૬
(૨) કાયગતાસ્મૃતિ અને દસ અશુભો ૯૬
(૩) શેષ આઠ અનુસ્મૃતિઓ ૯૬–૯૯
(૪) ચાર બ્રહ્મવિહાર ૯૯–૧૦૪
(૫) સંજ્ઞા ૧૦૪
(૬) ચતુર્ધાતુવ્યવસ્થાન ૧૦૪
(૭) દસ કસિણો ૧૦૪–૧૦૬
(૮) ચાર અરૂપાવચર આયતનો ૧૦૬–૧૦૮
(૪) અર્પણા સમાધિના લાભ માટે જરૂરી દસ બાબતો ૧૦૮–૧૧૦
(૫) વિપશ્યનાભાવના ૧૧૦
[૬] આધ્યાત્મિક વિકાસક્રમની ભૂમિકાઓ ૧૧૦–૧૧૨

૭. **ભિક્ષુવિહારચર્યા** **૧૧૯–૧૫૩**

[૧] ભિક્ષુપ્રવ્રજ્યા ૧૨૨–૧૨૪
[૨] પરિવાસ ૧૨૪
[૩] શ્રામણેરની પ્રવ્રજ્યા ૧૨૫
[૪] શિષ્યના ધર્મો ૧૨૫–૧૨૭
[૫] ઉપાધ્યાયના ધર્મો ૧૨૭
[૬] આચાર્ય અને અંતેવાસી ૧૨૮
[૭] ઉપોસથ ૧૨૮–૧૨૯
[૮] વર્ષાવાસ ૧૨૯–૧૩૦
[૯] પ્રવારણા ૧૩૦
[૧૦] પગરખાં ૧૩૦

[૧૧] ઓસડ ૧૩૧
[૧૨] પાથેય ૧૩૨
[૧૩] કઠિન ૧૩૨
[૧૪] ચીવર ૧૩૨–૧૩૪
[૧૫] દૈનિક વ્યવહારની વસ્તુઓ ૧૩૪
[૧૬] વત્ત (કર્તવ્ય અને આચાર) ૧૩૪–૧૩૬
[૧૭] ચંક્રમ અને અગ્નિશાળા ૧૩૬–૧૩૭
[૧૮[ સંઘસામગ્રી ( =સંઘની એકતા ) ૧૩૭–૧૩૮
[૧૯] તર્જનીય કર્મ ૧૩૮
[૨૦] નિયશ:કર્મ ૧૩૯
[૨૧] પ્રવ્રાજનીયકર્મ ૧૩૯
[૨૨] પ્રતિસ્મારણીયકર્મ ૧૩૯
[૨૩] ઉત્ક્ષેપણીયકર્મ ૧૩૯–૧૪૦
[૨૪] પરિવાસકર્મ ૧૪૦
[૨૫] માનત્ત ૧૪૦
[૨૬] મૂલાયપટિકસ્સના ૧૪૦
[૨૭] અબ્ભાન ૧૪૦–૧૪૧
[૨૮] દંડકમ્મ તથા આવરણ ૧૪૧
[૨૯] પ્રાતિમોક્ષ ૧૪૧–૧૫૦
[૩૦] ભિક્ષુણીસંઘ ૧૫૦–૧૫૧

૮. સંગીતિ અને સંઘભેદ ૧૫૪-૧૬૭

[ ૧ ] પ્રથમ સંગીતિ ૧૫૪–૧૫૬
[ ૨ ] દ્વિતીય સંગીતિ ૧૫૬–૧૫૮
[ ૩ ] પ્રથમ સંઘભેદ ૧૫૮–૧૬૧
[ ૪ ] અશોક, ત્રીજી સંગીતિ અને બૌદ્ધધર્મપ્રસાર ૧૬૧–૧૬૨
[ ૫ ] સિહલમાં સંગીતિ ૧૬૩
[ ૬ ] શુંગકાળમાં બૌદ્ધ ધર્મ ૧૬૩–૧૬૪
[ ૭ ] મિનાન્દર, કનિષ્ક અને ચોથી સંગીતિ ૧૬૪–૧૬૫
[ ૮ ] સાતવાહનો અને બૌદ્ધધર્મ ૧૬૫

૯. સ્થવિરધારામાં બોધિસત્ત્વ, બુદ્ધ અને ભક્તિ ૧૬૮–૧૭૫
[૧] બોધિસત્ત્વ ૧૬૮–૧૬૯
[૨] બુદ્ધ ૧૬૯–૧૭૨
[૩] ભક્તિ ૧૭૨–૧૭૩

૧૦. મહાસાંઘિક ધારામાં બોધિસત્ત્વ, બુદ્ધ અને ભક્તિ ૧૭૬–૧૮૦
[૧] બોધિસત્ત્વ ૧૭૬–૧૭૭
[૨] બુદ્ધ ૧૭૮
[૩] ભક્તિ ૧૭૮–૧૭૯
[૪] બે ધારાનો મહાન ભેદ ૧૭૯
[૫] પરિવર્તનનાં બળો ૧૭૯–૧૮૦

૧૧. મહાયાન ૧૮૧–૨૦૬
[૧] ઉદ્ભવ ૧૮૧–૧૮૨
[૨] મહાયાનસૂત્રો ૧૮૨–૧૮૯
[૩] મહાયાનસૂત્રોમાં બુદ્ધ–બોધિસત્ત્વની લોકોત્તરતા ૧૮૯–૧૯૧
[૪] મહાયાનનો ત્રિકાયવાદ ૧૯૧–૧૯૫
[૫] મહાયાનનો બોધિસત્ત્વનો આદર્શ ૧૯૬–૧૯૮
[૬] મહાયાની ભક્તિ ૧૯૮–૧૯૯
[૭] ઉપાયકૌશલ્ય, દ્વિવિધ દેશના અને મહાયાનસૂત્રોનું પ્રામાણ્ય ૧૯૯–૨૦૨

૧૨. મહાયાની સાધના ૨૦૭–૨૩૩
[૧] બોધિચિત્ત ૨૦૭–૨૦૯
[૨] અનુત્તરપૂજા ૨૦૯–૨૧૧
[૩] પારમિતાગ્રહણ ૨૧૧–૨૨૮
[૪] આધ્યાત્મિક વિકાસની દસ ભૂમિકાઓ ૨૨૮–૨૩૦

૧૩. તાન્ત્રિક બૌદ્ધ સાધના ૨૩૪–૨૬૪
[૧] પ્રાસ્તાવિક ૨૩૪–૨૩૬
[૨] વજ્રયાન ૨૩૬–૨૫૪
(૧) વજ્રયાનના પાયાના ગ્રંથો ૨૩૬–૨૩૯
(૨) લક્ષ્ય ૨૩૯–૨૪૦

| | | |
|---|---|---|
| (૩) | અધિકારભેદ | ૨૪૦–૨૪૧ |
| (૪) | ગુરુતત્ત્વ | ૨૪૧ |
| (૫) | શક્તિતત્ત્વ | ૨૪૧–૨૪૨ |
| (૬) | અભિષેક | ૨૪૨ |
| (૭) | સપ્તવિધ સેક | ૨૪૨–૨૪૩ |
| (૮) | ચાર વજ્રયોગ | ૨૪૩–૨૪૬ |
| (૯) | ચાર અભિસંબોધિ | ૨૪૬–૨૪૮ |
| (૧૦) | ચક્ર, કાય, મુદ્રા અને નાડી | ૨૪૮–૨૪૯ |
| (૧૧) | પ્રાણાયામસાધના | ૨૪૯ |
| (૧૨) | બિંદુસાધના યા રસસાધના | ૨૪૯–૨૫૧ |
| (૧૩) | ષડંગયોગ | ૨૫૧–૨૫૩ |
| (૧૪) | 'एवं'તત્ત્વ અને તેનું રહસ્ય | ૨૫૩–૨૫૪ |
| [૩] | કાલચક્રયાન | ૨૫૪–૨૫૫ |
| [૪] | સહજયાન | ૨૫૫–૨૫૮ |
| [૫] | ઉપસંહાર | ૨૫૮–૨૫૯ |

## ૧૪. બૌદ્ધ દાર્શનિક વિચારધારા — ૨૬૫–૨૯૭

| | | |
|---|---|---|
| [૧] | પ્રાસ્તાવિક | ૨૬૫ |
| [૨] | થેરવાદ | ૨૬૫–૨૭૫ |
| [૩] | સર્વાસ્તિવાદ (વૈભાષિક દર્શન) | ૨૭૫–૨૭૬ |
| [૪] | સૌત્રાન્તિકદર્શન | ૨૭૬–૨૮૫ |
| [૫] | વિજ્ઞાનવાદ | ૨૮૫–૨૮૭ |
| [૬] | શૂન્યવાદ | ૨૮૭–૨૮૯ |
| [૭] | ન્યાયવાદ | ૨૮૯–૨૯૦ |
| [૮] | બૌદ્ધદર્શનનો પ્રભાવ | ૨૯૦–૨૯૩ |

## ૧૫. ભારત બહાર બૌદ્ધ ધર્મ — ૨૯૮–૩૧૮

| | | |
|---|---|---|
| (૧) | શ્રીલંકા | ૨૯૮–૨૯૯ |
| (૨) | બર્મા | ૩૦૦ |
| (૩) | મલયદ્વીપ | ૩૦૧ |
| (૪) | ઈન્ડોનેશિયા | ૩૦૧–૩૦૩ |
| (૫) | સ્યામ (થાઈલેંડ) | ૩૦૩–૩૦૪ |

| | | |
|---|---|---|
| (૬) | કાંબુજ (કંબોડિયા) | ૩૦૪–૩૦૫ |
| (૭) | ચમ્પા (વિયતનામ) | ૩૦૫ |
| (૮) | અફઘાનિસ્તાન અને મધ્યએશિયા | ૩૦૫–૩૦૭ |
| (૯) | ચીન | ૩૦૭–૩૧૦ |
| (૧૦) | કોરિયા | ૩૧૦ |
| (૧૧) | જાપાન | ૩૧૦–૩૧૪ |
| (૧૨) | તિબેટ | ૩૧૪–૩૧૫ |
| (૧૩) | પાશ્ચાત્ય દેશોમાં બૌદ્ધ ધર્મનો પ્રભાવ | ૩૧૫–૩૧૬ |

**૧૬. બૌદ્ધ ધર્મનું પ્રદાન અને વૈશિષ્ટ્ય** ૩૧૯–૩૨૪

**પરિશિષ્ટ – ૧ હિન્દુ પુરાણોમાં બુદ્ધ** ૩૨૫–૩૨૮

**વિશેષનામસૂચિ**

**પારિભાષિક અને વિશિષ્ટ શબ્દોની સૂચિ**

# અધ્યાય ૧

## બે પરંપરા

### (૧) આર્ય ધર્મપરંપરા

ઈ. સ. પૂર્વે ૨૫૦૦ થી ૧૫૦૦ના ગાળામાં ભ્રમણશીલ ગોપજીવન ગુજારતા અસંસ્કારી યા અર્ધસંસ્કારી આર્યોએ હિંદુસ્તાન ઉપર આક્રમણ કરી સિંધુપ્રદેશની સુવિકસિત નગરસંસ્કૃતિનો નાશ કર્યો. તેમના નેતા યા દેવ ઇન્દ્રે પશુઓને વાડામાંથી બહાર હાંકી કાઢયા, નદીઓના બંધો તોડયા અને નગરોનો ધ્વંસ કર્યો. સપ્તસિંધુના મૂળ વતનીઓને જીતીને આર્યોએ તે પ્રદેશમાં વસવાટ કર્યો. આ મૂળ વતનીઓને તેઓ દાસ, દસ્યૂ કે શૂદ્ર કહેતા અને તેમને હીન ગણતા. આર્યોના ત્રણ વર્ગો હતા—બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય. આ વર્ગો ધંધાને આધારે પડેલા હતા. જન્મથી કોઈ બ્રાહ્મણ, ક્ષત્રિય યા વૈશ્ય ગણાતું નહિ. આ આર્યોનો પ્રાચીનતમ ગ્રંથ ઋગ્વેદ છે. તેમાં દેવોની સ્તુતિઓ છે. કુદરતી બળોને આર્યોએ દેવ તરીકે કલ્પ્યા છે. ઐહિક સુખ–સંપત્તિ માટે તેઓ દેવોને ખુશ કરવા પ્રયત્ન કરતા. દેવોને ખુશ કરવા માટે તેઓ યજ્ઞો કરતા. યજ્ઞોમાં તેઓ દૂધ, ઘી, મધ, અનાજ અને પશુઓને હોમતા. તેઓ માનતા કે યજ્ઞોથી ખુશ થઈને દેવો તેમને ઇચ્છિત વસ્તુઓ આપે છે.

ઈ. સ. પૂર્વે ૧૦૦૦ થી ૯૦૦ આસપાસ નોંધપાત્ર પરિવર્તન થયું. આ કાળે બ્રાહ્મણગ્રંથો રચાયા. જેમ જેમ આર્યો ઠરી ઠામ થતા ગયા તેમ તેમ તેમનાં વિધિવિધાનો અને અનુષ્ઠાનો વધતાં ગયાં. પ્રાચીન કાળના સાદા યજ્ઞો જટિલ બનતા ગયા. પ્રાચીન આર્ય ધર્મમાં દેવો પ્રધાન હતા પરંતુ હવે યજ્ઞો પ્રધાન બની ગયા. આને કારણે ક્રિયાકાંડની બોલબાલા થઈ યજ્ઞનું પ્રયોજન ઐહિક સુખ–સંપત્તિ જ નહિ પરંતુ સ્વર્ગ પણ મનાયું. દેવો સેવકો બની ગયા. દેવોનું કામ આહુતિઓ સ્વીકારવાનું જ રહ્યું. એવી માન્યતા પ્રબળ બની કે દેવો ઐહિક સુખસંપત્તિ કે સ્વર્ગ આપતા નથી પણ યજ્ઞ જ તે બધું આપે છે, યજ્ઞનાં ફળો દેવોનો અનુગ્રહ નથી પણ યજ્ઞનાં જ સાક્ષાત્ પરિણામો છે. જો યજ્ઞને કંઈ પણ ભૂલ કર્યા વિના પાર પાડવામાં આવે તો તેનું ફળ અવશ્ય મળે છે એવું માનવામાં આવતું. પરિણામે યજ્ઞ કરાવનાર પુરોહિતનું સ્થાન સમાજમાં

સર્વશ્રેષ્ઠ બન્યું. આમ બ્રાહ્મણો ભૂદેવ બન્યા. આવું પદ પોતાના પુત્ર–પૌત્રોને વંશપરંપરાગત રીતે મળતું રહે તેવી ગોઠવણ તેમણે કરી નાખી. જન્મથી જ બ્રાહ્મણનો દીકરો હવે બ્રાહ્મણ બનતો. આ જ નિયમ ક્ષત્રિય અને વૈશ્યને પણ લાગુ પડયો. કર્મ( =ધંધા)ના બદલે જન્મ( =જાતિ)નું મહત્ત્વ સ્થપાયું. જાતિભેદ અને જાતિમદ ફૂલ્યોફાલ્યો. વૈશ્યમાં સામાન્ય આર્ય જનતાનો સમાવેશ થતો. બ્રાહ્મણ અને ક્ષત્રિય બંનેએ તેને ચૂસવા માંડયો. તે બ્રાહ્મણ અને ક્ષત્રિયનું ભક્ષ્ય ગણાતો. તેને ગમે તેટલું ખાવામાં આવે તો પણ તે ઓછું ન થાય એમ મનાતું. ક્ષત્રિયો (=રાજાઓ) કર લઈને અને બ્રાહ્મણો દક્ષિણા લઈને તેને ચૂસતા.[1] શૂદ્રની દશા તો અત્યંત દયાજનક હતી. વૈશ્યને તો યજ્ઞયાગ કરવાનો અને શ્રુતિને સાંભળવાનો અધિકાર હતો પરંતુ શૂદ્ર તો આ બેમાંનું કંઈ ન કરી શકતો. તે જાણીજોઈને શ્રુતિનું શ્રવણ કરે તો લાખ ઓગાળીને તેના કાનમાં રેડવાનું વિધાન હતું. શૂદ્રનું દાન થઈ શકે, તેને વેચી પણ શકાય, તેને મારી નાખી પણ શકાય.[2] તે હીન ગુલામની દશા ભોગવતો. આવી પરિસ્થિતિ ઈ. સ. પૂર્વે ૧૦૦૦ થી ૯૦૦ની આસપાસના ગાળામાં ઊભી થઈ હતી.

## (૨) આર્યેતર ધર્મપરંપરા

આપણે જોયું તેમ, આર્યોએ હિંદુસ્તાન પર આક્રમણ કર્યું ત્યારે સપ્ત-સિંધુના પ્રદેશમાં નગરસંસ્કૃતિ વિકસેલી હતી. તેને સિંધુસંસ્કૃતિ કહેવામાં આવે છે. મોહેં—જો—દડો અને હડપ્પામાં ખોદકામ દરમિયાન જે મુદ્રાઓ મળી છે તેમાં એક દિગંબર પુરુષદેવની મુદ્રા છે. તેને ત્રણ મુખ છે અને બે શિંગડાં છે. તે યોગાસનમાં યોગીરાજની અદાથી બેઠેલા છે. તેમના આસન પાસે બે હરણ બેઠેલાં છે અને ચાર દિશામાં ચાર પશુઓ—હાથી, વાઘ, ગેંડો અને ભેંશ છે. આ પુરુષદેવ પશુપતિ શિવ લાગે છે. માતૃદેવીઓની મૂર્તિઓ પણ મળી છે. પુરુષદેવ અને માતૃદેવીની પૂજા-ઉપાસનાની સાથે સાથે પ્રજનનશકિતની પૂજા પણ પ્રચલિત હોય એમ જણાય છે કારણ કે લિંગ અને યોનિના આકારના અસંખ્ય પથ્થરો મળી આવ્યા છે. ઉપરાંત, મુદ્રાઓ ઉપરથી વૃક્ષપૂજા અને પશુપૂજાના નિર્દેશો મળે છે. પશુમાં વૃષભનું અને વૃક્ષમાં પીપળાનું માહાત્મ્ય જણાય છે. ધાર્મિક ક્રિયાઓમાં સ્નાનશૌચનો મહિમા હશે એમ લાગે છે. પશુપતિ, યોગીશ્વર તથા કદાચિત્ નટરાજના રૂપોમાં શિવની પૂજા, માતૃશકિતની પૂજા, લિંગ-યોનિની પૂજા, અશ્વત્થપૂજા, વૃષભ આદિ અનેક પશુઓનો દેવ સાથે સંબંધ, જળની પવિત્રતા, સ્નાનશૌચનો મહિમા, મૂર્તિપૂજા અને યોગાભ્યાસ—

આ બધી વિશેષતાઓ સિંધુસંસ્કૃતિ ધરાવતી હતી. ખાસ કરીને શિવ-શકિતની ઉપાસના અને યોગસાધના આ બે અત્યંત મહત્ત્વ ધરાવતી નોંધપાત્ર બાબતો છે. આ સંસ્કૃતિની યોગસાધનાની પરંપરાનું અનુસંધાન યતિઓ અને 'વાતરશના' મુનિઓની પરંપરામાં અને શિવપૂજાનું અનુસંધાન વ્રાત્યજાતિની ધાર્મિક પરંપરામાં પ્રાપ્ત થાય છે. યતિઓ અહિંસાના પૂજક હતા. મુનિઓ પણ અહિંસાધર્મને વરેલા હતા. ઋગ્વેદના કેશીસૂકતમાં (૧૦.૧૩૬) કેશધારી, મેલાં ગેરુઆ કપડાં પહેરી હવામાં ઉડતા, ઝેર પીતા, 'મૌનેય'થી 'ઉન્માદિત' અને 'દેવેષિત' મુનિઓનું વિલક્ષણ ચિત્ર મળે છે. આમ આ સૂકતમાં આપણને યોગસાધના કરતા અને યોગજ સિદ્ધિઓ ધરાવતા મુનિઓના એક નિરાળા વર્ગનો નિર્દેશ મળે છે. યતિઓ અને મુનિઓ એકલા યા જૂથમાં નિર્જન પ્રદેશમાં રહેતા. ત્યાં તેઓ યોગસાધના અને તપશ્ચર્યા કરતા. માત્ર ભિક્ષા માટે તેઓ લોકવસતીમાં આવતા. પોતાના શરીર પ્રત્યે તેઓ મમત્વ ધરાવતા નહિ, શરીર ઉપર મેલના થર જામવા દેતા. કોઈ પણ જીવની હિંસા ન થઈ જાય એ માટે તેઓ અત્યંત કાળજી રાખતા. કપિલમુનિની સાંખ્ય પરંપરાનું મૂળ આ આર્યેતર ધર્મપરંપરામાં છે. સાંખ્ય પરંપરાનો અહિંસા પર આત્યંતિક ભાર, વ્રત અને તપમાં તેની અવિચળ શ્રદ્ધા, સંસાર અને કર્મસિદ્ધાન્તની તેની માન્યતા, યોગ સાથેનો તેનો ઘનિષ્ઠ સંબંધ—આ બધું તે આર્યેતર ધર્મપરંપરાની જ એક શાખા છે એ હકીકતને પુરવાર કરે છે[૩]. ઉપનિષદોમાં અહિંસા, સત્ય, તપ, ત્યાગ, સંસાર, મોક્ષ, યોગ-સાધના અને કામક્ષયના ઉમદા વિચારો પણ આ મૂળ આર્યેતર ભારતીય ધર્મ-પરંપરાનું જ પ્રતિનિધિત્વ કરે છે. વ્રાત્ય અને વૃષલ આ બે પ્રાચીન જાતિઓ આ આર્યેતર ધર્મપરંપરાને અનુસરતી હતી. પૂર્વ ભારત અને ખાસ તો મગધ વ્રાત્યોનું નિવાસસ્થાન હતું[૪]. વ્રાત્યોના પાંચ પ્રકારોમાં અરહંત (સાધક સાધુ વર્ગ), ગરગિર અને સમનીચામેઢ્ર (કામજયને પરિણામે જેમના મેઢ્ર નીચા હતા તે) આ ત્રણ પ્રકારો[૫] વ્રાત્યોનો આર્યેતર મૂળ ભારતીય ધર્મપરંપરા સાથે ઘનિષ્ઠ સંબંધ સૂચિત કરે છે. વ્રાત્યો લિંગપૂજક હતા. અથર્વવેદમાં (૧૫મો કાંડ) એકવ્રાત્યની સ્તુતિ છે. આ એકવ્રાત્ય વ્રાત્યોના દેવ છે. એકવ્રાત્ય એ શિવ જ હોય એમ લાગે છે. વ્રાત્યોના ઉપાસ્ય દેવો ભવ, શર્વ, પશુપતિ, ઉગ્ર, રુદ્ર, મહાદેવ અને ઈશાન પણ હતા. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે આ બધા દેવો વસ્તુત: એક-વ્રાત્યદેવનાં જ રૂપો છે. એકવ્રાત્યદેવની મૂર્તિઓ ઊર્ધ્વમેઢ્ર યા નીચા મેઢ્રવાળી હતી. શિવની મૂર્તિઓ પણ ઊર્ધ્વમેઢ્ર યા નીચામેઢ્રવાળી મળે છે[૬]. વ્રાત્યોમાં અહિંસા, વ્રત, તપ અને ત્યાગની પ્રતિષ્ઠા હતી. વૃષલ એક વિશાળ જાતિ હતી.

આ જાતિના લોકો આર્યેતર મૂળ ભારતીય ધર્મપરંપરાને અનુસરતા[૭]. તેથી તેઓમાં પણ અહિંસા, તપ, ત્યાગ, મૈત્રી આદિની પ્રતિષ્ઠા હતી. કૃષ્ણનો સંબંધ વૃષલ સંસ્કૃતિ સાથે છે એમ કેટલાક વિદ્વાનો માને છે.[૮] ઘોર આંગિરસે દેવકીપુત્ર કૃષ્ણને અહિંસાનો ઉપદેશ આપ્યાનો ઉલ્લેખ છાંદોગ્ય ઉપનિષદમાં (૩.૧૭.૪.૬) છે. જૈન પરંપરા પ્રમાણે કૃષ્ણ જૈનોના બાવીસમાં તીર્થંકર નેમિનાથના પિતરાઈ ભાઈ થતા હતા. જૈનોના પ્રથમ તીર્થંકર ઋષભદેવને શિવનો અવતાર માનવામાં આવ્યા છે.[૯] ઋષભદેવ અને શિવ એક હોય એવી સંભાવના છે.[૧૦] જૈનોના તેવીસમા તીર્થંકર પાર્શ્વનાથના ચાતુર્યામ ધર્મને ભગવાન બુધ્ધે અપનાવ્યો છે.[૧૧] ઋષભદેવ અને બુદ્ધને વિષ્ણુના અવતાર માનવામાં આવ્યા છે. આ બધું સૂચવે છે કે શિવ, કૃષ્ણ, ઋષભદેવ, બુદ્ધ અને પાર્શ્વનાથ આ બધા એક આર્યેતર મૂળ ભારતીય ધર્મપરંપરાની મહાન વિભૂતિઓ છે. આ પરંપરાની અનેક શાખાઓ હશે જેમાંની શૈવ, વૈષ્ણવ (ભાગવત), જૈન, આજીવક, બૌદ્ધ અને સાંખ્ય શાખાઓ પ્રસિદ્ધ છે.

## (૩) બે ધર્મપરંપરાનો ભેદ

(૧) આર્ય ધર્મપરંપરામાં અહિંસાની પ્રતિષ્ઠા ન હતી. યજ્ઞોમાં હિંસા થતી. આર્યેતર મૂળ ભારતીય ધર્મપરંપરામાં અહિંસાની અત્યંત પ્રતિષ્ઠા હતી. (૨) આને પરિણામે આર્ય ધર્મપરંપરામાં આત્મૌપમ્ય યા આત્મસામ્યની ભાવનાનો અભાવ હતો, જ્યારે આર્યેતર ધર્મપરંપરામાં આત્મૌપમ્યની ભાવનાનું સ્થાન અત્યંત મહત્ત્વ ધરાવતું હતું. (૩) આત્મૌપમ્યની ભાવનાનો આર્ય ધર્મપરંપરામાં અભાવ હોઈ મૈત્રી આદિ ભાવનાઓના ઉદ્‌ભવ અને વિકાસનો આ પરંપરામાં સંભવ ન હતો, જ્યારે આર્યેતર ધર્મપરંપરાની આત્મૌપમ્યની ભાવનાએ જ મૈત્રી આદિ ભાવનાઓને જન્માવી પરિપુષ્ટ કરી છે. (૪) આર્ય ધર્મપરંપરાએ જાતિભેદ અને જાતિમદને પોષ્યો જ્યારે આર્યેતર ધર્મપરંપરાએ સામાજિક અને ધાર્મિક સમાનતાના આદર્શ ભણી કૂચ કરી. (૫) આર્ય ધર્મપરંપરાનું ધ્યેય ઐહિક સુખ-સંપત્તિ યા સ્વર્ગ જ હતું જ્યારે આર્યેતર ધર્મપરંપરાનું ધ્યેય આત્યંતિક દુઃખમુકિત યા મોક્ષ હતું. (૬) તેથી આર્ય પરંપરામાં ધ્યેયના સાધન તરીકે હિંસાનો સ્વીકાર હતો જ્યારે આર્યેતર પરંપરામાં ધ્યેયના સાધન તરીકે અહિંસાનો સ્વીકાર હતો. અહિંસામાં જ બીજાં સાધનોનો સમાવેશ થઈ જાય છે. (૭) આર્યો યોગસાધનાથી અનભિજ્ઞ હતા જ્યારે આર્યેતર ધર્મપરંપરાના અનુયાયીઓ તેના જાણકાર હતા. (૮) આર્ય ધર્મપરંપરામાં તપની પ્રતિષ્ઠા ન હતી જ્યારે આર્યેતર ધર્મપરંપરામાં

તપની પ્રતિષ્ઠા હતી. (૯) આર્ય ધર્મપરંપરા પ્રવૃત્તિપ્રધાન હતી જ્યારે આર્યેતર ધર્મપરંપરા નિવૃત્તિપ્રધાન હતી. તેથી આર્ય ધર્મપરંપરામાં ત્યાગ–વૈરાગ્યનો અભાવ હતો જ્યારે આર્યેતર ધર્મપરંપરામાં ત્યાગવૈરાગ્યનો મહિમા હતો. (૧૦) આર્ય ધર્મપરંપરા 'બ્રહ્મન્'ની આસપાસ શરૂ થઈ. 'બ્રહ્મન્' શબ્દના પ્રાચીન બે અર્થો છે–(૧) સ્તુતિ, પ્રાર્થના અને (૨) યજ્ઞયાગ આદિ. આર્યેતર ધર્મપરંપરા સમ–સામ્ય, શમ અને શ્રમ–ની આસપાસ શરૂ થઈ વિકસી છે. એટલે આ અર્થમાં આર્ય ધર્મપરંપરાને બ્રાહ્મણ પરંપરા કહેવામાં આવે છે જ્યારે આર્યેતર ધર્મપરંપરાને શ્રમણ પરંપરા કહેવામાં આવે છે. (૧૧) આર્ય ધર્મપરંપરા ઈશ્વરવાદની પોષક છે અને ઈશ્વરાનુગ્રહ તેને માન્ય છે, જ્યારે આર્યેતર ધર્મપરંપરા ઈશ્વરવાદની પોષક નથી અને ઈશ્વરાનુગ્રહનો તે પરંપરાની માન્યતાઓ સાથે મેળ નથી. આર્યેતર ધર્મપરંપરા તો સ્વપુરુષાર્થ અને કર્મને જ મહત્ત્વ આપે છે. (૧૨) સંસાર, પુનર્જન્મ, મુકિત અને કર્મસિદ્ધાંતના તાત્ત્વિક વિચારો આર્ય ધર્મપરંપરામાં ઉદ્ભવવા અસંભવ છે જ્યારે આ વિચારો તો આર્યેતર ધર્મપરંપરાના પ્રાણભૂત છે.[૧૨]

## (૪) બે ધર્મપરંપરાનો સંઘર્ષ

આર્યો સપ્તસિંધુના પ્રદેશમાં જ્યારે સ્થિર થયા ત્યારે આર્યેતર વિચારધારાનું પ્રતિનિધિત્વ કરતા યતિઓએ હિંસાનો, યજ્ઞોનો અને ઈન્દ્રનો પ્રબળ વૈચારિક વિરોધ કર્યો હોવો જોઈએ. પરિણામે, ઈન્દ્ર તેમને પોતાના શત્રુઓ ગણતો અને શિકારી કૂતરાઓ પાસે તેમને મારી નંખાવતો.[૧૩] સપ્તસિંધુના પ્રદેશમાં સ્થિર થયા પછી આર્યો પૂર્વ તરફ આગળ વધ્યા હશે. આ વખતે તેમનો સખત સામનો કૃષ્ણે કર્યો. ઋગ્વેદના આઠમા મંડળના છન્નુમા સૂકતમાં ઈન્દ્ર અને કૃષ્ણ વચ્ચેના યુદ્ધનું વર્ણન મળે છે. ઈન્દ્ર કૃષ્ણ ઉપર હુમલો કરવા અંશુમતી નદી સુધી ગયો. કૃષ્ણે પોતાના સૈન્યને ભેખડો અને જંગલોમાં એવી રીતે ગોઠવ્યું કે ઈન્દ્રને તેની ઉપર હુમલો કરવો મુશ્કેલ પડે. ઈન્દ્ર થાકીને પાછો ગયો. ભાગવતના દશમસ્કંધના ચોવીસમા અને પચીસમા અધ્યાયમાં જે દંતકથા આવે છે તેના મૂળમાં આ ઈન્દ્ર-કૃષ્ણ યુદ્ધનું તથ્ય રહેલું લાગે છે. ભાગવતની આ દંતકથા આ પ્રમાણે છે—"નંદ વગેરે ગોપાળોએ યજ્ઞ કરીને ઈન્દ્રને ખુશ કરવા વિચાર કર્યો. પરંતુ કૃષ્ણને આ વાત ન ગમી. કૃષ્ણે સાદું ભોજન કરાવ્યું અને પછી ગોપગોપીઓને લઈ તે ગોવર્ધન પર્વત તરફ ગયા. આથી ઈન્દ્ર ગુસ્સે થયો. તેણે મૂશળધાર વરસાદ વરસાવી ગોકુળનો (=ગાય, બળદ, વગેરેનો)

નાશ કરવા પ્રયત્ન કર્યો. ગોકુળનું રક્ષણ કરવા કૃષ્ણે ગોવર્ધન પર્વતને ઊંચકયો અને તેની નીચે ગોકુળને આશરો આપ્યો. ઇન્દ્રની યુક્તિ સફળ ન થઈ.'' આ દંતકથાનું અર્થઘટન આ પ્રમાણે થાય—ગોવર્ધનપર્વત એટલે ગોસંવર્ધનની જવાબદારીનો ડુંગર. ઇન્દ્રની યજ્ઞપરંપરાના વાતાવરણમાં આ જવાબદારીનું પાલન કરવું દુષ્કર હતું. નંદ વગેરે ગોપાળો આ જવાબદારીમાંથી છટકી જવા માગતા હતા. પરંતુ કૃષ્ણે આ જવાબદારીમાંથી છટકી જવું ઉચિત ન ગણ્યું. તેણે તો જવાબદારીના ડુંગરને ઊંચકયો અને ઇન્દ્ર તરફથી ઊભા કરવામાં આવેલા સંકટનો પ્રબળ સામનો કર્યો. આ જ દેવકીપુત્ર કૃષ્ણને ઘોર આંગિરસે તપશ્ચર્યા, દાન, સરળતા, અહિંસા અને સત્યવચનની શિક્ષા આપી હતી. આ કૃષ્ણ બાવીસમા જૈન તીર્થંકર નેમિનાથના પિતરાઈ ભાઈ થતા હતા એવી જૈન પરંપરાનો નિર્દેશ આપણે કરી ગયા છીએ. શંકરાચાર્ય ભાગવતસંપ્રદાયને વેદનિંદક ગણી ઊતારી પાડે છે એ હકીકત આ સંદર્ભમાં નોંધપાત્ર છે. 'શાંડિલ્યને વેદોમાં પરમ શ્રેય પ્રાપ્ત ન થયું એટલે તેમણે આ ભાગવતનું અધ્યયન કર્યું' આવા ભાગવતવચનને શંકરાચાર્ય વેદનિંદાપરક ગણે છે.[૧૪] શંકરાચાર્યની વાત સાચી છે. કૃષ્ણ સાથે સંબંધ ધરાવતા આ સંપ્રદાયનો આંતરિક સંબંધ આર્યોના વેદ અને આર્યોની ધર્મપરંપરા સાથે ન જ હોય. કૃષ્ણ જાતિભેદમાં માનતા ન હતા. તેમણે ચંડાળકન્યા જાંબુવતીને પોતાની પટરાણી બનાવી હતી. કપિલમુનિની સાંખ્ય શાખાએ યજ્ઞોનો અને તે સંબંધી ક્રિયાકાંડનો સખત વિરોધ કરી તેમને અશુદ્ધ ઉપાય યા સાધન ગણ્યા છે તેમ જ ભારપૂર્વક જાહેર કર્યું છે કે તેમનાથી આત્યંતિક દુ:ખમુક્તિ પ્રાપ્ત ન જ થઈ શકે.[૧૫] વ્રાત્યો અને વૃષલોએ આર્યોની યજ્ઞપરક વિચારધારાનો વિરોધ કર્યો. વ્રાત્યોએ આર્યોના યાજ્ઞિક કર્મકાંડો અને સંસ્કારોનો સખત પ્રતિષેધ કર્યો. તેથી આર્યોએ પુરુષમેધયજ્ઞમાં વ્રાત્યને વધ્ય ગણ્યો.[૧૬] વૃષલોએ પણ આર્યોની યજ્ઞસંસ્કૃતિનો પ્રબળ વિરોધ કર્યો. પૂર્વ ભારતમાં એમણે આર્યોનો સખત સામનો કર્યો. વિશાખદત્તના મુદ્રારાક્ષસ નાટકમાં કૌટલ્યે ચંદ્રગુપ્તને વૃષલ કહી અનેકવાર ઉદ્દેશ્યો છે. મૌર્યો વૃષલો હતા. શુંગોના ઉત્થાન પહેલાં બધા રાજવંશો વૃષલ સંસ્કૃતિના પુરસ્કર્તા હતા. અર્થાત્, નાગો, નંદો અને મૌર્યો વૃષલ સંસ્કૃતિના પોષક હતા. આપણે જાણીએ છીએ કે ચંદ્રગુપ્ત મૌર્ય જૈન હતો, તેનો પૌત્ર અશોક બૌદ્ધ, સંપ્રતિ જૈન અને શાલિશૂક બૌદ્ધ. શુંગો પહેલાં આપણને એક પણ એવો રાજા પૂર્વ ભારતમાં મળતો નથી જેણે આર્યોના યજ્ઞો અને સંસ્કારોને હૃદયપૂર્વક અપનાવ્યા હોય.[૧૭] આ દર્શાવે છે કે પૂર્વ ભારતનો શુંગો પહેલાંનો ક્ષત્રિયવર્ગ વૃષલોની અહિંસાપ્રધાન સંસ્કૃતિનો પુરસ્કર્તા હતો. ઉપનિષદો પોતે જ જણાવે છે કે ઉપનિષદોની

અધ્યાત્મવિદ્યા બ્રાહ્મણોની નહિ પણ ક્ષત્રિયોની છે.[૧૮] આનો અર્થ એ સમજવો જોઈએ કે આર્યોની ધર્મપરંપરાની આ વિદ્યા નથી પરંતુ વ્રાત્ય–વૃષલ ક્ષત્રિયોની આર્યેતર ધર્મપરંપરાની આ વિદ્યા છે. ઉપનિષદોએ યજ્ઞોનો વિરોધ કર્યો, યજ્ઞોને અદઢ તરાપા સાથે સરખાવ્યા અને જણાવ્યું કે યજ્ઞોથી સંસારસાગર ન તરી શકાય. તેમણે જાતિભેદનો પણ વિરોધ કર્યો અને આત્મૌપમ્ય અને સમાનતાની સ્થાપના કરી. ઉપનિષદોએ આર્ય ધર્મપરંપરાના ઐહિક સુખસંપત્તિ યા સ્વર્ગના ધ્યેયથી વિરુદ્ધ આત્યંતિક દુઃખમુક્તિના ( = મોક્ષના) ધ્યેયની પ્રબળ સ્થાપના કરી અને તેને માટે સાધન તરીકે અહિંસા, કામક્ષય અને યોગસાધનાની ઉમદા વાતો કરી. તેમણે સંસારવાદ અને કર્મસિદ્ધાંતનું પ્રતિપાદન પણ કર્યું. ઉપનિષદો પછી તરત આ આર્યેતર મૂળ ભારતીય ધર્મપરંપરામાં બળ પૂરનાર આવ્યા મહાવીર અને બુદ્ધ. આ બંનેને પણ વૃષલ ક્ષત્રિયો જ ગણવા જોઈએ. બુદ્ધને તો 'વૃષલક' કહેવામાં આવ્યા છે જ.[૧૯] બંનેનું ધ્યેય સ્વર્ગ નહિ પણ દુઃખ-મુક્તિ. બંનેય અહિંસાના પુરસ્કર્તા. બંનેય યજ્ઞોના અને ક્રિયાકાંડોના વિરોધી. બંનેએ જાતિવાદનો સખત વિરોધ કર્યો. કર્મથી જ માણસ સારો યા ખરાબ ગણાય એ વાત ભારપૂર્વક કહી. આત્મૌપમ્ય અને સમાનતાની ભાવનાને બંનેએ ખૂબ વિસ્તારી. બંનેએ સ્ત્રીઓને આધ્યાત્મિક સાધનાની અધિકારિણી ગણી અને બંનેએ સ્ત્રીને પ્રવ્રજ્યા આપી સંઘમાં દાખલ કરી.

## (૫) બે પરંપરાનો સમન્વય

આ બંને પરંપરાનો સમન્વય આર્યોના વિજય પછી તરત જ શરૂ થઈ ગયો જણાય છે. કેટલાક આર્યેતર લોકોએ આર્યોનું પુરોહિતપણું સ્વીકારી તેમના દેવોની સ્તુતિઓ કરવાનું અને યજ્ઞો કરવાનું શરૂ કરી દીધું લાગે છે. વેદના કેટલાક સૂક્તોના રચયિતા આર્ય નથી. વળી વેદના કેટલાક સૂક્તો મૂળ ભારતીયોની વિચારધારાથી પ્રભાવિત આગંતુક આર્યોએ લખ્યા હોય એવો સંભવ છે. વેદમાં બે અંશ મળે છે. એક અંશ એવો છે જેમાં આપણને આર્યોના ઐહિક, પ્રકૃતિપૂજક, બહિર્મુખ અને ભોગપરાયણ માનસનું પ્રતિબિંબ મળે છે. આ અંશની માત્રા અત્યધિક છે. બીજો અંશ એવો છે જેમાં આપણને મૂળ ભારતીયોના આધ્યાત્મિક, ચિંતનાત્મક અને અંતર્મુખ માનસનું પ્રતિબિંબ મળે છે. આ અંશની માત્રા અત્યલ્પ છે. બ્રાહ્મણગ્રંથોનો ( = કર્મકાંડનો) સંબંધ પ્રથમ અંશ સાથે છે, જ્યારે ઉપનિષદોનો ( = જ્ઞાનકાંડનો) સંબંધ દ્વિતીય અંશ સાથે છે. ઉપનિષદોમાં આપણને બ્રાહ્મણો ક્ષત્રિયો પાસે અધ્યાત્મવિદ્યા ભણવા જતા જોવા

મળે છે.[૨૦] ઉપનિષદકાળે બે પરંપરાનો સમન્વય પ્રબળ બની રહ્યો હતો. ઉપનિષદોએ વેદને માન્યા પરંતુ તે તો બે પરંપરાના વિરોધને શિથિલ કરી સમન્વયની પ્રક્રિયાને વેગ આપવા માટે જ. વેદને માનવા છતાં ઉપનિષદોનો પ્રાણ તો આર્યેતર મૂળ ધર્મપરંપરાના અહિંસા, ત્યાગ, કામક્ષય, આત્યંતિક દુઃખ-મુક્તિ વગેરે આદર્શો જ રહ્યા. ઉપનિષદોએ વેદને માનવાથી તેમનું સ્થાન 'વેદાન્ત' તરીકે નિશ્ચિત થયું. ઉપનિષદોએ વેદને સ્વીકારી આર્ય ધર્મપરંપરાને લગભગ ખતમ કરી નાખી, કારણ કે આર્ય ધર્મપરંપરામાં 'વેદાન્ત'નું સ્થાન પ્રાપ્ત કરી ઉપનિષદોએ પોતાની મૂળ આર્યેતર ધર્મપરંપરાને જ આર્ય ધર્મ-પરંપરાને નામે ચલાવી. હકીકતમાં તો જ્યારથી ઉપનિષદોએ 'વેદાન્ત'નું સ્થાન પ્રાપ્ત કર્યું ત્યારથી આર્ય ધર્મપરંપરા લગભગ ક્ષય પામી. કપિલમુનિના સાંખ્યે પણ આ જ યુક્તિ અજમાવી. તેણે પણ વેદોને સ્વીકારી આર્ય ધર્મપરંપરામાં સ્થાન પ્રાપ્ત કરી પોતાની મૂળ આર્યેતર વિચારધારાને ચલાવી. સમન્વયની આ યુક્તિ અત્યંત સફળ થઈ. આરણ્યકો એ આર્યેતર મૂળ વિચારધારાથી પ્રભાવિત આર્યોનો વર્ગ હતો.[૨૧] વૈખાનસો પણ આ આર્યેતર ધર્મપરંપરાથી પ્રભાવિત આર્ય ધર્મપરંપરાના અવધૂતો છે. આરણ્યકો અને વૈખાનસો ઉપરાંત ગૃહસ્થ આર્યો પણ આર્યેતર ધર્મપરંપરાથી એટલા બધા પ્રભાવિત થઈ ગયા હતા કે તેમણે યજ્ઞો અને આર્ય સંસ્કારો ત્યજી દીધા. આવા યજ્ઞભ્રષ્ટ અને સંસ્કારભ્રષ્ટ આર્યોને આર્યોએ વ્રાત્યો કહ્યા છે. અહીં વ્રાત્યોનો અર્થ વ્રાત્યજાતિ નથી એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ. આનું પરિણામ એ આવ્યું કે શંકરાચાર્યને પણ કહેવું પડ્યું કે વેદોક્ત ધર્મ બે પ્રકારનો છે—પ્રવૃત્તિલક્ષણ અને નિવૃત્તિલક્ષણ.[૨૨] આ ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે જે આર્ય ધર્મપરંપરા પ્રવૃત્તિલક્ષણ હતી તે હવે કેવળ પ્રવૃત્તિલક્ષણ રહી ન હતી પરંતુ નિવૃત્તિલક્ષણ પણ બની ગઈ હતી. તે એટલી હદે નિવૃત્તિલક્ષણ બની કે સંન્યાસ આશ્રમને અને તેની શ્રેષ્ઠતાને પણ તેણે છેવટે સ્વીકારી.[૨૩] મહાવીર અને બુદ્ધે પણ પોતાને વેદવિદ્ ગણ્યા છે. આમ તેમણે પણ વેદનો અનાદર નથી કર્યો. વળી, તેમણે પોતાને બ્રાહ્મણ કહ્યા છે; અલબત્ત, તેમણે 'બ્રાહ્મણ' શબ્દનો અર્થ જ બદલી નાખ્યો. જે અહિંસા, સત્ય, આદિનું પાલન કરે તે બ્રાહ્મણ. મહાવીરે સામ્યપોષક સમસ્ત આચારવિચારને 'બ્રહ્મચર્ય' નામ આપ્યું અને બુદ્ધે મૈત્રી વગેરે ભાવનાઓને 'બ્રહ્મવિહાર' નામ આપ્યું. આમ કરીને તેમણે આર્ય ધર્મપરંપરાના લોકોને આકર્ષ્યા અને સંઘર્ષને બદલે સમન્વયના માર્ગને ગ્રહ્યો. બુદ્ધે તો બીજી રીતે પણ આર્ય અને આર્યેતર ધર્મ-પરંપરાઓનો સમન્વય કર્યો. આર્ય ધર્મપરંપરા ભોગપરાયણ હતી. આર્યેતર

ધર્મપરંપરામાં ઘોર તપની પ્રતિષ્ઠા હતી. તેમણે કહ્યું કે ભોગનો માર્ગ ગ્રામ્ય, અશિષ્ટ અને હીન છે અને ઘોર તપનો માર્ગ દુ:ખમય અને અનર્થકર છે. તે બેની વચ્ચેના મધ્યમમાર્ગનો ઉપદેશ આપી બુદ્ધે બે પરંપરાનો સમન્વય સાધવાનો અભિનવ પ્રયોગ કર્યો.

## ટિપ્પણ

१. **ऐतरेयब्राह्मण ३८–१.**

२. **ऐतरेयब्राह्मण ३५–३, गौतमधर्मसूत्र १२.४–६;** તથા જુઓ **कात्यायनश्रौतसूत्र** અને **आपस्तम्बश्रौतसूत्र.**

३. **बौद्ध धर्म के विकास का इतिहास,** डॉ. गोविन्दचन्द्र पाण्डेय, पृ. १४–१५; *The Sāṁkhya Philosophy*, Garbe, p. 3; *Sāṁkhya System*, Keith, pp. 7–8; *Philosophies of India*, Zimmer, p. 281.

४. *Vrātyas in Ancient India*, Radhakrishnan Chaudhary, Varanasi, p. 5; **विष्णुपुराण,** सं. पं. श्रीराम शर्मा, आचार्य, संस्कृति संस्थान बरेली, १९६७, ४.२४, पृ० ११४–११५

५. **पञ्चविंशब्राह्मण १७.**

६. *Some Aspects of Ancient Indian Culture*, D. R. Bhandarkar, pp. 39–41, 44–45

૭. એજન, પૃ. ૫૩–૫૪

૮. એજન, પૃ. ૮૩

૯. **महाशिवपुराण, वायुसंहिता,** उत्तरखण्ड, अध्याय ९, श्लोक ३, पृ० १३७६ (बम्बई); **शिवपुराण** ४.४७–४८; **प्रभासपुराण ४९.**

१०. **ऋषभदेव : एक परिशीलन,** देवेन्द्रमुनि, पृ० ६८

११. **पार्श्वनाथ का चातुर्यामधर्म,** धर्मानन्द कोसम्बी, पृ० २८.

१२. **दर्शन और चिन्तन,** खण्ड २, पं. सुखलालजी, पृ० ११६–१२०

१३. इन्द्रो यतीन् शालावृकेभ्यः प्रायच्छतम्... । **ताण्ड्यब्राह्मण १४.११.२९**

१४. **शाङ्करभाष्य, वेदान्तसूत्र, २.२.४५**

१५. **साङ्ख्यकारिका**, का. २

१६. **यजुर्वेद, वाजसनेयसंहिता**, ३०.८

१७. *Some Aspects of Ancient Indian Culture, p.53*

१८. **छान्दोग्योपनिषद्** ५.३; **बृहदारण्यकोपनिषद्** ६.२

१९. **सुत्तनिपात, ब्राह्मणधम्मिकसुत्त.** (२.७), प्रो० बापट, पूना, १९२४, पृ० ४०–४३

२०. **छान्दोग्य उपनिषद्**, ५.३, ५.११, ६.२

२१. **અભિધર્મ**, ધર્માનંદ કોસંબી, પૃ૦ ૬ (પ્રકા. ગુજરાત વર્નાકયુલર સોસાયટી, અમદાવાદ, ૧૯૪૪)

२२. द्विविधो हि वेदोक्तो धर्मः — प्रवृत्तिलक्षणो निवृत्तिलक्षणश्च। **गीता-भाष्य**, उपोद्घात.

२३. **बौद्ध धर्म के विकास का इतिहास**, डॉ. गोविन्दचन्द्र पाण्डेय, पृ० २५–२६

# અધ્યાય ૨

## ઈ. સ. પૂર્વ છઠ્ઠી શતાબ્દીનું ભારત

### (૧) રાજકીય સ્થિતિ.

ભગવાન બુદ્ધના જન્મ પહેલાં ઈ. સ. પૂર્વ છઠ્ઠી શતાબ્દીમાં સોળ મહાજનપદો (રાજ્યો) હતાં — કાશી, કોશલ, અંગ, મગધ, વજ્જિ, મલ્લ, ચેદિ, વત્સ, કુરુ, પંચાલ, મત્સ્ય, શૂરસેન, અસ્સક, અવંતિ, ગંધાર અને કંબોજ.[1] આ સોળ જનપદોમાં એક જ પ્રકારની શાસન પદ્ધતિ ન હતી. વત્સ, અવંતિ, મગધ અને કોશલમાં એકસત્તાક શાસનપદ્ધતિ હતી. બાકીના અગીઆર જનપદોમાં ગણસત્તાક શાસનપદ્ધતિ હતી. એટલે આ અગીઆર જનપદોને ગણરાજ્યો કહેવામાં આવતાં હતાં. આ અગીઆર ઉપરાંત બીજાં પણ ગણરાજ્યો હતાં. પરંતુ તેમનાં નામ આ યાદીમાં ગણાવવામાં નથી આવ્યાં કારણ કે તેઓ પોતાના પાડોશી રાજ્યમાં ભળી ગયાં હતાં અથવા તેઓએ તેમની અધીનતા સ્વીકારી લીધી હતી. આવાં ગણરાજ્યો હતાં — શાકયગણરાજ્ય, કોલિયગણરાજ્ય, મોરિયગણરાજ્ય, ભગ્ગગણરાજ્ય અને કાલામગણરાજ્ય. બધે શાસનની ધુરા ક્ષત્રિયોના હાથમાં હતી.

વજ્જિગણરાજ્ય અને મલ્લગણરાજ્ય આ બે ગણરાજ્યો જ બળવાન હતાં. બીજાં ગણરાજ્યો નબળાં પડી ગયાં હતાં. મગધ, કોશલ, વત્સ અને અવંતિ આ ચાર એકસત્તાક રાજ્યો પોતાની આસપાસનાં નાનાં નાનાં ગણરાજ્યોને જીતીને પોતાને અધીન કરવાના પ્રયાસો કર્યા કરતાં હતાં. કાશી કોશલનું અંગ બની ગયું હતું. શાકયગણરાજ્યે પણ કોશલની અધીનતા સ્વીકારી હતી. મગધે અંગજનપદને પોતાને અધીન કરી લીધું હતું. ઉપર્યુક્ત ચાર એકસત્તાક રાજ્યો વચ્ચે પણ ભીષણ સંઘર્ષ ચાલ્યા કરતા હતા.

ગણરાજ્યમાં ગણશાહી હતી, લોકશાહી નહિ. અર્થાત્, રાજ્યતંત્ર ચલાવનાર સભાના સભ્યો સઘળા નાગરિકોના મતોથી ચૂંટાયેલા ન હતા. એક જાતિના કુટુંબોના વડાઓ વંશપરંપરાગત રીતે એ સભાના સભ્યો બનતા, જનતા તેમને ચૂંટતી નહિ. આ એક જાતિના કુટુંબના વડાઓના ગણના હાથમાં જ વંશપરંપરાગત રીતે સત્તા આવતી અને રહેતી. આ વડાઓ રાજાઓ કહેવાતા. આમ ગણરાજ્યનો

રાજા એક નહિ પણ અનેક. આ રાજાઓ રાજકાર્ય સંભાળતા. તેઓ સભામાં ભેગા મળી મતદાન દ્વારા યા સર્વસંમતિથી રાજકીય નિર્ણયો લેતા. તેઓ અમુક મુદત માટે પોતાનો પ્રમુખ ચૂંટી કાઢતા. આ પ્રમુખ ગણરાજ્યનો રોજિંદો વહીવટ ચલાવતો.

એક ગણરાજ્યના અનેક રાજાઓ શકિતશાળી હોવા છતાં તેમનામાં સંપ અને પરસ્પરનો આદરભાવ જણાતો ન હતો. દરેક પોતાને રાજા ગણતો. આવા રાજાઓ પોતાની રીતે લોકો પર જુલમ કરવા માંડે તો લોકોની શી દશા થાય? આવી પરિસ્થિતિ ઊભી થાય ત્યારે તેમને જુલમ કરતા અટકાવે એવી વરિષ્ઠ સત્તા કે શકિત ન હતી. સંખ્યાબંધ આવા રાજાઓના નાના મોટા જુલમોની સરખામણીમાં એકાધિકારી મહારાજાનો જુલમ લગભગ નગણ્ય ગણાય. તેથી ગણરાજ્યોનો નાશ થાય અને તેમની જગાએ એકસત્તાક રાજતંત્ર આવે એ સામાન્ય જનોની દૃષ્ટિએ ઇષ્ટ હતું. એથીય આગળ વધીને અનેક એકસત્તાક રાજ્યોના રાજાઓને સ્થાને એક ચક્રવર્તી રાજા હોય તો સૌથી સારું એમ જનતા ઇચ્છે કારણ કે એકસત્તાક રાજ્યો પરસ્પર લડતા ત્યારેય જનતાને માથે દુઃખના ડુંગર તૂટી પડતા. પરિણામે ચક્રવર્તી રાજાની કલ્પનાનો જન્મ થયો અને એ કલ્પનાને સાકાર કરવાનો ભગીરથ પ્રયાસ ભારત હવે પછી કરવાનું હતું.

ગણરાજ્યના રાજાઓને સત્તાધિકાર વંશપરંપરાગત મળતો હોવાથી તે વિલાસી અને બેજવાબદાર બન્યા હશે. ઈર્ષા અને વૈરને કારણે તેમની વચ્ચે ઘર્ષણ થતાં હશે. તેમની રંજાડથી ત્રાસી લોકો તેમનાથી વિમુખ બન્યા હશે. વળી, ગણરાજ્યની શાસનપદ્ધતિ જ એવી હતી કે શત્રુના ભેદ અને દાનના ઉપાયો સહેલાઈથી સફળ થાય. આ બધાં કારણોએ ભેગાં મળી ગણરાજ્યોનો નાશ કર્યો હોવો જોઈએ. આ આંતરિક નબળાઈઓને કારણે ગણરાજ્યો એકસત્તાક રાજ્યોને અધીન બનતાં ગયાં.[2]

આમ ઈ. સ. પૂર્વે છઠ્ઠી શતાબ્દીમાં રાજકીય ક્ષેત્રે ભારતમાં મહત્ત્વની ઘટનાઓ બની રહી હતી. ગણરાજ્યોનો હ્રાસ હાથવેંતમાં હતો. એકસત્તાક રાજતંત્રોનો ઉદય થઈ ગયો હતો. મગધનું એકસત્તાક રાજ્ય નોંધપાત્ર પ્રસાર પામી રહ્યું હતું. ચક્રવર્તી રાજાની કલ્પના ઉદ્‌ભવી હતી. લોકો અને ક્ષત્રિયો ચક્રવર્તીને ઝંખી રહ્યા હતા.

## (૨) સામાજિક સ્થિતિ

પૂર્વ ભારતમાં ક્ષત્રિયો શ્રેષ્ઠ ગણાતા.[૩] ત્યાં બ્રાહ્મણોનું પ્રભુત્વ ન હતું. કાશીથી પશ્ચિમમાં બ્રાહ્મણો શ્રેષ્ઠ ગણાતા. બ્રાહ્મણો જાતિભેદના પોષક હતા. પૂર્વના ક્ષત્રિયોમાં પણ જાતિભેદ એક યા બીજા રૂપે હતો પરંતુ તે બહુ કઠોર ન હતો. ઉપનિષદોએ જાતિભેદ સામે વિરોધ ઊઠાવ્યો હતો અને કર્મની પ્રતિષ્ઠા કરી હતી. તેથી જાતિભેદને ધક્કો પહોંચ્યો હતો.

આ સદીમાં વંશપરંપરાગત ધંધાને (=કર્મને) છોડી લોકો બીજા ધંધાઓ પણ કરતા. ક્ષત્રિય કુંભારનું, છાબડા-સૂંડલા વણનારનું, માળીનું કે રસોઈયાનું પણ કામ કરતો. આ રીતે જ, સેટ્ઠિ (=શેઠ, વૈશ્ય) દરજી કે કુંભારનું કામ પણ કરતો. બ્રાહ્મણોને જ્યારે લાગ્યું કે યજ્ઞકર્મો દ્વારા આજીવિકા મેળવવી મુશ્કેલ છે ત્યારે તેઓ પણ બીજા ધંધા કરવા લાગ્યા. બ્રાહ્મણ ખેતી પણ કરતો, વેપાર પણ કરતો, સુથારી કામ પણ કરતો, શિકાર પણ કરતો, ભવિષ્યકથન અને મંત્રતંત્રનો ધંધો પણ કરતો.[૪]

બ્રાહ્મણ, ક્ષત્રિય અને સેટ્ઠિ—આ ત્રણ ઉચ્ચ જાતિઓ હતી. આ ઉપરાંત અનેક હીન જાતિઓ પણ હતી. સામાન્ય જનતાના મોટા ભાગનો સમાવેશ આ હીન જાતિઓમાં થતો. આ હીન જાતિઓના વ્યવસાયો હતા—સુથારીકામ, ધાતુકામ, ચર્મકામ, માટીકામ, હાથીદાંતનું કામ, ઘરેણા ઘડવાનું કામ, રંગાટકામ, વણાટકામ, વહાણો બનાવવા ને હંકારવાનું કામ, કંદોઈકામ, વગેરે. સંગીતકાર, નૃત્યકાર, ચિત્રકાર, નટ, વગેરેનો પણ આ હીન જાતિના લોકોમાં સમાવેશ થતો. આમ કલાકારો, કસબીઓ અને કારીગરોનો સમાવેશ આ હીન જાતિઓના લોકોમાં થતો. સૌથી હીન જાતિઓ હતી—ચાંડાલ, પુક્કસ, વગેરે. આ ઉપરાંત દાસવર્ગ પણ હતો. દાસના સંતાનો દાસ જ રહેતા. દાસો ઘરના નોકર તરીકે કે ખેતર ઉપર મજૂર તરીકે કામ કરતા. ત્રણ ઉચ્ચ જાતિઓમાં રોટીબેટી—વ્યવહાર પ્રચલિત હતો પરંતુ તે ઉચ્ચ જાતિઓના લોકો હીન જાતિઓના લોકો સાથે એવો વ્યવહાર રાખતા નહિ. એક બાજુ બ્રાહ્મણ, ક્ષત્રિય અને સેટ્ઠિ આ ત્રણ ઉચ્ચ જાતિના લોકો અને બીજી બાજુ સામાન્ય જનતા એવા બે મોટા વર્ગો પડી ગયા હતા. આ બે વર્ગો વચ્ચે ઉચ્ચ-નીચનો ભેદભાવ સ્પષ્ટ હતો.[૫]

વૈદિક યુગનો આર્યોનો સમાજ પશુપાલનપ્રધાન હતો અને પશુધન સમગ્ર ગોત્રની સમાન માલિકીનું હતું. પરંતુ હવે આખો સમાજ કૃષિપ્રધાન

બની ગયો હતો અને પશુધન ખાનગી માલિકીનું બની ગયું હતું. પશુપાલક કરતાં ખેડૂતને પશુધનનું મહત્ત્વ વધુ હોય એ સ્વાભાવિક છે. તેથી, ખેડૂત પાસેથી યજ્ઞ માટેનાં પશુ વળતર આપ્યા વિના લેવામાં આવતાં એ એને માટે અસહ્ય બોજ હતો યજ્ઞોનો વિરોધ થાય એ ખેડૂતોને ઈષ્ટ હતું. ઉપનિષદોથી એ વિરોધ શરૂ થઈ ગયો હતો. એનો પ્રબળ વિરોધ કરનારા નેતાઓ તેમને જોઈતા હતા.[૬]

આ સદીમાં અનેક પ્રકારના ઉદ્યોગ–ધંધા વિકસ્યા હતા. આ કાળે ઉદ્યોગ–ધંધાઓએ કેવળ ગામની જનતા ઉપર નભવાનું છોડી દીધું હતું. તેથી, તેમનો વિકાસ થયો. સ્થાનિક જરૂરિયાતો સંતોષાય તે પછી પોતાના માલની બહારના જગતના બજારમાં નિકાસ થઈ શકે એ રીતે માલના ઉત્પાદનનું આયોજન થવા લાગ્યું હતું. સાથે સાથે ખપ અને વપરાશ જોગ માલ ઉત્પન્ન કરવાને બદલે કલાયુકત ચીજવસ્તુઓ ઉત્પન્ન કરવા પાછળ લક્ષ્ય અપાવા લાગ્યું હતું. પરિણામે દેશનો નિકાસવેપાર વધવા લાગ્યો, ખેતીવાડી પરનું ભારણ ઓછું થયું અને સમાજની આર્થિક સ્થિતિમાં સંગીન સુધારો થયો.

ઉદ્યોગોની ઉન્નતિ અને સલામતી માટે વિવિધ વ્યવસાયવાળાઓએ પોતપોતાનાં સંગઠનો બનાવ્યાં. આ સંગઠનો નિગમ, સંઘ, શ્રેણિ, પૂગ, નિકાય, આદિ નામે પ્રસિદ્ધ હતાં. પ્રત્યેક નિગમનો એક પ્રમુખ રહેતો. તે જેટ્ઠક કહેવાતો. નિગમોના નિયમો રાજ્યમાન્ય હતા. જેટ્ઠકોનો રાજ્યશાસનમાં મહત્ત્વપૂર્ણ ભાગ રહેતો અને રાજ્યના મોટા પદો પણ તેઓ સંભાળતા.[૭]

વેપારઉદ્યોગના વિકાસને પરિણામે ધનિકોનો એક સમર્થ વર્ગ અસ્તિત્વમાં આવ્યો હતો. તેમને સેટ્ઠિ કહેવામાં આવતા. સેટ્ઠિના મુખ્ય ત્રણ પ્રકાર હતા—મહાસેટ્ઠિ, અનુસેટ્ઠિ અને ઉત્તરસેટ્ઠિ. સમાજમાં સેટ્ઠિઓની ખૂબ પ્રતિષ્ઠા હતી. રાજાઓ તેમને ખૂબ માન આપતા અને રાજ્યના કાર્યોમાં તેમની સલાહ લેતા. રાજગૃહના મહાસેટ્ઠિનું એટલું બધું માન હતું કે મગધરાજ બિંબિસાર જાતે તેના નિવાસે અવારનવાર જતા.[૮] આ સેટ્ઠિઓ કે તેમની વેપારી પેઢીઓ સિક્કા પાડતી. રાજસત્તા સિક્કા પાડતી નહિ. આમ સમાજમાં સેટ્ઠિનું મહત્ત્વ રાજાથી જરાય ઊતરતું ન હતું. આ સેટ્ઠિઓ પ્રાયઃ સાહિત્ય અને અને લલિત કલાઓને પ્રોત્સાહન આપતા.

વેપારઉદ્યોગના વિકાસને પરિણામે નગરો વિકસ્યાં અને સ્થળમાર્ગો બન્યાં. પરંતુ આ વેપારઉદ્યોગના વિકાસને પરિણામે ઉચ્ચ–નીચના ભેદનું એક મહત્ત્વનું

કારણ ઉપસ્થિત થયું. તે કારણ તે પૈસો. ગરીબ–તવંગરનો ભેદ સ્પષ્ટ બન્યો. નગરોમાં ધનાઢયોના ભવનોની સંખ્યા અત્યલ્પ હતી જ્યારે ઝૂંપડાંની સંખ્યા અને સાંકડી ગંદી ગલીઓની બંને બાજુ સાંકડાં મકાનોની સંખ્યા ઘણી હતી.[૯]

આમ ઈ. સ. પૂર્વ છઠ્ઠી શતાબ્દીમાં જાતિભેદ સામે વિરોધના સૂર ઊઠવા લાગ્યા હતા. પોતાની ખાનગી માલિકીના પશુઓ યજ્ઞ માટે વળતર વિના પડાવી લેવાતા હોઈ ખેડૂતસમાજ યજ્ઞવિમુખ બની ગયો હતો, ઉદ્યોગધંધાનો વિકાસ થવાથી કામદારવર્ગ અને સેટ્ઠિવર્ગ અસ્તિત્વમાં આવ્યા હતા, ગરીબ–તવંગરનો ભેદ સ્પષ્ટ બન્યો હતો અને રાજબળના જેટલી જ અર્થબળની પ્રતિષ્ઠા જામી હતી.

## (૩) ધાર્મિક સ્થિતિ

ઈ. સ. પૂર્વ છઠ્ઠી શતાબ્દીનો સમય ભારતના ઈતિહાસમાં મહત્ત્વપૂર્ણ છે. કેવળ રાજકીય અને સામાજિક ક્ષેત્રે જ નહિ પરંતુ ધાર્મિક ક્ષેત્રે પણ આ કાળમાં ક્રાંતિ થઈ. વૈદિક ક્રિયાકાંડ અને જીવહિંસા વિરુદ્ધ જે વિચારધારા આ કાળમાં પ્રબળ બની એણે સમાજને બહુ જ પ્રભાવિત કર્યો. કર્મકાંડની જડતાના સ્થાને અધ્યાત્મવિદ્યાએ આકર્ષણ જમાવ્યું. પુરોહિત બ્રાહ્મણોની વરિષ્ઠતાને આ સંક્રાન્તિ-કાળમાં ધક્કો પહોંચ્યો. એમના દુરૂહ અને વ્યયસાધ્ય યાજ્ઞિક અનુષ્ઠાનોમાંથી જનતાના મોટા ભાગનો વિશ્વાસ ઊઠી ગયો. ખાસ કરીને પૂર્વ દેશના ક્ષત્રિયોએ અધ્યાત્મચિંતનમાં આગેવાની લીધી. તે એટલી હદ સુધી કે અધ્યાત્મવિદ્યા અને તત્ત્વચિંતનનું ઉચ્ચ શિક્ષણ તેઓ બ્રાહ્મણોને આપવા લાગ્યા. એવા ક્ષત્રિયોમાં વિદેહરાજ જનક, કેકયરાજ અશ્વપતિ, કાશીરાજ અજાતશત્રુ, પંચાલરાજ પ્રવાહણ જૈવલિ વગેરે મુખ્ય હતા. બૃહદારણ્યક (૬. ૧. ૧.) અને છાંદોગ્ય (૫. ૩. ૧.) ઉપનિષદોમાંથી જાણવા મળે છે કે ઉદ્દાલક આરુણિ નામના વિદ્વાન બ્રાહ્મણનો પુત્ર શ્વેતકેતુ પંચાલરાજ પ્રવાહણ જૈવલિની સભામાં પોતાના જ્ઞાનની પરીક્ષા આપવા ગયો. જૈવલિએ એને આત્મા અને પરલોક સંબંધી પ્રશ્નો પૂછયા. તેમના સંતોષકારક ઉત્તર તે ન દઈ શકયો. ઘેર આવી તેણે આ વાત પોતાના પિતાને કરી. તેથી, તેના પિતા ઉદ્દાલક આરુણિ પોતે પ્રવાહણ જૈવલી પાસે ગયા અને તેમની પાસેથી પિતા–પુત્ર બંને અધ્યાત્મવિદ્યા શીખ્યા. વળી, છાંદોગ્ય ઉપનિષદ (૫. ૧૧)માં એવી કથા છે કે ઔપમન્યવ, સત્યયજ્ઞ, પૌલુષિ–ઈન્દ્રદ્યુમ્ન, ભાલ્લપેય, જન–શર્કરાક્ષ્ય અને બુડિલ આશ્વતરાશ્વિ જેવા મહાશ્રોત્રિય બ્રાહ્મણ ગૃહસ્થોએ પણ કેકયરાજ અશ્વપતિ પાસેથી અધ્યાત્મવિદ્યા પ્રાપ્ત કરી હતી. આ પરંપરાનું સાતત્ય બુદ્ધ અને મહાવીરના જીવનમાં પણ જણાય છે. બુદ્ધ અને મહાવીર બંને ક્ષત્રિયો હતા અને તેમના અગ્રણી શિષ્યો બ્રાહ્મણો હતા.

આ કાળે અધ્યાત્મવિદ્યા પામવા માટેની ઉત્કંઠા બ્રાહ્મણોમાં કેટલી તીવ્ર હતી એ કઠોપનિષદમાં આવતી નચિકેતસ્‌ની કથા ઉપરથી સ્પષ્ટ થાય છે. નચિકેતસ્ નામનો બ્રાહ્મણ કિશોર યમના રાજ્યમાં જ્ઞાન મેળવવા પહોંચી જાય છે. યમ ખુશ થઈ તેને વર માગવા કહે છે. 'મૃત્યુ પછી મનુષ્યનું અસ્તિત્વ રહે છે કે નહિ?' એ પ્રશ્નનો ઉત્તર તે વરદાનમાં માગે છે. યમ તેને કહે છે, "જોઈએ તો સો વરસની આવરદાવાળા પુત્રો અને પૌત્રો માગ. જોઈએ તો અનેક પશુઓ, હાથીઓ, ઘોડાઓ માગ. જોઈએ તો અઢળક સોનું માગ. જોઈએ તો પૃથ્વીનું મોટું સામ્રાજ્ય માગ અને જેટલી ઇચ્છા હોય એટલા વર્ષનું લાંબુ આયુષ્ય માગ. અરે! આના બરાબર જો બીજું કોઈ વરદાન જોઈતું હોય તો તે માગ. હું તારી બધી ઇચ્છાઓ પૂરીશ. જે જે ઇચ્છાઓ મૃત્યુલોકમાં પુરાવી મુશ્કેલ હોય, તે તે બધી ઇચ્છાઓ તું તારી મરજી પ્રમાણે કહે. હું તેમને પૂરીશ. આ અહીં છે તેવી સુંદર સ્ત્રીઓ, રથો, વાજિંત્રો મનુષ્યોને મળતાં નથી. મેં મોકલેલી એ સ્ત્રીઓ તારી સેવામાં હાજર રહેશે. પણ હે નચિકેતસ્ ! મરણ પછી મનુષ્યનું અસ્તિત્વ રહે છે કે નહિ તે વિશે તું મને પૂછ મા.' આના ઉત્તરમાં નચિકેતસે યમને જે કહ્યું તે મનનીય છે. તે કહે છે, "હે યમ! એ બધા વિષયો તો નાશવંત છે અને ઇન્દ્રિયોનાં તેજ હરી લે છે. વળી, સમગ્ર જીવન ટૂંકું છે. માટે એ નાચ–ગાન અને ઘોડા વગેરે આપની પાસે જ રાખો. મનુષ્યને ધનથી સંતોષ થતો નથી.' અધ્યાત્મવિદ્યાને પામવાની તાલાવેલી નચિકેતસ્‌ના ઉત્તરમાં સ્પષ્ટ જણાઈ આવે છે. અધ્યાત્મવિદ્યા મેળવવા સર્વનો ત્યાગ તેણે કરી દીધો. સામાન્ય જનોમાં પણ અધ્યાત્મવિદ્યા તરફ આકર્ષણ જન્મ્યું હતું એ વાતને સત્યકામ જાબાલની કથા (છાંદોગ્ય ૪.૪. ૧–૫) સમર્થન આપે છે.

ઉપનિષદોનું ધ્યેય સ્વર્ગ નહિ પરંતુ આત્યંતિક દુઃખમુક્તિ હતું. તેના ઉપાય તરીકે તેઓ કામક્ષય ઉપર ભાર મૂકતા. તેઓ કહે છે: 'પ્રજાવાળા, ધનેચ્છુક ઋષિઓ કર્મ (= યજ્ઞ વગેરે કર્મ) કરે છે અને તે દ્વારા મૃત્યુ પામે છે (અને પુનર્જન્મ પામે છે). પરંતુ પ્રજા, ધન કે કર્મથી અમરતા (=મૃત્યુથી પર અવસ્થા યા મોક્ષ) પ્રાપ્ત થતી નથી. અમરતા તો કેવળ ત્યાગથી મળે છે. માણસ કામનાઓનો બનેલો છે. જેવી તેની વાસના હોય છે તેવો તે નિશ્ચય કરે છે; જેવો તે નિશ્ચય કરે છે તેવું તે કાર્ય કરે છે; જેવું તે કાર્ય કરે છે તેવું તે ફળ પામે છે. આમ કર્મ–ફળની પરંપરા નિરંતર ચાલ્યા કરે છે અને પરિણામે તેનું સંસારચક્ર પણ નિરંતર ચાલ્યા કરે છે. પરંતુ જ્યારે માણસના હૃદયમાં રહેલી કામનાઓ છૂટી જાય છે ત્યારે માણસ મરણને અધીન હોવા છતાં અમર

બને છે, તેનો સંસારમાંથી છૂટકારો થાય છે, તેનો મોક્ષ થાય છે. આ જાણીને પ્રાચીન કાળમાં લોકો સંતાનની, ધનની, સ્વર્ગ આદિ લોકની કામના છોડીને મુનિ થઈ વિચરતા હતા.'[૧૦]

ઉપનિષદોના સઘળા ચિંતનનું કેન્દ્ર આત્મા હતો. તેઓ કહે છે: આત્મા બધાને વશ કરનાર છે, બધાનો ઈશ છે અને બધાનો અધિપતિ છે. આત્મા દીકરા કરતાં વહાલો છે, ધન કરતાં વહાલો છે, બીજી બધી વસ્તુઓ કરતાં વહાલો છે. તે કોઈ પણ વસ્તુ કરતાં આપણી વધારે નજીક છે. જે માણસ આત્મા સિવાયની બીજી કોઈ વસ્તુને વહાલી ગણે છે, તેને જો કોઈ એમ કહે કે 'તારી વહાલી વસ્તુ નાશ પામશે', તો તે વાત સાચી છે, કારણ કે એ વસ્તુ ખરેખર નાશવંત હોય છે. તેથી માણસે આત્માને જ વહાલો માનવો જોઈએ. જે માણસ આત્માને જ વહાલો માને છે અને તેની જ ઉપાસના કરે છે, તેની વહાલી વસ્તુ કદી નાશ પામતી નથી.[૧૧] આત્મા નિત્ય છે. આત્માનું દર્શન કરવું જોઈએ, તેના વિશે ગુરુ પાસેથી સાંભળવું જોઈએ, તેના ઉપર મનન કરવું જોઈએ અને તેનું ધ્યાન કરવું જોઈએ. જે આત્માને જાણે છે તે દુ:ખને જીતે છે.[૧૨]

કામક્ષય અને આત્મજ્ઞાન દ્વારા જ દુ:ખમુક્ત થઈ શકાય એમ ઉપનિષદો માનતા. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું છે કે વિદ્યાથી જ અમર થવાય છે. આત્મજ્ઞાનના ઉપાય તરીકે સમાધિમાર્ગ યા ધ્યાનમાર્ગની પ્રતિષ્ઠા હતી. સમાધિમાર્ગનાં અંગો તરીકે વ્રતપાલન, તપ અને ત્યાગનું અત્યંત મહત્ત્વ હતું.

ઉપનિષદોની ઉચ્ચ અધ્યાત્મવિદ્યાના પ્રચાર સાથે વૈદિક ક્રિયાકાંડ પણ ચાલી રહ્યો હતો. શ્રૌતસૂત્રો અને ગૃહ્યસૂત્રો એનું પ્રમાણ છે. આ સાહિત્યમાં અનેક પ્રકારના યજ્ઞો અને તેમની પ્રણાલિઓનું વિસ્તૃત વર્ણન મળે છે. બ્રાહ્મણોનો મોટો સમુદાય હજુ પણ યજ્ઞોનું સંચાલન કરી રહ્યો હતો. અલબત્ત, હવે યજ્ઞોમાં પહેલાં જેટલી શ્રદ્ધા તેમને રહી ન હતી.

બ્રાહ્મણોનું કોઈ મોટું કેન્દ્રીય સંગઠન ન હતું. બ્રાહ્મણોનાં એવાં કોઈ મંદિરો ન હતાં જેમાં લોકો વિધિવત્ પૂજા—આરાધના કરી શકે. સાધારણ જન-સમાજમાં વૃક્ષપૂજા અને નાગપૂજા પ્રચલિત હતી. નાગો જળમાં રહેનારા અને પ્રભૂત સંપત્તિના સ્વામી હતા. નાગોની સર્પશરીર અને માનવશરીર બંને રૂપે પૂજા થતી. યક્ષો અને ગાંધર્વોની પૂજા પણ પ્રચલિત હતી. યક્ષોનાં અનેક મોટાં કેન્દ્રો મથુરા, આળવી, વગેરે સ્થાનોમાં હતાં. યક્ષો અને યક્ષિણીઓમાં લોકોને

ખૂબ શ્રદ્ધા હતી. એમનાં અનેક રૂપોની કલ્પના કરવામાં આવી હતી. યક્ષોના વીરરૂપ પ્રત્યે લોકોમાં ભયપ્રેરિત આસ્થા જાગી હતી. યક્ષિણીઓની સાધના પ્રાયઃ એમના કલ્યાણપ્રદ સુંદર મોહક રૂપમાં કરવામાં આવતી. એમનું બીજું રૂપ ભયંકર હતું. મહાભારતમાં યક્ષે યુધિષ્ઠિરને અનેક પ્રશ્નો પૂછ્યા હતા એ વાત પ્રસિદ્ધ છે. ઉત્તર ભારતમાં છઠ્ઠી શતાબ્દીમાં યક્ષપૂજાનું જોર કેટલું બધું હતું એનો ખ્યાલ આપણને બૌદ્ધ અને જૈન સાહિત્ય ઉપરથી આવે છે. આ સાહિત્યમાં ઉંબરદત્ત, સુરંબર, માણિભદ્ર, ભંડીર, શૂલપાણિ, સુરપ્રિય, ઘંટિક, પૂર્ણભદ્ર, વગેરે કેટલાય શક્તિશાળી યક્ષોનાં નામ મળે છે. આ જ રીતે, કુંતી, નટા, ભટ્ટા, રેવતી, તમસુરી, લોકા, મેખલા, આળિકા, બેન્દા, મઘા, તમિસિકા આદિ અનેક યક્ષિણી-ઓનાં નામ પણ મળે છે. બુધ્ધે મથુરાના ગર્દભ અને આળવીના દુર્દાંત યક્ષને વિનમ્ર બનાવી લોકોનાં કષ્ટ દૂર કર્યાં હતાં એવા ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત માતૃદેવી અને અસુરોની પૂજા પણ લોકોમાં પ્રચલિત હતી. વૈદિક ઇન્દ્ર, અગ્નિ, વગેરે દેવો અત્યંત ગૌણ બની ગયા હતા.[૧૩] આવું હતું લૌકિક ધર્મનું સ્વરૂપ.

હસ્તજ્યોતિષ, દૈવી ઘટનાઓ ઉપરથી ફલાદેશ, સ્વપ્નફળ, ઉંદરે કાતરેલા કપડા ઉપરથી ફલાદેશ, ભાગ્યપ્રદ સ્થાનોનું જ્ઞાન, મંત્રતંત્ર, પ્રેતવિદ્યા, સર્પ તથા પશુપક્ષીનું વશીકરણ, વિવિધ પ્રકારની ભવિષ્યવાણી, કોઈ કન્યામાં દેવને બોલાવીને યા દર્પણની સહાયથી રહસ્યોદ્‌ઘાટન, ગુપ્ત ધન શોધવાની વિદ્યા, સિરિ યા લક્ષ્મીદેવીનું આહ્‌વાન, દેવોની આણ, ઇન્દ્રજાળ, વગેરેના ઉલ્લેખો આ કાળના સાહિત્યમાં મળે છે. આ દર્શાવે છે કે ચમત્કારિક શક્તિઓમાં લોકોને શ્રદ્ધા હતી.[૧૪] રસપ્રદ વાત તો એ છે કે સિંધુ–સંસ્કૃતિના ધર્મ અને અથર્વવેદના લૌકિક ધર્મનું અનુસંધાન આ કાળના લૌકિક ધર્મમાં વધતાઓછા પ્રમાણમાં મળે છે. અથર્વવેદ આર્યોનો વેદ નથી.

આ સમય એવો હતો જ્યારે વેદોની પકડ ઢીલી થઈ રહી હતી. ધર્મદર્શનના ક્ષેત્રમાં અસંખ્ય આચાર્યો અને ચિંતકો ઉદ્‌ભવ્યા. તેઓએ જણાવ્યું કે અમે વૈદિક પરંપરાથી સ્વતંત્ર રીતે મુક્તિનો માર્ગ શોધ્યો છે. લોકો તેમની તરફ આકર્ષાયા. વેદના પ્રામાણ્યને ફગાવી દેવામાં આવ્યું હોઈ વિચારસ્વાતંત્ર્યને દાબમાં રાખી શકે એવું કંઈ ન હતું. ચિંતકોને અંતરનો અવાજ વ્યક્ત કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા હતી. પરિણામે, અસંખ્ય સંપ્રદાયો અને પાર વિનાના મતો પ્રગટ્યા. પાલિ સાહિત્ય અનુસાર બુદ્ધના ધર્મપ્રચાર પહેલાં બાસઠ સંપ્રદાયો હતા.[૧૫]

તે આજીવક, પરિવ્રાજક, જટિલક, મુંડ શ્રાવક, તેદંડિક આદિ હતા. જૈન ગ્રંથોમાં આ સંપ્રદાયોની સંખ્યા ૩૬૩ આપવામાં આવી છે.[૧૬] બુદ્ધના સમયમાં વિવિધ ધર્મોના કેટલાય વિદ્વાન પ્રચારકો મોજૂદ હતા. એમાં પૂરણ કસ્સપ, મક્ખલિ ગોસાલ, નિગંઠ નાતપુત્ત, અજિત કેસકંબલિ, પકુધ કચ્ચાયન અને સંજય બેલટ્ઠિપુત્ત આ છ મુખ્ય હતા. તેઓ તીર્થંકર કહેવાતા. પૂરણ કસ્સપ કહેતા કે સારાં કે બુરાં કર્મની કોઈ અસર આત્માને થતી નથી. મક્ખલિ ગોસાલ ઉપદેશતા કે દુ:ખમુકિત નિયતકાળે અને નિયતક્રમે જ થવાની છે, એમાં મનુષ્યના પુરુષાર્થને કંઈ અવકાશ નથી, ૮૪ લાખ મહાકલ્પનો ફેરો પુરો કર્યા પછી જ્ઞાની અને અજ્ઞાની બંનેય મુકત થાય છે, ત્યાં સુધી તેણે જેટલું સુખદુ:ખ ભોગવવાનું છે તેની માત્રા પણ નિયત છે, તેમાં લેશમાત્ર વધારો કે ઘટાડો શક્ય નથી. નિગંઠ નાતપુત્ત પ્રવચન કરતા કે સારાં કે બુરાં કર્મની અસર આત્માને થાય છે, ખરાબ કર્મોથી પાપકર્મ બંધાય છે, સંયમથી કર્મો બંધાતાં અટકે છે, તપથી બંધાયેલાં કર્મો નાશ પામે છે અને જ્યારે કર્મોનો સંપૂર્ણ નાશ થાય છે ત્યારે જીવ આત્યંતિક દુ:ખમુકિત પામે છે. અજિત કેસકંબલિ પ્રચાર કરતા કે આત્મા નથી, કર્મનાં ફળ નથી, પરલોક નથી, મનુષ્ય ચાર મહાભૂતોનો બનેલો છે, મૃત્યુકાળે ચાર મહાભૂતો છૂટાં પડી જાય છે, મૃત્યુ પછી કંઈ બચતું નથી, મૃત્યુ એ અત્યંત ઉચ્છેદ છે. પકુધ કચ્ચાયન કહેતા કે પૃથ્વી, જળ, તેજ, વાયુ, સુખ, દુ:ખ અને જીવ આ સાત પદાર્થો છે; આ પદાર્થો કૂટસ્થનિત્ય અને અચલ છે; તેઓ એક-બીજાને કંઈ અસર કરતા નથી; જે માણસ તીક્ષ્ણ શસ્ત્ર વડે કોઈનું ડોકું કાપે છે, તે કોઈનું જીવિત હરતો નથી કારણ કે શસ્ત્રો તો સાત પદાર્થોની વચ્ચેની ખાલી જગામાં જ પ્રવેશ કર્યો હોય છે. સંજય બેલટ્ઠિપુત્ત ઉપદેશતા કે પરલોકનું અસ્તિત્વ છે એમ હું ન કહી શકું, પરલોકનું અસ્તિત્વ નથી એમ પણ હું ન કહી શકું, પરલોકનું અસ્તિત્વ અને નાસ્તિત્વ બંનેય છે એમ પણ હું ન કહી શકું તેમ જ પરલોકનું અસ્તિત્વ અને નાસ્તિત્વ બંનેય નથી એમ પણ હું ન કહી શકું. કર્મફલ છે કે નહિ, મૃત્યુ પછી જીવનું અસ્તિત્વ છે કે નહિ આદિ પ્રશ્નોના સંજયના જવાબો આવા જ છે.[૧૭]

આ બધા ચિંતકો પોતાના દાર્શનિક મતને આડે લાવ્યા વિના તપ કરતા હતા. મક્ખલિ ગોસાલ તપસ્વી હતો. નિગંઠ નાતપુત્ત (મહાવીર) પણ દીર્ઘતપસ્વી હતા. તપના વિવિધ પ્રકારો પ્રચલિત હતા. કેટલાક ઉપવાસો કરતા, કેટલાક ઝાડ-પાન સિવાય બીજું કંઈ ખાતા નહિ, કેટલાક શેવાળ સિવાય બીજું કંઈ ખાતા નહિ, કેટલાક પાણી સિવાય બીજું કંઈ લેતા નહિ, ઈત્યાદિ.[૧૮] આ બધી

તપસ્યાઓ તેઓ ઈન્દ્રિયજયના આશયથી કરતા. મહાવીરનું તપ ધ્યાનનું પોષક હતું અને ધ્યાનમાંથી નિષ્પન્ન થયેલું હતું. ધ્યાની મહાવીર ભિક્ષાને ખાતર ધ્યાનમાં ખલેલ પડવા દેતા નહિ. નિયત સમયમાં ભિક્ષા મળે તો ઠીક, નહિ તો ઉપવાસી રહી ધ્યાનમાં લાગી જતા. કેટલીકવાર તો ધ્યાન એટલું જામતું કે દિવસોના દિવસો સુધી છૂટતું નહિ અને પરિણામે અનેક દિવસ મહાવીરના ભિક્ષા વિના જતા. પરંતુ બધાનું આવું ન હતું. ઘણા તો એવી શ્રદ્ધા ધરાવતા કે ઘોર તપ દ્વારા શરીરને જેટલું વધુ તપાવવામાં આવે તેટલી જ વધુ આત્મશુદ્ધિ થાય. તપનો મહિમા ઘણો હતો.

આ કાળે યોગમાર્ગના જાણકાર સાધકો પણ હતા અને તે સૌ પોતપોતાની શકિત પ્રમાણે ધ્યાનની જુદી જુદી ભૂમિકાએ પહોંચેલા હતા. આલાર કાલામ અને રુદ્રક રામપુત્ર આ બે યોગીઓએ બુદ્ધને ધ્યાનમાર્ગમાં પ્રવેશ કરાવ્યો હતો. નિગંઠ નાતપુત્ત પણ ધ્યાનમાર્ગના સાધક હતા. ધ્યાનમાર્ગની પરંપરા અત્યંત પ્રાચીન કાળથી ચાલી આવતી હતી અને યતિઓ, મુનિઓ, પરિવ્રાજકો, વગેરે તેને સાધના દ્વારા પુષ્ટ કરતા રહ્યા હતા તેમ જ શિષ્યો દ્વારા કાળપ્રવાહમાં આગળ ધપાવતા રહ્યા હતા.

આ ચિંતકો અને ધર્મનેતાઓ, તપસ્વીઓ અને યોગીઓ પોતાના વિશાળ અનુયાયી સમુદાય સાથે દેશના એકભાગમાંથી બીજા ભાગમાં જઈ ધાર્મિક અને દાર્શનિક બાબતોની જાહેર ચર્ચાઓ કરતા હતા. પરિણામે આ કાળ ભારતમાં આધ્યાત્મિક જાગૃતિ અને બૌદ્ધિક ક્રાંતિનો કાળ બની ગયો.

આમ જ્યારે રાજકીય ક્ષેત્રે ગણરાજ્યોના રાજાઓના ત્રાસમાંથી છૂટવા ગણરાજ્યોની સામંતશાહીથી વિમુખ બની એકસત્તાક રાજતંત્રને અને ચક્રવર્તી રાજાને લોકો ઝંખી રહ્યા હતા, સામાજિક ક્ષેત્રે જાતિભેદે અને અર્થે સર્જાવેલી વિષમતાને દૂર કરી જાતિવિહીન અને સામ્યપ્રધાન સમાજનો આદર્શ રજૂ કરનાર સમર્થ સુધારકને લોકો ઝંખી રહ્યા હતા અને ધાર્મિક ક્ષેત્રે ઉપનિષદોએ ઉઘાડેલી આધ્યાત્મિકતાની ભૂખને મટાડે એવા અધ્યાત્મપુરુષને લોકો ઝંખી રહ્યા હતા ત્યારે બુદ્ધનો આવિર્ભાવ થયો. લોકો દુઃખમુકિત ઇચ્છતા હતા. તેમને દુઃખમુકિતનો માર્ગ દેખાડનાર સમર્થ નેતાની અત્યંત જરૂરી હતી. તે જ વખતે બુદ્ધનો જન્મ થયો.

## ટિપ્પણ

१. अंगुत्तरनिकाय ( Pali Text Society ), ભાગ ૧, પૃ. ૨૧૩, ભાગ ૪ પૃ. ૨૫૨, ૨૫૬, ૨૬૦; ललितविस्तर अध्याय ३.

૨. બુદ્ધચરિત (નવજીવન, અમદાવાદ, ૧૯૩૭), ધર્માનંદ કોસંબી, પૃ. ૧૨૭–૧૪૯

૩. खत्तियो सेट्ठो जने तस्मिं ये गोत्तपटिसारिनो । संयुत्तनिकाय ( PTS ), ભાગ ૨, પૃ. ૧૫૩, ભાગ ૨, પૃ. ૨૮૪; दीघनिकाय ( PTS ), ભાગ ૧, પૃ. ૯૯.

૪. उत्तरप्रदेश में बौद्ध धर्म का विकास, डा. नलिनाक्ष दत्त, पृ. १८

૫. એજન, પૃ. ૧૯

૬. *An Introduction to the Study of Indian History*, D. D. Kosambi, p. 157

૭. *Corporate Life in Ancient India*, R. C. Majumdar, pp. 18–19.

૮. उत्तरप्रदेश में बौद्ध धर्म का विकास, पृ. २१

૯. જુઓ *Buddhist India*, Rhys Davids.

૧૦. बृहदारण्यकोपनिषद् ४.४

૧૧. એજન, ૧.૪.૮

૧૨. छान्दोग्योपनिषद् ७.१.३

૧૩. उत्तरप्रदेश में बौद्ध धर्म का विकास, पृ. १६

૧૪. એજન, પૃ. ૧૭

૧૫. ब्रह्मजालसुत्त, दीघनिकाय.

૧૬. उत्तराध्ययनसूत्र १८/२३ તથા सूत्रकृतांगसूत्र २.२.७९

૧૭. ब्रह्मजालसुत्त

૧૮. महासिंहनादसुत्त તથા व्यवहारभाष्य, १०.२३–२५

# અધ્યાય ૩

## બુદ્ધચરિત

ઈશુ પૂર્વે છઠ્ઠી શતાબ્દી સમગ્ર વિશ્વમાં આધ્યાત્મિક નવચેતના અને વિચારક્રાન્તિ પેદા કરનાર શતાબ્દી તરીકે પ્રસિદ્ધ છે. આ કાળે ચીનમાં લાઓત્સે અને કોન્ફ્યુશ્યસ થયા, ગ્રીસમાં પાર્મેનિડીઝ અને એમ્પેડોકલીઝ થયા, ઈરાનમાં અશો જરથુશ્ત્ર થયા અને ભારતમાં બુદ્ધ અને મહાવીર થયા.

શાક્ય નામની એક ક્ષત્રિય જાતિ હતી. હાલના બિહાર પ્રદેશની ઉત્તર-પશ્ચિમે આવેલી નેપાળની તરાઈમાં તે વસતી હતી. શાક્યોનું પોતાનું ગણતંત્રીય રાજ હતું. તેની મુખ્ય નગરી હતી કપિલવસ્તુ. શાક્યોના ક્ષત્રિયકુળોના વડાઓ રાજા કહેવાતા. આ રાજાઓની સભા રાજકારભાર ચલાવતી. શાક્યોની સ્વતંત્રતા મોટે ભાગે નાશ પામી હતી. તેઓ એકસત્તાક કોશલરાજ્યને મહદંશે અધીન હતા. તેથી તેઓ પોતાને કોશલક તરીકે ઓળખાવતા[1] અને સંરક્ષણની જવાબ-દારીમાંથી મુકત બની ગયા હતા. પરિણામે ખેતીવાડીમાં જ તેઓ ખાસ ધ્યાન આપતા. શાક્યોની એક શાખા કોલિય હતી. કોલિયોની મુખ્ય વસ્તી દેવદહ-નગરમાં હતી. શાક્યો અને કોલિયો વચ્ચે રોહિણી નદીના પાણી માટે વારંવાર તકરાર થતી.

શાક્યોને પોતાના શાક્યકુળનું અભિમાન હતું. આ કારણે જ પોતે જેને તાબે હતા એવા કોશલરાજે શાક્ય કન્યા માટે માગું કર્યું ત્યારે તેને દાસીકન્યા પરણાવીને શાક્યોએ છેતર્યો હતો. કોશલકુળને શાક્યો હીન સમજતા હતા અને પોતાના કુળને શુદ્ધ તેમ જ ઉચ્ચ સમજતા હતા. આમ શાક્યોમાં કુળમદ ભારોભાર હતો.[2]

શુદ્ધોદન એક શાક્ય રાજા હતા. આદિત્ય તેમનું ગોત્ર હતું.[3] કપિલ-વસ્તુમાં તે રહેતા હતા. કપિલવસ્તુથી દેવદહનગરના માર્ગમાં આવતા લુમ્બિની ગામમાં પણ તેમની જમીન અને વાડી હતી. તે અંજન કોલિયની બે કન્યાઓને પરણેલા — એકનું નામ માયાદેવી અને બીજીનું નામ મહાપ્રજાપતિ ગૌતમી.

લગભગ ઈ. સ. પૂર્વે ૫૬૩માં માયાદેવીએ લુમ્બિની ગામના ઉદ્યાનમાં એક પુત્રને જન્મ આપ્યો. માદીકરાને કપિલવસ્તુ લાવવામાં આવ્યા. અસિતઋષિએ ભવિષ્ય ભાખ્યું કે દીકરો મહાન થશે, જગતનો ઉદ્ધારક થશે. બાળકનું નામ ગૌતમ પાડવામાં આવ્યું. બાળકના જન્મ પછી સાતમે દિવસે માયાદેવી અવસાન પામ્યા. મહાપ્રજાપતિ ગૌતમીએ તેને પેટના દીકરાની જેમ ઉછેર્યો.

કિશોરાવસ્થામાં ગૌતમ પિતાને ખેતરે જતા, જાંબુડાની શીતળ છાયામાં ધ્યાન ધરતા, સર્વ જીવો પ્રત્યે મૈત્રીની ભાવના કરતા અને ચિત્તમાં કુવિચારને પ્રવેશવા દેતા નહિ.[૪] યોગના જાણકાર ભરંડુ કાલામનો આશ્રમ કપિલવસ્તુમાં હતો. આ આશ્રમે પણ તેઓ જતા.[૫]

તેમનો યૌવનકાળ અમનચમનમાં પસાર થયો. તે અત્યંત સુકુમાર હતા. તે રેશમી વસ્ત્રો પહેરતા. તડકો લાગે નહિ માટે સેવક તેમના માથે શ્વેત છત્ર ધારતો. પિતાએ તેમના માટે સુંદર સરોવર બંધાવ્યું હતું. ત્રણ ઋતુઓમાં રહેવા માટે ત્રણ જુદા મહેલો હતા. ચોમાસામાં મહેલ બહાર પગ પણ તે મૂકતા નહિ. સ્ત્રીઓના ગાયનવાદન સાંભળવામાં વખત પસાર કરતા.[૬] એમનું લગ્ન યશોધરા સાથે થયું. યશોધરાથી એક પુત્ર થયો. તેનું નામ રાહુલ.

આમ સુખસંપત્તિનો ઉપભોગ કરવામાં કાળ પસાર થતો હતો ત્યારેય ગૌતમના સુકુમાર ચિત્તને સંસારનાં દુઃખો વ્યાકુળ કરી મૂકતા. માણસજાતને વેઠવાં પડતાં ઘડપણ, રોગ અને મૃત્યુનાં દુઃખોના વિચારો તેમને સતત આવતા. તૃષ્ણા અને અસંતોષને લીધે ઝઘડતા લોકોને જોઈને તેમને સંસારમાં નિર્ભય સ્થાન દુર્લભ જણાયું. નિર્ભય સ્થાન અને દુઃખમુકિતનો માર્ગ શોધવાની તેમને ઇચ્છા જાગી. સર્વસંગનો ત્યાગ કરી ફરતા પરિવ્રાજકોના નિર્ભય અને આનંદિત ચહેરા જોઈ તેમને લાગતું કે આ લોકો પાસે દુઃખમુકિતનો ઉપાય હોવો જોઈએ. વળી, ભરંડુ કાલામ પાસેથી તેમણે સંન્યાસ અને ધ્યાનમાર્ગ વિશે ઘણી વાતો સાંભળી હતી. ભરંડુએ પોતાના ગુરુ આલાર કાલામની વાતો પણ તેમને કરી હશે. અધુરામાં પૂરું, શાકય ગણરાજ્ય પાસે આવેલા લિચ્છવી (=વજ્જિ) ગણ-રાજ્યના રાજકુમાર વર્ધમાને થોડાં જ વર્ષો પહેલાં દુઃખમુકિતનો ઉપાય શોધવા ગૃહત્યાગ કર્યો હતો અને જ્ઞાન–ત્યાગનું બળ રાજબળ તેમ જ અર્થબળથી શ્રેષ્ઠ છે એ બતાવી આપ્યું હતું. આ ઘટના ગૌતમના ધ્યાન બહાર ન જ રહી હોય. આ બધાનું સમગ્ર પરિણામ એ આવ્યું કે ગૌતમે પણ દુઃખમુકિતના ઉપાયની શોધ માટે ગૃહત્યાગનો નિશ્ચય કર્યો. પિતા શુદ્ધોદન અને માતા મહાપ્રજાપતિ

ગૌતમીને તેમણે પોતાનો નિર્ણય જણાવ્યો. માતાપિતા રડવા લાગ્યાં. પરંતુ ગૌતમ તો ૨૯ વર્ષની ભરયુવાનીમાં માથું મુંડાવી, ભગવાં વસ્ત્ર ધારણ કરી ઘર છોડી ચાલી નીકળ્યા.[૭]

આ પ્રમાણે પ્રવ્રજ્યા લઈ તે આલાર કાલામના આશ્રમે ગયા. આલાર કાલામે તેમને ધ્યાનની સાત ભૂમિકાઓ શીખવી. પરંતુ તેટલાથી ગૌતમને સંતોષ ન થયો. તે આલાર કાલામનો આશ્રમ છોડી રુદ્રક રામપુત્રના આશ્રમે ગયા. રુદ્રકે તેમને ધ્યાનની આઠમી ભૂમિકા શીખવી. અત્યાર સુધીમાં ગૌતમે આધ્યાત્મિક માર્ગે સારી પ્રગતિ કરી હતી. તેમણે કાયાનાં દુષ્કર્મો છોડી દીધાં હતાં, વાણીનું દુર્વર્તન ત્યજી દીધું હતું અને યોગ્ય રીતે મેળવેલી ભિક્ષાથી જ ઉદરનિર્વાહ ચલાવતા હતા. પરંતુ તેમને સંપૂર્ણ દુ:ખમુક્તિનો ઉપાય જડ્યો ન હતો. તેમને તો સંપૂર્ણ દુ:ખમુક્તિને પરિણામે પ્રાપ્ત થતી પરમ શાન્તિ જોઈતી હતી, જે હજુ સુધી તેમને મળી ન હતી. એટલે તે ઉપાય અને તે શાંતિ મેળવવા માટે રુદ્રકના આશ્રમમાંથી પાંચ ભદ્રવર્ગીય ભિક્ષુઓ સાથે તે ચાલી નીકળ્યા અને રાજગૃહ ગયા, કારણ કે તેમને લાગ્યું કે ત્યાં શ્રમણો પાસેથી મને ખરું જ્ઞાન લાધશે. ગૌતમે ત્યાં જઈ શ્રમણોની તપશ્ચર્યા નિહાળી. તપ દ્વારા પરમ શાંતિ મેળવવાનો તેમણે નિશ્ચય કર્યો. મગધરાજ બિંબિસાર તેમને જોઈ પ્રભાવિત થયા અને તેમને મળવા ગયા. તેમણે ગૌતમને સંન્યાસ છોડી ક્ષત્રિયધર્મ સ્વીકારવા સમજાવ્યા. પરંતુ ગૌતમ ચલિત ન થયા. તેમણે મગધરાજને કહ્યું કે કામભોગમાં મને દોષ દેખાયો છે એટલે હું પરિવ્રાજક થયો છું, તપશ્ચર્યા માટે હું જાઉં છું, મારું મન એમાં રમે છે. પછી તપ કરવા માટે યોગ્ય સ્થાન શોધતા શોધતા તે ઉરુવેલા પહોંચ્યા. તે સ્થાન રમણીય હતું. ત્યાં સુંદર વન હતું, નેરંજરા નદી મંદ મંદ વહેતી હતી, નદીની બંને બાજુ શ્વેત રેતીના પટ હતા, ઉતાર સહેલો હતો. અરણ્યની ચારે બાજુ ભિક્ષાટન માટે ગામ હતાં. તેથી તપ માટે તેમને આ સ્થાન અનુકૂળ જણાયું. ત્યાં તેમણે તપ શરૂ કર્યું. તેમણે શ્વાસોચ્છ્વાસ રોકવા માંડ્યા. પરિણામે તેમને માથામાં તેમ જ પેટમાં પીડા થવા લાગી અને શરીરે બળતરા થવા લાગી. છતાં તેમનો ઉત્સાહ ઓસર્યો નહિ. પછી તેમણે ખોરાક ઓછો કરવાનો નિશ્ચય કર્યો. મગનું કે કળથીનું પાણી પી રહેવા લાગ્યા. શરીર અત્યંત કૃશ થઈ ગયું. ભાંગેલા ઘરની વળીઓની જેમ પાંસળીઓ ખખડી ગઈ. ઊંડા કૂવાના પાણીમાં તારાઓના પડેલા પ્રતિબિંબ જેવી કીકીઓ દેખાવા લાગી. કડવું કોળું કાપી તડકામાં રાખતાં જેમ તે કરમાઈ જાય તેમ શરીર કરમાઈ ગયું. પીઠ અને પેટ એક થઈ ગયાં. પરંતુ આવા ઘોર તપ દ્વારા પણ તેમને પરમ

શાંતિ ન મળી. તપથી ચિત્તના મળો દૂર ન થતાં તેમને તપની નિરર્થકતા સમજાઈ. તેમણે ફરી ધ્યાનમાર્ગ તરફ વળવાનો નિશ્ચય કર્યો. ધ્યાનમાં પણ ચિત્તને અને સમગ્ર જગતને મૈત્રીથી ભરી દેનારું ધ્યાન જ તેમને સાચો પરમ શાંતિનો ઉપાય લાગ્યો. દેહદંડના માર્ગની સમાજમાં પ્રતિષ્ઠા હતી. તેને છોડી દે તો લોકો હીણું બોલે. પરંતુ ગૌતમે તેની પરવા કરી નહિ. તેમણે ઘોર તપનો માર્ગ છોડી દીધો. પરિણામે પેલા પાંચ ભદ્રવર્ગીય ભિક્ષુઓ તેમને છોડી ચાલ્યા ગયા.[૮]

કામ, દ્વેષ અને હિંસા ચિત્તમળો છે. તેમનો નાશ કરી નિષ્કામતા, મૈત્રી અને અહિંસાનો વિકાસ કરવા તેમણે ચિત્તને કેળવવા માંડ્યું. તેમણે વિચારોના બે વિભાગ કર્યા — કામના વિચારો, દ્વેષના વિચારો તથા હિંસાના વિચારોનો એક વિભાગ અને નિષ્કામતાના વિચારો, મૈત્રીના વિચારો તથા અહિંસાના વિચારોનો બીજો વિભાગ. પાકથી લહેરાતાં ખેતરોમાં પેસી ઢોરો પાકનો નાશ ન કરી નાખે તે માટે જેમ ગોવાળ અત્યંત સાવધાનીથી રખેવાળી કરે છે તેમ તે પણ પહેલા વિભાગના વિચારો ચિત્તમાં ન પ્રવેશે તે માટે અત્યંત સાવધાનીથી રખેવાળી કરતા. પહેલા વિભાગનો વિચાર ચિત્તમાં ઊઠે તો તેના દોષોનું ચિંતન કરી તેને ચિત્તમાંથી હાંકી કાઢતા. જ્યારે બીજા વિભાગનો વિચાર ચિત્તમાં ઊઠતો ત્યારે તેના લાભનું ચિંતન તે કરતા. પરંતુ તે વિચાર ઉપર બહુ ચિંતન કરવાથી દેહ અને ચિત્ત થાકી જાય નહિ તે ખાતર જેમ ગોવાળ પાકવિહીન ખેતરમાં પોતાના ઢોરોને ખુશીથી છૂટા મૂકી દે છે તેમ તે પણ તે વિચારો કુશળ છે એટલી ખાત્રી કરી તેમને નિર્બાધપણે વિચરવા દેતા.[૯]

કામ, દ્વેષ અને હિંસાનો નાશ કરવા અને નિષ્કામતા, મૈત્રી અને અહિંસાનો વિકાસ કરવા ગૌતમે દૃઢ પ્રયત્નો કરવા માંડ્યા. પરંતુ સાથે સાથે તેમને લાગ્યું કે નિર્ભયતા વિના તત્ત્વબોધ થવો કઠિન છે. તેથી તેમણે નિર્ભયતા કેળવવા માટે પણ સઘન પ્રયાસો કર્યા. ભયને તેમણે ભૈરવરૂપે કલ્પ્યો. ભયભૈરવનો નાશ કરવા માટે તે ભયાનક કાળે ભયાનક સ્થળે રહેવા લાગ્યા. અમાસની કાજળકાળી રાતે જંગલ, બલિસ્થાન, ખંડેર આદિ સ્થાને તે જતા અને રહેતા. મોર સૂકી સાંઠી નીચે નાખે ને ખખડાટ થાય કે ઝાડનાં પાન વાયરાથી હાલે ને અવાજ થાય ત્યારે ભયભૈરવ આવતો. પરંતુ ગૌતમ તો પોતે જે સ્થિતિમાં હોય તે જ સ્થિતિમાં તે ભયભૈરવનો મક્કમતાથી સામનો કરતા અને તેને ભગાડી મૂકતાં[૧૦].

કુશળ વિચારના અધિક ચિંતનથી ચિત્ત થાકી જાય ત્યારે ચિત્તને એક ખીલે બાંધી રાખવા માટે કે અકુશળ વિચાર ચિત્તમાં ઊઠે નહિ તે ખાતર તેને અન્ય સ્થાને રોકી રાખવા માટે ગૌતમ શ્વાસોચ્છ્વાસ ઉપર ચિત્તને કેન્દ્રિત કરતા. એકાંત જગ્યાએ આસન વાળી બેસી જતા અને દીર્ઘ શ્વાસ લેતા હોય ત્યારે હું દીર્ઘ શ્વાસ લઉં છું એમ જાણતા, દીર્ઘ શ્વાસ મૂકતા હોય ત્યારે હું દીર્ઘ શ્વાસ મૂકું છું એમ જાણતા, ટૂંકો શ્વાસ લેતા હોય ત્યારે હું ટૂંકો શ્વાસ લઉં છું એમ જાણતા, ઇત્યાદિ. પરિણામે તેમનું ચિત્ત થાકતું નહિ અને પાપી વિચારોથી મુક્ત રહેતું. આને ગૌતમે આનાપાનસ્મૃતિ કહી છે[૧૧].

ધ્યાનમાર્ગમાં માર સાથે સંગ્રામ ખેલવો પડે છે. ગૌતમે અપ્રમત્તપણે આવો સંગ્રામ ખેલવા માંડ્યો. માર તૃષ્ણા અને ચિત્તગત દુર્વૃત્તિઓનું પ્રતીક છે. ગૌતમ સતત જાગ્રત રહ્યા—રખેને દુર્વૃત્તિ ચિત્તમાં પ્રવેશી જાય. સતત જાગ્રત રહીને અને ધ્યાન કરીને તેમણે ચિત્તની બધી દુર્વૃત્તિઓ અને કુવાસના-ઓનો નાશ કરવા માંડ્યો[૧૨].

વૈશાખી પૂર્ણિમા હતી. સુજાતા નામે એક કુલીન કન્યાએ ગૌતમને ભિક્ષામાં ખીર આપી. નેરંજરા નદીને તીરે ખીરનું ભોજન કરી તે પીપળાના વૃક્ષ નીચે ગયા. ત્યાં ધ્યાન ધર્યું. માર સાથે યુદ્ધ શરૂ થયું. મારનો સંપૂર્ણ પરાજય થયો. ચિત્ત નર્મળ થયું. રાતનો સમય હતો. ગૌતમને પરમ જ્ઞાન (સંબોધિ) થયું. તે બુદ્ધ બન્યા. તેમને પરમ શાન્તિનો લાભ થયો. સાત દિવસ સુધી વિમુક્તિના સુખને અનુભવતા એ જ સ્થાને તે બેસી રહ્યા. સાતમી રાત્રિના છેલ્લા પ્રહરે તેમણે ઉદ્‌ગાર કાઢ્યા કે ધર્મજ્ઞાનનો જ્યારે સાક્ષાત્કાર થાય છે ત્યારે મારની સેનાનો ધ્વંસ થઈ જાય છે અને તે પરમ જ્ઞાન સૂર્યની જેમ પ્રકાશે છે. આ વખતે તેમની ઉંમર છત્રીસ વર્ષની હતી.[૧૩]

સંબોધિની પ્રાપ્તિ પછી ગૌતમને લાગ્યું કે મેં શોધેલો માર્ગ લોકપ્રવાહથી ઊલટો જનારો છે, ગંભીર છે, સૂક્ષ્મ છે, તેને અજ્ઞાની અને કામાસક્ત લોકો નહિ સમજી શકે, તેનો ઉપદેશ લોકોને આપવો વ્યર્થ છે. પરંતુ તરત જ તેમનામાં કરુણા, મૈત્રી, મુદિતા અને ઉપેક્ષાની ભાવનાઓ જાગી. લોકોને દુઃખથી પીડાતા જોઈ કરુણા જાગી અને તેમને દુઃખમુક્ત થવાનો માર્ગ બતાવવા સંકલ્પ કર્યો. સર્વ જીવો પ્રત્યેની મૈત્રીએ એ સંકલ્પને દૃઢ કર્યો. જો કોઈ માર્ગને ગ્રહણ કરશે તો તેનાથી પોતે મોદ પામશે અને જો કોઈ માર્ગને ગ્રહણ નહિ કરે તો પોતે ઉપેક્ષા—ઉદાસીનતા સેવશે એવું તેમણે નક્કી કર્યું. આમ પોતે શોધેલા

દુ:ખમુક્તિના માર્ગનો લોકકલ્યાણાર્થે ઉપદેશ આપવાનો તેમણે નિશ્ચય કર્યો. પોતાના પૂર્વગુરુઓ આલાર કાલામ અને રુદ્રક રામપુત્ર પોતાના નવીન ધર્મમાર્ગને સમજવા સમર્થ છે એમ તેમને લાગ્યું. પરંતુ તેમને ખબર મળી કે તે બંનેનું મૃત્યુ થયું છે. તેથી પોતાના અભિનવ ધર્મમાર્ગનો ઉપદેશ પહેલવહેલો પોતાને છોડી ચાલ્યા ગયેલા પેલા પાંચ ભિક્ષુઓને દેવાનો તેમણે નિર્ણય કર્યો. તે ભિક્ષુઓ તે વખતે વારાણસી પાસે ઋષિપત્તનમાં (સારનાથમાં) હતા. તે ત્યાં જવા માટે નીકળ્યા. રસ્તામાં તેમને ઉપક આજીવક મળ્યો. બુદ્ધે તેને કહ્યું કે મને તત્ત્વબોધ થયો છે. 'થયો હશે' એમ કહી ઉપેક્ષા કરી ઉપક તો પોતાને રસ્તે પડ્યો. બુદ્ધ ઋષિપત્તન પહોંચ્યા. પેલા ભિક્ષુઓએ બુદ્ધનો આદર નહિ કરવાનો નિશ્ચય કર્યો. પરંતુ જેવા બુદ્ધ તેમની પાસે ગયા કે તેમનો નિશ્ચય ટકી શક્યો નહિ. તેમણે બુદ્ધનો આદર કર્યો. બુદ્ધે તેમને કહ્યું કે પોતાને ધર્મમાર્ગ જડ્યો છે. આ સાંભળી ભિક્ષુઓએ બુદ્ધને સંભળાવ્યું, 'તમે તો તપથી ભ્રષ્ટ થઈ ખાવાપીવા તરફ વળ્યા છો, તમને કેવી રીતે ધર્મનો સાક્ષાત્કાર થાય ?' બુદ્ધે તેમને શાંતિથી કહ્યું, 'હું તમારી આગળ કદી અસત્ય બોલ્યો છું? મેં કદી બડાઈ હાંકી છે?' આ શબ્દોએ ભિક્ષુઓ ઉપર અસર કરી. તેઓ બુદ્ધનો નૂતન ધર્મમાર્ગ શો છે તે જાણવા તત્પર થઈ ગયા. બુદ્ધે તેમને ઉપદેશ આપ્યો. આ ઉપદેશને ધર્મચક્રપ્રવર્તન કહે છે.[૧૪] આ ઉપદેશ સાંભળી તે ભિક્ષુઓ બુદ્ધના શિષ્ય બન્યા. પછી તો બુદ્ધે પોતાની ઉપદેશગંગા જનતા માટે વહાવી. અનેક સ્ત્રીપુરુષો ભિક્ષુભિક્ષુણી બન્યા. સમૃદ્ધ શ્રેષ્ઠીઓ, ક્ષત્રિયો અને રાજારાણીઓ બૌદ્ધ ધર્મના ઉપાસકો બન્યા.

સંબોધિલાભ પછી ૮૦ વર્ષની આયુ સુધી બુદ્ધ કોશલ, મગધ અને એમના પાડોશી ગણરાજ્યોમાં સદ્ધર્મનો પ્રચાર કરતા રહ્યા. ચોમાસાના ચાર મહિના એક જ નગર કે ગ્રામમાં રહેતા પરંતુ બાકીના આઠ મહિના તેઓ પર્યટન કરી ધર્મપ્રચાર કરતા. સૌથી વધારે એમનો વાસ શ્રાવસ્તિમાં થયો, એના પછી રાજગૃહ, વૈશાલી અને કપિલવસ્તુમાં. પેલા પાંચ ભિક્ષુઓ પછી તરત જ કાશીનો શ્રેષ્ઠિપુત્ર યશ ગૃહત્યાગ કરી બુદ્ધને શરણે આવ્યો. પરિણામે, યશના સંબંધીઓ અને મિત્રો પણ બુદ્ધને શરણે આવ્યા. આમ કાશીમાં અનેક બુદ્ધો-પાસકો અને ભિક્ષુઓ બન્યા. બુદ્ધે ભિક્ષુઓને વિવિધ દિશાઓમાં લોકભાષા દ્વારા સદ્ધર્મનો પ્રચાર કરવા મોકલ્યા અને પોતે ઉરુવેલા ભણી ચાલી નીકળ્યા. માર્ગમાં એમણે ત્રીસ ભદ્રવર્ગીય કુમારોને ધર્મદેશના સંભળાવી. ઉરુવેલામાં એમણે ત્રણ જટિલ કાશ્યપોને અને એમના એક હજાર શિષ્યોને ઉપદેશ દ્વારા સદ્ધર્મમાં

પ્રવેશ કરવા પ્રેર્યા. ઉરુવેલાથી બુદ્ધ રાજગૃહ ગયા. ત્યાં મગધરાજ બિંબિસારને તેમણે ધર્મનો ઉપદેશ આપ્યો. બિંબિસારને તેમનામાં શ્રદ્ધા જાગી હતી. તેમણે સંઘને વેણુવન દાનમાં આપ્યું. રાજગૃહમાં સંજય પરિવ્રાજકનો આશ્રમ હતો. શારિપુત્ર અને મૌદ્ગલ્યાયન તેના પ્રમુખ શિષ્યો હતા. શારિપુત્ર રાજગૃહમાં બૌદ્ધ ભિક્ષુ અશ્વજિત્‌ના સંપર્કમાં આવ્યો. તે બુદ્ધના વિચારોથી પ્રભાવિત થયો. તે તેના મિત્ર મૌદ્ગલ્યાયન સાથે બુદ્ધનો શિષ્ય બન્યો. મગધમાં બુદ્ધના ઉપદેશની ખૂબ અસર થઈ. પોતાના પિતા બિંબિસારને મારી ગાદીએ આવનાર અજાતશત્રુ પહેલાં બુદ્ધને અનુકૂળ ન હતો પરંતુ બૌદ્ધ અનુશ્રુતિ અનુસાર પછીથી બુદ્ધ પાસેથી શ્રામણ્યફલસૂત્ર સાંભળીને તેનું હૃદયપરિવર્તન થયું હતું[૧૫].

કોશલરાજ પ્રસેનજિત્ બુદ્ધના અનુયાયી બન્યા હતા. તેમની રાણી મલ્લિકાને બુદ્ધમાં અપાર શ્રદ્ધા હતી. તેથી રાજકુળમાંથી સદ્ધર્મના અનુયાયી વધારે ને વધારે બનવા લાગ્યા. શ્રેષ્ઠીઓમાં કરોડાધિપતિ અનાથપિંડિક બુદ્ધોપાસક બન્યા. તેણે સંઘને જેતવનવિહારનું દાન કર્યું. વિશાખા બુદ્ધોપાસિકા બની. તેણે પુબ્બારામ–મિગારમાતુપાસાદનું સંઘને દાન કર્યું. કોશલના અનેક પ્રભાવશાળી સમૃદ્ધ બ્રાહ્મણોએ પણ બુદ્ધનું શરણ સ્વીકાર્યું. કોશલના આ બ્રાહ્મણોમાં અગ્નિક ભારદ્વાજ, પુષ્કરસાદી, ધાનંજનિ વગેરે પ્રમુખ હતા. શ્રાવસ્તી આજીવકોનું કેન્દ્ર હતી. ત્યાંના પરિવ્રાજકોમાંથી પણ કેટલાકે સદ્ધર્મનો સ્વીકાર કર્યો.[૧૬]

શાક્યો પહેલાં તો બુદ્ધ પ્રતિ અનુકૂળ ન હતા. પરંતુ કહેવાય છે કે પછીથી બુદ્ધનો ચોતરફ પ્રભાવ દેખી તેમની દષ્ટિ બદલાઈ. રાહુલની પ્રવ્રજ્યાનો ઉલ્લેખ વિનયપિટકમાં મળે છે. આનંદની વિનંતી માન્ય રાખી જે પ્રથમ સ્રીને પ્રવ્રજ્યા આપી બુધ્ધે સંઘમાં દાખલ કરી તે મહાપ્રજાપતિ ગૌતમી.[૧૭]

વજ્જિગણરાજ્યનું મુખ્ય નગર વૈશાલી નિર્ગ્રંથોનું કેન્દ્ર હતી. વજ્જિઓમાં (= લિચ્છવીઓમાં) નિર્ગ્રંથ મહાવીરનો પ્રભાવ ખૂબ હતો. તેથી અહીં બુદ્ધનો પ્રભાવ સીમિત રહ્યો. બુદ્ધ પોતે વજ્જિગણરાજ્યના ભારે પ્રશંસક હતા અને સંભવ છે કે એમના ભિક્ષુસંઘનું સંગઠન આ ગણરાજ્યના આદર્શ પર રચાયું હોય. નિર્ગ્રંથ ઉપાસક લિચ્છવી સિંહ સેનાપતિને પોતાનો અનુયાયી બનાવવો એ બુદ્ધનો મોટો ધર્મવિજય હતો.[૧૮]

અનેક ભર્ગો, કોલિયો અને મલ્લોએ પણ સદ્ધર્મને સ્વીકાર્યો. ભર્ગોમાં અભયકુમાર અને નકુલના માતાપિતા બુદ્ધોપાસક તરીકે પ્રસિદ્ધ છે. કોલિયોમાં

સુપ્પાવાસા ઉપાસિકા તરીકે પ્રસિદ્ધ છે. અને મલ્લોમાં દર્વ અને કર્મારપુત્ર ચુંદ બુદ્ધોપાસક તરીકે પ્રસિદ્ધ છે.[૧૯]

બુદ્ધ કેવળ ઉચ્ચ વર્ગના લોકોને ધર્મબોધ કરતા ન હતા. તેમણે અનેક હીન જાતિના ગણાતા લોકોને પણ ઉપદેશ કર્યો હતો. તેમનો ધર્મ બધા જ લોકોને માટે હતો. તેમણે ભિક્ષુકોને કહ્યું હતું કે હે ભિક્ષુઓ, બહુજનોનું હિત કરવા, બહુજનોને સુખી કરવા અને બહુજનોનું કલ્યાણ કરવા તમે ધર્મોપદેશમાં લાગી જાવ. કર્મારપુત્ર ચુંદ, ગણિકા આમ્રપાલી અને અંગુલિમાલ લૂટારા જેવા અસંખ્ય લોકો બુદ્ધને શરણે આવ્યા હતા. સદ્ધર્મનું ગ્રહણ કરવાનો અને સંઘમાં પ્રવેશી સાધના કરવાનો સૌને સરખો અધિકાર છે એમ બુદ્ધ માનતા હતા.

દીઘનિકાયની બુદ્ધઘોષકૃત અટ્ઠકથા સુમંગલવિલાસિનીમાં બુદ્ધની દિનચર્યા આપી છે. બુદ્ધ પ્રાતઃકાળે ઊઠી મોં ધોઈ શરીરશુદ્ધિના કામો પતાવી ભિક્ષાના સમય સુધી એકાંતમાં ધ્યાન ધરતા અથવા વિહારની બહાર ચંક્રમણ કરતા (શાંત ચિત્તે આંટા મારતા). પછી ચીવર પહેરી કોઈ વાર એકલા તો કોઈ વાર ભિક્ષુસંઘ સાથે ભિક્ષા માગવા ગામ અથવા નગરમાં જતા. ત્યાં કોઈ મળે અને પ્રશ્ન પૂછે તો તેને તેઓ સમાધાનકારી ઉત્તર આપતા અને પછી ધર્મોપદેશ કરતા. કૃષિભારદ્વાજ, શૃગાલ, વગેરેને તેમણે આવે વખતે ઉપદેશ આપી સન્માર્ગે વાળ્યા હતા. ભિક્ષાપાત્રમાં રાંધેલા અન્નની જે ભિક્ષા મળતી તે લઈ તે વિહારે પાછા ફરતા અને બપોરના બાર વાગ્યા પહેલાં ભોજન કરતા. કોઈ કોઈ વાર શ્રદ્ધાળુઓ તેમને ભિક્ષુસંઘ સાથે નિમંત્રણ આપતા અને ભોજન કરાવતા. આવા ભોજન પછી તેઓ ધર્મોપદેશ કરતા અને ત્યાર બાદ વિહારે પાછા ફરતા. ભોજન બાદ વિહારમાં ભિક્ષુઓને અપ્રમાદી બનવા અને યોગ્ય કર્મ કરવા તેઓ પ્રેરતા. પછી તેઓ વિહારમાં મુહૂર્ત જેટલો કાળ આરામ કરતા. આરામ પછી દર્શનાર્થે આવેલા લોકોની સમક્ષ તેઓ ધર્મપ્રવચન કરતા. સાંજે સ્નાન કરી તેઓ ધ્યાન ધરતા અથવા ચંક્રમણ કરતા. પછી તેઓ ભિક્ષુઓની મુશ્કેલીઓ સાંભળતા અને ઉકેલતા. આ રીતે રાત્રિના એકબે કલાક પસાર થતા. વળી પાછા તે એકબે કલાક ધ્યાન અથવા ચંક્રમણમાં ગાળતા. ત્યાર બાદ મધ્યરાત્રિએ જમણે પડખે પગ પર પગ મૂકી, હાથનું ઓશીકું કરી સૂઈ જતા. તેમની સૂવાની આ પદ્ધતિને 'સિંહશય્યા' કહેવામાં આવે છે. તેઓ જ્યારે ચોમાસા સિવાય આઠ માસ પર્યટન કરતા ત્યારે તેમની સાથે મોટો ભિક્ષુસમૂહ રહેતો. તે સવારે એક ગામમાં ભિક્ષા લેતા અને રાતવાસો બીજા ગામમાં કરતા. જ્યાં વિહાર ન હોય

ત્યાં વૃક્ષ નીચે કે ઉદ્યાનમાં રહેતા. ધ્યાન અને ધર્મોપદેશ તો નિયત ક્રમે કરતા જ રહેતા. આ દર્શાવે છે કે બુદ્ધની દિનચર્યામાં ધ્યાન અને ધર્મોપદેશ આ બે જ બાબતો મુખ્ય હતી.

બુદ્ધના વ્યકિતત્વને ઉપસાવતા કેટલાક પ્રેરક પ્રસંગોને આપણે યાદ કરીએ. એક વાર બુદ્ધ વૈશાલી આવ્યા. તે વખતે વૈશાલીનો એક વણકર ભિક્ષુઓ માટે એક મકાન બાંધતો હતો. પરંતુ મકાન બાંધવાની કળા તે જાણતો ન હતો. એટલે એ મકાન પૂરું થાય એ પહેલાં ત્રણ વાર પડી ગયું. કોઈ એને સલાહ—મદદ દેતું ન હતું. બુદ્ધને જ્યારે આ વણકરની પરેશાનીની ખબર પડી ત્યારે તેમણે ભિક્ષુઓને મદદ કરવા મોકલ્યા. ભિક્ષુઓની મદદથી તે સફળ થયો.[૨૦]

એક દિવસ બુદ્ધ આનંદ સાથે ફરતા હતા. એવામાં તેમણે એક ભિક્ષુને પોતાના મળથી લેપાયેલો અસહાય પડેલો દીઠો. ભિક્ષુને ઝાડા થઈ ગયા હતા. બુદ્ધે તેની ખબર અંતર પૂછી. તેમણે આનંદને પાણી લાવવા કહ્યું. આનંદ પાણી લઈ આવ્યા. બુદ્ધે અને આનંદે પાણી વડે તેને સાફ કરીને હળવેકથી ઊચકી પથારીમાં બરાબર સૂવાડ્યો.[૨૧]

લિચ્છવીઓના સેનાપતિ સિંહ નિર્ગ્રંથોના (જૈન સાધુઓના) અનુયાયી હતા. તેમનો ખજાનો નિર્ગ્રંથો માટે સાર્વજનિક કૂવાની જેમ સદા ખુલ્લો રહેતો. બુદ્ધની પ્રશંસા સાંભળી તે બુદ્ધને મળવા ગયા. બુદ્ધના ઉપદેશથી તે પ્રભાવિત થયા. તે બુદ્ધના ઉપાસક બની ગયા. આ વખતે બુદ્ધે તેમને કહ્યું, "સિંહ ! તમારું કુળ દીર્ઘ કાળથી નિર્ગ્રંથો માટે પરબ જેવું રહ્યું છે. એમને પણ દાન તમે અવશ્ય આપતા રહેજો." આ સાંભળી સિંહ ખુશ થઈ બોલી ઊઠ્યા, "ભન્તે ! આપ તો મને નિર્ગ્રંથોને પણ દાન આપવાનું કહો છો. આપ કેટલા ઉદાર છો !"[૨૨]

રાજગૃહના એક શેઠે કિંમતી ચંદનનું પાત્ર બનાવડાવી એક વાંસ પર ટીંગાડાવ્યું અને વાંસને આંગણામાં રોપ્યો. પછી તેમણે જાહેર કર્યું કે જેની પાસે ચમત્કારિક શકિત હોય તે ઊડીને આ પાત્ર લઈ લે. બુદ્ધના શિષ્ય પિંડોળ ભારદ્વાજે આ સાંભળ્યું. તેમણે ઊડીને પાત્ર લઈ લીધું. બુદ્ધના કાને આ વાત આવી. તેમને તે ન ગમ્યું. તેમણે પાત્ર તોડાવી નાખ્યું અને ભિક્ષુઓએ પોતાની ચમત્કારિક શકિતઓનું પ્રદર્શન ન કરવું જોઈએ એમ સ્પષ્ટ આદેશ આપ્યો.[૨૩]

માગંદિયા કુરુદેશના બ્રાહ્મણની રૂપવાન કન્યા હતી. એના પિતાએ એનું પાણિગ્રહણ કરવા બુદ્ધને વિનંતી કરી. બુદ્ધે કહ્યું, "મનુષ્યના નાશવંત શરીર

ઉપરથી મારો મોહ છૂટી ગયો છે. મેં ઘર છોડયું છે. પરણવામાં મને કશો આનંદ જણાતો નથી. હું તમારી કન્યાનો સ્વીકાર કેમ કરી શકું ?" પોતાના જેવી રૂપાળી કન્યાનો બુધ્ધે અસ્વીકાર કર્યો તેથી માગંદિયાનો રૂપમદ જાગી ઊઠયો. બુદ્ધ પર વેર લેવા તેણે નિશ્ચય કર્યો. વખત જતાં તે કૌશાંબીના રાજા ઉદયનની રાણી બની. બુદ્ધ એક વાર કૌશાંબી આવ્યા. રાણીએ પૈસા આપી લફંગાઓને રોકયા. બુદ્ધ અને તેમના શિષ્યો જ્યાં જતા ત્યાં તેઓ તેમના ઉપર ગાળો વરસાવતા. અનંદે બુદ્ધને શહેર છોડી જવા વિનંતી કરી. બુધ્ધે કહ્યું, " હે આનંદ ! બીજે ગામ પણ આમ થશે તો શું કરીશું ?" આનંદે કહ્યું, " ત્રીજે ગામ જઈશું." બુધ્ધે કહ્યું, " હે આનંદ ! જો આપણે ડરીને નાસભાગ કરીશું તો ક્લેશ પામીશું અને ચિત્ત અપ્રસન્ન રહેશે. એથી ઊલટું જો આપણે કૌશાંબીના લોકોના અપશબ્દો સહન કરી લઈશું તો આપણે ડરીને બીજે જવાની જરૂર નહિ રહે અને લોકો પોતાની મેળે જ આઠદસ દિવસે અપશબ્દો બોલતા બંધ થઈ જશે."[૨૪]

બુદ્ધ એક વાર શિષ્યો સાથે પગે ચાલી ગામતરું કરી રહ્યા હતા. તેમની પાછળ સુપ્રિય પરિવ્રાજક પોતાના શિષ્ય બ્રહ્મદત્ત સાથે ચાલતા હતા. ગુરુશિષ્ય બુદ્ધ વિશે વાતો કરતા હતા. ગુરુ બુદ્ધની નિંદા કરતા હતા અને શિષ્ય બુદ્ધની પ્રશંસા કરતો હતો. બુદ્ધે પોતાના શિષ્યો સાથે એક ગામમાં રાતવાસો કર્યો. સવારે ભિક્ષુઓ પ્રાતઃકર્મથી પરવારી પેલા ગુરુશિષ્યના સંવાદ વિશે ચર્ચા કરતા હતા. એટલામાં બુદ્ધ ત્યાં આવ્યા. તેમણે પૂછ્યું, "શી વાતો ચાલે છે?" ભિક્ષુઓએ કહ્યું કે સુપ્રિય પરિવ્રાજક આપની નિંદા કરે છે તે વિશે. બુદ્ધે કહ્યું," હે ભિક્ષુઓ ! જો કોઈ મારી કે આપણા ધર્મની કે આપણા સંઘની નિંદા કરે તો તમારે ન તો તેની સાથે વેર કરવું જોઈએ, ન તો તેના ઉપર ક્રોધ કરવો જોઈએ, ન તો તમારે વ્યાકુળ થવું જોઈએ. તેની સાથે વેર કરવાથી, તેના ઉપર ક્રોધ કરવાથી કે વ્યાકુળ થવાથી તો મારી, આપણા ધર્મની અને આપણા સંઘની ત્રણેયની હાનિ થાય."[૨૫]

ઉદયનની એક રાણી વાસવદત્તા હતી. તેના પુત્ર બોધિરાજકુમારે એક મહેલ બંધાવ્યો. આ મહેલના ગૃહપ્રવેશ વખતે બુદ્ધનાં પગલાં કરાવવાની તેને ઈચ્છા થઈ. તેણે બુદ્ધને વિનંતી કરી. બુદ્ધે તે સ્વીકારી. બોધિરાજકુમારે મહેલની અંદર અને સીડીઓ ઉપર બુદ્ધના માટે કીમતી જાજમો બિછાવડાવી. બુદ્ધ આવ્યા. તેમણે જાજમો ઉપર પગ માંડવાનો પ્રેમપૂર્વક ઈનકાર કર્યો."[૨૬] રાજાઓ અને શ્રેષ્ઠીઓના પ્રેમને વશ થઈ તેમનાં નિમંત્રણ તે સ્વીકારતા પરંતુ વિલાસિતાને

પોષે એવી બાબતો સ્વીકારવાનો તે પ્રેમપૂર્વક ઈનકાર કરતા. આવો હતો તેમનો પ્રેમ અને વિવેકનો સમન્વય.

બુદ્ધ શ્રાવસ્તીમાં હતા. તે વખતે શ્રાવસ્તીની આસપાસના ગામોમાં અંગુલિમાલ નામના લૂટારાએ હાહાકાર મચાવી દીધો. તેણે ગામો ઉજ્જડ કરી મૂકયા. તે લોકોનાં ખૂન કરતો. એમની આંગળીઓની માળાઓ બનાવી ગળામાં પહેરતો. બુદ્ધે તેને દાનવમાંથી માનવ બનાવવાનો નિશ્ચય કર્યો. તે તેને મળવા જવા તૈયાર થયા. લોકોએ તેમને વાર્યા અને કહ્યું કે તે આપના પ્રાણ લઈ લેશે. પરંતુ આ તો બુદ્ધ હતા. તેમને પોતાનામાં અને પોતાના ધર્મમાં અવિચળ વિશ્વાસ હતો. લોકોની ન જવા માટેની વિનવણીઓ છતાં બુદ્ધ તો ભયંકર ડાકૂને મળવા સ્થિર ડગલે આગળ વધ્યા. અંગુલિમાલે તેમને દૂરથી દેખ્યા. તેને આશ્ચર્ય થયું. એકલું કોઈ આ બાજુ આવવાની હિંમત કરતું નથી અને આ શ્રમણ તો એકલો ચાલ્યો આવે છે, તેને કોઈ ભય નથી, ખરો છે. તેણે બુદ્ધને પડકાર્યા અને સ્થિર ઊભા રહેવા જણાવ્યું. બુદ્ધ તો તેના ભણી ચાલતા જ રહ્યા અને તેને ઉદ્દેશી બોલ્યા, "હે અંગુલિમાલ! હું તો સ્થિર જ છું, તું સ્થિર થા." અંગુલિમાલે પૂછ્યું, "હે શ્રમણ! તમે ચાલ્યા જ આવો છો છતાં તમે તો કહો છો કે હું સ્થિર છું, જ્યારે હું અહીં સ્થિર ઊભો છું છતાં તમે મને કહો છો કે તું સ્થિર થા. તમારી વાત સમજાતી નથી." બુદ્ધ બોલ્યા, "હે અંગુલિમાલ! મને પ્રાણીમાત્ર પ્રત્યે મૈત્રી છે, પ્રેમ છે. તેથી મારું ચિત્ત સ્થિર છે, મને કોઈ ભય નથી. પરંતુ તારામાં દયા નથી, પ્રેમ નથી. તારામાં દ્વેષ ભરેલો છે. તેથી તારું ચિત્ત સ્થિર નથી, શાંત નથી." તેજીને ટકોર બસ છે. બુદ્ધનાં વચનોથી તેનો હૃદયપલટો થયો. તેણે તલવાર ફગાવી દીધી. તે બુદ્ધનાં ચરણોમાં પડ્યો. તે ભિક્ષુ બન્યો. હવે તે અરણ્યમાં રહેતો, ભિક્ષા પર જ નિર્વાહ કરતો, ચિંદરડાં ભેગાં કરી સાંધી પહેરતો. એક વાર તે ભિક્ષા માટે ફરતો હતો ત્યારે તેણે એક બાઈને ગર્ભવેદનાથી પીડાતી દેખી. તેને ખૂબ દયા આવી. બુદ્ધ પાસે આવી તેણે આ વાત કહી. બુદ્ધે તેને કહ્યું, "તું તે સ્ત્રી પાસે જઈ બોલજે કે જન્મથી માંડી મેં જાણી જોઈને કોઈ પ્રાણીની હિંસા કરી નથી, સૌનું સુખ ઈચ્છ્યું છે, તો તને અને તારા ગર્ભને પણ સુખ થાઓ." અંગુલિમાલે કહ્યું, "ભગવાન્! આવું ખોટું હું કેમ બોલું? મેં તો જાણી જોઈને ઘણાને મારી નાખ્યા છે." ભગવાને કહ્યું, "'જન્મથી માંડીને' બદલે 'સાધુ બન્યા પછી' એમ કહેજે." અંગુલિમાલે ભગવાનની સૂચના પ્રમાણે કર્યું. કેવું હૃદયપરિવર્તન![૨૭]

બુદ્ધના એક શિષ્ય દેવદત્તને સંઘનાયક બનવાની લાલસા જાગી. એક દિવસ દેવદત્ત બુદ્ધ પાસે આવી કહેવા લાગ્યો, "ભગવન્! હવે આપ વૃદ્ધ થયા છો. મને સંઘનો નાયક બનાવી આપ શાંતિથી શેષ જીવન વીતાવો." બુદ્ધે તેની માગણી ન સ્વીકારી. આથી તેને અપમાન લાગ્યું. તેણે વેર વાળવા નિશ્ચય કર્યો. મગધરાજ બિંબિસારના પુત્ર અજાતશત્રુને તેણે હાથ પર લીધો. એક વાર મોકો જોઈ દેવદત્તે અજાતશત્રુને કહ્યું, "કુમાર! મનુષ્યદેહનો ભરોસો શો? તું પહેલો મરીશ કે તારો પિતા પહેલો મરશે તેની કોને ખબર છે? તારા પિતાનું આયુષ્ય લાંબું હશે તો તને રાજસુખ મળશે તોય ટૂંકું હશે માટે, તું તારા પિતાને મારી રાજા થા. તેના મરવાની વાટ ન જો. હું પણ બુદ્ધને મારી સંઘનો નેતા બનું." અજાતશત્રુને આ યુક્તિ પસંદ પડી. તેણે પોતાના પિતાને કેદખાનામાં પૂરી ભૂખે માર્યો અને પોતે સિંહાસન પર ચઢી બેઠો. પરિણામે, દેવદત્તની વગ વધી ગઈ. દેવદત્તે બુદ્ધનું ખૂન કરાવવા અજાતશત્રુને પ્રેરણા કરી. અજાતશત્રુએ મારા મોકલ્યા. પરંતુ તે મારાઓ બુદ્ધ પાસે જતાં જ બુદ્ધને મારવાની વાત વીસરી તેમનો ઉપદેશ સાંભળવા બેસી જતા અને બુદ્ધના ઉપાસક બની જતા. આથી તો દેવદત્ત ખૂબ ખિજાયો. એક વાર બુદ્ધ પર્વતની છાયામાં ફરતા હતા ત્યારે દેવદત્તે ઉપરથી એક મોટી શિલા એમના પર ગબડાવી. શિલા બીજી શિલાઓમાં ભરાઈ ગઈ પણ તેનો એક ભાગ તૂટી બુદ્ધના પગ પર પડ્યો. બુદ્ધને ઈજા થઈ. પરંતુ બુદ્ધને તો દેવદત્તના થયેલા આધ્યાત્મિક પતનને કારણે તેના તરફ કરુણા ઉપજી. આ પ્રસંગ પછી ભિક્ષુઓ બુદ્ધની છાની ચોકી કરવા લાગ્યા. રખેને દેવદત્ત બુદ્ધને કંઈ કરી નાખે. બુદ્ધને આ વાતની ખબર પડી. તેમણે ભિક્ષુઓને કહ્યું, "હે ભિક્ષુઓ! મારા દેહ માટે આટલી બધી કાળજી લેવાની જરૂર નથી. મારા શિષ્યથી ડરીને શરીર સાચવવા હું માગતો નથી. માટે, કોઈએ ચોકી ન કરતાં સૌએ પોતપોતાના કામે લાગી જવું." વખત જતાં બુદ્ધ સાજા થયા. તેમને મત્ત હાથીના પગ નીચે કચડાવી મારવાનો મનસૂબો દેવદત્તે કર્યો. એક વાર બુદ્ધ રાજગૃહમાં ભિક્ષા માટે નીકળ્યા હતા. એક શેરીમાં તે પ્રવેશ્યા. સામી બાજુથી દેવદત્તે રાજાના મત્ત હાથીને તેમની ઉપર છોડાવ્યો. લોકો નાસભાગ કરવા લાગ્યા. ભિક્ષુઓ આજુબાજુના ઘરોમાં દોડી ગયા. ભિક્ષુઓએ બુદ્ધને પોતાની સાથે ઘરમાં આવી જવા વિનવ્યા. પરંતુ તે તો દઢપણે જેમ ચાલતા હતા તેમ જ ચાલતા રહ્યા. તેમના વિમળ નેત્રોમાંથી પ્રેમધારા વરસતી હતી. આ વરસાદથી હાથીનો મદ ઊતરી ગયો. તે બુદ્ધ આગળ સૂંઢ નીચી કરી શાંત ઊભો રહ્યો. બુદ્ધે તેને પંપાળ્યો. તે ધીમે ધીમે ગજશાળામાં

પોતાના સ્થાને જતો રહ્યો. રાજગૃહના લોકો કહેવા લાગ્યા, "કોઈ લાકડીથી, કોઈ અંકુશથી અને કોઈ ચાબુકથી જાનવરને વશમાં રાખે છે પણ મહર્ષિ ગૌતમે તો લાકડી કે કોઈ પણ શસ્ત્ર વિના હાથીને વશ કર્યો." એક બૌદ્ધ અનુશ્રુતિ અનુસાર બુદ્ધનાં સહનશીલતા, કરુણા અને વિવેક દેવદત્તને પણ અસર કરી ગયાં, તેને પોતાનાં કુકર્મો માટે પસ્તાવો થયો, પરંતુ તે બુદ્ધ આગળ પ્રગટ કરે તે પહેલાં જ તેનું મૃત્યુ થયું.[૨૮] છેવટે અજાતશત્રુ પણ બુદ્ધને એક મહાન વિભૂતિ સમજતો થયો. એક ચાંદની રાતે તેને સત્સંગની ઈચ્છા થઈ. અનેક શ્રમણ-બ્રાહ્મણોને છોડી તે બુદ્ધ પાસે ગયો. બુદ્ધ અને સંઘને પ્રણામ કરી તે ઉપદેશ સાંભળવા એક બાજુ બેઠો. બુદ્ધે તેને શ્રામણ્યફળ વિશે મનનીય ઉપદેશ આપ્યો.[૨૯]

બુદ્ધ બુદ્ધિવાદી હતા. તેમણે લોકોને વ્યકિતને શરણે નહિ પણ યુકિતને અર્થાત્ બુદ્ધિને શરણે જવાનું કહ્યું છે. એક વાર તેમણે કાલામોને કહ્યું, "હે કાલામો! મેં તમને આ કહ્યું, પરંતુ તમે તેનો સ્વીકાર કેવળ પરંપરાગત છે માટે ન કરશો, કેવળ તમારા ધર્મગ્રંથને અનુકૂળ છે માટે ન કરશો, કેવળ તેનો કહેનારો તમારો પૂજ્ય છે માટે ન કરશો, કેવળ તમને ગમે છે માટે ન કરશો, પરંતુ જો તમે તેને કલ્યાણકર અને નિર્દોષ સમજતા હો અને તેને ગ્રહણ કરવાથી સૌનું કલ્યાણ અને કુશળ થશે એમ તમને ખરેખર ખાતરી હોય તો જ તમે તેને સ્વીકારજો."[૩૦]

બુદ્ધના જીવનના અંતિમ વર્ષની ઘટનાઓને જોઈએ. સારિપુત્ર અને મૌદ્‌ગલ્યાયન બુદ્ધના પ્રિય શિષ્યો હતા. બુદ્ધે તેમના વિશે એક વાર કહ્યું હતું, "હે ભિક્ષુઓ! સારિપુત્ર-મૌદ્‌ગલ્યાયનની સેવા કરો. એમની નજીક જાવ. સદ્ધર્મને વિસ્તારપૂર્વક સમજાવવા તેઓ સમર્થ છે. ભિક્ષુઓ! સારિપુત્ર જન્મ-દાતા જેવા છે અને મૌદ્‌ગલ્યાયન જન્મેલાને પોષનાર જેવા છે. તેઓ પંડિત છે અને બધા બ્રહ્મચારીઓના અનુગ્રાહક છે."[૩૧] સારિપુત્રને તો બુદ્ધ ધર્મસેનાપતિ કહેતા. બુદ્ધના નિર્વાણના કેવળ છ માસ પહેલાં સારિપુત્રનું મૃત્યુ થયું.[૩૨] સારિપુત્રના મૃત્યુ પછીના પંદરમા દિવસે રાજગૃહમાં અમાસની અંધારી રાતે મૌદ્‌ગલ્યાયનની હત્યા થઈ.[૩૩] જીવનના અંતિમ વર્ષમાં પોતાના બે પ્રિય શિષ્યો બુદ્ધે ગુમાવ્યા. આની અસર બુદ્ધનાં વચનોમાં વરતાય છે. બુદ્ધે ભિક્ષુપરિષદને ઉદ્દેશી કહ્યું, "હે ભિક્ષુઓ! સારિપુત્ર-મૌદ્‌ગલ્યાયન વિના પરિષદ સૂની લાગે છે. તેઓ જે દિશામાં જતા તે દિશા અપેક્ષારહિત બની જતી."[૩૪] બુદ્ધ છેલ્લી વાર જ્યારે રાજગૃહ

આવ્યા ત્યારે અજાતશત્રુએ પોતાના મંત્રી બ્રાહ્મણ વર્ષકારને બુદ્ધ પાસે મોકલ્યા, કારણ કે તે જાણવા માગતો હતો કે વજ્જિઓ અજેય કેમ છે. બુદ્ધે વર્ષકારને કહ્યું કે જ્યાં સુધી તેઓ આવશ્યક સાત નિયમોનું પાલન કરશે ત્યાં સુધી તેમને કોઈ જીતી નહિ શકે. આ *સાત નિયમો પણ બુદ્ધે વર્ષકારને બતાવ્યા. રાજગૃહથી બુદ્ધ પાટલિગ્રામ થઈ ગંગા ઓળંગી વૈશાલી પહોંચ્યા. આ વખતે બુદ્ધનિર્વાણને કેવળ ત્રણ માસ બાકી હતા. વૈશાલીમાં ગણિકા આમ્રપાલીએ બુદ્ધને સંઘ સાથે ભોજન કરાવ્યું. નજીકના વેલુવગ્રામમાં બુદ્ધ ચોમાસું ગાળવા ગયા. અહીં બુદ્ધની તબિયત ખખળી ગઈ. આનંદને આશંકા થઈ કે બુદ્ધ ભિક્ષુસંઘને કંઈ કહ્યા વિના નિર્માણ પામશે. એણે પોતાની આશંકા બુદ્ધને કહી. એ સાંભળી બુદ્ધ બોલ્યા, "હે આનંદ! ભિક્ષુસંઘ મારી પાસેથી હવે વધુ શું ઇચ્છે છે? મેં છૂપાવ્યા વિના સઘળા ધર્મનો ઉપદેશ કર્યો છે. તથાગત ધર્મની બાબતમાં કંઈ છૂપાવી રાખતા નથી. હવે મારું શરીર ખખળી ગયું છે. માટે હે આનંદ! હવે ધર્મ જ તમારું શરણ અને ધર્મ જ તમારો દીવો, તમે પોતે જ તમારું શરણ અને તમે પોતે જ તમારો દીવો, બીજું કોઈ શરણ નહિ, બીજો કોઈ દીવો નહિ." વૈશાલીથી તેઓ ભંડગ્રામ અને ભોગનગર થઈને પાવા પહોંચ્યા. ત્યાં તેમણે કર્મારપુત્ર ચુંદના નિમંત્રણનો સ્વીકાર કર્યો. ચુંદે તેમને 'સૂકરમદ્દવ'નું ભોજન કરાવ્યું. 'સૂકરમદ્દવ' ખાવાથી બુદ્ધને પીડાકારી રકતાતિસારનો રોગ થયો. આવી જ અવસ્થામાં તેમણે કુશીનગર ભણી પ્રયાણ કર્યું. માર્ગમાં આવતી હિરણ્યવતી નદી પાર કરી શાલવનમાં ગયા. ત્યાં બે શાલવૃક્ષો વચ્ચે આડા પડખે થયા. સુભદ્ર નામના પરિવ્રાજકને ઉપદેશ દીધો. અંતિમ ક્ષણે તેમણે ભિક્ષુઓને કહ્યું, "હે ભિક્ષુઓ! ધર્મ જ તમારો ગુરુ, બીજો કોઈ ગુરુ નહિ. બધી વસ્તુઓ નાશવંત છે. અપ્રમાદી બની દુઃખમુકિતના ધ્યેય ભણી આગળ વધો." આ માર્મિક વચનો સાથે વૈશાખી પૂર્ણિમાએ મલ્લોના કુશીનગર પાસે શાલવનમાં શાલવૃક્ષની નીચે એક મહાજ્યોતિ ક્ષર દેહ છોડી ગઈ.[૩૫] તેની પ્રભા આજે અઢી હજાર વર્ષ પછી પણ ધર્મમાર્ગને પ્રકાશિત કરતી રહી છે એ માનવજાતનું અને સર્વ જીવોનું સૌભાગ્ય છે.

પૂર્ણિમાના ચાંદનીમાં પીપળાના વૃક્ષ નીચે ધ્યાન ધરતા, ભદ્રવર્ગીય ભિક્ષુઓને બોધિમાર્ગ દેખાડતા, વણકરને મકાન બનાવવામાં મદદ કરવાનો ભિક્ષુઓને આદેશ દેતા, માંદાની માવજત કરતા, નિર્ગ્રંથોને પણ દાન આપવાની સિંહને સલાહ આપતા, ચમત્કારોનું પ્રદર્શન કરવાનો સ્પષ્ટ પ્રતિષેધ કરતા, લોકોના અપશબ્દોને નિર્વૈરભાવે સહન કરતા, બોધિરાજકુમારે બિછાવેલી કિંમતી જાજમ

ઉપર ચાલવાનો પ્રેમપૂર્વક ઈનકાર કરતા, પોતાની, સંઘની કે ધર્મની નિંદાથી ક્ષુબ્ધ ન થતા, પોતાને મારી નાખવાનો પ્રયત્ન કરનાર દેવદત્ત પ્રત્યે પણ કરુણા વહાવતા, ભિક્ષુઓને પોતાની ચોકી કરવાની મના કરતા, મત્ત હાથીને પ્રેમથી વશ કરતા અને કાલામોને સ્વબુદ્ધિનો ઉપયોગ કરવાની શીખ દેતા ધ્યાનપ્રિય, કારુણિક, ઉદાર, ચમત્કારપ્રદર્શનવિરોધી, સહનશીલ, વિવેકી, સ્થિરચિત્ત, નિર્ભય અને બુદ્ધિવાદી બુદ્ધની મનોરમ આધ્યાત્મિક મૂર્તિને હૃદયમાં અંકિત કરી હવે આપણે તેમના અક્ષરદેહનો અર્થાત્ ત્રિપિટકમાં સંગૃહીત બુદ્ધોપદેશનો પરિચય કરીશું.

## ટિપ્પણ

૧. **सुत्तनिपात, २७ (पब्बज्जासुत्त). १८–१९**
૨. **બુદ્ધચરિત,** ધર્માનંદ, પૃ. ૧૪૬
૩. आदिच्चा नाम गोत्तेन... । **सुत्तनिपात, २७.१८–१९ ।**
૪. **महासच्चकसुत्त, म. नि. (=मज्झिमनिकाय).**
૫. **तिकनिपात (सुत्त १२४), अं. नि. (=अंगुत्तरनिकाय)**
૬. એજન
૭. **अरियपरियेसनसुत्त, म. नि.**
૮. **महासच्चकसुत्त, म. नि.**
૯. **द्वेधावितक्कसुत्त, म. नि,**
૧૦. **भयभेरवसुत्त, म. नि.**
૧૧. **आनापानसंयुत्त (२.८), सं. नि. (=संयुत्तनिकाय)**
૧૨. **पधानसुत्त, सुत्तनिपात**
૧૩. **બુદ્ધચરિત,** ધર્માનંદ, પૃ. ૨૧
૧૪. **धम्मचक्कपवत्तनसुत्त, सं. नि., બુદ્ધચરિત,** ધર્માનંદ, પૃ. ૨૧૪–૨૧૮
૧૫–૧૯. **बौद्ध धर्म के विकास का इतिहास, पृ० ५५–७७**
૨૦. **चुल्लवग्ग ५. १. ५.; विनयपिटक** (अनु. राहुलजी) पृ० ४२०
૨૧. **विनय (PTS),** ભાગ ૧, પૃ૦ ૩૦૧

૨૨. बुद्धचर्या, पृ० १४१
૨૩. विनय, ભાગ ૨, પૃ૦ ૧૧૦
૨૪. चुल्लवग्ग
૨૫. ब्रह्मजालसुत्त, दीघनिकाय
૨૬. उत्तरप्रदेश में बौद्ध धर्म का विकास, पृ० ११५
૨૭. अंगुलिमालसुत्त, म. नि.
૨૮. બુદ્ધચરિત, ધર્માનન્દ, પૃ૦ ૭૭–૭૮, ૧૩૧
૨૯. सामञ्ञफलसुत्त, दी. नि.
૩૦. कालामसुत्त, अं. नि.
૩૧. मज्झिमनिकाय ३.४.१
૩૨. बौद्धधर्म और बिहार, हवलदार त्रिपाठी, पृ० ६९
૩૩. એજન, પૃ૦ ૭૧
૩૪. संयुत्तनिकाय, ४५.२.४
* આ સાત નિયમો વિશે જુઓ અધ્યાય ૪.
૩૫. महापरिनिब्बानसुत्त, दी. नि.

# અધ્યાય ૪

## બુદ્ધોપદેશ

સંબોધિની પ્રાપ્તિથી માંડી નિર્વાણ પર્યંત બુદ્ધે આપેલા ઉપદેશનો સંગ્રહ ત્રિપિટકગ્રંથોમાં છે. ત્રણ પિટકો છે—વિનયપિટક, સુત્તપિટક અને અભિધમ્મપિટક. બુદ્ધે ભિક્ષુભિક્ષુણીના આચારના નિયમો વિશે જે ઉપદેશ આપેલો તેનું સંકલન વિનયપિટકમાં કરવામાં આવ્યું છે. બુદ્ધે ધર્મ ઉપર આપેલો ઉપદેશ સુત્તપિટકમાં સંકલિત કરવામાં આવ્યો છે. અભિધમ્મપિટકમાં બૌદ્ધ તત્ત્વજ્ઞાનનું નિરૂપણ છે. આ ત્રિપિટકોની ભાષા પાલિ છે. પાલિભાષા તે જમાનાની બુદ્ધના વિહારક્ષેત્રની લોકભાષાનું જ એક રૂપાન્તર છે.

બુદ્ધનો ઉપદેશ સૌના માટે હતો. મનુષ્ય મનુષ્ય વચ્ચેનો ભેદભાવ તેમને સ્વીકાર્ય ન હતો. જાતિભેદ તેમને કઠતો હતો. તેઓ કહેતા : 'જાતિ ન પૂછો, આચરણ પૂછો.[1] જીવજંતુઓમાં, વનસ્પતિમાં, પશુઓમાં અને પંખીઓમાં અનેક જાતિઓ જણાય છે. તેમનામાં આ ભિન્ન ભિન્ન જાતિઓનાં ભેદક લક્ષણો છે. પરંતુ મનુષ્યની આપણે ઊભી કરેલી જાતિઓમાં તો જાતિભેદક લક્ષણો નથી. બધા મનુષ્યોમાં વાળ, માથું, કાન, આંખ, મુખ, નાક, હોઠ, ભવાં, ડોકું, પેટ, પીઠ, હાથ, પગ, નખ, વગેરે બધા અવયવો એક સરખા હોય છે. એટલે બાહ્ય આકાર ઉપરથી એક મનુષ્યને બીજા મનુષ્યથી જુદી જાતિનો કેવી રીતે ગણી શકાય? પરંતુ કર્મને આધારે મનુષ્યોનો ભેદ થઈ શકે છે. જે ગાય ચરાવે તે ગોવાળ, જે વેપાર કરે તે વેપારી (વૈશ્ય), જે યુદ્ધમાં લડવા જાય તે સૈનિક (ક્ષત્રિય), જે ખેતી કરે તે ખેડૂત, વગેરે. સારાં કર્મો કરે તે ઉચ્ચ અને જે બૂરાં કર્મો કરે તે નીચ. કર્મથી જ મનુષ્ય ઉચ્ચ કે નીચ બને છે. જન્મથી કોઈ ઉચ્ચ નથી કે નીચ નથી. જે દુઃખથી વ્યાકૂળ થતો નથી, કમલપત્ર પર પડેલા પાણીના બિંદુની જેમ જે વિષયવાસનાથી અલિપ્ત રહે છે, જે કોઈને કોઈ પણ રીતે પીડા કરતો નથી, ક્ષમા એ જ જેનું બળ છે અને જે તદ્દન અનાસક્ત છે તેને જ હું બ્રાહ્મણ ગણું છું[2]. એથી ઊલટું, જે વાતવાતમાં ક્રોધ કરે છે, જે વેર વાળવાના વિચારો કરે છે, જે બીજાને દુઃખ દે છે, જેના હૃદયમાં દયાનો છાંટો પણ નથી, જે ચોરી–લૂંટફાટ કરે છે, જે બીજાની થાપણ ઓળવે છે, જે

ખોટી સાક્ષી પૂરે છે, જે વ્યભિચાર કરે છે, જે માબાપની સેવા કરતો નથી, જે વડીલોને અને સગાંવહાલાંઓને ગાળો ભાંડે છે તેમ જ મારઝૂડ કરે છે અને જે પોતાનાં પાપકર્મોને છૂપાવવા ન કરવાનું કરે છે તે ચાંડાળ છે. મનુષ્ય જન્મથી જ બ્રાહ્મણ કે ચાંડાળ હોતો નથી પરંતુ પછીથી પોતાનાં કર્મોથી બ્રાહ્મણ કે ચાંડાળ બને છે.'[3] બુદ્ધ સ્ત્રી–પુરુષ વચ્ચે પણ ભેદભાવ કરતા ન હતા. તેમણે સ્ત્રીઓને પૂર્ણ આધ્યાત્મિક સાધનાની અધિકારિણી ગણી તેની બૌદ્ધિક અને આધ્યાત્મિક શકિતનો સ્વીકાર કર્યો હતો. એક વાર રાજા પ્રસેનજિત્ જેતવન-વિહારમાં ભગવાન બુદ્ધના દર્શને ગયા. તે ભગવાનનો ઉપદેશ સાંભળતા હતા. એ જ વખતે રાજમહેલમાંથી એક દૂત આવ્યો. તેણે રાજાને સમાચાર આપ્યા કે આપની માનીતી રાણી મલ્લિકાએ પુત્રીને જન્મ આપ્યો છે. પુત્રીજન્મના સમાચાર સાંભળી રાજાના મુખ ઉપર વિષાદની વાદળી છવાઈ ગઈ. આ ભગવાનથી છાનું ન રહ્યું. ભગવાને રાજાને ઉદ્દેશી કહ્યું, 'હે મહારાજ! કેટલીક વાર સ્ત્રી પુરુષ કરતાં પણ સારી નીવડે છે. જો તે બુદ્ધિમતી, સુશીલ અને વડીલોને માન આપનારી નીકળે તો તેને કોણ દોષ દઈ શકશે? વળી, તેને પેટે જન્મેલો પુત્ર શૂરવીર થાય છે. એવી સૌભાગ્યવતી સ્ત્રીનો પુત્ર રાજ્ય ચલાવવામાં પણ કુશળ હોય છે. હે રાજા! તું તારી પુત્રીની પ્રેમથી સંભાળ રાખ.'[૪] આવી સમદૃષ્ટિ કેળવવા તેઓ સૌને ઉપદેશતા.

બુદ્ધ વ્યવહારુ હતા. તેઓ મિથ્યા તાત્ત્વિક ચર્ચાઓથી અળગા રહેવાનું પસંદ કરતા. એક વાર એમના શિષ્ય માલુંક્યપુત્રે નક્કી કર્યું કે બુદ્ધને પૂછવું કે જગત નિત્ય છે કે અનિત્ય, દેહ અને આત્મા ભિન્ન છે કે અભિન્ન, તથાગત બુદ્ધને પુનર્જન્મ છે કે નહિ, વગેરે, બુદ્ધ પાસેથી 'હા' કે 'ના'માં જવાબ મેળવવો અને જો એવો જવાબ બુદ્ધ ન આપે તો એમની આધ્યાત્મિક નેતાગીરી પોતે ફગાવી દેવી. તે બુદ્ધ પાસે ગયો. બુદ્ધે તેને મનનીય ઉત્તર આપ્યો, "હે માલુંક્યપુત્ર! એક માણસને ઝેર પાયેલું બાણ વાગ્યું હોય અને વૈદ્ય તેનું બાણ ખેંચી કાઢી ઉપચાર કરવા આવે ત્યારે શું વૈદ્યને તે એમ કહેશે કે પહેલાં તમે મને કહો કે આ બાણ કોણે માર્યું, તે બ્રાહ્મણ હતો, ક્ષત્રિય હતો, વૈશ્ય હતો કે શૂદ્ર હતો, તે ઠીંગણો હતો કે ઊંચો, તે કાળો હતો કે ગોરો, તે આ ગામનો હતો કે પરગામનો, બાણની પુંખ સમડીનાં પીંછાની છે કે બાજનાં, ધનુષ્ય કેવી જાતનું હતું, તેની દોરી શેની બનાવેલી હતી, આ પ્રશ્નોના ઉત્તરો આપો તે પછી જ હું તમને આ મને અત્યંત પીડા કરનાર બાણ કાઢવા દઈશ. હે માલુંક્યપુત્ર! જગત નિત્ય છે કે અનિત્ય, વગેરે પ્રશ્નોના ઉત્તર ખોળવામાં

વ્યર્થ સમય ન બગાડવો જોઈએ. દુ:ખ છે એ હકીકત છે અને તેને દૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ. જગત નિત્ય છે કે અનિત્ય વગેરે ચર્ચા કરવાથી દુ:ખમુકિત માટેની સાધનામાં કંઈ મદદ થતી નથી. એવા વાદવિવાદથી વૈરાગ્ય ઉત્પન્ન થનાર નથી, પાપનો નિરોધ થવાનો નથી, ચિત્તની શાંતિ મળવાની નથી, પ્રજ્ઞા ઉગવાની નથી અને નિર્વાણ પ્રાપ્ત થવાનું નથી."[૫]

બુદ્ધને સાંપ્રદાયિક સંકુચિતતા બિલકુલ પસંદ ન હતી. તેમણે અનેક વાર નીચે પ્રમાણે ઉપદેશ આપ્યો છે: "કેટલાક લોકો કહે છે કે અમારો ધર્મ જ પૂર્ણ છે અને બીજા ધર્મો હીન છે. આ રીતે લડાઈ-ઝઘડા ઊભા કરી તેઓ વિવાદ કરે છે. તેઓ પોતાની વાત જ સાચી છે એવો આગ્રહ રાખે છે. પોતે કલ્પેલા મતને મહત્ત્વ દેનાર અને હઠપૂર્વક વાદવિવાદ કરનાર માણસને સમજાવવો અને શાંત કરવો મુશ્કેલ છે. તે વિવાદમાં પોતાની જીતને જ પોતાનું ધ્યેય માને છે. તે અહંકારમાં મત્ત બની પોતાની જાતને માનથી અભિષિકત કરે છે. આ બધું સાંપ્રદાયિકતાને હૃદયસરસી ચાંપવાનું જ પરિણામ છે. અસ્થિર મનુષ્ય વાદ-વિવાદમાં પડે છે. ડાહ્યો અને સ્થિરચિત્ત માણસ તેમાં પડતો નથી. તે કોઈ મતનો આગ્રહ રાખતો નથી. તેને કોઈ પંથ પ્રત્યે રાગ હોતો નથી. ભિન્ન ભિન્ન મતો અને પંથો પ્રત્યે તે ઉદાસીન રહે છે. તેણે રાગદ્વેષરૂપી ગાંઠ છેદી નાખી હોવાથી તે આ કે તે મત યા પંથનો પક્ષપાતી બની અન્યને ઉતારી પાડતો નથી. તેની પાસે સાંપ્રદાયિકતા અને સંકુચિતતા ઢૂંકતા પણ નથી. તે સાંપ્રદાયિક મતમતાંતરોથી મુકત હોય છે, ઉદાર હોય છે."[૬]

એક વાર બુદ્ધે ગૃહસ્થોને કહ્યું, "હે ગૃહસ્થો! કેટલાક માને છે કે દાન નથી, ધર્મ નથી, સત્કર્મ કે કુકર્મનાં ફળ નથી, સ્વર્ગ કે નરક નથી અર્થાત્ પરલોક નથી. આવા લોકોને આપણે નાસ્તિક કહીએ છીએ. આનાથી ઊલટું, કેટલાક માને છે કે દાન છે, ધર્મ છે, સત્કર્મ-કુકર્મનાં ફળ છે, સ્વર્ગ-નરક છે. આવા લોકોને આપણે આસ્તિક કહીએ છીએ. જે નાસ્તિક છે તેમનાથી મનથી, વચનથી કે કાયાથી પાપકર્મ થઈ જાય એ સહજ છે, તેમને પાપકર્મનો ડર નથી. પરંતુ જે આસ્તિક છે તેમને પાપકર્મનો ભય હોય છે, પુણ્યકર્મ કરવામાં તેમની વૃત્તિ હોય છે. ડાહ્યો માણસ વિચારે છે કે જો નાસ્તિકના કહેવા પ્રમાણે પરલોક ન હોય તો અધર્માચરણ કરનારને મરણ પછી દુ:ખ ભોગવવું પડે નહિ એ વાત સાચી પરંતુ વર્તમાન જીવનમાં તો તેની અપકીર્તિ થાય જ, જો આસ્તિકના કહેવા પ્રમાણે પરલોક હોય તો અધર્માચરણ કરનારને મરણ પછી દુ:ખ ભોગવવું

પડવાનું અને વર્તમાન જીવનમાં તો તેની અપકીર્તિ થવાની જ, પરલોક હોય કે ન હોય ધર્માચરણ કરનારને લાભ જ છે, પરલોક ન હોય તો પણ ધર્માચરણ કરનારની વર્તમાન જીવનમાં પ્રશંસા થાય છે એ લાભ તો તેને છે જ અને જો પરલોક હશે તો મરણ પછી પણ તેની સુગતિ થશે. હે ગૃહસ્થો! કેટલાક એવું માને છે કે સારાં કે ખરાબ કાર્યોની અસર આત્માને થતી નથી, જ્યારે બીજા એનાથી ઊલટું માને છે. આ બાબતે ડાહ્યો માણસ વિચારે છે કે સારાં કે ખરાબ કર્મોની અસર આત્મા ઉપર થતી ન હોય તો પણ સારાં કર્મ કરનારને કંઈ ગેરલાભ નથી અને જો થતી હોય તો સારાં કર્મ કરવાથી આત્મા ઉપર સારી જ અસર થશે. એટલે, સારાં કર્મની અસર આત્મા ઉપર થતી હોય કે ન થતી હોય મનુષ્યે સારાં કર્મો જ કરવાં જોઈએ. સારાં કે ખરાબ કર્મની અસર આત્મા ઉપર ન થતી હોય તો કુકર્મ કરનારના આત્માને અસર ન થાય પરંતુ જો અસર થતી હોય તો તેનો આત્મા કુકર્મથી ખરાબ અસર પામે. સદાચરણીને, બેમાંથી ગમે તે વિકલ્પ સાચો હોય, ફાયદો જ છે. કેટલાક એમ માને છે કે દરેકનો મોક્ષ નિયત છે, નિયત ક્રમે થાય છે, એમાં પુરુષાર્થ જરૂરી નથી. બીજા કેટલાક મોક્ષ માટે પુરુષાર્થ જરૂરી માને છે. હે ગૃહસ્થો! અહીં પણ ડાહ્યો માણસ એમ વિચારે છે કે મોક્ષ નિયત હોય, નિયત ક્રમે થવાનો હોય તો પણ સદાચરણથી કંઈ બગડવાનું નથી, ઊલટું પ્રશંસા જ થવાની છે અને જો મોક્ષ માટે પુરુષાર્થ જરૂરી હોય તો સદાચરણ કરવું જ જોઈએ; પરંતુ મોક્ષ નિયત હોય, નિયત ક્રમે થવાનો હોય તો દુરાચારીને વાંધો ન આવે પણ મોક્ષ માટે પુરુષાર્થ જરૂરી હોય તો વાંધો આવે જ. માટે, મોક્ષ નિયત હોય કે ન હોય, નિયત ક્રમે થવાનો હોય કે નહિ, મનુષ્યે સદાચાર જ આચરવો જોઈએ. આમ, પરલોક હોય કે ન હોય, સત્કર્મ કે કુકર્મની આત્માને અસર થતી હોય કે ન થતી હોય, મોક્ષ નિયત હોય કે તેને માટે પુરુષાર્થ જરૂરી હોય, મનુષ્યે સદાચારી બનવાથી કંઈ બગડતું નથી, ઊલટું તેનું લાભ-શુભ જ થાય છે."[૭]

એક દિવસ બુદ્ધે ગૃહસ્થોને કહ્યું, "હે ગૃહસ્થો! દુરાચારી મનુષ્યને પાંચ-છ રીતે નુકસાન થાય છે. દુરાચરણથી તેની સંપત્તિ નાશ પામે છે, તેની લોકોમાં અપકીર્તિ થાય છે, કોઈ પણ સભામાં તેનો પ્રભાવ પડતો નથી, તેના વચનમાંથી સામર્થ્ય ચાલ્યું જાય છે, મરણકાળે તેનું ચિત્ત શાંતિ અનુભવતું નથી અને મરણ પછી તેની દુર્ગતિ થાય છે. પરંતુ હે ગૃહસ્થો! જે સદાચારી છે તેને પાંચછ રીતે લાભ થાય છે. સદાચારથી તેની સંપત્તિ વધે છે, લોકોમાં તેનો યશ ફેલાય છે, કોઈ પણ સભામાં તેનો પ્રભાવ પડે છે, તેની વાણીમાં બળ આવે છે, મરણકાળે તેનું ચિત્ત શાંતિ અનુભવે છે અને મરણ પછી તેની સુગતિ થાય છે."[૮]

એક વાર બુદ્ધે ગૃહસ્થોને કહ્યું, "હે ગૃહસ્થો! કુકર્મો દેહથી થાય છે, વાણીથી થાય છે અને મનથી થાય છે. દેહથી ત્રણ કુકર્મો થાય છે, વાણીથી ચાર અને મનથી ત્રણ. પ્રાણીનો ઘાત કરવો, પરધન ચોરી લેવું અને પરસ્ત્રીનો સંગ કરવો આ ત્રણ કાયાનાં કુકર્મો છે. અસત્ય બોલવું, ચાડી ખાવી, ગાળાગાળી કરવી અને વ્યર્થ લાંબુ લાંબુ બોલ્યા કરવું આ ચાર વાણીનાં કુકર્મો છે. પરદ્રવ્યનો લોભ કરવો, બીજાના પ્રાણ હરવાની ઈચ્છા કરવી અને નાસ્તિક દૃષ્ટિ ધરાવવી આ ત્રણ મનનાં કુકર્મો છે. હે ગૃહસ્થો! જે માણસ કોઈના પ્રાણ હરતો નથી, સર્વ પ્રાણીઓ પ્રત્યે દયા–મૈત્રી રાખે છે, બીજાની વસ્તુઓ પચાવી પાડતો નથી અને બીજાની સ્ત્રીનો સંગ કરતો નથી તેનાં કાયાનાં કર્મો શુદ્ધ અને ધાર્મિક થયાં ગણાય. જેની વાણી શુદ્ધ અને ધાર્મિક હોય છે તે ખોટું બોલતો નથી, ન્યાયાધીશ આગળ ખોટી સાક્ષી પૂરતો નથી પણ જે દેખ્યું હોય તે જ કહે છે અને જે ન દેખ્યું હોય તે કહેતો નથી. એટલું જ નહિ પણ બને ત્યાં સુધી તે પારકાના ટંટા મિટાવવા પ્રયત્ન કરે છે, તેને લોકોમાં સુલેહસંપ જોઈ આનંદ થાય છે, તેની વાણીમાં એટલી મીઠાશ હોય છે કે ભાંગેલાં હૈયાં પાછાં સંધાય છે, તે કદી ગાળાગાળી કરતો નથી, કઠોર વચનો બોલતો નથી, તે નકામું બોલતો નથી પણ યોગ્ય વખતે જરૂર હોય એટલું જ બોલે છે. આ રીતે તે વાણીનાં ચારેય સત્કર્મો કરે છે. મનનાં સત્કર્મો આચરનાર બીજાના ધનનો લોભ કરતો નથી, બીજાની હાનિ કરવાનો વિચાર સરખો પણ તેને આવતો નથી, એટલું જ નહિ પણ સર્વ જીવોનું ભલું થાય એવું જ રાતદિવસ તે ચિંતવ્યા કરે છે અને સત્કર્મ તેમજ સત્કર્મનાં ફળમાં તે સંપૂર્ણ શ્રદ્ધા ધરાવે છે."[૯]

એક વાર બુદ્ધ ગૃહસ્થોને ઉદ્દેશી બોલ્યા, "હે ગૃહસ્થો! સમજુ માણસ એમ વિચારે છે કે મને જીવવાની ઈચ્છા છે, હું મરવા ઈચ્છતો નથી, મને સુખી થવાની ઈચ્છા છે, હું દુ:ખી થવા ઈચ્છતો નથી; તેવી જ રીતે, બીજાઓ પણ જીવવા ઈચ્છા રાખે છે, મરવા ઈચ્છતા નથી, સુખી થવા ઈચ્છે છે, દુ:ખી થવા ઈચ્છતા નથી; માટે, હું તેમને મારી નાખું કે દુ:ખ દઉં તો તે તેમને કેમ રુચે? આમ વિચાર કરી તે બીજાના પ્રાણ હરતો નથી, બીજાને દુ:ખ દેતો નથી. હે ગૃહસ્થો! આપણું ધન ચોરાઈ જાય તો આપણને દુ:ખ થાય છે. તેથી સમજુ માણસ બીજાનું ધન ચોરતો નથી અને કોઈ ચોરતું હોય તો તેનેય ચોરી ન કરવા સમજાવે છે. હે ગૃહસ્થો! સમજુ માણસ વિચારે છે કે પોતાની પત્ની સાથે પરપુરુષ વ્યભિચાર કરે તો આપણને રુચતું નથી તો આપણે બીજાની પત્ની સાથે આડો વ્યવહાર રાખીએ તો તેને તે કેમ રુચે? આવું વિચારી તે પારકી સ્ત્રી સાથે

વ્યભિચાર કરતો નથી, એટલું જ નહિ પણ બીજાને પણ તેમ ન કરવા સમજાવે છે. હે ગૃહસ્થો! સમજુ માણસ વિચારે છે કે પારકાએ ખોટી સાક્ષી આપી કરેલું આપણું નુકસાન આપણને ખૂંચે છે તો આપણે ખોટી સાક્ષી આપી બીજાનું નુકસાન કરીએ તો તેને કેમ ન ખૂંચે? આવું વિચારી તે ખોટું બોલવું બંધ કરે છે અને બીજાને પણ ખોટું ન બોલવા સમજાવે છે. હે ગૃહસ્થો! સમજુ માણસ વિચારે છે કે પારકો ચાડી ખાઈ આપણામાં અને આપણા મિત્રોમાં ફૂટ પડાવે અને વેરઝેરનાં બી વાવે તો તે આપણને રુચતું નથી તો આપણે ચાડી ખાઈ બીજાઓમાં ફૂટ પડાવીએ તો તે તેમને કેમ રુચે? આવું વિચારી તે બીજાની ચાડી ખાતો નથી પણ સંપ કરાવે છે અને સંપ કરાવનારની પ્રશંસા કરે છે. હે ગૃહસ્થો! સમજુ માણસ વિચારે છે કે કોઈ આપણને ગાળ દઈ જાય તો તે આપણને ગમતું નથી તો પછી આપણે બીજાને ગાળ દઈએ તો તે તેને કેમ ગમે? આવું વિચારી સમજુ માણસ અપશબ્દો બોલવાનું છોડી દે છે, સભ્ય વચનો બોલે છે, બીજાને પણ સભ્ય વચનો બોલવાની સલાહ આપે છે અને સભ્ય વચનો બોલનારના વખાણ કરે છે. હે ગૃહસ્થો! સમજુ માણસ વિચારે છે કે કોઈ આપણી આગળ અસંબદ્ધ લાંબી લાંબી વાતો કરે તો આપણને કંટાળો આવે છે તો કોઈની આગળ આપણે ખોટાં ભાષણો કરી તેનો સમય બગાડીએ તો તેને પણ કંટાળો આવે જ. આમ વિચારી સમજુ માણસ નિરર્થક ભાષણો કરતો નથી, જરૂર જેટલું જ બોલે છે."[૧૦]

શ્રાવસ્તીમાં બુદ્ધે ઉગ્ર રાજાને ઉદ્દેશી કહ્યું, "શ્રદ્ધા, શીલ, લજ્જા, અવત્રપ્ય (ઔત્તપ્ય), શ્રુત, ત્યાગ અને પ્રજ્ઞા જ ખરું ધન છે. તે અગ્નિ કે જળથી નાશ પામતું નથી; તેને રાજા હરી શકતો નથી, ચોર ચોરી શકતો નથી કે સગાં-વહાલાંઓ પડાવી શકતા નથી. તેથી આ ધન ધરાવનારને કોઈ તરફથી ભય હોતો નથી. હવે આ ધનની સમજણ આપું. વીતરાગ ઉપર શ્રદ્ધા હોવી એ શ્રદ્ધાધન છે. શીલ પાંચ છે—હિંસા ન કરવી, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો, અસત્ય ન બોલવું અને માદક પદાર્થોનું સેવન ન કરવું. આ પાંચ શીલોનું પાલન એ જ શીલધન છે. લજ્જા એટલે ખરાબ કામો કરતાં લાજવું. 'આપણે સારા કુળમાં જન્મ્યા છીએ, સાચો ધર્મ જાણીએ છીએ અને છતાં ખરાબ કામો કરીએ તો એ આપણને શોભે જ કેમ?'—આવા વિચારથી ખરાબ કામો કરતાં શરમ આવવી એ જ લજ્જાધન છે. અવત્રપ્ય (ઔત્તપ્ય) એટલે ભય. 'હું ખરાબ કામો કરીશ તો લોકો શું કહેશે?'—એવો લોકાપવાદનો ભય તેમ જ ખરાબ કામોનાં દુષ્પરિણામોનો ભય એ જ અવત્રપ્યધન છે. સર્વને

કલ્યાણકર હોય એવી વાતો સાંભળવી અને એવી વાતોનું જ્ઞાન ભેગું કરવું એ શ્રુતધન છે. યથાશકિત દાન કરવું એ જ ત્યાગધન છે. દુ:ખ, દુ:ખનાં કારણો, દુ:ખમુકિત અને દુ:ખમુકિતના ઉપાયોનું સ્પષ્ટ જ્ઞાન એ જ પ્રજ્ઞાધન છે. જેમની પાસે આ સાત ધન છે તે જ ખરો શ્રીમંત છે."૧૧

એકદિવસ બુદ્ધે રાહુલને કહ્યું, "હે રાહુલ! જે ખોટું બોલતાં લાજતો નથી, તેને કોઈ પણ ખરાબ કૃત્ય કરવામાં શરમ નહિ આવે. માટે, હે રાહુલ! ગમ્મતમાં પણ હું ખોટું બોલીશ નહિ એવો તું નિશ્ચય કર."૧૨

એક વાર એક બ્રાહ્મણ ગુરુનો શિષ્ય બુદ્ધનો શિષ્ય બની ગયો. તેથી, પેલા બ્રાહ્મણ ગુરુને ક્રોધ ચઢયો અને તેમણે બુદ્ધ ઉપર ગાળોનો વરસાદ વરસાવ્યો. પરંતુ બુદ્ધ કંઈ પણ ન બોલ્યા અને શાંત રહ્યા. પરિણામે બ્રાહ્મણ ગુરુ પણ શાંત પડી ગયા. પછી બુદ્ધે તેમને કહ્યું, "હે બ્રાહ્મણ! તમારે ત્યાં આવેલા મહેમાનનો તમે આદર કરો છો. તમે તેને ખાવાપીવાની ચીજો આપો છો. પરંતુ તે મહેમાન પ્રેમપૂર્વક તે ચીજો સ્વીકારતા નથી. છેવટે તમારે તે ચીજો પાછી લેવી પડે છે. તે જ પ્રમાણે તમે મને ગાળોની ચીજો ધરી છે. મેં તેમનો પ્રેમપૂર્વક ઇનકાર કર્યો છે. હું શાંત બેસી રહ્યો છું. એટલે એ ચીજો તમારી પાસે જ રહે છે. મેં જો તમને સામે ગાળો દીધી હોત તો મેં તમારી ગાળોનો સ્વીકાર કર્યો ગણાત. હે બ્રાહ્મણ! હું તમારા ઉપર બિલકુલ ગુસ્સે થયો નથી. ગુસ્સે થનાર ઉપર જે સામો ગુસ્સો કરે છે તેનું અહિત થાય છે પણ ગુસ્સે થનાર ઉપર જે સામો ગુસ્સો કરતો નથી તે મોટી લડાઈ જીતે છે. સામો માણસ ગુસ્સે ભરાયો છે એવું જાણી જે અત્યંત વિવેકથી શાંત રહે છે તે પોતાનું અને પારકાનું હિત સાધે છે."૧૩ એક દિવસ બુદ્ધે ભિક્ષુઓને કહ્યું, "હે ભિક્ષુઓ! જયાં સુધી કોઈ પોતાને વિશે ખરાબ ન બોલે ત્યાં સુધી શાંત અને નમ્ર રહેવું એ તો સહેલું છે. પરંતુ જયારે કોઈ પોતાને વિશે ખરાબ બોલે ત્યારે પણ શાંત અને નમ્ર રહેવું એ દુષ્કર છે. પોતાના શાંત અને નમ્ર સ્વભાવની પરીક્ષા ખરેખર આવે પ્રસંગે જ થાય છે. જગતમાં કોઈ યોગ્ય વેળાએ બોલે છે તો કોઈ કવેળાએ બોલે છે, કોઈ સાચું બોલે છે તો કોઈ જૂઠું બોલે છે, કોઈ મીઠું બોલે છે તો કોઈ કડવું બોલે છે, કોઈ હિતકર બોલે છે તો કોઈ અહિતકર બોલે છે, કોઈ મિત્રભાવે બોલે છે તો કોઈ દ્વેષબુદ્ધિથી બોલે છે. આ બધા પ્રસંગોએ આપણું ચિત્ત વિકાર પામે નહિ, આપણા મોંમાંથી ભૂંડા શબ્દો નીકળે નહિ, આપણા હૃદયમાં દયા અને મૈત્રીની સરવાણી જ વહે, દ્વેષનો અંકુર ફુટે

નહિ, અને જે માણસ આપણી વિરુદ્ધ બોલ્યો હોય તેને કેન્દ્ર બનાવી સમગ્ર જગત સુધી આપણે આપણી મૈત્રીની ભાવના વિસ્તારી શકીએ એવો અભ્યાસ આપણે સૌએ કરવો જોઈએ."[૧૪]

બીજા ભલે કુકર્મો કરે પરંતુ પોતે તો સત્કર્મો જ કરવાં જોઈએ એ વાત ઉપર ભાર મૂકતાં બુદ્ધે કહ્યું, "બીજા હિંસા વગેરે કુકર્મો કરે તો પણ અમે કુકર્મો નહિ કરીએ, બીજા અપ્રામાણિકપણે આજીવિકા રળે તો પણ અમે તો પ્રામાણિકપણે જ આજીવિકા રળીશું, બીજા પ્રમાદ કરે તો પણ અમે તો અપ્રમાદી રહીશું, બીજા ચિત્તને વિક્ષિપ્ત થવા દે તો પણ અમે તો ચિત્તને વિક્ષિપ્ત ન થવા દેતાં શાંત રહીશું, બીજા ક્રોધ કરે તો પણ અમે ક્રોધ નહિ કરીએ, બીજા અનાદર કરશે તો પણ અમે તો આદર જ કરીશું, બીજા ઈર્ષા કરશે તો પણ અમે ઈર્ષા નહિ કરીએ, બીજા ઠગશે તો પણ અમે નહિ ઠગીએ, બીજા કઠોર બનશે તો પણ અમે કઠોર નહિ બનીએ—આમ કરીને જ ચિત્તમળો દૂર કરી શકાય છે અને પરમ શાંતિને માર્ગે આગળ વધી શકાય છે."[૧૫]

એક વાર બુદ્ધ બોલ્યા, "હે ભિક્ષુઓ! કોઈ માણસ કળણમાં ખૂંતી ગયો હોય તો તે બીજા માણસને કળણમાંથી બહાર કાઢી શકે નહિ. પરંતુ જો તે પોતે કળણમાં ખૂંતેલો ન હોય તો જ તે બીજાને કળણમાંથી બહાર કાઢી શકે. તેવી જ રીતે, જે માણસ પોતે અસંયમી હોય, અવિનયી હોય અને અશાંત હોય તે બીજાને સંયમી બનાવે, વિનયી બનાવે અને શાંત કરે એ અસંભવિત છે. જે પોતે સંયમી, વિનયી અને શાંત હોય તે જ બીજાને તેવા બનાવી શકે."[૧૬]

એક દિવસ બુદ્ધ પ્રસેનજિત્ રાજાને ઉદ્દેશી બોલ્યા, "હે મહારાજ! આ જગતમાં ચાર પ્રકારના મનુષ્યો છે. કેટલાક અંધકારમાંથી અંધકારમાં જનારા છે, કેટલાક અંધકારમાંથી પ્રકાશમાં જનારા છે, કેટલાક પ્રકાશમાંથી અંધકારમાં જનારા છે અને કેટલાક પ્રકાશમાંથી પ્રકાશમાં જનારા છે. જે માણસો ચાંડાળ, ભીલ, વગેરે હીન કુળમાં જન્મ્યા છે અને આખો જનમારો દુષ્કૃત્યો કરવામાં જ ગાળે છે તેઓ અંધકારમાંથી અંધકારમાં જનારા છે. જે માણસો આવાં હીન કુળોમાં જન્મ્યા છે, જેમને ખાવાપીવાનાં પણ સાંસાં છે, તેમ છતાં જેઓ મન, વચન અને કાયાથી સારાં કામો જ કરે છે તેઓ અંધકારમાંથી પ્રકાશમાં જનારા છે. જે માણસો ઉચ્ચ કુળમાં જન્મ્યા છે, જેમને ખાવાપીવાની પંચાત હોતી નથી, જેઓ દેખાવડા હોય છે પરંતુ તેમ છતાં જેઓ મન, વચન અને કાયાથી

કુકર્મો કરે છે તેઓ પ્રકાશમાંથી અંધકારમાં જનારા છે એમ માનજો. જે માણસો ઉચ્ચ કુળમાં જન્મી સદા સદાચરણ કરે છે તેઓ પ્રકાશમાંથી પ્રકાશમાં જનારા છે. આ ચારેયમાં અંધકારમાંથી પ્રકાશમાં જનારા શ્રેષ્ઠ મનાય એ સ્વાભાવિક છે."૧૭

એક દિવસ રાજા પ્રસેનજિત્ ખરે બપોરે ભગવાન બુદ્ધ પાસે આવ્યા. બુદ્ધે પૂછ્યું, "આ ખરે બપોરે ક્યાં જઈ આવ્યા?" રાજાએ કહ્યું, "હે ભગવન્! આ શ્રાવસ્તીમાં એક ઘણો જ પૈસાદાર શેઠ મૃત્યુ પામ્યો. તેને સંતતિ હતી નહિ. માટે તેની માલમિલકતનો કબજો લઈ રાજભંડારમાં મોકલી આપવા તે શેઠના બંગલે ગયો હતો. તે શેઠની સંપત્તિ ગણી ગણાય નહિ એટલી બધી છે. પરંતુ એ બિચારો ભોગવી શક્યો નહિ. ભારે કંજૂસ. જીવ્યો ત્યાં સુધી કણકીનો ભાત અને આંબલીનું પાણી જ ખાધું, માદરપાટ સિવાય કંઈ પહેર્યું નહિ, તેનું વાહન પણ ખખડ થતું ને ખોડંગાતું ડમણિયું જ હતું." આ સાંભળી ભગવાન બોલ્યા, "હે મહારાજ! કંજૂસ માણસના ધનની બૂરી દશા થાય છે. તે પોતે ભોગવી શકતો નથી કે પોતાના સગાંવહાલાંને ભોગવવા દેતો નથી. તે દાન કરી શકતો નથી. તેના ભેગા કરેલા પૈસાને છેવટે રાજ હરી લે છે, કે ચોર લૂંટી જાય છે, કે વિરોધી પડાવી લે છે કે આગ વગેરેથી નાશ પામે છે. પરંતુ જે પોતાના ધનનો સદુપયોગ કરે છે, પોતાના સંબંધીઓને ધનની મદદ કરે છે, સુપાત્રને દાન કરે છે, લોકકલ્યાણનાં કામોમાં ખર્ચે છે, તેના ધનની આવી દશા થતી નથી. કંજૂસની અપકીર્તિ થાય છે. ઉદારનો યશ ગવાય છે."૧૮

રાજા પ્રસેનજિત્નો આહાર વધારે હતો. એક વાર જમીને તે ભગવાન પાસે ગયા. ભગવાને જોયું તો રાજાનો શ્વાસ જોરથી ચાલતો હતો. બુદ્ધ સમજી ગયા કે રાજા ખૂબ ભોજન ખાઈને આવ્યા છે. તેમણે રાજાને ઉદ્દેશી કહ્યું, "જે મનુષ્ય મિતાહારી છે અને વધુ પડતું ખાતો નથી તેને રોગો થતા નથી, વહેલું ઘડપણ આવતું નથી અને પૂર્ણ આયુષ્ય ભોગવે છે."૧૯ એક વાર બુદ્ધે ભિક્ષુઓને કહ્યું, "હે ભિક્ષુઓ! મેં રાત્રિભોજન છોડી દીધું છે. તેથી મારા શરીરમાંથી વ્યાધિઓ ઓછી થઈ છે, જડતા ઓછી થઈ છે, આળસ ઓછી થઈ છે, શરીરમાં બળ અને સ્ફૂર્તિ આવ્યાં છે અને ચિત્ત પ્રસન્ન રહે છે. હે ભિક્ષુઓ! તમે પણ આમ કરો. તમે જો રાત્રિભોજન છોડશો તો તમારા શરીરમાંથી રોગો ઓછા થશે, જડતા ઓછી થશે, આળસ ચાલી જશે અને ચિત્ત પ્રસન્ન રહેશે."૨૦

એક વાર બુદ્ધે ભિક્ષુઓને કહ્યું, "હે ભિક્ષુઓ! ગઈ વાતનો અધિક વિચાર કરવો નહિ. ભવિષ્ય ઉપર બહુ આધાર રાખવો નહિ. જે બની ગયું તે

બની ગયું અને જે બનવાનું છે તે હજુ બનશે ત્યારે ખરું. ભૂત નાશ પામ્યું છે, ભવિષ્યનું હજી અસ્તિત્વ નથી. માટે, વર્તમાનનો બરાબર ઉપયોગ કરી લેવો જોઈએ. વર્તમાનનો જ ખરેખર વિચાર કરવો જોઈએ. જે કંઈ કરવાનું હોય તે આજે જ કરવું જોઈએ. કાલે જીવતા હઈશું કે કેમ તેની કોને ખબર છે? વર્તમાન જ આપણા હાથની વાત છે. એટલે, વર્તમાનને વેડફો નહિ. સાવધાન થઈ અને હોંશિયારીથી વર્તમાનનો ઉપયોગ કરો."[૨૧]

એક સમયે સિગાલ નામના યુવાનને વ્યસનોના દોષો અને ગૃહસ્થના કર્તવ્યો વિશે બુદ્ધે કહ્યું, "હે સિગાલ! મદ્યપાન કરવું, રાતે બહાર રખડવું, નાટક–તમાસાનું વ્યસન કરવું, જુગાર રમવો, દુષ્ટની દોસ્તી કરવી અને આળસુ બની પડી રહેવું–આ છ સંપત્તિનો નાશ કરનારાં છે. દારૂના વ્યસનથી સંપત્તિનો નાશ થાય છે, એમાં તો કંઈ કહેવાપણું જ નથી. આ ઉપરાંત દારૂથી કલહ અને રોગ વધે છે. દારૂ પીવાથી અપકીર્તિ થાય છે. દારૂ લજ્જાને મારી નાખે છે. દારૂ બુદ્ધિને નિર્બળ અને નીચ બનાવે છે. જેને રાતે રખડવાની ટેવ છે તેનો દેહ સુરક્ષિત રહેતો નથી, તેની પત્ની અને બાળકો પણ સુરક્ષિત રહેતાં નથી, તેની સંપત્તિને તે સંભાળી શકતો નથી, પોતાને કોઈ ઓળખી જશે એવો ભય તેને રહે છે, ખોટું બોલવાની તેને ટેવ પડી જાય છે અને અનેક વિપત્તિઓમાં તે આવી પડે છે. જેને નાટક, તમાસા અને જલસાઓ જોવાનું વ્યસન પડી ગયું હોય છે તે નાટક, તમાસા અને જલસાની શોધમાં જ ભમે છે, તેને પોતાની ફરજનું ભાન રહેતું નથી, તે પૈસા બગાડે છે અને જીવન પણ બગાડે છે. જુગારની લત પણ સારી નથી. જુગારી માણસ જીતે છે તો હારનારાઓ તેની અદેખાઈ કરે છે. તે હારે છે તો તેને દુઃખ થાય છે. જુગારીના વચનમાં કોઈ વિશ્વાસ રાખતું નથી. તેનાં સગાંવહાલાં અને મિત્રોને પણ તેના વચનમાં વિશ્વાસ હોતો નથી. તેઓ વારંવાર તેનું અપમાન કરે છે. કોઈ તેની સાથે નવો સંબંધ બાંધવા ઈચ્છતું નથી, કારણ કે સૌને તે કુટુંબનું પાલનપોષણ કરવા અસમર્થ જણાય છે. દુષ્ટની સોબત અત્યંત હાનિકર છે. જો કોઈ માણસ દુષ્ટની સોબત કરે છે તો પછી તેને ધૂર્ત, દારૂડિયા, લુચ્ચા, લફંગા, ચોર, વગેરે સર્વ પ્રકારના હલકા માણસોનો સહવાસ થાય છે અને પરિણામે દિવસે દિવસે તેનું પતન વધતું જાય છે. આળસનું વ્યસન પણ ખરાબ છે. આળસુ માણસ એક દિવસ ઘણી ઠંડીને લઈને પોતાનું કામ કરતો નથી, તો બીજે દિવસે અતિશય ગરમીને લઈને તે પોતાનું કામ કરતો નથી; એક દિવસ તેને સાંજ પડી ગઈ હોય છે એટલે કામ કરતો નથી, તો બીજે દિવસે

સવાર પડી હોતી નથી એટલે કામ કરતો નથી. આમ તે આજનું કામ આવતી કાલ પર નાખી નવી સંપત્તિ મેળવી શકતો નથી અને પૂર્વાર્જિત સંપત્તિનો નાશ કરે છે."

"હે સિગાલ! માબાપની પાંચ રીતે પૂજા કરવી જોઈએ. તેમનું કામ કરવું જોઈએ, તેમનું પોષણ કરવું જોઈએ, કુળમાં પરંપરાથી ચાલ્યાં આવેલાં સત્કર્મો કરવાનું ચાલુ રાખવું જોઈએ, તેમની સંપત્તિને યોગ્ય રીતે સાચવવી–વધારવી જોઈએ અને તેમને નામે દાનધર્મ કરવો જોઈએ. જો માબાપની આ પાંચ રીતે પૂજા કરવામાં આવે તો તેઓ પુત્ર ઉપર પાંચ ઉપકાર કરે છે. તેને પાપકર્મ કરતાં અટકાવે છે, તેને કલ્યાણનો માર્ગ દેખાડે છે, તેને કળાકૌશલ્ય શીખવે છે — સારું ભણાવે છે, યોગ્ય સ્ત્રી સાથે લગ્ન કરાવી આપે છે અને યોગ્ય સમયે પોતાની મિલકત તેને આપી દે છે."

"હે સિગાલ! ગુરુની પણ પાંચ રીતે પૂજા કરવી જોઈએ. ગુરુ પાસે આવે તો ઊભા થઈ આદર આપવો જોઈએ, તે માંદા થાય તો તેમની સેવા કરવી જોઈએ, તે જે શીખવે તે શ્રદ્ધાપૂર્વક ગ્રહણ કરવું જોઈએ, તેમનું જે કામ હોય તે કરી આપવું જોઈએ અને તે જે વિદ્યા આપે તેને બરાબર ગ્રહણ–ધારણ કરવી જોઈએ. જો શિષ્ય ગુરુની આ પાંચ રીતે પૂજા કરે તો ગુરુ તેના ઉપર પાંચ ઉપકાર કરે છે. તે તેને સદાચાર શીખવે છે, ઉત્તમ રીતે વિદ્યા શીખવે છે, પોતાને આવડતી બધી વિદ્યા શીખવે છે, પોતાનાં સગાંસંબંધીઓમાં તેના ગુણોની પ્રશંસા કરે છે અને તેના યોગક્ષેમની પણ ચિંતા સેવે છે."

"હે સિગાલ! પત્ની સાથેના સદ્વ્યવહારનાં પાંચ અંગો છે. તેને માન આપવું જોઈએ, તેનું અપમાન ન થવા દેવું જોઈએ, એકપત્નીવ્રત પાળવું જોઈએ, ઘરનો કારભાર તેને સોંપવો જોઈએ અને વસ્ત્રાલંકાર તેને પૂરાં પાડવાં જોઈએ. બદલામાં તે પાંચ ઉપકાર કરે છે. તે ઘરમાં સારી વ્યવસ્થા રાખે છે, નોકરચાકરને પ્રેમથી સંભાળે છે, પતિવ્રતા બને છે, પતિની સંપત્તિનું રક્ષણ કરે છે—ઉડાવતી નથી અને સર્વ ગૃહકાર્યમાં તત્પર રહે છે."

"હે સિગાલ! મિત્રો સાથેના સદ્વર્તનના પાંચ અંગો છે. તેમને આપવા યોગ્ય વસ્તુઓ આપવી જોઈએ, તેમને મીઠાં વચનો કહેવાં જોઈએ, તેમને ઉપયોગી થવું જોઈએ, તેમની સાથે સમભાવથી વર્તવું જોઈએ અને તેમની સાથે કપટ ન કરવું જોઈએ આવું સદ્વર્તન તેમની સાથે રાખીએ તો તેઓ આપણા

ઉપર પાંચ ઉપકાર કરે છે. એકાએક સંકટ આવી પડે તો તેઓ આપણું રક્ષણ કરે છે, સંકટમાં આપણી સંપત્તિનું પણ રક્ષણ કરે છે, સંકટકાળે તેઓ આપણને ધીરજ આપે છે, સંકટમાં તેઓ આપણને છોડી જતા નથી અને આપણા સંતાનો ઉપર પણ તેઓ ઉપકાર કરે છે."

"હે સિગાલ! ચાકરો સાથેના સદ્‌વર્તનનાં પણ પાંચ અંગો છે. તેમની શકિત જોઈ કામ ચીંધવું જોઈએ, તેમને યોગ્ય વેતન આપવું જોઈએ, માંદગીમાં તેમની સારવાર કરવી જોઈએ, કોઈ કોઈ વાર તેમને મિષ્ટાન્ન આપવું જોઈએ અને વખતોવખત ઉત્તમ કામ બદલ તેમને બક્ષિસ આપવી જોઈએ. શેઠ જો આ રીતે તેમની સાથે વર્તે તો ચાકરો તેમના ઉપર પાંચ ઉપકાર કરે છે. તેઓ શેઠના ઊઠયા પહેલાં ઊઠે છે, શેઠના સૂતા પછી સૂએ છે, શેઠના માલની ચોરી કરતા નથી, ઉત્તમ રીતે કામ કરે છે અને શેઠનો યશ ફેલાવે છે."

"હે સિગાલ! સાધુ પુરુષોની પાંચ રીતે પૂજા કરવી જોઈએ. શરીરચેષ્ટાથી તેમનો આદર કરવો જોઈએ, વાણીથી તેમનો આદર કરવો જોઈએ, મનથી તેમનો આદર કરવો જોઈએ, આદરપૂર્વક તેમને ભિક્ષા આપવી જોઈએ યા ભોજન કરાવવું જોઈએ અને આદરપૂર્વક ઉપયોગી ચીજો પણ તેમને આપવી જોઈએ. આ રીતે તેમની પૂજા કરવામાં આવતાં તેઓ છ ઉપકાર કરે છે. તેઓ પાપ કરતાં અટકાવે છે, કલ્યાણના માર્ગે વાળે છે, પ્રેમથી દયા કરે છે, ઉત્તમ ધર્મ શીખવે છે, શંકાઓનું નિવારણ કરી મનનું સમાધાન કરે છે અને સાચા સુખનો ખરો ઉપાય જણાવે છે."

"હે સિગાલ! દાન, પ્રિયવચન, પરોપકાર અને આત્મૌપમ્ય આ ચાર લોકોપકારનાં સાધનો છે. આ ચાર સાધનોનો ઉપયોગ કરી ડાહ્યો માણસ જગતમાં યશ અને ઉચ્ચ પદ પામે છે."[૨૨]

એક વાર બુદ્ધે વિશાખાને સ્ત્રીના સાધારણ કર્તવ્યો વિશે જે ઉપદેશ આપેલો તે આ પ્રમાણે છે: સ્ત્રીએ આદરપૂર્વક ઘરના વડીલોની સેવા કરવી જોઈએ, તેમને મધુર વેણ કહેવાં જોઈએ, તેમના ઊઠયા પહેલાં ઊઠવું જોઈએ અને તેમના સૂતા પછી સૂવું જોઈએ. તેણે ઘરના વડીલો ઉપરાંત પતિ જેમને આદર આપતો હોય તે સાધુજનોનું ઉચિત સન્માન કરવું જોઈએ. ઘરમાં રાખવામાં આવેલાં કપાસ, ઊન વગેરેનો યથોચિત ઉપયોગ કરવામાં તેણે નિપુણ બનવું જોઈએ. ઘરના સેવકો અને મજૂરોને જે કામ સોંપવામાં આવ્યું હોય તેને

પરિણામે, તે વસ્તુઓ નાશ પામતાં તેમના તરફ રાગ ધરાવતી વ્યક્તિ ખિન્ન બની જાય એ સ્વાભાવિક છે. રાગી મનુષ્યને ચિત્તની શાંતિ રહેતી નથી. ગમતી વસ્તુઓ તરફના રાગને લીધે જ મા દીકરા સાથે લડે છે, દીકરો મા સાથે લડે છે, બાપ દીકરા સાથે લડે છે, બેન ભાઈ સાથે લડે છે, મિત્ર મિત્ર સાથે લડે છે, વગેરે. શરીરની સુંદરતાનો દોષ કયો? હે ભિક્ષુઓ! સુંદર તરુણ શરીર વખત જતાં વૃદ્ધ થાય છે, કેડમાંથી વળી જાય છે, અવયવો ધ્રુજે છે, મોં બોખું થઈ જાય છે, માથે ધોળા વાળ આવી જાય છે, ડોક ડગડગ્યા કરે છે, ચામડી ઉપર કરચલીઓ પડી જાય છે, વગેરે. આ જ સૌન્દર્યનો દોષ છે."[૨૬]

શ્રાવસ્તીમાં એક દિવસ બુદ્ધે ભિક્ષુઓને કહ્યું, "હે ભિક્ષુઓ! દરેકે પાંચ બાબત પ્રત્યેક પળે યાદ રાખવી જોઈએ – હું ઘરડો થવાનો છું, મને રોગો થવાના છે, મારે પણ મરવાનું છે, પ્રિય ચીજ કે પ્રિય જનનો વિયોગ થવાનો જ છે અને હું જે ખરાબ કે સારું કર્મ કરીશ તેનું ફળ મને જ મળવાનું છે, કર્મ જ મારું ધન છે, કર્મ જ મારો બાંધવ છે. હું ઘરડો થવાનો છું એ વાતનું સ્મરણ રહેતાં મનુષ્યનો તારુણ્યમદ નષ્ટ થાય છે. તારુણ્યમદને લીધે માણસ ઘણાં પાપકર્મ કરે છે. તારુણ્યમદ નષ્ટ થતાં આવાં પાપકર્મોથી બચી શકાય છે. મને રોગો થવાના છે એ વાતનું સ્મરણ રહેતાં મનુષ્યનો આરોગ્યમદ નષ્ટ થાય છે અને પરિણામે આરોગ્યમદજન્ય કુકર્મોથી તે બચી જાય છે. હું મરણધર્મી છું એ વાતનું સ્મરણ રહેતાં મનુષ્યનો જીવિતમદ નષ્ટ થાય છે અને પાપકર્મો કરતાં તે અટકે છે. પ્રિય ચીજ યા પ્રિય જનનો વિયોગ અટળ છે એ વાતનું સ્મરણ રહેતાં પ્રિય વસ્તુ યા પ્રિય જન માટે પાપકર્મો કરતાં તે અટકે છે અને વિયોગદુ:ખનો ભોગ થઈ પડતો નથી. 'હું જે કર્મ કરીશ તેનું ફળ મને જ મળવાનું છે, કર્મ જ મારું ધન છે અને કર્મ જ મારો બાંધવ છે' આ વાતનું સ્મરણ રહેતાં મનુષ્ય પાપકર્મ કરતો નથી, પણ સત્કર્મો જ કરે છે."[૨૭]

શ્રાવસ્તીમાં અનાથપિંડિક શેઠને ઉદ્દેશી બુદ્ધ બોલ્યા, "હે ગૃહપતિ! જો મનુષ્ય ચિત્તનું દુર્વૃત્તિઓથી રક્ષણ કરે નહિ તો તેનાં કાયિક, વાચિક અને માનસિક કર્મો વિકારવશ થઈ બગડતાં જાય છે, પરિણામે તેનું આખું આયખું બગડે છે અને મરણકાળે તેને શાંતિ રહેતી નથી. ઘરનું છાપરું જો પાણીથી બરાબર રક્ષિત ન હોય તો ભીંતમાં પાણી ઊતરે છે, પરિણામે આખું ઘર દોદળું થઈ જમીનદોસ્ત થઈ જાય છે. તેવી જ રીતે, હે ગૃહપતિ! જો એક ચિત્તને બરાબર સંભાળીએ નહિ તો મનુષ્યનાં બધાં કર્મો વિકૃત બની અનિષ્ટ પરિણામો લાવે છે. તે જ

ચિત્તને બરાબર સંભાળવામાં આવે તો સર્વ કર્મો કુશલ બની કુશલ પરિણામો લાવે છે. ઘરનું છાપરું ઠીક હોય તો ઘર આખું સુરક્ષિત રહે છે. માટે, આપણે સૌએ ચિત્તનું દુર્વૃત્તિઓથી બરાબર રક્ષણ કરવું જોઈએ."[૨૮]

એક વાર બુદ્ધે ભિક્ષુઓને કહ્યું, "હે ભિક્ષુઓ! કોઈ રંગારો મેલું વસ્ત્ર રંગવા લાગે તો તે સારી રીતે રંગી શકાતું નથી. તેનું કારણ એ છે કે તે વસ્ત્ર મેલું છે. મેલા વસ્ત્ર ઉપર રંગ બરાબર ચડતો નથી. તેવી જ રીતે, ચિત્ત મેલું હોય તો તેના ઉપર સદ્ગુણનો–આધ્યાત્મિકતાનો રંગ ચડતો નથી. ચિત્તનો મેલ છે રાગ, દ્વેષ, ઈર્ષ્યા, માત્સર્ય, શઠતા, કુટિલતા, અભિમાન અને પ્રમાદ. મેલા વસ્ત્રને ધોઈ તેના ઉપર રંગ ચડાવવામાં આવે તો તેના ઉપર રંગ બરાબર ઉઘડે છે. તેવી જ રીતે, ચિત્તના મળોને દૂર કરી ચિત્તને સાફ કરવામાં આવતાં સદ્ગુણો તેનામાં સહેલાઈથી પ્રવેશે છે. માટે રાગ, દ્વેષ, વગેરે ચિત્તમળોને દૂર કરી ચિત્તને શુદ્ધ કરવું સૌ પ્રથમ જરૂરી છે. કેટલાક લોકો ગંગામાં સ્નાન કરીને પોતે શુદ્ધ થઈ ગયા એમ માને છે, કેટલાક ગયાતીર્થ જઈ આવ્યાથી પોતે શુદ્ધ થઈ ગયા એમ માને છે. ગયા, ગંગા મૂર્ખ માણસ રોજ જાય તો પણ શુદ્ધ થવાનો નથી. બધા સાથે વેર કરનારા પાપી માણસને ગંગા, ગયા, વગેરે શું કરી શકવાના? જે પુણ્યકર્મો કરે છે તેને તો સૌ સ્થાનો તીર્થ છે અને રોજ શુભ નક્ષત્ર છે. તેના હાથે હંમેશાં વ્રત થયા જ કરે છે. ડાહ્યા માણસે ધર્મકાર્યમાં જ પ્રવૃત્ત રહેવું અને સૌ જીવોને પ્રેમ કરવો."[૨૯]

એક વાર બુદ્ધે રાહુલને પૂછ્યું, "રાહુલ! દર્પણનો ઉપયોગ શો?" રાહુલે કહ્યું, "પોતાની જાતને જોવા માટે, પોતાની જાતનું નિરીક્ષણ કરવા માટે દર્પણનો ઉપયોગ છે." પછી બુદ્ધ બોલ્યા, "રાહુલ! જેમ લોકો પોતાના શરીરનું નિરીક્ષણ કરે છે તેમ તારે તારા પ્રત્યેક કર્મનું નિરીક્ષણ કરવું જોઈએ. કર્મનું બરાબર નિરીક્ષણ–પરીક્ષણ કર્યા પછી જ તારે કર્મ કરવું જોઈએ. મનથી, વચનથી કે કાયાથી જે કર્મ કરવાનો તું આરંભ કરવા માગતો હોય તે કર્મને વિશે તું પહેલાં વિચાર કે તે સ્વ અને પરનું કલ્યાણ કરનારું છે કે નહિ. જો તે પોતાના કે પારકાના હિતને આડે આવનારું જણાય તો તેનો આરંભ જ ન કર. જો તે પોતાનું અને પારકાનું હિત સાધનારું જણાય તો તે કર્મ તું અવશ્ય કર. કર્મ કરતાં કરતાં પણ તેનું નિરીક્ષણ–પરીક્ષણ કરતાં રહેવું જોઈએ અને જે પળે તે કર્મ સ્વ–પરહિતને બાધક જણાય તે પળે જ તેને અધવચમાં છોડી દેવું જોઈએ. જો તે સ્વ–પરહિતવર્ધક જણાય તો તેને ચાલુ રાખવું જોઈએ. વળી, રાહુલ!

કોઈ પણ કર્મ કર્યા પછી પણ તેનું નિરીક્ષણ–પરીક્ષણ કરવું જોઈએ. કરેલું કર્મ ખરાબ છે, સ્વ–પરહિતને હાનિકર છે અને પરિણામે દુઃખ લાવનારું છે એમ તને જણાય તો તેનો તારે પશ્ચાત્તાપ કરવો, તે દિવસથી ફરી તેવું કર્મ કરીશ નહિ એવો સંકલ્પ કરવો અને ફરી તેવું કર્મ કરવું નહિ. પરંતુ કરેલું કર્મ સ્વ–પરહિતકારી અને પરિણામે કલ્યાણકર જણાય તો આનંદ પામવો અને ફરી ફરી એવું કર્મ ખરા દિલથી કરવું. કર્મોને નિરીક્ષણ–પરીક્ષણની ચાળણીમાં ચાળી દુષ્કર્મોને જુદા પાડી દૂર કરી કેવળ શુદ્ધ કર્મો જ કરવાનો સ્વભાવ ઘડવો જોઈએ. કર્મોનું આવું નિરીક્ષણ–પરીક્ષણ અત્યંત આવશ્યક છે. સાધુસંતોએ પોતાનાં મન, વચન અને કાયાનાં કર્મોને આ રીતે જ શુદ્ધ કર્યાં છે, કરે છે અને કરશે. તું પણ તેમ કર."[૩૦]

એક દિવસ બુદ્ધે સંગારવ બ્રાહ્મણને ઉપદેશ આપતાં કહ્યું, "હે બ્રાહ્મણ! વાસણમાં પાણી ભરી તે પાણી સાથે ભૂરો કે કાળો રંગ ભેળવી તેમાં આપણે આપણી જાતને જોઈએ તો જાતનું પ્રતિબિંબ બરાબર દેખાતું નથી. તેવી જ રીતે, ચિત્તમાં કામવિકારો ભળેલા હોય ત્યારે આપણને આપણી જાતનું ભાન રહેતું નથી—આપણે માણસ મટી જઈએ છીએ, વિવેકહીન બની જઈએ છીએ. તે જ પાણીને ઉકાળતાં તેમાંથી વરાળ નીકળશે. આવા વરાળથી ઘેરાયેલા પાણીમાં પણ આપણે આપણું પ્રતિબિંબ જોઈ શકતા નથી. તેવી જ રીતે, ક્રોધથી ઘેરાયેલા ચિત્તમાં સ્વ–પરહિત શું છે તેનું સ્પષ્ટ ચિત્ર ઊઠતું નથી. તે જ પાણી શેવાળથી છવાઈ જાય છે ત્યારે પણ તેમાં આપણને આપણું પ્રતિબિંબ જણાતું નથી. તેવી જ રીતે, આપણું ચિત્ત જ્યારે આળસમાં સપડાઈ જડ બની જાય છે ત્યારે પણ તેમાં સ્વ–પરહિત શું છે તેનું ચિત્ર ઉપસતું નથી. તે જ પાણી જ્યારે પવનથી ચંચળ બને છે ત્યારે પણ આપણું સ્પષ્ટ પ્રતિબિંબ તેમાં પડતું નથી. તેવી જ રીતે, ચિત્ત જ્યારે ચંચળ હોય છે ત્યારે પણ તેમાં સ્વ–પરહિતનું સ્પષ્ટ ચિત્ર પડતું નથી. તે જ પાણી જ્યારે ગંદુ અને ડહોળું બને છે ત્યારેય તેમાં આપણું પ્રતિબિંબ પડતું નથી. તેવી જ રીતે, જ્યારે ચિત્ત સંશયથી કલુષિત બને છે ત્યારે પણ તેમાં સ્વ–પરહિતનું સ્પષ્ટ પ્રતિબિંબ પડતું નથી. આમ સ્વ–પરહિત શું છે તેનું સ્પષ્ટ ભાન કરવા માટે ચિત્તને કામવિકાર, ક્રોધ, જડતા, ચંચળતા અને સંશયથી મુક્ત કરવું જરૂરી છે."[૩૧]

બુદ્ધે એક વાર ભિક્ષુઓને કહ્યું, "હે ભિક્ષુઓ! જ્યારે ચિત્તમાં ખરાબ વિચારો આવે ત્યારે તેના વિરોધી સારા વિચારોને બળપૂર્વક ચિત્તમાં લાવવા.

જેમ કોઈ સુતાર પાટિયામાં બેસારેલી મેખને બીજી મેખ મારી કાઢી નાખે છે તેમ ખરાબ વિચારોને સારા વિચારો ચિત્તમાં ભરી કાઢી નાખવા. આટલાથી પણ જો સફળતા ન મળે તો ખરાબ વિચારોના દોષો વિચારવા. ખરાબ વિચારો કેવા અધ:પતનકારી અને દુ:ખપરિણામી છે તેનું ચિંતન કરવું. આટલાથી પણ કામ ન સરે તો ખરાબ વિચારો તરફ ધ્યાન જ ન આપવું, તેમની ઉપેક્ષા કરવી. આટલાથી પણ કામ ન સરે તો ખરાબ વિચારો કરવાથી શો લાભ છે તેનો પૂરેપૂરો વિચાર કરવો. વગર વિચાર્યે દોડતો માણસ પોતે શા માટે દોડે છે તે વિચારે તો તેનું દોડવાનું અટકી જાય છે. તેવી જ રીતે, ખરાબ વિચારો કરનાર માણસ જો વિચારે કે ખરાબ વિચારો કરવા શા માટે, તેમ કરવાથી શું પ્રયોજન સિદ્ધ થવાનું, તો તે ખરાબ વિચારો કરતો અટકી જશે. આનાથી પણ જો સફળતા ન મળે તો દાંત ભીંસી, જીભ તાળવે અડાડી બળપૂર્વક દુર્વિચારોને ચિત્તમાંથી હાંકી કાઢવા પ્રયત્ન કરવો, દુર્વિચારોનું દમન કરવું.”[૩૨]

બુદ્ધનો સમગ્ર ઉપદેશ તો મહાસાગર જેટલો વિસ્તૃત અને ગંભીર છે. અહીં તો તેનું કેવળ એક બિંદુ જ રજૂ કર્યું છે. તેમણે ત્રણ વસ્તુનો ઉપદેશ આપ્યો છે. તે ત્રણ વસ્તુ છે – શીલ, સમાધિ અને પ્રજ્ઞા. શીલ બૌદ્ધ ધર્મનો પાયો છે. એ અર્થમાં તે બૌદ્ધ ધર્મનો આદિ છે. સર્વ કુકર્મોમાંથી વિરતિ જ શીલ છે. સારા ભાવોમાં ચિત્તને એકાગ્ર કરવું એ સમાધિ છે. સમાધિ બૌદ્ધ ધર્મનો મધ્ય છે. પ્રજ્ઞામાં બૌદ્ધ ધર્મનું પર્યવસાન છે. જ્યારે ભિક્ષુ પ્રજ્ઞાથી સાક્ષાત્કાર કરે છે કે બધું અનિત્ય છે, દુ:ખમય છે, ‘હું’ કે ‘મારું’ કંઈ નથી ત્યારે દુ:ખનો સંપૂર્ણ નિરોધ થાય છે. પ્રજ્ઞા ઈષ્ટ–અનિષ્ટમાં સમભાવ પેદા કરે છે. રતિ–અરતિ, જય–પરાજય, રાગ–દ્વેષ, પાપ–પુણ્ય વગેરે દ્વંદ્વોથી પ્રજ્ઞાવાન પર થઈ જાય છે. બૌદ્ધ ધર્મમાં પણ તેને આસકિત રહેતી નથી. ધર્મ તરાપા જેવો છે. તે ભવ-સાગર તરી જવા માટે છે, તરી ગયા પછી કાંધે ઉપાડી ફરવા માટે નથી. પ્રજ્ઞાવાન ધર્મથી પણ પર થાય છે.[૩૩] શીલથી પાપકર્મોનું અતિક્રમણ થાય છે, સમાધિથી દુષ્ટ મનોવૃત્તિઓનું અતિક્રમણ થાય છે અને પ્રજ્ઞાથી ભવનું (પુન-ર્જન્મનું) અતિક્રમણ થાય છે. સમાધિ ક્લેશોને નબળા પાડે છે અને પ્રજ્ઞા તેમનો સમૂળ નાશ કરે છે. અહીં આપણે મહદંશે બુદ્ધના શીલોપદેશને રજૂ કર્યો છે. આના પછીના છઠ્ઠા અધ્યાયમાં સમાધિનું વિસ્તારથી નિરૂપણ કરીશું.

## ટિપ્પણ

1. अत्तदीपसुत्त, बुद्धचर्या (राहुल सांकृत्यायन)
2. वासेट्ठसुत्त, म. नि.
3. वसलसुत्त, सुत्तनिपात.
4. कोसलसंयुत्त
5. चूलमालुंक्यपुत्तसुत्त, म. नि.
6. महावियूहसुत्त, चूलवियूहसुत्त, दुट्ठट्ठकसुत्त, सु. नि.
7. अपण्णकसुत्त, म. नि.
8. महापरिनिब्बानसुत्त, दी. नि.
9. सालेय्यकसुत्त, म. नि.
10. वेळुद्वारेय्यकसुत्त, सं. नि.
11. धनसुत्त, अं. नि,
12. अंबलट्ठिक–राहुलोवादसुत्त, म. नि.
13. अक्कोसक–भारद्वाजसुत्त, सं. नि.
14. ककचूपमसुत्त, म. नि.
15. सल्लेखसुत्त, म. नि.
16. એજન
17. कोसलसंयुत्त
18. એજન
19. એજન
20. कीटागिरिसुत्त, म. नि.
21. भद्देकरत्तसुत्त, म. नि.
22. सिगालोवादसुत्त, म. नि.
23. दुतियविसाखासुत्त, अं. नि.
24. महापरिनिब्बानसुत्त, दी. नि.
25. कूटदन्तसुत्त, दी. नि.

२६. महादुक्खक्खंधसुत्त, म. नि.
२७. ठानसुत्त, अं. नि.
२८. कूटसुत्त, अं. नि.
२९. वत्थूपमसुत्त, म. नि.
30. अंबलट्ठिक–राहुलोवादसुत्त, म. नि.
3१. संगारवसुत्त, सं. नि.
3२. वितक्कसंठानसुत्त, म. नि.
33. अलगद्दूपमसुत्त, म. नि.

# અધ્યાય ૫

## ઉપાસકની સાધના

બુદ્ધની ધર્મદેશના પ્રધાનપણે ઘરબાર છોડી સંસારથી મુકત થવા માટે કમર કસનાર ભિક્ષુઓ માટે હતી. પરંતુ અધિકાંશ જનતા એકાએક આવા મહાત્યાગને માટે તૈયાર ન હતી. એટલે બુદ્ધે એને ઉપાસક–ઉપાસિકાના રૂપમાં સ્વીકારી ઉપાસકધર્મની શિક્ષા દીધી. આ ઉપાસકધર્મમાં નિષ્કામતા અને નૈષ્કર્મ્યના બદલે સંયમ, સંતોષ અને શુભ કર્મો પર ભાર હતો. 'બુદ્ધોપદેશ' નામના અધ્યાયમાંથી ઉપાસકનાં કર્તવ્યોનો મહદંશે ખ્યાલ આવી જાય છે, તેમ છતાં વિશેષરૂપે તેની સાધના શી છે તે જાણવા આ સ્વતંત્ર અધ્યાય છે.

ઉચ્ચ આધ્યાત્મિક સાધના ગૃહસ્થને માટે દુષ્કર છે. ગૃહવાસને કારણે એ સાધનામાં અનેક વિઘ્નો ઊભાં થાય છે. ઉપાસકની સાધનાનું ફળ નિર્વાણ નથી પણ સુગતિ છે. તેની સાધના મહદંશે અધિશીલશિક્ષામાં જ પર્યવસાન પામે છે.

કપિલવસ્તુના શાકય રાજપુત્ર મહાનામે બુદ્ધને પ્રશ્ન પૂછ્યો હતો કે બૌદ્ધ ઉપાસક કોને ગણવો?[1] બુદ્ધે ઉત્તર આપેલો કે જે કોઈ વ્યકિત, ભલે તે કોઈ પણ જાતિ કે ધર્મની હોય, છ નિયમોનું પાલન કરતી હોય એને હું ઉપાસક ગણું છું. એ છ નિયમો આ છે :

(૧) ત્રિશરણ—ઉપાસકે બુદ્ધ, ધર્મ અને સંઘને શરણે જવું આવશ્યક છે. તેણે મનથી સમજપૂર્વક સંકલ્પ કરવો જોઈએ કે 'बुद्धं शरणं गच्छामि, धम्मं शरणं गच्छामि, संघं शरणं गच्छामि'. બુદ્ધને શરણે જવાનો અર્થ છે 'બુદ્ધકારક ધર્મને શરણે જવું'.

(૨) પંચશીલ—ઉપાસકે પાંચ શીલોનું પાલન કરવું જોઈએ. અર્થાત્, એણે હિંસા ન કરવી જોઈએ, ચોરી ન કરવી જોઈએ, વ્યભિચાર ન કરવો જોઈએ, અસત્ય ન બોલવું જોઈએ અને માદક પદાર્થોનું સેવન ન કરવું જોઈએ.

(૩) શ્રદ્ધા—ઉપાસકે બુદ્ધને તત્ત્વજ્ઞ, સર્વશ્રેષ્ઠ ગુરુ, પથદર્શક અને સમ્યક્ સંબુદ્ધ માની એમાં દઢ શ્રદ્ધા રાખવી જોઈએ.

(૪) દાન—ઉપાસકે કૃપણતા ત્યાગી ઉદારતાપૂર્વક ધર્મકાર્યોમાં ધન વાપરવું જોઈએ અને યાચકોને દાન દેવા માટે સદા તત્પર રહેવું જોઈએ.

(૫) પ્રજ્ઞા—ઉપાસકે પદાર્થોની ઉત્પત્તિ અને નાશને વિચારપૂર્વક સમજવા જોઈએ તેમ જ દુઃખથી મુકત થવાના ઉપાયોને જાણવાનો પ્રયત્ન કરવો જોઈએ. એણે લોભ (अभिज्झा), દ્વેષ (व्यापाद), શરીર અને ચિત્તની આળસ (थीनमिद्ध), ઔદ્ધત્ય અને ત્રિરત્નમાં સંશયભાવ( विचिकित्सा )નો સર્વથા ત્યાગ કરવો જોઈએ.

(૬) શ્રુત—ઉપાસકે ધાર્મિક પ્રવચનોને ધ્યાનપૂર્વક સાંભળવા જોઈએ અને સાંભળ્યા પછી તેમના ઉપર મનન કરવું જોઈએ.

જે ઉપાસક પોતાની સાધનામાં વધુ ઊંડો જવા માગતો હોય તેણે ઉપર ગણાવેલાં પાંચ શીલ ઉપરાંત બીજાં ત્રણ શીલોનું પણ પાલન કરવું જોઈએ. તે ત્રણ શીલ છે– (૧) રાતે ભોજન ન કરવું, (૨) માળા અને સુગંધિત પદાર્થો અત્તર આદિનું સેવન ન કરવું અને (૩) ધરતી પર સાધારણ પથારી પાથરી સૂવું.[૨]

ઉપોસથના દિવસે અર્થાત્ આઠમ, ચૌદસ અને પૂનમના દિવસોએ હું આઠ શીલોનું પાલન કરીશ એવી પ્રતિજ્ઞા ઉપાસકે કરવી જોઈએ અને એ દિવસોએ એણે વિહારમાં રહેવું જોઈએ.

ઉપાસકે પોતે તો ઉપર્યુકત છ નિયમોનું પાલન કરવું જોઈએ, પરંતુ સાથે સાથે બીજાઓને પણ એ નિયમોનું પાલન કરવા માટે પ્રેરવા જોઈએ. સાચા ઉપાસકે માંગલિક વિધિકર્મોની અપેક્ષાએ પોતાના સત્કર્મો ઉપર જ વધુ નિર્ભર રહેવું જોઈએ.[૩]

અનેક પ્રસંગોએ બુદ્ધે ઉન્નત ભૂમિકાએ પહોંચેલા ઉપાસકોને કઠિન સાધના માટે આદેશ આપ્યો હતો. બુદ્ધે કહ્યું છે કે ગૃહસ્થો અષ્ટાંગમાર્ગનું આચરણ કરે તો તેને ગૃહત્યાગી ભિક્ષુ જેટલું જ ફળ મળે છે.[૪]

ઉપાસકોને માટે સૌથી મોટો ધર્મ મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા એ ચાર ભાવનાની વૃદ્ધિ કરવી તે છે.

દાન વિશે ઉપાસકને અનેક સૂચનાઓ આપવામાં આવી છે. બુદ્ધની આજ્ઞા અનુસાર દાન એવી વ્યકિતઓને જ આપવું જોઈએ જે દાનને પાત્ર હોય. આધ્યાત્મિક ભૂમિકાએ પહોંચેલો અને પોતાની સાધનામાં અનન્યભાવથી

લીન રહેતો ભિક્ષુ યા પરિવ્રાજક દાનને પાત્ર છે. જેમ રાજા પોતાના કલાકારો અને યોદ્ધાઓમાંથી સર્વોત્તમને પસંદ કરી તેને યોગ્ય પુરસ્કાર આપે છે—અયોગ્ય વ્યક્તિને નહિ—તેમ ગૃહસ્થે પણ દાન દેવામાં વિવેક કરવો જોઈએ.[૫] બુદ્ધ અનુસાર તે જ દાન સાત્ત્વિક છે જેમાં દાતા અને ગૃહીતા બંનેના ભાવ પવિત્ર હોય અને બંને શીલનું પાલન કરતા હોય.[૬] દાન કરનારે દાનના ફળરૂપે ધન, સંતાન, વગેરે ન ઇચ્છવાં જોઈએ.[૭] બુદ્ધે ભિક્ષુઓને સ્પષ્ટ આદેશ આપ્યો છે કે જેમને તમારા પ્રત્યે કે ધર્મ પ્રત્યે આદર ન હોય એવા લોકોનું દાન તમારે ન સ્વીકારવું જોઈએ[૮]. રોગીને જોવા જતા યા પીડિત લોકોને સહાય કરવા જતા સંતને આપેલું દાન પ્રશંસનીય છે.[૯]

ઉપાસકે શસ્ત્રો, પ્રાણીઓ, માંસ, મદિરા અને વિષનો વેપાર ન કરવો જોઈએ.[૧૦] તેણે ખોટાં તોલમાપનો ઉપયોગ ન કરવો જોઈએ. લાંચરુશ્વત, કુટિલતા જેવી રીતોથી તેણે આજીવિકા પ્રાપ્ત ન કરવી જોઈએ.[૧૧]

ભિક્ષુની આચારિક અને વૈચારિક શિથિલતાને દૂર કરવાની જવાબદારી ઉપાસકના ઉપર પણ છે. એવાં અનેક ઉદાહરણો છે જ્યાં ઉપાસકોએ ભિક્ષુ અને સંઘને શિથિલતાથી બચાવ્યા છે.[૧૨]

આમ ઉપાસક ત્રિરત્નમાં શ્રદ્ધા ધરાવે છે, ધર્મશ્રવણ કરે છે અને સુપાત્રને દાન દે છે. તે તીર્થયાત્રા પણ કરે છે. તીર્થો ચાર છે—કપિલવસ્તુ, બોધગયા, સારનાથ (ઋષિપત્તન) અને કુશીનારા. ઉપાસક ભદ્રદષ્ટિ અને ભદ્રશીલ હોય છે. તે કાયિક, વાચિક અને માનસિક દુશ્ચરિતથી બચે છે અને સદાચારી બને છે. પરિણામે તે દુર્ગતિથી બચે છે અને સુગતિ પ્રાપ્ત કરે છે. તે પોતાની સાધનાથી સોતાપત્તિ, સકૃદાગામી અને અનાગામી ભૂમિકાઓ સુધી પહોંચી શકે છે. આ ત્રણ ભૂમિકાઓ પાર કર્યા પછી તે અવશ્ય શ્રમણ (ભિક્ષુ) બને છે અને શ્રમણસાધનાથી અર્હત્પદ પામે છે.

## ટિપ્પણ

૧. **महानामसुत्त, गणपतिवग्ग, अं. नि.**

૨. **धम्मिकसुत्त, अं. नि.**

૩. **चण्डालसुत्त, उपासकवग्ग, अं. नि; सङ्खित्तसुत्त, उपोसथवग्ग, अं. नि.**

४. दुतियपटिपदासुत्त, सं. नि.

५. माघसुत्त, सुत्तनिपात; इस्सत्तसुत्त, सं. नि.

६. दक्खिणसुत्त, अं. नि.

७. दानूपपत्तिसुत्त, अं. नि.

८. पत्तनिकुज्जनसुत्त, अं. नि.

९. कालदानसुत्त, अं. नि.

१०. वणिज्जासुत्त, उपासकवग्ग, अं. नि.

११. लक्खणसुत्त, दी. नि.

१२. वर्षोपनायिकाक्खन्धक, विनयपिटक

# અધ્યાય ૬

## ભિક્ષુસાધના અને સમાધિમાર્ગ

સંસારને છોડયા વિના જે માણસ ગૃહસ્થજીવનની મર્યાદાઓમાં ધર્મનું પાલન કરે છે તે ઉપાસક છે. ઉપાસકની સાધના ભિક્ષુસાધનાની પૂર્વભૂમિકા છે. ઉપાસકની સાધનાથી જ નિર્વાણ યા આત્યંતિક દુ:ખનિવૃત્તિ પ્રાપ્ત થતી નથી. નિર્વાણપ્રાપ્તિ માટે ભિક્ષુસાધના અનિવાર્ય છે. ઉપાસકની સાધનાથી સુગતિ સંભવે છે પરંતુ આત્યંતિક દુ:ખનિવૃત્તિ સંભવતી નથી. ભિક્ષુસાધનાથી જ આત્યંતિક દુ.ખનિવૃત્તિ થાય છે. ભગવાન બુદ્ધે સ્પષ્ટપણે કહ્યું છે કે એવો કોઈ માણસ મારા ખ્યાલમાં નથી જેણે ગૃહસ્થ રહીને જ આત્યંતિક દુ:ખનિવૃત્તિ પ્રાપ્ત કરી હોય.[૧] બુદ્ધ સાચે જ ગૃહસ્થજીવનને પૂર્ણ સાધના માટે અયોગ્ય સમજતા હતા. એટલે જ એમણે ઘણી વ્યકિતઓને પ્રવ્રજ્યા લેવા ઉત્સાહિત કરી. ગૃહત્યાગ કરી ભિક્ષુ બન્યા વિના આત્યંતિક દુ:ખનિવૃત્તિ માટેની સાધના—પૂર્ણ સાધના અશકય છે. આ ભિક્ષુસાધનાને સમજીએ.

### [૧] ચાર આર્યસત્યોનું મનન—નિદિધ્યાસન

બુદ્ધે ચાર આર્યસત્યોનો ઉપદેશ આપ્યો છે – (૧) દુ:ખ છે (૨) દુ:ખનું મૂળ છે (૩) દુ:ખનો નિરોધ શકય છે (૪) દુ:ખનિરોધનો ઉપાય પણ છે.[૨] જેમ આયુર્વેદમાં રોગ, રોગહેતુ, આરોગ્ય (રોગનાશ) અને ભૈષજ્ય (દવા) એ ચાર સત્યો છે તેમ અધ્યાત્મશાસ્ત્રમાં દુ.ખ, દુ:ખહેતુ, દુ:ખનિરોધ અને દુ:ખનિરોધનો ઉપાય એ ચાર સત્યો છે.[૩] જેમ વૈદ્ય યોગ્ય દવા આપી રોગનો નાશ કરે છે તેમ બુદ્ધ દુ:ખનિરોધનો ઉપાય બતાવી દુ:ખનો નાશ કરે છે. આ કારણે જ બુદ્ધને મહાન વૈદ્યરાજ ગણવામાં આવ્યા છે.[૪] ભિક્ષુએ ચાર આર્યસત્યોનું મનન—ધ્યાન કરવું જોઈએ.

ચાર આર્યસત્યોની ઝાંખી થતાં, તેમનામાં શ્રદ્ધા જાગતાં, મનુષ્ય દુ:ખ-મૂળનો નાશ કરનાર અને દુ:ખમૂળના નાશના ઉપાયને પ્રત્યક્ષ અનુભવથી જાણનાર ગુરુ પાસે જઈ શ્રદ્ધાપૂર્વક તેનો શિષ્ય બને છે, ભિક્ષુ બને છે. બુદ્ધનું શરણ તે સ્વીકારે છે. બુદ્ધ શાસ્તા છે. બુદ્ધના અભાવમાં બુદ્ધધર્મ શાસ્તા છે.

દુઃખ છે. જગતના સર્વ પદાર્થો અનિત્ય છે, નિસ્સાર છે, દુઃખમય છે. વિષયોને ભોગવતી વખતે લાગતું સુખ પણ પરિણામે દુઃખ જ છે. જન્મ, જરા અને મૃત્યુ પણ દુઃખ જ છે. પ્રિયનો વિયોગ દુઃખ છે, અપ્રિયનો સંયોગ દુઃખ છે. ધનના ઉપાર્જનમાં, રક્ષણમાં અને વ્યયમાં પણ દુઃખ છે. અર્થ અનર્થકર છે. લોકો દુઃખદાહમાં બળી રહ્યા છે. સંસારમાં સુખ છે જ નહિ. મનુષ્યે આવાગમનના ચક્રમાં જેટલા આંસુ વહાવ્યા છે તે ચાર મહાસમુદ્રોના જળથી પણ અધિક છે. ગંગાના સમગ્ર પટમાં જેટલા રેતીના કણ છે તેનાથી પણ વધુ જન્મો તેણે લીધા છે. અને એક મનુષ્યે પૂર્વજન્મોમાં ધારણ કરેલાં શરીરોનાં હાડકાં ભેગાં કરવામાં આવે તો હિમાલયથી પણ મોટો પર્વત રચાય. ભિક્ષુ સંસારની દુઃખમયતાનો અને દુઃખના સ્વરૂપનો ઊંડો વિચાર કરે છે.[૫]

દુઃખનું મૂળ છે. કારણ વિના દુઃખ ઉત્પન્ન થાય નહિ. તેનું કારણ હોવું જ જોઈએ. દુઃખનું કારણ તૃષ્ણા છે. તૃષ્ણા જ સંસારદાવાનળમાં પ્રાણીઓને હોમે છે. તૃષ્ણા જ દુઃખરૂપ વિષયભોગ તરફ પ્રાણીઓને વાળે છે. વિષયભોગ તૃષ્ણાનું ઈંધન છે. વિષયભોગથી તૃષ્ણા વધે છે. તૃષ્ણાથી ચિત્ત વ્યગ્ર રહે છે. કરોળીઓ પોતે જાળ રચે છે અને તેમાં ફસાય છે. તેવી જ રીતે, તૃષ્ણાગ્રસ્ત પ્રાણી સાંસારિક જાળ રચે છે અને તેમાં ફસાય છે.[૬] તૃષ્ણા જ ખરું બંધન છે. આમ તૃષ્ણાનાં સ્વરૂપ અને દુઃખમય પરિણામોનો ભિક્ષુ ઊંડાણથી વિચાર કરે છે.

દુઃખનો નિરોધ શકય છે. તૃષ્ણાક્ષયથી જ દુઃખનો નાશ સંભવે છે. તૃષ્ણાનો નાશ થતાં જ ચિત્તની વ્યગ્રતા દૂર થાય છે. તૃષ્ણામુક્તનું ચિત્ત પરમ શાંતિ અનુભવે છે. તેની વિવેકબુદ્ધિ અને પ્રજ્ઞા પૂર્ણકળાએ ખીલે છે. વીતતૃષ્ણને રાગદ્વેષ કેવા? તે તેમનાથી પર થઈ જાય છે. તેનો પુનર્જન્મથી છૂટકારો થાય છે.[૭] આમ તૃષ્ણાક્ષય જ દુઃખનિવૃત્તિનું કારણ છે એ સત્યના ઉપર ભિક્ષુ ઊંડું ચિંતન-મનન કરે છે.

દુઃખના નિરોધનો ઉપાય છે. દુઃખને દૂર કરવું હોય તો તૃષ્ણાનો નાશ કરવો જોઈએ, પણ તૃષ્ણાનો નાશ કેવી રીતે કરવો? આ માટે બુદ્ધે આર્ય અષ્ટાંગિક માર્ગનો ઉપદેશ આપ્યો છે. એ માર્ગ તૃષ્ણાક્ષયનો ઉત્તમ માર્ગ કેવી રીતે છે તે ભિક્ષુ ઊંડાણથી વિચારે છે.

આ રીતે ભિક્ષુ ચાર આર્ય સત્યો ઉપર મનન કરે છે, ચિત્તને એકાગ્ર કરે છે. પરિણામે આર્યસત્યોની પ્રતીતિ વિશદ બનતી જાય છે. ઉત્તરોત્તર વિશદ

બનતી પ્રતીતિ આર્યસત્યોમાં ભિક્ષુની શ્રદ્ધાને વધુ ને વધુ દૃઢ બનાવે છે. દૃઢ શ્રદ્ધા સાધનાનો પાયો છે.

## [ ૨ ] શિક્ષાત્રય

બૌદ્ધોની સાધના ત્રિશિક્ષા કહેવાય છે. ત્રિશિક્ષા છે– શીલશિક્ષા (અધિ-શીલ), સમાધિશિક્ષા (અધિચિત્ત) અને પ્રજ્ઞાશિક્ષા (અધિપ્રજ્ઞા).[૮] આ જ વિશુદ્ધિનો માર્ગ છે. તૃષ્ણાનાશથી જ વિશુદ્ધિ થાય છે. એટલે આ ત્રિશિક્ષા તૃષ્ણાક્ષયનો ઉપાય કહેવાય છે. સંયુત્તનિકાયમાં ભગવાન કહે છે કે જે શીલમાં પ્રતિષ્ઠિત છે, જે સમાધિ અને વિપશ્યના(પ્રજ્ઞા)ની ભાવના કરે છે તે વીર્યવાન્ અને પ્રજ્ઞાવાન્ ભિક્ષુ તૃષ્ણાનો નાશ કરે છે.[૯] શીલ, સમાધિ અને પ્રજ્ઞાની સંક્ષિપ્ત સમજૂતી છેલ્લા અધ્યાયમાં આપી દીધી છે. શીલથી દુશ્ચરિત નાશ પામે છે, સમાધિથી તૃષ્ણા–સંકલેશ નાશ પામે છે અને પ્રજ્ઞાથી દૃષ્ટિ-સંકલેશ (અવિદ્યા) નાશ પામે છે. ઈતિવુત્તકમાં કહ્યું છે કે મોહાગ્નિના ઉપશમ માટે પ્રજ્ઞાની આવ-શ્યકતા છે. વસ્તુસ્વભાવનો સાક્ષાત્કાર કરવો તે પ્રજ્ઞાનું લક્ષણ છે. પ્રજ્ઞાનું સાક્ષાત્ કારણ સમાધિ છે. સમાહિત ચિત્ત જ યથાર્થદર્શી બને છે. ભિક્ષુની પૂર્ણ સાધનામાં શીલ, સમાધિ અને પ્રજ્ઞા ત્રણેયનો સમાવેશ થાય છે.[૧૦]

## [ ૩ ] દશ શીલ[૧૧]

પાપકર્મોમાંથી અટકવું તે શીલ છે શીલની ઉત્પત્તિ અને સ્થિતિમાં કારણભૂત બે મનોવૃત્તિઓ છે—પાપકર્મ કરતાં પોતાને લજ્જા થવી તે (=હ્રી) અને પાપકર્મ કરવામાં લોકાપવાદનો ભય હોવો તે (=અવત્રપ્ય =ઔત્તપ્ય). આ બે સારી મનોવૃત્તિઓ છે. તેથી તેમને ચિત્તના શુક્લ ધર્મો ગણ્યા છે.[૧૨] ભિક્ષુએ દસ પાપકર્મો કરતાં અટકવાનું છે. આમ તેણે દસ વિરતિઓનું પાલન કરવાનું છે. તે દસ વિરતિઓ આ પ્રમાણે છે–હિંસા ન કરવી, અસત્ય ન બોલવું, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો, માદક પદાર્થોનું સેવન ન કરવું, કવેળા ભોજન ન કરવું, માલા–અત્તરનો ઉપયોગ ન કરવો, નાચગાન દેખવા–સાંભળવા નહિ, સુવર્ણ–રજતનો સ્વીકાર ન કરવો અને કિંમતી શય્યા–આસનનો ઉપયોગ ન કરવો.[૧૩] ભિક્ષુના આ દસ શીલ કહેવાય છે. આ શીલો કેવળ નિષેધાત્મક નથી પરંતુ વિધેયાત્મક પણ છે. અહિંસાનો અર્થ હિંસા ન કરવી એટલો જ નથી પણ કરુણા, મૈત્રી, મુદિતા અને ઉપેક્ષાની ભાવનાનો વિકાસ કરી તેને અનુરૂપ આચરણ કરવું તે પણ છે. બધાં શીલોમાં અહિંસા જ મુખ્ય છે. બાકીનાં શીલો અહિંસાના પોષક છે, અહિંસાની શુદ્ધિ કરનારાં છે. શીલસંપન્ન ભિક્ષુની ત્રણ

શુચિ હોય છે–કાયશુચિ, વાક્શુચિ અને ચેતઃશુચિ. જે ભિક્ષુ મન, વચન અને કાયાથી અનાચાર કરતો નથી, જે અણુમાત્ર પાપથી પણ ડરે છે, જેની ઈન્દ્રિયો સંવૃત છે, જે આજીવ (=નિર્વાહ) માટે પાપી વૃત્તિઓનો આશ્રય લેતો નથી, જે ઉપકરણોનો ઉપયોગ વિવેકથી કરે છે, જે શરીરને વિભૂષિત કરવા નહિ પણ શરીરની લજ્જા ઢાંકવા ચીવરને ધારણ કરે છે, જે જીભના સ્વાદ ખાતર કે શરીરને પુષ્ટ કરવા ખાતર આહાર લેતો નથી પણ શરીરને ધર્મનું સાધન ગણી તેને ટકાવવા આહાર લે છે, વગેરે તે ભિક્ષુનું શીલ પરિપૂર્ણ બને છે. દુઃશીલ ભિક્ષુને વિષે ભગવાન કહે છે કે તે અસંયત ભિક્ષુ રાષ્ટ્રપિંડને ખાય તેના કરતાં તો તપાવેલા લોખંડના ગોળાને ખાય તે વધુ સારું. વળી, એવા દુઃશીલ ભિક્ષુને ભગવાન છિન્નમસ્તક તાડના ઝાડ સાથે સરખાવે છે, જે વિરૂઢિ, વૃદ્ધિ, ઉપચય અને વિસ્તાર માટે અયોગ્ય અને અભવ્ય બની ગયું છે. સમાધિમાર્ગની પૂર્વ શરત શીલ છે. જે શીલસંપન્ન છે તે જ સમાધિમાર્ગનો અધિકારી છે. તેથી જ શીલ પછી ચઢતા ક્રમમાં સમાધિને ગણાવવામાં આવી છે. ઉપર્યુક્ત દસ શીલ ઉપરાંત ભિક્ષુએ પ્રાતિમોક્ષસંવરરૂપ શીલનું પણ પાલન કરવું જોઈએ. પ્રાતિમોક્ષ-સંવરરૂપ શીલનું નિરૂપણ આપણે વિહારચર્યા ઉપરના અધ્યાયમાં કરીશું.

## [૪] બોધિપક્ષીય ધર્મો

જ્યારે બુદ્ધે પોતાના શિષ્યોની અંતિમ વિદાય લીધી અને મહાપરિનિર્વાણમાં પ્રવેશ કર્યો ત્યારે તેમણે શિષ્યોને કહ્યું, "હે ભિક્ષુઓ! મેં જે ધર્મોનો તમને ઉપદેશ દીધો છે, તે ધર્મોનો તમે અભ્યાસ કરજો અને વિકાસ કરજો. ભિક્ષુઓ! એ ધર્મો કયા છે? તે છે ચાર સ્મૃત્યુપસ્થાન, ચાર સમ્યક્ પ્રધાન, ચાર ઋદ્ધિ-પાદ, પાંચ ઈન્દ્રિય, પાંચ બલ, સાત બોધ્યંગ અને આર્ય અષ્ટાંગિક માર્ગ. આ ધર્મોના સેવનથી તમારું બ્રહ્મચર્ય ચિરસ્થાયી બનશે અને લોકોનું કલ્યાણ થશે." 'જેઓ આ ધર્મોમાં પ્રમાદરહિત બનીને ઉદ્યોગ કરશે તેમનું દુઃખ નાશ પામશે." ઉપર્યુક્ત સાડત્રીસ ધર્મો બોધિપક્ષીય ધર્મો કહેવાય છે. તેઓ બોધિ ભણી લઈ જનાર છે. તેઓ બોધિને અનુકૂળ અવસ્થાઓ છે. તેઓ વિશુદ્ધિનો માર્ગ છે. તેમને વિશે કોઈને વિવાદ નથી. તેઓ બૌદ્ધ ધર્મનો અવિવાદ સાધનામાર્ગ છે. બુદ્ધે આનંદને પૂછ્યું હતું કે બોધિપક્ષીય ધર્મો વિશે કોઈને કંઈ વિવાદ છે? આનંદે સ્પષ્ટપણે ના પાડી હતી.[૧૪] સઘળા બૌદ્ધ સંપ્રદાયોને આ ધર્મો માન્ય છે. બુદ્ધના નિર્વાણ પછી દાર્શનિક બાબતોને લઈને મતભેદ થયા છે પરંતુ સૌ બૌદ્ધ સાધકોએ બોધિપક્ષીય ધર્મોને સર્વસંમતિથી અપનાવ્યા છે. આ ધર્મો બુદ્ધ-

શાસનની પ્રતિષ્ઠા છે, એકતાની ભૂમિ છે. હવે આપણે આ ધર્મો શું છે, તેનો વિચાર કરીએ.

## (૧) આર્ય અષ્ટાંગિક માર્ગ[૧૫]

દુ:ખમૂળનો સમૂળ નાશ કરનારો ઉપાય એ જ આર્ય અષ્ટાંગિક માર્ગ. આમ ચોથું આર્યસત્ય અને આ માર્ગ બંને એક જ છે. આ માર્ગ 'અરણ' (દુ:ખરહિત) ધર્મ છે.[૧૬] આ માર્ગ આંખ ખોલી નાખનાર છે, બોધિ અને નિર્વાણ ભણી લઈ જનાર છે. આ કલ્યાણનો માર્ગ છે, અમૃતનો માર્ગ છે.[૧૭]

કામભોગ અને વિલાસનો માર્ગ ગ્રામ્ય, અશિષ્ટ અને હીન છે. ઘોર તપ અને કાયક્લેશનો માર્ગ દુ:ખમય અને અનર્થકર છે. તે બેની વચ્ચેનો તથાગત બુદ્ધે ઉપદેશેલો આ આર્ય અષ્ટાંગિક માર્ગ છે. તેથી આ માર્ગને મધ્યમમાર્ગ (મધ્યમા પ્રતિપદ્) કહેવામાં આવે છે. આ જ અનુત્તર શાંતિનો માર્ગ છે.[૧૮] આ માર્ગના આઠ અંગો નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| (૧) સમ્યક્ દષ્ટિ<br>(૨) સમ્યક્ સંકલ્પ | પ્રજ્ઞાસ્કન્ધ |
| (૩) સમ્યક્ વાણી<br>(૪) સમ્યક્ કર્મ<br>(૫) સમ્યક્ આજીવ | શીલસ્કન્ધ |
| (૬) સમ્યક્ વ્યાયામ<br>(૭) સમ્યક્ સ્મૃતિ<br>(૮) સમ્યક્ સમાધિ | સમાધિસ્કન્ધ |

સમ્યક્ દષ્ટિ—સમ્યક્ દષ્ટિના ત્રણ અર્થ છે (૧) ચાર આર્યસત્યોમાં શ્રદ્ધા[૧૯] (૨) કુશળ (=સારાં) કર્મ અને અકુશળ (ખરાબ) કર્મનો તેમ જ કુશળ કર્મનાં અને અકુશળ કર્મનાં કારણોનો વિવેક[૨૦] (૩) ચાર આર્યસત્યોનો સાક્ષાત્કાર.[૨૧]

ચાર આર્યસત્યોમાં શ્રદ્ધા એ માર્ગનો પાયો છે. આ અર્થમાં સમ્યક્ દષ્ટિ શીલનું કારણ છે. કુશળ-અકુશળ કર્મોનો તેમ જ તેમનાં કારણોનો વિવેક શીલનું હાર્દ છે. ચાર આર્યસત્યોનો સાક્ષાત્કાર (પ્રજ્ઞા) માર્ગની પરમ કોટિ છે. આ અર્થમાં સમ્યક્ દષ્ટિ માર્ગનું પર્યવસાન છે.

કાયિક, વાચિક અને માનસિક કર્મો બે પ્રકારનાં હોય છે – કુશલ અને અકુશલ. આ કર્મોનો આ રીતે વિભાગ કરવો તે વિવેક. આવો વિવેક સમ્યક્ દૃષ્ટિ છે. મજ્ઝિમનિકાયમાં[૨૨] આ કર્મોનો વિભાગ નીચે પ્રમાણે છે.

| | અકુશલ | કુશલ |
|---|---|---|
| કાયકર્મ | (૧) પ્રાણાતિપાત (હિંસા) | (૧) અ–હિંસા |
| | (૨) અદત્તાદાન (ચોરી) | (૨) અ–ચૌર્ય |
| | (૩) મિથ્યાચાર (વ્યભિચાર) | (૩) અ–વ્યભિચાર |
| વાચિકકર્મ | (૪) મૃષાવચન (અસત્ય) | (૪) અ–મૃષાવચન |
| | (૫) પિશુનવચન (ચાડીચુગલી, નિંદા) | (૫) અ–પિશુનવચન |
| | (૬) પરુષવચન (કઠોર વચન) | (૬) અ–કટુવચન |
| | (૭) સંપ્રલાપ (બકવાદ, વ્યર્થભાષણ) | (૭) અ–સંપ્રલાપ |
| માનસકર્મ | (૮) અભિધ્યા (લોભ) | (૮) અ–લોભ |
| | (૯) વ્યાપાદ (પ્રતિહિંસા) | (૯) અ–પ્રતિહિંસા |
| | (૧૦) મિથ્યા દૃષ્ટિ (ખોટું વલણ) | (૧૦) અ–મિથ્યાદૃષ્ટિ |

અકુશલ કર્મોનાં મૂળ છે લોભ, દ્વેષ અને મોહ. એથી વિપરીત કુશલ કર્મોનાં મૂળ છે અલોભ, અદ્વેષ અને અમોહ.

સમ્યક્ સંકલ્પ—શ્રદ્ધા પ્રમાણે નિશ્ચય થાય અને નિશ્ચય પ્રમાણે આચાર થાય. સંકલ્પનો અર્થ છે નિશ્ચય. આમ સમ્યક્ સંકલ્પ સમ્યક્ દૃષ્ટિ (શ્રદ્ધા) અને શીલને જોડનાર મજબૂત કડી છે. ચાર આર્ય સત્યોની શ્રદ્ધાને અનુરૂપ સંકલ્પ તૃષ્ણારાહિત્યનો, અદ્રોહનો અને અહિંસાનો જ હોય. તૃષ્ણા જ બધા દુઃખોની જનની છે. દ્રોહ અને હિંસા પોતાનું તેમજ બીજાનું અકલ્યાણ કરનારાં છે. તેથી આ માર્ગના પથિકે દૃઢ સંકલ્પ કરવો જોઈએ કે પોતે વિષયોની તૃષ્ણા નહિ રાખે, કોઈ જીવનો દ્રોહ નહિ કરે અને કોઈ પ્રાણીની હિંસા નહિ કરે.

સમ્યક્ વાણી—જેણે તૃષ્ણારાહિત્યનો, અદ્રોહનો અને અહિંસાનો સંકલ્પ કર્યો હોય તે કદી અસત્ય ન બોલે, કઠોર વેણ ન કહે, ચાડી–ચુગલી ન કરે, નિંદા ન કરે પરંતુ સત્ય બોલે, મધુર વેણ કહે અને સર્વભૂતોપકારક વાણી બોલે. "આ માર્ગનો પથિક સર્વ પ્રાણીને હિતકર વાણી બોલે અથવા મૌન ધારણ કરે"—બુદ્ધ ભગવાનનો આ આદેશ છે. આ જ સમ્યક્ વાણી છે.

સમ્યક્ કર્મ—જેણે તૃષ્ણારાહિત્ય, અદ્રોહ અને અહિંસાનો સંકલ્પ કર્યો હોય તે આસક્ત થઈ કંઈ પણ ગ્રહણ ન કરે તેમ જ બીજાને દુઃખ થાય એવાં કાયિક, વાચિક કે માનસિક કર્મો ન કરે. આ જ સમ્યક્ કર્મ છે. સમ્યક્ કર્મમાં દસ શીલના અને વિહારચર્યાના નિયમોના પાલનનો સમાવેશ થાય છે. જે સાધક સમ્યક્ કર્મનું આચરણ કરતો નથી તે પોતાનો જડમૂળથી નાશ કરે છે.

સમ્યક્ આજીવ—આજીવનો અર્થ છે આજીવિકા. સમ્યક્ સંકલ્પની અવિરોધી આજીવિકાને સમ્યક્ આજીવિકા ગણાય. આજીવિકામાં મુખ્યપણે અન્ન અને વસ્ત્રનો સમાવેશ થાય છે. આ બેય વસ્તુઓ ભિક્ષુને બીજાની પાસેથી મેળવવાની હોય છે તૃષ્ણારાહિત્ય, અદ્રોહ અને અહિંસાનો તેનો સંકલ્પ હોઈ તે સાધનાર્થે શરીર ટકાવવા ભોજન લે છે અને ટાઢતડકાથી શરીરનું રક્ષણ કરવા તેમ જ લાજ ઢાંકવા જ ચીવર ધારણ કરે છે. ભોજન અને ચીવર પ્રાપ્ત કરવા તેના સમ્યક્ સંકલ્પને તોડે એવું કંઈ તે કરતો નથી. જ્યોતિષ, સામુદ્રિક વિદ્યા, મંત્રપ્રયોગ આદિનો ઉપયોગ તે આજીવિકા મેળવવા કરતો નથી. તે ભિક્ષામાં જે મળે તે લે છે. કોઈવાર ન મળે તો પણ પ્રસન્ન રહે છે. ચીવર મળે તો ઠીક, ન મળે તો ચીંથરાંમાંથી પણ ચીવર બનાવી લે છે. આ તેની સમ્યક્ આજીવિકા.

સમ્યક્ વ્યાયામ—વ્યાયામ એટલે પ્રયત્ન. સમ્યક્ સંકલ્પથી અવિરોધી પ્રયત્ન તે સમ્યક્ વ્યાયામ. જેણે તૃષ્ણારાહિત્ય, અદ્રોહ અને અહિંસાનો સંકલ્પ કર્યો હોય છે તે ભોગ, દ્રોહ, હિંસા આદિના બુરા વિચારો ચિત્તમાં ન ઊઠે તે માટે પ્રયત્ન કરે છે અને ઊઠ્યા હોય તો તેમને ચિત્તમાંથી હાંકી કાઢવા પ્રયત્ન કરે છે, તે મૈત્રી આદિ સદ્‌ભાવનાઓને ચિત્તમાં જગાડવાનો પ્રયત્ન કરે છે અને જાગી હોય તો તેમને ચિત્તમાં ટકાવી રાખવાનો પ્રયત્ન કરે છે. આ જ સમ્યક્ વ્યાયામ છે.

સમ્યક્ સ્મૃતિ—સ્મૃતિનો અર્થ છે સાવધાની, અપ્રમાદ યા જાગૃતિ. સમ્યક્ સંકલ્પને અનુરૂપ સ્મૃતિ સમ્યક્ સ્મૃતિ છે. જેણે તૃષ્ણારાહિત્ય, અદ્રોહ અને અહિંસાનો સંકલ્પ કર્યો છે તેણે ભોગ, દ્રોહ, હિંસા આદિના બુરા વિચારો પોતાના ચિત્તમાં દાખલ થઈ ન જાય એ માટે અત્યંત સાવધ રહેવું જોઈએ. ચિત્તને બુરા વિચારોની કુટેવ અનાદિ કાળથી પડેલી છે. તેથી, જરા પણ પ્રમાદ સેવ્યો તો તરત જ ચુપકીદીથી ચોરની પેઠે બુરા વિચારો ચિત્તમાં દાખલ થઈ જાય છે. અપ્રમાદ યા સ્મૃતિ ચિત્તમહેલનો દ્વારપાળ છે. તે બુરા વિચારોરૂપી

ચોરને ચિત્તમહેલમાં દાખલ થતાં રોકી ચિત્તમહેલનું રક્ષણ કરે છે. આ ઉપરાંત, ચાર સ્મૃત્યુપસ્થાનોનો પણ સ્મૃતિમાં સમાવેશ થાય છે. આ ચાર સ્મૃત્યુપસ્થાનોની સમજૂતી યોગ્ય સ્થાને આપીશું.

સમ્યક્ સમાધિ—સમાધિ એટલે ચિત્તની એકાગ્રતા. તેનો વિષય કુશલ હોય તો તેને કુશલ સમાધિ કહેવાય અને તેનો વિષય અકુશલ હોય તો તેને અકુશલ સમાધિ કહેવાય. કુશલ સમાધિ જ સમ્યક્ સમાધિ છે. આમ સન્મનોવૃત્તિઓમાં ચિત્તને સમાહિત કરવું, પ્રતિષ્ઠિત કરવું યા એકાગ્ર કરવું એ જ સમ્યક્ સમાધિ છે. સમ્યક્ સમાધિને પરિણામે યથાર્થદર્શી પ્રજ્ઞાનો ઉદય થાય છે, આર્યસત્યોનો સાક્ષાત્કાર થાય છે અને ભવનો અંત થાય છે અર્થાત્ પુનર્જન્મ અટકી જાય છે. સમ્યક્ સમાધિમાં ચાર ધ્યાનોનો સમાવેશ થાય છે. આ ચાર ધ્યાનોનું વર્ણન યોગ્ય સ્થાને આપીશું.

શરૂઆતમાં આપેલા કોષ્ઠકમાં દર્શાવ્યું છે તેમ આર્ય અષ્ટાંગિક માર્ગ ત્રણ સ્કંધોમાં (=વિભાગોમાં) વિભક્ત થઈ જાય છે—પ્રજ્ઞાસ્કંધ, શીલસ્કંધ અને સમાધિસ્કંધ. સમ્યક્ દૃષ્ટિ અને સમ્યક્ સંકલ્પ પ્રજ્ઞાસ્કંધમાં સમાવેશ પામે છે. સમ્યક્ વાણી, સમ્યક્ કર્મ અને સમ્યક્ આજીવ શીલસ્કંધમાં સમાવેશ પામે છે. અને સમ્યક્ વ્યાયામ, સમ્યક્ સ્મૃતિ અને સમ્યક્ સમાધિ સમાધિસ્કંધમાં સમાવેશ પામે છે. આ ત્રણ સ્કંધોને ભગવાને ત્રણ સંપત્તિ અને ત્રણ મહાયજ્ઞો તરીકે ગણ્યા છે. આ ત્રણ સ્કંધોને શિક્ષાત્રય પણ કહેવામાં આવે છે.

## (૨) પાંચ ઇન્દ્રિયો અર્થાત્ મુખ્ય શક્તિઓ[૨૩]

આધ્યાત્મિક વિકાસની પાંચ મુખ્ય શક્તિઓ છે— શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિ, સમાધિ અને પ્રજ્ઞા.[૨૪] આર્ય અષ્ટાંગિક માર્ગનાં અંગોની સાથે આ શક્તિઓની (ઇન્દ્રિયોની) એકતાનો વિચાર કરીએ તો શ્રદ્ધા અને પ્રજ્ઞા બંનેયનો સમાવેશ સમ્યક્ દૃષ્ટિમાં થાય છે, વીર્ય એ જ સમ્યક્ વ્યાયામ છે, સ્મૃતિ એ જ સમ્યક્ સ્મૃતિ છે અને સમાધિ એ જ સમ્યક્ સમાધિ છે. આધ્યાત્મિક વિકાસના ક્રમને દૃષ્ટિમાં રાખી આ પાંચ ઇન્દ્રિયોનો વિભાગ જુદો આપવામાં આવ્યો હોય એમ લાગે છે.

ચિત્તનું કદાગ્રહરાહિત્ય ચિત્તને સાચું અને સારું ગ્રહણ કરવા તત્પર બનાવે છે. આ કદાગ્રહરાહિત્ય અને એને પરિણામે જન્મતી સત્યપ્રવણતા જ ચિત્તનો સંપ્રસાદ છે. આ સંપ્રસાદ એ જ શ્રદ્ધા છે.[૨૫] આવું ચિત્ત ચાર આર્ય

સત્યોમાં અને ત્રણ રત્નોમાં (બુદ્ધ, ધર્મ અને સંઘમાં) શ્રદ્ધા ધરાવે છે. 'દુ:ખ છે, દુ:ખનાં કારણો છે, તે કારણોને દૂર કરી દુ:ખમુક્ત થઈ શકાય છે અને તે કારણોને દૂર કરવાનો ઉપાય પણ છે' આ ચાર આર્ય સત્યોમાં શ્રદ્ધા જાગતાં જ દુ:ખનાં કારણોને દૂર કરવાનો ઉપાય જાણી તેને પ્રયોજવા તે પ્રયત્ન આરંભે છે. આ જ વીર્ય છે.[૨૬] દુ:ખનાં કારણભૂત અકુશલ મનોવૃત્તિઓ ચિત્તમાં દાખલ ન થાય એ ખાતર તે સતત જાગ્રત રહે છે. આ છે સ્મૃતિ.[૨૭] સતત આધ્યાત્મિક જાગૃતિને પરિણામે ચિત્ત કુશલ મનોવૃત્તિઓમાં સમાહિત થાય છે, પ્રતિષ્ઠિત થાય છે. આ છે સમાધિ. આવા સમાહિત ચિત્તના સઘળા મળો દૂર થઈ જાય છે. ચિત્ત વિશુદ્ધ બને છે. ચિત્ત વિશુદ્ધ બનતાં પ્રજ્ઞાનો ઉદય થાય છે. પ્રજ્ઞા એ નિર્મળ વિજ્ઞાન જ છે. તે યથાભૂતદર્શી અને સત્યસાક્ષાત્કારમયી છે. આમ શ્રદ્ધામાં પ્રતિષ્ઠિત થઈ સાધક વીર્યારંભ કરે છે. શ્રદ્ધામાંથી જ વીર્યનો ઉદય થાય છે. વીર્યારંભ કરનારની સ્મૃતિ સ્થિર થાય છે. જેની સ્મૃતિ સ્થિર હોય છે એનું ચિત્ત સમાધિમગ્ન બને છે. અને ચિત્તની સમાધિમાંથી જ પ્રજ્ઞાનો ઉદય થાય છે. બીજી રીતે કહીએ તો, શ્રદ્ધાની સિદ્ધિ થવાથી વીર્યનો ઉદય થાય છે, વીર્યની સિદ્ધિ થવાથી સ્મૃતિનો ઉદય થાય છે, સ્મૃતિની સિદ્ધિ થવાથી સમાધિનો ઉદય થાય છે અને સમાધિની સિદ્ધિ થવાથી પ્રજ્ઞાનો ઉદય થાય છે. એટલે જ તેમને આધ્યાત્મિક વિકાસના ક્રમિક સોપાન ગણવામાં આવ્યાં છે.

વિશુદ્ધિમાર્ગ વગેરે બૌદ્ધ ગ્રંથોમાં આ પાંચ શકિતઓની સમતુલા વિશે વિચાર કરવામાં આવ્યો છે. શ્રદ્ધાનો અતિરેક થઈ જાય અને પરિણામે પ્રજ્ઞા મંદ બને તો મનુષ્ય ભળતી વાત ઉપર વિશ્વાસ રાખી ફસાય છે. પ્રજ્ઞા ( = જ્ઞાન, બુદ્ધિ ) બળવત્તર થાય અને શ્રદ્ધા મંદ થાય તો મનુષ્યનો પરોપકાર આદિ કૃત્યો ઉપરથી વિશ્વાસ ઊઠી જાય છે અને તે સ્વાર્થી અને ભોગી બને છે. તેથી આ બે શકિતઓની સમતુલા જાળવવી આવશ્યક છે. સમાધિ મંદ થઈ જાય અને વીર્ય( = ઉત્સાહ )નું જોર વધે તો માણસ ઉદ્‌ભ્રાન્તચિત્ત બને છે. આથી ઊલટું જો સમાધિનું બળ વધી જાય અને ઉત્સાહ મંદ પડી જાય તો માણસ આળસુ બની જાય છે, ઊંઘવામાં સુખ માને છે અને પરિણામે કોઈ પણ ઈષ્ટ કાર્ય પાર પાડી શકતો નથી. તેથી આ બે શકિતઓની પણ સમતુલા જાળવવી જરૂરી છે. સ્મૃતિ અર્થાત્ જાગૃતિ તો સર્વત્ર હોવી જ જોઈએ. કઈ શકિત વધી છે અને કઈ મંદ પડી છે તેની ભાળ રાખવાનું કામ સ્મૃતિનું છે. સ્મૃતિ સાધકને ચેતવે છે કે સમતુલા રહી નથી. સાધક સફાળો થાય છે અને સમતુલા જાળવી લે છે. આમ અહીં પાંચ શકિતઓનો બીજી દષ્ટિએ વિચાર કરવામાં આવ્યો છે.

અહીં આપણે શ્રદ્ધા વિશે થોડો વિશેષ વિચાર કરી લઈએ. બૌદ્ધ ધર્મે જેમ અન્ય અનેક અતિવાદોનો સમન્વય કર્યો છે તેમ શ્રદ્ધા અને બુદ્ધિનો પણ સમન્વય કર્યો છે. બૌદ્ધ ધર્મ પ્રાયઃ બુદ્ધિપ્રધાન ધર્મ મનાય છે અને એ મહદંશે સાચી માન્યતા છે. બુદ્ધે કાલામોને આપેલો ઉપદેશ સ્મરણીય છે. બુદ્ધ અંધ-વિશ્વાસના સખત વિરોધી હતા. બુદ્ધિનો પુરસ્કાર કરનાર એમના જેવો બીજો ધર્મપ્રણેતા વિશ્વે જાણ્યો નથી. તેમ છતાં, એમણે શ્રદ્ધાની મહત્તાનો સ્વીકાર કર્યો છે અને એને બુદ્ધિ દ્વારા નિયંત્રિત કરી છે. બુદ્ધના પ્રત્યેક શિષ્ય પાસે એ અપેક્ષા રાખવામાં આવે છે કે તે તથાગત બુદ્ધમાં શ્રદ્ધા રાખે, બુદ્ધની સંબોધિમાં શ્રદ્ધા રાખે. પરંતુ આ શ્રદ્ધા અંધવિશ્વાસના રૂપમાં નહિ પરંતુ બુદ્ધિસમ્મત અનુભવના રૂપમાં હોવી જોઈએ. બુદ્ધે અત્યંત મહત્ત્વપૂર્ણ શબ્દોમાં ભિક્ષુઓને કહ્યું છે કે તમારે બુદ્ધ જ્ઞાની છે કે નહિ તેની બરાબર પરીક્ષા કરવી જોઈએ અને પરીક્ષા પછી જો તમને જણાય કે તે પરમજ્ઞાની છે તો જ તેમનો સ્વીકાર કરવો જોઈએ, અન્યથા નહિ. આજથી અઢી હજાર વર્ષ પહેલાં બુદ્ધે પોતાના શિષ્યોને આમ કહેવું કેટલું અભૂતપૂર્વ અને કેટલું આશ્વાસનમય છે ! જો તેમણે આમ ન કહ્યું હોત તો માનવજગતને આજે બૌદ્ધ ધર્મના રૂપમાં મોટામાં મોટું આશ્વાસન ક્યાંથી મળત? મસીહ, પયગંબર યા ઈશ્વરમાં શ્રદ્ધા ન ધરાવતા વિશ્વના અસંખ્ય વિચારકોને અને બૌદ્ધિકોને શાંતિ ક્યાંથી મળત? બુદ્ધ હોય, ધર્મ હોય, સંઘ હોય કે બીજી કોઈ વસ્તુ, તેની પરીક્ષા કરવી જ જોઈએ. બુદ્ધે ભિક્ષુઓને સદા આ કહ્યું છે. જ્યારે તેઓને લાગતું કે ભિક્ષુ કોઈ વાતને સમજ્યા વિના પોતાના ગૌરવને લીધે પોતાની 'હા'માં 'હા' ભણે છે ત્યારે તેઓ ટોકતા, "હે ભિક્ષુઓ! શું તમે શાસ્તાના ગૌરવને લીધે તો 'હા' નથી કહેતાને? ભિક્ષુઓ! જે તમારું દેખેલું અને અનુભવેલું છે તે જ જણાવો છો ને?"[૨૮] આ પ્રમાણે બુદ્ધિની પ્રતિષ્ઠા કરીને બુદ્ધે શ્રદ્ધાનો ઉપદેશ દીધો છે. શ્રદ્ધા અને બુદ્ધિને એકબીજાના વિરોધી તેમણે ગણ્યા જ નથી. તે બંને એકબીજાના પોષક છે. કદાગ્રહરાહિત્ય અને એને પરિણામે જન્મતી સત્યપ્રવણતા જ શ્રદ્ધા છે. નિરીક્ષણ–પરીક્ષણની વૃત્તિ જ બુદ્ધિ છે. તેથી, બુદ્ધિની સહાય વિના શ્રદ્ધા સત્યને પામી શકતી નથી, અને સત્યના માર્ગે વાળનાર તેમ જ તેમાં પ્રતિષ્ઠિત કરનાર શ્રદ્ધાના બળ વિના બુદ્ધિ અહીંતહીં આથડી નિર્વીર્ય અને મોઘ બને છે. બુદ્ધિ વિના શ્રદ્ધા આંધળી છે અને શ્રદ્ધા વિના બુદ્ધિ પાંગળી છે. બુદ્ધના ઉપદેશમાં શ્રદ્ધા અને બુદ્ધિનો સમન્વય છે—સહકાર છે. તેમની શ્રદ્ધા પ્રજ્ઞાન્વિત છે. શ્રદ્ધા પુરુષનું શ્રેષ્ઠ ધન છે.[૨૯] શ્રદ્ધા અમૃતરૂપી ખેતીનું બીજ છે.[૩૦] પ્રવ્રજ્યા શ્રદ્ધાપૂર્વક જ લેવાય છે. 'તમે શ્રદ્ધાથી પ્રવ્રજ્યા લીધી છે' એમ

ભિક્ષુને વારંવાર યાદ દેવડાવવામાં આવે છે. શ્રદ્ધા સાધનાની આધારભૂમિ છે. શ્રદ્ધા સાધનાની અધિપતિ છે. બધી પુણ્યકારી વસ્તુઓનો યા અવસ્થાઓનો આધાર શ્રદ્ધા છે. જો કે સત્યપ્રાપ્તિ માટે બહુકારી ધર્મ તો પ્રધાન ( =વ્યાયામ, વીર્ય ) છે પરંતુ શ્રદ્ધા સત્યની અનુરક્ષા કરે છે.[૩૧] શ્રદ્ધા પ્રજ્ઞાનો સાથ છોડવા નથી ચાહતી અને પ્રજ્ઞા શ્રદ્ધાનો સાથ છોડવા નથી ચાહતી. આ બૌદ્ધ ધર્મની વિશેષતા છે. જો શ્રદ્ધાને આપણે હૃદયનું પ્રતીક માનીએ અને પ્રજ્ઞાને બુદ્ધિ સમજીએ તો આપણે કહી શકીએ કે બુદ્ધે હૃદય અને બુદ્ધિનો સમન્વય કર્યો છે. આ જ કારણે એમનો ધર્મ કરોડો વ્યક્તિઓ માટે શરણ બની શક્યો અને બધી પ્રકૃતિના મનુષ્યો એમાં આશ્વાસન લઈ શક્યા. શ્રદ્ધા વિના સાધના અશક્ય છે. શ્રદ્ધા જાગ્યા પછી જ મનુષ્ય જ્ઞાની પાસે જાય છે, ઉપાસના કરે છે, ધ્યાન દઈ ધર્મ સાંભળે છે, ધર્મને ગ્રહણ કરે છે, ગ્રહણ કરેલા ધર્મની પરીક્ષા કરે છે, પછી એને ઉત્સાહ થાય છે અને વીર્યારંભ કરે છે, પછી સમાધિ દ્વારા ધર્મનો પોતે સાક્ષાત્કાર કરે છે અને છેવટે પ્રજ્ઞાથી સત્યનો વેધ કરે છે. "જો શ્રદ્ધા ન જાગે તો જ્ઞાની પાસે જવાનું ન બને, ધ્યાન દઈ ધર્મ સાંભળવાનું ન બને, ધર્મનું ગ્રહણ ન થાય, ધર્મની પરીક્ષા ન થાય, ઉત્સાહ ન જાગે, પુરુષાર્થ ન થાય અને સત્યનો—ધર્મનો સાક્ષાત્કાર ન થાય. આમ જેનામાં શ્રદ્ધા નથી જાગી એ મોઘપુરુષ ધર્મથી ઘણો દૂર ફંટાઈ જાય છે." ભાવ અને બુદ્ધિની સમતુલા ગુમાવનાર આજની અસ્તવ્યસ્ત માનવજાતને માટે તથાગત બુદ્ધની પ્રજ્ઞાન્વિત શ્રદ્ધા એક અદ્‌ભુત વરદાન છે.

## (૩) પાંચ બળ[૩૨]

પાંચ બલ છે—શ્રદ્ધાબલ, વીર્યબલ, સ્મૃતિબલ, સમાધિબલ અને પ્રજ્ઞાબલ. પાંચ ઇન્દ્રિયોનાં જે નામ છે તે જ નામ પાંચ બલનાં છે. ઇન્દ્રિય અને બલ વચ્ચે મુખ્ય ભેદ એ છે કે ઇન્દ્રિય ક્રિયાશીલ હોય છે અને બલ ઇન્દ્રિયની ક્રિયાનું પરિણામ હોઈ સ્થિર યા સિદ્ધ હોય છે. ઇન્દ્રિય બલના રૂપમાં પરિણમે છે.

## (૪) ચાર ઋદ્ધિપાદ[૩૩]

ઋદ્ધિ એટલે ચમત્કારિક શક્તિ. તે ચાર છે – (૧) છંદસમાધિપ્રધાનસંસ્કાર-યુક્ત ઋદ્ધિપાદ અર્થાત્ ઇચ્છાશક્તિના સમાધિપ્રયત્નના સંસ્કારથી યુક્ત ચમત્કારિક શક્તિ, (૨) વીર્યસમાધિપ્રધાનસંસ્કારયુક્ત ઋદ્ધિપાદ અર્થાત્ વીર્યશક્તિના સમાધિ-પ્રયત્નના સંસ્કારથી યુક્ત ચમત્કારિક શક્તિ, (૩) ચિત્તસમાધિપ્રધાનસંસ્કારયુક્ત ઋદ્ધિપાદ અર્થાત્ જ્ઞાનશક્તિના સમાધિપ્રયત્નના સંસ્કારથી યુક્ત ચમત્કારિક શક્તિ

અને (૪) મીમાંસાસમાધિપ્રધાનસંસ્કારયુક્ત ઋદ્ધિપાદ અર્થાત્ મીમાંસાશક્તિના સમાધિપ્રયત્નના સંસ્કારથી યુક્ત ચમત્કારિક શક્તિ.

આ ચાર ઋદ્ધિપાદોનું વિશેષ વર્ણન મળતું નથી. સમાધિના અભ્યાસને પરિણામે સાધકને પ્રાપ્ત થતી સિદ્ધિઓની સૂચી મળે છે. પરંતુ સાધકે સિદ્ધિઓના આકર્ષણમાં ફસાવું ન જોઈએ અને તેમનો પ્રયોગ ન કરવો જોઈએ. સિદ્ધિઓનો પ્રયોગ કરવાથી સાધના ખંડિત થાય છે. ચમત્કારિક શક્તિઓનું પ્રદર્શન નહિ કરવાનો સ્પષ્ટ આદેશ બુદ્ધે ભિક્ષુઓને આપ્યો હતો.

## (૫) ચાર સમ્યક્ પ્રધાન[૩૪]

બુદ્ધશાસનમાં પ્રધાનનો અર્થ છે 'નિર્વાણ માટે પ્રયત્ન, પુરુષાર્થ, વીર્ય-સાધના.' સમ્યક્ પ્રધાન અને અષ્ટાંગમાર્ગનું અંગ સમ્યક્ વ્યાયામ બંને એક જ છે. 'પ્રધાન' શબ્દ સૂચવે છે કે બુદ્ધશાસનમાં સાધના યા અભ્યાસ જ મુખ્ય છે. આ શાસન ઉદ્યોગ માટે છે, સાધના માટે છે, સિદ્ધાન્તવાદ યા બૌદ્ધિક આયાસ માટે નથી. તીવ્ર પ્રયત્નથી જ સત્યની પ્રાપ્તિ થાય છે. એટલે જ અશ્વઘોષે બુદ્ધને માટે કહ્યું છે, 'तीव्रैः प्रयत्नैरधिगम्य सत्यम्.'[૩૫] તીવ્ર પ્રયત્ન દ્વારા એમણે સત્યની પ્રાપ્તિ કરી હતી, અને ત્યારે જ જ્ઞાનમય દીપક બનીને એમણે વિશ્વને પ્રકાશ આપ્યો હતો. જે સાધના દ્વારા એમણે સત્યનો લાભ કર્યો હતો એ સાધના તેઓ બીજાને પણ શિખવતા. આ સાધનામાર્ગ તીવ્ર પ્રયત્નનો માર્ગ છે. તીવ્ર પ્રયત્નને જ તેઓ 'પ્રધાન' કહેતા. તેમણે પ્રધાનને સત્યપ્રાપ્તિનો બહુકારી ધર્મ કહ્યો છે. એનો અર્થ એ કે "જો કોઈ પ્રધાન કરે છે તો તે સત્યને પ્રાપ્ત કરે છે અને જો તે પ્રધાન નથી કરતો તો તે સત્યને પ્રાપ્ત નથી કરતો."[૩૬] આ જ વાતને દોહરાવતાં બુદ્ધે બીજી જગાએ કહ્યું છે કે પ્રયત્ન કર્યા વિના આત્યંતિક દુઃખમુક્તિ મળતી નથી. તેથી સાધકે ઇન્દ્રિયોને કાબૂમાં રાખવાનો, ભોજનની માત્રા જાળવવાનો, જાગ્રત રહેવાનો અને બોધિપક્ષીય ધર્મોની ભાવના કરવાનો પ્રયત્ન (=પ્રધાન) કરવો જોઈએ. આ થઈ પ્રધાનની સામાન્યપણે વાત. પરંતુ જ્યારે ચાર પ્રધાનોની વિશેષરૂપે વાત કરવામાં આવે છે ત્યારે નીચેના ચાર પ્રધાનો અભિપ્રેત હોય છે: (૧) જે અકુશલ મનોવૃત્તિઓ ઉત્પન્ન નથી થઈ તે ઉત્પન્ન ન થાય એ માટે પ્રયત્ન કરવો, ચિત્તનો નિગ્રહ કરવો તે પ્રથમ સમ્યક્ પ્રધાન છે. (૨) જે અકુશલ મનોવૃત્તિઓ ઉત્પન્ન થઈ ગઈ છે તેમના વિનાશ માટે પણ એવો જ પ્રયત્ન કરવો એ દ્વિતીય સમ્યક્ પ્રધાન છે. (૩) આવી જ રીતે, અનુત્પન્ન કુશલ મનોવૃત્તિઓને ઉત્પન્ન કરવા ઉત્તરોત્તર દૃઢ

પ્રયત્ન કરવો એ તૃતીય સમ્યક્ પ્રધાન છે. (૪) ઉત્પન્ન કુશલ મનોવૃત્તિઓનાં સ્થિતિ, અવિનાશ, વૃદ્ધિ અને વિપુલતા માટે ઉદ્યોગ કરવો એ ચતુર્થ સમ્યક્ પ્રધાન છે.[૩૭]

## (૬) ચાર સ્મૃત્યુપસ્થાન[૩૮]

'સ્મૃતિ' શબ્દનો અર્થ છે આધ્યાત્મિક જાગૃતિ, અપ્રમાદ. કાયિક, વાચિક અને માનસિક ક્રિયાઓ કરવામાં અત્યંત સાવધાન રહેવું એ સ્મૃતિ છે. સ્મૃતિનો સતત અભ્યાસ બુદ્ધે બોધિપ્રાપ્તિ પહેલાં કર્યો હતો. અનેક વાર એમણે કહ્યું છે, "મેં અદમ્ય વીર્યનો આરંભ કર્યો હતો. એ વખતે મારી સ્મૃતિ અમુષિત હતી."[૩૯] વસ્તુતઃ 'અમુષિતસ્મૃતિ' ભગવાન બુદ્ધનું એક નામ બની ગયું હતું. સાધક ભિક્ષુને વિષે અનેક વાર કહેવામાં આવ્યું છે કે તે ભોજન પછી આસન લગાવી, શરીરને ટટાર કરી, સ્મૃતિ ઉપસ્થિત કરી ધ્યાન કરે છે.[૪૦] રાહુલને ઉપદેશ દેતાં બુદ્ધે સ્મૃતિના અભ્યાસ ઉપર ભારે ભાર મૂક્યો છે.[૪૧] બુદ્ધના પરિનિર્વાણની વેળાએ આનંદે જ્યારે તેમને પૂછ્યું કે સ્ત્રીઓ તરફના કામભાવથી બચવા શું કરવું ત્યારે તેમણે કહ્યું હતું, "હે આનંદ! સ્મૃતિને ઉપસ્થિત રાખવી." જેટલી દુષ્ટ કામનાઓ છે તે બધીને જીતવાનો ઉપાય સ્મૃતિ છે. તે મારને પરાસ્ત કરવાનું અમોઘ શસ્ત્ર છે. મિથ્યા મતવાદરૂપી જેટલા પ્રવાહો આ લોકમાં વહે છે તેમનાથી બચવાનો ઉપાય સ્મૃતિ છે. અતિવાદોથી બચવા સ્મૃતિ રાખવાની સલાહ ભગવાને આપી છે. એમણે પોતે કહ્યું છે, "પરસ્પર વિરોધી છેડાની દષ્ટિઓથી બચવા માટે, તેમનું અતિક્રમણ કરવા માટે મેં ચાર સ્મૃત્યુપસ્થાનોનો ઉપદેશ આપ્યો છે."[૪૨] સ્મૃત્યુપસ્થાનોનો ઉપદેશ અનુત્તર શાંતિની સાધના માટે છે, બૌદ્ધિક વાદોથી બચવા માટે છે. બુદ્ધ પોતાના ઉપદેશક્રમમાં પહેલાં સાધક ભિક્ષુને ભોજનની માત્રાનો ઉપદેશ દેતા અને પછી જાગ્રત રહેવાનો અર્થાત્ સ્મૃતિ જાગતી રાખવાનો ઉપદેશ દેતા.[૪૩] આનાપાનસ્મૃતિ, ચાર સ્મૃત્યુપસ્થાન અને સાત બોધ્યંગને તેઓ નિર્વાણ–સાધનાની ક્રમિક અવસ્થા માનતા. તેઓ કહેતા કે આનાપાનસ્મૃતિ ચાર સ્મૃત્યુપસ્થાનોને પૂર્ણ કરે છે, ચાર સ્મૃત્યુપસ્થાન સાત બોધ્યંગોને પૂર્ણ કરે છે અને સાત બોધ્યંગો અનાસકિતને યા વિમુકિતને તેમ જ જ્ઞાન યા પ્રજ્ઞાને પૂર્ણ કરે છે.[૪૪]

'સ્મૃતિ' શબ્દની સાથે 'સંપ્રજન્ય' શબ્દનો પ્રયોગ પણ મળે છે. 'સંપ્રજન્ય' શબ્દનો અર્થ છે પ્રત્યવેક્ષણ. પ્રત્યવેક્ષણ શેનું? ચિત્ત અને કાયાનું. સાધક ભિક્ષુના મહત્ત્વના વિશેષણ તરીકે 'સ્મૃતિ–સંપ્રજન્યયુકત' આવે છે.[૪૫] સ્મૃતિમાન્ ભિક્ષુ દુસ્તર સંસારસાગર તરી જાય છે.[૪૬] એથી ઊલટું જેની સ્મૃતિ

નષ્ટ થઈ છે તે નાશ પામે છે. પ્રત્યેક અવસ્થામાં ભિક્ષુએ જાગ્રત રહેવું જોઈએ, કોઈ પણ ક્રિયા અનવધાનથી યા બેદરકારીથી ન કરવી જોઈએ. દીર્ઘશ્વાસ લેતી વખતે પોતે દીર્ઘ શ્વાસ લઈ રહ્યો છે તેનું તેને જ્ઞાન હોવું જોઈએ. હ્રસ્વ શ્વાસ લેતી વખતે પોતે હ્રસ્વ શ્વાસ લઈ રહ્યો છે તેનું તેને જ્ઞાન હોવું જોઈએ. તે ચાલતો હોય ત્યારે પોતે ચાલી રહ્યો છે તેનું તેને જ્ઞાન હોવું જોઈએ. તેને સુખાનુભવ થતો હોય ત્યારે પોતાને સુખાનુભવ થઈ રહ્યો છે તેનું તેને જ્ઞાન હોવું જોઈએ. તેને દુ:ખાનુભવ થતો હોય ત્યારે પોતાને દુ:ખાનુભવ થઈ રહ્યો છે તેનું તેને જ્ઞાન હોવું જોઈએ. આમ શરીરની, વાણીની અને ચિત્તની પ્રત્યેક ક્રિયા કરતી વખતે પોતે કઈ અને કેવી ક્રિયા કરી રહ્યો છે તેનું જ્ઞાન ભિક્ષુને હોવું જોઈએ. સ્મૃતિ અને સંપ્રજન્યથી મનુષ્ય શારીરિક અને માનસિક પીડાઓ ઉપર વિજય મેળવે છે. બુદ્ધે શારીરિક અને માનસિક પીડાઓને સ્મૃતિ–સંપ્રજન્ય દ્વારા સહન કરી હતી. સારિપુત્ર અને મૌદ્ગલ્યાયન જેવા શિષ્યોના મૃત્યુને કારણે ઉદ્ભવેલા દુ:ખને સહન કરવા માટે શાસ્તાની પાસે સ્મૃતિ અને સંપ્રજન્ય બે સાધનો હતાં અને એમના વિયોગથી દુ:ખ પામેલા ભિક્ષુઓને આશ્વાસન દેવા માટે આથી વિશેષ બીજું કંઈ એમની પાસે ન હતું — 'હે ભિક્ષુઓ! એ કયાંથી મળે જે નાશ પામી ગયું છે. બધું અનિત્ય છે. માટે, હે ભિક્ષુઓ આત્મદીપ બનીને, સ્મૃતિ અને સંપ્રજન્યથી યુકત બનીને વિહરો.'[૪૭] સ્મૃતિ અને સંપ્રજન્યનો અભ્યાસ તથાગતની પ્રત્યેક શારીરિક અને માનસિક ક્રિયામાં સમાયેલો હતો. એમનું ઊભવું, બેસવું, ઊઠવું, સૂવું, ચાલવું, બોલવું બધું સ્મૃતિ–સંપ્રજન્યપૂર્વક હતું. એમના જેવો જાગ્રત અને અપ્રમાદી પુરુષ વિશ્વે ભાગ્યે જ જોયો છે. બોધિપક્ષીય ધર્મોના વર્ગીકરણમાં સ્મૃતિની ગણના ચાર વાર કરવામાં આવી છે. એ જ બતાવી આપે છે કે બૌદ્ધ સાધનામાં તેનું કેટલું બધું મહત્ત્વ છે. આર્ય અષ્ટાંગિક માર્ગમાં તે સાતમું અંગ છે. પાંચ ઈન્દ્રિયોમાં અને પાંચ બલોમાં તેનું સ્થાન ત્રીજું છે. સાત બોધ્યંગોમાં તે પ્રથમ છે.

સ્મૃત્યુપસ્થાન એટલે સ્મૃતિનો ઉદય, સ્મૃતિની ઉપસ્થિતિ. સ્મૃત્યુપસ્થાનના ચાર ક્ષેત્ર છે—કાયા, વેદના, ચિત્ત અને ધર્મો અર્થાત્ તત્ત્વો. આમ ચાર સ્મૃત્યુ-પસ્થાન છે—કાયસ્મૃત્યુપસ્થાન, વેદનાસ્મૃત્યુપસ્થાન, ચિત્તસ્મૃત્યુપસ્થાન અને ધર્મસ્મૃત્યુપસ્થાન. આમને જ ક્રમશ: કાયાનુપશ્યના, વેદનાનુપશ્યના, ચિત્તાનુ-પશ્યના અને ધર્માનુપશ્યના કહેવામાં આવે છે.

કાયસ્મૃત્યુપસ્થાન — આને કાયગતાસ્મૃતિ પણ કહેવામાં આવે છે. મજ્ઝિમ-નિકાયના સતિપટ્ઠાનસુત્તમાં તેમ જ કાયગતાસતિસુત્તમાં તેનું વર્ણન નીચે પ્રમાણે છે.

ભગવાને કહ્યું, "હે ભિક્ષુઓ! ભિક્ષુ કેવી રીતે કાયામાં કાયાનુપશ્યી બનીને વિહરે છે? તે અરણ્યમાં, વૃક્ષ નીચે કે નિર્જન સ્થળે પલાંઠી વાળી, સ્મૃતિ જાગ્રત રાખી ટટાર બેસે છે. તે સભાનપણે સાવધાનીપૂર્વક શ્વાસ લે છે અને મૂકે છે. દીર્ઘ શ્વાસ લેતો હોય તો દીર્ઘ શ્વાસ લઉં છું એમ તે જાણે છે, દીર્ઘ શ્વાસ મૂકતો હોય તો દીર્ઘ શ્વાસ મૂકું છું એમ તે જાણે છે, ટૂંકો શ્વાસ લેતો હોય તો ટૂંકો શ્વાસ લઉં છું એમ તે જાણે છે, ટૂંકો શ્વાસ મૂકતો હોય તો ટૂંકો શ્વાસ મૂકું છું એમ તે જાણે છે, આખા શરીરને સ્થિર કરી તે શ્વાસ લે છે અને મૂકે છે, કાયાના બધા સંસ્કારો—વિકારો શાંત કરી તે શ્વાસ લે છે અને મૂકે છે. આ પ્રમાણે સાવધાનીથી અને અપ્રમાદથી શ્વાસ લેવા-મૂકવાથી અકુશળ મનોવૃત્તિઓ નાશ પામે છે."

"વળી, તે ભિક્ષુ ચાલતો હોય તો જાણે છે કે હું ચાલું છૂં, ઊભો હોય તો જાણે છે કે હું ઊભો છું, બેઠો હોય તો જાણે છે કે હું બેઠો છું, પથારીમાં પડ્યો હોય તો જાણે છે કે હું પથારીમાં પડ્યો છું. જે જે અવસ્થામાં શરીર હોય તે અવસ્થાનું તેને જ્ઞાન-ભાન હોય છે. આ પ્રમાણે સાવધાનીથી વર્તતાં તેની અકુશળ મનોવૃત્તિઓ નાશ પામે છે અને ચિત્ત એકાગ્ર બને છે."

"વળી, તે ભિક્ષુ જતાંઆવતાં, આમતેમ જોતાં, પાત્રચીવર ધારણ કરતાં, ખાતાંપીતાં, મળમૂત્રનો ઉત્સર્ગ કરતાં, ચાલતાં, ઊભતાં, બેસતાં, આરામ કરતાં, જાગતાં, બોલતાં, મૌન ધારણ કરતાં સાવધાનીથી વર્તે છે. આ પ્રમાણે સાવધાનતાથી વર્તતાં તેની અકુશળ મનોવૃત્તિઓ નાશ પામે છે અને ચિત્ત શાંત બને છે."

"વળી, તે ભિક્ષુ પગના તળિયાથી માથાના વાળ સુધીનો આખો દેહ ગંદા પદાર્થોથી ભરપૂર છે તેનું સતત ભાન રાખે છે. દેહમાં રહેલાં વાળ, રૂંવાડાં, નખ, દાંત, ચામડી, માંસ, સ્નાયુ, હાડકાં, અસ્થિમજ્જા, મૂત્રાશય, હૃદય, યકૃત, ક્લોમ, પ્લીહા, ફેફસાં, આંતરડાં, હોજરીના રસો, વિષ્ટા, પિત્ત, કફ, પરૂ, લોહી, પરસેવો, ચરબી, આંસુ, વસા, થૂંક, શેડા, મૂત્ર, વગેરે ગંદા પદાર્થોને તે મનશ્ચક્ષુથી તાદૃશ દેખે છે. આવી જાગૃતિથી અકુશળ મનોવૃત્તિઓ નાશ પામે છે."

"વળી, તેને સતત ભાન હોય છે કે આ શરીર તો પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુનો સંઘાત છે. આખા શરીરને તે આ ચાર મહાભૂતોમાં વિભક્ત કરીને દેખે છે. આવી જાગૃતિથી અકુશળ મનોવૃત્તિઓ નાશ પામે છે."

"વળી, તે શબોની વિવિધ દશાઓને દેખે છે અને સતત યાદ કરે છે. લાંબો વખત પડી રહેવાથી ફૂલી ગયેલા શબને (ઉદ્ધુમાતક), કાળા પડી ગયેલા શબને (વિનીલક), પરૂથી લદબદ શબને (વિપુબ્બક), પ્રાણીઓ વડે બટકાં ભરાયેલા શબને (વિક્ખાયિતક), અસ્તવ્યસ્ત અવયવોવાળા શબને (વિક્ખિત્તક), અળગાં થઈ ગયેલાં અંગોવાળા શબને (હતવિક્ખિત્તક), લોહીથી તરબોળ શબને (લોહિતક), કીડાથી ખદબદતા શબને (પુળવક), સડવાને લીધે છિદ્રોવાળા શબને (વિચ્છિદ્દક) અને હાડપિંજરરૂપ શબને (અટ્ઠિક) તે મસાણમાં જઈ જુએ છે અને તે શબની દશાઓને સતત યાદ કરે છે. તે વિચારે છે કે આ બધાથી મારું શરીર મુકત નથી, તેની પણ આ જ દશા થવાની છે. આ વાતની સતત જાગૃતિ તેના ચિત્તને અકુશળ મનોવૃત્તિઓમાંથી વાળી કુશળ મનોવૃત્તિઓમાં સ્થાપે છે." ઉદ્ધુમાતક આદિને દસ અશુભો કહેવામાં આવે છે.

કાયગતાસ્મૃતિના વર્ણનની છ કંડિકાઓ ઉપર આવી છે. પ્રથમ કંડિકામાં આનાપાનસ્મૃતિનું વર્ણન છે. આ સૂચવે છે કે આનાપાનસ્મૃતિનો કાયગતાસ્મૃતિમાં સમાવેશ થાય છે અને કાયગતાસ્મૃતિનું તે પ્રથમ પગથિયું છે, બીજી અને ત્રીજી કંડિકાઓમાં દરેક શારીરિક ક્રિયાને સભાનપણે કરવાનું કહ્યું છે. ઘણી વાર માણસ અજાણતાં પાંદડાં તોડે છે, સ્વગત બબડે છે, હાથના ચાળા કરે છે, આમતેમ ફાંફાં મારે છે, વગેરે. આવી વ્યકિતનું ચિત્ત સમાધિથી બહુ દૂર છે. પોતાની શારીરિક ક્રિયાઓ ઉપર કાબૂ મેળવવા આપણે નિરંતર જાગ્રત રહેવું જોઈએ. ચોથી કંડિકામાં જ મુખ્ય કાયગતાસ્મૃતિનું વર્ણન છે. પાંચમી કંડિકામાં આપેલું વર્ણન ચતુર્ધાતુ અવસ્થાનથી ભિન્ન નથી, પરંતુ તે કાયગતાસ્મૃતિને સહાયક હોવાથી તેનો સમાવેશ કાયગતાસ્મૃતિમાં કરવામાં આવ્યો છે. છઠ્ઠી કંડિકામાં દસ અશુભોને દેખી એમની દુરવસ્થાઓને પોતાના શરીરમાં ઘટાવવાની અને એ દુરવસ્થાઓની સતત જાગૃતિ રાખવાની વાત છે. અહીં સાવચેતી એ રાખવાની છે કે કાયગતાસ્મૃતિના અભ્યાસના આરંભમાં પુરુષે સ્ત્રીનું કે સ્ત્રીએ પુરુષનું શબ દેખવું નહિ.

કાયગતાસ્મૃતિની ભાવના કરનાર ભિક્ષુએ આનાપાનસ્મૃતિની ભાવના ન કરી હોય તો તેને નુકસાન થવાનો સંભવ છે. તેને પોતાના દેહ તરફ તિરસ્કાર જાગે છે અને તે આત્મહત્યા કરી બેસે છે. આ કારણે જ કાયગતાસ્મૃતિના પ્રારંભમાં આનાપાનસ્મૃતિ મૂકવામાં આવી હોવી જોઈએ. આ પ્રમાણે વૈરાગ્યને તિરસ્કારમાં પલટાવા ન દેતાં જો કાયગતાસ્મૃતિ સિદ્ધ કરવામાં આવે તો તેથી અનેક લાભ થાય છે. બાહ્ય સૌન્દર્ય આપણને આકર્ષી શકતું નથી. અત્યંત સુંદર રૂપ પણ આપણને મોહ પમાડી શકતું નથી. પરિણામે, ચિત્ત કામવિકારોથી અલિપ્ત

રહે છે. કાયગતાસ્મૃતિનો બીજો લાભ એ છે કે એ જેને સિદ્ધ થાય છે તે બીજાને પરેશાન કરતો નથી. "જેની કાયગતાસ્મૃતિ જાગૃત ન હોય તે જ બીજાનો અપરાધ કરીને તેની ક્ષમા માગ્યા વિના ચાલ્યો જાય છે." કાયગતાસ્મૃતિની સાધનાથી અહંત્વમમત્વ ગળી જાય છે, રાગ ઉપશાન્ત થાય છે. રાહુલને ઉપદેશ આપતાં બુદ્ધે કહ્યું હતું, "રાહુલ! તું અશુભની ભાવના કર, તેનાથી તારો રાગ દૂર થશે."[૪૮] કાયગતાસ્મૃતિની સાધના કરનારને એટલું બધું સુખ મળે છે કે 'એના શરીરનો કોઈ પણ ભાગ વિવેકજ પ્રીતિથી અર્થાત્ સુખથી અવ્યાપ્ત રહેતો નથી."[૪૯] જેવી રીતે પાતાળકૂવામાં અજસ્ર જલધારા નીકળ્યા કરે છે તેવી જ રીતે સાધકના હૃદયમાં આનંદનો અજસ્ર સ્રોત ફૂટી નીકળે છે, તેની શીતળતાથી એના શરીરનો કોઈ પણ ભાગ અસ્પૃષ્ટ રહેતો નથી. 'રસ ગગન ગુફા મેં અજર ઝરૈ' જેવી દશા તેની થાય છે. તે અમર બને છે. ભગવાને પોતે જ કહ્યું છે, "હે ભિક્ષુઓ! જે કાયગતાસ્મૃતિનો ઉપભોગ નથી કરતા તે અમૃતનો ઉપભોગ નથી કરતા. જે કાયગતાસ્મૃતિનો ઉપભોગ કરે છે તે અમૃતનો ઉપભોગ કરે છે."

વેદનાસ્મૃત્યુપસ્થાન – તેનું વર્ણન બુદ્ધના શબ્દોમાં નીચે પ્રમાણે છે. બુદ્ધે કહ્યું, "હે ભિક્ષુઓ! ભિક્ષુ વેદનાઓમાં વેદનાનુપશ્યી બની કેવી રીતે વિહરે છે? હે ભિક્ષુઓ! તે સુખવેદનાનો અનુભવ કરતી વેળાએ જાણે છે કે હું સુખવેદનાનો અનુભવ કરી રહ્યો છું, દુ:ખવેદનાનો અનુભવ કરતી વેળાએ તે જાણે છે કે હું દુ:ખવેદનાનો અનુભવ કરી રહ્યો છું, અસુખ–અદુ:ખવેદનાનો અનુભવ કરતી વેળાએ તે જાણે છે કે હું અસુખ–અદુ:ખવેદનાનો અનુભવ કરી રહ્યો છું... વેદનાઓને તે ઉત્પન્ન થતી અને નાશ પામતી દેખે છે અને જાણે છે."[૫૦] આમ વેદનાસ્મૃત્યુપસ્થાનના અભ્યાસમાં સાધકે સતત એ જોવાનું છે કે તેને થનારી વેદના સુખાત્મક છે, દુ:ખાત્મક છે કે સુખ–દુ:ખથી પર છે. વળી, તેણે સદૈવ એ વાતનું સ્મરણ રાખવું જોઈએ કે એની બધી વેદનાઓ ઉત્પત્તિ-વિનાશશીલ છે. વેદનાસ્મૃત્યુપસ્થાનને પરિણામે સાધક દુ:ખમાં ઉદ્વિગ્ન થતો નથી અને સુખમાં ભોગવાંછુ બનતો નથી – નિસ્પૃહી જ રહે છે.

ચિત્તસ્મૃત્યુપસ્થાન – આ સ્મૃત્યુપસ્થાનનું વર્ણન આ પ્રમાણે છે. ભગવાન બુદ્ધે ભિક્ષુઓને કહ્યું, "હે ભિક્ષુઓ! ભિક્ષુ ચિત્તમાં ચિત્તાનુપશ્યી બની કેવી રીતે વિહરે છે? હે ભિક્ષુઓ! તે સરાગ ચિત્તને દેખે છે કે તે સરાગ છે, સદ્વેષ ચિત્તને દેખે છે કે તે સદ્વેષ છે, વિરાગ ચિત્તને દેખે છે કે તે વિરાગ છે, દ્વેષ-

રહિત ચિત્તને દેખે છે કે તે દ્વેષરહિત છે. આ રીતે ચિત્તને બરાબર દેખતો તે ચિત્તાનુપશ્યી બની વિહરે છે. તે ચિત્તને ઉત્પત્તિશીલ અને વિનાશશીલ દેખે છે. તેને તેવું દેખતો તે ચિત્તાનુપશ્યી બની વિહરે છે."[૫૧] આમ ચિત્તસ્મૃત્યુપસ્થાનના અભ્યાસમાં સાધકે પોતાનું ચિત્ત રાગ, દ્વેષ, મોહથી યુક્ત છે કે નહિ તે હરપળે જાણતા રહેવું જોઈએ. ઉપરાંત, ચિત્તના ઉત્પાદ–વિનાશશીલ સ્વભાવની સ્મૃતિ પણ તેને સતત રહેવી જોઈએ. આ સ્મૃત્યુપસ્થાનની સાધનાથી ચિત્તમાંથી રાગ–દ્વેષ દૂર થાય છે, સાધક રાગ–દ્વેષથી પર બનતો જાય છે.

ધર્મસ્મૃત્યુપસ્થાન — આ સ્મૃત્યુપસ્થાનના અભ્યાસમાં સાધક મનોવૃત્તિઓનું (=ધર્મોનું) નિરીક્ષણ કરે છે. તે સતત જાગતો રહે છે જેથી ચિત્તની એકાગ્રતા સાધવામાં કયું વિઘ્ન છે તે તેના ખ્યાલ બહાર રહેતું નથી. તે રૂપ (જ્ઞાનના વિષયો), વેદના, સંજ્ઞા (શબ્દોલ્લેખ સહિતનાં જ્ઞાનો), સંસ્કાર અને વિજ્ઞાન એ પાંચેયના ઉદય અને અસ્તનું સતત નિરીક્ષણ કરતો રહે છે. વળી, પોતાને બોધ્યંગોની અને આર્યસત્યોની પ્રાપ્તિ થઈ છે કે નહિ તેનો પણ તે વિચાર કરે છે. પોતે ક્યાં છે અને કેટલો આગળ વધ્યો છે તેની સતત જાગ્રતિ તે રાખે છે.[૫૨]

ચાર સ્મૃત્યુપસ્થાનોની સાધનામાં અહંભાવને ગાળી નાખનારું અદ્ભુત રસાયણ છે. તે સાધના રાગદ્વેષનું ચૂર્ણ કરનાર મહા મુદ્ગર છે અને અકુશલથી ચિત્તનું રક્ષણ કરનાર બલિષ્ઠ દ્વારપાળ છે. શોક અને પરિદેવન ઉપર વિજય મેળવવાનો, દુ:ખ અમે દૌર્મનસ્યને અસ્ત કરવાનો, સત્ય અને નિર્વાણનો સાક્ષાત્કાર કરવાનો એક જ માર્ગ આ સાધના છે. ચાર સ્મૃત્યુપસ્થાન બધા બુદ્ધપુત્રોની સમાનરૂપે પૈતૃક ભૂમિ છે.[૫૩] જ્યાં સુધી આ ભૂમિ પર તેઓ વિચરશે ત્યાં સુધી તેમને માટે કોઈ ભય નથી. આ તો તેમની ગોચરભૂમિ છે. પરંતુ માર્ગભ્રષ્ટ મૃગોની જેમ કે લોભી હિમાલયવાસી વાનરોની જેમ જે દિવસે તેઓ પોતાની ગોચરભૂમિ છોડી બીજી તરફ ડગ માંડશે તે દિવસે તેઓ બંધનમાં જકડાશે એ નિશ્ચિત છે.

## (૭) સાત બોધ્યંગ[૫૪]

બોધિના માટે ઉપયોગી અંગો એટલે બોધ્યંગો. એ સાત અંગો છે–સ્મૃતિ, ધર્મવિચય, વીર્ય, પ્રીતિ, પ્રસ્રબ્ધિ, સમાધિ અને ઉપેક્ષા.

સ્મૃતિ—આનાપાનસ્મૃતિ અને સ્મૃત્યુપસ્થાનોથી આ સ્મૃતિ ભિન્ન નથી.

ધર્મવિચય—સારા-બુરાનો વિવેક કરવો, કુશલ-અકુશલ મનોવૃત્તિઓનો વિવેક કરવો એ ધર્મવિચય છે.

વીર્ય—સારાની પ્રાપ્તિ માટે, બુરાના ત્યાગ માટે, કુશલની ઉત્પત્તિ માટે અને અકુશલના નાશ માટે તીવ્ર પ્રયત્ન કરવો તે વીર્ય છે. સમ્યક્ વ્યાયામ, વીર્ય ઇન્દ્રિય અને સમ્યક્ પ્રધાનથી આ વીર્ય ભિન્ન નથી.

પ્રીતિ—પ્રથમ ત્રણ અંગો પૂર્ણ થતાં એક પ્રકારની આધ્યાત્મિક પ્રીતિ ઉત્પન્ન થાય છે.

પ્રસ્રબ્ધિ—પ્રસ્રબ્ધિ એ આધ્યાત્મિક શાંતિ છે. પ્રીતિ પછી શાંતિ આવે છે. ચિત્ત શાંત બને છે.

સમાધિ—ચિત્ત શાંત બનતાં તે કુશલ મનોવૃત્તિઓમાં પ્રતિષ્ઠિત થાય છે. ચિત્ત અત્યંત સ્થિર અને સમાહિત બને છે.

ઉપેક્ષા—કુશલ મનોવૃત્તિઓમાં દૃઢપણે પ્રતિષ્ઠિત, સમાહિત થતાં ચિત્તમાં સમભાવ જાગે છે. ચિત્ત લાભ-અલાભ, સુખ-દુઃખ, હર્ષ-શોક, જય-પરાજય, વગેરે દ્વંદ્વોથી અલિપ્ત રહે છે, દ્વંદ્વાતીત બને છે. અકુશલ અને કુશલ બંનેથી તે પર બને છે. ધર્મ અને અધર્મ બંનેથી તે ઉપર ઊઠે છે. આ સ્થિતિ પ્રાપ્ત થતાં સંબોધિનો ઉદય થાય છે.

સાધક ધર્મ સાંભળે છે. એકાંતમાં બેસી, જે ધર્મ સાંભળ્યો છે તેને સ્મરણપટ પર લાવે છે (સ્મૃતિ). પછી તેના અર્થોનું મનન કરે છે, વિવેચન કરે છે (ધર્મવિચય). ત્યાર બાદ જે કુશલ પ્રતીત થયું તેને પ્રાપ્ત કરવા અને જે અકુશલ પ્રતીત થયું તેનો નાશ કરવા તે તીવ્ર પ્રયત્ન કરે છે. તે કુશલ મનોવૃત્તિઓને જગાડવા-ટકાવવા અને અકુશલ મનોવૃત્તિઓને નિરુદ્ધ કરવા, દૂર કરવા તીવ્ર પ્રયત્ન કરે છે (વીર્ય). આમાં સફળ થતાં તેને આધ્યાત્મિક અલૌકિક પ્રીતિ થાય છે. તેને પરિણામે તેનું ચિત્ત શાંત બને છે અર્થાત્ બધી જ અકુશલ મનોવૃત્તિઓ ઉપશાંત બની જાય છે (પ્રસ્રબ્ધિ). ચિત્ત શાંત થતાં તે કુશલ મનોવૃત્તિઓમાં સમાહિત બને છે (સમાધિ). સમાધિ સિદ્ધ થતાં ચિત્તમાં આધ્યાત્મિક ઉપેક્ષા જાગે છે. સાધક કુશલ-અકુશલ યા ધર્મ-અધર્મ બંનેથી ઉપર ઊઠે છે. આવી સ્થિતિ પ્રાપ્ત થતાં સંબોધિનો ઉદય થાય છે, પરમ પ્રજ્ઞાનો અનંત પ્રકાશ ઉદય પામે છે. સાત બોધ્યંગોને આ રીતે પણ સમજાવી શકાય.

જેમ પાંચ ઈન્દ્રિયોની સમતુલા જાળવવા બુદ્ધે કહ્યું તેમ આ સાત બોધ્યંગોની સમતુલા જાળવવા પણ તેમણે કહ્યું છે. તેઓ કહે છે, "હે ભિક્ષુઓ! જે સમયે ચિત્ત જડ થયું હોય તે સમયે પ્રસ્રબ્ધિ, સમાધિ અને ઉપેક્ષાની ભાવના કરવી ઠીક નથી. જેનું ચિત્ત જડ થયું હોય તે જો તેમની ભાવના કરવા માંડે તો તેના ચિત્તની જડતા દૂર થશે નહિ પણ વધશે. આવે વખતે તેણે ધર્મપ્રવિચય, વીર્ય અને પ્રીતિની જ ભાવના કરવી જોઈએ. તેમ કરવાથી તેના ચિત્તની જડતા દૂર થઈ જશે. પરંતુ હે ભિક્ષુઓ! જે સમયે ચિત્ત ચંચળ બની ગયું હોય તે સમયે ધર્મપ્રવિચય, વીર્ય અને પ્રીતિની ભાવના કરવી ઠીક નથી. જેનું ચિત્ત ચંચળ બની ગયું હોય તે જો તેમની ભાવના કરવા માંડે તો તેના ચિત્તની ચંચળતા દૂર થશે નહિ પણ વધશે. આવે વખતે તેણે પ્રસ્રબ્ધિ, સમાધિ અને ઉપેક્ષાની જ ભાવના કરવી જોઈએ. તેમ કરવાથી તેના ચિત્તની ચંચળતા દૂર થઈ જશે. કેવળ સ્મૃતિની ભાવના સદા કરવી જોઈએ. તેની ભાવના કરવાથી ચિત્ત જડ છે કે ચંચળ તેની આપણને ખબર પડે છે."[૫૫]

બોધ્યંગોના અભ્યાસથી સમાધિના અંતરાયો (=નીવરણો) દૂર થાય છે, રાગ—દ્વેષ—મોહનો નાશ થાય છે, ચિત્ત વિશુદ્ધ બને છે અને સંબોધિનો ઉદય થાય છે.

## [૫] સમ્યક્ સમાધિનો માર્ગ

### (૧) સમાધિના ભેદ અને ચાર ધ્યાનો

સમાધિ એટલે ચિત્તની એકાગ્રતા. ચિત્તનું સન્મનોવૃત્તિઓમાં એકાગ્ર થવું, પ્રતિષ્ઠિત થવું એ સમ્યક્ સમાધિ છે. એથી ઊલટું, તેનું અસન્મનોવૃત્તિઓમાં એકાગ્ર થવું, પ્રતિષ્ઠિત થવું એ અસમ્યક્ સમાધિ છે. જે મનોવૃત્તિઓ સદોષ હોઈ દુ:ખકારક છે તે અસન્મનોવૃત્તિઓ છે અને જે મનોવૃત્તિઓ નિર્દોષ હોઈ સુખકારક છે તે સન્મનોવૃત્તિઓ છે. આ મનોવૃત્તિઓને બૌદ્ધ પરિભાષામાં અનુક્રમે અકુશલ ધર્મો અને કુશલ ધર્મો કહેવામાં આવે છે. લોભમૂલક, દ્વેષમૂલક અને મોહમૂલક મનોવૃત્તિઓ અકુશલ છે અને એથી વિપરીત અલોભમૂલક, અદ્વેષમૂલક અને અમોહમૂલક મનોવૃત્તિઓ કુશલ છે. અકુશલ મનોવૃત્તિઓનો પૂર્ણ નિરોધ કરીને કુશલ મનોવૃત્તિઓને પૂર્ણ વિકસાવવી અને છેવટે તેમનાથી પણ પર થવું એ બૌદ્ધ ધર્મનું ધ્યેય છે. બીજા શબ્દોમાં કહીએ તો સર્વ ચિત્તવૃત્તિઓનો નિરોધ જ બૌદ્ધ ધર્મનું અંતિમ સાધ્ય છે.

સમ્યક્ સમાધિના મુખ્ય બે ભેદ છે—ઉપચાર સમાધિ અને અર્પણા સમાધિ. ઉપચાર સમાધિ અલ્પ સમય ટકે છે. જેમ ઊભું રહેવા શીખતું બાળક વધારે વખત ઊભું રહી શકતું નથી તેમ યોગની શરૂઆતમાં સાધ્ય થતી સમાધિ લાંબો વખત ટકતી નથી. આ સમાધિને ઉપચાર સમાધિ કહેવામાં આવે છે. આ સમાધિ સિદ્ધ થયા પછી અર્પણા સમાધિ પ્રાપ્ત થાય છે. તેને જેટલો વખત ટકાવી રાખવી હોય તેટલો વખત અભ્યાસ વડે ટકાવી રાખી શકાય છે.[૫૬] તેની ચાર ભૂમિકા છે. તે ચાર ભૂમિકાઓને ચાર ધ્યાનો કહેવામાં આવે છે. વિતર્ક, વિચાર, પ્રીતિ, સુખ અને એકાગ્રતા એ પાંચ પ્રથમ ધ્યાનમાં હોય છે. દ્વિતીય ધ્યાનમાં વિતર્ક અને વિચાર રહેતા નથી પણ બાકીનાં પ્રીતિ, સુખ અને એકાગ્રતા રહે છે. તૃતીય ધ્યાનમાં પ્રીતિ રહેતી નથી પણ સુખ અને એકાગ્રતા રહે છે. ચતુર્થ ધ્યાનમાં એકાગ્રતા અને ઉપેક્ષા જ હોય છે.[૫૭]

વિતર્ક આદિ શું છે તેનો વિચાર કરી લઈએ. વિષયમાં ચિત્તનો પ્રથમ પ્રવેશ વિતર્ક છે. વિષયની પાસે ચિત્તનું આવવું વિતર્ક છે. વિતર્ક એ ચિત્તનો સ્થૂળ આભોગ છે. આભોગ એટલે ભાવના યા ગ્રહણ. વિતર્કમાં ચિત્તનો પરિસ્પંદ થાય છે. વિચાર વિતર્કનો અનુગામી છે. વિષયમાં ચિત્તનું નિમગ્ન થવું એ વિચાર છે. વિચાર એ ચિત્તનો સૂક્ષ્મ આભોગ છે.[૫૮] વિચારમાં ચિત્તનો પરિસ્પંદ અલ્પ હોય છે. વિચારને પરિણામે પ્રીતિ ઉત્પન્ન થાય છે. જ્યારે પ્રીતિ ઉત્પન્ન થાય છે ત્યારે સૌ પ્રથમ શરીરમાં રોમાંચનો અનુભવ થાય છે. ધીરે ધીરે આ પ્રીતિ વારંવાર શરીરને વ્યાપી વળે છે. તે વખતે એવો અનુભવ થાય છે કે જાણે આંતર ગુહામાંથી તીવ્ર વેગવાળો પ્રીતિનો પ્રવાહ ફૂટી નીકળ્યો ન હોય! પ્રીતિનો પરિપાક થતાં કાયપ્રસ્રબ્ધિ અને ચિત્ત–પ્રસ્રબ્ધિનો ઉદય થાય છે. પ્રસ્રબ્ધિનો અર્થ છે શાંતિ. તેનાથી શરીર અને ચિત્તને સુખ થાય છે, શાંતિ થાય છે. સુખ–દુ:ખમાં સમત્વ એ ઉપેક્ષા છે. ઉપેક્ષા ચિત્તની દ્વંદ્વાતીત અવસ્થા છે.[૫૯]

શ્રદ્ધા, વીર્ય અને સ્મૃતિ કેવી રીતે ક્રમશ: સમાધિ ભણી લઈ જાય છે એ આપણે પાંચ ઈન્દ્રિયોના નિરૂપણમાં જોઈ ગયા છીએ. તેવી જ રીતે, સ્મૃતિ, ધર્મપ્રવિચય, વીર્ય, પ્રીતિ અને પ્રસ્રબ્ધિ કેવી રીતે ક્રમશ: સમાધિ ભણી લઈ જાય છે એ પણ આપણે સાત બોધ્યંગોના નિરૂપણમાં જોઈ ગયા છીએ.

## (૨) સમાધિ સાધવામાં નડતા અંતરાયો

સમાધિ ઈચ્છતા સાધકે સમાધિ સાધવામાં નડતા અંતરાયો કયા છે તે જાણી લેવું જોઈએ. જાણ્યા પછી તેમને દૂર કરવા જોઈએ.

સમાધિ સાધવામાં સૌથી મોટો અંતરાય વ્યસનાધીનતા છે. દારૂ, વ્યભિચાર, જુગાર જેવાં મોટાં વ્યસનોની વાત બાજુએ રાખીને પાનબીડી જેવાં નાનાં વ્યસનોનો વિચાર કરીએ તો પણ જણાશે કે તે નાનાં વ્યસનોય ચિત્તને એકાગ્ર થવા દેતાં નથી. ચિત્ત સ્થિર થયું ન થયું ત્યાં તો વ્યસન તરફ દોડવા માંડે છે. વ્યસનો ચિત્તને વિક્ષિપ્ત કરે છે. તેથી સાધકે નિર્વ્યસની બનવું અત્યંત જરૂરી છે. તેણે પંચશીલનું બરાબર પાલન કરવું જોઈએ. તેણે શીલનું રક્ષણ કરવું જોઈએ. પ્રાણ-ઘાત ન કરનારો શિકાર જેવાં વ્યસનોમાં પડે એ અશકય છે. અદત્તાદાનમાંથી નિવૃત્ત થનારો આપોઆપ લાંચરુશવત, સટ્ટો, જુગાર જેવાં વ્યસનોમાંથી મુકત થાય છે. બ્રહ્મચર્યનું પાલન કરનાર વ્યભિચાર જેવાં વ્યસનોમાં પડતો નથી. અસત્યમાંથી વિરમી જનારો ખોટી સાક્ષી પૂરવી, ખોટાં લેખ લખવા, નિંદા કરવી, વ્યર્થ ભાષણો કરવા જેવાં વ્યસનોમાંથી મુકત રહે છે. કેફી પદાર્થોનું સેવન ન કરનારો આળસના વ્યસનમાંથી મુકત રહે છે. વ્યસનાધીનતાનો મોટો અંતરાય દૂર કરવા સાધકે શીલનું પાલન કરવું જોઈએ. શીલ સમાધિનો પાયો છે.

શીલનું પાલન કરવા છતાં જો યોગ્ય જગા કે યોગ્ય પરિસ્થિતિ ન હોય તો સમાધિ સાધવી દુષ્કર છે. સામાન્ય રીતે સમાધિના દસ બાધકો (પલિબોધ) ગણાવવામાં આવ્યા છે. સાધકને તે દસમાંથી જે બાધક જણાય તેનો તેણે ત્યાગ કરવો. તે દસ બાધકો છે— આવાસ, કુલ, લાભ, ગણ, કર્મ, અધ્વા, જ્ઞાતિ, આબાધ, ગ્રંથ અને ઋદ્ધિ.[૬૦] ક્રમશ: તેમનો વિચાર કરીએ.

આવાસ — રહેવાની જગા. જેમાં ઘણા માણસો રહેતા હોય, જે બંધાતું હોય, જે જીર્ણ થઈ ગયું હોય કે જે રસ્તા ઉપર આવેલું હોય તે મકાન સમા-ધિને અનુકૂળ નથી. જ્યાં સ્નાનાગાર હોય, જ્યાં શાકભાજી ઊગતાં હોય, જ્યાં ફળફૂલની વાડી હોય ત્યાં સમાધિ સાધવી દુષ્કર છે કારણ કે ત્યાં મનુષ્યોની અવરજવર ઘણી હોય છે. પ્રાર્થનાસ્થાન કે નગર સમીપ આવેલું સ્થાન પણ સમાધિ માટે અનુકૂળ નથી કારણ કે ત્યાં પણ મનુષ્યોની અને વાહનોની અવર-જવર ઘણી હોય છે. તેવી જ રીતે, ઈમારતી લાકડાનું જંગલ કે ખેતર પણ સમાધિને યોગ્ય સ્થાન ન ગણાય. જ્યાં વિરોધી પક્ષો રહેતા હોય તે સ્થાન, બજાર ભરાવાનું સ્થાન, જંગલી લોકો વસતા હોય તે સ્થાન, રાજ્યની સરહદો જ્યાં મળતી હોય તે સ્થાન, જ્યાં સહેલાઈથી ભિક્ષા મળી ન શકે તે સ્થાન અને જ્યાં કામોદ્દીપક વિષયો જોવા–સાંભળવામાં આવે તે સ્થાન સમાધિને માટે અનુકૂળ નથી. વળી, જે સ્થાનમાં સાધકને સમાધિમાર્ગમાં સહાય કરનાર કલ્યાણ-મિત્ર ન હોય તે સ્થાન પણ સમાધિ માટે યોગ્ય નથી.

કુલ – કુલ એટલે ભિક્ષુના આચાર્ય, ઉપાધ્યાય, સહાધ્યાયી, વગેરે અને પૂર્વાશ્રમનાં માબાપ, ભાઈબેન, વગેરે. આમાં કોઈ માંદુ પડે, કોઈને દુ:ખ થાય, કોઈને કંઈ ખાસ મુશ્કેલી હોય તો સાધકનું ચિત્ત વિક્ષિપ્ત થઈ જાય છે. તે એમના દુ:ખે દુ:ખી અને એમના સુખે સુખી થાય છે. આ રીતે કુલ પણ સમાધિમાં બાધક બની શકે છે.

લાભ – ભિક્ષુ જો પ્રસિદ્ધ હોય તો ઘણા માણસો તેને વંદન કરવા આવે છે. ભિક્ષા–ચીવર માટે ઘણા માણસો તેને નિમંત્રણ આપે છે. સદા લોકોથી તે ઘેરાયેલો જ રહે છે. આ બધા પ્રપંચમાં જ તેનો સમય પસાર થાય છે. આમ આ રીતે મળતું માન કે લાભ પણ સમાધિમાં અંતરાયરૂપ બને છે. સાધકે એવા સ્થળે જતા રહેવું જોઈએ જ્યાં તેને કોઈ ઓળખતું ન હોય.

ગણ – ગણ એટલે શિષ્યગણ. શિષ્યોને પાઠ આપવામાં, લેવામાં અને સમજાવવામાં ઘણો કાળ જવાથી સાધકને સમાધિ માટે વખત મળતો નથી. તેથી, સાધકે પોતાના શિષ્યોને બીજા યોગ્ય ગુરુને સોંપી અરણ્યમાં સમાધિ માટે ચાલ્યા જવું જોઈએ.

કર્મ – વિહાર બંધાવવાના કે સમરાવવાના કામમાં રોકાયેલા સાધકને મજૂરોના કામનું નિરીક્ષણ કરવું પડે છે. કામ પૂરું થાય નહિ ત્યાં સુધી ચેન પડતું નથી. થોડા સમયમાં કામ પૂરું થાય એવું હોય તો પૂરું કરીને, અન્યથા એ કામ બીજાને ભળાવીને સાધકે સમાધિ માટે એકાન્તવાસ સેવવો જોઈએ.

અધ્વા—અધ્વા એટલે પ્રવાસ. પ્રવ્રજ્યા આપવા માટે કે લાભ—સત્કાર ગ્રહણ કરવા માટે સાધકને જે સ્થાનનો પ્રવાસ કરવાની ઇચ્છા હોય તે સ્થાનનો પ્રવાસ કરી નાખવો જોઈએ અને પછી જ સમાધિમાર્ગ તરફ વળવું જોઈએ. અન્યથા તેનું ચિત્ત પ્રવાસના વિચારમાં જ વ્યગ્ર રહે છે, તે સ્થિર થઈ શકતું નથી અને આમ અધ્વા–પ્રવાસ અંતરાયરૂપ બને છે.

જ્ઞાતિ—જ્ઞાતિ એટલે સગાંવહાલાં અને સંબંધીઓ. આમાં આચાર્ય, ઉપાધ્યાય, સહાધ્યાયી, ગુરુભાઈ, વગેરે અને માતાપિતા, ભાઈબેન, વગેરેનો સમાવેશ થાય છે. આમાં કોઈ બીમાર હોય અને તેની ચાકરી કરનાર બીજું કોઈ ન હોય તો યોગાભ્યાસ કરવાની ઇચ્છા ધરાવનારે સમાધિ માટેની ઉતાવળ ન કરતાં તેની છેવટ સુધી સેવા કરવી જોઈએ. તેને છોડી જવું તે હિંસા છે. પરંતુ જો બીજું

કોઈ ચાકરી કરનારું હોય તો તેની રજા લઈ પોતે સમાધિની સાધના માટે એકાન્તવાસ સેવવો જોઈએ.

આબાધ—આબાધ એટલે રોગ. રોગ સમાધિમાં બાધક છે. એટલે સાધકે તે જો મટે તેમ હોય તો મટાડવો. જો ન મટે એવો હોય તો તેને મટાડવાની કડાકૂટમાં પડયા વિના સાધકે સમાધિની સાધના કરવી.

ગ્રંથ—ગ્રંથનું વાચન વગેરે. આખો વખત પુસ્તકો વાંચવાથી સમાધિ માટે અવકાશ મળતો નથી. ગ્રંથનો અભ્યાસ બુરી ચીજ નથી પરંતુ તે સમાધિનો સાધક બનવો જોઈએ, બાધક નહિ.

ઋદ્ધિ—ઋદ્ધિ એટલે અલૌકિક શકિતઓ. સમાધિમાર્ગે જેમ જેમ સાધક આગળ વધે છે તેમ તેમ તેને અલૌકિક શકિતઓ સ્વતઃ પ્રાપ્ત થાય છે. આ શક્તિઓ પણ સમાધિને બાધક બને છે. એમની પ્રાપ્તિમાં અને એમના પ્રદર્શનમાં સાધક જો ફસાઈ ગયો તો તેની સાધના અટકી જાય છે; અટકી જાય છે એટલું જ નહિ પણ તેનું શતધા પતન થાય છે. સાધકે સિદ્ધિઓને નિતાંત વ્યાઘાતક અને હેય જ ગણવી જોઈએ.

ઉપર ગણાવેલાં દસ વિઘ્નો ન હોય છતાં પણ જો બુદ્ધિનાં પાંચ આવરણો દૂર ન થયાં હોય તો સમાધિમાર્ગમાં એક ડગલું પણ આગળ વધી શકાતું નથી. જેમ અશુદ્ધ પાણીમાં પ્રતિબિંબ પડતું નથી તેમ કામચ્છંદ, વ્યાપાદ (ક્રોધ, હિંસા), આળસ (સ્ત્યાન—મિદ્ધ), ચંચળતા (ઔદ્ધત્ય—કૌકૃત્ય) અને સંશયગ્રસ્તતાથી (વિચિકિત્સાથી) આવરિત ચિત્તમાં પ્રજ્ઞાનો ઉદય થતો નથી.[૬૧] કામચ્છંદ વગેરે ચિત્તના મળો છે, ચિત્તનાં આવરણો છે. સમાધિઇચ્છુક સાધકે આ આવરણો દૂર કરવાં જોઈએ. આ આવરણોને પાલિભાષામાં નીવરણ કહેવામાં આવે છે. તેમનું ક્રમશઃ નિરૂપણ કરીએ છીએ.

કામચ્છંદ—કામચ્છંદનો અર્થ છે 'વિષયોમાં અનુરાગ'. જ્યારે ચિત્ત વિવિધ વિષયોમાં લોભાય છે ત્યારે તે સ્થિર થઈ શકતું નથી, એકાગ્ર થઈ શકતું નથી. કામચ્છંદનું દમન કરવા હ્રી (દુષ્કર્મ કરવાની લજ્જા) અને અવત્રપ્ય (લોકાપવાદનો ભય) એ બે મનોવૃત્તિઓની વૃદ્ધિ કરવી જોઈએ. 'અરે! તું ઉત્તમ કુળમાં જન્મ્યો, સર્વ ઇન્દ્રિયોથી સંપન્ન થયો. પરંતુ ચિત્તના મળો દૂર કરવા તેં એકાન્તવાસ સ્વીકાર્યો છે. તો હવે તારામાં વિષયભોગની ઇચ્છા જાગે અને તારા

ચિત્તને વ્યગ્ર કરે એ શું તારા માટે શોભાસ્પદ છે? લોકો આ જાણશે તો શું કહેશે એનો તો વિચાર કર. તેઓ કહેશે કે એણે ઉત્સાહપૂર્વક એકાંતવાસ સ્વીકાર્યો પણ ત્યાં એણે કામભોગના જ વિચારો કર્યા.' — કામચ્છંદથી બચવા પોતાની જાતને આ પ્રમાણે બોધ કરવો જોઈએ. કાયગતાસ્મૃતિ અને અશુભની ભાવના પણ કામચ્છંદને દૂર કરવાના ઉપાયો છે.

વ્યાપાદ—વ્યાપાદનો અર્થ છે હિંસા. હિંસાભાવથી અભિભૂત ચિત્ત એકાગ્ર બની શકતું નથી. તે વ્યગ્ર જ રહે છે. હિંસાભાવના શમન માટે પણ હ્રી અને અવત્રપ્ય એ બે મનોવૃત્તિઓની વૃદ્ધિ કરવી જોઈએ. તેમની વૃદ્ધિ માટે આ પ્રમાણે ચિંતવ્યા કરવું જોઈએ—"અરે! ભલા માણસ! તેં પ્રિયજનોનો ત્યાગ કરી એકાન્તવાસ સ્વીકાર્યો પણ ક્રોધ જેવા શત્રુનો હજુ ત્યાગ કર્યો નથી. આ વસ્તુ ખરેખર તારા માટે હીણપતભરી છે. વળી, બીજાઓ આ જાણશે તો શું કહેશે? તેઓ કહેશે કે આ માણસ આટલું બધું શીખ્યો પણ એક ક્રોધને જીતવાનું ના શીખ્યો." હ્રી અને અવત્રપ્ય (ઓત્તપ્ય) ઉપરાંત મૈત્રીભાવના પણ ક્રોધના શમન માટે ઉપયોગી છે. જેના ચિત્તમાં ક્રોધનું પ્રાધાન્ય હોય તેણે મૈત્રીભાવનાને પ્રથમ કેળવવી અને વિસ્તારવી જોઈએ.

સ્ત્યાન – મિદ્ધ — સ્ત્યાન એ ચિત્તની મૂઢતા યા અકર્મણ્યતા છે, અને મિદ્ધ એ શરીરની આળસ છે. ચિત્તની મૂઢતા વિચારથી દૂર થાય છે. વિચાર સ્ત્યાનનો પ્રતિપક્ષ છે. શરીરની આળસ ઈર્યાપથના પરિવર્તનથી દૂર કરી શકાય છે. પથારીમાં આડા પડવું, બેસવું, ઊભા રહેવું અને ચંક્રમણ કરવું (આમતેમ આંટા મારવા) – શરીરની આ ચાર અવસ્થાને ઈર્યાપથ કહે છે. જો પથારીમાં આડા પડ્યા હોઈએ અને આળસ આવે તો એકદમ બેઠા થઈ જવું, બેઠા હોઈએ અને આળસ આવે તો ઊભા રહેવું, અને ઊભા હોઈએ અને આળસ આવે તો ચંક્રમણ કરવું. વળી, સ્ત્યાન – મિદ્ધને દૂર કરવા હ્રી અને અવત્રપ્ય એ બે મનોવૃત્તિઓની વૃદ્ધિ કરવી અને આ પ્રમાણે વિચારવું – 'અરે! તું અહીં એકાન્તમાં આખલાની જેમ પડી રહેવા આવ્યો નથી. સંસારી લોકો કરતાં તારામાં સો ગણો ઉત્સાહ હોવો જોઈએ. તો જ એકાન્તવાસ સાર્થક થાય. વળી, તારી મૂઢતા અને આળસને જોઈ લોકો કહેશે કે સંસારનો ભાર ઊંચકવો ન પડે એટલા ખાતર યોગી હોવાનો ઢોંગ કરી આ માણસ તો ખાઈપીને ઊંઘ્યા જ કરે છે.' મરણસ્મૃતિનો અભ્યાસ પણ સ્ત્યાન–મિદ્ધના નિવારણ માટે સારો ઉપાય છે.

ઔદ્ધત્ય – કૌકૃત્ય — ઔદ્ધત્ય એટલે ચિત્તની ચંચળતા અને કૌકૃત્ય એટલે ખેદ. ખેદથી પણ ચિત્ત વિહ્વળ અને ચંચળ બની જાય છે. ઔદ્ધત્ય-કૌકૃત્યનું નિવારણ તો સમાધિના સુખથી જ થઈ શકે. એટલે, ચિત્તને પ્રયત્નપૂર્વક ધ્યેય વિષયમાં સ્થિર કરવું એ જ એક ઉપાય છે. વળી, ઔદ્ધત્ય – કૌકૃત્યને દમવામાં આનાપાનસ્મૃતિનો અભ્યાસ પણ ખૂબ ઉપયોગી છે.

વિચિકિત્સા — વિચિકિત્સા એટલે સંશય. સંશયનો અર્થ છે બે વિકલ્પો વચ્ચે ઝોલાં ખાવાં તે. આવાં ઝોલાં ખાતું ચિત્ત નિર્ણયના અભાવે કોઈ પણ કાર્યમાં દઢપણે પ્રવૃત્ત થઈ શકતું નથી. એટલે પ્રસ્તુતમાં પણ 'સમાધિ સિદ્ધ થતી હશે કે નહિ? સમાધિનો વર્ણવવામાં આવતો મહિમા ખરો હશે કે ખોટો? સમાધિનું ફળ દુઃખમુક્તિ હશે કે નહિ? સમાધિથી સંબોધિ પ્રાપ્ત થતી હશે કે નહિ?' વગેરે સંશયો કરનારું ચિત્ત સમાધિમાર્ગમાં દઢપણે પ્રવૃત્ત થઈ શકતું નથી. સંશયથી બચવા શ્રદ્ધાને પુષ્ટ કરવી જોઈએ. શ્રદ્ધાને પુષ્ટ કરવા વિચાર અને ચિંતનનો સહારો લેવો જોઈએ. આ ઉપરાંત બુદ્ધ, ધર્મ અને સંઘની અનુસ્મૃતિઓની ભાવના પણ શ્રદ્ધાને પુષ્ટ કરવાનો ઉપાય છે.

નીવરણોના નાશથી વિતર્ક, વિચાર, પ્રીતિ, સુખ અને એકાગ્રતાનો પ્રાદુર્ભાવ થાય છે અને પ્રથમ ધ્યાનની પ્રાપ્તિ થાય છે.

સમાધિના સાધકે નીચેની બાબતોનું પણ ધ્યાન રાખવું જોઈએ:

આવાસ— યોગ્ય આવાસ પસંદ કરવો જોઈએ. આવાસ વિશે આપણે વિચાર કરી ગયા છીએ.

ગોચર — ભિક્ષુને માટે ભિક્ષા માટેનું ગામ અને ગૃહસ્થને માટે પાડોશ એ ગોચર છે. ગોચર જો પ્રતિકૂળ હોય તો સમાધિમાં વિક્ષેપ પડે છે. ભિક્ષુ જે ગામમાં ભિક્ષા માગવા જાય તે ગામના લોકો શ્રદ્ધાવિહીન હોય અને તેને ઉપદ્રવ કરવા લાગે તો તેથી ચિત્તવિક્ષેપ થાય છે. તેવી જ રીતે, ગૃહસ્થનો જે ગામની યા પાડોશની સાથે વ્યવહાર હોય તે ગામના યા પાડોશના લોકો સમાધિ એટલે શું એ સમજતા ન હોય તો તેને અનેક રીતે હેરાનપરેશાન કરે છે. તેથી યોગ્ય ગોચર પસંદ કરવું જોઈએ.

ભાષ્ય—વાતચીત. યોગારંભે મિતભાષી બની જવું જોઈએ અને જે વાત કરીએ તે કેવળ ધર્મ સંબંધી જ હોવી જોઈએ. કામવિલાસની, યુદ્ધની અને ચોરડાકુની વાતો સમાધિને વિઘાતક છે. એટલે, આવી કથાવાર્તા જ્યાં થતી હોય

ત્યાં યોગીએ ક્ષણમાત્ર પણ રહેવું નહિ. સમાધિને અનુકૂળ ધર્મકથાઓ સાંભળવા મળે તો સાંભળવી.

પુદ્ગલ — પુદ્ગલનો અર્થ છે વ્યક્તિ. યોગારંભે પુરુષે સ્ત્રીનો કે સ્ત્રીએ પુરુષનો વિશેષ સહવાસ ન કરવો જોઈએ એ કહેવાની જરૂર નથી. એટલે, અહીં વ્યક્તિનો અર્થ છે પુરુષની સાથે રહેનાર પુરુષ કે સ્ત્રીની સાથે રહેનાર સ્ત્રી. તે વ્યક્તિ જો મુખર હોય કે શરીરને પુષ્ટ બનાવવામાં જ રત હોય તો તેનો સહવાસ સમાધિમાં સહાયરૂપ થવાને બદલે બાધક બને છે. જેણે સમાધિ સાધી હોય એવી વ્યક્તિનો સહવાસ લાભકારક બને છે. એવી વ્યક્તિ ન મળે તો કંઈ નહિ પરંતુ સમાધિને વિઘાતક વ્યક્તિ સાથે તો ન જ રહેવું જોઈએ.

ભોજન — શારીરિક પ્રકૃતિ પ્રમાણે ભોજન લેવું જોઈએ. કોઈને ખાટું, કોઈને ગળ્યું ને કોઈને મોળું ભોજન અનુકૂળ આવે છે. ભોજન બહુ પરિમિત લેવું, વધુ પડતું ભોજન સમાધિને બાધક છે.

ઋતુ — કોઈને શિયાળો, કોઈને ઉનાળો તો કોઈને ચોમાસું અનુકૂળ હોય છે. માટે, પોતાની પ્રકૃતિને અનુકૂળ ઋતુમાં સમાધિની સાધનાનો આરંભ કરવો જોઈએ.

ઈર્યાપથ—પથારીમાં પડી રહેવું, બેસવું, ઊભા રહેવું અને ચંક્રમણ કરવું—શરીરની આ ચાર અવસ્થાઓને ઈર્યાપથ કહે છે. પોતાનું શરીર જે અવસ્થામાં સુખપૂર્વક રહી શકતું હોય તે અવસ્થામાં શરીરને રાખવું. કોઈને આમતેમ ફરતાં ફરતાં ચિત્તને એકાગ્ર કરવું સરળ લાગે છે. કોઈને ઊભા ઊભા ચિત્તને એકાગ્ર કરવું સરળ લાગે છે. કોઈને આસન ઉપર બેઠા બેઠા ચિત્તને એકાગ્ર કરવું સરળ લાગે છે. કોઈને બિછાનામાં આડા પડયા પડયા ચિત્તને એકાગ્ર કરવું સરળ લાગે છે. શરીરની જે અવસ્થામાં ચિત્ત એકાગ્ર થતું હોય તે અવસ્થામાં શરીરને રાખવું[૬૨].

## (૩) સમાધિના સાધનો યા ઉપાયો[૬૩]

સમાધિના ચાલીસ સાધનો છે. તેમને કર્મસ્થાન કહેવામાં આવે છે. ચાલીસ કર્મસ્થાનો આ છે — દસ કસિણ, દસ અશુભ, દસ અનુસ્મૃતિ, ચાર બ્રહ્મવિહાર, ચાર આરૂપ્ય, એક સંજ્ઞા અને એક અવસ્થાન.[૬૪]

કસિણ—કસિણો સમાધિના આલંબનો છે. કસિણ ઉપર ચિત્તને એકાગ્ર કરવાથી ચારેય ધ્યાનો સિદ્ધ થાય છે. કસિણ દસ છે—પૃથ્વીકસિણ, અપ્‌કસિણ, તેજસ્‌કસિણ, વાયુકસિણ, નીલકસિણ, પીતકસિણ, લોહિતકસિણ, અવદાતકસિણ, આલોકકસિણ અને પરિચ્છિન્નાકાશકસિણ.

અશુભ—ઉદ્ધુમાતક આદિ દસ અશુભોની ગણના કાયગતાસ્મૃતિમાં કરી ગયા છીએ.

અનુસ્મૃતિ—અનુસ્મૃતિ દસ છે—બુદ્ધાનુસ્મૃતિ, ધર્માનુસ્મૃતિ, સંઘાનુસ્મૃતિ, શીલાનુસ્મૃતિ, ત્યાગાનુસ્મૃતિ, દેવતાનુસ્મૃતિ, કાયગતાસ્મૃતિ, મરણાનુસ્મૃતિ, આનાપાનસ્મૃતિ અને ઉપશમાનુસ્મૃતિ.

બ્રહ્મવિહાર—મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા આ ચાર ભાવનાઓ જ ચાર બ્રહ્મવિહાર કહેવાય છે.

આરૂપ્ય—આકાશાનન્ત્યાયતન, વિજ્ઞાનાનન્ત્યાયતન, આકિંચન્યાયતન અને નેવસંજ્ઞાનાસંજ્ઞાયતન આ ચાર આરૂપ્ય છે.

સંજ્ઞા—આહારમાં વૈરાગ્ય.

વ્યવસ્થાન—પૃથ્વી આદિ ચાર ભૂતોમાં શરીરનું નિ:શેષ વિભાજન.

ચાલીસ કર્મસ્થાનોમાં બુદ્ધ-ધર્મ-સંઘ-શીલ-ત્યાગ-દેવતાનુસ્મૃતિઓ, મરણાનુસ્મૃતિ, ઉપશમાનુસ્મૃતિ, આહારમાં પ્રતિકૂલ સંજ્ઞા અને ચતુર્ધાતુવ્યવસ્થાન આ દસ કર્મસ્થાનો ઉપચાર સમાધિ સાધી આપે છે, જ્યારે બાકીનાં ત્રીસ કર્મસ્થાન અર્પણા સમાધિ સાધી આપે છે. જે કર્મસ્થાનો અર્પણા સમાધિ સાધી આપે છે તેમનામાંથી દસ કસિણ, આનાપાનસ્મૃતિ, ચોથો બ્રહ્મવિહાર અને ચાર આરૂપ્ય ચારેય ધ્યાનો સાધી આપે છે જ્યારે દસ અશુભ અને કાયગતાસ્મૃતિ પ્રથમ ધ્યાન જ સાધી આપે છે પણ પહેલાં ત્રણ બ્રહ્મવિહાર પ્રથમ ત્રણ ધ્યાનો સાધી આપે છે.

સમાધિનાં આ કર્મસ્થાનોમાંથી પોતાની પ્રકૃતિને અનુકૂળ કયાં એ જાણવા જાણકાર કલ્યાણમિત્ર પાસે સાધકે જવું જોઈએ. કલ્યાણમિત્ર આચાર્ય હશે. તેણે આચાર્યની સેવા કરવી જોઈએ, તેમની આજ્ઞામાં રહેવું જોઈએ અને તેમની પાસે કર્મસ્થાનની યાચના કરવી જોઈએ.[૬૫] જ્યારે સાધક આચાર્ય પાસે

કર્મસ્થાનની યાચના કરે છે ત્યારે આચાર્ય તેની ચર્યાનું અર્થાત્ પ્રકૃતિનું સૂક્ષ્મ નિરીક્ષણ–પરીક્ષણ કરે છે. ચર્યા છ છે—રાગચર્યા, દ્વેષચર્યા, મોહચર્યા, શ્રદ્ધાચર્યા, બુદ્ધિચર્યા અને વિતર્કચર્યા. આ છ ચર્યાને આધારે વ્યક્તિઓના છ પ્રકાર થાય છે—રાગચરિત, દ્વેષચરિત, મોહચરિત, શ્રદ્ધાચરિત, બુદ્ધિચરિત અને વિતર્કચરિત. જ્યારે રાગચરિત પુરુષ કુશલ કર્મોમાં પ્રવૃત્ત થાય છે ત્યારે શ્રદ્ધા બલવતી થાય છે કારણ કે શ્રદ્ધાગુણ રાગગુણનો સમીપવર્તી છે. જેવી રીતે અકુશલ પક્ષમાં રાગની સ્નિગ્ધતા મળે છે તેવી રીતે કુશલપક્ષમાં શ્રદ્ધાની સ્નિગ્ધતા મળે છે. શ્રદ્ધા પ્રસાદગુણને લીધે સ્નિગ્ધ છે જ્યારે રાગ રંજનગુણને લીધે સ્નિગ્ધ છે. જેમ રાગ કામ્ય વસ્તુઓના ગુણોનું પર્યેષણ કરે છે તેમ શ્રદ્ધા શીલ આદિના ગુણોનું પર્યેષણ કરે છે. જેમ રાગ અહિતકર કામ્ય વસ્તુઓનો ત્યાગ નથી કરતો તેમ શ્રદ્ધા હિતકર શીલ આદિનો ત્યાગ નથી કરતી. તેથી, ભિન્ન ભિન્ન સ્વભાવના હોવા છતાં રાગચરિત અને શ્રદ્ધાચરિત સમાન (=સભાગ) ગણાય છે. આ જ રીતે, દ્વેષચરિત અને બુદ્ધિચરિત વચ્ચે તેમ જ મોહચરિત અને વિતર્કચરિત વચ્ચે સમાનતા છે. જ્યારે દ્વેષચરિત વ્યક્તિ કુશલ કર્મોમાં પ્રવૃત્ત થાય છે ત્યારે તેની બુદ્ધિ (પ્રજ્ઞા) બલવતી બને છે કારણ કે બુદ્ધિગુણ દ્વેષગુણનો સમીપવર્તી છે. જેમ અકુશલ પક્ષમાં દ્વેષ વ્યાપાદવશ સ્નેહરહિત હોય છે, આલંબનમાં એને આસક્તિ હોતી નથી તેમ કુશલપક્ષમાં યથાભૂત સ્વભાવના અવબોધને લીધે પ્રજ્ઞાને પણ ક્યાંય આસક્તિ હોતી નથી. જેમ દ્વેષ અભૂત દોષની પર્યેષણા કરે છે તેમ પ્રજ્ઞા યથાભૂત દોષની પર્યેષણા કરે છે. જેમ દ્વેષ-ચરિત પુરુષ જીવોનો પરિત્યાગ કરે છે તેમ બુદ્ધિચરિત પુરુષ સંસ્કારોનો પરિત્યાગ કરે છે. તેથી, સ્વભાવ ભિન્ન હોવા છતાં દ્વેષચરિત અને બુદ્ધિચરિત સમાન ગણાય છે. જ્યારે મોહચરિત પુરુષ કુશલ કર્મો શરૂ કરવાને માટે તત્પર થાય છે ત્યારે તેના ચિત્તમાં જાતજાતના વિતર્કો અને મિથ્યા સંકલ્પો ઊઠે છે કારણ કે વિતર્કગુણ મોહગુણનો સમીપવર્તી છે. જેવી રીતે વ્યાકુળતાને કારણે મોહ અનવસ્થિત છે તેવી જ રીતે વિકલ્પ–પરિકલ્પને કારણે વિતર્ક અનવસ્થિત છે. જેવી રીતે મોહ ચંચળ છે, તેવી રીતે વિતર્ક ચંચળ છે. તેથી, સ્વભાવ ભિન્ન હોવા છતાં મોહચરિત અને વિતર્કચરિતને સમાન ગણવામાં આવ્યા છે.[૬૬]

કલ્યાણમિત્ર કઈ બાબતોને આધારે સાધકની ચર્યાનો (=પ્રકૃતિનો) નિશ્ચય કરે છે? સાધકની ચર્યાનો નિશ્ચય પાંચ બાબતોને આધારે કરવામાં આવે છે—ઈર્યાપથ, કૃત્ય, ભોજન, દર્શન અને ધર્મપ્રવૃત્તિ.[૬૭]

ઈર્યાપથ—રાગચરિતની ગતિ અકૃત્રિમ અને સ્વાભાવિક હોય છે. તે ધીરે ધીરે ડગ માંડે છે. તે સમભાવથી પગ ઉપાડે છે અને મૂકે છે. એના પગના તળિયાનો મધ્યભાગ ભૂમિને સ્પર્શતો નથી. દ્વેષચરિત સહસા પગ મૂકે છે અને ઉપાડે છે. તે ચાલે છે ત્યારે એવું લાગે છે કે જાણે તે ભૂમિને ખોદતો ન હોય! પગ મૂકતી વખતે એનો પગ પાછળની બાજુ ખેંચાતો જણાય છે. મોહચરિતની ગતિમાં વ્યાકુળતા હોય છે. તે ભયભીત પુરુષની જેમ પગ મૂકે છે અને ઉપાડે છે. તે પગના આગલા ભાગથી અને પાનીથી ગતિને સહસા અટકાવી દે છે. રાગચરિત પુરુષ જ્યારે ઊભો થાય છે કે બેસે છે ત્યારે તેની આકૃતિ પ્રસાદાવહ અને મધુર હોય છે. આવે વખતે દ્વેષચરિતની આકૃતિ સ્તબ્ધ હોય છે જ્યારે મોહચરિતની આકૃતિ વ્યાકુળ હોય છે. રાગચરિત પુરુષ ઉતાવળ કર્યા વિના પોતાની પથારી સરખી રીતે પાથરે છે અને ધીરેથી શયન કરે છે. શયન કરતી વખતે તે પોતાનાં અંગ–પ્રત્યંગનો વિક્ષેપ કરતો નથી. તે વખતે તેનો દેખાવ પ્રાસાદિક હોય છે. જ્યારે ઊઠાડવામાં આવે છે ત્યારે તે ચોંકીને નથી ઊઠતો પરંતુ શંકિત પુરુષની જેમ મૃદુ ઉત્તર દે છે. દ્વેષચરિત પુરુષ ઉતાવળે ઉતાવળે જેમ તેમ પથારી પાથરી, અંગ–પ્રત્યંગનો વિક્ષેપ કરી ભૃકુટિ ચઢાવી સૂઈ જાય છે. જ્યારે ઊઠાડવામાં આવે છે ત્યારે તે એકદમ ઊઠી જાય છે અને ગુસ્સે થઈ ઉત્તર દે છે. મોહચરિત પુરુષની પથારી અવ્યવસ્થિત હોય છે. તે હાથપગ પહોળા કરી અને મુખ નીચે રાખી સૂવે છે. જ્યારે ઊઠાડવામાં આવે છે ત્યારે તે હુંકાર કરતો મંદભાવથી ઊઠે છે. શ્રદ્ધાચરિત વગેરે પુરુષોની વૃત્તિ રાગચરિત વગેરે પુરુષોના જેવી જ હોય છે કારણ કે તેમની વચ્ચે સમાનતા છે.

કૃત્ય—કૃત્યથી પણ ચર્યાનો નિશ્ચય થાય છે. એક ઉદાહરણ લઈએ. રાગચરિત પુરુષ સાવરણીને બરાબર પકડી, એકસરખી રીતે, ઉતાવળ કર્યા વિના કચરો વાળે છે અને સ્થાનને સારું ચોખ્ખું બનાવે છે. દ્વેષચરિત પુરુષ સાવરણીને કસીને પકડે છે અને ઉતાવળે ઉતાવળે બંને બાજુ ધૂળ ઉડાડતો કચરો વાળે છે; તેથી સ્થાન સાફ થતું નથી. મોહચરિત પુરુષ સાવરણીને ઢીલી પકડે છે, આમતેમ સાવરણી ફેરવે છે અને મોટા ભાગ ઉપર સાવરણી ફેરવતો જ નથી; પરિણામે સ્થાનમાં કચરો રહી જ જાય છે. આવું જ અન્ય ક્રિયાઓની બાબતમાં સમજવું. રાગચરિત પુરુષ કાર્ય કરવામાં કુશળ હોય છે. તે સારી રીતે કાર્ય કરે છે. તે એક સરખી રીતે કાર્ય કરે છે. તે સાવધાનીપૂર્વક કામ કરે છે. દ્વેષચરિત પુરુષનું કાર્ય સ્તબ્ધ અને વિષમ હોય છે. મોહચરિત પુરુષ કાર્ય કરવામાં

અનિપુણ હોય છે. તે વ્યાકુળતાથી કાર્ય કરે છે. તે સમજ્યા વિના જ કાર્ય કરે છે.

ભોજન – રાગચરિત પુરુષને સ્નિગ્ધ અને મધુર ભોજન ભાવે છે. તે વિવિધ રસોનો આસ્વાદ લેતો ધીરે ધીરે જમે છે. સારું ભોજન કરી તે પ્રસન્ન થાય છે. દ્વેષચરિત પુરુષને લૂખું અને ખાટું ભોજન ભાવે છે. તે રસોનો આસ્વાદ લીધા વિના ઉતાવળે ઉતાવળે કોળિયા ગળે ઉતારી દે છે. ભોજન કરી લીધા પછી તે પ્રસન્ન જણાતો નથી. મોહચરિત પુરુષની રુચિ અનિયત હોય છે. વિક્ષિપ્ત ચિત્તવાળા મનુષ્યની જેમ અનેક જાતની શંકાઓ કરતો તે ભોજન કરે છે.

દર્શન – રાગચરિત પુરુષ મનોહર રૂપ જોઈ વિસ્મિત થાય છે. તે લાંબા સમય સુધી તેનું અવલોકન કરે છે. તેનામાં ભલે ગુણ થોડા હોય તો પણ તેનામાં તે અનુરક્ત બને છે. તે યથાર્થ દોષનું પણ ગ્રહણ કરતો નથી. એ મનોહર રૂપ આગળથી દૂર ખસવાની તેને ઇચ્છા જ થતી નથી. દ્વેષચરિત પુરુષ મનોહર રૂપમાં થોડી ખામી જોઈ ખેદ પામે છે. તે એની સામે જોતો પણ નથી. જરા જેટલો દોષ પણ તેની નજરથી બચતો નથી. યથાર્થ ગુણનું પણ તે ગ્રહણ નથી કરતો. મોહચરિત પુરુષ જ્યારે મનોહર રૂપ દેખે છે ત્યારે તે ઉપેક્ષા સેવે છે. બીજાને તેની નિંદા કરતા દેખી તે નિંદા કરે છે અને બીજાને પ્રશંસા કરતા દેખી તે પ્રશંસા કરે છે.

ધર્મપ્રવૃત્તિ – ધર્મો એટલે ચિત્તની અવસ્થાઓ. એમની પ્રવૃત્તિને અહીં ધર્મપ્રવૃત્તિ કહી છે. રાગચરિત પુરુષમાં માયા, શાઠ્ય, માન, પાપેચ્છા, અસંતોષ, ચપલતા, લોભ, શૃંગારભાવ વગેરે ધર્મોની બહુલતા હોય છે. દ્વેષચરિત પુરુષમાં ક્રોધ, દ્વેષ, ઈર્ષ્યા, માત્સર્ય, દંભ આદિ ધર્મોની બહુલતા હોય છે. મોહચરિત પુરુષમાં વિચિકિત્સા, આલસ્ય, ચિત્તવિક્ષેપ, અકર્મણ્યતા (ચિત્તની), પશ્ચાત્તાપ, પ્રતિનિવિષ્ઠતા, દઢગ્રાહ વગેરે ધર્મોની બહુલતા હોય છે. શ્રદ્ધાચરિત પુરુષનો ત્યાગ નિ:સંગ હોય છે. તે સાધુના દર્શનની અને સદ્ધર્મના શ્રવણની ઇચ્છા રાખે છે. તેનામાં પ્રીતિની બહુલતા હોય છે. તે શઠતા અને માયાથી રહિત હોય છે. તે ઉચિત વસ્તુમાં શ્રદ્ધા રાખે છે. બુદ્ધિચરિત પુરુષ સ્નિગ્ધભાષી, મિતભોજી અને કલ્યાણમિત્ર હોય છે. તે સ્મૃતિ–સંપ્રજન્યયુક્ત હોય છે. સંસારનું દુ:ખ દેખી તે સંવેગ પામે છે અને દુ:ખ દૂર કરવા ઉદ્યોગ કરે છે. વિતર્કચરિત પુરુષને કુશલ-ધર્મો ગમતા નથી. તેનું ચિત્ત અનવસ્થિત હોય છે. તે બહુભાષી અને સમાજપ્રિય હોય છે. તે આમથી તેમ આલંબનોની પાછળ દોડે છે.

આ રીતે આચાર્ય સાધકની ચર્યાને જાણીને નિશ્ચય કરે છે કે તે રાગચરિત છે કે દ્વેષચરિત છે, ઈત્યાદિ. પછી આચાર્ય તેની ચર્યાને અનુકૂળ કર્મસ્થાનોનું ગ્રહણ કરાવે છે. રાગચરિત પુરુષને આ અગીઆર કર્મસ્થાનો અનુકૂળ છે – દસ અશુભ અને કાયગતાસ્મૃતિ. દ્વેષચરિત પુરુષને આ આઠ કર્મસ્થાનો અનુકૂળ છે – ચાર બ્રહ્મવિહાર અને ચાર વર્ણકસિણ. મોહચરિત કે વિતર્કચરિત પુરુષને એક જ કર્મસ્થાન અનુકૂળ છે અને તે આનાપાનસ્મૃતિ. શ્રદ્ધાચરિત પુરુષને છ કર્મ-સ્થાનો અનુકૂળ છે અને તે છે પ્રથમ છ અનુસ્મૃતિઓ. બુદ્ધિચરિત પુરુષને આ ચાર કર્મસ્થાનો અનુકૂળ છે – મરણસ્મૃતિ, ઉપશમાનુસ્મૃતિ, ચતુર્ધાતુવ્યવસ્થાન અને આહારમાં પ્રતિકૂળ સંજ્ઞા. શેષકસિણો અને ચાર આરૂપ્ય ગમે તે ચરિતવાળાને અનુકૂળ કર્મસ્થાનો છે.[૬૮] એવી કોઈ કુશલભાવના નથી જે રાગાદિના પરિત્યાગમાં સહાયક ન બને અને શ્રદ્ધા વગેરેને ઉપકારક ન થાય. ભગવાન મેઘિયસુત્તમાં કહે છે કે રાગના નાશ માટે અશુભભાવના, વ્યાપાદના નાશ માટે મૈત્રીભાવના, સંશય યા વિતર્કના નાશ માટે આનાપાનસ્મૃતિભાવના અને અહંકાર–મમકારના નાશ માટે અનિત્યભાવના કરવી જોઈએ.

હવે આપણે ચાલીસ કર્મસ્થાનોનું ક્રમશઃ નિરૂપણ કરીશું.

**(૧) આનાપાનસ્મૃતિ** – સુત્તપિટકમાં આનાપાનસ્મૃતિને બીજાં બધાં કર્મસ્થાનોની અપેક્ષાએ વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. એટલે, પ્રથમ તેનો વિચાર કરીએ છીએ.

મજ્ઝિમનિકાયના આનાપાનસતિસુત્તમાં ભગવાન કહે છે, “હે ભિક્ષુઓ! (a) ભિક્ષુ અરણ્યમાં, ઝાડ નીચે કે એકાન્ત સ્થળે જઈ શરીર ટટાર રાખીને સાવધાનીપૂર્વક બેસે છે. તે સભાનપણે આશ્વાસ લે છે અને પ્રશ્વાસ મૂકે છે. (b) દીર્ઘ શ્વાસ લેતી વખતે તેને ભાન હોય છે કે હું દીર્ઘ શ્વાસ લઉં છું. દીર્ઘ શ્વાસ મૂકતી વખતે તેને ભાન હોય છે કે હું દીર્ઘ શ્વાસ મૂકું છું. હ્રસ્વ શ્વાસ લેતી વખતે તેને ભાન હોય છે કે હું હ્રસ્વ શ્વાસ લઉં છું. હ્રસ્વ શ્વાસ મૂકતી વખતે તેને ભાન હોય છે કે હું હ્રસ્વ શ્વાસ મૂકું છું. (c) આખા દેહની સ્મૃતિ રાખીને સભાનપણે આશ્વાસ લેવાનો અને પ્રશ્વાસ મૂકવાનો અભ્યાસ કરે છે. કાયસંસ્કાર શાંત કરીને સભાનપણે આશ્વાસ લેવાનો તેમ જ પ્રશ્વાસ મૂકવાનો અભ્યાસ કરે છે. (d) પ્રીતિનો અનુભવ કરીને સભાનપણે આશ્વાસ લેવાનો અને પ્રશ્વાસ મૂકવાનો અભ્યાસ કરે છે. સુખનો અનુભવ કરીને સભાનપણે આશ્વાસ લેવાનો અને પ્રશ્વાસ મૂકવાનો અભ્યાસ કરે છે. ચિત્તસંસ્કાર જાણીને સભાનપણે આશ્વાસ લેવાનો અને પ્રશ્વાસ મૂકવાનો અભ્યાસ કરે છે. ચિત્તસંસ્કાર

શાંત કરીને સભાનપણે આશ્વાસ લેવાનો અને પ્રશ્વાસ મૂકવાનો અભ્યાસ કરે છે. (e) ચિત્તને જાણીને સભાનપણે આશ્વાસ લેવાનો અને પ્રશ્વાસ મૂકવાનો અભ્યાસ કરે છે. ચિત્તને પ્રમુદિત કરીને સભાનપણે આશ્વાસ લેવાનો અને પ્રશ્વાસ મૂકવાનો અભ્યાસ કરે છે. ચિત્તનું સમાધાન કરીને સભાનપણે આશ્વાસ લેવાનો અને પ્રશ્વાસ મૂકવાનો અભ્યાસ કરે છે. ચિત્તને વિમુક્ત કરીને સભાનપણે આશ્વાસ લેવાનો અને પ્રશ્વાસ મૂકવાનો અભ્યાસ કરે છે. (f) અનિત્યતાના જ્ઞાન સાથે સભાનપણે આશ્વાસ લેવાનો અને પ્રશ્વાસ મૂકવાનો અભ્યાસ કરે છે. વૈરાગ્યના જ્ઞાન સાથે સભાનપણે આશ્વાસ લેવાનો અને પ્રશ્વાસ મૂકવાનો અભ્યાસ કરે છે. નિરોધના જ્ઞાન સાથે સભાનપણે આશ્વાસ લેવાનો અને પ્રશ્વાસ મૂકવાનો અભ્યાસ કરે છે. ત્યાગના જ્ઞાન સાથે સભાનપણે આશ્વાસ લેવાનો અને પ્રશ્વાસ મૂકવાનો અભ્યાસ કરે છે. હે ભિક્ષુઓ! આ પ્રમાણે આનાપાનસ્મૃતિની ભાવના કરવાથી તે ઉત્તમ ફળ આપે છે અને કલ્યાણ કરે છે.''[૬૯]

(a)માં આનાપાનસ્મૃતિનો આરંભ કેવી રીતે કરવો એ દર્શાવ્યું છે. (b)માં સભાનપણે આશ્વાસ લેવાનું અને પ્રશ્વાસ મૂકવાનું કહેવામાં આવ્યું છે. સાધકે શ્વાસોચ્છ્વાસ ઉપર ચિત્તને એકાગ્ર કરવાનો અભ્યાસ કરવો જોઈએ. આ કામ મુશ્કેલ છે. એટલે આશ્વાસપ્રશ્વાસ ઉપર ચિત્ત એકાગ્ર કરવા માટે નાસિકાગ્ર ઉપર अरहं શબ્દ કલ્પીને તે ઉપર ધ્યાન ધરવાનું સૌ પ્રથમ કહેવામાં આવે છે. अरहं શબ્દ ઉપર ચિત્ત સ્થિર થવાનું શીખે એટલે પછી તેને શ્વાસોચ્છ્વાસ ઉપર સ્થિર થવું સરળ પડે છે. જો કોઈને अरहं શબ્દ ઉપર ચિત્તની સ્થિરતા સધાયા પછી પણ શ્વાસોચ્છ્વાસ ઉપર ચિત્તને એકાગ્ર કરવામાં મુશ્કેલી પડે તો તેણે વિશુદ્ધિમાર્ગ નામના ગ્રંથમાં સૂચવેલ ગણના, અનુબંધના, સ્પર્શ અને સ્થાપનાનો પ્રયોગ કરવો.[૬૯a] ગણના એટલે દીર્ઘ કે હ્રસ્વ આશ્વાસપ્રશ્વાસની ગણતરી. તે દસ કરતાં વધારે કે પાંચ કરતાં ઓછા ગણવા નહિ. દસ કરતાં વધારે ગણવાથી ચિત્ત ગણતરી તરફ જ વળી જાય છે અને પાંચ કરતાં ઓછા ગણવાથી ચિત્ત અસ્થિર જ રહે છે. માટે, દસ અને પાંચ વચ્ચેની અનુકૂળ સંખ્યા પસંદ કરી સભાનપણે શ્વાસોચ્છ્વાસની ગણના કરવી. ગણના વડે ચિત્ત થોડુંઘણું સ્થિર થવા લાગે ત્યારે ગણતરી છોડી દઈ કેવળ શ્વાસોચ્છ્વાસ સાથે ચિત્ત અંદર અને બહાર જતુંઆવતું રહે એવો પ્રયત્ન કરવો. આને જ અનુબંધના કહે છે. સ્પર્શ એટલે નાકના અગ્ર ભાગે જ્યાં આશ્વાસ અને પ્રશ્વાસ અથડાતા હોય ત્યાં ચિત્તને સ્થિર કરવું એ. આમ કરવાથી ચિત્ત શ્વાસોચ્છ્વાસમાં સ્થિર થાય છે. આને સ્થાપના કહે છે. સભાન ચિત્ત નાસિકાગ્ર ઉપર જ આવતા-જતા શ્વાસો-

ચ્છ્વાસનું ધ્યાન રાખે છે એટલે પરિણામે ચિત્ત શ્વાસોચ્છ્વાસમાં સ્થપાઈ જાય છે. આ રીતે આશ્વાસપ્રશ્વાસ ઉપર ચિત્ત એકાગ્ર થવા લાગે એટલે આગળ વધવાની લાલચ રોકી આ ભૂમિકાને સુદૃઢ કરવી જોઈએ. આ ભૂમિકા દૃઢ થાય પછી જ આગળ વધવું જોઈએ. આ ભૂમિકા સિદ્ધ થયા પછી (c)માં જણાવ્યા પ્રમાણે આખા શરીરની સ્મૃતિ રાખીને આશ્વાસપ્રશ્વાસ ઉપર ચિત્તને એકાગ્ર કરવાનો અભ્યાસ કરવો જોઈએ. આમાં સફળતા મળતાં આખું શરીર રોમાંચ અનુભવે છે. આ રોમાંચને શરીરસંસ્કાર કહેવામાં આવે છે. પરંતુ સાધકે આવા શરીરસંસ્કારને શાંત કરીને શરીરસ્મૃતિ સાથે આશ્વાસપ્રશ્વાસ ઉપર ચિત્તને સ્થિર કરવાનો અભ્યાસ કરવો જોઈએ. આ ભૂમિકા સિદ્ધ થાય એટલે (d)માં જણાવ્યા પ્રમાણે પ્રીતિના અનુભવ સાથે ચિત્તને આશ્વાસપ્રશ્વાસ ઉપર સ્થિર કરવાનો અભ્યાસ કરવો જોઈએ. પ્રીતિ એટલે નિષ્કામ પ્રેમ. (c)માં વર્ણવેલો અભ્યાસ સફળ થતાં ચિત્તમાં નિષ્કામ પ્રેમનો ભાવ જાગે છે. તે પ્રેમભાવના અનુભવ સાથે જ ચિત્તને આશ્વાસપ્રશ્વાસ ઉપર હવે સ્થિર કરવાનું હોય છે. આ પ્રીતિ એ ચિત્તસંસ્કાર છે. છેવટે આ ચિત્તસંસ્કારને અને ચિત્તના સૂક્ષ્મ કંપનને શાંત કરવાનો સાધકે પ્રયત્ન કરવો જોઈએ. ચિત્તસંસ્કાર શાંત થાય એટલે તે ચિત્ત-સંસ્કારની શાંતિ સાથે સાધકે આશ્વાસપ્રશ્વાસ ઉપર ચિત્ત સ્થિર કરવું જોઈએ. આ ભૂમિકા સિદ્ધ થાય એટલે (e)માં જણાવ્યા પ્રમાણે ચિત્તના જ્ઞાન સાથે સાધકે ચિત્તને આશ્વાસપ્રશ્વાસ ઉપર સ્થિર કરવું જોઈએ. આથી ચિત્તમાં જડતા પ્રવેશતી અટકે છે. પછી ચિત્તને પ્રમુદિત કરીને, ચિત્તનું સમાધાન કરીને અને ચિત્તને વિમુક્ત કરીને આશ્વાસપ્રશ્વાસ ઉપર ચિત્તને સ્થિર કરવાનો અભ્યાસ કરવો જોઈએ. અહીં 'વિમુક્ત કરીને'નો અર્થ એ છે કે, આશ્વાસપ્રશ્વાસમાં ચિત્તને આસક્ત થવા ન દેવું. આશ્વાસપ્રશ્વાસની આ સાધનાથી શરીરસુખ અને ચિત્તસુખ થાય છે પરંતુ તે સુખોમાં આસક્ત થવાને બદલે ચિત્તે વિમુક્ત રહેવું જોઈએ. ચિત્ત જો તેમાં આસક્ત થઈ જાય તો તે અસ્વસ્થ બને, દુ:ખી બને અને સાધનાનો ભંગ થાય. આ (e)માં જણાવેલી ભૂમિકા સિદ્ધ થઈ જાય પછી (f)માં જણાવ્યા પ્રમાણે અનિત્યતાના જ્ઞાન સાથે સાધકે ચિત્તને આશ્વાસપ્રશ્વાસ ઉપર સ્થિર કરવું. આશ્વાસપ્રશ્વાસમાં અનિત્યતાનું વિશદ દર્શન થાય છે. અનિત્યતાના દર્શનથી સાચો વૈરાગ્ય જન્મે છે, બધી ચિત્તવૃત્તિઓના લયનું જ્ઞાન ઉદ્‌ભવે છે અને સર્વત્યાગનું રહસ્ય સમજાય છે. આ વૈરાગ્ય, આ લયજ્ઞાન અને આ રહસ્યજ્ઞાનની સાથે આશ્વાસ–પ્રશ્વાસ ઉપર ચિત્ત એકાગ્ર થતાં સાધક બહુ ઓછા સમયમાં નિર્વાણ પ્રાપ્ત કરી શકે છે.

આનાપાનસ્મૃતિનો અલ્પ અભ્યાસ પણ હિતકારક છે. તેની પ્રથમ ભૂમિકાએ પહોંચવાથી પણ જીવન સુખી બની શકે છે; કામ, ક્રોધ, ભય વગેરેથી ચિત્ત ઘેરાઈ જાય ત્યારે આનાપાનસ્મૃતિને શરણે જવાથી ચિત્ત શાંત થઈ જાય છે. આનાપાનસ્મૃતિનો બીજો ગુણ એ છે કે તે બધાં કર્મસ્થાનોમાં ઉપયોગી થાય છે. થોડોઘણો પણ તેનો અભ્યાસ કર્યા વિના કાયગતાસ્મૃતિ, મૈત્રી, કરુણા વગેરે કર્મસ્થાનોના માર્ગે આગળ વધવું મુશ્કેલ બને છે. આનાપાનસ્મૃતિનો સાધક મરણની ક્ષણે પણ સંપૂર્ણ સભાન રહે છે.

આનાપાનસ્મૃતિ પ્રકૃષ્ટ કર્મસ્થાન છે. વિવિધ વિતર્કોને શમાવવા આ કર્મસ્થાન વિશેષ ઉપયોગી છે. 'દસ અશુભ' કર્મસ્થાનો બીભત્સભાવ અને જુગુપ્સાભાવ ઉત્પન્ન કરે છે પરંતુ આ તેવા ભાવો ઉત્પન્ન કરતું નથી. આનાપાનસ્મૃતિની સમાધિને પરિણામે ચૈતસિક અને કાયિક સુખ પ્રાપ્ત થાય છે. વારંવાર આ સમાધિ કરવાથી પાપ નાશ પામે છે. ક્રમપૂર્વક એની વૃદ્ધિ કરવાથી ક્લેશો નાશ પામે છે.

**(૨) કાયગતાસ્મૃતિ અને દશ અશુભો**—આ અગીઆર કર્મસ્થાનોનું નિરૂપણ 'ચાર સ્મૃત્યુપસ્થાનો'માં આપણે જોઈ ગયા છીએ.

**(૩) શેષ આઠ અનુસ્મૃતિ**–કુલ દસ અનુસ્મૃતિઓમાંથી આનાપાનસ્મૃતિ અને કાયગતાસ્મૃતિ એ બેનું નિરૂપણ આપણે કરી ગયા. હવે બાકીની આઠ અનુસ્મૃતિઓનો વિચાર કરીએ.

બુદ્ધાનુસ્મૃતિ — બુદ્ધના ગુણોનું ધ્યાન એ જ બુદ્ધાનુસ્મૃતિ છે. તે બુદ્ધપ્રણિધાન છે. સાધક પ્રસન્ન ચિત્તે એકાંતમાં બેસી 'ભગવાન બુદ્ધ અર્હત્ છે, સમ્યક્ સંબુદ્ધ છે, વિદ્યાચરણસંપન્ન છે, લોકવિદ્ છે, સુગત છે, તથાગત છે, શાસ્તા છે, દેવોના તેમ જ માનવોના ગુરુ છે' આ રીતે ભગવાન બુદ્ધના ગુણોનું અનુસ્મરણ કરે છે. તે અનુસ્મરણ કરતો હોય છે ત્યારે તેના ચિત્તમાં રાગ, દ્વેષ કે મોહ જાગતા નથી. તથાગત બુદ્ધને ચિત્તનું આવલંબન બનાવવાથી ચિત્ત ઋજુ બને છે, નીવરણોનું દમન થાય છે અને બુદ્ધગુણોનું ચર્વણ કરનાર વિતર્ક અને વિચારનો ઉદય થાય છે. બુદ્ધગુણોના વિતર્ક—વિચારથી પ્રીતિ ઉત્પ્રન્ન થાય છે. આ પ્રીતિ કાયાને અને ચિત્તને શાંતિ આપે છે. પ્રશાંત ભાવને પરિણામે સુખ અને સુખને પરિણામે સમાધિ પ્રાપ્ત થાય છે. આ રીતે ક્રમશઃ ધ્યાનના અંગો ઉત્પન્ન થાય છે. પરંતુ બુદ્ધગુણો અનેક અને ગંભાર

હોવાને કારણે તેમનું અનુસ્મરણ ચિત્તને અર્પણા સમાધિ પ્રાપ્ત કરાવવા સમર્થ નથી. તે કેવળ ઉપચાર સમાધિ જ પ્રાપ્ત કરાવવા સમર્થ છે. બુદ્ધાનુસ્મૃતિથી યુક્ત સાધક બુદ્ધ વિશેના ગૌરવથી અન્વિત હોય છે, પ્રસન્ન હોય છે તેમ જ શ્રદ્ધા, સ્મૃતિ, પ્રજ્ઞા અને પુણ્યવૈપુલ્ય પ્રાપ્ત કરે છે અને નિર્ભય બને છે. બુદ્ધાનુસ્મૃતિને લીધે તેનું શરીર ચૈત્ય જેવું પૂજાર્હ બને છે અને તેનું ચિત્ત બુદ્ધભૂમિમાં વિચરે છે.[૭૦]

ધર્માનુસ્મૃતિ – બુદ્ધે પ્રરૂપેલા ધર્મના ગુણોનું સ્મરણ એ જ ધર્માનુસ્મૃતિ છે. ધર્માનુસ્મૃતિની ભાવના કરતો સાધક વિચારે કે ભગવાને ધર્મનું ઉત્તમ રીતે પ્રતિપાદન કર્યું છે, તેમનો ધર્મ સમ્યક્ દર્શનયુક્ત છે, અકાળે ફળ આપનારો છે, 'આવો અને જુઓ' એમ જેના વિશે કહી શકાય એવો છે, વિચારણીય છે અને ડાહ્યા માણસે પ્રત્યક્ષ જાણવા-અનુભવવા જેવો છે. આ ધર્માનુસ્મૃતિથી કેવળ ઉપચાર સમાધિ પ્રાપ્ત થાય છે, અર્પણા સમાધિ પ્રાપ્ત થતી નથી.[૭૧]

સંઘાનુસ્મૃતિ—બુદ્ધના શ્રાવકસંઘના ગુણોનું સતત સ્મરણ એ જ સંઘાનુસ્મૃતિ છે. સંઘાનુસ્મૃતિની ભાવના કરતો સાધક વિચારે છે કે ભગવાનનો શ્રાવકસંઘ ઉત્તમ માર્ગે ચાલનારો છે, સીધા માર્ગે ચાલનારો છે, ન્યાય્ય માર્ગે ચાલનારો છે, સમ્યક્ત્વથી યુક્ત છે. ભગવાન બુદ્ધના શ્રાવકસંઘમાં આધ્યાત્મિક વિકાસક્રમના ભિન્ન ભિન્ન સોપાનોએ આરૂઢ થયેલા સંતો છે. બુદ્ધનો શ્રાવકસંઘ દક્ષિણેય છે, વંદનીય છે અને લોકોને માટે અનુત્તર પુણ્યક્ષેત્ર છે. આવી રીતે ભાવના કરતો સાધક સંઘને વિશે ગૌરવ અનુભવે છે અને એનું ચિત્ત અનુત્તર માર્ગની પ્રાપ્તિ માટે દૃઢ બને છે. સંઘાનુસ્મૃતિથી પણ કેવળ ઉપચાર સમાધિ જ પ્રાપ્ત થાય છે.[૭૨]

શીલાનુસ્મૃતિ – પોતાના શીલના ગુણોનું સતત સ્મરણ કરવું એ જ શીલાનુસ્મૃતિ છે. શીલાનુસ્મૃતિની ભાવના કરતો સાધક વિચારે છે કે મારું શીલ અખંડ છે, અછિદ્ર છે, નિષ્કલંક છે, નિર્દોષ છે, ઇહલોક તેમ જ પરલોકના ભોગોની કામનાથી રહિત છે, ડાહ્યા માણસોની પ્રશંસાને પાત્ર છે, અનિંદ્ય છે અને સમાધિ ભણી લઈ જનાર છે. આ અનુસ્મૃતિથી સાધકને પોતાના શીલ વિશે ગૌરવ ઉપજે છે, અણુમાત્ર દોષથી પણ તે ડરે છે અને અનુત્તર શીલને પામે છે. આ અનુસ્મૃતિ પણ કેવળ ઉપચાર સમાધિ સાધી આપવા સમર્થ છે.[૭૩]

ત્યાગાનુસ્મૃતિ – ત્યાગાનુસ્મૃતિ કરવા ઇચ્છતા સાધકે પ્રથમ કંઈ ને કંઈ દાન કરવું જોઈએ. એણે એવો નિશ્ચય પણ કરવો જોઈએ કે દાન દીધા વિના

ભોજન નહિ કરું. પોતે કરેલા દાન વિશે તે આમ વિચારે છે: 'અહો! મને લાભ થયો. માત્સર્યથી ભરેલા આ જગતમાં માત્સર્યરહિત બની મેં દાન કર્યું. છૂટે હાથે મેં દાન કર્યું. બધું ત્યાગવામાં જ મારું ચિત્ત રત છે. યાચકોને હું પ્રિય બન્યો છું. મારું દાન સ્વીકારી તેમણે મારા ઉપર ઉપકાર કર્યો છે.' આવા વિચારોથી સાધકનું ચિત્ત પ્રેમપૂર્ણ બને છે. તેના ચિત્તમાંથી માત્સર્ય દૂર થાય છે. તેનો અહંકાર ઘટતો જાય છે. નિષ્કામ પ્રેમનું સામર્થ્ય તેનામાં આવે છે. જે જે સમયે તે આવા શુદ્ધ આત્મયજ્ઞનું સ્મરણ કરે છે તે તે સમયે તેને ઉપચાર સમાધિ પ્રાપ્ત થાય છે, એટલું જ નહિ પણ સત્કાર્ય માટે દેહત્યાગ કરવાનું સામર્થ્ય પણ પ્રગટે છે.[૭૪]

દેવતાનુસ્મૃતિ — દેવતાનુસ્મૃતિ એ દેવોના શ્રદ્ધા વગેરે ગુણોનું અને તેમનાં પુણ્યકર્મોનું સ્મરણ છે. દેવો ભિન્ન ભિન્ન કોટિના છે. દેવતાનુસ્મૃતિની ભાવના કરતો સાધક વિચારે છે કે જે જાતની શ્રદ્ધાથી અમુક દેવ અમુક લોકમાં ઉત્પન્ન થયો તે જાતની શ્રદ્ધા મારામાં છે, જે જાતનાં શીલ, શ્રુત, ત્યાગ અને પ્રજ્ઞાથી અમુક અમુક દેવ અમુક અમુક લોકમાં ઉત્પન્ન થયા તે શીલ આદિ મારામાં પણ છે. બૌદ્ધોની દૃષ્ટિએ ઈષ્ટ દેવોની ઉપાસના ત્યાજ્ય નથી, પરંતુ તે ઉપાસના ઐહિક લાભ ખાતર ન કરવી જોઈએ. અમુક દેવને નજર સમક્ષ રાખીને તેનું ચિંતન કરવાથી જો પોતાના શ્રદ્ધા આદિ ગુણો વિકસતા હોય તો તે દેવનું ચિંતન યા અનુસ્મરણ સાધકે કરવું જોઈએ. દેવો પોતે કંઈ સહાય કરવા આવતા નથી, પરંતુ તેમના શ્રદ્ધા વગેરે ગુણોના અનુસ્મરણથી સાધકના તે ગુણો વૃદ્ધિ પામે છે. દેવતાનુસ્મરણથી ઉપચાર સમાધિ જ પ્રાપ્ત થાય છે.[૭૫]

મરણાનુસ્મૃતિ—'પોતાના મરણનું કંઈ ઠેકાણું નથી, તે ક્યાં અને કેવી રીતે થાય એ નિશ્ચિત નથી, અબઘડી પણ તે આવી શકે છે'—આવી રીતે પોતાના મરણનું સતત સ્મરણ કરવું તે મરણાનુસ્મૃતિ છે. મરણાનુસ્મૃતિની ભાવના કરનારો અપ્રમત્ત બને છે, તેની ભવરતિ નાશ પામે છે અને ધર્માચરણમાં તેનો ઉત્સાહ અનેક ગણો વધે છે. કોઈ પણ ક્ષણે મૃત્યુ થવાનો સંભવ છે એવી સ્મૃતિ જેને જાગ્રત હોય તે માણસ આળસ કરે નહિ, તે તો પોતાના મનનો મેલ ધોઈ નાખવા આળસ ખંખેરી તીવ્ર પ્રયત્ન કરે. મરણાનુસ્મૃતિથી પણ કેવળ ઉપચાર સમાધિ જ પ્રાપ્ત થાય છે.[૭૬]

ઉપશમાનુસ્મૃતિ—નિર્વાણના ગુણોનું ચિંતન ઉપશમાનુસ્મૃતિ. સાધક એકાંતમાં સ્થિર ચિત્તે વિચારે છે કે સર્વોત્તમ ચીજ નિર્વાણ છે. તે મદનું મર્દન છે,

પિપાસાનું દૂરીકરણ છે, આસક્તિનો નાશ છે, પુનર્ભવનો ઉચ્છેદ છે, તૃષ્ણાનો ક્ષય છે, વિરાગ છે, નિરોધ છે. આ રીતે સર્વદુ:ખોપશમરૂપ નિર્વાણનું ચિંતન ઉપશમાનુસ્મૃતિ. ભગવાન બુધ્ધે નિર્વાણ વિશે કહ્યું છે કે નિર્વાણ જ સત્ય છે, પાર છે, અજર છે, ધ્રુવ છે, નિષ્પ્રપંચ છે, અમૃત છે, શિવ છે, ક્ષેમ છે, વિશુદ્ધિ છે, દીપ છે અને ત્રાણ છે. આ ઉપશમાનુસ્મૃતિથી યુક્ત સાધક સુખે ઊંઘે છે અને સુખે જાગે છે, એનાં ઇન્દ્રિય અને મન શાંત રહે છે, એ પ્રસન્ન રહે છે અને ક્રમશ: નિર્વાણ પામે છે. નિર્વાણના ગુણોની ગંભીરતા અને અનેકતાને કારણે ઉપશમાનુસ્મૃતિ ચિત્તને અર્પણા સમાધિ પ્રાપ્ત કરાવવા સમર્થ નથી. તે કેવળ ઉપચાર સમાધિમાં ચિત્તને પ્રતિષ્ઠિત કરવા સમર્થ છે.[૭૭]

(૪) **ચાર બ્રહ્મવિહાર**.[૭૮]—મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા આ ચાર ચિત્તની સર્વોત્કૃષ્ટ અને દિવ્ય અવસ્થાઓ છે. એમને 'બ્રહ્મવિહાર' કહે છે.[૭૯] આ ચાર ભાવના ચિત્તવિશુદ્ધિના ઉત્તમ ઉપાય છે. શુદ્ધ ચિત્ત જ એકાગ્ર થઈ શકે છે. ચિત્તમળો છે રાગ, દ્વેષ, તુચ્છકાર, ઈર્ષા, અમર્ષ (ક્રોધ), વગેરે. આ મળોથી વ્યાપ્ત ચિત્ત વ્યગ્ર રહે છે અને સ્થિર થઈ શકતું નથી. મૈત્રી વગેરે દ્વારા ચિત્તમળો દૂર થાય છે. પરિણામે ચિત્ત એકાગ્ર બની શકે છે. જીવો પ્રત્યે કેવો વ્યવહાર કરવો જોઈએ એ પણ ચાર બ્રહ્મવિહાર બતાવે છે. જે ચાર બ્રહ્મવિહારની ભાવના કરે છે તે બધા જીવોના હિત-સુખની કામના કરે છે, બીજાનાં દુ:ખોને દૂર કરવા પ્રયત્ન કરે છે, પોતાનાથી ચડિયાતી વ્યક્તિને દેખી પ્રસન્ન થાય છે અને બધા જીવો પ્રત્યે સમભાવ રાખે છે. સમાધિના બીજા ઉપાયો તો કેવળ આત્મહિતના સાધક છે જ્યારે આ ચાર બ્રહ્મવિહારો તો પરહિતના પણ સાધક છે. તેઓ એક તરફ સાધક વ્યક્તિને આધ્યાત્મિક પ્રસાદ આપે છે તો બીજી તરફ સામાજિક હિતસુખ પણ સાધી આપે છે. તેઓ વ્યક્તિના કલ્યાણની સાથે સાથે સમાજના કલ્યાણના પણ પોષક છે.

મૈત્રી—સર્વ જીવો પ્રત્યે સ્નેહ અને સુહૃદ્ભાવ પ્રસારિત કરવો એ મૈત્રી છે. જીવોના ઉપર ઉપકાર કરવો, એમના સુખની કામના કરવી, દ્વેષ અને દ્રોહનો ત્યાગ કરવો એ મૈત્રીનાં લક્ષણો છે. મૈત્રીભાવ બરાબર જામતાં દ્વેષ શમી જાય છે. રાગ મૈત્રીનો નજીકનો શત્રુ છે. રાગ ઉત્પન્ન થતાં મૈત્રીભાવના નાશ પામે છે. મૈત્રીભાવના જીવોના શીલ આદિ ગુણો દેખે છે. રાગ પણ ગુણો દેખે છે. આમ મૈત્રી અને રાગમાં સાદૃશ્ય છે. તેથી કેટલીકવાર રાગ મૈત્રીવત્ પ્રતીત થાય છે અને છેતરે છે. જરા પણ અસાવધ યા બેધ્યાન રહ્યા કે તરત

જ રાગ મૈત્રીને દૂર કરી પોતાનું સ્થાન જમાવી લે છે. એટલે, જો વિવેક અને જાગૃતિ સાથે મૈત્રીની ભાવના કરવામાં ન આવે તો ચિત્તમાં રાગ પ્રવેશી જવાનો ભય છે. આપણે સદા યાદ રાખવું જોઈએ કે મૈત્રીના સ્નેહનું મૂળ તૃષ્ણા નથી પણ સર્વ જીવો પ્રત્યેની શુભકામના છે. તૃષ્ણા તો રાગનું મૂળ છે. લોભ અને મોહને કારણે રાગ થાય છે. મૈત્રીનો સ્નેહ અમોહ અને અલોભમાંથી જાગે છે. રાગ અને દ્વેષનું અવિનાભાવ સહઅસ્તિત્વ છે. પરંતુ મૈત્રીની સાથે દ્વેષ રહી શકતો નથી. આનું કારણ એ છે કે રાગનો વિષય અમુક વ્યક્તિ કે વ્યક્તિઓ જ હોય છે જ્યારે મૈત્રીનો વિષય સર્વ જીવો છે. રાગ સંકુચિત સ્નેહ છે જ્યારે મૈત્રી તો સર્વવ્યાપી સ્નેહ છે. જો મૈત્રીભાવના વિવેકપૂર્વક કરવામાં ન આવે તો એક જ વ્યક્તિ ઉપર હદબહાર સ્નેહ બંધાઈ જવાનો સંભવ છે અને તેમ થતાં જ તે મૈત્રી રાગમાં ફેરવાઈ જાય છે. પરિણામે લાભ નહિ પણ હાનિ થાય છે. વ્યક્તિ અનિત્ય છે. કોઈ પણ કારણે તે આપણી વિરુદ્ધ જાય, આપણાથી વિખૂટી પડે કે નાશ પામે તો આપણને અત્યંત દુઃખ અને શોક થાય છે. માટે, મૈત્રીનું વ્યક્તિગત સ્નેહમાં પર્યવસાન ન થાય એ ખાતર ખૂબ ખબરદાર રહેવું જોઈએ. દ્વેષને મૈત્રીનો દૂરનો શત્રુ ગણ્યો છે. પરંતુ મૈત્રીભાવનાના સાધકે તેનાથી બીવાની જરૂર નથી. જેના ચિત્તમાં મૈત્રી-ભાવ હોય છે તેના ચિત્તમાં દ્વેષભાવ જાગવાનો સંભવ નથી. તેથી દ્વેષથી નિર્ભય બનીને સાધકે મૈત્રીભાવના કરવી જોઈએ.

મૈત્રીભાવનાનો આરંભ પોતાનાથી કરવો, પછી તે ભાવનાને પ્રિયજનો સુધી વિસ્તારવી, પછી મધ્યસ્થ (અર્થાત્ શત્રુ કે મિત્ર ન હોય એવા) જનો સુધી વિસ્તારવી અને છેવટે શત્રુઓ સુધી વિસ્તારવી. શરૂઆતમાં જ શત્રુ ઉપર પ્રેમભાવના કરવાથી મનને આઘાત લાગે છે અને શત્રુના અપરાધ યાદ આવવાથી મન ઉદ્વિગ્ન થાય છે. વળી, મૈત્રીભાવનાનો આરંભ વિજાતીય વ્યક્તિથી કરવો નહિ. સ્ત્રી પુરુષથી કે પુરુષ સ્ત્રીથી આ ભાવના આરંભે તો રાગ યા કામવિકાર ઉત્પન્ન થાય છે. મૈત્રીભાવનાનો વિસ્તાર ક્રમશઃ દસે દિશાના બધા જીવો સુધી કરવો. આ રીતે સર્વ પ્રાણીઓ ઉપર અગાધ પ્રેમ કરવાનો અભ્યાસ કરવો જોઈએ. આમ કરવાથી ચિત્તગત દ્વેષ–દ્રોહનું શમન થઈ જાય છે અને ચિત્ત એકાગ્ર બને છે.

મૈત્રીથી થતા અગીઆર લાભ ભગવાન બુદ્ધે ગણાવ્યા છે. તેઓ ભિક્ષુઓને ઉદ્દેશીને કહે છે, "હે ભિક્ષુઓ! મૈત્રીની પ્રેમપૂર્વક ઈચ્છા કરવાથી,

ભાવના કરવાથી, અભિવૃદ્ધિ કરવાથી, તેને માર્ગે વળવાથી, તેની સ્થાપના કરવાથી, તેનું અનુષ્ઠાન કરવાથી, તેનો પરિચય કરવાથી, ઉત્સાહપૂર્વક તેને અંગીકાર કરવાથી અગીઆર લાભ થાય છે. તે કયા? મૈત્રીભાવનાનો સાધક સુખપૂર્વક ઊંઘે છે, સુખે જાગે છે, દુ:સ્વપ્ન જોતો નથી, લોકપ્રિય બને છે, ભૂતપિશાચોનેય વહાલો બને છે, દેવો તેનું રક્ષણ કરે છે, અગ્નિ, વિષ કે શસ્ત્ર તેને અસર કરી શકતાં નથી, ચિત્ત તરત જ સમાધિ પ્રાપ્ત કરી શકે છે, મુખકાંતિ પ્રસન્ન બને છે, મૃત્યુકાળે પણ શાંતિ અનુભવે છે અને નિર્વાણ કે બ્રહ્મલોક પ્રાપ્ત કરે છે.

કરુણા—જીવોનું દુ:ખ દેખી સત્પુરુષોનું હૃદય કંપી ઊઠે છે. આ કંપન કરુણા છે. કરુણા જીવોનાં દુ:ખોને દૂર કરવા માટે પ્રવૃત્ત થાય છે. તે પરદુ:ખભંજની છે. તે નિષ્ક્રિય કે વાંઝણી હોતી નથી. બીજાને દુ:ખી દેખી સાધુ પુરુષનું હૃદય કરુણાથી દ્રવિત થાય છે. બીજાનું દુ:ખ દૂર કરવા પોતાના પ્રાણ આપવા પડે તો તે માટેની પણ તેની તૈયારી હોય છે. અહીં જીમૂતવાહનનું દષ્ટાંત[૮૦] સ્મરણીય છે. સત્પુરુષો બીજાનું દુ:ખ સહન નથી કરી શકતા. આ દષ્ટિએ તેમનું હૃદય કુસુમથી પણ કોમળ હોય છે. જે કરુણાશીલ છે તે બીજાને દુ:ખ પહોંચાડતો નથી, બીજાનો દ્રોહ કરતો નથી, બીજાની વિહિંસા કરતો નથી. કરુણાભાવનાથી ચિત્તને ભરી દેતાં વિહિંસા ઉપશાંત થાય છે. તિરસ્કારના યા તુચ્છકારના ભાવને કરુણાભાવનો દૂરનો શત્રુ ગણી શકાય. જેના ચિત્તમાં રોગી, ઘરડા, વગેરે દુ:ખી જનો પ્રત્યે કરુણા હોય તેના ચિત્તમાં તેમના પ્રત્યે તિરસ્કાર યા તુચ્છકારનો ભાવ હોઈ શકે જ નહિ. આ સંદર્ભમાં ઉપગુપ્ત અને ગણિકા વાસવદત્તાનું દષ્ટાન્ત[૮૧] સ્મરણીય છે. શોક યા દૌર્મનસ્ય કરુણાભાવનો નિકટનો શત્રુ છે. શોક અને કરુણા બંને દુ:ખીનાં દુ:ખોને જોઈ જન્મે છે. આ સાદૃશ્યને કારણે અજાગ્રત સાધકની કરુણા શોકમાં ફેરવાઈ જાય છે અથવા તો તે શોકને કરુણા માની બેસે છે. સાધકે કરુણા અને શોકનો વિવેક કરવો જોઈએ. કરુણા અને શોક બંને પરદુ:ખજન્ય છે; પરંતુ કરુણા બીજાનાં દુ:ખોને દૂર કરે છે જ્યારે શોક તો પોતાનેય દુ:ખી કરે છે. કરુણા દુ:ખાપનયનકારી છે જ્યારે શોક દુ:ખવર્ધક છે. કરુણા સ્વપરહિતસાધક છે જ્યારે શોક કોઈનું હિત સાધતો નથી, અરે કેટલીક વાર તો તે આત્મઘાત અને ગાંડપણમાં પરિણમે છે.

કરુણાભાવનાનો પ્રારંભ સજાતીય મધ્યસ્થ જનોથી કરવો, પછી તેને પ્રિયજનો સુધી વિસ્તારવી અને છેવટે શત્રુઓ સુધી વિસ્તારવી. વળી, 'દુ:ખ

બધાંને વળગેલું છે. બધાં જન્મ, જરા, મૃત્યુથી ગ્રસ્ત છે. રોગનું દુ:ખ પણ બધાંને ભોગવવું પડે છે.' – આ રીતે વિચારી સાધકે બધા જીવો પ્રતિ એકસરખી કરુણાભાવના કરવી.

ભગવાન બુદ્ધે જે અગીઆર લાભો મૈત્રીના ગણાવ્યા છે તે કરુણાના પણ છે.

મુદિતા – બીજાની ઉન્નતિ દેખી હર્ષ થવો તે મુદિતા છે. મુદિતા ઈર્ષા યા અસૂયાને દૂર કરે છે. જેનું ચિત્ત મુદિતાથી પૂર્ણ હોય છે તેને ઈર્ષા જાગવાનો સંભવ નથી. તેની ઈર્ષા ઉપશાંત થાય છે. તેને બીજાની સંપત્તિ દેખી બળતરા થતી નથી. તેના ચિત્તમાં અલૌકિક રતિ યા સંતોષ પેદા થાય છે. તેને અરતિ યા અસંતોષ હોતો નથી. મુદિતાભાવનાનો હર્ષ ઉદ્વેગ અને ક્ષોભથી રહિત હોય છે. તે હર્ષ કોઈને દુ:ખકર બનતો નથી.

હાસ્ય એ મુદિતાનો નજીકનો શત્રુ છે. વિવેકપૂર્વક મુદિતાની ભાવના કરવામાં ન આવે તો તે હલકા હાસ્ય–વિનોદમાં પર્યવસાન પામે છે. તેમ ન થાય એ માટે સાધકે અત્યંત જાગ્રત રહેવું જોઈએ. અરતિ કે અસંતોષ મુદિતાનો દૂરનો શત્રુ છે. જેના ચિત્તમાં મુદિતા ઉદ્ભવી છે તેના ચિત્તમાં તે જ વખતે અરતિ કે અસંતોષ જાગી શકે જ નહિ.

મુદિતાનો આરંભ સજાતીય અતિપ્રિય વ્યક્તિથી કરવો, પછી તેને મધ્યસ્થ જનો સુધી વિસ્તારવી અને છેવટે તેને શત્રુઓ સુધી વિસ્તારવી. આમ છેવટે મુદિતાને અત્યંત વ્યાપક બનાવવી. પોતાની જેમ બધાં જ પ્રાણીઓ પ્રમુદિત અંત:કરણથી એકબીજા તરફ જોતાં હોય અને વર્તતાં હોય એવું મનોહર દૃશ્ય ચિત્ત સમક્ષ ખડું કરી તેમાં ચિત્તને એકાગ્ર કરવું

ભગવાને જે અગીઆર લાભ મૈત્રીના ગણાવ્યા છે તે મુદિતાના પણ છે.

ઉપેક્ષા – સર્વ જીવો પ્રત્યે ઉદાસીનભાવ એ જ ઉપેક્ષા છે. ઉપેક્ષાની ભાવના કરતો સાધક સર્વ જીવો પ્રત્યે સમભાવ રાખે છે, પ્રિય–અપ્રિય એવો ભેદ તેને સ્પર્શતો નથી, અનુકૂળ અને પ્રતિકૂળ બંનેમાં તે સમતા ધરાવે છે. તેથી ઉપેક્ષાભાવના ચિત્તમાં જાગતાં વિહિંસા અને અનુનય (રાગ) ઉપશાંત થાય છે. ઉપેક્ષાભાવનાના સાધકને જ્ઞાન જાગે છે કે મનુષ્ય કર્મને અધીન છે, કર્માનુ-સાર જ તે સુખ યા દુ:ખ પામે છે, કર્માનુસાર જ તે દુ:ખમુક્ત થાય છે યા

દુ:ખમાં સબડે છે. આવું જ્ઞાન જ ઉપેક્ષાનું આસન્ન કારણ છે. આમ સર્વત્ર કાર્યકારણભાવના અવ્યાહત વ્યાપારના સ્મરણથી ઉપેક્ષા જન્મે છે. ઉપેક્ષામાં દાર્શનિક ઉદાસીનતા યા મધ્યસ્થતાનો અભ્યાસ કરવામાં આવે છે. સુખદુ:ખની અનિવાર્યતા અને સમસ્ત લૌકિક અનુભવોની પરતંત્રતાના દર્શન કરાવતી ઉપેક્ષા ધીરતા અને નિર્વિકારતામાં પરિણમે છે. આ ઉપેક્ષા જ્ઞાનપ્રસૂત છે. સામાન્ય જનોમાં જણાતી ઉપેક્ષા અજ્ઞાનપ્રસૂત છે. અજ્ઞાનપ્રસૂત ઉપેક્ષા હેય છે. જ્ઞાનપ્રસૂત ઉપેક્ષા ઉપાદેય છે. અજ્ઞાનપ્રસૂત ઉપેક્ષા જ્ઞાનપ્રસૂત ઉપેક્ષાનો નાશ કરે છે, તે તેનો નજીકનો શત્રુ છે. એક તરફ ઘરને આગ લાગી હોય ત્યારે બીજી તરફ લોકો હાથ જોડીને બેસી રહે તે ઉપેક્ષા અજ્ઞાનપ્રસૂત છે. તેને આપણે બેદરકારી યા બેજવાબદારી કહીએ છીએ. ઉપેક્ષાભાવનાનું આવી બેદરકારીમાં પર્યવસાન ન થાય એ માટે સાધકે સચેત રહેવું જોઈએ. વ્યક્તિગત સ્નેહ ઉપેક્ષાનો દૂરનો શત્રુ છે. જેણે થોડી પણ ઉપેક્ષાભાવના કેળવી હોય તેનું ચિત્ત વ્યક્તિગત સ્નેહ( રાગ )માં બદ્ધ થતું નથી, તો પછી જેણે પૂર્ણપણે આ ભાવના કેળવી હોય તેનું ચિત્ત સ્નેહજાળમાં ફસાય જ કેમ ?

ઉપેક્ષાભાવનાની શરૂઆત સજાતીય મધ્યસ્થ વ્યક્તિથી કરવી. પછી ક્રમશ: પ્રિયજનો સુધી, શત્રુઓ સુધી, પોતાની જાત સુધી અને છેવટે સર્વ પ્રાણીઓ સુધી વિસ્તારવી. છોકરું એકલું રમતું હોય યા ગાઢ નિદ્રામાં હોય ત્યારે માતા જેમ તેની ઉપેક્ષા કરે છે તેમ સાધકે બધા પ્રાણીઓ પ્રત્યે જ્ઞાનપ્રસૂતા ઉપેક્ષા કરવી.

ભગવાન બુદ્ધે જે અગીઆર લાભો મૈત્રીના ગણાવ્યા છે તે ઉપેક્ષાના પણ છે.

સામાન્યત: એવું મનાય છે કે પ્રથમ ત્રણ ભાવનાઓથી પ્રથમ ત્રણ ધ્યાનો પ્રાપ્ત થઈ શકે છે. તેમના દ્વારા ચોથું ધ્યાન પ્રાપ્ત થતું નથી. તેનું કારણ એ કે પ્રથમ ત્રણ ધ્યાનોમાં પ્રીતિ હોય છે જ્યારે ચોથા ધ્યાનમાં ઉપેક્ષા હોય છે, અને જ્યાં પ્રીતિ હોય ત્યાં ઉપેક્ષા ન હોય. આ જ કારણે ઉપેક્ષાભાવનાથી કેવળ ચોથું ધ્યાન પ્રાપ્ત થાય છે.

કેટલાકને મતે કોઈ પણ ભાવનાથી ચારેય ધ્યાનો પ્રાપ્ત થઈ શકે છે. તેઓ ઉપેક્ષાને પણ પ્રીતિનો જ એક આવિર્ભાવ ગણે છે. તેમને મતે ચાર ભાવનાઓ સર્વ જીવો ઉપર પ્રેમ કરવાના ચાર ઉપાયો છે. માતા ધાવણા બાળક ઉપર પ્રેમ કે મૈત્રી કરે છે; માંદા બાળક ઉપર કરુણા કરે છે; ચાલતા શીખે, બોલતા

શીખે, હોશિયાર થાય તો તેનાથી મુદિત થાય છે; અને સ્વતંત્ર રીતે પોતાનો સંસાર ચલાવતો થાય ત્યારે ઉપેક્ષા કરે છે. આનો અર્થ એ નથી કે જુદે જુદે વખતે માતાનો પ્રેમ ઓછોવધતો થાય છે, પરંતુ એનો અર્થ એટલો જ છે કે જુદે જુદે વખતે જુદી જુદી પરિસ્થિતિઓમાં એનો એ જ પ્રેમ ભિન્ન ભિન્ન રૂપે અભિ-વ્યકત થાય છે. તેવી જ રીતે, સાધકનો પ્રેમ પણ સર્વ જીવો ઉપર આ ચાર ભિન્ન રૂપોમાં અભિવ્યકત થાય છે. આ માન્યતા અનુસાર પ્રીતિ સાથે ઉપેક્ષા અને ઉપેક્ષા સાથે પ્રીતિ રહી શકે છે.

બધાં કુશલકર્મ ઇચ્છામૂલક છે. તેથી ચારેય બ્રહ્મવિહારની આદિમાં ઇચ્છા છે, નીવરણ વગેરે કલેશોનો પરિત્યાગ મધ્યમાં છે અને અર્પણા સમાધિ અંતમાં છે.

**(૫) સંજ્ઞા** — અહીં આહારમાં પ્રતિકૂલ સંજ્ઞા અભિપ્રેત છે. તેનો અર્થ છે ભોજન પ્રતિ ઘૃણા. ભોજન પ્રતિ ઘૃણા જન્મે એવી ભાવના સાધકે ભાવવી જોઈએ. ભોજન માટે માણસને કેવી મહેનત કરવી પડે છે, ભોજન ન પચવાથી કેવી પીડાઓ થાય છે, શરીરમાં ગયા પછી ભોજન કેવું વિકૃત બની જાય છે, આદિ વિચારો કરવાથી ભોજન પ્રતિ ઘૃણા જન્મે છે, રસલોલુપતા નાશ પામે છે, પરિણામે સાધક શરીર ટકાવવા માટે જ ભોજન લે છે અને આહાર ન મળે તો ખિન્ન થતો નથી. જેની રસલોલુપતા નાશ પામી નથી હોતી તેનું ચિત્ત એકાગ્ર થઈ શકતું નથી. આહારમાં પ્રતિકૂલ સંજ્ઞા સિદ્ધ થવાથી ઉપચાર સમાધિનો લાભ થાય છે.[૮૨]

**(૬) ચતુર્ધાતુવ્યવસ્થાન** — ચાર ધાતુ પૃથ્વી, અપ્, તેજ અને વાયુ. આ ચારમાં શરીરનું મનથી નિઃશેષ પૃથક્કરણ કરવું તે જ ચતુર્ધાતુવ્યવસ્થાન છે. કાયગતાસ્મૃતિમાં આનો સમાવેશ થાય છે. શરીરનું આ રીતે પૃથક્કરણ કરી ચિંતન કરવાથી આ કર્મસ્થાન સિદ્ધ થાય છે. આ ચિંતનને પરિણામે શરીર ઉપરની આસકિત દૂર થાય છે અને સાથે સાથે અભયનો ઉદય થાય છે. આ કર્મસ્થાનથી કેવળ ઉપચાર સમાધિ પ્રાપ્ત થાય છે.[૮૩]

**(૭) દસ કસિણો**[૮૪] — પ્રાચીન કાળમાં ભિક્ષુઓ પર્વત, સમુદ્ર, વન, ફૂલોથી ભરપૂર ક્યારો, આકાશ આદિને આલંબન તરીકે લઈ ધ્યાન ધરતા. આમ એમના આલંબનો પૃથ્વી, પાણી, તેજ અને વાયુનાં વિવિધ કુદરતી રૂપો હતાં. આ રૂપનો રંગ સુવર્ણ, દુર્વર્ણ, નીલવર્ણ, પીતવર્ણ, રકતવર્ણ કે શુભ્રવર્ણ હોય તે જરૂરી હતું. કોઈ પરિમિત રૂપ ઉપર ધ્યાન ધરતું તો કોઈ અપરિમિત ઉપર. બાહ્ય

સૃષ્ટિના સુંદર કુદરતી દૃશ્યો ઉપર ચિત્તને એકાગ્ર કરવાની આ વાત છે. ચિત્તને એકાગ્ર થવામાં સહાયભૂત થનાર આવાં રૂપોનાં પરિમાણ અને વર્ણ અનુસાર દસ ભેદ થાય છે. તેમને દસ અભિભ્વાયતનો કહેવામાં આવે છે.

વખત જતાં પૃથ્વી આદિના કૃત્રિમ આકારો બનાવી ભિક્ષુઓ તેમને ધ્યાનના આલંબન તરીકે ઉપયોગમાં લેવા લાગ્યા. આ કૃત્રિમ રૂપોને કસિણ કહેવામાં આવે છે. કસિણો દસ છે — પૃથ્વીકસિણ, આપોકસિણ, તેજોકસિણ, વાયુકસિણ, નીલકસિણ, પીતકસિણ, લોહિતકસિણ, અવદાતકસિણ, આલોકકસિણ, પરિચ્છિન્નાકાશકસિણ.

પૃથ્વીકસિણ — ભૂરી, પીળી, રાતી કે ધોળી માટી ન લેતાં અરુણવર્ણ માટી લઈને તેનું એક વેંત અને ચાર આંગળ વ્યાસનું મંડળ બનાવવું. આ મંડળને એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવવું હોય તો તે સાદડી કે પાટીયાના કટકા ઉપર બનાવવું. તેને પથ્થર ઘસી ઘસી સાફ કરવું. તેમાં ખડની સળી કે કાંકરી રહેવા ન દેવી.

આપોકસિણ — એક વેંત અને ચાર આંગળનો વ્યાસ ધરાવતા પાત્રમાં પાણી કાંઠોકાંઠ ભરવું અને તે પાણી સ્થિર થાય એટલે તેના ઉપર ધ્યાન ધરવું.

તેજોકસિણ — સારાં સૂકાં લાકડાં લઈ સળગાવવાં, સારું બળતું થાય એટલે તેની સામે એક વેંત અને ચાર આંગળના વ્યાસના કાણાવાળો સાદડીનો કે કાપડનો કટકો બે ખૂંટા સાથે બાંધવો. તે બાંધતાં એટલું ધ્યાન રાખવું કે તે કાણામાંથી જ્વાલાનો કેવળ મધ્યભાગ દેખાવો જોઈએ. પછી યોગ્ય અંતરે બેસીને તેના ઉપર ધ્યાન ધરવું.

વાયુકસિણ — વાયુનું કૃત્રિમરૂપ બનાવવું અશક્ય છે. તેથી પવનથી હાલતી ડાળી કે એવો જ કોઈ પદાર્થ જોઈને તેના ઉપર ધ્યાન ધરવું.

નીલકસિણ — એક વેંત અને ચાર આગળ વ્યાસના પાત્રમાં ભૂરા રંગનાં ફૂલો ગોઠવવાં, તે ભરાઈ જાય એટલે તેની આજુબાજુ બીજા રંગનાં ફૂલો ગોઠવવાં, પછી ભૂરા મંડળ ઉપર ધ્યાન ધરવું. અથવા, ભીંત ઉપર કે કપડા ઉપર એક વેંત અને ચાર આંગળ વ્યાસનું ભૂરું મંડળ બનાવીને તેની આજુબાજુ બીજો કોઈ રંગ પૂરવો, પછી તે ભૂરા મંડળ ઉપર ધ્યાન કરવું. આ જ રીતે પીત, લોહિત અને અવદાત ( = શુભ્ર ) કસિણો બનાવી તેમના ઉપર ધ્યાન કરવું.

આલોકકસિણ — બારીની ફાટમાંથી, છાપરાના કાણામાંથી કે વૃક્ષની ઘટામાંથી આવતાં પ્રકાશનાં કિરણો વર્તુળાકાર ચાંદરણું રચે છે, તે ચાંદરણા ઉપર ધ્યાન કરવું.

પરિચ્છિનાકાશકસિણ — ભીંત કે માંડવામાંથી એક વેંત ચાર આંગળનું કાણું પાડી તેમાંથી આકાશ દેખાય તેમ કરવું. આ આકાશનું વર્તુળ પરિચ્છિન્નાકાશકસિણ કહેવાય છે અને તે ધ્યાનનું આલંબન બને છે.

આ દસ કસિણોમાં પોતાને જે અનુકૂળ હોય તેના ઉપર સાધકે ચિત્ત એકાગ્ર કરવું જોઈએ. પ્રત્યેક કસિણ ત્રણ નિમિત્તોમાં વિભક્ત થાય છે — પરિકર્મનિમિત્ત, ઉદ્‌ગ્રહનિમિત્ત અને પ્રતિભાગનિમિત્ત. પરિકર્મનિમિત્ત એટલે આંખો સામેનું ભૌતિક મંડળ. થોડી એકાગ્રતા સધાતાં આ મંડળ આંખો બંધ કરી દેવા છતાં મનશ્ચક્ષુ સમક્ષ દેખાય છે. મનશ્ચક્ષુ સમક્ષ દેખાતા આ મંડળમાં ભૌતિક જડ મંડળના દોષો સ્પષ્ટપણે દેખાય છે. આમ જેમાં ભૌતિક પરિકર્મનિમિત્તના દોષો સ્પષ્ટ જણાતા હોય એવું મનશ્ચક્ષુ સમક્ષ ખડું થતું મંડળ ઉદ્‌ગ્રહનિમિત્ત કહેવાય છે. ત્યાર પછી વધુ એકાગ્રતા સધાતાં મનશ્ચક્ષુ સમક્ષ નિર્દોષ દિવ્ય મંડળ ખડું થાય છે. આ પ્રતિભાગનિમિત્ત છે. પ્રતિભાગનિમિત્તની ઉત્પત્તિની સાથે જ અંતરાયોનો નાશ થાય છે, ક્લેશોનો ઉપશમ થાય છે અને ઉપચાર સમાધિનો લાભ થાય છે. આ પ્રતિભાગનિમિત્ત જ અર્પણા સમાધિનું આલંબન છે. તેથી તેની રક્ષા પ્રયત્નપૂર્વક કરવી જોઈએ. પ્રતિભાગનિમિત્ત દ્વારા ક્રમશઃ ચારેય ધ્યાનો પ્રાપ્ત થાય છે. પ્રતિભાગનિમિત્ત પ્રાપ્ત થયા પછી કે ધ્યાન પ્રાપ્ત થયા પછી કસિણની મર્યાદા ક્રમશઃ વધારી અપરિમિત બનાવવી જોઈએ અર્થાત્ પ્રતિભાગનિમિત્તને વ્યાપક બનાવી ચારેય ધ્યાનો પ્રાપ્ત કરવા જોઈએ. આવા અમર્યાદિત યા સર્વવ્યાપક પ્રતિભાગનિમિત્ત વડે ચારેય ધ્યાનો પ્રાપ્ત થયા પછી જ અરૂપાવચર આયતનોનું ધ્યાન કરવાની યોગ્યતા સાધકમાં આવે છે.

**(૮) ચાર અરૂપાવચર આયતનો**[૮૫]— ધ્યાન માટેના અરૂપ આલંબનો અરૂપાવચર આયતનો કહેવાય છે. તે ચાર છે — આકાશાનન્ત્ય, વિજ્ઞાનાનન્ત્ય, આકિંચન્ય અને નૈવસંજ્ઞાનાસંજ્ઞા. અપરિમિત અભિભ્વાયતનો કે કસિણો દ્વારા ચાર ધ્યાનો પ્રાપ્ત કર્યા પછી જ અરૂપાવચર આયતનોનું ધ્યાન કરવું જોઈએ. આ ચાર આયતનોમાં પણ ઉપર જે ક્રમે તેમનો નિર્દેશ કર્યો છે તે ક્રમે તેમના ઉપર ધ્યાન ધરવું જોઈએ. આકાશાનન્ત્ય ઉપરનું ધ્યાન સિદ્ધ થાય પછી જ વિજ્ઞાનાનન્ત્યનું ધ્યાન ધરવું જોઈએ, તે સિદ્ધ થાય પછી જ આકિંચન્યનું ધ્યાન ધરવું

જોઈએ અને તે સિદ્ધ થાય પછી જ નૈવસંજ્ઞાનાસંજ્ઞાનું ધ્યાન ધરવું જોઈએ. અરૂપાવચર આયતનો દ્વારા કેવળ ચોથું ધ્યાન જ પ્રાપ્ત થાય છે. તેથી જ કહેવામાં આવ્યું છે કે કસિણો ઉપર ચાર ધ્યાનો જેણે સિદ્ધ કર્યાં હોય તે જ અરૂપાવચર આયતનોનું ધ્યાન ધરવાનો અધિકારી છે. અરૂપાવચર આયતનોથી કેવળ ચોથું ધ્યાન પ્રાપ્ત થાય છે, પહેલાં ત્રણ ધ્યાનો પ્રાપ્ત થતાં નથી કારણ કે આ અરૂપાવચર આયતનો અનંત અને અરૂપ હોઈ વિતર્ક, વિચાર, વગેરેને પેદા કરતા નથી. હવે ક્રમશ: ચાર અરૂપાવચર આયતનોનો વિચાર કરીએ.

આકાશાનન્ત્ય આયતન—રૂપસંજ્ઞાઓથી પર થઈ, પ્રત્યાઘાતસંજ્ઞાઓનો અસ્ત કરી અને નાનાત્વસંજ્ઞાઓ ચિત્તમાં શાંત કરીને અનંત આકાશનું ધ્યાન કરવું જોઈએ. રૂપસંજ્ઞા એટલે જડ સૃષ્ટિના વિચારો. તેનાથી પર થઈને જ આ ધ્યાન પ્રાપ્ત કરી શકાય છે. વળી, જ્યાં સુધી જડ સૃષ્ટિ વિશેના વિચારો ચાલુ હોય ત્યાં સુધી વિષયોનો ઇન્દ્રિયો ઉપર કંઈને કંઈ પ્રત્યાઘાત પડે છે જ, પરંતુ જ્યારે સાધક જડ સૃષ્ટિના વિચારોથી પર થઈ જાય છે ત્યારે તેની ઇન્દ્રિયો આવો પ્રત્યાઘાત પામતી નથી. આને પરિણામે ભિન્ન ભિન્ન કલ્પનાઓ શાંત થઈ જાય છે. નાનાત્વસંજ્ઞાઓની શાંતિનો અર્થ આ જ છે. આવી સ્થિતિમાં ચિત્તનું આલંબન અનંત આકાશ જ રહે છે, ચિત્ત તદાકાર થઈ જાય છે. આ ધ્યાનને કેટલાક પાંચમું ધ્યાન ગણે છે.

વિજ્ઞાનાનન્ત્ય આયતન—અનંત આકાશ ઉપરનું ધ્યાન સિદ્ધ થયા પછી 'આકાશની કલ્પના પણ વિજ્ઞાનમય છે, જેમ આકાશ અનંત છે તેમ વિજ્ઞાન પણ અનંત છે' એવી ભાવના કરી સાધક આકાશને છોડી દઈ અનંત વિજ્ઞાન ઉપર ચિત્તને એકાગ્ર કરે છે. આ ધ્યાનને કેટલાક છઠ્ઠું ધ્યાન ગણે છે.

આકિંચન્ય આયતન—અનંત વિજ્ઞાન ઉપરનું ધ્યાન સિદ્ધ થયા પછી 'કંઈ જ નથી, બધું શૂન્ય છે' એવી ભાવના કરી સાધક શૂન્ય યા અભાવ ઉપર ચિત્તને એકાગ્ર કરે છે. અભાવ વિજ્ઞાન કરતાં પણ બળવાન છે. જ્યાં સુધી વિજ્ઞાનની ગતિ છે ત્યાં સુધી અભાવની પણ ગતિ છે. આવો અભાવ સમગ્ર વિશ્વને વ્યાપીને રહેલો છે એવી કલ્પના કરી જ્યારે યોગી વિજ્ઞાનથી ચિત્તને મુક્ત કરી શૂન્ય ઉપર તેને એકાગ્ર કરે છે ત્યારે આ ધ્યાન અસ્તિત્વમાં આવે છે. આ ધ્યાનને કેટલાક સાતમું ધ્યાન ગણે છે,

નૈવસંજ્ઞાનાસંજ્ઞા આયતન—સંજ્ઞા એટલે કલ્પના. 'નૈવસંજ્ઞાનાસંજ્ઞા' શબ્દને આ રીતે તોડવાનો છે — નૈવ સંજ્ઞા ન અસંજ્ઞા. એનો અર્થ થશે

'સંજ્ઞા પણ નહિ અને અસંજ્ઞા પણ નહિ'. સંજ્ઞા અભાવથી પણ બળવાન છે. આકિંચન્ય ઉપરનું ધ્યાન સિદ્ધ થયા પછી સાધક તેનાથી ઉપલી ભૂમિકા તરફ વળે છે જ્યાં સંજ્ઞા પણ નથી અને અસંજ્ઞા પણ નથી. એક સાથે સંજ્ઞા પણ ન હોય અને અસંજ્ઞા પણ ન હોય એવું કેમ બની શકે? આ સમજાવવા વિશુદ્ધિમાર્ગ નામના ગ્રંથમાં બે દૃષ્ટાંતો આપ્યાં છે. શિષ્યે લોઢાના પાત્રમાં તેલ ચોપડી રાખ્યું હતું. ભાતનું ઓસામણ પીતી વખતે ગુરુએ તેલ માંગ્યું. શિષ્યે કહ્યું, 'તેલ પાત્રમાં છે.' ગુરુએ કહ્યું, 'લઈ આવ. તેને વાંસની નળીમાં ભરી દઈએ.' શિષ્યે કહ્યું, 'વાંસની નળીમાં ભરી શકીએ એટલું તેલ નથી'. જેમ ભાતના ઓસામણમાં ભેળવવા જેટલું તેલ છે પણ વાંસની નળીમાં ભરી શકાય એટલું તેલ નથી તેમ આ ધ્યાનની ભૂમિકાએ બીજરૂપ સૂક્ષ્મ સંજ્ઞા છે પરંતુ તે બીજમાંથી કાર્યરૂપ બનતી કોઈ સંજ્ઞા નથી. બીજું દૃષ્ટાન્ત આ પ્રમાણે છે. ગુરુ—શિષ્ય વિહાર કરી રહ્યા હતાં. રસ્તામાં પાણી આવ્યું. શિષ્યે કહ્યું, 'ગુરુજી, પાણી છે, ચંપલ કાઢી નાખો.' ગુરુએ શિષ્યને કહ્યું, 'પાણી છે તો હું સ્નાન કરી લઉં.' શિષ્યે કહ્યું, 'ચંપલ પલળે એટલું જ પાણી છે, સ્નાન કરી શકાય એટલું પાણી નથી.' તેવી જ રીતે, આ ભૂમિકાએ સંજ્ઞા અત્યંત સૂક્ષ્મ રૂપે હોય છે પરંતુ તે સ્થૂળ રૂપે હોતી નથી.

સંજ્ઞા એટલે કલ્પના. આ ધ્યાનની ભૂમિકામાં ચિત્તમાં કોઈ કલ્પનાઓ ઊઠતી નથી, તે કેવળ સૂક્ષ્મ બીજરૂપે જ ચિત્તમાં હોય છે. આ અર્થમાં આ ધ્યાનને દર્શન યા નિર્વિકલ્પ ધ્યાન કહી શકાય. અર્થાત્ અહીં ચિત્તવૃત્તિઓનો સંપૂર્ણ નિરોધ સધાય છે. એટલે જ કહેવામાં આવ્યું છે કે આ ધ્યાન સિદ્ધ થતાં સાધકને નિરોધસમાપત્તિનો લાભ થાય છે. કેટલાક આ ધ્યાનને આઠમું ધ્યાન ગણે છે.

## (૪) અર્પણા સમાધિના લાભ માટે જરૂરી દસ બાબતો[૬]

આપણે અગાઉથી જણાવી ગયા છીએ કે કયા કર્મસ્થાનો અર્પણા સમાધિ પ્રાપ્ત કરાવનાર છે. અર્પણાસમાધિ પ્રાપ્ત કરાવનાર કર્મસ્થાનોનો અભ્યાસ કરવા છતાં ઉપચારસમાધિથી આગળ વધી શકાતું ન હોય તો સાધકે નીચે જણાવેલી દસ બાબતોનું ચીવટથી પાલન કરવું જોઈએ.

(૧) શરીર તથા વસ્ત્ર સ્વચ્છ અને શુદ્ધ રાખવાં. જો વાળ, નખ વધી ગયાં હોય, શરીરમાંથી દુર્ગંધ નીકળતી હોય, વસ્ત્ર ગંદાં હોય, આસન મેલું હોય

તો સમાધિભાવના દુર્લભ અને ક્ષીણ બની જાય છે તેમ જ ધ્યાનાંગોનો પ્રાદુર્ભાવ થતો નથી.

(૨) શ્રદ્ધા, વગેરે ઇન્દ્રિયોની સમતુલા જાળવવી. આની વાત આપણે ઇન્દ્રિયોની ચર્ચામાં કરી ગયા છીએ.

(૩) જે નિમિત્તનો લાભ થયો હોય તેની રક્ષામાં કુશળ અને દક્ષ બનવું જોઈએ.

(૪) જે સમયે ચિત્તનો પ્રગ્રહ યા ઉત્સાહ જરૂરી હોય ત્યારે ચિત્તનો પ્રગ્રહ કરવો. આનો અર્થ એ કે જ્યારે ચિત્ત જડ અને સંકુચિત બની જાય ત્યારે પ્રસ્રબ્ધિ, સમાધિ અને ઉપેક્ષા એ બોધ્યંગોની ભાવના કરવી નહિ પરંતુ ધર્મપ્રવિચય, વીર્ય અને પ્રીતિ એ ત્રણ બોધ્યંગોની ભાવના કરવી.

(૫) જે સમયે ચિત્તનો નિગ્રહ જરૂરી હોય તે સમયે ચિત્તનો નિગ્રહ કરવો. એનો અર્થ એ કે જ્યારે ચિત્ત ઉદ્ધત અને અનવસ્થિત બની ગયું હોય ત્યારે ધર્મપ્રવિચય, વીર્ય અને પ્રીતિ એ ત્રણ બોધ્યંગોની ભાવના કરવી નહિ પણ પ્રસ્રબ્ધિ, સમાધિ અને ઉપેક્ષા એ ત્રણ બોધ્યંગોની ભાવના કરવી.

(૬) જે સમયે ચિત્તનું સંપ્રહર્ષણ (= સંતર્પણ) કરવું જરૂરી હોય ત્યારે ચિત્તનું સંપ્રહર્ષણ કરવું જોઈએ. જ્યારે પ્રજ્ઞાવ્યાપારની અલ્પતાને કારણે કે ઉપશમસુખના અલાભને કારણે ચિત્તનું સંપ્રહર્ષણ ન થતું હોય ત્યારે આઠ સંવેગો દ્વારા ચિત્તમાં સંવેગ ઉત્પન્ન કરવો જોઈએ. જન્મ, જરા, વ્યાધિ, મરણ, અપાય દુઃખ, અતીતમાં જેનું મૂળ હોય તે દુઃખ, અનાગતમાં જેનું મૂળ હોય તે દુઃખ, વર્તમાનમાં આહારપર્યેષણનું દુઃખ – આ આઠ સંવેગ-વસ્તુ છે. બુદ્ધ, ધર્મ અને સંઘના ગુણોના અનુસ્મરણથી પણ ચિત્તનો સંપ્રસાદ થાય છે.

(૭) જે સમયે ચિત્તમાં ઉપેક્ષાભાવ જરૂરી હોય તે વખતે ચિત્તમાં ઉદાસીનવૃત્તિ જાગ્રત કરવી.

જ્યારે ભાવના કરતા યોગીના ચિત્તનો વ્યાપાર મંદ નથી હોતો, ચિત્તનો વિક્ષેપ નથી હોતો, ચિત્તને ઉપશમસુખનો લાભ થતો હોય છે, આલંબનમાં ચિત્તની સમપ્રવૃત્તિ હોય છે અને શમથના માર્ગમાં (=સમાધિમાર્ગમાં) ચિત્ત આરોહણ કરે છે ત્યારે પ્રગ્રહ, નિગ્રહ અને સંપ્રહર્ષણના વિશે ચિત્તની ઉદાસીનવૃત્તિ હોય છે.

(૮) જે લોકો અનેક કાર્યોમાં વ્યાપૃત રહેતા હોય, જેમનું ચિત્ત વિક્ષિપ્ત રહેતું હોય અને જેઓ ધ્યાનમાર્ગમાં કદી પ્રવૃત્ત ન થયા હોય તેમનો ત્યાગ કરવો.

(૯) સમાધિનો લાભ જેને થયો હોય એવા પુરુષનો સત્સંગ કરવો.

(૧૦) સમાધિપરાયણ બનવું.

## (૫) વિપશ્યનાભાવના[૮૭]

'समाहितो यथाभूतं पस्सति पजानाति' = 'જેને સમાધિલાભ થયો હોય છે તે જ સત્યનું દર્શન કરે છે, સત્યને જાણે છે'. આ વચનને ધ્યાનમાં લઈ સમાધિલાભ પછી પ્રજ્ઞાલાભ ( = વિપશ્યનાલાભ) માટે પ્રયત્ન કરવો જોઈએ, અર્થાત્ એણે સર્વ અનિત્ય છે, સર્વ દુ:ખરૂપ છે અને સર્વ નિ:સાર છે આ સત્યોનો ધ્યાન દ્વારા સાક્ષાત્કાર કરવો જોઈએ. વિપશ્યનાનો અર્થ જ થાય છે 'વિશેષ દર્શન.'

સમાધિલાભ પછી સાધકે ભૂતભૌતિક વસ્તુઓમાં, સુખ–દુ:ખ–ઉપેક્ષાના આંતર અનુભવોમાં, વિચારોમાં (=ધારણાઓમાં), સંસ્કારોમાં અને વિજ્ઞાનોમાં પ્રતિક્ષણ જે સૂક્ષ્માતિસૂક્ષ્મ પરિવર્તનો ચાલ્યા કરે છે તેનો સાક્ષાત્કાર કરવાનો તીવ્ર પ્રયત્ન કરવો જોઈએ. આ બધાંની અનિત્યતાનું દર્શન થતાં જ ભિક્ષુને તે બધાંની દુ:ખરૂપતાનું પણ દર્શન થાય છે, અને તે બધાંની દુ:ખરૂપતાનું દર્શન થતાં 'તે હું નથી' અને 'તે મારાં નથી' એ સત્યનું પણ તેને દર્શન થાય છે. સર્વ અનિત્ય છે, સર્વ દુ:ખરૂપ છે અને સર્વ અનાત્મ છે આ સત્યોનું ધ્યાન દ્વારા દર્શન કરવું અને એક વાર આ દર્શનનો ઉદય થાય પછી તેને ધ્યાન દ્વારા દૃઢ કરવું એ જ વિપશ્યના છે. આ સત્યદર્શન એ જ પ્રજ્ઞા યા વિપશ્યના છે. વિપશ્યનાભાવના પ્રજ્ઞાનો માર્ગ છે. તેને લોકોત્તર સમાધિ પણ કહે છે. આ માર્ગે ચાલનારો વિપશ્યનાયાનિક કહેવાય છે. શમથયાન (=સમાધિમાર્ગ) પછી વિપશ્યનાયાનમાં પ્રવેશ આવશ્યક છે. વિપશ્યના વિના અર્હત્પદ પ્રાપ્ત થતું નથી.

## [૬] આધ્યાત્મિક વિકાસક્રમની ભૂમિકાઓ[૮૮]

આધ્યાત્મિક વિકાસક્રમની ચાર ભૂમિકાઓ છે – સ્રોતાપન્ન, સકૃદાગામી, અનાગામી અને અર્હત્. આ ચારનો પરિચય કરી લઈએ.

સ્રોતાપન્ન – 'સ્રોતાપન્ન' શબ્દનો અર્થ થાય છે 'પ્રવાહમાં પડેલો.' આ પ્રવાહ નિર્વાણગામી છે. જ્યારે સાધકનું ચિત્ત સંસારમાંથી પાછું હઠી નિર્વાણગામી માર્ગ ઉપર આરૂઢ થાય છે ત્યારે તે સાધક સ્રોતાપન્ન થયો કહેવાય છે. સ્રોતાપન્ન સાધકને આ માર્ગમાંથી ભ્રષ્ટ થવાની સંભાવના નથી. ત્રણ સંયોજનોનો (બંધનોનો) ક્ષય થતાં આ શુભ દશા પ્રાપ્ત થાય છે. આ ત્રણ સંયોજનો છે – સત્કાયદષ્ટિ (ચિત્તથી અતિરિક્ત નિત્ય આત્મા છે એવી માન્યતા), વિચિકિત્સા (બુદ્ધ, ધર્મ અને સંઘમાં અશ્રદ્ધા) અને શીલવ્રતપરામર્શ (સ્નાન, ઉપવાસ વગેરે દ્વારા નિર્વાણ પ્રાપ્ત થાય છે એવી માન્યતા). આ ત્રણ સંયોજનોથી બદ્ધ વ્યકિત કદી નિર્વાણાભિમુખ બનતી નથી. તેથી, આ ત્રણ સંયોજનોનો નાશ નિર્વાણાભિમુખ થવા અનિવાર્ય છે. સ્રોતાપન્નને બુદ્ધ, ધર્મ અને સંઘમાં અવિચળ શ્રદ્ધા હોય છે. તે સુશીલ હોય છે. તેને નિર્વાણથી વધુમાં વધુ સાત જન્મોનું જ છેટું હોય છે.

સકૃદાગામી – 'સકૃદાગામી' શબ્દનો અર્થ થાય છે 'કેવળ એક વાર આવનારો અર્થાત્ જન્મ લેનારો.' સ્રોતાપન્ન સાધક જ્યારે કામરાગ (કામવાસના) અને પટિઘ (ક્રોધ) આ બે સંયોજનોને શિથિલ કરી નાખે છે ત્યારે તે સકૃદાગામી બને છે. આ ભૂમિકામાં આસ્રવક્ષય અર્થાત્ કલેશક્ષય કરવાનો પ્રયત્ન પ્રબળ હોય છે. કલેશો જેમ જેમ પાતળા પડતા જાય છે તેમ તેમ પ્રજ્ઞાપ્રકાશ વધુ ને વધુ પ્રગટ થતો જાય છે. સકૃદાગામીને નિર્વાણથી કેવળ એક જન્મનું જ છેટું હોય છે.

અનાગામી – 'અનાગામી' શબ્દનો અર્થ થાય છે 'ફરી કદી નહિ આવનારો અર્થાત્ જન્મ નહિ લેનારો.' જ્યારે સકૃદાગામી કામરાગ અને પટિઘનો પૂર્ણ ક્ષય કરે છે ત્યારે તે અનાગામી બને છે. અનાગામી મૃત્યુ પામે તો તેનો જન્મ ઈહલોકમાં થતો નથી, બ્રહ્મલોકમાં અવતરે છે અને ત્યાંથી સીધો જ નિર્વાણ મેળવે છે.

અર્હત્ – અનાગામી સાધક જ્યારે બાકીનાં પાંચ સંયોજનોનો નાશ કરે છે ત્યારે તે અર્હત્ બને છે. આ બાકીનાં પાંચ સંયોજનો છે – રૂપરાગ (બ્રહ્મલોકની પ્રાપ્તિની ઈચ્છા), અરૂપરાગ (અરૂપ દેવલોકની પ્રાપ્તિની ઈચ્છા), માન (અહંકાર), ઔદ્ધત્ય (ચિત્તની ચંચળતા) અને અવિદ્યા (અજ્ઞાન). આ સંયોજનો છેદાતાં બધા કલેશોનો સમૂળ નાશ થાય છે અને પૂર્ણ પ્રજ્ઞાનો ઉદય થાય છે. જગતમાં રહેતો હોવા છતાં સાધક જલકમલવત્ અલિપ્ત રહે છે. તે

જીવન્મુક્ત છે. વર્તમાન જન્મમાં જ તે નિર્વાણ પામે છે, તેને પુનર્ભવ નથી. તે ચરમ શાન્તિનો અનુભવ કરે છે. બુદ્ધ અને અર્હત્ વચ્ચે આટલો જ ભેદ છે કે બુદ્ધ સ્વપ્રયત્નથી જ નિર્વાણનો સાક્ષાત્કાર કરે છે જ્યારે અર્હત્‌ને નિર્વાણનો સાક્ષાત્કાર થવામાં પરોપદેશ નિમિત્ત છે. આમ તો બંનેય વર્તમાન જન્મમાં જ નિર્વાણ પામે છે.

## ટિપ્પણ

१. **तेविज्जवच्छगोत्तसुत्त, म. नि.**

२. **धम्मचक्कपवत्तनसुत्त, सं. नि.; सच्चविभंगसुत्त, म. नि.**

૩. તુલના કરો – यथा चिकित्साशास्त्रं चतुर्व्यूहं – रोगो, रोगहेतुः, आरोग्यं, भैषज्यमिति । एवमिदमपि शास्त्रं चतुर्व्यूहम् – तद् यथा संसारः संसारहेतुः मोक्षो मोक्षोपाय इति । **व्यासभाष्य २. १५.** જુઓ **સાંખ્યસૂત્ર** ઉપરની વિજ્ઞાનભિક્ષુની **टीका** १. १. અને **ન્યાયસૂત્ર** ઉપરનું ઉદ્યોતકરનું **વાર્તિક ૧. ૧. ૧.**

૪. 'ભૈષજ્ય ગુરુ' નામક બુદ્ધની ઉપાસના ચીન તથા જાપાનમાં પ્રસિદ્ધ છે. આ ઉપાસનાનું પ્રતિપાદકસૂત્ર **'भैषज्यगुरु वैदूर्यप्रभराज सूत्र'** છે. આ સૂત્રનો અનુવાદ ચીની અને તિબ્બતી ભાષામાં મળે છે. એમાં બુદ્ધના ૧૨ પ્રણિધાનનું તથા ધારિણીનું વર્ણન છે. એનું મૂળ સંસ્કૃત પણ મળ્યું છે. જુઓ Gilgit Mss., Vol. I, 1940, Calcutta.

૫. **महासतिपट्ठानसुत्त, दी. नि; सं. नि. १४/३** (ભદંત આનંદ કૌશલ્યાયન સંપાદિત '**बुद्धवचन**' પૃ. ૯–૧૦)

૬. **महासतिपट्ठानसुत्त, दी. नि.; महातण्हासंखयसुत्त, म. नि.**

૭. **महासतिपट्ठानसुत्त, दी, नि..; महादुक्खखंधसुत्त, म. नि.**

૮. **कोसंबियसुत्त, म. नि.**

૯. सीले पतिट्ठाय नरो सपञ्ञो चित्तं पञ्ञञ्च भावयं ।
आतापी निपको भिक्खु सो इमं विजटये जटं ॥ **सं. नि. १।३।३**

૧૦. सव्व पापस्स अकरणं कुसलस्स उपसंपदा ।
सचित्त परियोदपनं एतं बुद्धान सासनं ॥ **धम्मपद, बुद्धवग्गो**

૧૧. **विशुद्धिमार्ग**, शीलनिर्देश

૧૨. **बौद्ध–धर्म–दर्शन**, आचार्य नरेन्द्रदेव, पृ० १९

૧૩. આ દસ પાપોનો ઉલ્લેખ **મનુસ્મૃતિ**ના ૧૨મા અધ્યાયમાં છે. આ હકીકત રસપ્રદ છે. **અષ્ટાંગહૃદયસંહિતા**ના બીજા અધ્યાયમાં વાગ્ભટે પણ આ દસ પાપકર્મોના ત્યાગ પર ભાર મૂક્યો છે. વાગ્ભટ બૌદ્ધ હતો. પરંતુ લોકો બૌદ્ધધર્મી બને એ આશયથી તેણે આમ કર્યું નથી. આરોગ્યપ્રાપ્તિને માટે આ દસ પાપકર્મોનો ત્યાગ તે જરૂરી માનતા હતા.

૧૪. **सामगामसुत्त, म. नि.**

૧૫. **धम्मचक्कपवत्तनसुत्त, सं. नि.; महापरिनिब्बानसुत्त, दी. नि.; महासतिपट्ठानसुत्त, दी. नि.**

૧૬. **अरणविभंगसुत्त, म. नि.**

૧૭. **मागंदियसुत्त, म. नि.**

૧૮. **धम्मचक्कपवत्तनसुत्त, सं. नि.**

૧૯. **सम्मादिट्ठिसुत्त, म. नि.**

૨૦. " "

૨૧. પ્રજ્ઞાસ્કંધમાં સમ્યક્ દૃષ્ટિનો સમાવેશ આ અર્થ સૂચવે છે.

૨૨. **सम्मादिट्ठिसुत्त, म. नि.**

૨૩. *Indian Buddhism*, A. K. Warder, p. 89–93.

૨૪. પાતંજલ યોગદર્શનમાં આ પાંચનો સ્વીકાર અસંપ્રજ્ઞાતયોગના ઉપાયરૂપે થયેલો છે. श्रद्धावीर्यस्मृतिसमाधिप्रज्ञापूर्वक इतरेषाम् । **योगसूत्र १.२०.** આ ઉપાયો સંપ્રજ્ઞાત યોગના પણ છે. સંપ્રજ્ઞાત યોગ પોતે પ્રજ્ઞારૂપ (= વિવેકજ્ઞાનરૂપ) હોવાથી પ્રજ્ઞાને સંપ્રજ્ઞાત યોગનો ઉપાય ન ગણીએ તોય પ્રથમ ચાર તો સંપ્રજ્ઞાત યોગના ઉપાયો છે જ. વીર્યમાં યમથી માંડી ધારણા સુધીનાં છ યોગાંગોનો સમાવેશ થાય છે. સ્મૃતિ એ સાતમું યોગાંગ ધ્યાન છે અને સમાધિ એ આઠમું યોગાંગ સમાધિ છે. શ્રદ્ધા તો સર્વ યોગનું પ્રભવસ્થાન છે. વિસ્તૃત વિવેચન માટે જુઓ આ સૂત્ર ઉપરની ટીકાઓ — **તત્ત્વવૈશારદી** અને **યોગવાર્તિક.**

જૈનોએ આ પાંચને જુદા વેશમાં સ્વીકાર્યા છે. **તત્ત્વાર્થસૂત્ર** **(૮.૧)** મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગને (= પ્રવૃત્તિને)

બંધના હેતુ તરીકે વર્ણવે છે. આ મિથ્યાદર્શન વગેરેના વિરોધીઓ અનુક્રમે દર્શન, વિરતિ, અપ્રમાદ, અકષાય અને અયોગ થાય. દર્શન એ જ શ્રદ્ધા છે. વિરતિ એ જ વીર્ય છે. અપ્રમાદ એ જ સ્મૃતિ છે. અકષાય એ જ સમાધિ છે, કારણ કે જ્યારે ચિત્ત કષાયોથી મુક્ત બની પોતાના શુદ્ધ સ્વરૂપમાં સ્થિર થાય છે ત્યારે તેને સમાધિસંપન્ન ચિત્ત કહેવામાં આવે છે. અયોગ એ જ પ્રજ્ઞા છે. અયોગ અને પ્રજ્ઞાનો અભેદ એટલા માટે છે કે પ્રજ્ઞા એ અયોગનું કારણ છે. રાગદ્વેષરહિત જ્ઞાન ( = પ્રજ્ઞા) હાનોપાદાનરૂપ પ્રવૃત્તિના અભાવનું કારણ છે.

૨૫. पसादो सद्धा। **पुग्गलपञ्ञत्तिटीका २४८।** सम्पसादलक्खणा सद्धा। **मिलिन्दपञ्हो** (लक्खणपञ्हो)। તુલના – श्रद्धा चेतसः सम्प्रसादः। **योगभाष्य १.२०।**

૨૬. શ્રદ્ધાને પરિણામે શ્રદ્ધાળુ વ્યકિત દુ:ખનાં કારણોને જાણી, દૂર કરી દુ:ખમુક્ત થવા પ્રયત્ન કરે છે. આ પ્રયત્ન જ વીર્ય, વ્યાયામ યા પરાક્રમના નામે અધ્યાત્મશાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. વીર્યના સ્વીકારમાં ગોશાલકના નિયતિવાદનો પ્રતિષેધ છે. ‘હું દુ:ખી છું, દુ:ખનાં કારણો છે, દુ:ખનાં કારણો દૂર થાય છે અને વ્યકિત દુ:ખમુક્ત થાય છે’ એ વાત સાચી પણ તે બધું નિયત છે અને તેમાં પુરુષપ્રયત્નને કંઈ અવકાશ નથી એવા નિયતિવાદનો પ્રતિકાર વીર્યના સ્વીકારથી થઈ જાય છે. વળી વીર્યના સ્વીકારમાં ઈશ્વરાનુગ્રહવાદનો પ્રતિકાર પણ છૂપાયેલો છે.

૨૭. આ સ્મૃતિનું મહત્ત્વ **છાંદોગ્ય ઉપનિષદ્** (૭.૨૬.૨) પણ જણાવે છે: स्मृतिलम्भे सर्वग्रन्थीनां विप्रमोक्षः। આ સ્મૃતિ એ જ અધ્યાત્મશાસ્ત્રમાં ઓળખાતો અપ્રમાદ છે. **મુંડકોપનિષદ્** કહે છે: नायमात्मा बलहीनेन लभ्यो न च प्रमादात् (३. २. ४), अप्रमत्तेन वेद्धव्यम्... (२. २. ४) મહાવીરે પોતાના શિષ્ય ગૌતમને અનેક વાર કહ્યું છે કે ‘समयं गोयम! मा पमायए.’ બુદ્ધે પણ આ શબ્દો ભિક્ષુઓને વારંવાર કહ્યા છે.

૨૮. **महातण्हासंखयसुत्त, म. नि.**

૨૯. सद्धीव वित्तं पुरिसस्स सेट्ठं। **आलवकसुत्त, सु. नि.**

૩૦. **कसिभारद्वाजसुत्त, सु. नि.**

૩૧. **चंकिसुत्त, म. नि.**

३२. **महापरिनिब्बानसुत्त, दी. नि.; सामगामसुत्त, म. नि.;** *Indian Buddhism, p. 93*

३३. **संगीतिपरियायसुत्त, दी. नि.; महासकुलुदायिसुत्त, म. नि.;** *Indian Buddhism, p. 89.*

३४. એજન

३५. **बुद्धचरित १. ६९.**

३६. **चंकिसुत्त, म. नि.**

३७. **चूलवेदल्लसुत्त, म. नि.**

३८. **सतिपट्ठानसुत्त, म. नि.; महासतिपट्ठानसुत्त, दी. नि.;** *Indian Buddhism pp. 83–88.*

३९. **बोधिराजकुमारसुत्त, म. नि.**

४०. **महासतिपट्ठानसुत्त, दी. नि.**

४१. **महाराहुलोवादसुत्त, म. नि.; अम्बलट्ठिक–राहुलोवादसुत्त, म. नि; राहुलसुत्त, सु. नि.**

४२. यानि सोतानि लोकस्मिं सति तेसं निवारणं । **अजितमाणवपुच्छा, सु. नि.** (पारायणवग्गो); **पासादिकसुत्त, दी. नि.**

४३. **गणकमोग्गल्लानसुत्त, म. नि.**

४४. **आनापानसतिसुत्त, म. नि.**

४५. जागरो चस्स भिक्खवे भिक्खु विहरेय्य सतो सम्पजानी समाहितो। **जागरियसुत्त, इतिवुत्तक २. २. १०.**

४६. अज्झन्तचिन्ती सतिमा ओघं तरति दुत्तरं। **हेमवतसुत्त, सु. नि.**

४७. **उक्काचेलसुत्त, सं. नि.**

४८. **महाराहुलोवादसुत्त, म. नि.**

४९. **कायगतासतिसुत्त, म. नि.**

५०–५२. **महासतिपट्ठानसुत्त, दी. नि.; सतिपट्ठानसुत्त, म. नि.**

५३. को च भिक्खुनो भिक्खवे गोचरो सको पेत्तियो विसयो? यदिदं चत्तारो सतिपट्ठानाति। **सं. नि.**

૫૪. **महासतिपट्ठानसुत्त**, दी. नि.; **सब्बासवसुत्त**, म. नि.; **महासकुलुदायिसुत्त**, म. नि.; *Indian Buddhism, pp. 93–100*

૫૫. **अग्गिसुत्त**, सं. नि. (**बोज्झंगसंयुत्त**).

૫૬. **विशुद्धिमार्ग**, હિન્દી અનુવાદ, भिक्षु धर्मरक्षित, प्रकाशक महाबोधि સભા, સારનાથ, ૧૯૫૬, ભા. ૧, પૃ૦ ૧૧૮

૫૭. એજન, પૃ૦ ૧૨૯–૧૫૨. પાતંજલ યોગના સંપ્રજ્ઞાત યોગની ચાર ભૂમિકાઓ — વિતર્કાનુગત, વિચારાનુગત, આનન્દાનુગત અને અસ્મિતાનુગત — સાથે આ ચાર ધ્યાનોને સરખાવો. वितर्कविचारानन्दास्मितारूपानुगमात् संप्रज्ञातः। **योगसूत्र १. १७.** આ સૂત્રગત આનંદ બૌદ્ધોની પ્રીતિના સ્થાને છે અને અસ્મિતા બૌદ્ધોના સુખના સ્થાને છે. જૈનો પણ શુક્લ ધ્યાનના ચાર પ્રકારો માને છે અને તેમાંથી પ્રથમ બેને અનુક્રમે પૃથક્ત્વ-વિતર્કસવિચાર અને એકત્વવિતર્કનિર્વિચાર નામ આપે છે.

૫૮. **विशुद्धिमार्ग**, ભા. ૧, પૃ૦ ૧૨૯–૧૫૨. वितर्कविचारावौदार्यसूक्ष्मते। **अभिधर्मकोश २. ३३।** સરખાવો — वितर्कश्चित्तस्यालम्बने स्थूल आभोगः। सूक्ष्मो विचारः। **योगभाष्य, १.१७**

૫૯. **विशुद्धिमार्ग**, ભા. ૧, પૃ૦ ૧૨૯–૧૫૨.

૬૦. એજન, પૃ૦ ૮૬–૯૨

૬૧. **संगारवसुत्त**, सं. नि. (**बोज्झंगसंयुत्त**); **वम्मीकसुत्त**, म. नि. **विशुद्धिमार्ग**, ભા. ૧, પૃ૦ ૧૨૯–૧૫૨. પાતંજલ **યોગસૂત્રમાં** આવતા યોગાન્તરાયોના વર્ણન સાથે સરખાવો. व्याधिस्त्यानसंशयप्रमादालस्याविरतिभ्रान्तिदर्शनालब्धभूमिकत्वानवस्थितत्वानि चित्तविक्षेपाऽन्तरायाः। **योगसूत्र १. ३०।** આમાં નીવરણોનો સમાવેશ છે. અવિરતિ એ જ કામચ્છંદ અને વ્યાપાદ છે. આલસ્ય એ જ મિદ્ધ છે. પ્રમાદ એ જ સ્ત્યાન છે. અનવસ્થિતત્વ એ જ ઔદ્ધત્ય છે. વ્યાધિ એ જ કૌકૃત્ય છે. સંશય એ જ વિચિકિત્સા છે.

૬૨. **विशुद्धिमार्ग**, ભા. ૧, પૃ૦ ૧૧૯–૧૨૦

૬૩. એજન, પૃ૦ ૮૧–૩૩૨

૬૪. એજન, પૃ૦ ૧૦૨

૬૫. એજન, પૃ૦ ૯૩–૯૫

૬૬. એજન, પૃ૦ ૯૫–૯૬

૬૭. એજન, પૃ૦ ૯૬–૧૦૦

૬૮. એજન, પૃ૦ ૧૦૬.

૬૯. આનાપાનસ્મૃતિનો પાતંજલ યોગના પ્રાણાયામથી ભેદ નોંધો. આનાપાનસ્મૃતિ પૂર્વે સ્થિર આસન પ્રાપ્ત કરવું જરૂરી છે. તેવી જ રીતે, પાતંજલ યોગમાં પણ આસનની સ્થિરતા પ્રાપ્ત કર્યા પછી જ પ્રાણાયામની વિધિ કરવાની કહી છે.

૬૯.a **વિશુદ્ધિમાર્ગ,** ભા. ૧, પૃ૦ ૨૪૯–૨૫૩

૭૦. **વિશુદ્ધિમાર્ગ,** ભા. ૧, પૃ૦ ૧૭૬–૧૯૪. બુદ્ધાનુસ્મૃતિને પાતંજલ યોગના ઈશ્વરપ્રણિધાન સાથે સરખાવો.

૭૧. એજન, પૃ૦ ૧૯૫–૧૯૯

૭૨. એજન, પૃ૦ ૧૯૯–૨૦૧

૭૩. એજન, પૃ૦ ૨૦૨–૨૦૩

૭૪. એજન, પૃ૦ ૨૦૩–૨૦૪

૭૫. એજન, પૃ૦ ૨૦૫

૭૬. એજન, પૃ૦ ૨૦૮–૨૧૮

૭૭. એજન, પૃ૦ ૨૬૦–૨૬૨

૭૮. એજન, પૃ૦ ૨૬૩–૨૮૯

૭૯. પાતંજલ યોગદર્શનમાં પણ ચિત્તશુદ્ધિ માટે આ ચાર ભાવના સ્વીકારવામાં આવી છે. मैत्रीकरुणामुदितोपेक्षाणां सुखदुःखपुण्यापुण्यविषयाणां भावनातश्चित्तप्रसादनम् । **योगसूत्र १.३३** । ચોથા બ્રહ્મવિહાર અને યોગશાસ્ત્રસંમત ઉપેક્ષાભાવના વચ્ચે થોડોક ભેદ છે. યોગશાસ્ત્ર અનુસાર ઉપેક્ષાભાવનાનો વિષય અપુણ્યાત્માઓ છે; જેમને ધર્મમાં રુચિ નથી, જેમને સદ્‌વૃત્તિ કેળવવામાં રસ નથી, જે જડ સંસ્કારના છે અને કંઈ પણ સદ્‌વસ્તુનું ગ્રહણ કરવાની યોગ્યતા ધરાવતા નથી તેઓ અપુણ્યાત્માઓ છે. આથી જ અપુણ્યાત્માઓને અવિનેય પણ કહેવામાં આવે છે. બૌદ્ધો અનુસાર ઉપેક્ષાભાવનાનો વિષય પ્રતીત્યસમુત્પાદ (=કાર્યકારણભાવ) છે. બૌદ્ધોની ઉપેક્ષાભાવના ભાવકને સુખદુઃખની અનિવાર્યતા,

પ્રતીત્યસમુત્પાદની અવ્યાહત ગતિ અને લૌકિક અનુભવોની પરતંત્રતાનું દર્શન કરાવી તેનામાં ધીરતા અને નિર્વિકારતા જન્માવે છે. આમ ચોથો બ્રહ્મવિહાર દાર્શનિક ઉદાસીનતાની ભાવના છે. જૈનો પણ આ ચાર ભાવનાને સ્વીકારે છે. मैत्रीप्रमोदकारुण्यमाध्यस्थ्यानि सत्त्वगुणाधिकक्लिश्यमानाविनेयेषु । **तत्त्वार्थसूत्र ७.६** । આમ જૈનોની માધ્યસ્થ્યભાવનાનો વિષય પણ અપુણ્યાત્માઓ છે. તેથી જૈનોની ઉપેક્ષાભાવનાનો વિષય અને યોગદર્શનની ઉપેક્ષાભાવનાનો વિષય એક જ છે. યોગ, જૈન અને બૌદ્ધ ત્રણેય પરંપરાઓમાં આ ચાર ભાવનાઓનો સ્વીકાર સ્પષ્ટપણે તેમની વ્યાપકતા અને તેમનું મહત્ત્વ દર્શાવે છે.

૮૦. આ દૃષ્ટાંત માટે વાંચો શ્રી હર્ષનું **નાગાનન્દ નાટક.**

૮૧. આ દૃષ્ટાન્ત માટે વાંચો રવીન્દ્રનાથ ઠાકુરના કાવ્યનો મેઘાણીએ કરેલો ગુજરાતી અનુવાદ **અભિસાર.**

૮૨. **विशुद्धिमार्ग**, ભા. ૧., પૃ૦ ૩૦૩–૩૦૮

૮૩. એજન, પૃ૦ ૩૦૯–૩૧૧

૮૪. એજન, પૃ૦ ૧૧૦–૧૫૯

૮૫. એજન, પૃ૦ ૨૯૦–૩૦૨

૮૬. એજન, પૃ૦ ૧૨૦–૧૨૮

૮૭. એજન, ભા. ૨, પૃ૦ ૨૦૯–૨૯૦

૮૮. **બુદ્ધચરિત,** ધર્માનંદ કોસંબી, પૃ૦ ૧૧૧–૧૧૨, ૨૫૪–૨૫૬

# અધ્યાય ૭

## ભિક્ષુવિહારચર્યા

બુદ્ધના સમયમાં વિવિધ શ્રમણ અને બ્રાહ્મણ પરિવ્રાજકગણો હતા. આ પરિવ્રાજકગણોમાં અનેક અધ્યાત્મગવેષી કુલપુત્રો ઘરબાર છોડી પ્રવ્રજિત થઈ કોઈ શાસ્ત્ર અથવા આચાર્યના અનુશાસનમાં બ્રહ્મચર્યવાસ કરતા હતા. પરિવ્રાજકગણોમાં વ્યાપક નિયમો અને પ્રથાઓ સમાન હતાં. વિશુદ્ધિના પ્રયત્નમાં બધા પરિવ્રાજકો સંસારત્યાગપૂર્વક બ્રહ્મચર્ય અને અપરિગ્રહનું પાલન કરતા હતા અને પ્રાય: બધાં સંગઠનોમાં ઉપોસથ, વર્ષાવાસ, વગેરે પ્રથાઓ પ્રચલિત હતી. પરંતુ આહાર–વિહાર, વેશભૂષા આદિના નિયમોનો વિસ્તાર જુદા જુદા ગણોમાં જુદો જુદો હતો. આમાં કેવળ આજીવક અને નિગ્રંથના ગણોમાં પ્રચલિત નિયમોનું વિવરણ ઉપલબ્ધ છે. ઔપનિષદ પરંપરામાં બ્રહ્મચર્ય, વાનપ્રસ્થ અને સંન્યાસની જીવનપ્રણાલિ પણ અનુશાસનથી નિયંત્રિત હતી. ધર્મશાસ્ત્રોમાં આવા નિયમોનો સંગ્રહ છે પરંતુ ઉપલબ્ધ ધર્મસૂત્રો બુદ્ધના પહેલાંના નથી. બુદ્ધ પહેલાં વૈખાનસશાસ્ત્ર અને ભિક્ષુ-સૂત્ર અવશ્ય રચાયાં હતાં પરંતુ તે ઉપલબ્ધ નથી. બુદ્ધના સમયમાં પણ એ અજ્ઞાત ન હતું કે સંસાર છોડયા પછી પણ પરિવ્રાજકોએ એક સંગઠિત સમાજનું અંગ બનીને પોતાની સાધના કરવાની છે. પરિવ્રાજકોનાં સંગઠનોમાં બ્રહ્મચર્ય અને સંન્યાસ બંનેનાં લક્ષણો દષ્ટિગોચર થાય છે. બ્રહ્મચર્ય શિષ્યત્વપૂર્વક અને સંયમપ્રધાન છે; સંન્યાસ અપરિગ્રહાત્મક છે. સંન્યાસ યા પ્રવ્રજ્યામાં કુટુંબ અને સંપત્તિના મમત્વમૂલક સંબંધનો વિચ્છેદ થઈ જાય છે અને પ્રવ્રજ્યા લેનાર ક્લિષ્ટ સમાજની બહાર નીકળી જાય છે. સંન્યાસ (યા પ્રવ્રજ્યા) બધી ઉપા-ધિઓના ત્યાગનો અને નૈષ્કર્મ્યનો દ્યોતક છે. બ્રહ્મચર્યમાં ગુરુશિષ્યના વિદ્યામૂલક વિશુદ્ધ આધ્યાત્મિક સંબંધનો તેમ જ એક સંયમ-સાધનાની વ્યવસ્થાનો જન્મ થાય છે. પરિવ્રાજક અવિદ્યાશ્રિત અશુદ્ધ સમાજમાંથી નીકળી વિદ્યાના વિશુદ્ધ સમાજમાં પ્રવેશ કરે છે. આ અક્લિષ્ટ સામાજિકતાનો વિકાસ અને તાત્ત્વિક બોધ સર્વાધિક માત્રામાં બુદ્ધે સ્થાપેલા ભિક્ષુસંઘમાં થયો.

બુદ્ધના સમયના અન્ય પરિવ્રાજકગણોમાં સંચાલક ગુરુ અથવા શાસ્તા પોતાના પછી ગણના નેતા તરીકે કોઈ ઉત્તરાધિકારીને નિયુકત કરતા. આ રીતે

એક જાતનો ગુરુવાદ યા એક જાતની મહંતાઈ એ સમયના પરિવ્રાજકગણો યા સંઘોમાં સુવિદિત હતી. પરંત બુદ્ધે પોતાના ઉત્તરાધિકારી તરીકે કોઈ વ્યક્તિને ન નીમી પણ ધર્માનુશાસનને જ ભિક્ષુઓના પથપ્રદર્શક તરીકે મૂકી ગયા. તેમણે ધર્મને જ સંઘનું પ્રતિશરણ ગણ્યું, કોઈ વ્યક્તિવિશેષને નહિ.

બુદ્ધશાસનમાં ગુરુનું રૂપ કલ્યાણમિત્રનું છે અને એનું કાર્ય છે પથપ્રદર્શન. શાક્યમુનિના શિષ્યોએ પોતાના બળે જ ચાલવાનું છે અને પોતાના બળ પર જ નિર્ભર રહેવાનું છે. એટલે એમને આત્મદીપ યા આત્મશરણ બનવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. આ સાધનાયાત્રામાં ધર્મ જ એમનો સહાયક અને નિયામક છે. સાચી દિશામાં માંડેલું ડગલું જ આગલા ડગલા માટે અને એ એના પછીના ડગલા માટે ચોક્કસ નિર્દેશક છે — આ ક્રમે જ આધ્યાત્મિક લક્ષ્ય તરફ આગળ વધાય છે. એટલે જ ધર્મને યાન અથવા માર્ગ કહ્યો છે. ધર્મ જ બુદ્ધની વાસ્તવિક કાયા છે. ધર્મને દેખવો એ બુદ્ધને દેખવા બરાબર છે. એમના શિષ્યને 'भगवतो पुत्तो ओरसो धम्मजो धम्मनिम्मित्तो धम्मदायादो'[૧] કહેવામાં આવ્યો છે. બુદ્ધ પોતાના અનુયાયીનું ધ્યાન પોતાના પાર્થિવ વ્યક્તિત્વથી પર પોતાની શિક્ષામાં સૂચિત અમૃત પદ અને ત્યાં સુધી લઈ જનાર આધ્યાત્મિક નિયમો તેમ જ આંતર પ્રેરણા તરફ દોરવા માગતા હતા. સાચા શિક્ષકની જેમ તે ઇચ્છતા હતા કે મારા પોતાના શિષ્યો પોતાના પગ પર ઊભા રહે. એટલે, એમણે સંઘના સંયોજક સૂત્રને ગુરુપરંપરાનું રૂપ ન આપતાં ધર્મવિનયનું રૂપ આપ્યું. ત્રિરત્નનું શરણ લેવાની પ્રથા હોવા છતાં આ પ્રથા ઉપરથી આપણે અન્ય સંપ્રદાયોમાં પ્રચલિત શરણાગતિના માર્ગનું અનુમાન ન કરવું જોઈએ. પોતાના ઉપદેશોમાં પણ બુદ્ધે શબ્દને ઓછું મહત્ત્વ આપ્યું છે, અર્થને વધુ. એમની વાણીને વેદવત્ ગણવાની અને તેનું સ્મરણ કરવાની ઇચ્છા એમના કેટલાક શિષ્યોએ પ્રગટ કરી હતી પરંતુ બુદ્ધે એનો અસ્વીકાર કર્યો હતો. એમણે એમના શિષ્યોને કહ્યું કે તમારે બધાએ પોતપોતાની બોલીમાં શિક્ષાનું સ્મરણ કરવું જોઈએ.[૨] વૈદિક પરંપરાથી ઊલટું એમણે શબ્દના બદલે અર્થને પ્રતિશરણ ગણ્યો છે અને જણાવ્યું છે કે અર્થ છેવટે પ્રત્યાત્મવેદનીય છે. આ રીતે પ્રાચીન બૌદ્ધ ધર્મમાં શબ્દપ્રમાણ — શ્રુતિ, કૃપા, ભક્તિ, મન્ત્ર, શક્તિપાતાત્મક દીક્ષા આદિનું મહત્ત્વ ન હતું અને તેથી જ પ્રચલિત અર્થમાં ગુરુવાદનું પણ મહત્ત્વ ન હતું.

કેટલાક વિદ્વાનોનો એવો મત છે કે ગણતંત્રના પ્રસંશક હોવાને કારણે બુદ્ધે પોતાની પછી સંઘનું નેતૃત્વ કોઈ વ્યક્તિને ન સોંપ્યું પણ સંઘમાં 'ધર્મ-

રાજ્ય' યા 'ગણરાજ્ય' સ્થાપ્યું. આ વાત મહદંશે સાચી લાગે છે. મહાપરિનિર્વાણસૂત્રમાં વજ્જિઓના સાત અત્યાજ્ય ધર્મોનો ઉલ્લેખ કરીને બુદ્ધ ભિક્ષુઓને એવા જ સાત અત્યાજ્ય ધર્મોનો ઉપદેશ કરે છે. આ હકીકત ઉપરની વાતને સમર્થન આપે છે.

ભિક્ષુસંઘમાં વર્ણભેદનિરપેક્ષતા હતી. તેનું મૂળ ગણરાજ્યોમાં ખોળવાને બદલે મુનિપરંપરામાં ખોળવું જોઈએ. આ પરંપરા અવૈદિક હતી અને એમાં વર્ણધર્મનો પ્રવેશ સર્વથા અમાન્ય હતો. વર્ણધર્મ પ્રવૃત્તિમય જીવનનું અંગ છે. લૌકિક એષણાઓમાંથી નિવૃત્ત થવાના પ્રયાસમાં એની સાર્થકતા નથી. એટલે જ નિવૃત્તિપરક શ્રમણપરંપરામાં જાતિભેદની ઉપેક્ષા થઈ છે. બૌદ્ધ શ્રમણપરંપરાની શાખા છે. તેથી એમાં જાતિભેદની ઉપેક્ષા હોય એ સ્વાભાવિક છે. કેવળ સંઘપ્રવેશની દૃષ્ટિએ જ વર્ણભેદની ઉપેક્ષા બુદ્ધે કરી નથી. એમણે તો વર્ણવ્યવસ્થા યા જાતિભેદના સિદ્ધાન્તનું જ ખંડન કર્યું છે. એમણે દર્શાવ્યું છે કે તાત્ત્વિક દૃષ્ટિએ ચાર વર્ણોમાં જાતિભેદ જણાતો નથી પણ કેવળ કાર્યભેદ જ જણાય છે. જન્મના બદલે કર્મને આધાર તરીકે સ્થાપી વર્ણભેદને સમજવાની બુદ્ધની વાત મહત્ત્વની છે. બુદ્ધની આ દૃષ્ટિ તર્કમૂલક અને સુધારાવાદી છે.

ભિક્ષુઓના અત્યાજ્ય ધર્મોમાં એક મહત્ત્વનો ધર્મ છે આરણ્યક શયનાસન. આ ધર્મ એકાન્તવાસનું માહાત્મ્ય દર્શાવે છે. પરંતુ બુદ્ધના જીવનકાળમાં જ ભિક્ષુઓની ચર્યામાં એક મોટું પરિવર્તન આવી ગયું હતું. ભિક્ષુસંઘમાં પહેલાં એકાન્તવાસનું પ્રાધાન્ય હતું પરંતુ પછી ક્રમશઃ સહવાસનું પ્રાધાન્ય થતું ગયું. અનેક પ્રાચીન ગ્રંથોમાં ભિક્ષુના ખડ્ગવિષાણસમ (=ગેંડા જેવા) એકાકી જીવનની પ્રશંસા કરવામાં આવી છે.[3] પરંતુ એ નિર્વિવાદ છે કે પછી આ એકાકિતાનું સ્થાન આવાસિકતાએ લઈ લીધું. દેવદત્તે ભિક્ષુઓ માટે કઠોર ચર્યાના વિધાનનો અનુરોધ કર્યો હતો. દેવદત્તની વાતનો અસ્વીકાર એ વાતનો દ્યોતક છે કે ભિક્ષુઓ માટે આરણ્યકચર્યા વિરલ બની રહી હતી. આ પરિવર્તનનાં અનેક કારણો હતાં. ભગવાન બુદ્ધના સાહચર્યની ઉત્કંઠા તેમ જ ભિક્ષુઓની સંખ્યાવૃદ્ધિ આ બે બાબતો ભિક્ષુઓની એકાન્તચર્યાના પક્ષમાં ન હતી. પૌષધમાં ભિક્ષુઓ માટે નિયતપણે એકઠા થવું આવશ્યક હતું અને વર્ષાવાસમાં એમને માટે ચારિકાનો (એક ગામથી બીજે ગામ જવાનો) નિષેધ હતો. સમૃદ્ધ ઉપાસકોએ સંઘની સુવિધા માટે વિહારો બનાવી આપ્યા અને વિહારોનું દાન કર્યું. ચુલ્લવગ્ગમાં બુદ્ધ અનાથપિંડિકને કહે છે, "વિહારદાન એ સર્વમાં શ્રેષ્ઠ દાન છે, કારણ કે તેને લીધે ભિક્ષુની સમાધિમાં વરસાદ, તડકો, હિંસક પશુ વગેરે

અંતરાયો આવતા નથી. તેથી સુજ્ઞ ઉપાસકે યથાશક્તિ વિહાર કરાવી ત્યાં વિદ્વાન ભિક્ષુઓને રહેવાની સગવડ કરી આપવી અને તેમને યથાશક્તિ અન્નદાન દેવું." આ બધાનું પરિણામ એ આવ્યું કે ભિક્ષુઓમાં સંગઠિત આવાસિક જીવનનો વિકાસ થયો.

ભિક્ષુઓની સંખ્યાવૃદ્ધિ અને વિહારોની સમૃદ્ધિની સાથે ભિક્ષુસંઘના સંગઠનમાં પરિવર્તન આવતું ગયું. તેથી બુદ્ધે જુદા જુદા પ્રસંગોએ ભિક્ષુઓના અનુશાસન માટે નિયમો ઘડયા. એમનાં નિયમવાકયો શિક્ષાપદો કહેવાય છે. આ શિક્ષાપદોનો સંગ્રહ ધર્મવિનય યા વિનય કહેવાય છે. વિનયનો અર્થ છે 'અનુશાસન માટેની શિક્ષા.' શિક્ષાપદોનો સંગ્રહ અને તેનું સંપાદન મહદંશે પ્રથમ બુદ્ધશતાબ્દીનું કાર્ય છે. આ શિક્ષાપદોને આધારે ભિક્ષુઓની વિહારચર્યાનું ચિત્ર અહીં આલેખીશું.

## [૧] ભિક્ષુપ્રવ્રજ્યા (= ઉપસંપદા)

બુદ્ધે પુરુષોને પ્રવ્રજ્યા આપવાનું કાર્ય ઋષિપત્તનમાં પાંચ જૂના મિત્ર બ્રાહ્મણ તપસ્વીઓથી શરૂ કર્યું અને પછી શ્રેષ્ઠિપુત્ર યશ તેમ જ એના મિત્રોને 'एहि भिक्खु' (= આવો, હે ભિક્ષુ!) શબ્દોના ઉચ્ચારણ દ્વારા પ્રવ્રજ્યા દીધી.[૪] જ્યારે ભિક્ષુઓની સંખ્યા ૬૦ સુધી પહોંચી ત્યારે બુદ્ધે એમને જુદી જુદી દિશાઓમાં બૌદ્ધ ધર્મનો પ્રચાર કરવા મોકલ્યા પરંતુ એમને ભિક્ષુ બનાવવાનો (પ્રવ્રજ્યા દેવાનો) અધિકાર ન આપ્યો. ભિક્ષુ બનવા ઇચ્છનારને તેઓ બુદ્ધ પાસે લાવતા. આ કારણે એ ભિક્ષુઓ અને દીક્ષાર્થીઓને ઘણી મુશ્કેલીઓ પડતી. તેથી બુદ્ધે છેવટે તે ભિક્ષુઓને નવા ભિક્ષુ બનાવવાનો અધિકાર આપ્યો. એ વખતે ઉપસંપદા ગ્રહણ કરનારે પહેલાં માથું મુંડાવી પીળું વસ્ત્ર ધારણ કરવું પડતું અને પછી એ વસ્ત્રને ખભા પર નાખી પ્રવ્રજ્યા દેનાર ભિક્ષુઓને નમસ્કાર કરવા પડતા તથા ત્રણ વાર ત્રિશરણ વાકયોનું ઉચ્ચારણ કરવું પડતું.[૫]

જ્યારે સંઘમાં ભિક્ષુઓની સંખ્યા વધીને લગભગ ૧૫૦૦ થઈ ગઈ ત્યારે બુદ્ધને સંઘમાં ઉપાધ્યાયપદની આવશ્યકતા જણાઈ અને ઉપાધ્યાયપદ અસ્તિત્વમાં આવ્યું. એક ઉપાધ્યાયના અનુશાસનમાં અનેક શિષ્યો રહેતા. કેટલીક ઘટનાઓને પરિણામે પ્રવ્રજ્યા દેવાની વિધિમાં પણ પરિવર્તન કરવામાં આવ્યું. હવે જ્ઞપ્તિ, અનુશ્રાવણ અને ધારણના માધ્યમથી પ્રવ્રજ્યા દેવાતી. જ્ઞપ્તિ— ઉપસંપદા માટેના ઉમેદવારે સંઘની પાસે આવી ઉત્તરાસંગ એક ખભા પર નાખી ઉભડક બેસી હાથ જોડી સંઘને આ પ્રમાણે જણાવવું પડતું, 'હે ભદંત સંઘ!

હું ઉપસંપદાની યાચના કરું છું. કૃપા કરી સંઘ મારો ઉદ્ધાર કરે'. બીજી અને ત્રીજી વાર પણ તેણે આમ જ જણાવવું પડતું. અનુશ્રાવણ—પછી હોશિયાર અને વજનદાર ભિક્ષુ સંઘને વિનંતી કરતા, 'ભદંત સંઘ! હું જે બોલું છું તે તરફ ધ્યાન આપો. ભદંત સંઘ! આ અમુક માણસની અમુક ઉપાધ્યાયે ઉપસંપદા માટે ભલામણ કરી છે. એ ઉપાધ્યાયના હાથ નીચે એ ઉપસંપદાની યાચના કરે છે. સંઘને યોગ્ય લાગે તો સંઘ એને એ ઉપાધ્યાયના અનુશાસનમાં ભિક્ષુ બની રહેવા માટે ઉપસંપદા આપે.' ધારણા—પછીથી ઉપર કહ્યા પ્રમાણે ત્રણ વાર ઉપસંપદાની માગણીનો ઉચ્ચાર થાય. જો કોઈ વાંધો ન ઉઠાવે તો એ માણસ ભિક્ષુ થઈ ગયો એમ સમજવામાં આવતું.[૬]

ઉપસંપદા દેતી વખતે ઉમેદવારને સ્પષ્ટપણે બતાવવું જોઈએ કે એણે ચાર નિશ્રયોનું ( = આજીવિકાના સાધનો માટેના નિયમોનું) પાલન કરવું પડશે. તેને આ પ્રમાણે કહેવામાં આવતું: (૧) તારી પ્રવ્રજ્યા ભિક્ષાટન પર અવલંબે છે. એ માટે તારે આજીવન ઉત્સાહ રાખવો. સંઘનિમંત્રણ વગેરે મળે તો એ વિશેષ લાભ છે એમ માનજે. (૨) તારી પ્રવ્રજ્યા રસ્તા ઉપરથી ભેગાં કરેલાં ચીંથરાંમાંથી બનાવેલા ચીવર પર અવલંબે છે. એ માટે જ તારે ઉત્સાહ રાખવો. કપાસ આદિનાં ચીવર મળે તો એ વિશેષ લાભ છે એમ સમજજે. (૩) તારી પ્રવ્રજ્યા વૃક્ષ નીચેના શયનાસન પર અવલંબે છે. તારે ત્યાં રહેવા માટે આજીવન ઉત્સાહ રાખવો. વિહાર આદિ મળે તો એ વિશેષ લાભ છે એમ માનવું. (૪) ગૌમૂત્રના ઓસડ પર અવલંબે છે તારી પ્રવ્રજ્યા. એ માટે તારે આજીવન ઉત્સાહ રાખવો. ઘી, માખણ વગેરે વસ્તુઓ ઓસડ તરીકે મળે તો એ વિશેષ લાભ થયો એમ સમજવું.[૭] ઉપસંપદાની વિધિ વખતે ઓછામાં ઓછા દસ ભિક્ષુઓની હાજરી આવશ્યક મનાતી. ઉપાધ્યાય ઓછામાં ઓછા દસ વર્ષથી સંઘમાં હોવો જોઈએ.

વખત જતાં અનેક ઘટનાઓને ધ્યાનમાં લઈ બુદ્ધે નીચેની વ્યક્તિઓને પ્રવ્રજ્યા આપવાની મનાઈ કરી : દેવાદાર, ગુલામ, વીસ વર્ષથી નાનો, સંઘની રજા વિના સંઘમાં દાખલ થઈ ગયો હોવાથી જેને સંઘમાંથી બહિષ્કૃત કર્યો હોય, ભિક્ષુ થઈ ભિક્ષુના વેશમાં જ જે અન્ય પંથમાં દાખલ થઈ ગયો હોય, પિતાનો વધ કરનાર, અર્હત્‌નો વધ કરનાર, ભિક્ષુણી ઉપર અત્યાચાર ગુજારનાર, સંઘભેદક, બુદ્ધને ઈજા કરનાર, નપુંસક, જેણે ઉપાધ્યાય પસંદ ન કર્યો હોય તે, જેણે પસંદ કરેલા ઉપાધ્યાય યોગ્ય ન હોય તે અને રાજાનો યોદ્ધો.[૮]

ઉપસંપદા આપતાં પહેલાં ઉમેદવારને બાજુએ લઈ જવામાં આવતો. સંઘ એક ભિક્ષુને તેની પાસે મોકલતો. તે ભિક્ષુ તેને સંઘ સમક્ષ પૂછવામાં આવનાર પ્રશ્નોની સમજણ આપતો. પછી ઉમેદવારને સંઘ સમક્ષ લઈ જવામાં આવતો. તેને આ પ્રશ્નો પૂછવામાં આવતા : કુષ્ઠ, ગંડ, કિલાસ, ક્ષય તથા અપસ્માર એ રોગોથી તું પીડાતો નથી ને? તું માણસ છે ને? તું પુરુષ છે ને? તું સ્વતંત્ર છે ને? તારે માથે દેવું તો નથી ને? તું રાજાનો યોદ્ધો નથી ને? તારા માબાપે તને પ્રવ્રજ્યા લેવા રજા આપી છે ને? તને વીસ વરસ પૂરાં થયાં છે ને? તારી પાસે પાત્ર અને ચીવર છે ને? તારું નામ શું? તારા ઉપાધ્યાયનું નામ શું? આ પ્રશ્નોના એ યથાયોગ્ય જવાબ આપે પછી જ્ઞપ્તિ, અનુશ્રાવણ અને ધારણના માધ્યમથી તેને ઉપસંપદા આપવામાં આવતી. ઉપસંપદા ગ્રહણ કરનારને ઉપસંપદાનો દિવસ અને કાળ સ્પષ્ટ જણાવવામાં આવતો. પછી તેને ચાર નિશ્રયો ઉપરાંત ચાર અકાર્યોની સૂચના આપવામાં આવતી. તેને કહેવામાં આવતું : (૧) તારે કોઈની સાથે કોઈ પણ જાતનો મૈથુનવ્યવહાર કરવો નહિ. મૈથુનવ્યવહાર કરનાર ભિક્ષુ શ્રમણ તરીકે રહી શકતો નથી. (૨) તારે ઘાસની સળી પણ ચોરવી જોઈએ નહિ. જે ભિક્ષુ ચોરી કરે છે તે અશ્રમણ બની જાય છે. (૩) તારે જાણીને કીડીમંકોડી જેવાં જંતુઓને પણ મારી નાખવાં નહિ. આવી હિંસા કરનાર ભિક્ષુ શ્રમણ કહેવાય નહિ. (૪) 'મને એકાંત પ્રિય છે' એવી પણ બડાશ તારે હાંકવી નહિ. બડાશ હાંકનાર ભિક્ષુ અશ્રમણ બને છે.[૯]

## [૨] પરિવાસ ( Probation )

જો અન્ય પંથનો પરિવ્રાજક બૌદ્ધ ભિક્ષુ થવા માગતો હોય તો તેને ચાર માસનો પરિવાસ આપવામાં આવતો. પરિવાસ નીચે પ્રમાણે આપવામાં આવતો. તેનું મુંડન કરાવાતું, પછી તેને કાષાય વસ્ત્રો પહેરવાં આપવામાં આવતાં. ત્યાર પછી ઉત્તરાસંગ એક ખભા પર નાખી ભિક્ષુઓને નમન કરવાની તેને સૂચના કરવામાં આવતી. પછી ઉભડક બેસી હાથ જોડી ત્રણ વાર ત્રિશરણવાકયો બોલવાનું તેને જણાવવામાં આવતું. છેવટે 'ઉપસંપદા'ને બદલે 'પરિવાસ' શબ્દનો પ્રયોગ કરી નિર્દેશ્યા પ્રમાણે જ્ઞપ્તિ, અનુશ્રાવણ અને ધારણના માધ્યમથી પરિવાસ આપવામાં આવતો. જો ચાર મહિના સુધી એ સારી રીતે વર્તતો તો સંઘ એને આગળ જણાવેલા વિધિ પ્રમાણે ઉપસંપદા આપતો. જો એની પાસે ચીવર ન હોય તો ઉપાધ્યાય તેને ચીવર આપતા. જટિલ શ્રાવક કર્મવાદી હોઈ એને સીધી ઉપસંપદા અપાતી. શાકયકુળમાં જન્મેલો માણસ અન્ય પંથમાંથી સંઘમાં પ્રવેશવા ઇચ્છે તો તેને પણ સીધી ઉપસંપદા અપાતી.[૧૦]

## [૩] શ્રામણેર(બાલદીક્ષાર્થી)ની પ્રવ્રજ્યા

જ્યારે બુદ્ધ પહેલી વાર કપિલવસ્તુ ગયા ત્યારે એમણે નંદ અને રાહુલને સંઘમાં દાખલ કર્યા. તેથી શુદ્ધોદનને દુઃખ થયું. શુદ્ધોદનના કહેવાથી બુદ્ધે માતાપિતાની અનુમતિ વિના કોઈને પ્રવ્રજ્યા ન આપવાનો નિર્ણય કર્યો. તે વખતે રાહુલ નાનો હતો. બુદ્ધે એને દીક્ષા દેવા સારિપુત્રને આજ્ઞા કરી. સારિપુત્રે બુદ્ધને જણાવ્યું કે હું પોતે શ્રામણેરને દીક્ષા દેવાની પ્રક્રિયા જાણતો નથી. બુદ્ધે એ જ પ્રક્રિયાથી દીક્ષા દેવાનો આદેશ આપ્યો જે પ્રક્રિયાથી મોટા પુરુષોને દીક્ષા દેવાતી હતી. પછી સારિપુત્તે રાહુલને શ્રામણેરપ્રવ્રજ્યા આપી અને એને પોતાના અંતેવાસી (उपट्ठाक) તરીકે રાખ્યો. સારિપુત્તે બુદ્ધને પૂછ્યું કે શ્રામણેરને શી શિક્ષા આપવી જોઈએ. બુદ્ધે શ્રામણેરને દશ શીલોની શિક્ષા આપવાનો આદેશ આપ્યો.[૧૧]

## [૪] શિષ્યના ધર્મો[૧૨]

શિષ્યે ઉપાધ્યાયને પિતાતુલ્ય ગણવા જોઈએ એવો આદેશ હતો. શિષ્યે ઉપાધ્યાય સાથે કેમ વર્તવું જોઈએ તેની વિગતવાર ચર્ચા વિનયપિટકમાં મળે છે. સવારે વહેલા ઊઠી, જોડા પહેર્યા વિના ઉઘાડે પગે, પોતાનું ઉત્તરાસંગ એક ખભા ઉપર નાખી શિષ્યે ઉપાધ્યાયને દાતણ આપવું, મોં ધોવા પાણી આપવું અને બેસવા આસન પાથરવું. જો ભાતનું ઓસામણ હોય તો પાત્ર ધોઈ તેમાં ઓસામણ ભરી એમની આગળ ધરવું. તેઓ તે પી લે ત્યારે તેમને હાથમોં ધોવા પાણી આપવું. પાત્ર ધોઈ તેની જગ્યાએ મૂકી દેવું. ઉપાધ્યાય ઊઠે એટલે આસન મૂકી દેવું અને જગ્યા ગંદી થઈ હોય તો સાફ કરવી. ઉપાધ્યાય ભિક્ષા માટે ગામમાં જવા ઇચ્છતા હોય તો તેમને જતી વખતે પહેરવાનું ચીવર આપવું અને પહેરેલું ચીવર કાઢી નાખે ત્યારે લઈ લેવું, એમને કમ્મરપટ્ટો આપવો અને ભિક્ષાપાત્ર ધોઈને આપવું. ઉપાધ્યાયને સાથીની જરૂર હોય તો શિષ્યે પોતે વ્યવસ્થિત રીતે ચીવર પહેરી, કમ્મરપટો બાંધી, સારી રીતે શરીર ઢાંકી, પોતાનું ભિક્ષાપાત્ર લઈ ઉપાધ્યાયની પાછળ પાછળ જવું; ઉપાધ્યાયથી ઘણું દૂર કે ઘણું પાસે ચાલવું નહિ. પોતાના પાત્રમાં લોકો જે નાખે તેનો સ્વીકાર કરવો. ઉપાધ્યાય બોલતા હોય ત્યારે વચ્ચે બોલવું નહિ પરંતુ નિયમનો ભંગ થાય એવું કંઈ બોલતા હોય તો નમ્રતાથી એનું સૂચન કરવું. ગામમાંથી ભિક્ષા લઈ પાછા ફરતી વખતે પોતે પહેલાં આવી ઉપાધ્યાયનું આસન તૈયાર કરવું, પગ ધોવા માટે

પાણી તથા પાટલો તૈયાર રાખવાં. ઉપાધ્યાય આવે એટલે એમનાં પાત્ર અને સંઘાટી લઈ લેવાં, વિહારમાં પહેરવાનું ચીવર આપવું અને પહેરેલું ચીવર કાઢી નાખે ત્યારે લઈ લેવું. જો કાઢી નાખેલું ચીવર પરસેવાથી ભીંજાઈ ગયું હોય તો એને થોડી વાર તડકામાં સૂકવવું, સૂકાઈ જાય એટલે ગડી વાળી મૂકવું. કમ્મરપટો ગડી વાળેલા ચીવર પર મૂકવો. ઉપાધ્યાયની જમવાની ઇચ્છા હોય તો પાણી આપી ભિક્ષાન્ન ઉપાધ્યાયની આગળ મૂકવું. પીવાને માટે પાણી જોઈતું હોય તો પૂછી જોવું. તે જમી રહે એટલે હાથમાં ધોવા તેમને પાણી આપવું. તેમના પાત્રને સારી રીતે ધોઈ નાખી તડકે મૂકવું. પાત્ર સૂકાઈ જાય એટલે એને પાટ કે બાજઠની નીચે જગ્યા સાફ કરી મૂકવું. વળગણી કે દોરી સાફ કરી એના ઉપર ગડી કરેલાં ચીવર વ્યવસ્થિત રીતે મૂકવાં. ઉપાધ્યાય જમી ઊઠયા પછી આસન, પગ ધોવાનું પાણી, પાટલો વગેરે બધી ચીજો તેમની નિયત જગ્યાએ મૂકવાં. ઉપાધ્યાય જ્યાં જમ્યા હોય ત્યાં ગંદુ થયું હોય તો બરાબર સાફ કરવું. ઉપાધ્યાયને સ્નાન કરવું હોય તો તેની વ્યવસ્થા કરવી. તેમને ઠંડુ પાણી જોઈતું હોય તો ઠંડુ આપવું અને ઊનું જોઈતું હોય તો ઊનું આપવું. જો તે જળાશયે સ્નાન કરવા જાય તો પોતે સાથે જવું. ઉપાધ્યાય સ્નાન કરી લે એટલે એમનું શરીર લૂછવું, સૂકું ચીવર પહેરવા આપવું તથા સંઘાટી આપવી. ઉપાધ્યાય સ્નાન કરી વિહારમાં આવે પછી એમની પાસેથી નવો પાઠ લેવાનો હોય તો લેવો અને પ્રશ્નો પૂછવા હોય તો પૂછવા. જે વિહારમાં ઉપાધ્યાય રહેતા હોય તેને સાફ કરી નાખવો. વિહાર સાફ કરતી વખતે પહેલાં પાત્રો અને ચીવરો બહાર કાઢી બાજુ પર મૂકવાં. સાદડીઓ, પથારીઓ, ઓશીકાં વગેરે બહાર કાઢી એક બાજુ મૂકવાં. બારણા સાથે ભટકાય નહિ એ રીતે કાળજીથી ખાટલો બહાર કાઢવો. ખાટલાના પાયાની પીઠો ( = પ્રતિપાદક ) બહાર કાઢી એક બાજુ મૂકવી. થૂંકદાની અને આસન પણ બહાર કાઢી મૂકવું. પાથરણું કેવી રીતે પાથર્યું છે તે બરાબર જોઈ પછી બહાર કાઢવું. વિહારમાં જાળાં બાઝયાં હોય તો સૌ પ્રથમ છત સાફ કરવી અને પછીથી બારીઓ, કમાડ અને ખૂણાઓ સાફ કરવા. ગેરૂથી રંગેલી ભીંતો ખરાબ થઈ હોય તો પાણીમાં કપડું બોળી નીચોવી પછી એ કપડાથી સાફ કરવી. કાળી છોથી બનાવેલું ભોંયતળિયું પણ આ રીતે ભીના લૂગડે લૂછી સાફ કરવું. છો વિનાની ખુલ્લી જમીન ધૂળ ઊડે નહિ માટે પાણી છાંટી પછી સાફ કરવી. કચરો ભેગો કરી નિયત જગ્યાએ બાજુમાં નાખવો. સાદડીઓ, ખાટલો, પાટ, ઓશીકાં, થૂંકદાની, આસન, પથારી, પાત્ર, ચીવર વગેરે બધું તડકામાં તપાવી, સાફ કરી યથાસ્થાને પાછું મૂકી દેવું.

જે દિશામાં પવનને લીધે ધૂળ ઊડતી હોય તે દિશાની બારીઓ બંધ રાખવી. ઠંડીના દિવસોમાં દિવસે બારીઓ ઉઘાડી રાખવી અને રાત્રે બંધ રાખવી. ગરમીના દિવસોમાં દિવસે બારીઓ બંધ રાખવી અને રાત્રે ઉઘાડી રાખવી. રહેવાની ઓરડી, બેસવાનો ખંડ, સભાખંડ, સ્નાનગૃહ, પાયખાનું, વગેરે સાફ ન હોય તો સાફ કરવાં. પીવાનું પાણી ભરવું. પગ ધોવાનું પાણી પણ ભરી રાખવું. પાયખાનાની કોઠી પણ પાણીથી ભરેલી રાખવી.

ઉપાધ્યાયનું મન ધર્માચરણમાં ન લાગતું હોય તો શિષ્યે બીજા મારફત તેમના મનને શાંત કરવું અને ધર્માચરણમાં તેમનું મન લાગે તેમ કરવું. તેમનો ઉત્સાહ ધર્માચરણમાં જાગે એવો ઉપદેશ શિષ્ય પોતે પણ ઉપાધ્યાયને આપી શકે. ઉપાધ્યાયના મનમાં શંકા જાગી હોય તો શિષ્યે તે દૂર કરવી–કરાવવી અથવા ઉપદેશ આપવો. ઉપાધ્યાયને મિથ્યા દૃષ્ટિ પ્રાપ્ત થઈ હોય તો શિષ્યે તે ઉપદેશ આપી દૂર કરવી કે બીજા પાસે ઉપદેશ અપાવી દૂર કરાવવી. ઉપાધ્યાયથી કંઈ અપરાધ થયો હોય તો સંઘ તેમને માફી આપે એવી ગોઠવણ કરવી કે કરાવવી.

## [૫] ઉપાધ્યાયના ધર્મો[૧૩]

ઉપાધ્યાયે શિષ્યને પુત્રતુલ્ય ગણવો. તેમણે શિષ્યને પાઠ શીખવી, ધાર્મિક પ્રશ્નોના જવાબ આપી, ઉપદેશ કરી અને રીતરિવાજની માહિતી આપી એને મદદ કરવી. ઉપાધ્યાય પાસે પાત્ર હોય અને શિષ્ય પાસે ન હોય તો ઉપાધ્યાયે પોતાનું પાત્ર શિષ્યને આપવું અથવા બીજેથી તેને પાત્ર મળે એવી ગોઠવણ કરી આપવી. તેવી જ રીતે, ઉપાધ્યાય પાસે ચીવર અને ભિક્ષુને જોઈતી બીજી વસ્તુઓ હોય અને શિષ્ય પાસે ન હોય તો ઉપાધ્યાયે તેને ચીવર અને તે વસ્તુઓ આપવી અથવા તેને તે મળે એવી વ્યવસ્થા કરવી. સાજો શિષ્ય ઉપાધ્યાયને માટે જે કરતો હોય તે બધું તે જ્યારે માંદો પડે ત્યારે ઉપાધ્યાયે તેના માટે કરવું. શિષ્યનું મન ધર્માચરણમાં ન લાગતું હોય કે તેના મનમાં શંકા ઉદ્ભવી હોય તો તેનું મન ધર્માચરણમાં લાગે અને તેની શંકા દૂર થાય તેમ ઉપાધ્યાયે કરવું. શિષ્યે કંઈ અપરાધ કર્યો હોય તો સંઘ તેને ક્ષમા કરે એવી ગોઠવણ ઉપાધ્યાયે કરવી. સંઘમાં ઓછામાં ઓછા દસ વર્ષથી જે હોય તે જ ઉપાધ્યાય થઈ શકતો. ઉપાધ્યાયમાં શિષ્યો ઉપર દેખરેખ રાખવાની શક્તિ હોવી જોઈએ.

## [૬] આચાર્ય અને અંતેવાસી[૧૪]

ઉપાધ્યાય પ્રવાસે ગયા હોય, મરણ પામ્યા હોય કે તેમણે ભિક્ષુપણું છોડી દીધું હોય ત્યારે શિષ્યે કોઈ આચાર્યના અંતેવાસી બનવું. આચાર્ય અને અંતેવાસીના ધર્મો ઉપાધ્યાય અને શિષ્યના ધર્મો જેવા જ છે. સંઘમાં ઓછામાં ઓછા દસ વર્ષથી જે હોય તેમ જ જેનામાં શિષ્યો ઉપર દેખરેખ રાખવાની શક્તિ હોય તે જ આચાર્ય થઈ શકતો.

## [૭] ઉપોસથ

પરિનિર્વાણ પછી વર્ષકારને સમજાવતાં આનંદે કહ્યું હતું કે એક ગામ યા ક્ષેત્રમાં જેટલા ભિક્ષુઓ હોય તે બધા ઉપોસથના દિવસે એકત્ર થાય છે અને તથાગતે કહેલા પ્રાતિમોક્ષનો પાઠ કરે છે તથા જે ભિક્ષુએ અપરાધ કર્યો હોય તેને યથાધર્મ શિક્ષા કરે છે; આ રીતે ધર્મ દ્વારા સંઘનું સંચાલન થાય છે.[૧૫] આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે પ્રાતિમોક્ષ અને ઉપોસથ ભિક્ષુચર્યા અને ભિક્ષુ-સંઘના બે મહત્ત્વનાં લક્ષણ છે. વૈદિક ધર્મમાં દર્શ અને પૂર્ણમાસનું મહત્ત્વ હતું. તે દિવસે યજ્ઞ કરવામાં આવતો. યજ્ઞ પહેલાં યજમાને દીક્ષિત થઈ ઉપવાસ આદિ વિશેષ નિયમોનું પાલન કરવું પડતું. આ વ્રતકાળને ઉપવસથ કહેવામાં આવતો હતો. પરવર્તી ગ્રંથોમાં સંન્યાસીઓ માટે ઉપવસથમાં આરણ્યકો અને ઉપનિષદોના પઠનઆવર્તનનું વિધાન છે. બૌદ્ધ વિનયપિટક અનુસાર અન્ય પરિવ્રાજકગણો ચૌદસ, પૂનમ અને આઠમના દિવસે એકત્ર થઈ ધર્મોપદેશ કરતા હતા અને લોકો તેમની પાસે ધર્મોપદેશ સાંભળવા જતા હતા; મગધરાજ બિંબિસારની વિનંતીથી બુદ્ધે પણ એ પ્રકારના ઉપોસથનો ભિક્ષુઓ માટે નિયમ કર્યો. આમ અન્ય પરિવ્રાજકોનો પ્રચલિત વ્યવહાર જોઈ બુદ્ધે પણ બૌદ્ધસંઘમાં પખવાડિયાની વિશિષ્ટ તિથિઓએ એકત્ર થઈ ધર્મોપદેશ કરવાની પ્રથાનો આરંભ કર્યો. ઉપોસથના દિવસે દરેક ભિક્ષુએ પરિશુદ્ધશીલ હોવું આવશ્યક હતું. જે ભિક્ષુ અશુદ્ધશીલ હોય તે પોતાના અપરાધની કબૂલાત કર્યા સિવાય ઉપોસથમાં ભાગ લઈ શકતો નહિ. વખત જતાં આ જ ઉપોસથનું પ્રધાન કાર્ય બની ગયું. સમગ્ર સંઘની ઉપસ્થિતિમાં અપરાધોની એક સૂચી બોલાતી. આને પ્રાતિમોક્ષની આવૃત્તિ કહેતા. આ સૂચીમાં ગણાવેલા અપરાધોમાંથી કોઈ પણ અપરાધ ભિક્ષુએ કર્યો હોય તો તેણે તેની કબૂલાત કરવી જોઈએ અને સંઘ જે પ્રાયશ્ચિત્ત આપે તેને સ્વીકારવું જોઈએ. ક્ષુદ્ર અપરાધ કેવળ ચેતવણીથી ધોવાઈ જતો. મોટો અપરાધ હોય તો

અન્ય કોઈ દિવસે ભિક્ષુઓની પરિષદ્ બોલાવવામાં આવતી. આ પરિષદ્ શિક્ષા નક્કી કરતી.

ઉપોસથના માટે એક સ્થાન નિશ્ચિત કરવામાં આવતું. ઉપોસથના સમય પહેલાં તેને સાફ કરી ત્યાં આસન, દીપ અને જળનો પ્રબંધ કરવામાં આવતો. આને ઉપોસથનું પૂર્વકરણ કહેતા. બધા ભિક્ષુઓને જાતે અથવા પ્રતિનિધિ દ્વારા ઉપસ્થિત રહેવું પડતું. રોગી ભિક્ષુ પોતાનાં મત (છન્દ) અને પરિશુદ્ધિને પ્રતિનિધિ દ્વારા સૂચિત કરતો.

પ્રાતિમોક્ષ બોલનાર ભિક્ષુને સંઘસ્થવિર, સંઘપિતા યા સંઘપરિણાયક માનવામાં આવતો. તે પ્રાતિમોક્ષસંવરમાં નિષ્ણાત, ધર્મવિદ્, સંતોષી અને ધ્યાન-કુશલ હોવો જોઈએ.

ઉપોસથમાં સંઘનું સમગ્રરૂપે સમ્મિલિત થવું જરૂરી લેખાતું. તેથી સંઘની સીમા નક્કી કરવાના નિયમો બનાવાયા હતા. 'સંઘ' શબ્દ કોઈક વાર ચાતુર્દિશ સંઘને માટે અને કોઈક વાર સ્થાનીય સંઘને માટે વપરાતો. સ્થાનીય સંઘની જ સીમા બાંધવામાં આવતી. એ સીમાની અંદરના સંઘની સમગ્રતા જ અપેક્ષિત રહેતી. સામાન્ય રીતે પ્રાતિમોક્ષપરિષદ્માં ભિક્ષુ ત્રણ ચીવર ધારણ કરી આવતા. જો સીમાની અંદર કોઈ આગંતુક ભિક્ષુ હોય તો સીમામાં રહેનાર ભિક્ષુઓની સાથે તેણે પણ ઉપોસથમાં ઉપસ્થિત રહેવું પડતું. ચારથી ઓછા ભિક્ષુ હોય તો પ્રાતિમોક્ષસભા થતી નહિ.[૧૬]

## [૮] વર્ષાવાસ

પહેલાં ભગવાન બુદ્ધે ચોમાસામાં ભિક્ષુઓએ એક જ સ્થળે રહેવું એવો નિયમ કર્યો ન હતો. તેથી, ભિક્ષુઓ ચોમાસામાં પણ એક સ્થળેથી બીજે સ્થળે ધર્મોપદેશ કરતા ફરતા હતા. આથી લોકો ટીકા કરવા લાગ્યા કે જ્યારે બીજા પરિવ્રાજકો ચોમાસામાં એક સ્થાને રહે છે ત્યારે આ બૌદ્ધ પરિવ્રાજકો લીલા ઘાસને પગ તળે કચરતા અને જીવજંતુઓની હિંસા કરતા વિચરતા રહે છે. આ વાત બુદ્ધના કાને આવી. તેમણે બૌદ્ધ ભિક્ષુઓ માટે પણ વર્ષાઋતુમાં એક સ્થાને જ રહેવાનો નિયમ કર્યો. આષાઢી પૂનમ યા શ્રાવણી પૂનમના બીજા દિવસથી ત્રણ મહિના સુધી ચારિકાનો (=યાત્રા, વિચરણનો) નિષેધ કરવામાં આવ્યો અને તે દરમ્યાન ભિક્ષુએ એક આવાસમાં જ રહેવું એવો આદેશ આપ-

વામાં આવ્યો. કેટલાક અપવાદો હતા. ઉપાસકોના વિશેષ હિત માટે કે આત્યંતિક સંઘકાર્ય માટે ભિક્ષુ સાત દિવસ માટે આવાસ છોડી શકતો. સુરક્ષાહાનિ, દુર્ભિક્ષ, રોગ, શીલવિપત્તિ અથવા સંઘભેદની સંભાવના હોય તો આવાસ છોડવામાં દોષ મનાતો નહિ.[૧૭]

## [૯] પ્રવારણા

કોશલદેશ એક એવો પ્રદેશ હતો જ્યાંના ભિક્ષુઓ બહુ વિનયશીલ ન હતા. વર્ષાવાસના દિવસોમાં એમની વચ્ચે ઝઘડા થતા. પરિણામે તેઓ બોલવાનું બંધ કરી દેતા. જ્યારે બુદ્ધને આ ખબર પડી ત્યારે તેમણે વર્ષાવાસને અંતે પ્રવારણાનું આયોજન કર્યું. પ્રવારણાને દિવસે પ્રત્યેક ભિક્ષુએ પોતે વર્ષાવાસમાં કરેલા પાપોનો સ્વીકાર કરવો પડતો. જો અપરાધ સાધારણ હોય તો તેનો સ્વીકાર કરનારને તરત દોષમુક્ત કરવામાં આવતો. આમ વર્ષાવાસના અંતે સમ્મિલિત સંઘમાં પોતાના દોષનો સ્વીકાર કરવો તેને પ્રવારણા કહેતા. વખત જતાં પ્રવારણામાં કેવળ વર્ષાવાસમાં કરેલા દોષોની જ નહિ પણ આખા વર્ષમાં કરેલા દોષોની કબૂલાત કરવાની પ્રથા પડી. જેમ ઉપોસથ પાક્ષિક પરિશુદ્ધિ માટે આવશ્યક ગણાતો તેમ પ્રવારણા વાર્ષિક પરિશુદ્ધિ માટે આવશ્યક ગણાતી. પ્રવારણામાં ભિક્ષુ સમ્મિલિત સંઘને વિનંતી કરતો કે મારા જે દોષ સંઘની નજરે ચઢ્યા હોય, સંઘે સાંભળ્યા હોય કે સંઘને જેમના વિશે શંકાય હોય તે બધા દોષ સંઘ મને બતાવે, ખરેખર એ દોષ મેં કર્યા હશે તો હું યોગ્ય પ્રાયશ્ચિત્ત લઈશ. પછી જો કોઈ દોષ બતાવતું તો તેનો તે સ્વીકાર કરતો અને સંઘની માફી માગતો. આ રીતે સંઘમાં એકતા સ્થપાતી.[૧૮]

## [૧૦] પગરખાં

પહેલાં ભિક્ષુઓ પગરખાં પહેરતાં ન હતા. બુદ્ધે સોણ કોલિવિસને કારણે ભિક્ષુઓને પગરખાં પહેરવાની રજા આપી. સોણ અત્યંત ધનાઢ્ય શેઠનો પુત્ર હતો. તે ભિક્ષુ બન્યો હતો. તેના પગ એટલા બધા કોમળ હતા કે ઉઘાડા પગે ચાલતાં તેના પગમાંથી લોહી વહેતું. બુદ્ધે તેને પગરખાં પહેરવાની રજા આપી. પરંતુ પોતાને ખાસ આપવામાં આવેલી સુવિધાનો તેણે ઇનકાર કર્યો. તેથી, બુદ્ધે બધા ભિક્ષુઓને પગરખાં પહેરવાની રજા આપી. પહેલાં ભિક્ષુએ એક તળિયાવાળી સાદા ચામડાની ચંપલ પહેરવી જોઈએ એવું વિધાન હતું. પછી વધુ તળિયાવાળી સાદા ચામડાની ચંપલ પહેરવાની પણ છૂટ અપાઈ. તાડપત્ર વગેરેનાં

પગરખાં ભિક્ષુ માટે નિષિદ્ધ હતાં. રંગબેરંગી યા સુવર્ણ વગેરેથી જડિત પગરખાં પણ ભિક્ષુ માટે નિષિદ્ધ હતાં.[૧૯]

## [૧૧] ઓસડ

સૌ પ્રથમ તો બુદ્ધે ગોમૂત્ર અને એવી ચીજોનો ( पुत्तिमुत्तभेसज्जं ) ઉપયોગ ઓસડ તરીકે કરવા ભિક્ષુઓને રજા આપી હતી. જ્યારે બુદ્ધ શ્રાવસ્તીમાં હતા ત્યારે તેમણે જોયું કે ભિક્ષુઓ શરત્કાલીન રોગોને (सरदकान्ति) લીધે દુબળા અને પીળા પડી રહ્યા છે અને આહાર પચાવી શકતા નથી. તેથી તેમણે ભિક્ષુ-ઓને કોઈ પણ પ્રકારનો ભારે આહાર લેવાની મના કરી પરંતુ ઔષધના રૂપમાં ઘી, માખણ, તેલ, મધ અને ગોળનું પાણી લેવાની રજા આપી. આ ઔષધોનો સંગ્રહ સાત દિવસથી વધુ વખત સુધી કરી રાખવો નહિ એવું વિધાન છે. વખત જતાં બુદ્ધે ઔષધોની સંખ્યા વધારી. તેમણે વસા (ચરબી), જડીબુટ્ટીઓ, ફળ, ગુંદ, યવાગૂ (ભાતનું ઓસામણ), મધુગોળક, ફૂલનાં રસ, ફળનાં રસ, પાંદડાંનાં રસ, કવાથો, વગેરે આયુર્વેદશાસ્ત્રસંમત વસ્તુઓને ઔષધ તરીકે લેવાની ભિક્ષુઓને છૂટ આપી. પરંતુ થોડા જ વખતમાં બુદ્ધે કોઈ પણ પ્રકારનાં માંસનો ઔષધ તરીકે ઉપયોગ કરવાનો નિષેધ કરી દીધો, અને ભિક્ષુઓને બધી જાતનાં ફળો ખાવાની અનુમતિ આપી. આ પ્રસંગે એમણે એ પણ નિયમ બનાવ્યો કે જો વિહારની સીમાની અંદર કોઈ અન્ય વ્યકિત વૃક્ષ વાવે અને ઉછેરે તો એ વૃક્ષનાં અડધાં ફળો એને આપવામાં આવે. જો કોઈ અન્ય વ્યકિતની ભૂમિમાં ભિક્ષુ વૃક્ષ વવરાવે તો એ વૃક્ષનાં અડધાં ફળો ભૂમિના માલિકને આપવામાં આવે. ખાસ પરિસ્થિતિમાં એમણે ગરમ પાણીથી સ્થાન, રેચન, લેપ અને વ્રણોપચારની પણ રજા આપી તેમ જ ઔષધોના નિર્માણ માટે જરૂરી પાત્રો, ઉપકરણો અને અન્ય વસ્તુઓનો ઉપયોગ કરવાની અનુમતિ આપી. વળી, એમણે સૂચી દ્વારા દૂષિત લોહી કઢાવી નાખવાની તથા શલ્યચિકિત્સા કરાવવાની સામાન્ય રીતે રજા આપી. શલ્યક્રિયા કેવળ તે અવસ્થામાં નિષિદ્ધ હતી જ્યારે ઘા ગુદાસ્થાનથી બે ઈંચ અંદર હોય. વસ્તુતઃ ભિક્ષુઓને એ સમયે ઉપલબ્ધ ચિકિત્સાનાં બધાં સાધનોનો ઉપયોગ કરવાની છૂટ મળી ગઈ હતી — પ્રતિબંધ એટલો જ હતો કે ઔષધ યા ચિકિત્સાના નામે ભિક્ષુઓ અતિ ન કરે અને ગૃહસ્થીના સુખોનો ઉપભોગ કરવા ન લાગે. અલબત્ત, છેવટે એમણે ઔષધોના પ્રયોગના વિષયમાં એ સૂચના આપી હતી કે ભિક્ષુઓ કોઈ પણ કાળે એવો આહાર ઔષધના રૂપમાં ગ્રહણ ન કરે જેને સ્પષ્ટપણે અનુચિત અને નિષિદ્ધ ગણવામાં આવ્યો હોય.[૨૦]

## [૧૨] પાથેય

એક વાર મેંડક શેઠે બુદ્ધને કહ્યું, "ભદંત, ઘણે ઠેકાણે રસ્તો જંગલી પ્રદેશમાં થઈને જાય છે. ત્યાં અનાજપાણી મળવાં મુશ્કેલ છે. તેથી, એવા પ્રદેશમાં ફરવાનું હોય ત્યારે સીધુંસામાન સાથે રાખવાની આપે ભિક્ષુઓને છૂટ આપવી જોઈએ." બુદ્ધે શેઠની વિનંતી સ્વીકારી. ભિક્ષા ન મળે એવા જંગલી પ્રદેશમાં મુસાફરી કરતા ભિક્ષુને પાથેય તરીકે ચોખા, મગ, અડદ, મીઠું, ગોળ, તેલ, ઘી, વગેરે સામાન સાથે રાખવાની બુદ્ધે છૂટ આપી.[૨૧]

## [૧૩] કઠિન

બુદ્ધ શ્રાવસ્તીમાં હતા. તે વખતે પાવાના ત્રીસ ભિક્ષુઓ તેમના દર્શને આવવા નીકળ્યા. આ ભિક્ષુઓ ત્રણ જ ચીવર રાખતા. તેઓ વર્ષારંભ પહેલાં શ્રાવસ્તી પહોંચવા ઇચ્છતા હતા. પરંતુ તેઓ તેમ ન કરી શક્યા અને સાકેતમાં તેમને વર્ષાવાસ કરવો પડયો. સાકેત શ્રાવસ્તીથી છ યોજન દૂર હતું. આસો સુદ પૂનમે પ્રવારણા કરી સાકેતથી તેઓ નીકળ્યા. માર્ગમાં વરસાદે તેમને હેરાન કર્યા. તેમનાં ચીવર ભીનાં અને કાદવથી ખરડાયેલાં જ રહ્યાં. જ્યારે તેઓ બુદ્ધને મળ્યા ત્યારે બુદ્ધે તેમને બધું પૂછ્યું. તેમની હકીકત જાણી બુદ્ધે 'કઠિન' પાથરવાની અનુમતિ આપી. કઠિન એટલે નમૂનાનું ચીવર. સંઘની અનુમતિથી વિહારમાં એ પાથરવામાં આવે તો એ દૂર કરવામાં ન આવે ત્યાં સુધી ભિક્ષુઓ ત્રણથી વધુ ચીવર પહેરીઓઢી શકે, ચીંથરાં ન મળે તો ઉપાસકો પાસેથી દાનમાં વસ્ત્રો મેળવી તેમને કાપી, સીવી, ચીવર બનાવી શકે અને આવશ્યકતા અનુસાર અંદરોઅંદર વહેંચી લે. આ 'કઠિન' આસો સુદ પૂનમે પાથરી કાર્તિક સુદ પૂનમે ખસેડવું જોઈએ એવું વિધાન છે.[૨૨]

## [૧૪] ચીવર

પહેલાં ભિક્ષુઓ ચીંથરાં ભેગાં કરી એમાંથી ચીવર બનાવતાં. પ્રસિદ્ધ વૈદ્ય જીવક બૌદ્ધ ઉપાસક બની ગયો હતો. તેણે રેશમી, ગરમ, સુતરાઉ વગેરે પ્રકારનાં વસ્ત્રો બુદ્ધને ચરણે ધર્યાં. આ વસ્ત્રો તેને રાજાઓ અને ધનિકો તરફથી શુલ્ક (ફી) યા ઉપહારના રૂપમાં મળ્યાં હતાં. બુદ્ધ તેમનો અસ્વીકાર ન કરી શક્યા. ત્યારથી એમણે વસ્ત્ર સંબંધી નિયમ શિથિલ કર્યો અને ભિક્ષુઓને ગૃહસ્થોએ આપેલાં વસ્ત્રોમાંથી ચીવર બનાવવાની છૂટ આપી. આને લીધે ઉપાસકોને બહુ-

મૂલ્ય વસ્ત્રોનું દાન કરવાની તક મળી. પરિણામે બુદ્ધે નિયમ બનાવ્યો કે ભિક્ષુઓ ક્ષૌમ, કર્પાસ, કૌશેય, કંબલ, શાણ અને ભંગ વસ્ત્રોનો ઉપયોગ કરી શકે.

ભિક્ષુ સદા ત્રણ વસ્ત્ર ધારણ કરતા હતા – અંદર પહેરવાનું ચીવર (અંતરવાસક), ઉપર ઓઢવાનું ચીવર (ઉત્તરાસંગ) અને ઠંડીમાં ઉપર ઓઢવા માટેનું બેવડું ચીવર. આ ત્રણ ચીવરો પહેર્યા વિના ભિક્ષુએ ગામમાં જવું ન જોઈએ. માંદગીની અવસ્થામાં, નદી પાર કરતી વખતે કે આવી કોઈ અસાધારણ પરિસ્થિતિમાં ભિક્ષુને એક કે બે વસ્ત્ર શરીરથી અલગ કરવાની છૂટ હતી. ગૃહસ્થો પાસેથી જેટલાં વસ્ત્રો ભિક્ષુને દાનમાં મળે તે બધાં ત્યાં ઉપસ્થિત સઘળા ભિક્ષુ-ઓને એમની જરૂરીઆત પ્રમાણે વહેંચી દેવા જોઈએ. જો તે સ્થાનમાં બીજા ભિક્ષુઓ ન હોય તો દાનમાં મળેલાં વસ્ત્રોનો ઉપયોગ પોતે 'કઠિન' સુધી કરવો. સાધારણ રીતે ભિક્ષુઓને દાનમાં મળેલાં વસ્ત્ર સંઘની સંપત્તિ ગણાતી અને ઉપાસકોને પણ સૂચના આપવામાં આવતી કે તમારે બધી જાતનું દાન કોઈ એક ભિક્ષુને ન આપતાં સંઘને આપવું.

ચોમાસું હતું. ચીવરો ભીનાં થઈ ગયાં હોઈ સૂકવી ભિક્ષુ આરામમાં નગ્નાવસ્થામાં રહ્યા. વિશાખાએ દાસીને આરામ ઉપર મોકલી અને કહ્યું કે જોઈ આવ તો ભિક્ષુઓ તૈયાર છે કે નહિ. દાસીએ આવીને વિશાખાને જણાવ્યું કે આરામમાં ભિક્ષુ નથી પણ નગ્ન આજીવક છે. વિશાખા પરિસ્થિતિ સમજી ગઈ. તેથી તેણે બુદ્ધને વિનંતી કરી કે મને, હું જીવું ત્યાં સુધી, ભિક્ષુઓને ચોમાસામાં પહેરવા પંચિયાં આપવાની છૂટ આપવામાં આવે. બુદ્ધે તેને આવી વિનંતી કરવાનું કારણ પૂછ્યું. તેણે બુદ્ધને બધી વાત કહી. બુદ્ધે તેની વિનંતી સ્વીકારી. આ જ વખતે વિશાખાએ ભિક્ષુઓને મુખપુંછન દાનમાં સ્વીકારવાની છૂટ આપવા પણ બુદ્ધને વિનંતી કરેલી અને તે પણ બુદ્ધે સ્વીકારેલી.

ભિક્ષુઓનાં ચીવર મેલાં થતાં. તેથી એ રંગવા માટે મૂળિયાં, લાકડાં, છાલ, પાંદડાં, ફૂલ તથા ફળમાંથી રંગ બનાવવાની બુદ્ધે રજા આપેલી તથા આ ચીજો બાફવા માટે વાસણ અને ચીવર રંગવા માટે લાકડાની કથરોટ રાખવાની પરવાનગી આપેલી.

આખું વસ્ત્ર મળે તો પણ એના કકડા કરી ફરીથી એકઠા કરી સાંધી ચીવર બનાવવું જોઈએ. ભિક્ષુએ અખંડ વસ્ત્ર વાપરવું નહિ એવો નિયમ પણ બુદ્ધે કરેલો.

ભિક્ષુ મૃત્યુ પામે ત્યારે તેનાં પાત્ર અને ચીવરનો માલિક સંઘ છે અને સંઘ તે પાત્ર અને ચીવર મૃત ભિક્ષુની ચાકરી કરનાર ભિક્ષુને (=ઉપસ્થાપકને) આપે છે.[૨૩]

## [૧૫] દૈનિક વ્યવહારની વસ્તુઓ

અસ્રો, સોય, કાતર, થેલી (स्थविका), ગરણું (परिस्रावण), ટોપલી, સાવરણી, પંખા અને ચામર (છાલ, ઘાસ કે મોરનાં પીંછાંનાં), વગેરે ચીજો ભિક્ષુઓને રાખવાની છૂટ હતી. વિહારમાં ખાટલો, પથારી, ચાદર, આસન, ઓશીકાં, લોઢાના ઘડા, લોઢાનાં, માટીનાં કે લાકડાનાં પાત્રો, વાંસલો, કુહાડી, પાવડો, વાંસ, મૂંજ, વગેરે વસ્તુઓ રહેતી. આ બધી ચીજો સંઘની માલિકીની ગણાતી.[૨૪]

## [૧૬] વત્ત (ભિક્ષુઓનાં કર્તવ્ય અને આચાર)[૨૫]

બુદ્ધની ઉત્તરાવસ્થામાં ભિક્ષુઓની સંખ્યા ખૂબ વધી ગઈ હતી અને તેઓ મોટે ભાગે એક વિહારમાંથી બીજા વિહારમાં જતા–આવતા હતા. ચુલ્લ-વગ્ગમાં વિહારમાં આવનાર (આગંતુક), વિહારમાં રહેતા (આવાસિક) અને વિહારમાંથી જનાર ભિક્ષુઓનાં કર્તવ્યો વિશે વિસ્તૃત વર્ણન છે. ભિક્ષાટન વખતે તેમ જ ગૃહસ્થને ઘેર ભોજન કર્યા પછી ભિક્ષુઓએ કેમ વર્તવું જોઈએ (भत्तंगम्) એ સંબંધમાં પણ રસપ્રદ વાતો કહેવામાં આવી છે. અરણ્યવાસી ભિક્ષુઓનાં દૈનિક કર્તવ્યો (आरञ्जक) પણ જણાવવામાં આવ્યાં છે.

આગંતુક ભિક્ષુનાં કર્તવ્યો — આગંતુક ભિક્ષુએ આરામમાં પ્રવેશતી વખતે ચંપલ કાઢી ખંખેરી હાથમાં લેવાં, છત્રી નીચે નમાવવી, માથા પર ચીવર ઓઢેલું હોય તો તે માથા ઉપરથી ખસેડી ખભા ઉપર લાવવું અને ધીમેથી આરામમાં પ્રવેશ કરવો. અંદર દાખલ થઈ ભિક્ષુઓને એકઠા થવાની જગ્યા ક્યાં છે તેની તપાસ કરવી. ત્યાં જઈ પોતાનાં ભિક્ષાપાત્ર તથા ચીવર એક બાજુએ મૂકવાં અને યોગ્ય આસન જોઈ તે પર બેસવું. પીવાનું તથા વાપરવાનું પાણી ક્યાં હોય છે તે ભિક્ષુઓને પૂછી જાણી લેવું. પાણી પીવું હોય તો પીવું અને વાપરવાના પાણીથી પગ ધોવા. પગ ધોતી વખતે એક હાથે પાણી રેડી બીજા હાથથી પગ ચોળવા. ચંપલ લૂછવાનું લૂગડું ક્યાં છે તે પૂછી જાણી એનાથી લૂછી નાંખવાં. પહેલાં ચંપલ કોરા લૂગડાથી લૂછી નાખી પછી ભીના લૂગડાથી લૂછવાં. ત્યાં રહેતો ભિક્ષુ પોતાનાથી ઉંમરે મોટો હોય તો તેને પ્રણામ કરવા, ઉંમરે નાનો

હોય તો એના પ્રણામ સ્વીકારવા. પોતાને રહેવાની જગ્યા કઈ તથા ત્યાં કોઈ રહેતું હતું કે નહિ તે પૂછી જોવું. ભિક્ષા માટે જવાનું સ્થાન કયું અને ન જવાનું સ્થાન કયું તથા સંઘને સહાય કરનારાં ઘર કયાં કયાં તે જાણી લેવું. પાયખાનાની તથા પેશાબ કરવાની જગ્યા કઈ, હાથમાં સાથે લઈ જવાની લાકડી કઈ તે પૂછી લેવું. આરામમાં જવાઆવવાનો તથા સંઘકૃત્ય કરવાનો વખત કયો તે પૂછી લેવું.

જો વિહારમાં કોઈ ન હોય તો બારણું ખખડાવી થોડો વખત ઊભા રહેવું. પછી સાંકળ ઉઘાડી સાવધાનીથી અંદર દાખલ થવું. ધૂળ અને જાળાં સાફ કરી દિવાલો અને ફર્શ ઝાપટી વાળી સાફ કરવાં જોઈએ. ફર્શ ઉપર જાજમ યા સાદડી પાથરેલી હોય તો તેને તથા પથારી તેમ જ આસનોને તડકે નાખવાં. પછી પોતાનાં વસ્ત્ર અને પાત્રને સાવધાનીપૂર્વક એક બાજુ મૂકી બારીઓ ખોલી નાખવી. ઘડામાં પાણી ભરી દેવું. આ જાતનાં બધાં આવશ્યક કાર્યો કરવાં જોઈએ.

આવાસિક ભિક્ષુનાં કર્તવ્યો — આગંતુક ભિક્ષુ પોતાનાથી ઉંમરે મોટો હોય તો એને જોતાં આવાસિક ભિક્ષુએ એના માટે આસન તૈયાર કરવું, પગ ધોવાનું પાણી તથા પાટલો તૈયાર રાખવાં, સામે જઈ એનાં પાત્ર—ચીવર લઈ લેવાં, પાણી પીવા જોઈતું હોય તો પૂછી જોવું, એનાં ચંપલ સાફ કરવાં, ચંપલ સાફ કર્યા પછી ઉપયોગમાં લીધેલું લૂગડું સાફ કરવું અને આગંતુક ભિક્ષુને પ્રણામ કરવા. આવાસિક ભિક્ષુએ તેને રહેવાની જગ્યા બતાવવી, ત્યાં કોઈ રહેતું હતું કે નહિ તે જણાવવું, ભિક્ષા માટે કયાં જવું અને કયાં ન જવું એ કહેવું, સંઘને મદદ કરનારાં ઘરની માહિતી આપવી, પાયખાનું, પેસાબખાનું, લાકડી વગેરે બતાવવાં અને વિહારમાં આવવાજવાનો સંઘે નક્કી કરેલો સમય કહેવો. જો આગંતુક ભિક્ષુ ઉંમરે નાનો હોય તો આવાસિક ભિક્ષુએ આસનસ્થ રહીને જ 'અમુક જગ્યાએ પાત્ર મૂક' વગેરે બધું કહેવું.

ગમિક ભિક્ષુનાં કર્તવ્યો—ગમિક ભિક્ષુએ પોતાની રહેવાની જગ્યાનાં લાકડાનાં તથા માટીનાં વાસણો વ્યવસ્થિત રીતે એમને મૂળ ઠેકાણે પાછાં મૂકી દેવાં, બારીબારણા બંધ કરવાં અને બીજા ભિક્ષુઓને ખબર આપીને પછી વિહારમાંથી જવું. જો કોઈ ભિક્ષુ હાજર ન હોય તો શ્રામણેરને અને શ્રામણેર પણ ન હોય તો વિહારના રખેવાળને કહીને જવું. જો કોઈ પણ હાજર ન હોય તો પથ્થરની ચાર પીઠો ઉપર ખાટલાના પાયા બરાબર રહે એ રીતે ખાટલો

મૂકી, એ ખાટલા ઉપર બાજઠ વગેરે ગોઠવી, લાકડાનાં તથા માટીનાં વાસણો યથાસ્થાન મૂકી, બારીબારણાં બંધ કરી ચાલ્યા જવું. વિહારમાં વરસાદનું પાણી ચૂતું હોય તો એ ભાગ સંચારવો અથવા બીજા પાસે સંચારાવી લેવાની કોશિશ કરવી. પરંતુ જો સંચરાવવાનું બની શકે તેમ ન હોય તો જ્યાં ચૂતું ન હોય ત્યાં ખાટલો, બાજઠ, વગેરે મૂકવાં. જો બધે જ ચૂતું હોય તો ખાટલો વગેરે ગામમાં લઈ જવાં યા મોકલાવી દેવાં.

ભિક્ષા માગવા જવાના તથા નિમંત્રણ સ્વીકારવાના નિયમો (भत्तंगम्)— ભિક્ષુએ પોતાનાં ત્રણેય ચીવર બરાબર પહેરી, પોતાનું ભિક્ષાપાત્ર લઈ, નીચી નજરે ધીમી ગતિએ જવું જોઈએ અને આસન આપવામાં આવે તો એના ઉપર શાંતિથી બેસવું જોઈએ. નિમંત્રિત ભિક્ષુઓથી અતિરિક્ત ભિક્ષુઓને ભોજન માટે સાથે ન લઈ જવા જોઈએ. પાણી આપવામાં આવે ત્યારે પાત્રને બંને હાથે પકડી પાણી લેવું જોઈએ અને આજુબાજુ છાંટા ઉરાડયા વિના તેનો ઉપયોગ કરવો જોઈએ. જ્યારે ભોજન આપવામાં આવે ત્યારે પણ પાત્રને બંને હાથથી પકડી સાવધાનીપૂર્વક ભોજન લેવું જોઈએ. જ્યાં સુધી બધા નિમંત્રિત ભિક્ષુઓને ભોજન પીરસાઈ ન જાય ત્યાં સુધી ખાવાનું શરૂ કરવું ન જોઈએ. જ્યાં સુધી બધા ભિક્ષુઓ ભોજન કરી ન લે ત્યાં સુધી હાથ ધોવા માટે ઊઠવું ન જોઈએ. ભોજન પછી બધામાં જયેષ્ઠ ભિક્ષુએ ધન્યવાદના રૂપમાં ધાર્મિક પ્રવચન કરવું જોઈએ.

આરણ્યક ભિક્ષુનાં કર્તવ્ય (= आरञ्जक)— એણે જળ, થોડું ખાવાનું, ઈંધણ અને દંડ પોતાની પાસે રાખવાં જોઈએ. એને ગ્રહ, નક્ષત્ર અને દિશાઓનું જ્ઞાન હોવું જોઈએ. જો તે ગામમાં જાય તો भत्तंगम्માં જણાવેલાં બધાં કર્તવ્યોનું તેણે પાલન કરવું જોઈએ. ઉપરાંત, વિહાર, શયનગૃહ, સ્નાનગૃહ, શૌચાલય વગેરેને સ્વચ્છ રાખવા માટે કરવામાં આવેલા બધા નિયમોનું તેણે પાલન કરવું જોઈએ.

## [૧૭] ચંક્રમ અને અગ્નિશાળા[૨૬]

વૈશાલીમાં ભિક્ષુઓને ઉત્તમ ભોજન માટે સતત નિમંત્રણ મળ્યા કરતાં હતાં. ઉત્તમ ખોરાક સતત ખાવાને કારણે ભિક્ષુઓનાં શરીર બગડતાં હતાં. બુદ્ધોપાસક પ્રસિદ્ધ વૈદ્ય જીવકે ભિક્ષુઓની આ દશા જોઈ. તેણે વિચાર્યું કે ભિક્ષુઓ પરસેવા વાટે કચરો કાઢી નાખે અને આમતેમ આંટા મારી ખોરાક

પચાવે તો તેમની તંદુરસ્તી જળવાઈ રહે. તેથી, તેણે ભગવાનને વિનંતી કરી કે ભગવાન ભિક્ષુઓને અગ્નિશાળા અને ચંક્રમ બનાવવાની પરવાનગી આપે. ભગવાને તે વિનંતી માન્ય રાખી.

ચંક્રમ એટલે આંટા મારવા માટે બનાવેલો છાપરાવાળો ઓટલો. ચંક્રમ જમીનથી થોડો ઊંચો હોવો જોઈએ, એમાં ખાડાટેકરા ન હોવા જોઈએ. તાપ અને વરસાદથી રક્ષણ માટે ચંક્રમ ઉપર છાપરું કરવું જોઈએ.

અગ્નિશાળા જમીનથી ઊંચી હોવી જોઈએ. ભોંયતળિયું ઈંટો અથવા પથ્થરથી જડવું જોઈએ. એમાં અગ્નિકુંડ મૂકવો જોઈએ. ધુમાડો નીકળી જાય એ માટે ઉપર ધુમાડિયું બાંધવું જોઈએ. અગ્નિશાળામાં એક પાણીની કુંડી રાખવી જોઈએ અને ગુંદીને તૈયાર કરેલી માટીથી ભરેલી કોઠી પણ રાખવી જોઈએ. ભિક્ષુએ પોતાનો પાટલો લઈ અગ્નિશાળામાં જવું જોઈએ. મોઢાને ત્રાસ ન થાય એ માટે મોઢે માટી ચોપડવી જોઈએ તથા વાટકામાં પાણી લઈને વારંવાર શરીરને ચોપડવું જોઈએ. અગ્નિશાળામાંથી બહાર આવીને સ્નાન કરી શરીર સ્વચ્છ કરવું જોઈએ.

## [૧૮] સંઘસામગ્રી (= સંઘની એકતા)

કૌશાંબીમાં ભિક્ષુઓના બે પક્ષોમાં વિવાદ ઉત્પન્ન થયો. વિવાદનું નિમિત્ત એક સાવ નાની બાબત હતી. સામાન્યપણે એવો નિયમ હતો કે શૌચાલયમાં જલપાત્રમાં બચેલા પાણીને ઢોળી નાખવું જોઈએ. પરંતુ એક ભિક્ષુએ તેમ ન કર્યું. એક પક્ષે તેને દોષી ઠરાવ્યો. બીજા પક્ષને લાગ્યું કે આને દોષ ન ગણાય. બંને પક્ષનો ઝઘડો એટલો વધી ગયો કે બુદ્ધને વચ્ચે પડવું પડયું. પરંતુ તોય ઝઘડો ન શમ્યો. તેથી બુદ્ધ ત્યાંથી શ્રાવસ્તી જતા રહ્યા અને કૌશાંબીના ઉપાસકોએ ઝઘડાળુ ભિક્ષુઓને ભિક્ષા આપવાની બંધ કરી. હવે તેમની સાન ઠેકાણે આવી. બુદ્ધની માફી માગવા તેઓ શ્રાવસ્તી ગયા. પેલા ભિક્ષુને પણ લાગ્યું કે પોતે ખરેખર દોષી છે અને દંડને પાત્ર છે. તેના પક્ષના ભિક્ષુઓએ આ વાત બુદ્ધને જણાવી. બુદ્ધે પેલા ભિક્ષુને દોષનું પ્રાયશ્ચિત્ત કરવા કહ્યું. તેણે પ્રાયશ્ચિત્ત કર્યું. પછી તેના પક્ષના ભિક્ષુઓએ બીજા પક્ષના ભિક્ષુઓને કહ્યું, "જે દોષ માટે તમે તેને દોષી ઠરાવ્યો હતો તેનું પ્રાયશ્ચિત્ત તેણે કર્યું છે. તેથી હવે આપણે સંઘસામગ્રી કરીએ — સંઘમાં એકતા સ્થાપીએ.' બુદ્ધને આ વાતની ખબર આપવામાં આવી એટલે તેમણે સંઘસામગ્રીની વિધિ આ પ્રમાણે બતાવી:

બધા ભિક્ષુઓએ એકત્ર થવું. માંદા ભિક્ષુએ પણ ઉપસ્થિત રહેવું. પછી કોઈ એક પ્રતિષ્ઠિત ભિક્ષુએ સંઘને વિનંતી કરવી, 'હે ભદંત સંઘ, હું જે કહું તે ધ્યાનથી સાંભળો. જેને લીધે સંઘમાં કજિયો ઊભો થયો હતો તે ભૂલ આ ભિક્ષુ કબૂલ કરે છે, તેણે દોષનું પ્રાયશ્ચિત્ત પણ કરી લીધું છે. જો સંઘને ઠીક લાગે તો સંઘ આ વાત અહીં જ અટકાવી સંઘમાં એકતા સ્થાપે.' આવી વિનંતી થઈ જાય પછી ત્રણ વાર ફરી તેને બોલવામાં આવતી અને જો કોઈ પણ ભિક્ષુ વાંધો ન ઉઠાવે તો સંઘસામગ્રી થઈ એમ સમજવામાં આવતું.

સંઘસામગ્રી બે પ્રકારની હોય છે — અર્થરહિત અને અર્થસહિત. જે વાતને લીધે ઝઘડો ઉપસ્થિત થયો હોય તે વાતનું મૂળ કારણ શોધી કાઢ્યા વિના સંપ ( = સામગ્રી ) કરવામાં આવે તો તે અર્થરહિત સામગ્રી ગણાય અને જો તે મૂળ કારણ શોધીને સંપ કરવામાં આવે તો તે અર્થસહિત સામગ્રી ગણાય.[૨૭]

## [૧૯] તર્જનીય કર્મ

જે ભિક્ષુ જાતે ઝઘડો કરે કે બીજા ભિક્ષુઓને પરસ્પર ઝઘડાવે તેને માટેની શિક્ષા તર્જનીય કર્મ હતી. ગૃહસ્થો સાથે વધુ પડતો સંબંધ રાખનાર ભિક્ષુને પણ આ જ શિક્ષા કરવામાં આવતી. આ શિક્ષા કરવાની પદ્ધતિ પ્રમાણે અપરાધી ભિક્ષુને સૌ પ્રથમ ચેતવણી આપવામાં આવતી, પછી એના અપરાધનું સ્મરણ કરાવવામાં આવતું અને ત્યાર બાદ એના ઉપર દોષનું આરોપણ કરવામાં આવતું. પ્રતિષ્ઠિત ભિક્ષુ સંઘને ધ્યાન દઈ વાત સાંભળવા વિનંતી કરતા, પછી દોષિત ભિક્ષુનો દોષ જણાવી તેને તર્જનીય કર્મની શિક્ષા કરવા સંઘને વિનંતી કરતા, ત્યાર બાદ ત્રણ વાર તે આ જ વસ્તુ બોલતા અને જો કોઈ ભિક્ષુ વાંધો ન ઉઠાવે તો સંઘે પેલા ભિક્ષુને તર્જનીય કર્મની શિક્ષા કરી દીધી છે એમ માનવામાં આવતું. તર્જનીય કર્મની શિક્ષા પામેલા ભિક્ષુને પ્રવ્રજ્યા દેવાનો, શ્રામણેરને પોતાની સેવામાં રાખવાનો અને ભિક્ષુઓ તેમ જ ભિક્ષુણીઓ આગળ પ્રવચન કરવાનો નિષેધ ફરમાવવામાં આવતો. જેને તર્જનીય કર્મની શિક્ષા કરવામાં આવી હોય તે સારી રીતે વર્તવા માંડે તો સંઘ તેને માફી આપતો. માફી આપવામાં પણ સંઘ એકત્ર થતો, પ્રતિષ્ઠિત ભિક્ષુ તેને માફી આપવા સંઘને વિનંતી કરતો અને પછી ત્રણ વાર તે વિનંતી બોલતો. પછી કોઈને વાંધો છે કે કેમ તે પૂછવામાં આવતું. કોઈ વાંધો ન ઉઠાવે તો માફી મળી ગઈ છે એમ સમજવામાં આવતું.[૨૮]

## [૨૦] નિયશઃકર્મ

તર્જનીય કર્મની શિક્ષા પામેલો ભિક્ષુ શિક્ષાને અવગણે અને સુધરે નહિ તો તેને એકલો ન રહેવા દેતાં કોઈ આચાર્ય કે ઉપાધ્યાયને હવાલે કરી દેવામાં આવતો અને તેને આચાર્ય કે ઉપાધ્યાયના આદેશો અનુસાર આચરણ કરવાનું જણાવવામાં આવતું. આ દંડ દેવાની વિધિ ઉપર્યુક્ત દંડ દેવાની વિધિથી ભિન્ન નથી. દંડિત ભિક્ષુ સુધરે એટલે સંઘ તેને માફી આપતો. માફી પણ ઉપર્યુક્ત વિધિ પ્રમાણે અપાતી.[૨૯]

## [૨૧] પ્રવ્રાજનીયકર્મ

શ્રાવસ્તી પાસે આવેલા કીટાગિરિ ગામમાં અશ્વજિત્ અને પુનર્વસુક એ બે ભિક્ષુઓએ ગંભીર અપરાધ કર્યા હતા. તેઓ ફૂલઝાડ ઉછેરી ફૂલમાળા વગેરે બનાવી સ્ત્રીઓને અને કુમારિકાઓને આપતા. તેઓ પોતે નાચતા અને વાદ્યો વગાડતા તેમ જ બીજાઓ પાસે નૃત્ય કરાવતા, ગીતો ગવડાવતા અને વાદ્યો વગડાવતા. તેઓ જાતજાતની રમતગમતો રમતા અને અસભ્ય લીલાઓ આચરતા. બુદ્ધને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તેમણે આવા ગંભીર અપરાધ માટે પ્રવ્રાજનીય કર્મની શિક્ષાની જોગવાઈ કરી. આ શિક્ષા અનુસાર અપરાધી ભિક્ષુને વિહારમાં રહેવા દેવામાં આવતો ન હતો. આ શિક્ષા કરવાનો તથા તેમાંથી મુક્ત કરવાનો વિધિ અગાઉ જણાવ્યો છે તેવો જ હતો.[૩૦]

## [૨૨] પ્રતિસ્મારણીયકર્મ

જે ભિક્ષુ ગૃહસ્થને નુકસાન થાય એવો પ્રયત્ન કરે, તે મુશ્કેલીમાં મૂકાય એવી ખટપટ કરે, તેને ગામ છોડી જતા રહેવું પડે એવી પરિસ્થિતિ ઊભી કરે, તેને ગાળો ભાંડે, વગેરે તે ભિક્ષુને પ્રતિસ્મારણીય કર્મની શિક્ષા કરવામાં આવતી. તે શિક્ષા અનુસાર ભિક્ષુએ તે ગૃહસ્થની માફી માગવી પડતી. ગૃહસ્થની માફી માગવા જનાર ભિક્ષુને એકલા જતાં શરમ આવતી એટલે તેની સાથે બીજા એક ભિક્ષુને જવાની સંઘે રજા આપી હતી. ભિક્ષુ માફી માગી આવે પછી સંઘ તેનો અપરાધ માફ કરતો. આ શિક્ષા કરવાની અને આ શિક્ષામાંથી મુક્ત કરવાની વિધિઓ અગાઉ જણાવી ગયા તેવી જ હતી.[૩૧]

## [૨૩] ઉત્ક્ષેપણીયકર્મ

કોસંબીના છન્ન ભિક્ષુએ કોઈ અપરાધ કર્યો. પરંતુ તે પોતાના અપરાધનો સ્વીકાર કરી તેનું પ્રાયશ્ચિત કરવા ઇચ્છતો ન હતો. આવા ભિક્ષુઓને માટે બુદ્ધે

ઉત્ક્ષેપણીય કર્મથી શિક્ષાનું વિધાન કર્યું છે. આ શિક્ષા અનુસાર દંડિત ભિક્ષુને વિહાર છોડી જવાની આજ્ઞા કરવામાં આવતી, અન્ય ભિક્ષુઓને એના પ્રત્યે આદર યા શિષ્ટતાનો વ્યવહાર કરવાનો નિષેધ કરવામાં આવતો. મિથ્યા ધારણાઓ રાખનારને પણ આ શિક્ષા થતી. દોષ કબૂલ કરી ભિક્ષુ જ્યારે પ્રાયશ્ચિત કરે ત્યારે માફી અપાતી. આ શિક્ષા કરવાની અને માફી આપવાની રીત અગાઉ જણાવી ગયા છીએ તેવી જ હતી.[૩૨]

## [૨૪] પરિવાસકર્મ

સંઘાદિશેષનો અપરાધ કરનાર ભિક્ષુને આ શિક્ષા થતી. સંઘાદિશેષ શું છે તેની સમજૂતી આપણે પ્રાતિમોક્ષમાં આપીશું. પ્રસ્તુત શિક્ષામાં ભિક્ષુને નિશ્ચિત કાળ સુધી સંઘનું કોઈ કૃત્ય કરવાની રજા આપવામાં આવતી નહિ અને અન્ય ભિક્ષુઓ એના પ્રત્યે આદર અને શિષ્ટતા દર્શાવતા નહિ. આ શિક્ષા પામેલા ભિક્ષુએ જેટલા દિવસનો પરિવાસ તેને આપવામાં આવ્યો હોય તેટલા દિવસ — છેવટે અરુણોદય વખતે તો — સંઘમાં ન જ રહેવું જોઈએ. અરુણોદય પહેલાં ઊઠી વિહારથી દૂર જઈ તેણે રહેવું જોઈએ અને સવારે પાછા વિહારમાં આવી પોતે પરિવાસની એક રાત પસાર કરી છે એ ખબર ભિક્ષુઓને આપવી જોઈએ.[૩૩]

## [૨૫] માનત્ત

આવી રીતે પરિવાસ પૂરો કર્યા પછી ભિક્ષુએ સંઘને કહેવું કે મેં પરિવાસ પૂરો કર્યો છે. ત્યાર પછી સંઘ એને છ રાત માનત્ત આપે છે. એનો અર્થ એ કે એ ભિક્ષુએ સંઘને સંતોષવા માટે પરિવાસની રાત્રીઓ માફક બીજી છ રાતો — છેવટે અરુણોદય વખતે તો — વિહારની બહાર પસાર કરવી જોઈએ.[૩૪]

## [૨૬] મૂલાયપટિકસ્સના

જે ભિક્ષુ પરિવાસ કે માનત્તના કાળ દરમિયાન સંઘાદિશેષનો અપરાધ કરતો તેને સંઘ પૂર્વસ્થિતિએ લાવી મૂકતો ( मूलायपटिकस्सना ). એટલે પરિવાસ અને માનત્તની જે રાતો એણે વિહારની બહાર વીતાવી હોય તે બધી નકામી જતી અને ફરીથી એને પરિવાસ કરવો પડતો અને પરિવાસ પૂરો કર્યા પછી ફરીથી સંઘ પાસેથી માનત્ત લેવું પડતું.[૩૫]

## [૨૭] અબ્ભાન

ભિક્ષુએ પરિવાસ અને માનત્ત પૂરાં કર્યાં પછી જ્યાં વીસ ભિક્ષુઓનો સંઘ હોય ત્યાં જઈ સંઘને જણાવવું પડતું કે મેં પરિવાસ અને માનત્ત પૂરાં

કર્યાં છે. સંઘ વિનંતી અને ત્રણ વાર આવૃત્તિ કરી એને ફરી સંઘમાં લેતો. આને અબ્ભાન કર્મ કહે છે.[36]

## [૨૮] દંડકમ્મ તથા આવરણ

શ્રાવસ્તીમાં કેટલાક ભિક્ષુઓ ઉપર એવો આરોપ મૂકવામાં આવ્યો કે તેઓ ભિક્ષુણીઓ સાથે અનુચિત વ્યવહાર કરે છે. આવા દુર્વ્યવહારોને અટકાવવા માટે બુદ્ધે કેટલાક શિક્ષાનિયમો બનાવ્યા જેમાં દંડકમ્મ અને આવરણનો સમાવેશ થાય છે. દંડકમ્મની શિક્ષામાં અપરાધી ભિક્ષુને ભિક્ષુણીઓ પાસેથી અભિવાદન પામવાને અપાત્ર જાહેર કરાતો. જો ભિક્ષુણી આવા પ્રકારના અપરાધમાં દોષિત જણાય તો તેને આવરણની શિક્ષા કરવામાં આવતી. આ શિક્ષા અનુસાર તેને ભિક્ષુઓના વિહારમાં પ્રવેશવાની મનાઈ ફરમાવવામાં આવતી. જો તે આનું ઉલ્લંઘન કરે તો તેને ચેતવણી (ओवाद) આપવામાં આવતી અને ઉપોસથની સભામાંથી તેને બહિષ્કૃત કરાતી.[37]

## [૨૯] પ્રાતિમોક્ષ (पातिमोक्ख)

પ્રાતિમોક્ષ એ નિષેધાત્મક નિયમો છે. તેમનું પાલન ભિક્ષુએ કરવું જોઈએ. પ્રાતિમોક્ષના આઠ વિભાગ છે—પારાજિક, સંઘાદિશેષ, અનિયત, નૈસર્ગિક પાતયન્તિક, બાણુ પાતયન્તિક, પ્રતિદેશનીય, શૈક્ષ અને અધિકરણશમથ.

ચાર પારાજિક—ચાર પારાજિક એ ચાર પાતકો છે. આ પાતકો એવાં છે જેને કારણે ભિક્ષુને ભિક્ષુજીવનનો ત્યાગ કરવો પડે છે. આ ચાર પાતકો છે—અબ્રહ્મચર્ય, ચોરી, મનુષ્યવધ (તેમ જ આપઘાત કરવા કોઈને પ્રેરવો) અને અલૌકિક શક્તિનો જૂઠો દાવો. આ ચાર પાતકોથી ભિક્ષુએ બચવું જોઈએ. અન્યથા, તેને ભિક્ષુજીવન છોડી ઉપાસક બનવાની ફરજ પાડવામાં આવતી.[38]

સંઘાદિશેષ—સંઘાદિશેષમાં તેર નિષેધાત્મક નિયમોનો સમાવેશ થાય છે. તેમનું પાલન ન કરવાથી ભિક્ષુને સંઘાદિશેષ દોષ લાગે છે અને તેના પ્રાયશ્ચિતરૂપે તેને કેટલાક સમય માટે પરિવાસની શિક્ષા ભોગવવી પડે છે. તેર સંઘાદિશેષ દોષો આ છે: (૧) જાણીજોઈને વીર્યપાત કરવો. (૨) કામેચ્છાથી સ્ત્રીના અંગને સ્પર્શ કરવો. (૩) સ્ત્રીની સાથે કામસંભાષણ કરવું. (૪) સ્ત્રીને કહેવું કે 'મારા જેવા બ્રહ્મચારીની મૈથુનપ્રદાન દ્વારા કરેલી સેવા શ્રેષ્ઠ છે.' (૫) સ્ત્રી-પુરુષના પ્રેમસંબંધ માટે મધ્યસ્થી કરવી. (૬-૭) અસ્વામિક (અર્થાત્ જેના ઉપર કોઈની

માલિકી ન હોય એવી) કુટીર બનાવવામાં તેમ જ સસ્વામિક (=ગૃહસ્થની જેના ઉપર માલિકી હોય એવો) વિહાર બનાવવામાં યોગ્ય સ્થાન અને વિહિત પ્રમાણનું અતિક્રમણ કરવું. (૮) દ્વેષબુદ્ધિથી અન્ય ભિક્ષુ પર પારાજિક દોષનું ખોટું આરોપણ કરવું. (૯) બીજી કોઈ વાતનો લેશમાત્ર આધાર લઈ દ્વેષબુદ્ધિથી અન્ય ભિક્ષુ પર પારાજિક દોષનું ખોટું આરોપણ કરવું. (૧૦) સંઘમાં કુસંપ થાય એવું કરવું. (૧૧) સંઘમાં કુસંપ કરનાર ભિક્ષુને ધર્મવાદી અને વિનયવાદી કહી તેનું અનુમોદન કરવું. (૧૨) કડવું બોલવું અને બીજાની સલાહનો જાણી-જોઈને અનાદર કરવો. (૧૩) પોતાના ખરાબ આચરણથી લોકોની ધર્મશ્રદ્ધા ડગાવી દેવી. આ તેર સંઘાદિશેષ દોષોથી ભિક્ષુએ અલિપ્ત રહેવું જોઈએ.[૩૯]

બે અનિયત—(૧) એકાન્તમાં સ્ત્રી સાથે બેસવું (૨) અને એકાન્તમાં સ્ત્રી સાથે વાતો કરવી. આ બે બાબતો એવી છે કે એમ કરનાર ભિક્ષુ કામ-વિકારથી યુક્ત છે કે મુક્ત એ નક્કી કરવું કઠણ છે. પરંતુ ભિક્ષુએ સમજી લેવું જોઈએ કે પોતે કામવિકારથી મુક્ત હોય તો પણ ઘણા લોકો તેમ માનશે નહિ. તેથી ભિક્ષુએ આ બે અનિયત દોષોથી અટકવું જોઈએ.[૪૦]

નૈસર્ગિક પાતયન્તિક—નૈસર્ગિક પાતયન્તિક ત્રીસ છે. ભિક્ષુએ આ દોષોમાંથી મુક્ત રહેવું જોઈએ અને જો આમાંનો કોઈ પણ દોષ થઈ જાય તો તેણે સંઘ આગળ ખેદ પ્રગટ કરવો જોઈએ. આ ત્રીસ દોષો નીચે પ્રમાણે છે—(૧) ચીવર તૈયાર કર્યાં પછી અને 'કઠિન' ખસેડી લીધા પછી ભિક્ષુએ દસ દિવસથી વધારે દિવસ વધારાનાં ચીવર ન રાખવાં. (૨) ભિક્ષુએ સંઘની અનુમતિ વિના ચીવર વિહારમાં રાખી બીજે ન જવું. (૩) જો ચીવર બનાવવા માટે અપૂરતું વસ્ત્ર હોય તો ખૂટતું વસ્ત્ર મળવાની આશામાં કઠિન પછી એક મહિનાથી વધુ વખત તે અપૂરતું વસ્ત્ર ન રાખવું. (૪) પોતાનાં મેલાં વસ્ત્રો એવી ભિક્ષુણી પાસે ન ધોવરાવવાં કે રંગાવવાં જેની સાથે પોતાનો નિકટ સંબંધ ન હોય. (૫) બદલામાં કંઈ આપ્યા વિના એવી ભિક્ષુણી પાસેથી ચીવર લેવું નહિ. (૬) જેની સાથે પોતાનો સંબંધ ન હોય એવા ગૃહસ્થ પાસે ચીવર માંગવું નહિ. (૭) જો એવો ગૃહસ્થ સામે ચાલીને ચીવર ગ્રહણ કરવા વિનંતી કરે તો અંતરવાસક અને ઉત્તરાસંગ એ બેથી વધારે ચીવર લેવાં નહિ. (૮) પોતાને અમુક ગૃહસ્થ ચીવર આપવાનો છે તે જાણીને તે ગૃહસ્થને અમુક વિશિષ્ટ પ્રકારના વસ્ત્રમાંથી ચીવર બનાવવા કહેવું નહિ. (૯) બે ગૃહસ્થો પોતાને ચીવર આપવાના છે એ જાણીને ભિક્ષુએ તેમને એમ ન કહેવું જોઈએ કે તમે બંને

તમારી પાસેના ચીવર માટેના કાપડમાંથી એક જ ચીવર તૈયાર કરી બંને જણ મળી એક જ ચીવર મને આપજો. (૧૦) પોતાના માટે ચીવર બનાવવાનું કાપડ રાજપુરુષે, બ્રાહ્મણે કે ગૃહપતિએ દૂત મારફત કોઈક ઉપાસક ઉપર મોકલાવ્યું હોય તો નક્કી કરેલા સમયે તે ઉપાસક પાસે જઈ 'મારે ચીવરની જરૂર છે' એમ ત્રણ વાર કહી ભિક્ષુએ યાદ દેવડાવવું. તેમ છતાં ચીવર ન મળે તો ચાર પાંચ વખત કે વધારેમાં વધારે છ વખત તેને ત્યાં જઈ કંઈ પણ બોલ્યા વિના ઊભા રહેવું. આનાથી વધુ પ્રયત્ન તેની પાસેથી ચીવર મેળવવા કરવો જોઈએ નહિ. અલબત્ત, તેણે દાતાને સમાચાર પહોંચાડવા કે તમે મોકલેલા કાપડનો ભિક્ષુને કંઈ ઉપયોગ થયો નથી, તમે તપાસ કરો. (૧૧) રેશમમિશ્ર પથારી ન બનાવવી. (૧૨) આખી પથારી કાળા ઊનની ન બનાવવી. (૧૩) ભિક્ષુની પથારી બનાવવામાં અડધોઅડધ કાળું ઊન, પા ભાગ ભૂખરા રંગનું ઊન અને પા ભાગ ધોળું ઊન વાપરવું જોઈએ. (૧૪) નવી બનાવેલી પથારીનો ઉપયોગ ભિક્ષુએ ઓછામાં ઓછો છ વર્ષ સુધી કરવો જોઈએ. તે પહેલાં તેને કાઢી નાખવી ન જોઈએ. (૧૫) બેસવાનાં જૂનાં આસનોનો વચ્ચેનો ઘસાયેલો ભાગ કાઢી તેના સ્થાને નવું કપડું નાખી નવું આસન બનાવવું જોઈએ. જૂના આસનને પૂરેપૂરું કાઢી નાખવું ન જોઈએ. (૧૬) રસ્તામાં ઊન મળી આવે અને જોઈતું હોય તો ભિક્ષુ સ્વીકારે. કોઈ ઉપાડનાર ન મળે તો ત્રણ યોજન સુધી પોતે ઉપાડી શકે, એથી આગળ નહિ. (૧૭) જેની સાથે પોતાને નિકટ સંબંધ નથી એવી ભિક્ષુણી પાસે ભિક્ષુએ ઊન ધોવડાવવું, રંગાવવું કે છૂટું પડાવવું નહિ. (૧૮) સોનું, રૂપું કે નાણું ભિક્ષુએ સ્વીકારવું જોઈએ નહિ. (૧૯) ભિક્ષુએ નાણાનો વ્યવહાર (ધીરધાર) કરવો જોઈએ નહિ. (૨૦) ભિક્ષુએ ચીજવસ્તુઓનો ક્રયવિક્રય કરવો જોઈએ નહિ. (૨૧) વધારાનાં ભિક્ષાપાત્રો ભિક્ષુએ દસ દિવસથી વધુ વખત રાખવાં જોઈએ નહિ. (૨૨) જ્યાં સુધી પાંચ વાર ભિક્ષાપાત્રને સંધાવ્યું ન હોય ત્યાં સુધી તેને કાઢી નવું ભિક્ષાપાત્ર ન લેવું જોઈએ. (૨૩) ઘી, માખણ, તેલ, મધ અને ગોળને અશક્ત ભિક્ષુ દવા માટે વધુમાં વધુ સાત દિવસ સુધી સંઘરી શકે, એથી વધુ નહિ. (૨૪) ઉનાળાના છેલ્લા મહિનામાં ચોમાસામાં વાપરવાનું પંચિયું મેળવવું અને ઉનાળાના છેલ્લા પખવાડિયામાં તે વાપરવાની શરૂઆત કરવી. એ પહેલાં તે મેળવવું જોઈએ નહિ અને વાપરવું જોઈએ નહિ. (૨૫) ભિક્ષુએ બીજા ભિક્ષુને ચીવર આપ્યા પછી કોઈ પ્રસંગે રીસ ચઢાવી તેની પાસેથી તે ખૂંચવી લેવું કે ખૂંચવી લેવડાવવું જોઈએ નહિ. (૨૬) જાતે સૂતર ભેગું કરી વણકરો પાસે ચીવર માટે કાપડ વણાવવું નહિ. (૨૭) કોઈ ગૃહસ્થે ચીવર માટે કાપડ વણવા

આપેલું છે એ જાણીને ભિક્ષુ વણકરને લંબાઈ, પહોળાઈ, ઘટ્ટતા, વણાટ, વગેરે વિશે સૂચના કરે અને બદલામાં એને કંઈ આપે તો તે ભિક્ષુ દોષી બને છે. તેણે તેમ ન કરવું જોઈએ. (૨૮) કાર્તિક પૂનમ પહેલાં દસ દિવસમાં મુસાફર, રોગી કે ગર્ભિણી સ્ત્રી ચીવર માટેનું કાપડ આપે તો તેનો સ્વીકાર કરવો પણ તેને લાંબો વખત રાખી ન મૂકવું. (૨૯) ચોમાસું પૂરું થયા પછી અર્થાત્ કાર્તિક પૂનમ પછી ભિક્ષુઓ વિહાર કરતા અને અરણ્યમાં રહેતા. તે વખતે સ્થાનમાં ચોર આદિનો ત્રાસ હોય તો ભિક્ષુ ત્રણમાંથી એક ચીવર ગામમાં મૂકીને ત્યાં જઈ શકતો. પરંતુ છ દિવસથી વધારે વખત સુધી આ રીતે ભિક્ષુએ ગામમાં ચીવર રાખવું જોઈએ નહિ. (૩૦) સંઘને થનારો લાભ જાણીજોઈને ભિક્ષુએ પોતે મેળવવો નહિ.[૪૧]

બાણુ પાતયન્તિક – આ બાણુ પાતયન્તિક દોષોમાંથી ભિક્ષુએ વિરમવું જોઈએ. આ દોષના ભાગી ભિક્ષુએ દોષમુક્ત થવા માટે ભિક્ષુપંચાયત આગળ પોતાનો દોષ કબૂલ કરવો જોઈએ. આ બાણુ નિષેધાત્મક નિયમો નીચે પ્રમાણે છે. (૧) જાણીજોઈને જૂઠું બોલવું જોઈએ નહિ. (૨) કઠોર વચનો કહેવાં જોઈએ નહિ. (૩) ચાડી ખાવી જોઈએ નહિ. (૪) ઉપસંપદાવિધિથી સંઘમાં દાખલ કરવામાં ન આવેલ ( = અનુપસંપન્ન) વ્યક્તિ પાસે ભિક્ષુએ પોતે જે ધર્મવચન બોલે તે શબ્દશઃ ન બોલાવવાં. (૫) ઉપસંપદાવિધિથી સંઘમાં દાખલ કરવામાં ન આવેલ વ્યક્તિ સાથે બેત્રણ રાત કરતાં વધારે રાત એક સ્થાનમાં ન સૂવું. (૬) જે સ્થાનમાં સ્ત્રી સૂતી હોય ત્યાં ન સૂવું. (૭) સ્ત્રીને પાંચ શબ્દોથી વધારે શબ્દોમાં ઉપદેશ ન દેવો. (૮) ઉપસંપદાવિધિથી સંઘમાં દાખલ ન કરવામાં આવેલી વ્યક્તિને ભિક્ષુએ ન જણાવવું જોઈએ કે મને લોકોત્તર ધર્મ પ્રાપ્ત થયો છે. (૯) સંઘની સંમતિ વિના બીજા ભિક્ષુના સંઘાદિશેષદોષો અનુપસંપન્નને ન કહેવા જોઈએ. (૧૦) જમીન ખોદવી કે ખોદાવવી નહિ. (૧૧) વનસ્પતિનો નાશ ન કરવો. (૧૨) ફાવે તેમ બોલવું નહિ કે રીસ ચઢાવી બોલવાનું બંધ કરવું નહિ. (૧૩) કોઈની અવગણના કે નિંદા કરવી નહિ. (૧૪) વિહારમાંથી જતી વખતે પથારીઓ પાથરેલી રહેવા દઈ જતું ન રહેવું. તેમને ઠેકાણે મૂકાવવી અને સુપરત કરવી. (૧૫) વિહારમાંથી જતી વખતે સંઘનો મંચ, બાજઠ, બિછાનું કે સાદડી ઠેકાણે મૂકાવ્યા વિના કે સુપરત કર્યા વિના ન જવું. (૧૬) પહેલેથી રહેતા ભિક્ષુઓ વિહારમાંથી ચાલ્યા જાય એ આશયથી જાણીજોઈને ભીડ કરવી નહિ. (૧૭) સાંઘિક વિહારમાંથી ભિક્ષુને કાઢી કે કઢાવી મૂકવો નહિ. (૧૮) સાંઘિક વિહારની બે માળની કુટિરમાં ઉપલા માળમાં રહેનાર

ભિક્ષુએ જેના પાયા જમીનમાં ખોડેલ હોય એવા ખાટલા કે આસનનો ઉપયોગ ન કરવો. (૧૯) વિહાર ધોળાવવામાં અને છાપરું તૈયાર કરાવવામાં કોઈને નુકસાન ન કરવું જોઈએ. (૨૦) જંતુવાળા પાણીથી માટી કે ઘાસ પલાળવું નહિ કે બીજા પાસે પલાળાવવું નહિ. (૨૧) સંઘની રજા વિના ભિક્ષુણીને ઉપદેશ દેવો નહિ. (૨૨) સંઘે જેને રજા આપી હોય તે ભિક્ષુએ પણ સૂર્યાસ્ત પછી ભિક્ષુણીને ઉપદેશ દેવો નહિ. (૨૩) ભિક્ષુણી બિમાર હોય કે એવો કોઈ પ્રસંગ હોય તો, સંઘે જે ભિક્ષુને ભિક્ષુણીને ઉપદેશ દેવાની રજા આપી હોય તે ભિક્ષુ ભિક્ષુણીના ઉપાશ્રયમાં જઈ ઉપદેશ આપે, અન્યથા નહિ. (૨૪) સ્થવિર ભિક્ષુઓ કેવળ લાભ ખાતર ભિક્ષુણીઓને ઉપદેશ આપે છે એમ ન કહેવું જોઈએ. (૨૫—૨૬) જેની સાથે પોતાને નિકટનો સંબંધ ન હોય એવી ભિક્ષુણી પાસેથી બદલામાં કંઈ આપ્યા વિના, કંઈ પણ ન લેવું તેમ જ એવી ભિક્ષુણીનું ચીવર ન સીવવું કે સીવડાવવું. (૨૭—૨૮) એક જ માર્ગ ઉપર કે એક જ હોડીમાં ભિક્ષુણી સાથે યાત્રા ન કરવી. (૨૯) ભિક્ષુણીના કહેવાથી મળેલું ભિક્ષાન્ન ન ખાવું. (૩૦) ભિક્ષુણી સાથે એકાંતમાં ન બેસવું. (૩૧) બધા જ શ્રમણોને ભિક્ષાન્ન આપવામાં આવતું હોય એવા સ્થાનેથી કેવળ એક જ દિવસ તંદુરસ્ત ભિક્ષુએ ભિક્ષાન્ન લેવું. (૩૨) યોગ્ય પ્રસંગ વિના ગણ (=ચાર કે વધુ ભિક્ષુઓનો સમૂહ)સાથે ભિક્ષા સ્વીકારવી નહિ. (૩૩) જેણે ભોજન માટે નિમંત્રણ આપ્યું હોય તેને ત્યાં બીજે ઠેકાણે જમીને ન જવું. (૩૪) અપૂપ કે મંથ બેત્રણ પાત્રથી વધુ ગ્રહણ કરવા નહિ, અર્થાત્ અમુક પ્રમાણમાં જ ભિક્ષા ગ્રહણ કરવી. બેત્રણ પાત્ર ભરી મળેલી ભિક્ષા ભિક્ષુઓમાં વહેંચી આપવી જોઈએ. (૩૫) જમીને તૃપ્ત થયા પછી ફરીથી જમવું કે ખાવું ન જોઈએ, અને જો જમે કે ખાય તો તેણે ભિક્ષુઓએ ખાધા પછી વધેલું અન્ન જ ખાવું જોઈએ. (૩૬) જમીને તૃપ્ત થયેલા ભિક્ષુને ભિક્ષુઓએ ખાધા પછી વધેલા અન્ન સિવાય બીજા અન્નને ખાવા આગ્રહ કરવો નહિ. (૩૭) વિકાળે જમવું નહિ. (૩૮) ખાવાની ચીજો સંઘરવી નહિ. (૩૯) ઘી, માખણ, મધ, તેલ, ગોળનો રસ, માછલાં, માંસ, દૂધ, દહીં જેવા ઉત્તમ પદાર્થો તંદુરસ્ત ભિક્ષુએ પોતાને માટે મંગાવી ખાવા નહિ. (૪૦) પાણી અને દાતણ સિવાય બીજો કોઈ અદત્ત આહાર લેવો નહિ. (૪૧) નગ્ન પરિવ્રાજકોને પોતાના હાથે ખાવાના પદાર્થો આપવા નહિ. (૪૨) બીજા ભિક્ષુને પોતાની સાથે ભિક્ષા માટે ગામમાં લઈ જઈ તેને કંઈ પણ અપાવ્યા વિના પાછો મોકલી દેવો જોઈએ નહિ. (૪૩) જે ઘરમાં સ્ત્રી—પુરુષ રહેતાં હોય તે ઘરમાં પ્રવેશ કરી બેસવું નહિ. (૪૪) ઘરમાં બીજી કોઈ

વ્યક્તિ હોય ત્યારે સ્ત્રી સાથે એકાંત આસનમાં બેસવું નહિ. (૪૫) ઘરમાં બીજી કોઈ વ્યક્તિ ન હોય ત્યારે પણ સ્ત્રી સાથે એકાંતમાં બેસવું નહિ. (૪૬) એક ઠેકાણેથી નિમંત્રણ મળ્યું હોય ત્યારે ભોજન પહેલાં કે પછી ભિક્ષુએ બીજાં કુટુંબોમાં ફર્યા કરવું ન જોઈએ. (૪૭) ઘી, માખણ વગેરેનો ઔષધ તરીકે સ્વીકાર કરવો પણ વધુ પડતો સ્વીકાર ન કરવો. (૪૮) કૂચ કરતા સૈન્યને જોવા ન જવું. (૪૯) કોઈ કારણસર લશ્કરમાં રહેવું પડે તો બેત્રણ દિવસથી વધુ ન રહેવું. (૫૦) બેત્રણ દિવસ લશ્કરમાં રહે તે દરમ્યાન ભિક્ષુએ નિશાન તાકવાની, ગિનતી કરવાની, વ્યૂહ રચવાની કે અનીક તૈયાર કરવાની જગ્યાએ જવું નહિ. (૫૧) માદક પીણા પીવા નહિ. (૫૨) ગલીપચી કરી કોઈને મૂંઝવવો નહિ. (૫૩) જલક્રીડા કરવી નહિ. (૫૪) યોગ્ય સલાહ આપનાર ભિક્ષુનો અનાદર કરવો નહિ. (૫૫) બીજા ભિક્ષુને બીવડાવવો નહિ. (૫૬) તાપવાના ઉદ્દેશથી દેવતા સળગાવવો નહિ કે સળગાવડાવવો નહિ. (૫૭) યોગ્ય પ્રસંગ વિના પંદર દિવસમાં એકથી વધુ વાર સ્નાન કરવું નહિ. (૫૮) પોતાના ચીવરની પરખ માટે તેના પર આસમાની કે કાળા રંગનું ચિહ્ન કર્યા વિના નવું ચીવર વાપરવું નહિ. (૫૯) બીજા ભિક્ષુને માટે રખાયેલા ચીવરને તેની પરવાનગી વિના વાપરવું નહિ. (૬૦) બીજા ભિક્ષુનું પાત્ર, ચીવર, આસન, સોયની ડબી કે કમરપટો સંતાડવો નહિ કે સંતાડાવવો નહિ. (૬૧) જાણીજોઈને જીવહત્યા ન કરવી. (૬૨) જાણીજોઈને જંતુવાળું પાણી ન વાપરવું. (૬૩) પાર પડેલો કજિયો ફરીથી ન ઉખેળવો. (૬૪) બીજા ભિક્ષુના સંઘાદિશેષ જેવા દોષો, પોતાને ખબર હોય તો, ગુપ્ત ન રાખવા. (૬૫) વીસ વરસથી નાની ઉંમરની વ્યક્તિને પ્રવ્રજ્યા ન આપવી. (૬૬) ચોરોની પોઠ સાથે જાણીજોઈને પ્રવાસ ન કરવો. (૬૭) સ્ત્રી સાથે પ્રવાસ ન કરવો. (૬૮) 'એશઆરામના પદાર્થો ભોગવવાથી મોક્ષમાર્ગમાં અંતરાય આવે છે એ વાત ખોટી છે' એવી મિથ્યા દૃષ્ટિ ધરાવવી ન જોઈએ. (૬૯) આવી મિથ્યા દૃષ્ટિ ધરાવનાર ભિક્ષુએ તેનો ત્યાગ કરી પ્રાયશ્ચિત્ત ન કર્યું હોય તો તેની સાથે બીજા ભિક્ષુઓએ જમવું નહિ, સૂવું નહિ. (૭૦) આવી મિથ્યા દૃષ્ટિ ધરાવનાર શ્રામણેરને સંઘમાંથી કાઢી મૂકવામાં આવે છે. આવા શ્રામણેર સાથે સંબંધ ન રાખવો, તેની પાસે સેવા ન કરાવવી, તેની સાથે જમવું નહિ કે સૂવું નહિ. (૭૧—૭૩) ધર્મના ઉપદેશો તથા વિનયના નિયમોની — નાના હોય કે મોટા — જરા પણ અવજ્ઞા કરવી જોઈએ નહિ. (૭૪—૭૫) બીજા ભિક્ષુ પર ક્રોધે ભરાઈ હાથ ઉગામવો નહિ કે પ્રહાર કરવો નહિ. (૭૬) પુરાવા વિના બીજા ભિક્ષુ પર સંઘાદિશેષદોષનું આળ ચઢાવવું નહિ. (૭૭) બીજા ભિક્ષુને દુઃખ થાય

એ આશયથી તેને જાણીજોઈને સંશયમાં નાખવો નહિ. (૭૮) પોતાના વિરોધી ભિક્ષુઓ શું બોલે છે તે સંતાઈને સાંભળવું નહિ. (૭૯) ધાર્મિક સંઘકૃત્યને સંમતિ આપી પાછળથી તેની નિંદા ન કરવી. (૮૦) કોઈ વાતની સંઘ દ્વારા તપાસ ચલાવાતી હોય ત્યારે ભિક્ષુએ તેમાં સહાયભૂત થવું જોઈએ, વિઘ્ન ઊભું ન કરવું જોઈએ. (૮૧) સંઘ અમુક ભિક્ષુને ચીવર આપે ત્યારે કોઈ ભિક્ષુએ એમ ન કહેવું જોઈએ કે ભિક્ષુઓ પોતાના પ્રીતિપાત્રને સંઘની વસ્તુઓ આપી દે છે. (૮૨) સંઘને મળનારી વસ્તુ જાણીજોઈને વ્યક્તિને ન અપાવવી. (૮૩) રાજાના શયનગૃહમાં રજા લીધા વિના જવું નહિ. (૮૪) આરામની બહાર જડેલું દ્રવ્ય કે કિંમતી વસ્તુ પોતે પોતાને માટે લેવી કે લેવડાવવી નહિ, પરંતુ જેની હોય તેને પાછી મળે તેમ કરવું. (૮૫) સાથે બીજા ભિક્ષુઓ હોય તો તેમની સંમતિ વિના કવેળાએ ગામમાં જવું નહિ. (૮૬) સોય મૂકવાની ડબી હાડકાની, હાથીદાંતની કે શિંગડાની કરાવવી નહિ. (૮૭) નિયત ઊંચાઈથી વધારે ઊંચો ખાટલો કે આસન કરાવવાં નહિ. (૮૮) રૂ ભરાવેલી પથારી કે આસન કરાવવાં નહિ. (૮૯–૯૨) આસન, કંડુપ્રતિચ્છાદક પંચીયું, ચોમાસામાં વાપરવાનું પંચીયું અને ચીવર નિયત પ્રમાણથી મોટું કરાવવું નહિ.[૪૨]

ચાર પ્રતિદેશનીય – આ ચાર નિષેધાત્મક નિયમો નીચે પ્રમાણે છે: (૧) જેની સાથે પોતાનો સંબંધ ન હોય એવી ભિક્ષુણીના ભોજનમાંથી પોતાના હાથે કંઈ લેવું નહિ. (૨) ભિક્ષુઓ માટે ઉપાસકના ઘેર બનાવેલા ભોજનમાંથી પોતાના હાથે કંઈ લેવું નહિ. (૩) ઉપાસકે અરણ્યવાસી ભિક્ષુને આપેલા ભોજનમાંથી પોતાના હાથે કંઈ લેવું નહિ. (૪) નિમંત્રિત ભિક્ષુઓ કોઈ કુટુંબમાં ભોજન કરતા હોય ત્યારે કોઈ ભિક્ષુણી 'આ તરફ દાળ લાવો' 'આ તરફ શાક લાવો' એમ સૂચનો આપતી ઊભી હોય તો એ ભિક્ષુઓએ તેને તેમ કરતા અટકાવવી અને જતા રહેવા કહેવું. તે ભિક્ષુઓ જો એમ ન કરે તો તે દોષ છે. આ ચાર નિયમોનો ભંગ કરનાર ભિક્ષુ દોષી બને છે. જો તે પોતાની ભૂલનો એકરાર કરે તો તેટલા માત્રથી તેને દોષમુક્ત જાહેર કરવામાં આવે છે.[૪૩]

શૈક્ષ – શૈક્ષ ધર્મો એવા નિષેધાત્મક નિયમો છે જેમને આધ્યાત્મિક શીલના નિયમો નહિ પણ સામાજિક શીલના નિયમો ગણાય. આ કારણે જ એમના ઉલ્લંઘન માટે કોઈ પણ પ્રકારના દંડનું વિધાન નથી. આ નિયમો પંચોતેર છે. એમાં ચીવર કેવી રીતે પહેરવાં, ગામમાં જતી વખતે કેવી રીતે જવું, ગામમાં જઈ કેવી રીતે બેસવું-બોલવું, ભોજન કેવી રીતે કરવું, ભોજન

પહેલાં અને પછી કેવો વ્યવહાર કરવો, રોગીના ઓરડામાં કેવી રીતે પ્રવેશવું, કેવી વ્યક્તિઓને ઉપદેશ દેવો અને મળમૂત્રનો ત્યાગ ક્યાં કરવો આ બધી બાબતોના નિયમો છે. આ પંચોતેર શૈક્ષો આ પ્રમાણે છે: (૧–૨) ચીવર વર્તુળાકાર પહેરવું–ઓઢવું. (૩–૪) સારી રીતે શરીર ઢાંકી ગામમાં જવું–બેસવું. (૫–૬) સુસંવૃત થઈ ગામમાં જવું–બેસવું. (૭–૮) નીચી નજર રાખી ગામમાં જવું–બેસવું. (૯–૧૦) ચીવર ઉડાડતા ઉડાડતા ગામમાં જવું નહિ, બેસવું નહિ. (૧૧–૧૨) મોટેથી હસતા હસતા ગામમાં જવું નહિ, બેસવું નહિ. (૧૩–૧૪) મોટેથી બોલતા બોલતા ગામમાં જવું નહિ, બેસવું નહિ. (૧૫–૧૬) શરીર હલાવતા હલાવતા ગામમાં જવું નહિ, બેસવું નહિ. (૧૭–૧૮) હાથ હલાવતા હલાવતા ગામમાં જવું નહિ, બેસવું નહિ. (૧૯–૨૦) માથું ધુણાવતા ધુણાવતા ગામમાં જવું નહિ, બેસવું નહિ. (૨૧–૨૨) કેડ પર હાથ મૂકી ગામમાં જવું નહિ, બેસવું નહિ. (૨૩–૨૪) માથે ઓઢયા વિના ગામમાં જવું નહિ, બેસવું નહિ. (૨૫) ઊંચી એડીએ ચાલી ગામમાં જવું નહિ. (૨૬) ગામમાં આરામ–ખુરશીમાં બેસવું નહિ. (૨૭) ધ્યાન રાખી ભિક્ષા લેવી. (૨૮) પાત્ર તરફ ધ્યાન રાખી ભિક્ષા લેવી. (૨૯) ભાત માટે જોઈતી જ દાળ લેવી. (૩૦) પાત્ર છલકાઈ જાય એ રીતે ભિક્ષા ન લેવી. (૩૧) ધ્યાન રાખી ભોજન કરવું. (૩૨) પાત્રમાં ધ્યાન રાખી ભોજન કરવું. (૩૩) અનુક્રમે એક બાજુથી જમવું. (૩૪) ભાતમાં જરૂરી હોય એટલી જ દાળ ખાવી. (૩૫) વચમાંનો જ ભાત લઈ જમવું નહિ. (૩૬) પોતાના ભાગે વધુ આવે એ આશયથી દાળ કે ભાત ઢાંકવાં નહિ. (૩૭) માંદગી વિના દાળ કે ભાત પોતાના માટે તૈયાર કરાવવાં નહિ. (૩૮) ટીકા કરવાના આશયથી બીજાના પાત્રમાં નજર નાખવી નહિ. (૩૯) મોટા કોળિયે ખાવું નહિ. (૪૦) કોળિયો પ્રમાણસર લેવો. (૪૧) કોળિયો મોઢા સુધી લાવ્યા વિના મોઢું ખોલવું નહિ. (૪૨) જમતી વખતે હથેળી મોઢામાં નાખવી નહિ. (૪૩) કોળિયો મોઢામાં હોય ત્યારે બોલવું નહિ. (૪૪) હાથમાંનો કોળિયો મોઢામાં ફેંકીને જમવું નહિ. (૪૫) કોળિયાનો ભાગ મોઢાથી ભાંગીને જમવું નહિ. (૪૬) ગાલમાં અન્ન ભરીને જમવું નહિ. (૪૭) જમતી વખતે હાથ ખંખેરવા નહિ. (૪૮) ભાત આમતેમ ઉડાડતાં જમવું નહિ. (૪૯) જીભ આમતેમ હલાવતાં જમવું નહિ. (૫૦) ચપચપ અવાજ કરતાં જમવું નહિ. (૫૧) સીસકારા ભરતાં કે સબડકા લેતાં જમવું નહિ. (૫૨—૫૪) જમતી વખતે હાથ ચાટવા નહિ, પાત્ર ચાટવું નહિ કે હોઠ ચાટવા નહિ. (૫૫) એઠા હાથે પાણીનું પાત્ર લેવું નહિ. (૫૬) એઠવાડ ગામમાં નાખવો નહિ. (૫૭—૫૮) નીરોગી માણસના હાથમાં છત્રી કે લાકડી હોય તો તેને ધર્મો-

પદેશ કરવો નહિ. (૫૯–૬૦) તલવારધારીને કે આયુધધારીને ધર્મોપદેશ કરવો નહિ. (૬૧–૬૨) નીરોગી માણસના પગમાં પાવડી કે ચંપલ હોય તો તેને ધર્મોપદેશ ન કરવો. (૬૩–૬૭) વાહન પર બેઠેલા, પથારીમાં પડેલા, આરામખુરશીમાં બેઠેલા, માથે લૂગડું વીંટાળેલા કે માથે કંઈક ઓઢેલા નીરોગી માણસને ધર્મોપદેશ કરવો નહિ. (૬૮) ભિક્ષુ પોતે જમીન પર બેઠા હોય ત્યારે જો નીરોગી માણસ આસન પર બેઠો હોય તો ભિક્ષુએ તેને ધર્મોપદેશ કરવો નહિ. (૬૯) ભિક્ષુ પોતે જે આસન પર બેઠો હોય તેના કરતાં ઊંચા આસને જો નીરોગી માણસ બેઠો હોય તો ભિક્ષુએ તેને ધર્મોપદેશ કરવો નહિ. (૭૦) ભિક્ષુ પોતે ઊભા હોય ત્યારે જો કોઈ નીરોગી માણસ બેઠો હોય તો ભિક્ષુએ તેને ધર્મોપદેશ કરવો નહિ. (૭૧) પોતાના કરતાં આગળ ચાલનારને ધર્મોપદેશ કરવો નહિ. (૭૨) ભિક્ષુ પોતે રસ્તાની બહાર ચાલતા હોય ત્યારે જે રસ્તામાં ચાલતો હોય તેને ભિક્ષુએ ધર્મોપદેશ કરવો નહિ. (૭૩) માંદગી વિના ઊભા ઊભા શૌચ કે લઘુશંકા કરવી નહિ. (૭૪–૭૫) ઘાસ ઊગ્યું હોય ત્યાં કે પાણી ભરેલી જગ્યાએ માંદગી વિના શૌચ કે લઘુશંકા કરવી નહિ.[૪૪]

સાત અધિકરણશમથ – સંઘમાં ઊભા થયેલા વિવાદને સમાવવાની સાત રીતોને અધિકરણશમથ કહેવામાં આવે છે. તે આ પ્રમાણે છે: (૧) સમ્મુખ વિનય– કોઈ ભિક્ષુએ બીજા કોઈ ભિક્ષુ ઉપર કોઈ આરોપ મૂક્યો હોય તો તે બંનેએ સંઘ સમક્ષ ઉપસ્થિત થઈ ખુલાસો કરી વિવાદ શમાવવો. વિવાદ શમાવવાની આ રીતને સમ્મુખવિનય કહેવામાં આવે છે. (૨) સ્મૃતિવિનય – જેના ઉપર આરોપ મૂકવામાં આવ્યો હોય તે ભિક્ષુ સંઘ સમક્ષ ઉપસ્થિત થઈ પોતાની નિર્દોષતા પ્રગટ કરે અને સંઘ તેની પોતાના અપ્રમાદ (સ્મૃતિ) વિશેની વાત યોગ્ય ગણી તેને નિર્દોષ જાહેર કરે એટલે વિવાદ શમી જાય. આ પછી તેના વિશે કોઈ કંઈ બોલે તો વૃથા બડબડાટ ગણાય. આ રીત કેવળ અત્યંત સદાચારી ભિક્ષુની બાબતમાં જ અપનાવવામાં આવતી. (૩) અમૂઢ વિનય – કોઈ ભિક્ષુએ મૂઢ અવસ્થામાં અપરાધ કર્યો હોય અને પછી એને અમૂઢ અવસ્થામાં પોતે તે વખતે શું કર્યું હતું તે યાદ આવતું ન હોય તો મૂઢ અવસ્થામાં કરેલા દોષમાંથી સંઘ તેને મુક્ત કરે છે. આ રીતે તેની બાબતમાં જાગેલા વિવાદને શમાવવામાં આવે છે. (૪) પ્રતિજ્ઞાતકરણ – ભિક્ષુ પર મૂકવામાં આવેલા આરોપની ભિક્ષુ કબૂલાત કરે અને સંઘ તેને માફી આપે તો વિવાદ શમે છે. વિવાદને શમાવવાની આ રીતને પ્રતિજ્ઞાતકરણ કહે છે. (૫) યદ્ભૂયસીકીય – વિવાદનું શમન મતૈક્યથી કરવું શક્ય ન હોય ત્યાં બહુમતીથી તેનું શમન કરવામાં આવે છે. આ રીતને યદ્ભૂયસીકીય-

શમથ કહેવામાં આવે છે. (૬) તત્પાપીયસિક—કોઈ ભિક્ષુ ઘડીમાં દોષ કબૂલ કરતો હોય અને ઘડીમાં નાકબૂલ કરતો હોય તો સંઘ તેને અપરાધી ઠરાવી યોગ્ય દંડ કરી વિવાદ શમાવે છે. વિવાદશમનની આ રીતને તત્પાપીયસિકશમથ કહેવામાં આવે છે. (૭) તૃણાવસ્તારક – અનેક ભિક્ષુઓ અમુક અપરાધમાં સંડોવાયેલા હોય અને તેઓને પાછળથી પશ્ચાત્તાપ થયો હોય તો તેમના અપરાધ વિશે પ્રકટ વિમર્શ કરવો નહિ અને તેમના અપરાધને ઢાંકી દેવો. વિવાદ શમાવવાની આ રીતને તૃણાવસ્તારકશમથ કહેવામાં આવે છે.[૪૫]

## [૩૦] ભિક્ષુણીસંઘ

ભગવાન બુદ્ધના સમયમાં કેટલાક શ્રમણસંપ્રદાયોમાં સ્ત્રીઓને પ્રવ્રજ્યા આપવામાં આવતી હતી. નિર્ગ્રંથ શ્રમણસંપ્રદાયમાં તે પ્રચલિત હતી. મહાવીર વર્ધમાન તે સંપ્રદાયના હતા અને તેઓ સ્ત્રીઓને દીક્ષા આપતા હતા. પરંતુ ભગવાન બુદ્ધે પ્રારંભમાં સ્ત્રીઓને પ્રવ્રજ્યા આપવાની અનુમતિ આપી ન હતી. પોતાને ઉછેરી મોટો કરનાર પોતાની માસી અને સાવકી માતા મહાપ્રજાપતિ ગૌતમીએ પ્રવ્રજ્યા માટે બુદ્ધને ત્રણ ત્રણ વાર વિનંતી કરી હતી પણ તે તેમણે સ્વીકારી ન હતી. છેવટે અનેક શાક્ય સ્ત્રીઓ સાથે મુંડન કરાવી કાષાય વસ્ત્રો પહેરી ચોથી વાર બુદ્ધ પાસે તે આવી ત્યારે આનંદે બુદ્ધને વિનંતી કરી અને પરિણામે બુદ્ધે તેમને પ્રવ્રજ્યા આપવાની અનુમતિ આપી. આમ બૌદ્ધ શ્રમણ-સંપ્રદાયમાં ભિક્ષુણીસંઘની સ્થાપના થઈ.[૪૬]

ભગવાન બુદ્ધે સ્ત્રીઓને પ્રવ્રજ્યા આપવાની વિનંતી નીચેની આઠ શરતોએ સ્વીકારી હતી : (૧) ભિક્ષુણીએ નાનામોટા સૌ ભિક્ષુઓને વંદન કરવું જોઈએ. (૨) જે ગામમાં ભિક્ષુ ન હોય તે ગામમાં ભિક્ષુણીએ ન રહેવું જોઈએ. (૩) દર પખવાડિયે ઉપોસથ કયે દિવસે છે તથા ઉપદેશશ્રાવણ માટે ક્યારે આવવાનું છે એ બે વાતો ભિક્ષુણીએ ભિક્ષુસંઘને પૂછવી જોઈએ. (૪) ચોમાસા પછી ભિક્ષુણીએ ભિક્ષુસંઘ તેમ જ ભિક્ષુણીસંઘની પ્રવારણા (સંતોષ આપવાની ક્રિયાવિધિ) કરવી જોઈએ. (૫) જે ભિક્ષુણીએ સંઘાદિશેષદોષ કર્યો હોય તેણે ભિક્ષુસંઘ તેમ જ ભિક્ષુણીસંઘ પાસેથી પંદર દિવસનું માનત્ત (પ્રાયશ્ચિત્ત, તપસ્યા) લેવું જોઈએ. (૬) જેણે બે વરસ સુધી શિક્ષણ લીધું હોય એવી શ્રામણેરીને બંને સંઘ પાસેથી ઉપસંપદા મળવી જોઈએ (૭) ભિક્ષુણીએ ભિક્ષુને કદી ગાળ ભાંડવી નહિ. (૮) ભિક્ષુણીએ ભિક્ષુને ઉપદેશ કરવો નહિ.[૪૭]

ગર્ભિણી, સ્તન્યપાયિની અને વીસ વર્ષથી નાની કુમારિકાને પ્રવ્રજ્યા દેવામાં આવતી ન હતી. પ્રવ્રજ્યા લેતાં પહેલાં સ્ત્રીએ બે વર્ષ શ્રામણેરી તરીકે ગાળવા પડતા. ભિક્ષુણીપ્રાતિમોક્ષમાં ભિક્ષુપ્રાતિમોક્ષના બધા નિયમોનો સમાવેશ થઈ જાય છે, ઉપરાંત કેટલાક નિયમો કડક બનાવવામાં આવ્યા છે અને કેટલાક નિયમો ઉમેરવામાં આવ્યા છે.[૪૮]

બૌદ્ધોની સંઘવ્યવસ્થા સારી હતી. પ્રતિબંધક અને વિધેયક બંને પ્રકારના નિયમોથી સંઘને દઢ કરવામાં આવ્યો હતો. સંઘનો પ્રભાવ જનતા ઉપર પડે એ ખાતર વ્યવહારના યોગ્ય નિયમો ઘડવામાં આવ્યા હતા. શિક્ષા અને પ્રાયશ્ચિત્તને ઉચિત સ્થાન આપવામાં આવ્યું હતું. સંઘમાં મતભેદનું નિવારણ કરવા અત્યંત કાળજી લેવામાં આવતી હતી. સંઘભેદક મહાપાપી ગણાતો. નિર્ણયો સર્વસંમતિ યા બહુમતિથી લેવામાં આવતા.

## ટિપ્પણ

१. **अनुपदसुत्त**, म. नि., ના૦, પૃ૦ ९२
२. **विनयपिटकचुल्लवग्ग**, ના૦ (=નાલંદા—દેવનાગરી—પાલી—ગ્રંથમાલા), પૃ૦ २२८—२२९
૩. **खग्गविसाणसुत्त, सुत्तनिपात**
४. **विनयपिटक, महावग्ग, ना०, पृ० १६**
૫. એજન, પૃ૦ ૨૪
६. **उपसंपदाविधि, महावग्ग, ना०, पृ० ९७—९९, उपसंपदाविधि, चुल्लवग्ग, ना०, पृ० ३९३—३९५**
૭. **चत्तारो निस्सया, महावग्ग, ना०, पृ० १००**
૮. **महावग्ग, ना०, पृ० १६**
૯. **चत्तारो अकरणीयानि, महावग्ग, ना०, पृ० १००**
૧૦. **महावग्ग, ना०, पृ० ७३—७६**
૧૧. **राहुलवत्थु** તથા **सिक्खापदकथा, महावग्ग, ना०, पृ०** ८६—८७

૧૨. सिद्धिविहारिकवत्तकथा, महावग्ग, ना०, पृ० ४८–५१; अन्तेवासिकवत्तकथा, महावग्ग, ना०, पृ० ६२–६५; सिद्धिविहारिकवत्तकथा, चुल्लवग्ग, ना०, पृ० ३३२–३३४; अन्तेवासिकवत्तकथा, चुल्लवग्ग, ना०, पृ० ३४१–३४५

૧૩. उवज्झायवत्तकथा, महावग्ग, ना०, पृ० ४२–४७; आचरियवत्तकथा, महावग्ग, ना०, पृ० ५६–६२; उवज्झायवत्तकथा, चुल्लवग्ग, ना०, पृ० ३२८–३३२. आचरियवत्तकथा चुल्लवग्ग, ना०, पृ० ३३६–३४१

૧૪. જુઓ ટિપ્પણ ૧૩

૧૫. मज्झिमनिकाय, ना०, भा० ३ पृ० ७१

૧૬. उपोसथक्खन्धक, महावग्ग, ना०, पृ० १०५–१४२

૧૭. वस्सूपनायिकक्खन्धक, महावग्ग, ना०, पृ० १४४–१६४

૧૮. पवारणाक्खन्धक, महावग्ग, ना०, पृ० १६५–१९७

૧૯. चम्मक्खन्धक, महावग्ग, ना० पृ० १९९–२१७

૨૦–૨૧. भेसज्जक्खन्धक, महावग्ग, ना०, पृ० २१८–२६४

૨૨. कठिनक्खन्धक, महावग्ग, ना०, पृ० २६६–२८३

૨૩. चीवरक्खन्धक, महावग्ग, ना०, पृ० २६६–२८३

૨૪. खुद्दकवत्थुक्खन्धक, चुल्लवग्ग, ना०, पृ० १९३–२३४

૨૫. वत्तक्खन्धक, चुल्लवग्ग, ना०, पृ० ३११–३२३

૨૬. नवकम्मानि, चुल्लवग्ग, ना०, पृ० २०८–२१३

૨૭. कोसम्बकक्खन्धक, महावग्ग, ना०, पृ० ३६८–३९२

૨૮. चम्पेय्यक्खन्धक, महावग्ग, ना०, पृ० ३४६–३४८, ३५९; कम्मक्खन्धक, चुल्लवग्ग, ना०, पृ० ३–११

૨૯. चम्पेय्यक्खन्धक, महावग्ग, ना०, पृ० ३४८, ३६१; कम्मक्खन्धक, चुल्लवग्ग, ना०, पृ० १२–१८

30. चम्पेय्यक्खन्धक, महावग्ग, ना०, पृ० ३४१, ३६१; कम्मक्खन्धक, चुल्लवग्ग, ना०, पृ० १९–३१

૩૧. चम्पेय्यक्खन्धक, महावग्ग, ना०, पृ० ३४९, ३६२; कम्म-क्खन्धक, चुल्लवग्ग ना०, पृ० ३२–३९

૩૨. चम्पेय्यक्खन्धक, महावग्ग, ना०, पृ० ३४९–३५०, ३५४–३५५, ३५८–३५९, ३६२–३६३; कम्मक्खन्धक, चुल्लवग्ग, ना० पृ० ४०–५३

૩૩. चम्पेय्यक्खन्धक, महावग्ग, ना० पृ० ३३७

૩૪. मानत्तारहवत्तं तथा मानत्तचारिकवत्तं तथा मानत्तसतकं चुल्लवग्ग, ना०, पृ० ७४–७७, १२७–१३२

૩૫. मूलायपटिकस्सनारहवत्तं, चुल्लवग्ग, ना०, पृ० ७१–७४

૩૬. अब्भानारहवत्तं, चुल्लवग्ग, ना०, पृ० ८१–८३

૩૭. तस्सुद्दान, चुल्लवग्ग, ना०, पृ० ४०२–४०५

૩૮. विनयपिटक, पाराजिक, ना०, पृ० १५–१४९

૩૯. એજન, પૃ૦ ૧૫૦–૨૭૭

૪૦. એજન, પૃ૦ ૨૭૮–૨૮૬

૪૧. એજન, પૃ૦ ૨૮૭–૩૭૫

૪૨. એજન, પૃ૦ ૧–૨૩૧

૪૩. એજન, પૃ૦ ૨૩૩–૨૪૨

૪૪. એજન, પૃ૦ ૨૪૫–૨૭૮

૪૫. એજન, પૃ૦ ૨૮૧; समथक्खन्धक, चुल्लवग्ग, ना० पृ० १५०–१९०

૪૬. महापजापतीगोतमीवत्थु, चुल्लवग्ग, ना०, पृ० ३७३–३७४

૪૭. अट्ठगरुधम्मा, चुल्लवग्ग, ना०, पृ० ३७४–३७७

૪૮. विनयपिटक, पाचित्तियं, ना०, पृ० २८३–४९० भिक्खुनिक्ख-न्धक, चुल्लवग्ग, पृ० ३७३–४०२

# અધ્યાય ૮

## સંગીતિ અને સંઘભેદ

### [૧] પ્રથમ સંગીતિ

બુદ્ધના પરિનિર્વાણ પછીનો તે સાતમો દિવસ હતો. તે દિવસે મહાકાશ્યપ પાંચસો ભિક્ષુઓ સાથે પાવા અને કુશીનારા વચ્ચે હતા. તેમણે બુદ્ધના પરિનિર્વાણના સમાચાર એક આજીવક પાસેથી સાંભળ્યા. આ સાંભળી અવીતરાગ ભિક્ષુઓ શોક કરવા લાગ્યા અને વીતરાગ ભિક્ષુઓએ અનિત્યતાનું સ્મરણ કરી દુ:ખ સહન કર્યું. પરંતુ એક સુભદ્ર નામના ભિક્ષુએ કહ્યું, "મિત્રો! શોક કરશો મા. બુદ્ધના ત્રાસમાંથી આપણે છૂટ્યા. 'આ કરવું જોઈએ, તે ન કરવું જોઈએ' એમ કહી તે આપણને પજવતા હતા. હવે આપણે મુક્તપણે વર્તીશું." આ સાંભળી મહાકાશ્યપે ભિક્ષુઓને કહ્યું કે અધર્મ અને અવિનય પ્રગટ થઈ રહ્યો છે, માટે એ જરૂરી છે કે ધર્મ ( = બુદ્ધોપદેશ ) અને વિનય ( = સંઘનિયમો ) નું સં–ગાયન કરવામાં આવે અને તેમને પ્રમાણિત કરવામાં આવે. આમ કરવું જરૂરી હતું કારણ કે બુદ્ધે પોતાની પાછળ કોઈ વ્યક્તિને સંઘના શાસ્તા તરીકે નીમી ન હતી, તેમણે તો ધર્મને જ શાસ્તા ગણવાનો આદેશ આપ્યો હતો. વળી, બુદ્ધે પરિનિર્વાણ વખતે આનંદને કહ્યું હતું, "આનંદ! મારા પછી સંઘ ક્ષુદ્ર શિક્ષાપદોને, ઇચ્છે તો, દૂર કરી શકે છે." એટલે, આ ક્ષુદ્ર શિક્ષાપદો કયા તેનો નિર્ણય કરવો પણ સંઘને માટે જરૂરી હતું. આનંદે આ ક્ષુદ્ર શિક્ષાપદો કયા એ બુદ્ધને પૂછ્યું ન હતું. તેથી સંઘે તેમને અપરાધી ઠરાવ્યા. તેમણે સંઘની માફી માગી. આમ સં–ગાયન માટે મળેલી પ્રથમ ભિક્ષુપરિષદ્ ( = સંગીતિ ) નો એક ઉદ્દેશ આ ક્ષુદ્ર શિક્ષાપદોનો નિર્ણય કરવાનો પણ હતો.[1]

ભિક્ષુઓએ મહાકાશ્યપને ધર્મ અને વિનયના સં–ગાયન માટે પાંચસો ભિક્ષુઓને ચૂંટી કાઢવા વિનંતી કરી. તેમણે ૪૯૯ ભિક્ષુઓને ચૂંટ્યા. તે બધા અર્હત્પદને પામ્યા હતા. આનંદ હજુ અર્હત્પદને પામ્યા ન હતા છતાં તેમણે બુદ્ધનો પુષ્કળ ઉપદેશ સાંભળ્યો હોવાથી તેમ જ તેમનામાં યોગ્યતા હોવાથી ભિક્ષુઓએ તેમને પણ ચૂંટવા મહાકાશ્યપને વિનંતી કરી. પરિણામે તેમને ચૂંટવામાં આવ્યા. સં–ગાયનની કામગીરી માટે બધાએ રાજગૃહ જઈ ચાતુર્માસ

રહેવાનું નક્કી કર્યું. બધા ત્યાં ગયા. સં–ગાયનનું કામ શરૂ કરવાની આગલી રાતે આનંદને અર્હત્પદ પ્રાપ્ત થઈ ગયું. સં–ગાયન માટે એકત્ર થયેલા સંઘના પ્રમુખ મહાકાશ્યપ હતા. ક્ષુદ્ર શિક્ષાપદો કોને ગણવા એ બાબત સારો મતભેદ હતો. એટલે, પ્રમુખે પ્રસ્તાવ મૂકયો કે જૂના બધા શિક્ષાપદોમાંથી કોઈનો ઉચ્છેદ કરવો નહિ અને નવા ઉમેરવા નહિ. તેમણે કહ્યું કે જો જૂના શિક્ષાપદોમાંથી અમુક શિક્ષાપદોનો ઉચ્છેદ કરીશું તો લોકો આપણી નિંદા કરશે કે બૌદ્ધ ભિક્ષુઓ બુદ્ધના નિર્વાણ પછી ધર્મનું બરાબર પાલન કરતા નથી. પ્રસ્તાવ સર્વાનુમતે સ્વીકારાયો. મહાકાશ્યપે આનંદને ધર્મ વિશે પૂછ્યું. આનંદને જેટલા બુદ્ધસંવાદો (સુત્તો) યાદ હતા તે બધા તેમણે કહી સંભળાવ્યા. મહાકાશ્યપે ઉપાલિને વિનય વિશે પૂછ્યું. વિનય વિશે બુદ્ધે જે કહેલું તે યાદ કરી ઉપાલિએ કહી સંભળાવ્યું. બધા ઉપસ્થિત ભિક્ષુઓએ તે સર્વસંમતિથી માન્ય કર્યું. આમ બે પિટકો—સુત્તપિટક અને વિનયપિટકનું સં–ગાયન થયું અને સંગ્રહ થયો. આ સંગૃહીત સુત્તપિટક અને વિનયપિટકનું કલેવર કેવડું હતું એ બાબતે નિશ્ચતપણે કહેવું શકય નથી. પરંતુ એટલું તો કહી શકાય કે બ્રહ્મજાલસુત્ત અને શ્રામણ્યફલસુત્ત જેવાં મહત્ત્વનાં સુત્તો સુત્તપિટકમાં સંગૃહીત થયાં હશે અને પ્રાતિમોક્ષ જેવાં પ્રધાન વિનયનિયમો વિનયપિટકમાં સંગૃહીત થયા હશે.[2] આ પ્રથમ સંગીતિ પછી તેમનાં કલેવરના વિકાસને પૂરતો અવકાશ રહ્યો હોવો જોઈએ. પરિનિર્વાણ પછી પ્રથમ વર્ષાવાસમાં બધા ભિક્ષુઓ એકત્ર થઈ જાય એ અસંભવ હતું. જેઓ સંગીતિમાં હાજર ન રહી શકયા તેમની સ્મૃતિમાં પણ ધર્મ અને વિનયની બુદ્ધકથિત વાતો હોય એ સંભવિત છે, અને તે વાતો આ બે પિટકોમાં પ્રથમ સંગીતિ પછી ઉમેરાતી ગઈ હશે. આમ પ્રથમ સંગીતિમાં સં–ગીત અને સં–ગૃહીત સુત્તપિટક અને વિનયપિટકનું સર્વસમ્મત અને સર્વગ્રાહી હોવું અસંભવ છે. આ સંબંધમાં પુરાણ નામના ભિક્ષુની વાત નોંધપાત્ર છે. પ્રથમ સંગીતિ જ્યારે રાજગૃહમાં ચાલી રહી હતી ત્યારે પુરાણ પાંચસો ભિક્ષુઓ સાથે દક્ષિણાગિરિમાં ચારિકા કરી રહ્યા હતા. જ્યારે તેઓ રાજગૃહ આવ્યા ત્યારે સ્થવિર ભિક્ષુઓએ ધર્મ–વિનયના થયેલો સં–ગાયનનો ઉલ્લેખ કરી તેને સ્વીકારી લેવા તેમને કહ્યું. આના ઉત્તરમાં પુરાણે કહ્યું, "જેવું મેં ભગવાન પાસેથી પ્રત્યક્ષ સાંભળ્યું છે અને જેવું હું સમજ્યો છું એને જ હું તો સ્વીકારીશ, સમજીશ."[3]

પ્રથમ સંગીતિ દ્વારા સુત્તપિટક અને વિનયપિટકનું જે કલેવર અસ્તિત્વમાં આવ્યું તે લેખનબદ્ધ કરવામાં આવ્યું હતું એમ માનવાનું નથી. તે માત્ર સં–ગાયન હતું અને તેને માન્ય કરી તેની મૌખિક પરંપરા વ્યવસ્થિત

કરવામાં આવી એટલો જ એનો અર્થ છે. બીજું, આ કલેવરની ભાષા અમુક જ હતી અને પાઠ પણ એક જ હતો એમ માનવું પણ જરૂરી નથી. ભાષા અને પાઠ નહિ પણ અર્થ એકલો જ એક હતો એમ માનવું જોઈએ. બુદ્ધનો સ્પષ્ટ આદેશ હતો કે પોતાના ઉપદેશનો પ્રચાર ભિક્ષુઓ તે તે પ્રદેશની ભાષામાં જ કરે અને ભિક્ષુઓ તેમની પોતાની ભાષામાં જ ઉપદેશને યાદ રાખે. આ કારણે ભિક્ષુઓ 'બુદ્ધવચનો'થી મહદંશે બુદ્ધોપદિષ્ટ 'શબ્દો' નહિ પણ 'અર્થ' જ સમજતા હતા. તેમનો ભાર શબ્દ ઉપર નહિ પણ અર્થ ઉપર હતો. તેથી, પ્રથમ સંગીતિમાં સં-ગીત અને સં-ગૃહીત સુત્તો અને વિનયનિયમો જુદા જુદા પ્રદેશોમાં જુદી જુદી ભાષામાં સચવાયેલાં હતાં એમ સમજવું જોઈએ.

## [ ૨ ] દ્વિતીય સંગીતિ

બધા વર્તમાન વિનયનિયમોનું પાલન કરવું પણ નવા વિનયનિયમો ઉમેરવા નહિ એવો પ્રસ્તાવ પ્રથમ સંગીતિમાં પસાર થયો હતો. પરંતુ ક્ષુદ્ર નિયમો સંઘ ઇચ્છે તો રદ કરી શકે છે એ બુદ્ધવચનના આધારે વખત જતાં, પરિનિર્વાણ પછી સો વર્ષે, વૈશાલીના ભિક્ષુસંઘે દસ ક્ષુદ્ર નિયમોને રદ કરી નાખ્યા. આ દસમાં જે મહત્ત્વનો નિયમ રદ કરી નાખ્યો તે હતો—'ભિક્ષુએ સોનું-ચાંદી ન સ્વીકારવાં', પરિણામે, વૈશાલીના ભિક્ષુઓ ઉપાસકો પાસેથી સંઘ માટે સોનું-ચાંદી સ્વીકારવા લાગ્યા હતા. વૈશાલીમાં એક વાર યશ નામનો ભિક્ષુ આવ્યો. તેને આ ગમ્યું નહિ. તેણે ઉપાસકોને ભેગા કરી સમજાવ્યું કે આ કૃત્ય વિનયવિરુદ્ધ છે. આથી વૈશાલીના ભિક્ષુસંઘે યશનો બહિષ્કાર કરવાનો નિર્ણય કર્યો. એટલે યશ વૈશાલી છોડી કૌશાંબી ગયો અને ત્યાંથી દૂત દ્વારા પાવા અને અવંતીના ભિક્ષુઓને જાણ કરી કે વૈશાલીમાં અધર્મ થઈ રહ્યો છે અને તેનું નિવારણ થવું જોઈએ.[૪]

તે વખતે સંભૂત નામનો પ્રસિદ્ધ ભિક્ષુ અહોગંગ પર્વત પર રહેતો હતો. વિવાદ શમાવવાના કાર્યમાં ભાગ લેવા તે રાજી થયો. એટલે પાવાના ૬૦ અને અવંતીના ૮૮ ભિક્ષુઓ સંભૂત પાસે આવ્યા. બધાએ સૌરેય્ય પ્રદેશમાં રહેતા રેવત નામના ભિક્ષુને પોતાના પક્ષનો આગેવાન કરવા નિર્ણય કર્યો. રેવતને આ ગમતું ન હતું. તેથી તે પોતાનું સ્થાન છોડી બીજે ચાલ્યો ગયો. પરંતુ પેલા ભિક્ષુઓએ તેને શોધી કાઢ્યો અને પોતાના પક્ષની આગેવાની તેને સોંપી. વૈશાલીના ભિક્ષુઓને આ વાતની ખબર પડી. એટલે તેમણે રેવતને પોતાના પક્ષમાં ખેંચી લાવવા પ્રયત્નો કર્યા. પરંતુ તેઓ ફાવ્યા નહિ.[૫]

પછી આ બધા ભિક્ષુઓ, જ્યાં વિવાદ શરૂ થયો હતો ત્યાં જ તેને શમાવવાના ઉદ્દેશથી વૈશાલી આવ્યા. તે વખતે વૈશાલીમાં આનંદશિષ્ય સર્વકામીનો વાસ હતો. તે અતિવૃદ્ધ હતા. વિવાદ શમાવવા ભિક્ષુઓએ તેમની મદદ લીધી. વિવાદ શમાવવા બધા એકત્ર થયા. પરંતુ બે પક્ષોનું સમાધાન કેમેય થતું ન હતું. એટલે, દરેક પક્ષના ચૂંટેલા ચાર ચાર ભિક્ષુઓના બહુમતી નિર્ણયથી વિવાદને શમાવવાનું સંઘે નક્કી કર્યું. વૈશાલીના ભિક્ષુઓ તરફથી સર્વકામી, સાળહ, ખુજ્જસોભિત અને વાસભગામિક આ ચાર ભિક્ષુઓ ચૂંટાયા. પાવા વગેરે ભાગના ભિક્ષુઓ તરફથી રેવત, સંભૂત, યશ અને સુમન આ ચાર ભિક્ષુઓ ચૂંટાયા. આ આઠ જણાએ એકઠા મળી યશની તરફેણમાં નિર્ણય આપ્યો. આ રીતે વિવાદ શમ્યો અને એકતા સ્થપાઈ.[૬]

આ વિવાદશમથને અંતે વિનયનું સં-ગાયન થયું એ સૌ સ્વીકારે છે. કેટલાકને મતે ધર્મનું પણ સં-ગાયન થયું હતું. ઉત્તરકાલીન બૌદ્ધ ગ્રંથો અનુસાર તો તે બે ઉપરાંત અભિધર્મનું પણ સં-ગાયન થયું હતું. અભિધર્મપિટકમાં સુત્તપિટકમાંથી એકત્રિત કરેલી સામગ્રીનું પૃથક્કરણ કરવામાં આવ્યું છે, પ્રશ્નો ઊભા કરવામાં આવ્યા છે, તેમના જવાબો આપવામાં આવ્યા છે અને આ રીતે વ્યવસ્થિત શાસ્ત્ર તૈયાર કરવામાં આવ્યું છે. પરિનિર્વાણની પ્રથમ શતાબ્દીમાં તો માતૃકાઓ યા ધર્મસૂચીઓરૂપ જ અભિધર્મ હશે. પછી જ અર્થાત્ દ્વિતીય સંગીતિ પછી જ અભિધર્મનો વિકાસ થયો હશે. આ દ્વિતીય સંગીતિ પહેલાં સુત્તપિટકના પાંચ વર્ગો (= નિકાયો = આગમો) અસ્તિત્વમાં આવી ગયા હતા. દ્વિતીય સંગીતિમાં આ પાંચેય નિકાયોનું સં-ગાયન થયું હશે. સુત્તપિટકના પાંચ નિકાયો આ પ્રમાણે છે – દીઘનિકાય (= દીર્ઘઆગમ), મજ્ઝિમનિકાય (= મધ્યમઆગમ), સંયુત્તનિકાય (= સંયુક્તઆગમ), અંગુત્તરનિકાય (= એકોત્તરાગમ) અને ખુદ્દકનિકાય (= ક્ષુદ્રકઆગમ). દીઘનિકાયમાં લાંબા સંવાદો છે, મજ્ઝિમનિકાયમાં મધ્યમ કદના સંવાદો છે. નાના સંવાદોને બે વર્ગમાં વહેંચી નાખ્યા છે – વિષયાનુસાર વર્ગીકૃત સંવાદોનો વર્ગ અને સંખ્યાની દૃષ્ટિએ વર્ગીકૃત (અર્થાત્ એકસંખ્યક વસ્તુવિષયક, દ્વિસંખ્યક વસ્તુવિષયક, ત્રિસંખ્યક વસ્તુવિષયક, ઈત્યાદિ) સંવાદોનો વર્ગ. વિષયાનુસાર વર્ગીકૃત લઘુ સંવાદો સંયુત્તનિકાયમાં છે અને સંખ્યાની દૃષ્ટિએ વર્ગીકૃત લઘુસંવાદો અંગુત્તરનિકાયમાં છે. બુદ્ધાનુયાયીનાં વચનો હોવાથી કે બુદ્ધનાં વચનો હોવા વિશે શંકા હોવાથી બાકીનાં સુત્તોને ક્ષુદ્રક ગણી તેમનો ખુદ્દકનિકાયમાં સંગ્રહ કરવામાં આવ્યો છે. આ ખુદ્દકનિકાયમાં ખડ્ગવિષાણગાથા, મુનિગાથા, શૈલગાથા,

અર્થવર્ગીયાણિ સૂત્રાણિ, પારાયણ, સ્થવિરગાથા; સ્થવિરીગાથા, ઈત્યુક્તનો સમાવેશ થાય છે. આ પાંચમા આગમનું સ્વરૂપ જ એવું છે કે તેમાં ઉમેરાને અવકાશ મળે.

## [૩] પ્રથમ સંઘભેદ

સંઘભેદની પ્રવૃત્તિ બુદ્ધના જીવનકાળથી અસ્તિત્વમાં હતી. સંઘભેદક તરીકે દેવદત્ત પ્રસિદ્ધ છે. દેવદત્ત વિનયની કઠોરતાનો પુરસ્કર્તા હતો. બુદ્ધનું વલણ ઉદાર હતું. દેવદત્તે બુદ્ધ પાસે પાંચ પ્રસ્તાવ મૂકયા—ભિક્ષુએ આજીવન અરણ્યમાં રહેવું જોઈએ, તેણે ચીંથરાંમાંથી બનાવેલાં ચીવર પહેરવાં જોઈએ, તેણે ભિક્ષા ઉપર નિર્વાહ કરવો જોઈએ, તેણે વૃક્ષ નીચે રહેવું જોઈએ અને તેણે મત્સ્ય-માંસ ન ખાવાં જોઈએ. ભિક્ષુ ગામમાં રહે, ચીવર ઉપાસક પાસેથી સ્વીકારે, ભોજનના નિમંત્રણો સ્વીકારે, આવાસમાં રહે અને મત્સ્ય-માંસ ખાય એ બાબતો દેવદત્તને ગમતી ન હતી. બુદ્ધ આ પાંચ નિયમોનું પાલન ફરજિયાત કરવાને માટે સંમત ન થયા. આ મુદ્દા ઉપર મતદાન થયું. ૫૦૦ ભિક્ષુઓએ દેવદત્તની તરફેણ કરી. દેવદત્ત તેમને લઈ ગયાશીર્ષ ગયા. બુદ્ધે શારિપુત્ર અને મોગલ્લાનને પેલા ૫૦૦ ભિક્ષુઓને સમજાવી પાછા લાવવા મોકલ્યા. તેઓ સફળ થયા. દેવદત્ત આઘાતથી મૃત્યુ પામ્યા. સંઘભેદ અટકી ગયો.[૭]

બુદ્ધનિર્વાણ પછીના પ્રથમ વર્ષાવાસમાં થયેલી પહેલી સંગીતિ વખતે અને બુદ્ધનિર્વાણ પછી એક સો વર્ષે થયેલી બીજી સંગીતિ વખતે સંઘભેદની પરિસ્થિતિ નિર્માણ તો થયેલી પરંતુ સંઘે તે વખતે સંઘભેદ થતો કુશળતાથી અટકાવી દીધો હતો. પરંતુ બુદ્ધના જીવનકાળથી સંઘમાં વિનય પરત્વે બે છૂપા પ્રવાહો વહી રહ્યા હતા—એક પ્રવાહ ઉદારપંથીઓનો હતો અને બીજો પ્રવાહ કટ્ટરપંથીઓનો હતો. તે બંને પ્રવાહો પ્રસંગે પ્રસંગે પ્રગટ થઈ અંતર્ધાન થઈ જતા હતા અને સંઘભેદ થતો અટકતો હતો. પરંતુ બીજી સંગીતિ પછી બંને પ્રવાહો એટલા ઉત્કટ બની ચૂકયા હતા કે તેમનું સાથે રહેવું અસંભવ હતું. યશનો પ્રસંગ વૈશાલીના વજ્જિપુત્તકોની ઉદારતા અને પાવા-અવંતીના ભિક્ષુકોની કટ્ટરતાનો દ્યોતક છે. વૈશાલીના વજ્જિપુત્તકો જેના પુરસ્કર્તા હતા તે ઉદારતાને બીજી સંગીતિમાં બહુમતી દ્વારા દાબી દેવામાં આવી, પરંતુ લગભગ ૩૫—૪૦ વર્ષ પછી ઉદારતાના પુરસ્કર્તાઓએ માથું ઊંચક્યું. ઉદાર પંથીઓને સંગીતિઓમાં અર્હતોનું પ્રભુત્વ કઠયું.[૮] તેમણે ઘરડાઓની સર્વોચ્ચતાને પડકારી. તેમણે અર્હતોની સંગીતિ અર્થાત્ વૈશાલીની દ્વિતીય સંગીતિમાં પરાસ્ત થઈને અર્હતો પર જ આક્રમણ શરૂ કર્યું. તેમનું નેતૃત્વ મહાદેવે લીધું. તેણે અર્હત્ વિશે નીચેની પાંચ બાબતોનું

પ્રતિપાદન શરૂ કર્યું — અર્હતોમાં રાગ સંભવે છે, અર્હતોમાં અજ્ઞાન સંભવે છે, અર્હતોમાં સંશય સંભવે છે, અર્હતો પણ બીજાના ઉપદેશ દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરતા હોય એ સંભવિત છે અને ઉચ્ચારેલ શબ્દ સાંભળી ધર્મમાર્ગમાં પ્રવેશ થઈ શકે છે. 'અર્હત્' શબ્દથી અહીં પ્રાચીન અર્થમાં વાસ્તવિક અર્હત્ અભિપ્રેત નથી. અહીં તો 'અર્હત્' શબ્દથી તે વ્યક્તિ અભિપ્રેત છે જે પોતાને અર્હત્ ગણાવતી હતી અને અર્હત્ હોવાના દાવે જેને સંગીતિમાં ચૂંટવામાં આવતી હતી પરંતુ જેમની બાબતમાં રાગ, અજ્ઞાન, આદિની સંભાવનાનો અભાવ ન હતો. પરિનિર્વાણ પછી લગભગ ૧૪૦ વર્ષે મહાદેવની પાંચ વસ્તુનો નિર્ણય કરવા પાટલિપુત્રમાં સંઘ મળ્યો. મોટા ભાગે મહાદેવની તરફેણ કરી જ્યારે સંઘના નાના ભાગે—જેમાં મુખ્યપણે સ્થવિર અર્હતો હતા — તેનો વિરોધ કર્યો. તરફેણ કરનાર સંઘનો મોટો ભાગ મહાસંઘ કહેવાયો અને વિરોધ કરનાર સંઘનો નાનો ભાગ સ્થવિરવાદ કહેવાયો. આમ પરિનિર્વાણ પછી લગભગ ૧૪૦ વર્ષે સંઘના મુખ્ય બે ભાગ પડી ગયા–મહાસાંઘિક અને સ્થવિરવાદ.[૯] આ પ્રથમ સંઘભેદ ગણાય છે. મહાસાંઘિક ઉદારપંથીઓનું જૂથ છે અને સ્થવિરવાદ કઠોરપંથીઓનું જૂથ છે. ઉદારપંથીઓ દૈશિક દૃષ્ટિએ મહદંશે પૂર્વ ભાગના છે જ્યારે કઠોરપંથીઓ મહદંશે પશ્ચિમ ભાગના છે. પોતાની સ્વાતંત્ર્યપ્રિયતા માટે પ્રસિદ્ધ વજ્જિઓ ઉદારપંથીઓમાં પ્રમુખ છે.

આપણે જોઈ ગયા તેમ, બુદ્ધનું પોતાનું વિહારક્ષેત્ર વિશાળ હતું. મહાપરિનિર્વાણસુત્તમાં બુદ્ધમુખે કહેવડાવવામાં આવ્યું છે કે તેમના નિર્વાણ પછી તેમની પવિત્ર રાખને એકઠી કરી ત્યાં સ્તૂપ બનાવવામાં આવે. વળી, બુદ્ધે જણાવ્યું છે કે આ સ્તૂપ ઉપરાંત પોતાના જન્મસ્થાન, બોધિપ્રાપ્તિસ્થાન અને ધર્મચક્રપ્રવર્તનસ્થાનની બૌદ્ધો યાત્રા કરશે તો તેમને પ્રેરણા મળશે. બુદ્ધે ખરેખર આમ કરવાનું કહ્યું હોય એમ માનવા કરતાં આ પ્રવૃત્તિ બૌદ્ધોમાં સ્વયંભૂ ઉદ્ભવી હતી એમ માનવું યોગ્ય લાગે છે. સ્તૂપનિર્માણ અને યાત્રાએ બૌદ્ધધર્મને લોકભોગ્ય બનાવવામાં સારો ફાળો આપ્યો છે. મહાપરિનિર્વાણસુત્ત અનુસાર બુદ્ધની પવિત્ર રાખ મેળવવા માટે આઠ દેશોએ દાવો કર્યો અને તેમને તે આપવામાં આવી. તે આઠ દેશોમાં આઠ સ્તૂપો થયા. ગીતો અને કથાઓએ પણ બૌદ્ધધર્મને લોકાર્ષક બનાવ્યો. ક્ષુદ્રક આગમમાં સંગૃહીત જાતકકથાઓ અને ગાથાઓએ પ્રચારપ્રસારનું સારું કામ કર્યું. બીજી સંગીતિના વિવરણ ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે એ વખતે બૌદ્ધધર્મ વૈશાલીથી અવંતી સુધી અને મથુરાથી કૌશાંબી સુધાં નિશ્ચિતપણે ફેલાઈ ગયો હતો. પ્રથમ સંઘભેદના વર્ણન ઉપરથી

જણાય છે કે તે વખતે ભિક્ષુઓમાં પૂર્વ અને પશ્ચિમના સામાન્ય ભૌગોલિક ભેદ સાથે વૈનયિક અને સૈદ્ધાન્તિક ભેદો ઊભા થઈ રહ્યા હતા. પૂર્વી ભિક્ષુઓનાં કેન્દ્ર વૈશાલી અને પાટલિપુત્ર હતાં. આ જૂથમાં મહાસાંઘિકોનો ઉદ્‌ગમ થયો. વૈશાલી વજ્જિઓનું મુખ્ય નગર હતું. વિનયના બંધનો પ્રતિ અને સ્થવિરો પ્રતિ વજ્જિઓનો આદર શિથિલ હતો. પશ્ચિમી ભિક્ષુઓનાં કેન્દ્ર કૌશાંબી, મથુરા અને અવંતી હતાં. આ કેન્દ્રોને સ્થવિરવાદનાં કેન્દ્રો ગણી શકાય.

સ્થવિરવાદધારા—બુદ્ધોપદેશનું દાર્શનિક દષ્ટિએ પૃથક્કરણ અને વિવરણ ખાસ કરીને બીજી સંગીતિ પછી શરૂ થઈ ગયું હતું. આમ અભિધર્મનો માતૃકાઓમાંથી દર્શનશાસ્ત્રમાં વિકાસ આરંભાયો હતો. પરિણામે સૈદ્ધાન્તિક મતભેદો ઊભા થયા. પ્રથમ સંઘભેદ પછી આશરે ૬૦—૭૦ વર્ષે અથાત્ પરિનિર્વાણ પછી ૨૦૦ વર્ષે સ્થવિરવાદમાં સૈદ્ધાન્તિક મતભેદને કારણે સંઘભેદ થયો. આને દ્વિતીય સંઘભેદ ગણવામાં આવે છે. પરિનિર્વાણ પછી ૨૦૦ વર્ષે વાત્સીપુત્ર સ્થવિર થયા. તેમણે અભિધર્મનું નવું સંસ્કરણ તૈયાર કર્યું. તે હાલ ઉપલબ્ધ નથી. તેમનો દાવો હતો કે પોતાને તે સંસ્કરણ શારિપુત્ર અને રાહુલ પાસેથી મળ્યું હતું. તેમાં તેમણે પોતાના વિશિષ્ટ પુદ્‌ગલસિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું હતું. જેઓએ વાત્સીપુત્રના પુદ્‌ગલસિદ્ધાન્તને માન્ય રાખ્યો તેઓ વાત્સીપુત્રીયો કહેવાયા. વાત્સીપુત્રીયોનો સંબંધ વિશેષત: વત્સદેશ (કૌશાંબી) સાથે હશે. આમ સ્થવિરવાદમાંથી એક શાખા ફૂટી સ્થવિરવાદ સાથે અસ્તિત્વ ધરાવતી થઈ. આ સંઘભેદ પછી લગભગ ૫૦ વર્ષમાં સ્થવિરવાદધારામાં વાત્સીપુત્રીયોની ચાર ઉપશાખાઓ—ધર્મોપક, ભદ્રયાનિક, ષણ્ણગરિક અને સામ્મતીય—અસ્તિત્વમાં આવી અને મૂળ સ્થવિરવાદની કાશ્યપીય, સાંક્રાન્તિક, સર્વાસ્તિવાદ, મહીશાસક, ધર્મગુપ્તક અને સુવર્ષ ઉપશાખાઓ થઈ. મથુરા અને ઉત્તરાપથ—વિશેષત: કાશ્મીર અને ગાંધાર—સર્વાસ્તિવાદનાં વિકાસક્ષેત્ર બન્યાં. મૂળ સ્થવિરવાદે કૌશાંબીમાં કેન્દ્ર રાખી દક્ષિણ-પશ્ચિમની વિકાસયાત્રા શરૂ કરી જે થોડા જ વખતમાં સિંહલ જઈ પૂરી થવાની હતી.[૧૦]

મહાસાંઘિક ધારા—મહાસાંઘિકોએ અર્હતોની મહત્તા ખંડિત કરી. પરંતુ આની સાથે જ તેમણે બુદ્ધ અને બોધિસત્ત્વને લોકોત્તર બનાવવાનું કાર્ય આરંભી દીધું. તેથી બૌદ્ધ સુત્તોના અક્ષરાર્થને લોકોત્તરવાદના અર્થમાં કેમ ઘટાવવો તે બાબતમાં મતભેદ થયો. બૌદ્ધ સુત્તોનો અક્ષરાર્થ દેખીતી રીતે તો લોકોત્તરવાદની વિરુદ્ધ હતો. મહાસાંઘિકો તેમાંથી લોકોત્તરવાદનું સમર્થન શોધતા હતા. પરિનિર્વાણ

પછી લગભગ ૨૨૫ વર્ષે મહાસંઘમાંથી બે શાખાઓ ફૂટી મૂળ મહાસાંઘિક સાથે અસ્તિત્વ ધરાવતી થઈ. આ બે શાખાઓ તે એકવ્યાવહારિક અને ગોકુલિક. એકવ્યાવહારિકો બધી વસ્તુઓને 'અવસ્તુ' યા 'પ્રજ્ઞપ્તિસત્' કહી વ્યવહાર કરતા હતા એટલે તેઓ એકવ્યાવહારિક કહેવાયા. આ એક મત છે. બીજા મત પ્રમાણે બુદ્ધનું ચિત્ત એક જ ક્ષણમાં બધી જ વસ્તુઓને જાણે છે એવું માનતા હોવાથી તેઓ એકવ્યાવહારિક કહેવાયા. ગોકુલિકો ધર્મદેશના યા સૂત્રપરિશીલન પ્રત્યે ઉદાસીન હતા અને કેવળ ધ્યાન પર જ ભાર આપતા હતા. લગભગ આ જ સમયે દ્વિતીય મહાદેવ સાથે કેટલાક ભિક્ષુઓ આન્ધ્ર ગયા. ત્યાં ઉપાસકોની દાનશીલતાને કારણે ચૈત્યનિર્માણ અને ભક્તિ ઉપર તેમણે વિશેષ ભાર મૂકયો. આ શાખા ચૈત્યવાદી કહેવાઈ. પરિનિર્વાણ પછીના ૨૫૦મા વર્ષે ( =B. C. 237 ) મહાસાંઘિક ધારામાં એકવ્યાવહારિક, ગોકુલિક, લોકોત્તરવાદી (? મૂલ મહાસાંઘિક ), બહુશ્રુતિક, પ્રજ્ઞપ્તિવાદી અને ચૈત્યવાદી શાખાઓ અસ્તિત્વ ધરાવતી હતી.[૧૧]

આમ પરિનિર્વાણ પછીના ૨૫૦મા વર્ષે બૌદ્ધધર્મના લગભગ અઢાર સંપ્રદાયો ( = નિકાયો ) અસ્તિત્વ ધરાવતા હતા. આ અશોકનો રાજ્યકાળ હતો. ઈ. સ. પૂર્વે ૨૩૭ના વર્ષમાં આ પરિસ્થિતિ હતી.

## [૪] અશોક, ત્રીજી સંગીતિ અને બૌદ્ધધર્મપ્રસાર

એ તો બહુ જાણીતી વાત છે કે કલિંગના યુદ્ધની કરુણતાએ અશોકનો હૃદયપલટો કર્યો હતો. તેનું હૃદય કરુણાર્દ્ર બન્યું હતું. બૌદ્ધધર્મે તેને સાન્ત્વન આપ્યું. એક અનુશ્રુતિ અનુસાર અશોક પોતાના મોટાભાઈ સુષીમને મારી ગાદીએ આવ્યો હતો. સુષીમની ગર્ભવતી પત્નીએ જે બાળકને જન્મ આપ્યો હતો તે બૌદ્ધ ભિક્ષુ બન્યો હતો. તેનું નામ ન્યગ્રોધ. આ ન્યગ્રોધે અશોકને અપ્પમાદ ( અપ્રમાદ )નો ઉપદેશ આપ્યો. તેની અશોક ઉપર ઊંડી અસર થઈ. પછી અશોકને પ્રસિદ્ધ થેરવાદી ( = સ્થવિરવાદી ) ભિક્ષુ મોગ્ગલિપુત્ત તિષ્યનો મેળાપ થયો. તે તેમનો શિષ્ય બન્યો. સર્વાસ્તિવાદીઓ અશોકને ઉપગુપ્તના શિષ્ય ગણે છે. જે હો તે, બૌદ્ધધર્મમાં અશોકની શ્રદ્ધા દૃઢ થઈ. અશોકનો ભાઈ તિષ્ય ભિક્ષુ બન્યો. અશોકનો પુત્ર મહેન્દ્ર પણ ભિક્ષુ બન્યો. અશોકની પુત્રી સંઘમિત્રા ભિક્ષુણી બની.[૧૨]

વૈનયિક, સૈદ્ધાન્તિક અને દૈશિક ભેદો છતાં સંઘમાં મૂળભૂત એકતા તો રહેવી જ જોઈએ. બધા સંપ્રદાયોના ભિક્ષુઓ એક વિહારમાં સંપથી રહે અને

એક સાથે ઉપોસથ કરે — આ મૂળભૂત એકતા તે સંઘમાં સ્થાપવા માગતા હતા. આ એકતાને તોડનાર તેમને મન સંઘભેદક હશે એમ લાગે છે. સારનાથના સ્તંભલેખમાં તેમણે સ્પષ્ટપણે જણાવ્યું છે કે સંઘમાં ફાટફૂટ પાડનાર ભિક્ષુને સફેદ વસ્ત્રો પહેરાવી સંઘારામની બહાર કાઢી મૂકવામાં આવશે. અશોકનો પક્ષપાત મૂળ સ્થવિરવાદ તરફ હતો. મૂળ સ્થવિરવાદ પુદ્‌ગલવાદીઓનો (= વાત્સીપુત્રીયોનો) અને સર્વાસ્તિવાદીઓનો કટુ આલોચક હતો. એટલે કદાચ પુદ્‌ગલવાદીઓ અને સર્વાસ્તિવાદીઓ પાટલિપુત્રથી દૂર જઈ રહ્યા હશે.

સંઘભેદ થતો રોકવા, સ્થવિરવાદને દૃઢ કરવા અને બૌદ્ધધર્મનો પ્રસાર કરવા શું કરવું જોઈએ એ વિચારવા તેમ જ ત્રિપિટકનું — ખાસ કરીને અભિ-ધર્મપિટકનું – સં–ગાયન કરવા અશોકના આશ્રયે મોગ્ગલિપુત્ત તિષ્યની અધ્યક્ષતામાં સંગીતિ થઈ. આ ત્રીજી સંગીતિ ગણાય છે. કયા કયા દૂરના પ્રદેશોમાં બૌદ્ધ શાસનની સ્થાપના માટે કયા કયા ભિક્ષુઓને મોકલવાનો આ સંગીતિએ નિર્ણય કર્યો એનો ખ્યાલ નીચેની યાદી ઉપરથી આવી જશે :

| | |
|---|---|
| (૧) કાશ્મીર અને ગાંધારમાં | સ્થવિર મજ્ઝન્તિક |
| (૨) મહિષમંડલમાં | સ્થવિર મહાદેવ |
| (૩) વનવાસીમાં | સ્થવિર રક્ખિત |
| (૪) અપરન્તકમાં | સ્થવિર યવન ધર્મરક્ખિત |
| (૫) મહારાષ્ટ્રમાં | સ્થવિર મહાધર્મરક્ખિત |
| (૬) યવનદેશમાં | સ્થવિર મહારક્ખિત |
| (૭) હિમવન્તપ્રદેશમાં | સ્થવિર મજ્ઝિમ |
| (૮) સુવર્ણભૂમિ (? બ્રહ્મદેશ)માં | સ્થવિર સોણ અને ઉત્તર |
| (૯) સિંહલદ્વીપમાં | મહામહિંદ, ઈટ્ઠિય, ઉત્તિય, સંબલ અને ભદ્દસાલ; પછી સંઘમિત્રા[૧૩] |

આ નિર્ણયનો અમલ બરાબર થયો હશે એમ લાગે છે.

અશોકે શિલાલેખો કોતરાવી, શિલાસ્તંભો ઊભા કરી તેમના ઉપર લેખો કોતરાવી, સ્તૂપોનું નિર્માણ કરી અને ધર્મયાત્રાઓ કરી સદ્ધર્મનો બહુ પ્રચાર કર્યો. બૌદ્ધધર્મ લોકધર્મનું સ્થાન પામ્યો. તે સમગ્ર ભારતમાં અને ભારત બહાર ફેલાયો.

## [૫] સિંહલમાં સંગીતિ

મહેન્દ્ર (મહામહિંદ) ત્રિપિટકોને સિંહલદ્વીપ લઈ ગયા હતા. ત્રિપિટક ઉપરની કેટલીક ટીકાઓ (=અટ્ઠકથાઓ) પણ તેઓ પોતાની સાથે લઈ ગયા હતા અને ત્યાંના લોકોના હિત ખાતર તેમણે તેમનું સિંહાલી ભાષામાં ભાષાંતર કર્યું હતું. તે વખતે ત્યાં દેવાનાંપ્રિય તિષ્ય (ઈ. સ. પૂ. ૨૪૭–ઈ. સ. પૂ. ૨૦૭) રાજ્ય કરતા હતા. તેમને અને સિંહલના લોકોને બૌદ્ધધર્મ ખૂબ પસંદ પડયો. દેવાનાંપ્રિય તિષ્યના રાજ્યકાળમાં અરિટ્ઠ થેરની અધ્યક્ષતામાં એક સંગીતિ પણ થઈ. ઈ. સ. પૂર્વે ૭૦ થી ઈ. સ. પૂર્વે ૨૦ના ગાળામાં વટ્ટગામણી અભયના રાજ્યકાળમાં મહાથેર રક્ખિતની અધ્યક્ષતામાં સિંહલમાં બીજી સંગીતિ થઈ. આ સંગીતિનું મહત્ત્વ એ છે કે સૌ પ્રથમ વાર ત્રિપિટકોને લિપિબદ્ધ કરવામાં આવ્યા. આમ ત્રિપિટકો લેખનબદ્ધ થયા પછી તેમાં પરિવર્તન–પરિવર્ધનને મળતો અવકાશ તદ્દન ઓછો થઈ ગયો. તેથી, જે ત્રિપિટકો આજ આપણી પાસે છે તે અધિકાંશ રૂપમાં આ સંગીતિએ નિશ્ચિત કરેલ રૂપમાં છે.[૧૪] પ્રત્યેક પિટકમાં શું સમાવેશ પામે છે તેનો નીચેની સૂચી ઉપરથી ખ્યાલ આવશે :

૧ સુત્તપિટક– દીઘનિકાય, મજ્ઝિમનિકાય, સંયુત્તનિકાય, અંગુત્તરનિકાય, ખુદ્દકનિકાય.

ખુદ્દકનિકાયના પેટાભાગો–ખુદ્દકપાઠ, ધમ્મપદ, ઉદાન, ઈતિવુત્તક, સુત્તનિપાત, વિમાનવત્થુ, પેતવત્થુ, થેરગાથા, થેરીગાથા, જાતક, નિદ્દસ, પટિસંભિદામગ્ગ, અપદાન, બુદ્ધવંશ, ચરિયાપિટક

૨ વિનયપિટક–પારાજિકા, પાચિત્તિયાદિ, મહાવગ્ગ, ચુલ્લવગ્ગ, પરિવારપાઠ

૩ અભિધમ્મપિટક–ધમ્મસંગણિ, વિભંગ, ધાતુકથા, પુગ્ગલપઞ્ઞત્તિ, કથાવત્થુ, યમક, પટ્ઠાન.

## [૬] શુંગકાળમાં બૌદ્ધધર્મ

અશોકના મૃત્યુ પછી તેના ઉત્તરાધિકારી મૌર્ય રાજાઓ પણ અશોકના ધર્મમાર્ગ પર ચાલતા રહ્યા. અશોકથી લગભગ છઠ્ઠી પેઢીએ બૃહદ્રથ થયો. યવનોનું આક્રમણ થયું. યવનો 'માધ્યમિકા' અને 'સાકેત' રોળી પાટલિપુત્ર સુધી પહોંચી ગયા.[૧૫] બૃહદ્રથની નબળી નીતિથી અકળાઈ તેના સેનાપતિ

પુષ્યમિત્રે તેનો વધ કર્યો (ઈ. સ. પૂર્વે ૧૮૬). પુષ્યમિત્ર મગધની ગાદીએ બેઠો.[૧૬] તેનો રાજ્યકાળ ઈ. સ. પૂ. ૧૮૭ થી ઈ. સ. પૂ. ૧૫૦ ગણવામાં આવે છે. તેણે મરી પરવારેલા વૈદિક ક્રિયાકાંડોને પુનર્જીવિત કરવા બ્રાહ્મણોને મદદ કરી. તે બ્રાહ્મણધર્મપ્રેમી હતો. તેણે બૌદ્ધ ભિક્ષુઓનો અને બૌદ્ધ વિહારોનો ધ્વંસ કર્યો હતો એમ બૌદ્ધ ગ્રંથ દિવ્યાવદાનમાંથી અને તિબ્બતી ઈતિહાસકાર તારાનાથના ગ્રંથમાંથી જાણવા મળે છે. કેટલાક વિદ્વાનોને મતે તેને જેવો બૌદ્ધધર્મદ્વેષી ચીતરવામાં આવે છે તેવો તે ન હતો. તેણે બૌદ્ધ ભિક્ષુઓનો અને વિહારોનો ધ્વંસ કર્યો હતો એમ માનીએ તો પણ તેમ કરવાનું કારણ તે બૌદ્ધધર્મી હતા એ ન હતું પણ તે રાજકીય શક્તિના કેન્દ્ર હતા એ હતું. તેથી બૌદ્ધોની કેવળ ધાર્મિક પ્રવૃત્તિઓને તેણે અટકાવી કે રુંધી ન હતી.[૧૭] આનું પ્રમાણ ભારહુત અને સાંચીના સ્તૂપો છે. આ બંને સ્તૂપો પુષ્યમિત્રના શાસનકાળમાં બન્યા છે. શુંગકાળમાં જ આ બે સ્તૂપો ઉપરાંત બોધગયાના વજ્રાસન અને પાષાણવેષ્ટિકાવેદીનું નિર્માણ થયું છે. આ નિર્માણ કરાવનારી શુંગ રાજાઓના અમાત્યો ઈન્દ્રાગ્નિમિત્ર અને બ્રહ્મમિત્રની પત્નીઓ અનુક્રમે આર્યા કુરંગી અને નાગદેવા હતી. આર્યા કુરંગીએ તો બોધગયામાં વિહાર પણ બંધાવ્યો હતો. શુંગકાળમાં બૌદ્ધ વિહારોમાં બૌદ્ધધર્મની શિક્ષા અને પ્રચારનું કાર્ય નિરંતર ચાલુ હતું. શુંગકાલીન બૌદ્ધ વિદ્વાનોમાં ધર્મરક્ષિત, નાગસેન, સોણગુપ્ત,[૧૮] અશ્વગુપ્ત, મહાઉપાસિકા, આયુપાલ આદિ મુખ્ય છે.

## [૭] મિનાન્દર, કનિષ્ક અને ચોથી સંગીતિ

પુષ્યમિત્ર જ્યારે પાટલિપુત્રમાં રાજ્ય કરતો હતો ત્યારે યવનરાજ મિનાન્દર સાગલ ( = શિયાલકોટ) માં રાજ્ય કરતો હતો. મિનાન્દર પણ સાકેત થઈ પાટલિપુત્ર ભણી આક્રમણ લઈ ગયો હતો. બૌદ્ધ ધર્મમાં તેને આસ્થા હતી. આ મિનાન્દર એ જ મિલિન્દ છે. નાગસેને 'મિલિન્દપ્રશ્ન' નામનો ગ્રંથ લખ્યો છે. તેમાં મિલિન્દે નાગસેનને પૂછેલા તાત્ત્વિક પ્રશ્નોના ઉત્તરો આપ્યા છે. લગભગ ઈ. સ. પૂર્વ ૭૫માં યવન ગ્રીકોની સત્તા આ ભાગમાં આથમી. પછી ઈસ્વી સનની શરૂઆતમાં કુષાણો આવ્યા. તેમણે બેક્ટ્રીઆ, પછી કાશ્મીર અને ઉત્તર હિંદ જીતી લીધા. કુષાણોનું સામ્રાજ્ય ટકાઉ અને મજબૂત સાબિત થયું. તેમાં કનિષ્ક (ઈ. સ. ૪૮—૧૦૨) નામનો પ્રતાપી રાજા થયો. તેની રાજધાની પુરુષપુર (પેશાવર)માં હતી. આપણે જાણીએ છીએ કે ગાંધાર, કાશ્મીર અને ઉત્તરાપથમાં સ્વાસ્તિવાદી બૌદ્ધોનાં કેન્દ્રો હતાં. કનિષ્કને

બૌદ્ધ ધર્મ પ્રતિ આદર હતો. પ્રથમ શતાબ્દીના અંત ભાગમાં કનિષ્કના આશ્રયથી સર્વાસ્તિવાદે ધર્મને સ્થિર કરવા અને અભિધર્મવિષયક મતભેદો નિવારવા સંગીતિ બોલાવી. આ ચોથી સંગીતિ ગણાય છે. આ સંગીતિને પરિણામે વૈભાષિક અને સૌત્રાન્તિક એવા બે ભેદો સર્વાસ્તિવાદના પડી ગયા. આ સંગીતિએ ત્રિપિટકો ઉપરની ટીકાઓને (જે સંસ્કૃતમાં હતી) લિપિબદ્ધ કરવાનું મહત્ત્વનું કાર્ય કર્યું. આ ટીકાઓમાં પાર્શ્વ અને દ્વિતીય વસુમિત્રે લખેલી જ્ઞાનપ્રસ્થાન (કાત્યાયનીપુત્રે લખેલો સર્વાસ્તિવાદીઓનો એક અભિધર્મગ્રંથ) ઉપરની મહાવિભાષાટીકા અત્યંત મહત્ત્વની છે. કેટલાક સર્વાસ્તિવાદી ભિક્ષુઓનું કહેવું હતું કે વિભાષાટીકામાં પ્રતિપાદિત કેટલાક અભિધર્મ સિદ્ધાન્તોને સૂત્રોનું સમર્થન નથી. આના વિરોધમાં પ્રાશ્વ અને અન્ય સર્વાસ્તિવાદી ભિક્ષુઓનું કહેવું હતું કે તે સિદ્ધાન્તોનાં સમર્થક સૂત્રો હતાં પણ તે નષ્ટ થઈ ગયાં છે. આમ વિભાષાને મહત્ત્વ આપી સૂત્રોની કલ્પના કરનારા વૈભાષિક કહેવાયા અને પ્રાપ્ત સૂત્રોને જ મહત્ત્વ આપનાર સૌત્રાન્તિક કહેવાયા. કદાચ આ સંગીતિ વખતે જ સર્વાસ્તિવાદીઓએ પોતાના ત્રિપિટકોનો સંસ્કૃતમાં અનુવાદ કર્યો. સર્વાસ્તિવાદીઓના ત્રિપિટકોનું આ સંસ્કૃત સંસ્કરણ ઉપલબ્ધ નથી.[૧૯]

## [૮] સાતવાહનો અને બૌદ્ધ ધર્મ

પુષ્યમિત્ર જ્યારે મગધની ગાદીએ આવ્યો ત્યારે દક્ષિણમાં આન્ધ્રમાં સાતવાહનોનું શાસન પ્રબળ હતું એમ બધા ઇતિહાસકારો સ્વીકારે છે. સાતવાહનો ઉદાર દૃષ્ટિવાળા હતા. તેઓ બ્રાહ્મણ, જૈન અને બૌદ્ધ ત્રણેય ધર્મો પ્રતિ આદર ધરાવતા હતા. તેથી, દક્ષિણમાં આન્ધ્રપ્રદેશમાં ઈ. સ. પૂર્વે બીજી અને પહેલી શતાબ્દીમાં બૌદ્ધ ધર્મ અને કલાનો સારો વિકાસ થયો. આપણે જાણીએ છીએ કે. ઈ. સ. પૂર્વે ત્રીજી શતાબ્દીની અધવચ્ચે દ્વિતીય મહાદેવ સાથે કેટલાય ભિક્ષુઓ આન્ધ્ર પ્રદેશમાં ગયા હતા. આપણે હવે પછી જોઈશું કે ઈ. સ. ની પ્રથમ-દ્વિતીય શતાબ્દીમાં આ આન્ધ્રપ્રદેશમાં મહાયાનનો ઉદય થશે. શુંગવંશના છેલ્લા રાજા દેવભૂતિનો વધ કરી તેનો મંત્રી વસુદેવ કણ્વ ઈ. સ. પૂર્વે ૭૫માં મગધની ગાદીએ આવ્યો અને કણ્વવંશના શાસનની શરૂઆત થઈ. પરંતુ ઈ. સ. પૂર્વે ૩૦માં સાતવાહનોએ કણ્વો પાસેથી મગધ જીતી લીધું હતું. આમ ઈસ્વીસનની પ્રથમ શતાબ્દીમાં હિંદુસ્તાનમાં બે મહાસત્તાઓ હતી – ઉત્તરપશ્ચિમમાં કુષાણોની અને દક્ષિણપૂર્વમાં સાતવાહનોની. કુષાણો અને સાતવાહનોએ બૌદ્ધ ધર્મ પ્રતિ ઉદાર નીતિ અપનાવી હતી. પરિણામે બૌદ્ધ ધર્મની આગેકૂચ વણથંભી ચાલુ જ રહી.[૨૦]

## ટિપ્પણ

१-२-3 **पञ्चसतिकक्खन्धक, चुल्लवग्ग, ना,** पृ० ४०६-४१२

४-५-६ **सत्तसतिकक्खन्धक, चुल्लवग्ग, ना०,** पृ० ४१६-४३१

७. **पञ्चवत्थुयाचनकथा** तथा **सङ्घभेदकथा, चुल्लवग्ग, ना०,** पृ० २९७-३०४

૮. પ્રથમ સંગીતિમાં, અર્હત્ ન હોવાને કારણે આનંદને ચૂંટવામાં આવ્યા ન હતા પરંતુ ભિક્ષુઓએ વિનંતી કરી ત્યારે જ તેમને સંગીતિમાં સંમિલિત થવા પ્રભુખે સ્વીકાર્યા હતા.

૯. **बौद्ध धर्म के विकास का इतिहास,** पृ० ७४-७५

૧0. એજન, પૃ0 ૨૯૮-300

૧૧. એજન, પૃ0 ૧૮૧-૧૮૪, ૨૮૯-૨૯૮

૧૨. એજન, પૃ0 ૧૯૪-૧૯૫; **उत्तरप्रदेश में बौद्धधर्म का विकास,** पृ० १९५-२०२; **बौद्धधर्म और बिहार,** पृ० १६७-१७१

૧3. **महावंस, पञ्चम परिच्छेद (ततियसंगीति)**

૧૪. લંકામાં બૌદ્ધધર્મના વિકાસનો ઇતિહાસ મહાવંસમાં છે. **बौद्धसंस्कृति का इतिहास,** पृ० ३०; *Indian Buddhism, pp. 320–321;* **बौद्धधर्म के २५०० वर्ष,** पृ० ६०

૧૫. अरुणत् यवनो माध्यमिकाम्, अरुणत् यवनो साकेतम् । **पातञ्जलमहाभाष्य ।**

ततः साकेतमाक्रम्य पाञ्चालान् मथुरांस्तथा ।
यवना दुष्टविक्रान्ताः प्राप्स्यन्ति कुसुमध्वजम् ।। **युगपुराण**

૧૬. प्रतिज्ञादुर्बलं च बलदर्शनव्यपदेशदर्शिताशेषसैन्यः सेनानीरनार्यं मौर्यं बृहद्रथं पिपेष पुष्यमित्रः स्वामिनम् । **हर्षचरित, उच्छ्वास** ६

૧૭. *Aryan Rule in India* (I. B. Havel), p. 123

૧૮. **बौद्धधर्म और बिहार,** पृ० १८६-१८८

૧૯. **बौद्धधर्म के विकास का इतिहास,** पृ० २६२-२६३; **बौद्धधर्मदर्शन,** पृ० ३११, ३७२; *Indian Buddhism, p. 345–346*

२०. बौद्धधर्म के विकास का इतिहास, पृ० २१२; *Indian Buddhism, pp. 326–327; Age of Imperial Unity, pp. 99-100*

काण्वायनस्ततो भृत्यः सुशर्माणं प्रसह्य तम् ।
शुङ्गानां चैव यच्छेषं क्षपयित्वा बलं तदा ॥
सिन्धुक आन्ध्रजातीयः प्राप्स्यतीमां वसुन्धराम् ।
**वायुपुराण ॥**

# અધ્યાય ૯

## સ્થવિરધારામાં બોધિસત્ત્વ, બુદ્ધ અને ભક્તિ

### [૧] બોધિસત્ત્વ

માયાદેવીના પેટે જન્મ્યા ત્યારથી બોધિ પ્રાપ્ત થયું ત્યાં સુધી ગૌતમ બોધિસત્ત્વ કહેવાતા. બોધિસત્ત્વનો ગર્ભમાં વિકાસ, તેમનો જન્મ, તેમનું બાળપણ, તેમનું લગ્ન, તેમનું લગ્નજીવન, તેમના પુત્રનો જન્મ, વગેરે બધું માનવોચિત હતું. દુર્વૃત્તિઓ સાથેનો તેમનો સંઘર્ષ પણ માનવોચિત હતો. દુ:ખમુક્તિના ઉપાયોને શોધવા માટેની તેમની સાધના પણ દુ:ખયુક્તની દુ:ખમુક્ત થવા માટેની સાધના હતી. આમ બોધિસત્ત્વનું જીવન મનુષ્યોને પ્રેરણારૂપ એટલા માટે જ હતું કે મનુષ્ય સ્વપ્રયત્નથી કેવો આધ્યાત્મિક વિકાસ સાધી શકે છે તેનું દષ્ટાંત તે પૂરું પાડતું હતું. બોધિપ્રાપ્તિ પહેલાંની અવસ્થા એટલો જ બોધિસત્ત્વનો અર્થ હતો.

ઈ. સ. પૂર્વ પાંચમીથી ત્રીજી શતાબ્દીના ગાળામાં ચક્રવર્તી સમ્રાટનો આદર્શ ભારતના રાજકીય ક્ષેત્રમાં ઉદય પામ્યો હશે એમ લાગે છે. પરિણામે અંગવિદ્યામાં ચક્રવર્તી મહાપુરુષનાં લક્ષણો સંગૃહીત કરવામાં આવ્યાં. બોધિસત્ત્વને સામાન્ય મનુષ્યથી વિશિષ્ટ દર્શાવવા તેમના શરીરને ચક્રવર્તીનાં લક્ષણોથી યુક્ત માનવામાં આવ્યું. 'સામ્રાજ્ય ઉપર શાસનચક્ર ચલાવનાર' એવો 'ચક્રવર્તી' શબ્દનો સામાન્ય અર્થ બદલી 'ધર્મચક્રને પ્રવર્તાવનાર' એવો કરવામાં આવ્યો. બોધિ-સત્ત્વના શરીરને ચક્રવર્તી મહાપુરુષનાં બત્રીસ લક્ષણો અને બ્યાસી અનુલક્ષણોથી યુક્ત માનવામાં આવ્યું.[૧] મહાપરિનિર્વાણસુત્તના સંપાદન અને સમુપબૃંહણમાં આ ધારણાનો પ્રભાવ જણાય છે. આમ બોધિસત્ત્વ જન્મથી જ વિશિષ્ટ પુરુષ હતા એ દર્શાવવાનો પ્રયત્ન શરૂ થઈ ગયો.

એક ડગલું આગળ વધીને કહેવામાં આવ્યું કે તે દેવલોકમાંથી ચ્યવીને માયાના ગર્ભમાં આવ્યા હતા. વળી, કહેવામાં આવ્યું કે તેઓ માયાદેવીના ગર્ભમાં આવ્યા ત્યારે ઘણી અદ્ભુત ઘટનાઓ બની. તે જયારે માયાની કુક્ષિમાં આવે છે ત્યારે બધા લોકોમાં અપ્રમાણ પ્રકાશ પથરાય છે. આ પ્રકાશ દેવતાઓનાં તેજને પણ અભિભૂત કરી દે છે. જયાં અંધકાર જ અંધકાર છે, જયાં ચંદ્ર અને

સૂર્યનું એક કિરણ પણ પહોંચતું નથી ત્યાં પણ અપ્રમાણ પ્રકાશ પથરાય છે.[૨] વળી, તે વખતે માનુષ અને અમાનુષ પરસ્પર હિંસાભાવ રાખતા નથી, બધા જીવો હર્ષ અને સંતોષ અનુભવે છે. આમ બોધિસત્ત્વને કારણે આવી અદ્‌ભુત ઘટનાઓ બની એમ કહેતાં જ તેઓ જન્મથી જ બીજા માનવોથી વિશિષ્ટ હતા એમ દર્શાવવાનો ઈરાદો સ્પષ્ટ થઈ જાય છે.[૩]

દરેક ભારતીય ધર્મ–દર્શન પૂર્વજન્મો માને છે અને વર્તમાન જન્મને પૂર્વજન્મોમાં કરેલાં કર્મોના ફળરૂપે સ્વીકારે છે. બુદ્ધને પોતાના પૂર્વજન્મોનું જ્ઞાન બોધિપ્રાપ્તિ પછી થયું હતું. આ જ્ઞાનને 'પૂર્વનિવાસાનુસ્મૃતિ' નામે ઓળખવામાં આવે છે. વર્તમાન જન્મ પૂર્વજન્મોમાં કરેલાં કર્મના ફળરૂપ છે એ સિદ્ધાન્તે તેમ જ બુદ્ધને પોતાના પૂર્વજન્મોનું જ્ઞાન હતું એ માન્યતાએ બુદ્ધના પૂર્વ-જન્મોની કથાઓને (જાતકકથાઓને) જન્મ આપ્યો. જાતકકથાઓના ઘડતરમાં પ્રચલિત લોકકથાઓની સહાય લેવામાં આવી. અનેક જાતકકથાઓનો સમાવેશ ચાર આગમોમાં અને વિનયમાં પરિનિર્વાણ પછીની પ્રથમ શતાબ્દીમાં થયો. 'બોધિપ્રાપ્તિ પહેલાંની બુદ્ધની અવસ્થા' એ સામાન્ય અર્થમાં આ બધા જન્મોના બુદ્ધજીવને બોદ્ધિસત્ત્વ કહી શકાય. પરંતુ ઈ. સ. પૂર્વ બીજી શતાબ્દી પહેલાં આ સ્થવિરવાદી ધારામાં છ યા દસ પારમિતાઓના સાધકના ખાસ અર્થમાં બોધિસત્ત્વના દર્શન થતા નથી. કેવળ ઈ. સ. પૂર્વ બીજી શતાબ્દીની રચનાઓ ગણી શકાય એવા થેરવાદી ગ્રંથો ચરિયાપિટક અને બુદ્ધવંશમાં જ તેના દર્શન થાય છે.[૪]

## [૨] બુદ્ધ

બોધિ પ્રાપ્ત થયા પછી બોધિસત્ત્વ બુદ્ધ કહેવાય છે. તેમનું શરીર એનું એ જ રહે છે. તે રોગ, જરા અને મૃત્યુથી મુક્ત નથી. તે શરીર અનેક દોષોથી યુક્ત હોય છે. એટલે તેને આસ્રવયુક્ત ગણવામાં આવે છે. પરંતુ બોધિ પ્રાપ્ત થયા પછી બોધિસત્ત્વનું ચિત્ત નિર્મળ અને વિશુદ્ધ બની જાય છે. તે દોષરહિત બની જાય છે. એટલે તેને નિરાસ્રવ ગણવામાં આવે છે. પોતાનું ચિત્ત નિરાસ્રવ છે જ્યારે બીજા મનુષ્યો અને દેવોનાં ચિત્ત સાસ્રવ છે એ કારણે જ અને એટલા જ અર્થમાં બુદ્ધ પોતાને દેવ કે મનુષ્યથી ભિન્ન ગણે છે.[૫]

સૌ પ્રથમ બુદ્ધનો દાવો કેવળ ચાર ધ્યાન અને ત્રણ વિદ્યાઓનો જ છે. આ ત્રણ વિદ્યાઓ છે– (૧) પૂર્વજન્મોની ઘટનાઓને બરાબર જાણવાની

વિદ્યા (૨) દિવ્ય ચક્ષુથી પ્રાણીઓને ઉત્પન્ન થતા, મરતા અને સ્વર્ગલોકમાં જતા દેખવાની વિદ્યા (૩) આસ્રવોના (દોષોના) ક્ષયથી ચિત્તની વિમુક્તિનો અને પ્રજ્ઞાની વિમુક્તિનો સાક્ષાત્કાર.[૬] તેઓ પોતે સર્વજ્ઞ હોવાનો દાવો કરતા નથી. ઊલટું, સર્વજ્ઞતાને અશકય સમજતા હોય એમ લાગે છે.[૭] આમ બોધિ પ્રાપ્ત થયા પછી જે ગુણો તેમને પ્રાપ્ત થાય છે એ એવા છે જે કોઈ પણ અર્હત્‌ને હોય છે. અર્હત્‌થી તેમનો ભેદ કેવળ એટલો જ છે કે તેઓ માર્ગશોધક છે જ્યારે અર્હત્ માર્ગશોધક નથી પણ બુદ્ધે શોધેલા માર્ગને આત્મસાત્ કરનાર છે.

આ પછી ઉપરની ત્રણ વિદ્યાઓમાં બીજી સાત વિદ્યાઓ ઉમેરી કુલ દસ વિદ્યાઓના ધારક બુદ્ધને માનવામાં આવ્યા. આ દસ વિદ્યાઓને દસબલ કહેવામાં આવે છે. ઉમેરવામાં આવેલી સાત વિદ્યાઓ છે—(૧) ઉચિતને ઉચિત તરીકે અને અનુચિતને અનુચિત તરીકે જાણનારું જ્ઞાનબલ. (૨) કર્મોનાં ફળને જાણનારું જ્ઞાનબલ. (૩) સાધનામાર્ગો કઈ તરફ લઈ જાય છે એ જાણનારું જ્ઞાનબલ. (૪) લોકના વિવિધ અને અનેક ઘટક તત્ત્વોને જાણનારું જ્ઞાનબલ. (૫) જીવોના અભિપ્રાયો યા વિચારોને જાણનારું જ્ઞાનબલ. (૬) જીવોની શક્તિઓ મંદ છે કે તીવ્ર, વગેરે જાણનારું જ્ઞાનબલ. (૭) ધ્યાન, વિમુક્તિ, સમાધિ અને સમાપત્તિ આ ચારની શુદ્ધિ, અશુદ્ધિ અને વૃદ્ધિને જાણનારું જ્ઞાનબલ. આ દસબલની સૂચી ઉપરથી ફલિત થાય છે કે હજુ પણ બુદ્ધ સર્વજ્ઞ હોવાની માન્યતા ઊભી થઈ નથી.[૮]

પછી તરત જ બુદ્ધ સર્વજ્ઞ હોવાનું સ્વીકારાયું લાગે છે. મહાવીર આદિ સર્વજ્ઞ હોવાનો દાવો નિર્ગ્રંથો અને અન્ય કરતા હોય ત્યારે બુદ્ધને સર્વજ્ઞ માન્યા વિના ચાલી શકે નહિ. બુદ્ધના મુખે જ કહેવડાવવામાં આવ્યું છે કે પોતે સર્વજ્ઞ છે. પરંતુ પોતાની સર્વજ્ઞતા વિશે તે કહે છે કે જ્યારે જે જાણવું હોય છે ત્યારે તેને પોતે ચિત્તને એકાગ્ર કરી જાણે છે. પોતે સદા બધી વસ્તુઓને બધા પર્યાયો સાથે એક કાળે જાણતા નથી. પરંતુ મહાવીર આદિનો દાવો છે કે તેઓ સદા બધી વસ્તુઓને બધા પર્યાયો સાથે યુગપદ્ જાણે છે. આવું સર્વજ્ઞત્વ બુદ્ધ અસંભવિત માને છે.[૯] બુદ્ધને સર્વજ્ઞ માનવામાં આવતાં તેમનું અર્હતથી એક વિશેષ ભેદક લક્ષણ અસ્તિત્વમાં આવ્યું. અર્હત્ સર્વજ્ઞ નથી જ્યારે બુદ્ધ સર્વજ્ઞ છે.

યોગસાધના દ્વારા સાધકને અનેક સિદ્ધિઓ—ચમત્કારિક શક્તિઓ—પ્રાપ્ત થઈ શકે છે એ સર્વસ્વીકૃત હતું. પરંતુ બુદ્ધ આવી શક્તિઓને કે તેના પ્રદર્શનને

મહત્ત્વ આપતા ન હતા. તેઓ આવી શક્તિઓનું પ્રદર્શન કરનારને ઠપકો આપતા. તેઓ કેવળ આસ્રવક્ષયને (રાગદ્વેષક્ષયને) જ મહત્ત્વ આપતા હતા. આસ્રવક્ષયનો પોતાનો માર્ગ સમજાવીને જ બુદ્ધ બીજાને માર્ગાનુસારી બનાવતા હતા. તે સમજતા હતા કે ચમત્કારિક શક્તિઓના (= પ્રાતિહાર્યના) પ્રદર્શન દ્વારા બીજાને માર્ગાનુસારી ન બનાવી શકાય. ચમત્કારિક શક્તિઓ તો માર્ગને ન જાણનારામાં પણ હોઈ શકે છે. પરિણામે, પ્રાચીન સુત્તોમાં બુદ્ધની ચમત્કારિક શક્તિઓની વાત નથી. પરંતુ ધીરે ધીરે તેમની ચમત્કારિક શક્તિઓની વાતો ઊભી થવા માંડી અને બુદ્ધની ચમત્કારિક શક્તિઓની સૂચી વિસ્તૃત થવા માંડી. જ્યાં બુદ્ધ માર્ગના સત્ત્વને આધારે લોકોને માર્ગાનુસારી બનાવતા હતા ત્યાં પાછળથી ચમત્કારિક શક્તિઓથી લોકોને આંજી માર્ગાનુસારી બનાવવાની વાત આવી અને બુદ્ધે પણ આ રીત અજમાવી હતી એમ પ્રતિપાદન થવા લાગ્યું. વિનયમાં અને પિટકની ટીકાઓમાં (= અટ્ઠકથાઓમાં) આ જોવા મળે છે. આમાં આજુબાજુ જે વાતાવરણ હશે તેનો પ્રભાવ જરૂર હોવો જોઈએ. આજુબાજુ બીજા ધર્મ–દર્શનના સંપ્રદાયોમાં ચમત્કારિક શક્તિઓના બળે લોકોને આકર્ષવાનો પ્રયત્ન સારા પ્રમાણમાં તે વખતે થતો હશે એમ લાગે છે. મહાપરિનિર્વાણસૂત્રના સંપાદન અને ઉપબૃંહણકાળે બુદ્ધ વિશે એવું મનાવા લાગ્યું હતું કે તેઓ ધારે તો કલ્પ પર્યંત યા કલ્પાવશેષ પર્યંત પોતાનું આયુ લંબાવી શકે છે. આમ આસવક્ષયના માર્ગના શોધક બુદ્ધના વ્યક્તિત્વની આસપાસ અદ્‌ભૂત બાબતોની વાતોનું જાળું ગૂંથાવા લાગ્યું, તેમના આસવક્ષયના બદલે તેમની ઋદ્ધિઓને મહત્ત્વ અપાવા લાગ્યું, માર્ગસત્ત્વના પ્રદર્શનના બદલે ઋદ્ધિપ્રદર્શનનું માહાત્મ્ય વધ્યું.

દીઘનિકાયમાં મહાપદાનસુત્તમાં છ પૂર્વ બુદ્ધો અને એક ભાવી બુદ્ધ મૈત્રેયનો ઉલ્લેખ છે. આ સુત્તને કંઈક અંશે ઉત્તરકાલીન ગણવામાં આવે છે. પ્રાચીન સુત્તોમાં પૂર્વબુદ્ધ અને ભાવી બુદ્ધની માન્યતા નથી. મહાપદાનસુત્તમાં સૌ પ્રથમ છ પૂર્વબુદ્ધોની વાત આવે છે. ધીરે ધીરે આ છની સંખ્યા વધવા લાગી અને બુદ્ધવંશ નામના ગ્રંથમાં ચોવીસ પૂર્વબુદ્ધો સ્વીકારાયા તેમ જ તેમની કથાઓ આપવામાં આવી. પેલા છ પૂર્વબુદ્ધોની (= વિપસ્સિન્, સિખિન્, વેસ્સભૂ, કકુચ્છન્દ, કોણાગમન અને કસ્સપની) પૂર્વે જ સામાન્ય રીતે ઉમેરા થતા રહ્યા છે. પરિણામે, પૂર્વબુદ્ધોની શૃંખલામાં આ છને છેલ્લા રાખવામાં આવ્યા છે. આ છ પૂર્વબુદ્ધોનો નિર્દેશ પૂર્વબુદ્ધની સૂચીઓમાં બધા જ કરે છે. અશોકના સમયમાં પૂર્વબુદ્ધોના સ્તૂપો હતા. અશોકે કોણાગમન પૂર્વબુદ્ધનો સ્તૂપ વિસ્તાર્યો હતો. પૂર્વબુદ્ધની કલ્પનાની સાથે જ ભાવી બુદ્ધની કલ્પનાનો ઉદય થયો લાગે છે.

મહાપદાનસુત્ત સિવાય બીજા કોઈ સુત્તમાં ભાવી બુદ્ધનો ઉલ્લેખ નથી. આ સુત્તમાં બુદ્ધ ભાખે છે કે ભવિષ્યમાં મૈત્રેય બુદ્ધ થશે.

## [૩] ભક્તિ

બુદ્ધ પ્રત્યે તેમના પ્રત્યક્ષ શિષ્યો અને ઉપાસકોને આદરભાવ હતો. તે આદરભાવનો વિષય સાધના કરી આસવરહિત બનેલા બુદ્ધ હતા. તે આદરભાવ અંધશ્રદ્ધારૂપ ન હતો પરંતુ બુદ્ધિપ્રેરિત હતો. સ્વયં બુદ્ધે પોતાની પરીક્ષા કરવા કહ્યું હતું. તેમણે કાલામોને આપેલો ઉપદેશ તો આપણે જાણીએ છીએ. આમ બુદ્ધ પ્રત્યેની શ્રદ્ધા પ્રજ્ઞાન્વિત હતી. પરંતુ બધા જ પરીક્ષા કરીને બુદ્ધમાં શ્રદ્ધા ધરાવતા હતા એમ માનવું વધુ પડતું છે. કેટલાક સામાન્ય જનો બુદ્ધના બાહ્ય ત્યાગ અને સાધનાને દેખીને જ ભક્તિપૂર્વક તેમના પ્રત્યે આદરભાવ ધરાવતા હશે. વળી કેટલાક મહાજનોને અનુસરી તેમના પ્રત્યે આદરભાવ ધરાવતા હશે. પરંતુ બધાની ભક્તિ સ્વપ્રયત્નથી દોષરહિત બનેલા એક મહામાનવ પ્રત્યેની હતી, કોઈ લોકોત્તર વ્યક્તિ પ્રત્યેની ન હતી.

વળી, બુદ્ધને શરણે જવાની વાતમાં બુદ્ધ પ્રત્યેની શ્રદ્ધાભક્તિનું એક વિમલ રૂપ જોવા મળે છે. બુદ્ધને શરણે જવાનો અર્થ ધર્મને શરણે જવાનો જ થતો હતો. બુદ્ધને શરણે જનારને એ ભાન હતું કે બુદ્ધ નિર્વાણનો માર્ગ દેખાડવા સિવાય બીજો કોઈ અનુગ્રહ કરવાના નથી. છેવટે ધર્મનો સાક્ષાત્કાર દરેકે પોતે કરવાનો છે. આમ બુદ્ધનું શરણ એ અનુગ્રહ કરનાર ઈશ્વરનું શરણ ન હતું.

બુદ્ધાનુસ્મૃતિ (બુદ્ધનું ધ્યાન) પણ સાધનાનું અંગ હતી. તેને પણ એક રીતે બુદ્ધભક્તિના આવિર્ભાવનું એક રૂપ ગણી શકાય. અનુગ્રહની બુદ્ધિથી નહિ પરંતુ બુદ્ધના ધ્યાન દ્વારા ચિત્ત શુદ્ધ બનશે એવી બુદ્ધિથી જ સાધક બુદ્ધાનુસ્મૃતિ કરતો. દરેકને પોતાનાં કર્મ ભોગવવાં પડે છે, એમાં બુદ્ધ કંઈ હસ્તક્ષેપ કરતા નથી એ માન્યતા વ્યાપક હતી.

બુદ્ધે ધર્મને જ ગુરુ ગણવાની સલાહ આપી હતી. બુદ્ધ ધર્મને જ પ્રાધાન્ય આપનાર હતા, વ્યક્તિને નહિ. એટલે વ્યક્તિપૂજા કે વ્યક્તિભક્તિને તેમણે ખાસ અવકાશ આપ્યો ન હતો.

બુદ્ધ પોતાની કાયાને બીજા કોઈ પણ માણસની કાયા જેવી જ ગંદી સમજતા હતા એટલે જ તેમણે વક્કલિને કહ્યું, 'किमिना पूतिकायेन दिट्ठेन —

આ ગંદી કાયાના દર્શનથી શો લાભ? '[૧૦] આવું કહેનાર બુદ્ધ કદી એ ન ઇચ્છે કે એમના શરીરની મૂર્તિઓ બનાવવામાં આવે અને એમની પૂજા કરવામાં આવે. રાજા પ્રસેનજિત્ ભગવાનના ચરણે પડી એક અનુરક્ત ભક્તની જેમ એમની પૂજા કરતા હતા પરંતુ નિર્મમ બુદ્ધ એમને પૂછતા, 'તમે શું જોઈને આ શરીર પ્રત્યે આટલો આદર દેખાડો છો?' આવો પ્રશ્ન પૂછનાર બુદ્ધ એમના શરીરની મૂર્તિ બનાવી એને પૂજવાની અનુમતિ ન દે. પરિનિર્વાણ વખતે બુદ્ધને આનંદે પૂછ્યું કે આપના શરીરના સંબંધમાં શું કરવું? બુદ્ધે ઉત્તર આપ્યો કે ભિક્ષુઓએ બોધિપક્ષીય ધર્મોનો અભ્યાસ કરવો જોઈએ, તેમને માટે આ એક જ ઉચ્ચ કર્તવ્ય છે; તથાગતના શરીરની પૂજા એક નિમ્ન કોટિનું પુણ્યકાર્ય છે જેને ગૃહસ્થ ઉપાસક કરી શકે છે.

બુદ્ધે પોતાના શરીરની રાખ અને અસ્થિ ઉપર સ્તૂપો બનાવવાનું અને પોતાના જન્મસ્થાન વગેરે સ્થાનોની યાત્રા કરવાનું કહ્યું હોય એમ લાગતું નથી. પરંતુ પરિનિર્વાણસુત્તમાં તેમણે આમ કહ્યું હોવાનું જણાવ્યું છે. સાચી વાત તો એ લાગે છે કે સામાન્ય ભાવુક માણસને કંઈક સ્થૂળ આલંબન જોઈએ છે એટલે સ્વયંભૂ રીતે જ બુદ્ધના નિર્વાણ પછી સ્તૂપરચના અને તીર્થયાત્રાની પ્રવૃત્તિ ઉદ્ભવી હશે. આમ ભક્તિની સામગ્રીમાં મહત્ત્વનો ઉમેરો થયો.

વળી, બુદ્ધનાં જન્મ વગેરે સાથે અદ્ભુત ઘટનાઓને જોડવામાં આવી. બુદ્ધમાં અનેક ચમત્કારિક શક્તિઓ માનવામાં આવી. તે શક્તિઓની વાતો જોડાઈ. બુદ્ધમાં સર્વજ્ઞતા માનવામાં આવી. આમ બુદ્ધ પ્રત્યે એક જાતની અહોભાવની લાગણી જન્મે એવી બાબતોને બુદ્ધજીવન સાથે સાંકળવામાં આવી. પરિણામે અહોભાવાન્વિત ભક્તિ ધીરે ધીરે વધવા લાગી. બુદ્ધ માનવ હતા, પરંતુ તે અસામાન્ય માનવ હતા એ વારંવાર કહેવામાં આવતું.

જાતકકથાઓએ બુદ્ધ પ્રત્યેની ભક્તિ પુષ્ટ કરી. જાતકોની ઘટનાઓ પથ્થરમાં કંડારવાનું શરૂ થયું. પરંતુ બુદ્ધની મૂર્તિ બની નહિ. બુદ્ધની મૂર્તિની પૂજા સ્થવિરવાદને માન્ય લાગતી નથી. બુદ્ધની મૂર્તિની નહિ પરંતુ અમુક પ્રતીકો ધર્મચક્ર, બોધિવૃક્ષ, સ્તૂપ, ઉષ્ણીષ, ભિક્ષાપાત્ર વગેરેની પૂજા અસ્તિત્વમાં આવી. બુદ્ધનું ય શરીર સાસ્રવ છે એ માન્યતાને કારણે જ કદાચ બુદ્ધના શરીરની મૂર્તિ પૂજાનો વિષય મનાઈ નહિ હોય. પરિણામે, બુદ્ધમૂર્તિનો આવિષ્કાર સ્થવિરવાદમાં થયો નહિ.[૧૧]

બુદ્ધ પ્રત્યે લોકો ભક્તિ અને આદર ધરાવતા એનું કારણ બુદ્ધ દુઃખ-મુક્તિનો માર્ગ બતાવતા હતા એ હતું. આથી અર્હત્ અને બુદ્ધ બીજી બધી રીતે સમાન હોવા છતાં આદર અને ભક્તિનો વિષય અર્હત્ ન હતા પણ બુદ્ધ જ હતા.

પૂર્વબુદ્ધો અને ભાવી બુદ્ધ મૈત્રેયની કલ્પનાએ પણ ભક્તિતે પુષ્ટ કરવામાં સારો ફાળો આપ્યો.

આમ બુદ્ધશરણ, બુદ્ધાનુસ્મૃતિ, તીર્થયાત્રા, સ્તૂપનિર્માણ, ચમત્કારો, પ્રતીક-પૂજા, જાતકકથાઓ, બુદ્ધની સર્વજ્ઞતા, પૂર્વબુદ્ધ અને ભાવી બુદ્ધની કલ્પના વગેરેએ સ્થવિરવાદમાં એક પ્રકારની ભક્તિને આકાર આપ્યો. આ બધું છતાં બુદ્ધ એક માનવ હતા – ભલે વિશિષ્ટ હોય – એ વાત ભૂલવામાં ન આવી. બુદ્ધ એ કોઈ લોકોત્તર વ્યક્તિ ન હતા. તે સામાન્ય માનવીની જેમ જ જન્મ્યા, ઉછર્યા, પરણ્યા, વગેરે; તેમનું શરીર પણ સામાન્ય માનવીના શરીર જેવું જ હતું. કેવળ તેમની આજુબાજુ અદ્‌ભુત ઘટનાઓનું જાળું ગૂંથવામાં આવ્યું એટલું જ. જે ઋદ્ધિઓ સામાન્ય માણસ પણ સાધના દ્વારા પ્રાપ્ત કરી શકે તે ઋદ્ધિઓ તેમણે પ્રાપ્ત કરી હતી. તેમની ઋદ્ધિ-સિદ્ધિ તેમને માણસ મિટાવી લોકોત્તર બનાવી નથી દેતી.

## ટિપ્પણ

૧. **चक्कवत्तिसुत्त** તથા **लक्खणसुत्त, दीघनिकाय.**

૨. **महापदानसुत्त, दीघनिकाय**

૩. **बौद्धधर्मदर्शन पृ० १०८–१०९**

૪. **बौद्धधर्म के विकास का इतिहास, पृ० ३१८;** *History of Buddhist Thought, pp. 171-172*

૫. **बौद्धधर्मदर्शन, पृ० १०९**

૬. **भयभेरवसुत्त, मज्झिमनिकाय**

૭. **तेविज्जवच्छसुत्त (२१. १. १.), मज्झिमनिकाय**

૮. *History of Buddhist Thought, p. 149*

૯. 'Some reflections on the Problem of Jñāna and Darśana', *Journal of the Oriental Institute, Baroda, Vol. XXIV, Nos 1-2, p. 150.*

૧૦. संयुत्तनिकाय

૧૧. આનો અર્થ એ નથી કે ભારતમાં મૂર્તિઓ તે કાળે બનતી ન હતી. હરપ્પા અને મોહેંજોદડોના ખોદકામમાંથી પણ મૂર્તિઓ મળી છે. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં અનેક દેવદેવીઓની મૂર્તિઓના પ્રચૂર ઉલ્લેખો છે. મગધના પિપ્પલીમાણવક (મહાકાશ્યપ)ની પત્ની કેવી હોવી જોઈએ એ માટે તેના માતાપિતાએ શિલ્પીઓ પાસે એક નમૂનાની સુવર્ણ નારીમૂર્તિ બનાવડાવી હતી એવી વાત બૌદ્ધ સાહિત્યમાં છે. અજાતશત્રુએ પોતે રાજગૃહના ચૈતત્યનિર્માણમાં બુદ્ધના માતાપિતા અને સ્થવિરોની મૂર્તિઓ બનાવડાવી સ્થાપી હતી. મૌર્યકાળની દીદારગંજની યક્ષિણીમૂર્તિ અત્યંત કલામય છે. વળી, કલિંગરાજ ખારવેલના શિલાલેખ પરથી જણાય છે કે મગધસમ્રાટ નંદિવર્ધન કલિંગ જીતી ત્યાંથી જિનમૂર્તિને પાટલિપુત્ર લાવ્યો હતો. આ ઘટના અશોક પહેલાં બની હતી. ઉત્તરકાળે અશોક પછી ખારવેલ પાટલિપુત્ર જીતી ત્યાંથી તે જિનમૂર્તિ પાછી લાવ્યો હતો. નંદિવર્ધન અને ખારવેલ બંને જૈનધર્માનુરાગી હતા. જૈન પરંપરામાં તો મહાવીર વગેરે તીર્થંકરોની મૂર્તિપૂજા પ્રાચીનકાળથી પ્રચલિત છે. પરંતુ બૌદ્ધધર્મમાં બુદ્ધની મૂર્તિની પૂજા ઈસ્વીસનની પ્રથમ શતાબ્દીમાં શરૂ થઈ. જુઓ **बौद्धधर्म और बिहार, पृ० २९३;** *Early History of India, Smith, pp. 73, 187;* મુનિ જિનવિજયકૃત 'જૈન ઈતિહાસની ઝલક' પૃ૦ ૧૮–૧૯

# અધ્યાય ૧૦

## મહાસાંઘિક ધારામાં બોધિસત્ત્વ, બુદ્ધ અને ભક્તિ

આપણે જોઈ ગયા કે પરિનિર્વાણ પછી લગભગ ૧૪૦ વર્ષે (લગભગ ઈ. સ. પૂર્વ ૩૫૦) સ્થવિરવાદથી મહાસાંઘિકધારા જુદી પડી. આ મહાસાંઘિક-ધારાએ બોધિસત્ત્વ અને બુદ્ધની માન્યતામાં મહત્ત્વનું પરિવર્તન કર્યું, પરિણામે ભક્તિએ પણ નવું રૂપ ધારણ કર્યું. હવે આપણે તે પરિવર્તન અને તે રૂપની વાત કરીએ.

### [૧] બોધિસત્ત્વ

સ્થવિરવાદે ધીરે ધીરે બોધિસત્ત્વની સાથે અદ્ભુત ઘટનાઓની વાતો તેમનું મહત્ત્વ દર્શાવવા જોડી છતાં તે માનવ હતા એ મૂળ વાતમાં કંઈ પરિવર્તન ન કર્યું. તેમનું શરીર ચક્રવર્તીનાં લક્ષણોથી યુક્ત માન્યું પણ તે શરીર-ને પણ માનવશરીરથી વિલક્ષણ ન માન્યું. તેમના જન્મ વખતે અદ્ભુત ઘટનાઓ બની એમ માન્યું પણ તેમનો જન્મ સામાન્ય માનવીના જન્મથી જુદી જ જાતનો હતો એમ ન માન્યું. તેમણે માનવની જેમ જ લગ્ન કર્યું અને તેમના પુત્રનો જન્મ પણ માનવના જન્મ જેવો જ હતો. આમ બોધિસત્ત્વ માનવ જ હતા એ વાતને સ્થવિરવાદ વળગી રહ્યો.

પરંતુ મહાસાંઘિકોએ ચરમભવિક બોધિસત્ત્વને લોકોત્તર બનાવી દીધા. તેમણે બોધિસત્ત્વનાં જન્મ, શરીર, લગ્નજીવન અને પુત્રજન્મને અત્યંત લોકોત્તર રીતે સમજાવ્યાં છે. તેમના ગ્રંથો મહાવસ્તુ અને લલિતવિસ્તરમાં આવું પ્રતિપાદન થયું છે. ચરમભવિક બોધિસત્ત્વ તુષિત નામના દેવલોકમાંથી બુદ્ધ બનવા અવતરે છે. તે કુમારી માયાની કુક્ષિમાં નિર્મિત યા માયિક શ્વેત હાથીના રૂપમાં દાખલ થાય છે. ગર્ભની સાધારણ અવસ્થાઓથી ગર્ભવિકાસ થતો નથી. બોધિસત્ત્વ ગર્ભના મળથી અલિપ્ત રહે છે. કુક્ષિમાં પર્યંકબદ્ધ આસનમાં તે દેવોને ઉપદેશ આપે છે. કુક્ષિની ડાબી બાજુથી ભેદ કર્યા વિના તે બહાર આવે છે. તેમની માતા કુમારી હોઈ તેમનો જન્મ ઉપપાદુક છે. એનો અર્થ એ કે તેમના જન્મનું નિમિત્ત શુક્રશોણિતસંસર્ગ નથી. તે લગ્ન કરે છે પરંતુ તેમની

પત્ની કુમારી જ રહે છે કારણ કે ચરમભવિક બોધિસત્ત્વ કામરાગથી મુક્ત હોય છે. મહાવસ્તુ તો કહે છે કે જે પૂર્વજન્મમાં તેમણે બોધિ પ્રાપ્ત કરવાનો સંકલ્પ કર્યો ત્યારથી તે કામરાગથી મુક્ત હોય છે. આમ રાહુલનો જન્મ પણ ઉપપાદુક છે. ચરમભવિક બોધિસત્ત્વનો દેહ દોષરહિત છે. તે રોગ વગેરે દોષોથી મુક્ત છે. બૌદ્ધ પરિભાષામાં કહીએ તો, તેમનો દેહ નિરાસ્રવ છે. તે નિરાસ્રવ દ્રવ્યોનો બનેલો છે. આમ બોધિસત્ત્વનાં અવતરણ, ગર્ભાવસ્થાન, ગર્ભવિકાસ, જન્મ, લગ્નજીવન, પુત્રોત્પત્તિ, શરીર વગેરે લોકોત્તર છે.

પોતાની મુક્તિ માટે નહિ પરંતુ અસંખ્ય જીવોનો સંસારચક્રથી ઉદ્ધાર કરવા માટે બોધિ પ્રાપ્ત કરવાનું પ્રણિધાન (=પ્રતિજ્ઞા) જે પૂર્વજન્મમાં તે કરે છે તે જન્મથી જ તેની બોધિસત્ત્વાવસ્થા શરૂ થાય છે. તે પૂર્વજન્મથી તેની બોધિ પ્રાપ્તિ માટેની ચર્યા શરૂ થાય છે. અનેક જન્મોની સાધનાને પરિણામે ક્રમશઃ દાન વગેરે દસ પારમિતાઓ તે પ્રાપ્ત કરે છે. આ દસ પારમિતાઓ કોઈ એક જ જન્મમાં પ્રાપ્ત થઈ જતી નથી પરંતુ જુદા જુદા દસ જન્મોમાં પ્રાપ્ત થાય છે. અનેક જન્મોમાં દાનની સાધના પછી એક જન્મમાં દાનગુણની પૂર્ણતા (=દાન-પારમિતા) તેને પ્રાપ્ત થાય છે. પછી અનેક જન્મોમાં શીલની સાધના પછી એક જન્મમાં શીલગુણની પૂર્ણતા તેને પ્રાપ્ત થાય છે. દસ પારમિતાઓ છે—દાન, શીલ, નિવૃત્તિ, જ્ઞાન, વીર્ય, ક્ષાન્તિ, સત્ય, દઢતા, મિત્રતા અને ઉદાસીનતા. સામાન્ય રીતે દસ પારમિતાઓને અને તેમની પ્રાપ્તિ માટે દસ જન્મોને (જાતકોને) સ્વીકારવામાં આવ્યા છે. દસના અંકને જ કેમ પસંદ કરવામાં આવ્યો હશે? શું દશાવતારની કલ્પનાના ઉદય સાતે 'દસ પારમિતાઓની પૂર્ણતા લાવનાર દસ જાતકો'ની કલ્પનાને કંઈ સંબંધ હશે?

આમ એક તરફ મહાસાંઘિકોએ ચરમભવિક બોધિસત્ત્વને લોકોત્તર બનાવ્યા તો બીજી તરફ તેમણે તેમને પોતાની સમગ્ર બોધિસત્ત્વાવસ્થા દરમ્યાન લોકોદ્ધાર માટે કટિબદ્ધ અને કરુણામય બનાવ્યા. સ્થવિરવાદમાં અર્હત્ કરતાં બુદ્ધનો આદર્શ ઉચ્ચતર હતો. મહાસાંઘિકોના બોધિસત્ત્વના આદર્શ આગળ પણ અર્હત્નો આદર્શ ઝાંખો પડયો. અર્હત્ કેવળ સ્વકલ્યાણ સાધે છે જ્યારે બોધિસત્ત્વ તો પરાર્થે જ પ્રવૃત્ત થાય છે. તેમની પ્રતિજ્ઞા પરાર્થની છે. બોધિ પ્રાપ્ત કરી જીવોને દુઃખમુક્તિનો માર્ગ દેખાડી દુઃખમુક્ત કરવાની તેમની પ્રતિજ્ઞા છે.

## [૨] બુદ્ધ

ચરમભવિક બોધિસત્ત્વનો દેહ દોષમુક્ત છે એ હકીકતમાંથી જ ફલિત થાય છે કે બુદ્ધનો દેહ દોષમુક્ત છે. બુદ્ધદેહ નિરાસ્રવ દ્રવ્યોનો બનેલો છે. તેના ઉચ્ચારપ્રસાર(મળ, મૂત્ર, પરસેવા)ની ગંધ દિવ્ય છે. તેમની બધી ક્રિયાઓ અલૌકિક છે. તેમનું શરીર વિમલ હોવા છતાં તે લોકવ્યવહારને અનુસરી ધુએ છે. વસ્ત્રાદિથી શરીરનું રક્ષણ જરૂરી ન હોવા છતાં તે લોકવ્યવહારને અનુસરી વસ્ત્ર આદિ ધારણ કરે છે. તેમના શરીરને રોગ થતો જ નથી છતાં તે લોકવ્યવહારને અનુસરી ઔષધ ગ્રહણ કરે છે. તે એક સાથે અનેક લોકમાં પ્રગટ થઈ શકે છે. તે ઊંઘતા નથી. તે સ્વપ્ન જોતા નથી. તે એક જ ક્ષણમાં બધી વસ્તુઓને જાણે છે. આમ જે જાણવું હોય તેને ધ્યાન દ્વારા જાણી શકવાના અર્થમાં સ્થવિરવાદમાં સર્વજ્ઞત્વનો સ્વીકાર હતો, તે અર્થ બદલી એક સાથે બધી વસ્તુઓના જ્ઞાનના અર્થમાં સર્વજ્ઞત્વનો મહાસાંઘિકોએ સ્વીકાર કર્યો. બુદ્ધ એક શબ્દથી સમસ્ત વસ્તુઓને જણાવે છે. તે વિતર્કવિચાર વિના જ પ્રશ્નોના ઉત્તર આપે છે. તે બધી દિશામાં રહેલા છે. મહાસાંઘિકોના આંધ્રક બૌદ્ધોની વૈતુલ્લક શાખા તો એવું માનતી હતી કે બુદ્ધ શાશ્વત સમાધિમાં જ છે, તે એક શબ્દ પણ બોલતા નથી, તે તુષિતલોકમાં જ નિત્યાવસ્થિત છે, તે મનુષ્યલોકમાં અવતર્યા જ નથી, કેવળ તેમનું 'નિર્મિત' યા માયિક શરીર જ મનુષ્યલોકમાં આવ્યું હતું, તે માયિક શરીરે જ આનંદને ઉપદેશ આપેલો અને આનંદે જ લોકોને ઉપદેશ આપેલો. આમ મહાસાંઘિકોએ બુદ્ધને નખશિખ અલૌકિક બનાવી દીધા. તેમને અલૌકિક માનતાં તેમના લૌકિક જીવનને માયિક માનવું અનિવાર્ય બની ગયું. આ લોકોત્તરવાદને અંગ્રેજીમાં 'ડોસેટિઝ્મ' કહેવામાં આવે છે. ઈસાઈ ધર્મના પ્રારંભિક વિકાસમાં પણ આવો લોકોત્તરવાદ દેખા દે છે.[૧]

## [૩] ભક્તિ

ભક્તિને માટે અત્યંત આવશ્યક વસ્તુ લોકોત્તર ઇષ્ટ દેવ છે. આ લોકોત્તર ઇષ્ટ દેવની જરૂરીઆતને મહાસાંઘિકોએ પૂરી. તેમણે બુદ્ધ અને બોધિસત્ત્વ બંનેને લોકોત્તર બનાવી દીધા હતા. વળી બુદ્ધના દેહને નિરાસ્રવ માનતાં તેમનો તે દેહ પૂજ્ય ગણાયો. પરિણામે બુદ્ધમૂર્તિના આવિષ્કારનો માર્ગ નિષ્કંટક બન્યો. પરંતુ બુદ્ધમૂર્તિ બની નહિ. તે તો ઈ. સ.ની પ્રથમ શતાબ્દીમાં બની. બુદ્ધની લોકોત્તરતાને માનતાં જ બુદ્ધાનુગ્રહ યા બુદ્ધકૃપાની માન્યતા માટેનો માર્ગ મોકળો બની ગયો. બુદ્ધાનુગ્રહની માન્યતાના આછા અણસાર દેખાવા લાગ્યા. બોધિ-

સત્ત્વની બાબતમાં તો અનુગ્રહવાદ સ્પષ્ટપણે જણાય છે. કરુણા વ્યાપક બની ગઈ. આ કરુણા એટલી તો વ્યાપક બનવાની શક્યતા ઊભી થઈ ગઈ કે તે છેવટે કર્મસિદ્ધાન્તના બંધનને પણ ગણકારવાની નથી. ભક્તિની પુષ્ટિ માટે આ બધું જરૂરી હતું. સામાન્ય ઉપાસકોને કઠોર સાધનાનો માર્ગ આકર્ષક નથી લાગતો. તેમને તો આત્મસમર્પણ કરી યા કોઈકને શરણે જઈ દુઃખમુક્ત થવાનું વધુ ફાવે છે. કઠોર સાધનાને સ્થાને ભક્તિનું મહત્ત્વ વધતાં ઉપાસકો અર્થાત્ ગૃહસ્થોને મહત્ત્વ મળ્યું. આપણે જાણીએ છીએ કે આંધ્ર ગયેલા મહાસાંઘિકોએ ઉપાસકોની ભક્તિભાવના ઉપર વિશેષ ભાર આપ્યો હતો.

## [૪] બે ધારાનો મહાન ભેદ

આમ સ્થવિરવાદથી જુદા પડી મહાસાંઘિકોએ એક મહાન પરિવર્તન આદર્યું. બુદ્ધ અને બોધિસત્ત્વને માનવ મિટાવી લોકોત્તર બનાવી દીધા. બુદ્ધ શરીરને સાસ્રવમાંથી નિરાસ્રવ બનાવી દીધું. બુદ્ધનો અનુગ્રહ જે કેવળ ધર્મ-દેશનારૂપ હતો તે વ્યાપક બનવા લાગ્યો. કરુણા જે કર્મફલસિદ્ધાન્તની મર્યાદાને ઉલ્લંઘતી ન હતી તેને નિર્બંધતા તરફ વળાંક મળ્યો. વીતરાગ માનવના શરણને બદલે લોકોત્તરનું શરણ સ્વીકારાયું. પ્રજ્ઞાન્વિત શ્રદ્ધાને સ્થાને ભક્તિઅન્વિત શ્રદ્ધાએ સ્થાન લીધું. કઠોર સાધનાનું સ્થાન લોકોત્તરને શરણે જઈ આત્મસમર્પણ કરી દુઃખમુક્ત થવાની ભાવનાએ લીધું.

## [૫] પરિવર્તનનાં બળો

આવું પરિવર્તન કેમ થયું? કયાં બળોએ આમાં કામ કર્યું? એક તો બૌદ્ધ ધર્મમાં એવી સંજીવની શક્તિ છે જેને પરિણામે દેશ અને કાળ પ્રમાણે નવાં નવાં રૂપો તે ધારણ કરે છે. બીજું, અશોકના સમયમાં બૌદ્ધ ધર્મ સારાય હિંદુસ્તાનમાં પ્રસરી ગયો હતો અને જનતાને બૌદ્ધ ધર્મ પ્રત્યે આકર્ષવા સારો એવો શ્રમ બૌદ્ધ ઉપદેશકો ઉઠાવતા હતા. આને પરિણામે જનચિત્તને આકર્ષે એવાં તત્ત્વો દાખલ કરવાની આવશ્યકતા ઊભી થઈ હોય એ સંભવિત છે. ત્રીજું, અશોક પછી પરદેશી આક્રમકો પણ બૌદ્ધ ધર્મ તરફ આકર્ષાયા હતા. મિનાન્દર, કનિષ્ક, વગેરે ઘણા પરદેશીઓ બૌદ્ધ ધર્મ પ્રત્યે આદર ધરાવતા હતા. આવા પરદેશીઓને રુચતા કેટલાક અંશો બૌદ્ધ ધર્મમાં પણ દાખલ કરવાની આવશ્યકતા બૌદ્ધ ઉપદેશકોને જણાઈ હોય એ પણ શક્ય છે. ચોથું, ભારતમાં ઈ. સ. પૂર્વ ત્રીજી—બીજી શતાબ્દીથી ભક્તિનું વાતાવરણ જામી રહ્યું

હતું. ભાગવતોની ભક્તિ પુષ્ટ બની રહી હતી. વાસુદેવપૂજા અને કૃષ્ણપૂજા પ્રચલિત બની રહી હતી. ગીતોપદિષ્ટ ભક્તિમાર્ગ અસ્તિત્વમાં આવી રહ્યો હતો. શિવપૂજા અને મહાદેવભક્તિ પણ અસ્તિત્વમાં આવી રહી હતી. આ કાળ ભક્તિના વિકાસનો હતો. જનસમુદાયને ભક્તિમાર્ગ પ્રત્યે અત્યન્ત આકર્ષણ હતું. વળી, આ કાળમાં ઈશ્વરનો સર્વજ્ઞ, સર્વશક્તિમાન, કર્તા, ધર્તા તરીકે સ્વીકાર થઈ રહ્યો હતો. આવા ઈશ્વરની માન્યતા જનસાધારણને બહુમાન્ય બની રહી હતી. સર્વજ્ઞ, સર્વશક્તિમાન લોકોત્તર ઈશ્વર અને તેની અનન્ય ભક્તિની માગ વધી રહી હતી. કાળ પ્રમાણે નવાં નવાં રૂપો ધારણ કરી જીવવાની અદ્ભુત શક્તિ ધરાવનાર બૌદ્ધ ધર્મે પણ જનસમાજને લોકોત્તર બુદ્ધ અને બુદ્ધભક્તિનું આ કાળમાં પ્રદાન કર્યું. આમ બૌદ્ધ ધર્મમાં ભક્તિમાર્ગનાં દ્વાર ખુલ્લાં થયાં. સાથે સાથે સાધનામાર્ગ પણ વિકસતો રહ્યો. બોધિસત્ત્વની પારમિતાઓની સાધના અને તેની ક્રમિક ભૂમિકાઓનો સિદ્ધાન્ત બંને પુષ્ટ થવા લાગ્યા.

## ટિપ્પણ

१. **बौद्ध धर्म के विकास का इतिहास** पृ० २८५–२९८; **बौद्धधर्मदर्शन,** पृ० १०४, १२९–१३०

# અધ્યાય ૧૧

## મહાયાન

### [૧] ઉદ્ભવ

મહાસાંઘિકોએ આદરેલા નૂતન પ્રસ્થાનનું પર્યવસાન જેને મહાયાન બૌદ્ધ ધર્મ કહેવામાં આવે છે તેમાં થયું. મહાયાનને બોધિસત્ત્વયાન પણ કહેવામાં આવે છે. જે બૌદ્ધ ધર્મનો આદર્શ અર્હત્ છે તે બૌદ્ધ ધર્મ હીનયાન યા અર્હદ્યાન છે. જે બૌદ્ધ ધર્મનો આદર્શ બોધિસત્ત્વ છે તે મહાયાન યા બોધિસત્ત્વયાન છે. હીનયાનનું ધ્યેય વૈયક્તિક મુક્તિ છે. મહાયાનનું ધ્યેય સર્વમુક્તિ છે. હીનયાન સ્વાર્થ સાધના છે. મહાયાન સર્વાર્થ સાધના છે. હીનયાનમાં સ્વોદય છે. મહાયાનમાં સર્વોદય છે. હીનયાનમાં બુદ્ધજીવન માયિક નથી. મહાયાનમાં બુદ્ધજીવન માયિક છે. હીનયાનમાં બુદ્ધ માર્ગશોધક મહામાનવ છે. મહાયાનમાં બુદ્ધ લોકોત્તર છે. હીનયાની સાધનામાં ભક્તિનું સ્થાન નહિવત્ છે. મહાયાની સાધનામાં ભક્તિનું સ્થાન મહત્ત્વનું છે. હીનયાની સાધનામાં બોધ્યંગો, આર્યઅષ્ટાંગિક માર્ગનું પ્રાધાન્ય છે. હીનયાન સમાધિમાર્ગ છે. મહાયાની સાધનામાં પારમિતાઓનું પ્રાધાન્ય છે. મહાયાનમાં દાન આદિ ગુણોની પૂર્ણતા માટેની સાધના મુખ્ય છે. હીનયાનમાં એકાન્તવાસ જરૂરી છે. મહાયાનમાં પારમિતાઓની સાધના માટે એકાન્તવાસ અનુકૂળ નથી.

આંધ્રપ્રદેશમાં ગયેલા મહાસાંઘિકોનો મહાયાનના ઉદ્ભવ સાથે સાક્ષાત્ સંબંધ છે. આ મહાસાંઘિકોની વૈતુ(પુ)લ્યક શાખામાં ઈ. સ. પૂર્વ પ્રથમ શતાબ્દીમાં મહાયાનનો જન્મ થયો હોય એમ લાગે છે. ભાગવતોક્ત ભક્તિની જેમ મહાયાનની ભક્તિનો ઉદ્ભવ પણ દક્ષિણમાં થયો જણાય છે. મહાયાનના પ્રધાન આચાર્યો મોટા ભાગે દાક્ષિણાત્ય હતા એ આ મતને પુષ્ટિ આપે છે. અષ્ટસાહસ્રિકાપ્રજ્ઞાપારમિતા નામના મહાયાન સૂત્રગ્રંથમાં જણાવવામાં આવ્યું છે કે પ્રજ્ઞાપારમિતાનો ઉદ્ભવ દક્ષિણાપથમાં થશે, ત્યાંથી તે પૂર્વ દિશામાં પ્રયાણ કરશે અને છેવટે ઉત્તરમાં પુષ્ટ થશે. એક બૌદ્ધ અનુશ્રુતિ અનુસાર દાક્ષિણાત્ય નરેશ સાતવાહને વૈપુલ્યસૂત્રોનો ( = મહાયાનસૂત્રોનો ) પ્રચાર કર્યો હતો અને બૌદ્ધ ધર્મની રક્ષા કરી હતી. આંધ્રદેશથી મહાયાન મગધ તરફ આગળ વધ્યો. આંધ્ર અને મગધ બંને એ વખતે

બૌદ્ધ યાત્રાનાં મહત્ત્વનાં ક્ષેત્રો હતાં અને આંધ્રથી ઉત્તર તરફ જતી માર્ગપદ્ધતિ મગધગામી હતી. મગધથી મહાયાનનો પ્રસાર પરિચિત વ્યાપારમાર્ગ દ્વારા ઉત્તરાપથમાં થયો. ઉત્તરાપથમાં ઉડ્ડીયાન અને બામિયાન સુધી લોકોત્તરવાદીઓના આવાસો હતા. ઈ. સ.ની પ્રથમ શતાબ્દી પૂરી થતાં સુધીમાં મહાયાન સુદૂર ઉત્તરપશ્ચિમ ભારતની સીમા ઓળંગી ચૂકયો હતો અને બીજી શતાબ્દીમાં સુગ્ધ, પર્થવ અને ખોતની ભિક્ષુઓની સહાયથી તે મધ્ય એશિયા અને ચીનમાં પ્રસારિત થયો.[૧]

## [૨] મહાયાનસૂત્રો

મહાયાનસૂત્રો અનેક છે. પરંતુ એમાં કેટલાક સૂત્રગ્રંથોનો વિશેષ આદર છે. આવા સૂત્રગ્રંથો નવ છે. તે છે – અષ્ટસાહસ્રિકાપ્રજ્ઞાપારમિતા, સદ્ધર્મપુંડરીક, લલિતવિસ્તર, લંકાવતાર, સુવર્ણપ્રભાસ, ગંડવ્યૂહ, તથાગતગુહ્યક, સમાધિરાજ અને દશભૂમીશ્વર. મહાયાનસૂત્રોને વૈપુલ્યસૂત્રો પણ કહેવામાં આવે છે. તેમનો રચનાકાળ લગભગ ઈ. સ. પૂર્વ પ્રથમ શતાબ્દીથી ઈ. સ.ની પ્રથમ શતાબ્દી સુધીનો છે.

મહાયાનસૂત્રોમાં સર્વોત્કૃષ્ટ ગ્રંથ સદ્ધર્મપુંડરીક છે. તે ઈ. સ.ની પ્રથમ શતાબ્દીના આરંભની રચના છે. તેમાં ૨૭ પરિવર્ત (= અધ્યાય) છે. આ ગ્રંથમાંથી કેટલાક મહત્ત્વના ભાગનો ભાવાનુવાદ અહીં આપીએ છીએ:

ભગવાન બુદ્ધ સમાધિમાંથી જાગ્યા. તે સારિપુત્રને કહેવા લાગ્યા, "હે સારિપુત્ર! બુદ્ધોને, સમ્યક્સંબુદ્ધોને ખરેખર જાણવા શ્રાવક અને પ્રત્યેકબુદ્ધો માટે દુષ્કર છે. તેઓ સ્વપ્રત્યયથી ધર્મને પ્રકાશે છે અને પ્રાણીઓના ભિન્ન ભિન્ન સ્વભાવને લક્ષમાં લઈ વિવિધ ઉપાયકૌશલ્યો દ્વારા એમનાં દુ:ખનું નિવારણ કરે છે." ત્યાં ઉપસ્થિત આજ્ઞાતકૌણ્ડિન્ય વગેરેએ અને ક્ષીણાસ્રવ મહાશ્રાવકોએ ભગવાનનાં આ વચનો સાંભળ્યાં. એમને આશ્ચર્ય થયું કે શા માટે ભગવાન આજ વિનંતી કર્યા વિના પોતાની મેળે જ એમ કહી રહ્યા છે કે બુદ્ધસ્વભાવ દુર્વિજ્ઞેય છે; ભગવાને જે વિમુકિત બતાવી છે એ વિમુકિતને (= નિર્વાણને) તો અમે પ્રાપ્ત કરી છે; તો પછી ભગવાન એમ કેમ કહે છે કે બુદ્ધનું જ્ઞાન અમારે માટે અશકય છે. સારિપુત્રે ભગવાનને વિનંતી કરી કે આપ અર્હતોની શંકાનું નિવારણ કરો. ભગવાને કહ્યું, "સારિપુત્ર! સાંભળો, હું કહું છું." ભગવાનના મુખમાંથી આ શબ્દો નીકળ્યા કે તરત જ સભામાંથી પાંચ હજાર આભિમાનિક ભિક્ષુભિક્ષુણીઓ અને ઉપાસકઉપાસીકાઓ ઊઠી સભા છોડી

ગયા. આ જોઈ ભગવાને કહ્યું, "સારું થયું, સારિપુત્ર! હવે સંઘ શુદ્ધ છે. સાંભળો. સારિપુત્ર! તથાગતનું સંઘભાષ્ય દુર્બોધ્ય છે. અનેક નિરુક્તિ અને નિદર્શનોથી તથા વિવિધ ઉપાયકૌશલ્યોથી મેં ધર્મનું પ્રકાશન કર્યું છે. સદ્ધર્મ તર્કગોચર નથી. તથાગત પ્રાણીઓને જ્ઞાનનો પ્રતિબોધ કરાવવા જ ઉત્પન્ન થાય છે. આ મહાકૃત્ય એક જ યાન પર આરૂઢ થઈ બુદ્ધ કરે છે. આ યાન બુદ્ધયાન છે. આનાથી બીજું કોઈ યાન નથી. પ્રાણીઓની ભિન્ન ભિન્ન કક્ષાઓને કારણે વિવિધ ઉપાયકૌશલ્યો છે પરંતુ બધા ઉપાયકૌશલ્યોનું પર્યવસાન બુદ્ધયાનમાં જ છે. આ બુદ્ધયાન જ સર્વજ્ઞતામાં પર્યવસાન પામે છે. તથાગતજ્ઞાન–દર્શનનાં પ્રાપ્તિ, સંદર્શન, અવતરણ અને પ્રતિબોધન કરાવનાર બુદ્ધયાન જ છે. અતીત, અનાગત અને વર્તમાન ત્રણેય કાળમાં તથાગતોએ બુદ્ધયાન જ સ્વીકાર્યો છે. હે સારિપુત્ર! જ્યારે સમ્યક્સંબુદ્ધ ક્લેશ, સંક્ષોભ અને અકુશલમૂલના બાહુલ્યથી યુક્ત જીવોની વચ્ચે પેદા થાય છે ત્યારે તે બુદ્ધયાનનો જ ત્રણ યાનોના રૂપમાં નિર્દેશ કરે છે. એટલે હે સારિપુત્ર! જે શ્રાવક, અર્હત્ યા પ્રત્યેકબુદ્ધ આ મહાયાનને નહિ સાંભળે કે નહિ માને તે શ્રાવક નથી, અર્હત્ નથી કે પ્રત્યેક-બુદ્ધ નથી. હે સારિપુત્ર! તમે વિશ્વાસ રાખો કે એક જ યાન છે અને તે બુદ્ધયાન. બુદ્ધયાન જ મહાયાન છે." આ બધું ઉપાયકૌશલ્ય નામના બીજા પરિવર્તમાં આવે છે.

ભગવાનનો આ ઉપદેશ સાંભળી સારિપુત્ર પ્રમોદ પામ્યા, તેમણે ભગવાનને પ્રણામ કરી કહ્યું, "હે ભગવન્! આપની આ ઘોષણા સાંભળી હું આશ્ચર્યચકિત બન્યો છું. મને ખેદ છે કે હું હીનયાનમાં કયાંથી પ્રવેશ્યો. અનાગતકાળમાં બુદ્ધત્વ પ્રાપ્ત કરીને ધર્મોપદેશ કરવાની તક મેં ગુમાવી. પરંતુ આ મારો અપરાધ છે, આપનો નથી. જો અમે આપને પહેલેથી જ પ્રાર્થના કરી હોત તો આપે અમને ચાર આર્ય સત્યોની દેશના કરતી વખતે જ અનુત્તરા સમ્યક્ સંબોધિની પણ દેશના દીધી હોત અને અમે બુદ્ધયાનમાં જ પ્રવેશ કર્યો હોત. ભગવન્! આજ બુદ્ધયાનનો ઉપદેશ સાંભળી હું કૃતાર્થ થયો છું, મારો પશ્ચાત્તાપ મટી ગયો છે." ભગવાનની વાણીને અભિનંદતા દેવો બોલ્યા, "ભગ-વાને પ્રથમ ધર્મચક્રપ્રવર્તન વારાણસીમાં (=ઋષિપત્તનમાં) કર્યું હતું, આ અનુત્તર દ્વિતીય ધર્મચક્રપ્રવર્તન ભગવાને હવે કર્યું." સારિપુત્ર બોલ્યા, "હે ભગવન્! મારી શંકા તો દૂર થઈ. પરંતુ અહીં તો આપે જેમને શૈક્ષભૂમિમાં સ્થાપ્યા હતા એ બાર હજાર શ્રાવકો છે. આપે તેમને કહ્યું હતું કે હે ભિક્ષુઓ! આટલો જ મારો ધર્મવિનય છે — જાતિ, જરા, વ્યાધિ, મરણ અને શોકનું અતિક્રમણ તેમ જ

નિર્વાણની પ્રાપ્તિ. આપના આ દ્વિતીય ધર્મચક્રપ્રવર્તનને સાંભળી એમને શંકા જાગી છે. ભગવાન એમની શંકા દૂર કરે." ભગવાને કહ્યું, "હે સારિપુત્ર ! હું તમને બધાને એક દૃષ્ટાંતથી સમજાવું. એક નગરમાં એક ધનિક રહે છે. એની હવેલીને આગ લાગી છે. એમાં બાળકો ઘેરાઈ ગયાં છે. બહાર નીકળવાનું એક જ દ્વાર છે. પિતા બહાર છે. તેમની પાસે હીન અને ઉત્તમ કોટિનાં રમકડાં છે. બાળકો હવેલી છોડી બહાર આવવા માંગતા નથી. તેમને ખબર નથી કે આગ લાગી છે. પિતા વિચારે છે કે બાળકોને રમકડાં પ્રિય છે. તે પોકારે છે, "બાળકો ! બહાર આવો. આ બધાં રમકડાં લો." આ સાંભળી બાળકો રમકડાંના લોભથી શીઘ્ર બહાર નીકળી આવે છે. હે સારિપુત્ર ! તે પિતા બધાં બાળકોને ઉત્તમ કોટિનાં જ રમકડાં આપે છે, મધ્યમ કોટિનાં કે હીન કોટિનાં રમકડાં આપતો નથી. આવું કેમ? કારણ કે તે બધાં બાળકો તેના પુત્રો હતાં, તે બધાં તેને પ્રિય હતાં, તે પોતે ખૂબ ધનવાન હતો અને તેના ભંડારો ભરપૂર હતા. તેવી જ રીતે, હે સારિપુત્ર ! આ બધા મારા પુત્રો છે. મારે એ બધાને સમાન ગણી 'મહાયાન' જ દેવો જોઈએ. શું સારિપુત્ર ! પિતા ત્રણ યાનો બતાવી એક 'મહાયાન' જ દે તો એમાં એણે મૃષાવાદ આચર્યો કહેવાય ?" સારિપુત્રે ઉત્તર આપ્યો "ના ભગવાન." ભગવાન બોલ્યા, "બરાબર છે, સારિપુત્ર ! તથાગત સમ્યક્સંબુદ્ધ છે, મહાન ઉપાયકૌશલ ધરાવે છે, પારમિતા તેમને સિદ્ધ છે, પરમ હિતૈષી છે, મહા કારુણિક છે. આ બધા પ્રાણીઓનો હું પિતા છું. દુઃખરૂપી બળતી હવેલીમાંથી તેમને બહાર કાઢવા માટે હું શ્રાવકયાન, પ્રત્યેકબુદ્ધયાન અને બુદ્ધયાન (=મહાયાન) દેખાડું છું પરંતુ છેવટે બધાને મહાયાનની જ દેશના કરું છું. તે જ શ્રેષ્ઠ યાન છે." આ બધું ઔપમ્ય નામના ત્રીજા પરિવર્તમાં આવે છે.

સૂભૂતિ, મહાકાશ્યપ અને મહામૌદ્ગલ્યાયને આશ્ચર્યચકિત થઈ ભગવાનને કહ્યું, "હે ભગવન્ ! આ ભિક્ષુસંઘમાં અમે જીર્ણ, વૃદ્ધ અને સ્થવિર છીએ. અમે નિર્વાણ પામ્યા છીએ. એટલે અનુત્તારા સમ્યક્સંબોધિની બાબતમાં અમે નિરુદ્યમી છીએ, બુદ્ધસ્વભાવમાં યા બોધિસત્ત્વવિક્રીડિતમાં અમને સ્પૃહા નથી. ભગવન્ ! અમે તો નિર્વાણ જ ઇચ્છતા હતા. હવે ભગવાને તો એ પણ બતાવ્યું કે અમારા જેવા અર્હત્ પણ સંબોધિની પ્રાપ્તિ કરીને તથાગત બુદ્ધ બની શકે છે. અદ્ભુત, અચિંતિત, અપ્રાર્થિત, અપ્રમેય રત્ન અમને આજ ભગવાન પાસેથી મળ્યું." આ બધું અધિમુક્ત નામના ચોથા પરિવર્તમાં આવે છે.

ભગવાને કહ્યું, "હે કાશ્યપ ! તથાગત ધર્મસ્વામી છે, ધર્મરાજ છે અને પ્રભુ છે. તે સર્વ ધર્મોનું યુક્તિપૂર્વક પ્રદાન કરે છે. જગતમાં પૃથ્વી, પર્વત,

ગિરિકંદરા, વગેરેમાં ઉત્પન્ન થયેલાં જેટલાં તૃણ, ગુલ્મ, ઔષધિ અને વનસ્પતિઓ છે એ બધાંને મહાજલ મેઘ એક સાથે એક સરખી વારિધારા દે છે. એક ધરણી ઉપર જ તૃણ, ગુલ્મ, ઔષધિ અને વનસ્પતિઓ પ્રતિષ્ઠિત છે અને એ બધાં એક જળથી અભિષ્યંદિત છે તેમ છતાં તેઓ પોતપોતાની યોગ્યતાનુરૂપ જ જળ લે છે અને ફળ દે છે. બરાબર આ રીતે જ જ્યારે તથાગત ધર્મવર્ષા કરે છે ત્યારે અનેક પ્રાણીઓ એમની પાસેથી ધર્મશ્રવણ કરે છે. તથાગત પણ એ બધાંને એમની શ્રદ્ધા, વીર્ય વગેરેને જાણીને ભિન્ન ભિન્ન ધર્મપર્યાયોનો ઉપદેશ દે છે. પ્રાણીઓ પણ યથાબલ યથાસ્થાન સર્વજ્ઞધર્મમાં અધિમુકત ( = પ્રતિષ્ઠિત) બને છે. જેમ મેઘનું જળ એક છે તેમ તથાગતનો ધર્મોપદેશ પણ એક છે. પરંતુ શ્રોતાઓની હીન, મધ્યમ અને ઉત્કૃષ્ટ અધિમુક્તિને ( = ભૂમિકાને ) જાણીને જ જેટલો જરૂરી હોય તેટલો જ ઉપદેશ તથાગત આપે છે. તથાગત ભિન્ન ભિન્ન કક્ષાના શ્રોતાઓને જાણતા હોઈ તેમના રક્ષણ માટે સહસા સર્વજ્ઞજ્ઞાનને પ્રકાશિત કરતા નથી. એટલે હે કાશ્યપ! બોધિની પ્રાપ્તિ જ સર્વોત્કૃષ્ટ પ્રાપ્તિ છે." આ વસ્તુ ઔષધી નામના પાંચમા પરિવર્તમાં આવે છે.

અગીઆરમાં સ્તૂપસંદર્શનપરિવર્તમાં ધર્મપર્યાયના ઉપદેશ પછી ભગવાનની સમક્ષ પરિષદ્‌ની મધ્યમાંથી એક સપ્તરત્નમય સ્તૂપનો આવિર્ભાવ થાય છે અને અંતરિક્ષમાં તે પ્રતિષ્ઠિત થાય છે. ભગવાન કહે છે, "હે બોધિસત્ત્વ! આ મહાસ્તૂપ તથાગતનું શરીર છે." આ પરિવર્તમાં ભગવાનના અનેક પ્રાતિહાર્યની વાતો છે. આ પરિવર્તમાં બુદ્ધના વિશ્વરૂપનું દર્શન સાગર નાગરાજની કન્યાને થાય છે. આ કન્યા પરમ ભકિતથી પોતાનો મહાર્ઘમણિ ભગવાનને સમર્પિત કરે છે. એ જ ક્ષણે કન્યાની સ્ત્રીન્દ્રિય અંતર્હિત થઈ જાય છે અને પુરુષેન્દ્રિય પ્રકટ થાય છે. અને તે બોધિસત્ત્વનું રૂપ પામે છે.

તથાગતાયુષ્પ્રમાણપરિવર્ત નામના પંદરમા પરિવર્તમાં બુદ્ધના લોકોત્તર-ભાવનો પરિચય મળે છે. "હે કુલપુત્રો! લોકો એવું માને છે કે ભગવાન શાકય-મુનિએ શાકયકુળમાંથી અભિનિષ્ક્રમણ કરીને ગયામાં બોધિમંડની નીચે સમ્યક્‌સંબોધિ પ્રાપ્ત કરી છે. હે કુલપુત્રો! એવું નથી. અનેક કોટિ કલ્પો પહેલાં જ મેં સમ્યક્‌સંબોધિ પ્રાપ્ત કરી છે. જ્યારથી મેં આ લોકમાં પ્રાણીઓને ધર્મોપદેશ દેવાનો આરંભ કર્યો છે ત્યારથી આજ સુધી મેં સમ્યક્‌સંબુદ્ધોનું જે પરિકીર્તન કર્યું છે અને દીપંકર વગેરે તથાગતોના નિર્વાણનું જે વર્ણન કર્યું છે તે બધું ઉપાયકૌશલ્યથી ધર્મદેશના દેવા માટે કર્યું છે. જે પ્રાણીઓ અલ્પકુશલમૂલસંયુકત

છે તેમને હું કહું છું કે મને હમણા જ સમ્યક્સંબોધિ પ્રાપ્ત થઈ છે. મારું આમ કહેવું સત્ત્વોના પરિપાચન માટે છે. સત્ત્વોના વિનયને માટે જ આ બધા ધર્મપર્યાયો છે; પ્રાણીઓના ઉપકાર માટે તથાગત આત્માલંબન યા પરાલંબનથી ઉપદેશ દે છે. પરંતુ તથાગતે સત્યનું દર્શન કર્યું છે કે આ ત્રૈધાતુક નથી ભૂત કે નથી અભૂત, નથી સત્ કે નથી અસત્, નથી સંસાર કે નથી નિર્વાણ. વસ્તુત: ભગવાન ચિરકાલથી અભિસંબુદ્ધ છે, અપરિમિતાયુ છે. તથાગત અપરિનિર્વૃત્ત છે, કેવળ વૈનેયવશ બનીને પરિનિર્વાણને બતાવે છે."

એકવીસમા ધારણીપરિવર્તમાં ધર્મપર્યાયની રક્ષા કાજે અનેક ધારણીમંત્ર આપવામાં આવ્યા છે. બાવીસમા પરિવર્તમાં ભૈષજયરાજ બોધિસત્ત્વની ચર્યાનું વર્ણન છે. ચોવીસમા સમન્તમુખપરિવર્તમાં અવલોકિતેશ્વર બોધિસત્ત્વના મહિમાનું અદ્ભુત વર્ણન છે. ભક્તિમાર્ગની ચરમ કોટિના અહીં દર્શન થાય છે.

સદ્ધર્મપુંડરીકમાંથી જે અંશો આપ્યા અને તેનો જે થોડો પરિચય કરાવ્યો તે ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે મહાયાન પોતાને હીનયાનથી ચઢિયાતો ગણે છે. અહીં કહ્યું છે કે સ્થવિર અર્હતોને બુદ્ધયાનની દીક્ષા દેવા માટે ભગવાને દ્વિતીય ધર્મચક્રપ્રવર્તન કર્યું. પાલિગ્રંથોમાં ભગવાનની દેશના બે પ્રકારની જણાવી છે — એક તો શીલકથા, દાનકથા આદિ ઉપાસકોચિત અને બીજી ચતુરાર્યસત્ય, બોધ્યંગ વગેરેની ભિક્ષુકોચિત. સદ્ધર્મપુંડરીકમાં ચતુરાર્યસત્યની દેશના અને સર્વજ્ઞજ્ઞાનપર્યવસાયી દેશના એવા દેશનાના બે પ્રકાર જણાવ્યા છે. આ સર્વજ્ઞજ્ઞાનપર્યવસાયી નવીન દેશના ભગવાને સારિપુત્રને પહેલાં કેમ ન આપી એ પ્રશ્નના ઉત્તરમાં કહ્યું છે કે એ ભગવાનનું ઉપાયકૌશલ્ય છે. આ નવીન દેશના જ પરમાર્થ દેશના છે. આ દ્વિતીય ધર્મચક્રપ્રવર્તનમાં સારિપુત્ર આદિ બધા મહાસ્થવિર અર્હતોને આશ્વાસન આપવામાં આવ્યું છે કે તમે બધા ભવિષ્યમાં બુદ્ધત્વ પ્રાપ્ત કરશો. હીનયાનમાં ઉપદિષ્ટ ધર્મ પણ બુદ્ધનો જ ઉપદેશેલો ધર્મ છે. તેને એકાન્તપણે મિથ્યા ન મનાય. તે કેવળ ઉપાયસત્ય છે. પરમાર્થ સત્ય તો બુદ્ધયાન યા મહાયાન જ છે. ભગવાનનું લોકોત્તર રૂપ સદ્ધર્મપુંડરીકમાં વધુ સ્પષ્ટ થાય છે. સદ્ધર્મપુંડરીકમાં જો કે બુદ્ધયાન અને બુદ્ધના મહિમાનું વર્ણન પ્રધાન છે તેમ છતાં કેટલાક પરિવર્તોમાં અવલોકિતેશ્વર આદિ બોધિસત્ત્વોને બુદ્ધની સમકક્ષ મૂકવામાં આવ્યા છે. સમન્તમુખપરિવર્તમાં અવલોકિતેશ્વર બોધિસત્ત્વની મહાકરુણાનું અદ્ભુત વર્ણન છે. અન્ય બોધિસત્ત્વ અને અવલોકિતેશ્વર બોધિસત્ત્વમાં અંતર એ છે કે અન્ય બોધિસત્ત્વ બોધિપ્રાપ્તિના ફળરૂપે મળેલા નિર્વાણનો સ્વીકાર કરે છે જ્યારે

અવલોકિતેશ્વરે બોધિની પ્રાપ્તિ કરી હોવા છતાં નિર્વાણને સ્વીકારતા નથી અને જ્યાં સુધી સંસારનું એક પણ પ્રાણી દુ:ખી હોય ત્યાં સુધી નિર્વાણનો સ્વીકાર ન કરવાનો એમનો સંકલ્પ છે. વાસ્તવમાં અવલોકિતેશ્વર બુદ્ધ જ છે. પરંતુ અન્ય બુદ્ધ બોધિના ફળ નિર્વાણનો સ્વીકાર કરે છે જ્યારે અવલોકિતેશ્વર બોધિના ફળ નિર્વાણનો સ્વીકાર ન કરતાં લોકકલ્યાણ કરવામાં જ પ્રવૃત્ત રહે છે. અવલોકિતેશ્વર સદા બોધિસત્ત્વની સાધનાથી સંપન્ન છે. આને કારણે એમની શ્રેષ્ઠતામાં ન્યૂનતા આવતી નથી. આ માન્યતાનું બીજ દીઘનિકાયના મહાપરિનિર્વાણસુત્તમાં રોપાઈ ગયું છે. ત્યાં જણાવવામાં આવ્યું છે કે બુદ્ધ પરિનિર્વાણમાં પ્રવેશ કર્યા વિના સદ્ધર્મનો ઉપદેશ કરી લોકોનો ઉદ્ધાર કરતા કલ્પ સુધી આયુ લંબાવી રહી શકયા હોત પરંતુ આનંદ તેમને વિનંતી કરે તે પહેલાં તેમણે પરિનિર્વાણમાં પ્રવેશવાનો સંકલ્પ કરી લીધો હતો.

અવલોકિતેશ્વર બોધિસત્ત્વના સ્મરણમાત્રથી અનેક દુ:ખો અને આપત્તિઓમાં રક્ષણ મળે છે. મહાઅગ્નિથી, વેગવતી નદીના ભયથી, સમુદ્રપ્રવાસમાં ઝંઝાવાતથી રક્ષણ કરવાની શક્તિ અવલોકિતેશ્વરના નામોચ્ચારણમાત્રમાં છે. અવલોકિતેશ્વરની ભક્તિમાં બોધિસત્ત્વોપાસનાનો પ્રબળ પ્રારંભ આપણને જોવા મળે છે.

કારંડવ્યૂહ નામના મહાયાનસૂત્રમાં બોધિસત્ત્વના મહિમાનું ગાન છે. આ રચના ઈ. સ. ની બીજી—ત્રીજી શતાબ્દીની જણાય છે. આ ગ્રંથમાં 'આદિબુદ્ધ'ની કલ્પના મળે છે. નિત્યમુક્ત અને સર્વજ્ઞ ઈશ્વરની કલ્પના જેવી આ કલ્પના છે. તે જગતના કર્તા પણ છે. સમસ્ત વિશ્વના પ્રારંભમાં સ્વયંભૂ યા આદિનાથ નામના આદિબુદ્ધ પ્રગટ થયા. એમણે સમાધિથી વિશ્વનું નિર્માણ કર્યું. એમના સત્ત્વમાંથી અવલોકિતેશ્વરની ઉત્પત્તિ થઈ. અવલોકિતેશ્વરના શરીરમાંથી દેવોની સૃષ્ટિ ઉત્પન્ન થઈ.

આ કારંડવ્યૂહમાં અવલોકિતેશ્વરની મહાકરુણાના અનેક વર્ણનો આવે છે. તે અવીચિ નરકમાં જઈ નારકોને દુ:ખમાંથી બચાવે છે. તે ભૂત, પ્રેત અને રાક્ષસોને પણ સુખ પહોંચાડે છે. અવલોકિતેશ્વર કેવળ કરુણામૂર્તિ જ નથી પણ સૃષ્ટિના સ્રષ્ટા પણ છે. એમનું રૂપ વિરાટ છે. એમની આંખોમાંથી સૂર્ય—ચંદ્ર, ભમ્મરમાંથી મહેશ્વર, ભુજાઓમાંથી બ્રહ્મા આદિ દેવ, હૃદયમાંની નારાયણ, અંત્ય દાંતોમાંથી સરસ્વતી, મુખમાંથી મરુત્, પગોમાંથી પૃથ્વી અને પેટમાંથી વરુણ ઉત્પન્ન થયા છે. એમની ઉપાસના સ્વર્ગાપવર્ગની પ્રાપક છે. આ મહાયાનસૂત્રમાં મંત્ર અને તંત્ર પણ છે. "ॐ मणिपद्मे हूँ" આ ષડક્ષરમંત્ર સૌ પ્રથમ વાર

અહીં મળે છે. આમ કારંડવ્યૂહમાં આદિબુદ્ધ, સ્રષ્ટાબુદ્ધ, મંત્રતંત્રથી સમન્વિત બૌદ્ધ ધર્મ અને ભક્તિમાર્ગનું દર્શન થાય છે.

સુખાવતીવ્યૂહ નામના મહાયાનસૂત્રની રચના ઈ. સ. ની પ્રથમ શતાબ્દીમાં થઈ જણાય છે. તેમાં અમિતાભ બુદ્ધના સુખાવતીલોકનું અદ્‌ભુત વર્ણન મળે છે. 'પુણ્યસંભાર'ની કલ્પના સુખાવતીવ્યૂહમાં ખૂબ પ્રબળ છે. પુણ્યના પરિણામે સુખાવતીલોક પ્રાપ્ત થાય છે. સુખાવતીલોકની કલ્પના સ્વર્ગની કલ્પના જેવી છે. સુખાવતી મહાયાનીનું સ્વર્ગ છે, નંદનવન છે. આ લોકમાં નરક, પ્રેત, અસુર અને તિર્યંચનો અભાવ છે. આ આનંદમય લોક છે. અહીં લાખ્ખો રત્નવૃક્ષો ઊગે છે, સુવર્ણકમળો ખીલે છે, નદીઓના જળનો રજતપ્રવાહ કલકલધ્વનિ કરતો વહે છે. અહીં અખંડ પ્રકાશ છે, સદાકાળ દિન છે, રાત્રિ છે જ નહિ. અહીં ગર્ભજ જન્મ નથી. બધા જીવો ઉપપાદુક છે, અને કમલદળમાંથી આવિર્ભાવ પામે છે. અહીં આવિર્ભાવ પામનારા જીવો અલૌકિક સદ્‌ગુણોથી વિભૂષિત છે. જે સુખની કલ્પના તેઓ કરે છે તે તેમની સમક્ષ ઉપસ્થિત થાય છે. આમ મહાયાની સ્વર્ગની વિશિષ્ટ કલ્પનાને પ્રસ્તુત કરવી એ આ ગ્રંથનું પ્રધાન લક્ષ્ય છે.

ગંડવ્યૂહ નામના મહાયાનસૂત્રની રચના પણ ઈ. સ. ની પહેલી કે બીજી શતાબ્દીમાં થઈ જણાય છે. આ ગ્રંથમાં બોધિસત્ત્વની ઉપાસનાનું અતિસુંદર વર્ણન મળે છે. આમાં સુધન નામનો એક શ્રેષ્ઠિપુત્ર પરમતત્ત્વની પ્રાપ્તિ માટે દેશવિદેશ પર્યટન કરતો, અનેક વ્યક્તિઓ પાસેથી શિક્ષા પ્રાપ્ત કરતો અને અંતમાં મંજુશ્રી બોધિસત્ત્વના અનુગ્રહથી પરમાર્થને પ્રાપ્ત કરતો વર્ણવવામાં આવ્યો છે. એક સ્થાને આર્ય મૈત્રેય સુધનને કહે છે, "હે કુલપુત્ર! તમે બોધિસત્ત્વચર્યાને જાણવાને ઉત્સુક છો. તે માટે આ વૈરોચનવ્યૂહાલંકારગર્ભના મહાકૂટની અંદર પ્રવેશ કરીને જુઓ. ત્યાં તમે જાણશો કે કેવી રીતે બોધિ-સત્ત્વચર્યાની પૂર્તિ થાય છે અને એની પરિનિષ્પત્તિ શી છે." મૈત્રેયના કહેવાથી સુધને પેલા કૂટાગારમાં પ્રવેશ કર્યો. તેને વિરાટદર્શન થયું. બધા લોકોના બુદ્ધો અને બોધિસત્ત્વોનું તેને દર્શન થયું. આ સમગ્ર વર્ણન રોમાંચક છે. ધર્મના વિકાસમાં, ભક્તિપરંપરામાં બૌદ્ધ ધર્મ વિરાટદર્શનોના પૂરથી ઘેરાઈ રહ્યો હતો. એનો પરમ પ્રકર્ષ આપણને આ ગ્રંથમાં જોવા મળે છે. એ વિરાટદર્શન જોઈને સુધન આશ્ચર્યચકિત થઈ ગયો. આ પ્રાતિહાર્ય આર્ય મૈત્રેયનું હતું. આર્યમૈત્રેયે એને સમાધિમાંથી જગાડી કહ્યું. "હે કુલપુત્ર! માયાસ્વપ્નપ્રતિભાસોપમ આ

વિશ્વ છે.........તેમ છતાં પણ હે કુલપુત્ર! બોધિસત્ત્વની ગતિ મહાકરુણાગતિ છે, મહામૈત્રીગતિ છે.........હે કુલપુત્ર! પ્રજ્ઞાપારમિતા બોધિસત્ત્વની માતા છે, ઉપાયકૌશલ્ય પિતા છે, દાનપારમિતા સ્તન્ય છે, શીલપારમિતા ધાત્રી છે, ક્ષાન્તિપારમિતા ભૂષણ છે, વીર્યપારમિતા સંવર્ધિકા છે, ધ્યાનપારમિતા ચર્યાવિશુદ્ધિ છે, કલ્યાણમિત્ર શિક્ષાચાર્ય છે, બોધ્યંગો સહાયકો છે, બોધિસત્ત્વો ભાઈઓ છે, બોધિચિત્ત કુલ છે."

લગભગ ઈ. સ. ની પ્રથમ શતાબ્દીમાં રચાયેલા કાશ્યપપરિવર્ત નામના મહાયાનસૂત્રમાં તો ત્યાં સુધી કહેવામાં આવ્યું છે કે બુદ્ધની પૂજાથી પણ બોધિસત્ત્વની પૂજા અધિક ફલપ્રદ છે. "હે કાશ્યપ! જેવી રીતે બીજના ચંદ્રની વિશેષ પૂજા થાય છે, પૂનમના ચંદ્રની વિશેષ પૂજા થતી નથી તેવી જ રીતે મારા અનુયાયીઓએ પણ બુદ્ધથી પણ વિશેષે બોધિસત્ત્વની પૂજા કરવી કારણ કે બુદ્ધ બોધિસત્ત્વમાંથી જ ઉત્પન્ન થાય છે."

લગભગ ઈ. સ. ની પ્રથમ શતાબ્દીમાં રચાયેલા દશભૂમીશ્વર નામના મહાયાનસૂત્રમાં બોધિસત્ત્વના વિકાસની દસ ભૂમિકાઓનું વર્ણન છે. 'મહાવસ્તુ'માં આ સિદ્ધાંતનું પૂર્વરૂપ મળે છે. મહાયાનનો આ વિશિષ્ટ સિદ્ધાંત છે.

મહાયાનસૂત્રોમાં બે પ્રકારના ગ્રંથો છે. એક પ્રકારના ગ્રંથોમાં બુદ્ધ, બોધિસત્ત્વ અને બુદ્ધયાનની મહત્તા દર્શાવી છે તેમ જ ભક્તિને પુષ્ટ કરી છે. આ પ્રકારના ગ્રંથો લલિતવિસ્તર, સદ્ધર્મપુંડરીક વગેરે છે. બીજા પ્રકારના ગ્રંથોમાં મહાયાનના સિદ્ધાંતોની મહત્તા દર્શાવી છે. પ્રજ્ઞાપારમિતાસૂત્ર આ બીજા પ્રકારનો ગ્રંથ છે. એમાં છ પારમિતાઓનું વર્ણન છે. પરંતુ તેમાંય પ્રધાનપણે તો પ્રજ્ઞાની પૂર્ણતાનું વિવરણ વિશેષરૂપે કરવામાં આવ્યું છે અને આમ કરતી વખતે મહાયાનના દાર્શનિક સિદ્ધાંતોની મહત્તા પ્રકટ કરી છે. આ ગ્રંથની રચનાનો સમય પણ ઈ. સ. ની શરૂઆત લાગે છે.

## [૩] મહાયાનસૂત્રોમાં બુદ્ધ–બોધિસત્ત્વની લોકોત્તરતા

મહાયાનસૂત્રોમાં બુદ્ધ-બોધિસત્ત્વની લોકોત્તરતા પુષ્ટ બને છે. બુદ્ધ સહસ્રકોટિ કલ્પથી છે. એમના આયુનું પ્રમાણ અનંત કલ્પ છે. બુદ્ધ લોકપિતા છે, સ્વયંભૂ છે.[૨] બુદ્ધ સદા ગૃધ્રકૂટ પર્વત પર વાસ કરે છે અને જ્યારે ધર્મનો ઉપદેશ કરવા ઇચ્છે છે ત્યારે ભ્રૂમધ્યના ઊર્ણાકોશમાંથી એક રશ્મિ કાઢી ફેલાવે છે, આ રશ્મિથી અઢાર હજાર બુદ્ધક્ષેત્રો પ્રકાશિત થાય છે. બુદ્ધોની સંખ્યા

અનંત છે. સદ્ધર્મપુંડરીકમાં ભગવાન કહે છે કે સહસ્રકોટિ કલ્પથી મેં સંબોધિ પ્રાપ્ત કરેલ છે અને હું સદા ધર્મનો ઉપદેશ કરું છું.[3] વધુમાં ભગવાન કહે છે, "હું જીવોના કલ્યાણ માટે વિવિધ ઉપાયોનો ઉપયોગ કરું છું અને એમને નિર્વાણભૂમિનું દર્શન કરાવું છું. હું પોતે નિર્વાણમાં પ્રવેશ કરતો નથી. હું નિરંતર ધર્મનો પ્રકાશ કરતો રહું છું. મૂઢચિત્ત જીવો મને દેખતા નથી. મારું નિર્વાણ થઈ ગયું છે એમ સમજી તેઓ મારા અવશેષોની અને શરીરની વિવિધ પ્રકારે પૂજા કરે છે પરંતુ મને દેખતા નથી. એમનામાં એક પ્રકારની સ્પૃહા ઉત્પન્ન થાય છે, પરિણામે એમનું ચિત્ત સરળ બને છે. જ્યારે એવા સરળ અને મૃદુ જીવો શરીરત્યાગ કરે છે ત્યારે હું તેમને ગૃધ્રકૂટ પર્વત ઉપર એકત્રિત કરી એમને મારું દર્શન કરાવું છું અને એમને કહું છું કે એ વખતે મારું નિર્વાણ થયું ન હતું, એ તો મારું ઉપાયકૌશલ્ય હતું. હું જીવલોકમાં વારંવાર આવું છું."[4]

પ્રજ્ઞાપારમિતાસૂત્રના ભાષ્યમાં નાગાર્જુન કહે છે કે તથાગત સદા ધર્મનો ઉપદેશ કરે છે. પરંતુ પ્રાણીઓ પોતાના પાપકર્મના લીધે એમના ઉપદેશને સાંભળી શકતા નથી કે એમની આભાને દેખી શકતા નથી. શું બહેરો વજ્રઘોષને સાંભળી શકે? શું આંધળો સૂર્યપ્રકાશને દેખી શકે? લલિતવિસ્તરમાં એક સ્થળે આનંદ અને બુદ્ધનો સંવાદ આવે છે. બુદ્ધ આનંદને કહે છે, "ભવિષ્યમાં કેટલાક ભિક્ષુઓ અભિમાની અને ઉદ્ધત બનશે. તેઓ બોધિસત્ત્વની ગર્ભાવક્રાન્તિ-પરિશુદ્ધિમાં વિશ્વાસ નહિ ધરાવે. તેઓ કહેશે કે એ તે કેવી રીતે સંભવે કે માતાની કુક્ષિમાં બોધિસત્ત્વ ગર્ભમળથી અલિપ્ત રહે. તેઓ જાણતા નથી કે તથાગત દેવતુલ્ય છે અને આપણે તો મનુષ્યમાત્ર છીએ, આપણે એમના સ્થાનની પૂર્તિ કરવા સમર્થ નથી. એમણે સમજવું જોઈએ કે તેઓ ભગવાનની ઈયત્તા અને પ્રમાણને જાણવા સમર્થ નથી; ભગવાનની ઈયત્તા અને પ્રમાણ બંને અચિંત્ય છે. કરંડવ્યૂહમાં અવલોકિતેશ્વરના લોકોત્તર ગુણોનું વર્ણન છે. આ ગ્રંથમાં લખ્યું છે કે આરંભમાં આદિબુદ્ધનો ઉદય થયો. એમને સ્વયંભૂ અને આદિનાથ પણ કહેવામાં આવે છે. એમણે ધ્યાન દ્વારા વિશ્વની સૃષ્ટિ કરી છે. અવલોકિતેશ્વરની ઉત્પત્તિ આદિબુદ્ધે કરી. અવલોકિતેશ્વરે સૃષ્ટિની રચનામાં આદિબુદ્ધને સહાય કરી.

સુખાવતીવ્યૂહમાં લખ્યું છે કે જો બુદ્ધ ઈચ્છે તો એક પિંડપાત કરીને (અર્થાત્ એક વાર ભિક્ષા ગ્રહણ કરીને) કલ્પશતસહસ્ર સુધી અને એનાથી પણ

વધુ કાળ સુધી રહી શકે છે, તેમ છતાં એમની ઇન્દ્રિયો નષ્ટ થતી નથી, એમનું મુખ વિવર્ણ બનતું નથી, એમની કાન્તિ મ્લાન થતી નથી.[૫] આ બુદ્ધનો લોકોત્તરભાવ છે. સુખાવતીલોકમાં અમિતાભ બુદ્ધ નિવાસ કરે છે, અમિતાભની પ્રતિભા અનુપમ છે, એનું પ્રમાણ નથી. આ કારણે જ એમને 'અમિતાભ' 'અમિતપ્રભ' આદિ નામે ઓળખવામાં આવે છે. અમિતાભની પ્રભા-વિભૂતિ અપ્રમેય, અસંખ્યેય, અચિન્ત્ય અને અપર્યન્ત છે. અમિતાભનો શ્રાવકસંઘ પણ અનન્ત અને અપર્યન્ત છે. અમિતાભનું આયુ અપરિમિત છે. એટલે જ એમનું એક નામ 'અમિતાયુ' પણ છે. સાંપ્રત કાલગણના અનુસાર અમિતાયુને સંબોધિ પ્રાપ્ત કર્યાને આજે દશ કલ્પ વીતી ગયા છે. સમાધિરાજમાં લખ્યુ છે કે બુદ્ધનું ધ્યાન કરતાં કરતાં શ્રાવકે કોઈ રૂપકાયનું ધ્યાન ન કરવું જોઈએ કારણ કે બુદ્ધનું શરીર ધર્મશરીર છે, બુદ્ધની ઉત્પત્તિ થતી નથી, બુદ્ધ કારણ-રહિત કાર્ય છે, બુદ્ધ બધાનું આદિ કારણ છે, બુદ્ધનો આરંભ નથી. બુદ્ધનું સાચું શરીર ધર્મકાય છે. તેથી સુખાવતીવ્યૂહમાં બુદ્ધને 'ધર્મસ્વામી' અને બુદ્ધ-ચરિતમાં 'ધર્મરાજ' કહ્યાં છે. મહાયાનશ્રદ્ધોત્પાદશાસ્ત્રમાં કહ્યું છે કે બુદ્ધે નિર્વાણમાં પ્રવેશ કર્યો જ નથી. એમની કાયા શાશ્વત છે.

## [૪] મહાયાનનો ત્રિકાયવાદ

બુદ્ધની લોકોત્તરતાના સિદ્ધાંતને વ્યવસ્થિત રૂપ આપવા મહાયાનીઓએ ત્રિકાયવાદ ઘડયો છે. તેથી ત્રિકાયવાદ મહાયાન બૌદ્ધ ધર્મનો મહત્ત્વનો સિદ્ધાન્ત ગણાય. આ સિદ્ધાન્ત અનુસાર બુદ્ધની ત્રણ કાયાઓ માનવામાં આવી છે— ધર્મકાય, સંભોગકાય (= રૂપકાય) અને નિર્માણકાય. આપણે ક્રમશઃ ત્રણેય કાયોનું નિરૂપણ કરીશું.

ધર્મકાય—સ્થવિરવાદમાં બુદ્ધની ધર્મકાયની માન્યતા હતી.[૬] ત્યાં ધર્મકાયના બે અર્થ હતા—બુદ્ધનો ધર્મોપદેશ તથા તે ધર્મોપદેશના મૂળમાં રહેલો બુદ્ધનો તત્ત્વસાક્ષાત્કાર.

પોતાના નિર્વાણ પછી શાસ્તા તરીકે પોતાના ધર્મોપદેશને સ્વીકારવાનું કહી[૭] તત્ત્વતઃ પોતાનો પોતાના ઉપદેશ સાથે અભેદ બુદ્ધે સૂચિત કર્યો હતો. આ કારણે તેમના ધર્મોપદેશને તેમની ધર્મકાય માનવામાં આવી. ભાષાના વર્ણા-ક્ષરોમાં નિબદ્ધ બુદ્ધોપદેશ બુદ્ધની ધર્મકાય ગણાઈ. બુદ્ધનો 'અક્ષરદેહ' બુદ્ધની ધર્મકાય છે. બુદ્ધની પ્રવચનકાય બુદ્ધની ધર્મકાય છે. શાકયપુત્રીય ભિક્ષુ આ ધર્મકાયથી ઉત્પન્ન થાય છે.[૮]

'જે ધર્મને દેખે છે તે મને દેખે છે અને જે મને દેખે છે તે ધર્મને દેખે છે'[૯] એમ કહી બુદ્ધે પોતાનો ધર્મ સાથે અભેદ છે એમ સ્પષ્ટપણે જણાવ્યું છે. તેમનો કહેવાનો આશય એ લાગે છે કે પોતાના ઉપદેશમાં જે તત્ત્વજ્ઞાનનું નિરૂપણ કરવામાં આવ્યું છે, જે સાક્ષાત્કારને રજૂ કરવામાં આવ્યો છે તે જ ધર્મ છે—વર્ણાક્ષરોનું કંઈ મહત્ત્વ નથી. આ ધર્મ જ તેમની ધર્મકાય છે. બુદ્ધવચનો દ્વારા જે આ તત્ત્વજ્ઞાનને યા સાક્ષાત્કારને પામે છે તે જ બુદ્ધને પામે છે. બુદ્ધના ઉપદેશનું મૂળ સંબોધિ છે. બુદ્ધના ઉપદેશની સહાયથી જે આ મૂળ સુધી પહોંચે છે તે ખરેખર બુદ્ધને દેખે છે. બુદ્ધનું બુદ્ધત્વ સંબોધિને કારણે હોઈ, બુદ્ધ પોતાનો સંબોધિ સાથે અભેદ સ્થાપે છે. સંબોધિ બુદ્ધની ધર્મકાય છે.

આમ બુદ્ધને થયેલો સાક્ષાત્કાર, તત્ત્વદર્શન યા સંબોધિ જ બુદ્ધની ધર્મકાય છે. આ સાક્ષાત્કાર, તત્ત્વદર્શન યા સંબોધિને જ બુદ્ધે ભાષામાં બદ્ધ કરી લોકો સમક્ષ રજૂ કરેલ છે. એટલે બુદ્ધનો 'અક્ષરદેહ' યા તેમનું 'પ્રવચન' પણ બુદ્ધની ધર્મકાય છે.

મહાયાન એક ડગલું આગળ વધીને જણાવે છે કે બુદ્ધને થયેલ સાક્ષાત્કાર યા સંબોધિનું કારણ નિરાવરણ પ્રભાસ્વર ચિત્ત હતું; માટે, નિરાવરણ પ્રભાસ્વર ચિત્તને બુદ્ધની ધર્મકાય ગણવી જોઈએ. આવા ચિત્તમાં જ સંબોધિનો ઉદય થાય છે. સર્વ મળોથી રહિત શુદ્ધ પ્રભાસ્વર બુદ્ધચિત્ત જ બુદ્ધની ધર્મકાય છે. આ કારણે જ ધર્મકાયને શુદ્ધકાય કહેવામાં આવે છે. આ શુદ્ધ ધર્મકાય (=બુદ્ધચિત્ત) સર્વ મળરહિત હોવાથી તેને અનાસ્રવ, વિસંસ્કારગત, અનન્ત, અચિન્ત્ય, કુશલ, ધ્રુવ, સર્વતઃપ્રભ ગણવામાં આવી છે. સર્વ આવરણો યા મળોથી મુક્ત બુદ્ધચિત્તથી અતિરિક્ત ધર્મકાય ન હોવાથી ધર્મકાયને વિમુક્તિકાય પણ કહેવામાં આવે છે.[૧૦] વિશુદ્ધ ચિત્ત બુદ્ધનો સ્વભાવ છે. તેથી જ ધર્મકાયને સ્વભાવકાય પણ કહેવામાં આવે છે. ચિત્તની પ્રભાસ્વરતા યા વિશુદ્ધિ સ્વાભાવિક છે, આગન્તુક નથી. આગન્તુક તો છે ચિત્તના મળો યા ચિત્તની મલીનતા.[૧૧] આ જ કારણે પ્રભાસ્વર વિશુદ્ધ ચિત્તરૂપ ધર્મકાયને અજર, અમર, ધ્રુવ, નિત્ય જેવાં વિશેષણો લગાડવામાં આવે છે. વળી, આજ કારણે ધર્મકાયને વિપાકજન્ય માનવામાં આવી નથી. તે બુદ્ધના પૂર્વકર્મનું ફળ નથી પરંતુ તે તો બુદ્ધનો પોતાનો સ્વભાવ છે. કર્મોએ યા મળોએ સ્વભાવને આવરિત કરી દીધો હતો. આ મળો દૂર થતાં સ્વભાવ પ્રગટ થાય છે. એટલે જ કહ્યું છે કે પ્રપંચ યા

આવરણોથી રહિત અને પ્રભાસ્વર છે બુદ્ધની ધર્મકાય.[૧૨] આમ નિરાવરણ યા નિર્મલ પ્રભાસ્વર ચિત્ત જ બુદ્ધની ધર્મકાય હોવાથી બધા બુદ્ધોની ધર્મકાયો સમાન હોય છે, નિર્વિશેષક હોય છે, તેમનામાં કોઈ ભેદ હોતો નથી. આ ધર્મકાય અરૂપી છે, સૂક્ષ્મ છે. આગંતુક મળોથી રહિત પ્રભાસ્વર ચિત્ત જ ધર્મકાય હોવાથી તે શુદ્ધકાય છે, સ્વભાવકાય છે, વિમુક્તિકાય છે; તે વિપાકજન્ય નથી, અરૂપી છે, સમ છે અને પ્રત્યાત્મવેદનીય યા સ્વસંવેદ્ય છે.[૧૩] બુદ્ધની ધર્મકાયની માન્યતા પરત્વે સ્થવિરવાદ અને મહાયાન વચ્ચે કોઈ ખાસ મહત્ત્વનો ભેદ જણાતો નથી. અલબત્ત, સ્થવિરવાદને જે અભિપ્રેત હતું તે મહાયાને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે.

સંભોગકાય (=રૂપકાય) —બુદ્ધને ધર્મકાય ઉપરાંત એક બીજી કાયા હોય છે. તેનું નામ છે સંભોગકાય યા રૂપકાય. તે વિપાકજન્ય છે. તે પૂર્વકર્મોના ફળરૂપ છે તથા પૂર્વકર્મોનાં ફળોનો ભોગ તેના દ્વારા થાય છે. તેથી, તેને સંભોગ-કાય નામ અપાયું છે અને તેથી જ બુદ્ધોની સંભાગકાયો ભિન્ન ભિન્ન છે, નિર્વિશેષક નથી. આ કાય ભૌતિક હોઈ તેને રૂપકાય પણ કહેવામાં આવે છે. બુદ્ધની આ વાસ્તવિક રૂપકાય છે, માયિક નથી. અલબત્ત, તે માયિક રૂપકાયો અર્થાત્ નિર્માણકાયો પ્રગટ કરવાનું સામર્થ્ય ધરાવે છે. અહીં સુધી સ્થવિરવાદીઓ અને મહાયાનીઓ વચ્ચે સંભોગકાય પરત્વે મતભેદ નથી. જે મતભેદ છે તે નીચે આપીએ છીએ અને તે અત્યંત મહત્ત્વ ધરાવે છે.

સ્થવિરવાદીઓ સંભોગકાયને સાસ્રવ માને છે. તેઓ તેને જન્મ, જરા, મૃત્યુ, રોગ, વગેરે દોષોથી યુક્ત માને છે. તેઓ તેનો જન્મ જરાયુજ માને છે. તેઓ તેને માનુષી માને છે. અલબત્ત, તે મહાપુરુષનાં લક્ષણો ધરાવે છે. તે લોકોત્તર નથી.

મહાયાનીઓ સંભોગકાયને નિરાસ્રવ માને છે. નિરાસ્રવ યા નિર્મળ ચિત્ત નિરાસ્રવ કાયમાં જ હોય એમ તેઓ માનતા લાગે છે. તેથી, તેમને મતે સંભોગ-કાય નિર્દોષ છે. તેને જન્મ, જરા, મૃત્યુ, રોગ, વગેરે દોષો નથી. તે જરાયુજ નથી પણ ઉપપાદુક છે. તે દિવ્યલોકમાં આવિર્ભાવ પામે છે. જે વિશુદ્ધ રૂપકાયમાં વિશુદ્ધ પ્રભાસ્વર ચિત્ત હોય તે રૂપકાય પણ અત્યંત તેજસ્વી હોય જ. બુદ્ધની રૂપકાય અનન્ત પ્રભાથી યુક્ત છે. પંચવિંશતિસાહસ્રિકામાં કહ્યું છે કે તેના એક એક છિદ્રમાંથી પ્રકાશની અનન્ત ધારાઓ નીકળી જગતને ભરી દે છે. જ્યારે તે શરીરમાંથી ઉપદેશ દેવા જીભ બહાર કાઢે છે ત્યારે એના દ્વારા

પ્રભાની અસંખ્ય જ્વાળાઓ ચારે બાજુ ફેલાય છે. તે માનુષી કાયા નથી. તે દિવ્ય કાયા છે. તે લોકોત્તર છે. તે મનુષ્યલોકમાં કદી આવતી જ નથી. તે દિવ્યલોકમાં જ નિત્યાવસ્થિત છે. તેનું આયુ અનંત છે. બોધિપ્રાપ્તિ પછી કલ્પો સુધી પરિનિર્વાણમાં પ્રવેશ ન કરીને બુદ્ધો જીવોનું કલ્યાણ કરતા રહે છે. એટલે, એમની રૂપકાયા પણ એવી હોવી જોઈએ જે કલ્પો સુધી ટકી રહી એમના સર્વસત્ત્વકલ્યાણના સંકલ્પને પાર પાડે. આવી રૂપકાયા દિવ્ય રૂપકાયા જ હોય. આ દિવ્ય રૂપકાયા જ સંભોગકાય છે. આ કાયા બુદ્ધોને પુણ્યકર્મોના ફળ-રૂપે પ્રાપ્ત થાય છે. તેથી, બુદ્ધોની સંભોગકાયો સમાન નથી પણ વિસદૃશ છે અને પુણ્યલક્ષણો ધરાવે છે. સંભોગકાયને યા રૂપકાયને નાનારૂપવાળી કહી છે કારણ કે તે અનેક રૂપો (=નિર્માણકાયો) પ્રગટ કરવાની વિભૂતિ ધરાવે છે.[૧૪] આ વિભૂતિને વિભુત્વ તરીકે ઓળખવામાં આવે છે. સંભોગકાય દ્વારા વિપુલ ધર્મસુખનો ભોગ થાય છે. સંભોગકાય વિભુત્વ અને સંભોગનો હેતુ છે.[૧૫] બુદ્ધોને પોતપોતાના દિવ્યલોક હોય છે. તેમને બુદ્ધક્ષેત્રો કહેવામાં આવે છે. અમિતાભ બુદ્ધનો દિવ્યલોક સુખાવતીલોક છે. બુદ્ધક્ષેત્રમાં જન્મ લેનાર અર્હતોને અને બોધિસત્ત્વોને બુદ્ધ સંભોગકાય દ્વારા મહાયાનનો ઉપદેશ આપે છે. મહાયાનના ઉપદેશ માટે સંભોગકાય જ યોગ્ય છે.[૧૬]

આમ સ્થવિરવાદી સંભોગકાય (=વાસ્તવિક રૂપકાય) અને મહાયાની સંભોગકાય વચ્ચે આકાશપાતાળનું અંતર છે. સ્થવિરવાદીઓની સંભોગકાય માનુષી છે, સાસ્રવ છે, લૌકિક છે. મહાયાનીઓની સંભોગકાય દિવ્ય છે, નિરાસ્રવ છે, લોકોત્તર છે.

નિર્માણકાય—નિર્માણકાય એ વાસ્તવિક રૂપકાય યા સંભોગકાયનું પ્રતિ-રૂપ છે. નિર્માણકાય માયિક રૂપકાય છે કારણ કે તેમાં વાસ્તવિક બુદ્ધચિત્ત (અર્થાત્ બુદ્ધ) હોતું નથી.[૧૭] તેમાં માયિક ચિત્ત (=નિર્માણચિત્ત) પણ હોતું નથી કારણ કે બૌદ્ધ ધર્મે નિર્માણચિત્ત માન્યું જ નથી. વાસ્તવિક બુદ્ધચિત્ત જ નિર્માણકાયનું નિયામક છે. સંભોગકાયસ્થ બુદ્ધચિત્ત નિર્માણકાયનું નિયમન કરે છે. આ ચિત્તને વશવર્તી તેના આદેશાનુસાર સર્વ કાર્યો નિર્માણકાય કરે છે. એક સંભોગકાય અનેક નિર્માણકાયોનું નિર્માણ કરી શકે. આ બધી નિર્માણકાયોનું નિયમન સંભોગકાયસ્થ બુદ્ધચિત્ત કરે છે. નિર્માણકાયમાં બુદ્ધચિત્ત હોતું નથી એટલે જ તેને માયિક ગણવામાં આવે છે. નિર્માણકાય પણ રૂપકાય જ છે પરંતુ તેમાં બુદ્ધચિત્ત નથી, અને એટલે જ તેને વાસ્તવિક રૂપકાય નહિ પણ માયિક રૂપકાય ગણવામાં આવે છે. વાસ્તવિક રૂપકાય સંભોગકાય છે કારણ કે

તેમાં બુદ્ધચિત્ત છે. માયિક રૂપકાય નિર્માણકાય છે કારણ કે તેમાં બુદ્ધચિત્ત નથી. નિર્માણકાય વિપાકજ નથી.[૧૮] નિર્માણકાય ભોગસંપાદન માટે પણ નથી કારણ કે તેમાં ચિત્ત જ નથી. નિર્માણકાય વિભૂતિજન્ય છે. બુદ્ધ પોતાની સંભોગકાયા જેવી પરંતુ માયિક અનેક રૂપકાયાઓ પ્રગટ કરવાની વિભૂતિ ધરાવે છે. માયિક રૂપકાયાઓનું પ્રયોજન લોકહિત સાધવાનું છે. વિવિધ સ્થળોએ પ્રગટ થઈ આ નિર્માણકાયો ઉપદેશ આપે છે.

સ્થવિરવાદીઓ માયાદેવીના પેટે જન્મેલ બુદ્ધને વાસ્તવિક બુદ્ધ માને છે. તેને તેઓ નિર્માણબુદ્ધ માનતા નથી. તે કાયાને તેઓ વાસ્તવિક રૂપકાય માને છે, માયિક રૂપકાય માનતા નથી. મહાયાનીઓ તો તેને માયિક રૂપકાય માને છે, કારણ કે તેમને મતે વાસ્તવિક રૂપકાય તો દિવ્યલોકમાં જ નિત્યાવસ્થિત છે.

સ્થવિરવાદીઓ માયાદેવીના પેટે જન્મેલ બુદ્ધમાં બોધપ્રાપ્તિ પછી રૂપકાયના પ્રતિરૂપને સર્જવાની શક્તિ માને છે. આ પ્રતિરૂપને 'મનોમયકાય' તેઓ કહે છે. આ મનોમયકાય વિપાકજ ન હોઈ શુદ્ધ છે અને તેથી અભ્રાન્ત ઉપદેશ કરવાનું યોગ્ય માધ્યમ છે. એક પ્રાચીન બૌદ્ધ સંદર્ભમાં પણ મનોમયકાય દ્વારા સાક્ષાત્ ઉપદેશનો ઉલ્લેખ છે.

પરંતુ મહાયાનને મતે બુદ્ધક્ષેત્ર (દિવ્યલોક) સિવાય બીજે ક્યાંય બુદ્ધની વાસ્તવિક રૂપકાય નથી. તેથી મનુષ્યલોકમાં જે બુદ્ધ આવ્યા હતા તે નિર્મિત-બુદ્ધ હતા. મનુષ્યલોક વગેરે લોકમાં રહેલા પૃથક્જનોને યા શ્રાવકોને ઉપદેશ આપવા માટે બુદ્ધ નિર્માણકાયોનું નિર્માણ કરી મોકલે છે.[૧૯] બુદ્ધક્ષેત્રમાં સમુન્નત બોધિસત્ત્વો આવિર્ભાવ પામે છે. બુદ્ધક્ષેત્રમાં બુદ્ધની વાસ્તવિક રૂપકાય (=સંભોગકાય) હોય છે. આ વાસ્તવિક રૂપકાય દ્વારા બુદ્ધ બોધિસત્ત્વોને મહાયાનનો પરમ ઉપદેશ આપે છે. તેથી અભિસમયાલંકારકારિકામાં કહ્યું છે કે સંભોગકાયનું (=વાસ્તવિક રૂપકાયનું) પ્રયોજન સમુન્નત બોધિસત્ત્વોને મહાયાનનો ઉપદેશ દેવાનું છે. શ્રાવકો અને પૃથક્જનોમાં બુદ્ધક્ષેત્રમાં જન્મવાની યોગ્યતા હોતી નથી. તેઓ અન્ય લોકમાં જન્મે છે. તેમને પણ યોગ્ય ઉપદેશ આપી તેમનું પરિપાચન કરવું જોઈએ, તેમને કેળવવા જોઈએ. પરંતુ સંભોગકાય તો અન્ય લોકોમાં જતી નથી. તે તો બુદ્ધક્ષેત્રમાં જ રહે છે. તેથી આ પ્રયોજન પાર પાડવા બુદ્ધ નિર્માણકાયોને પ્રગટ કરી અન્ય લોકમાં મોકલે છે. તેથી, અભિસમયાલંકારકારિકામાં કહ્યું છે કે શ્રાવકોને અને પૃથક્જનોને હીનયાનનો ઉપદેશ દેવા માટે નિર્માણકાય છે.[૨૦]

## [૫] મહાયાનનો બોધિસત્ત્વનો આદર્શ

સમાધિમાર્ગે ચાલી નિર્વાણરૂપ ધ્યેયે પહોંચી અર્હત્ બનવું એ આદર્શ હવે આકર્ષક રહ્યો ન હતો. હવે તો બોધિસત્ત્વનો નવો આદર્શ અસ્તિત્વમાં આવ્યો હતો. બોધિપ્રાપ્તિ પહેલાંના બુદ્ધ બોધિસત્ત્વ છે એવું સ્થવિરવાદમાં મનાતું. મહાયાને એથી ઊલટું માન્યું. બોધિ પ્રાપ્ત થયા પછી જે બુદ્ધ બોધિના ફળ નિર્વાણનો સ્વીકાર કર્યા વિના જીવોના કલ્યાણાર્થે સંસારમાં રહેવાનું પસંદ કરે છે તે બોધિસત્ત્વ છે. મહાયાન અનુસાર બોધિસત્ત્વ બોધિપ્રાપ્તિ પહેલાંની નહિ પણ પછીની અવસ્થા છે. પરિણામે મહાયાનમાં બોધિસત્ત્વની પ્રતિષ્ઠા બુદ્ધની પ્રતિષ્ઠા કરતાં પણ વધી અને બોધિસત્ત્વની પૂજાને બુદ્ધપૂજા કરતાંય વિશેષ મહત્ત્વ મળ્યું. આવા બોધિસત્ત્વ બનવા માટે જન્મજન્માન્તરની સાધના (= બોધિચર્યા) અપેક્ષિત છે. અર્હતો પણ બોધિસત્ત્વ બનવા માટે આ સાધના અપનાવી શકે છે. આ સાધના કેવી છે તેનો વિચાર પછીના અધ્યાયમાં આપણે કરીશું.

બોધિસત્ત્વ કેવળ માર્ગદર્શક નથી. તે તો ભક્તને ખભા ઉપર ઉઠાવી અંતિમ ધ્યેયે પણ પહોંચાડી દે છે. તે પોતાનું સ્મરણ કરનારને આપત્તિઓમાં મદદ કરે છે. તે કેવળ માર્ગદર્શક નથી પણ ત્રાતા પણ છે, તારણહાર પણ છે. તેની કરુણા આગળ કર્મસિદ્ધાંતનો વ્યાપાર પણ અટકી જતો જણાય છે. મહાયાને કરુણાનું સ્વરૂપ જ પલટાવી દીધું છે. બીજાને હાનિ ન પહોંચાડવામાં કે ધર્મમાર્ગ ચીંધવામાં જ કરુણાનું પર્યવસાન નથી. કરુણાનું કામ તો દુઃખીઓનાં દુઃખો દૂર કરવાનું છે, પાપીઓનાં પાપો હરવાનું છે. શું એક વ્યક્તિ પોતાનું પુણ્ય બીજાને આપી શકે? જ્યારે એક વ્યક્તિ કોઈ ભૂખ્યા જનને પોતાના ભોજનનો ભાગ દે છે ત્યારે ભૂખ્યા જનને જે કંઈ મળે છે તે પેલી વ્યક્તિ પાસેથી ચાલ્યું જાય છે. શું કોઈ વ્યક્તિ પોતાના પુણ્યનો ભાગ પણ બીજાને આપી શકે? મહાયાને આ પ્રશ્નનો ઉત્તર 'હા'માં આપ્યો છે. બોધિસત્ત્વ પોતાનું પુણ્ય પણ દુઃખી જનોમાં વહેંચે છે.

બોધિસત્ત્વની લોકકલ્યાણમયી ભાવના અતિ ઉદાત્ત છે. 'મારું એવું કોઈ પુણ્ય ન હો જે બીજા પ્રાણીઓને ઉપકારક ન બને' — આવી તેની ભાવના હોય છે. તે પોતાનાં બધાં પુણ્યોને બીજાના કલ્યાણ માટે ખર્ચી નાખે છે. તે પોતાના સમગ્ર અસ્તિત્વને પરાર્થ સાધવામાં જ લગાવી દે છે. 'જ્યાં સુધી વિશ્વના બધા જીવો દુઃખમુક્તિ પ્રાપ્ત ન કરે ત્યાં સુધી મારે મુક્તિ ન

જોઈએ' એવી તેની પ્રતિજ્ઞા હોય છે.[૨૧] પ્રાણીઓને દુ:ખમાંથી મુક્તિ અપાવવાનો જે આનંદ છે તે સ્વકીય દુ:ખમુક્તિ યા નિર્વાણમાં ક્યાં છે? નિર્વાણપદ યા મોક્ષનો ઇનકાર તો ઘણા ભક્તોએ કર્યો છે પણ તે તો એટલા માટે કે તેઓ ઈશ્વરભક્તિનો આનંદ લૂટવા ઇચ્છતા હતા. પરંતુ બોધિસત્ત્વોએ અને તેમને અનુસરી બૌદ્ધ સાધકોએ જ્યારે નિર્વાણનો યા મોક્ષનો ઇનકાર કર્યો છે ત્યારે એમનું તેમ કરવાનું કારણ લોકકલ્યાણ સાધવાની ઉત્કટ ઇચ્છા છે. બૌદ્ધ સાધક શાંતિદેવ કહે છે, "જીવોની વિમુક્તિ વખતે જે આનંદનો સાગર ઉમટે છે તે જ પર્યાપ્ત છે, રસવિહીન વ્યક્તિગત મુક્તિને લઈને શું કરું?"[૨૨] સેવા દ્વારા બીજાનાં દુ:ખ દૂર કરવાનો આનંદ નિર્વાણના આનંદથી વધુ શ્રેષ્ઠ છે. બધા જીવોની મુક્તિના અભિલાષી બોધિસત્ત્વની ભાવનાનું નિરૂપણ કરતાં શાંતિદેવ કહે છે, "હું અનાથોનો નાથ બનીશ, યાત્રીઓનો સાર્થવાહ બનીશ, સામે પાર જવાની ઇચ્છાવાળાઓ માટે હું નાવ, સેતુ યા તરાપો બનીશ, દીપકની જેને જરૂર હશે તેને માટે હું દીપક બનીશ, જેને પથારીની ખોટ હશે તેને માટે હું પથારી બનીશ, જેને દાસ જોઈતો હશે તેને માટે હું દાસ બનીશ. આ રીતે બધા જીવોની હું સેવા કરીશ."[૨૩] "જ્યાં સુધી બધા જીવો મુક્ત ન થાય ત્યાં સુધી હું તેમને ઉપયોગી બનીને રહીશ. જેવી રીતે પૃથ્વી, અગ્નિ વગેરે વસ્તુઓ બધા પ્રાણીઓને ઉપયોગી બને છે તેવી રીતે હું પણ બધા પ્રાણીઓને ઉપયોગી બનીને રહેવા ઇચ્છું છું."[૨૪] કેવી ઉદાત્ત ભાવના! સર્વ જીવોની સાથેનું કેવું તાદાત્મ્ય! પરાર્થમાં જ આત્માર્થને ઢાળી–ગાળી દેવાનો કેવો મંગલમય ઉદ્યમ! આ જ મહાયાનનો આત્મા છે.

બોધિસત્ત્વો દલિત, પીડિત, વિપત્તિગ્રસ્ત, ભયાકુલ અને શોકસંતપ્ત જનતાનો ઉદ્ધાર કરવા કૃતનિશ્ચયી પૂર્ણપુરુષો છે. જે લોકો કોઈના ક્રોધનો બલિ બની રહ્યા છે, જે લોકો કોઈના ડરથી નિષ્પ્રાણ બની ગયા છે તેમની અંદર ચેતનાનો સંચાર કરવાનો બોધિસત્ત્વોનો નિશ્ચય છે. બોધિસત્ત્વો બધાનું કલ્યાણ કરવા માંગે છે, કોઈને દુ:ખી કરવા ઇચ્છતા નથી. જે ભૂખ્યા પેટે સૂઈ રહ્યા છે, જે તૃષાથી પીડાઈ રહ્યા છે, જે કપડાં વિના ધ્રૂજે છે તેમને અન્ન, પાણી અને વસ્ત્ર મળે તે માટે તેઓ અથાગ પરિશ્રમ લે છે. આંધળાને દૃષ્ટિ મળે, દરિદ્રને ધન મળે, દુ:ખ કોઈને કચડે નહિ, પીડા કોઈને હચમચાવે નહિ, પાપકર્મ કોઈ કરે નહિ, અસન્માર્ગે કોઈ વળે નહિ, બધા સુખી, સદાચારી અને ધર્મવ્રતી બને, સૌનું કલ્યાણ થાય એ માટે તેઓ સતત ઉદ્યમ કરે છે.[૨૫] કેવી ઉચ્ચતમ પ્રવૃત્તિ! આ જ મહાયાનનો આપણને મળેલો સર્વોત્તમ વારસો છે.

ભારતીય ધર્મસાધનામાં સૌ પ્રથમ મહાયાને જ કહ્યું છે કે તથાગતની આરાધના અને લોકસેવા બંને એક છે અને લોકસેવા જ પરમોચ્ચ સ્વાર્થ છે.[૨૬] બોધિસત્ત્વો બધા પ્રાણીઓને પોતાનાથી અભિન્ન સમજે છે. તેમનામાં આત્મૌપમ્યની ભાવના પરાકાષ્ઠાએ પહોંચી હોય છે. વળી, તેમને જીવોના રૂપમાં બુદ્ધો જ દેખાય છે. બુદ્ધો નાથ છે. તેમનો અનાદર કે તિરસ્કાર કેમ થાય? સમગ્ર જીવરાશિ તથાગતમય જ તેમને જણાય છે.[૨૭]

ભિક્ષુધર્મ સાથે લોકસેવાના કાર્યને જોડીને નિશ્ચિતપણે મહાયાને બૌદ્ધ ધર્મની મોટી સેવા કરી છે અને બૌદ્ધ ધર્મમાં ક્રાંતિકારી વિચાર–આચારને જન્મ આપ્યો છે. બૌદ્ધ ભિક્ષુઓ નિષ્ક્રિય જીવન ન વીતાવતાં લોકસેવાના કાર્યોમાં ભાગ લઈ દુઃખી જનતાના કષ્ટોને દૂર કરવામાં પોતાની પ્રવ્રજ્યાના નિયમોની હાનિ સમજતા નથી એના મૂળમાં આ બોધિસત્ત્વનો આદર્શ છે.

## [૬] મહાયાની ભક્તિ

મહાયાનમાં બુદ્ધ અને બોધિસત્ત્વ સંપૂર્ણ લોકોત્તર બની ગયા. તેઓ લોકોદ્ધાર માટે નિર્માણકાય દ્વારા સતત પ્રયત્નશીલ રહેતા કરુણામય ત્રાતા બની ગયા. બંને ઈશ્વરસ્થાનીય બની ગયા. પરિણામે, બુદ્ધબોધિસત્ત્વની પૂજા-અર્ચના કરી, તેમનો જાપ કરી, તેમની ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખી તેમના અનુગ્રહ દ્વારા દુઃખમુકત થવાનો ભકિતમાર્ગ મહાયાનમાં અત્યંત પુષ્ટ બન્યો. પૂજા–અર્ચનાના આલંબન તરીકે બુદ્ધ અને બોધિસત્ત્વની મૂર્તિનો આવિર્ભાવ જરૂરી હતો. બુદ્ધ અને બોધિસત્ત્વની લોકોત્તરતા પોતે જ પ્રતિમાનિર્માણની માગ કરતી હતી. બુદ્ધ–બોધિસત્ત્વની મૂર્તિના રૂપસંવિધાનમાં સહાય કરવા માટે મથુરાની યક્ષપ્રતિમાઓ તથા ગાંધારની એપોલો પ્રતિમા વિદ્યમાન હતી. કનિષ્કના શાસનકાળમાં જ બુદ્ધ અને બોધિસત્ત્વની વિશાળ પ્રતિમાઓનું નિર્માણ થવા લાગ્યું. આમ ભકિતનું એક મહત્ત્વનું અંગ અસ્તિત્વમાં આવી ગયું.

મહાયાનમાં બુદ્ધ સ્વયંભૂ બની ગયા, પોતાની કૃપા દ્વારા જગતના સંતારક બની ગયા.[૨૮] બુદ્ધની કૃપા ભાગવતી કૃપા બની ગઈ જે ભકિતમાર્ગનું મહત્ત્વનું અંગ છે. બુદ્ધ ત્રાતાની જેમ કહે છે કે હું જગતનો પિતા છું, મારા દ્વારા જ બધું પ્રવર્તિત થયું છે, મારામાં મન લગાવો, મારે શરણે આવો, મારું નામ જપો, મને પ્રણામ કરો, હું તમને મુકિત દઈશ.[૨૯] બુદ્ધે પોતાના ભકતો અને શરણાગતોના યોગક્ષેમનો ભાર લઈ લીધો. પોતાની મેળે સ્વપ્રયત્નથી

વિમુક્તિ પ્રાપ્ત કરવાનો જે મૂળ ધર્મ હતો તે રહ્યો નહિ. સ્વયંભૂ બુદ્ધ મનુષ્યની વિમુકિતની ચિંતા કરવા લાગ્યા અને મનુષ્યને તે મળવા લાગી. "બુદ્ધની કરુણાની પ્રાર્થના જેટલી વધારે થાય તેટલી કરવી જોઈએ. આપણે એમની સહાયથી, એમની શકિતથી જ લક્ષ્યને પ્રાપ્ત કરી શકીએ છીએ. આપણી પોતાની શકિતથી આપણે લક્ષ્યને પ્રાપ્ત કરવા અસમર્થ છીએ—આપણે ભલેને ગમે તેટલા મથીએ." આવી ભાવના પ્રબળ બની. આમ મહાયાનમાં માનવીય પુરુષાર્થ ઉપર ભાગવતી કૃપાની, બુદ્ધની કરુણાની સ્થાપના થઈ.

બૌદ્ધ ભકિતના ચરમ રૂપના દર્શન આપણને શાંતિદેવના ગ્રંથો બોધિ-ચર્યાવતાર અને શિક્ષાસમુચ્ચયમાં થાય છે. ભકતની દીનતા, પાપમુકિત માટેની વ્યાકુળતા, ઉપાસ્ય સાથેની તલ્લીનતા, આત્મવિસ્મૃતિ, આત્મસમર્પણ વગેરે ભાવોનું નિરૂપણ અહીં જોવા મળે છે. આ વિશે આપણે પછીના અધ્યાયમાં જોઈશું.

## [૭] ઉપાયકૌશલ્ય, દ્વિવિધ દેશના અને મહાયાનસૂત્રોનું પ્રામાણ્ય

હીનયાન—ખાસ કરીને સ્થવિરવાદ—અને મહાયાન વચ્ચે એક મોટી ખાઈ ઊભી થઈ ગઈ હતી. બંનેના સિદ્ધાંતો વચ્ચે આકાશપાતાળનું અંતર હતું. હીનયાનના પ્રામાણ્યનો આધાર બુદ્ધવચનરૂપ પાલિ પિટકો હતા. પરંતુ મહાયાનના સિદ્ધાંતોના પ્રામાણ્યનો આધાર શું? મહાયાનસૂત્રોનું મૂળ વધુમાં વધુ ઈ. સ. પૂર્વ બીજી શતાબ્દીથી પ્રાચીન માની શકાતું નથી. જો મહાયાનસૂત્રો પોતે જ બુદ્ધના સમયથી પરવર્તી અને સંદિગ્ધપ્રામાણ્ય (apocryphal) હોય તો પછી એમનામાં પ્રતિપાદિત મહાયાન સિદ્ધાંતોની પ્રાચીનતા સુતરાં અસિદ્ધ થઈ જાય છે. વળી, અન્ય સંપ્રદાયોના પ્રાચીન ગ્રંથોમાં પણ મહાયાનના સિદ્ધાંતોનો ઉલ્લેખ નથી. આ કારણે ઐતિહાસિક દષ્ટિએ મહાયાનને સદ્ધર્મનું વિપરિવર્તિત રૂપ માનવાની સંભાવના ઊભી થાય છે. હકીકતમાં, પરવર્તી અને વિપરિવર્તિત મહાયાન બૌદ્ધ ધર્મે પોતાના પ્રાચીન સાહિત્યનો અભાવ હોઈને નવીન સૂત્રોની રચના કરી છે.

બુદ્ધ મહાન ધર્મોપદેશક હતા. તેથી, તે સાચી વ્યકિતની કક્ષા જોઈ તેને અનુરૂપ ઉપદેશ આપતા. ઉપાસકોને તેમની કક્ષાનો ધર્મોપદેશ આપતા અને ભિક્ષુઓને તેમની કક્ષાનો ધર્મોપદેશ આપતા. બે કક્ષાના ધર્મોપદેશ વચ્ચે વિસંવાદ ન હતો પણ તેમની વચ્ચે ક્રમબદ્ધ સંવાદ હતો. ધર્મ એક જ હતો પરંતુ તેને

પચાવવાની જેની જેટલી શક્તિ તેને તેટલો જ ધર્મ ઉપદેશવામાં આવતો.[૩૦] ધર્મોપદેશના આ વિવેકને જ ઉપાયકૌશલ્ય કહેવામાં આવે છે. મહાયાનીઓએ હીનયાન અને મહાયાનના સિદ્ધાંતો વચ્ચેના વિરોધને સમજાવવા આ ઉપાયકૌશલ્યના સિદ્ધાંતનો ઉપયોગ કર્યો છે. તેમણે કહ્યું કે બુદ્ધે ઉપાસક અને સામાન્ય ભિક્ષુ ઉપરાંત બોધિસત્ત્વોને પણ ઉપદેશ આપ્યો હતો. આ બોધિસત્ત્વોને દીધેલો ઉપદેશ જ મહાયાન યા બુદ્ધયાન છે. તે ઉપાસકો અને ભિક્ષુઓને દીધેલા ઉપદેશોથી વિરોધી નથી પરંતુ તેમના જ ક્રમમાં આવતો એક ઊંચા સ્તરનો ઉપદેશ છે. મહાયાનીઓ એમ નથી કહેતા કે હીનયાન મિથ્યા યા અનાવશ્યક છે; તેઓ તો એમ કહે છે કે હીનયાની સાધના આવશ્યક હોવા છતાં એક નિમ્ન શ્રેણીની સાધના છે. એ સાધનાનું પર્યવસાન છેવટે મહાયાની સાધનામાં થવું જોઈએ. તેમના મતે પરમાર્થ તો મહાયાન દ્વારા જ પમાય અને એ માટે એનો જ આશરો લેવો જોઈએ, તેમ છતાં બુદ્ધે હીનયાનની દેશના આપી છે કારણ કે સોપાનની માફક તે આપણને મહાયાનના શિખરે પહોંચાડે છે અને પ્રાથમિક કક્ષાએ રહેલી વ્યક્તિ માટે એ જરૂરી છે.[૩૧] સદ્ધર્મપુંડરીકસૂત્ર, લંકાવતારસૂત્ર વગેરે અનેક મહાયાન-સૂત્રોમાં બુદ્ધના ઉપાયકૌશલ્યની વાત એટલી પુનરુક્તિથી કહેવામાં આવી છે કે આપણને સહેજે લાગે કે મહાયાની આચાર્યોએ પોતાનો ઉદ્દેશ પાર પાડવા એનો કુશળતાપૂર્વક ઉપયોગ કર્યો છે. એ ઉદ્દેશ હતો – બૌદ્ધ ધર્મના મૌલિક રૂપને પ્રામાણિક માનવાની સાથે મહાયાન દ્વારા ઉપદિષ્ટ નૂતન બૌદ્ધધર્મની ઉચ્ચતર સ્થિતિને પ્રમાણિત કરવાનો. પરંતુ કોઈને પ્રશ્ન થાય કે જો બુદ્ધે મહાયાનનો ઉપદેશ અમુક યોગ્ય વ્યક્તિઓને ખરેખર આપ્યો હતો તો તેનો સંગ્રહ ઈ. સ. પૂર્વ બીજી શતાબ્દી સુધી કેમ ન થયો? તે અપ્રગટ કેમ રહ્યો? આનો જવાબ એક જ હોઈ શકે અને તે એ કે ત્યાં સુધી દેશ, કાળ અને પરિસ્થતિ અનુકૂળ ન હતાં. આ જવાબમાં જ હીનયાન અર્થાત્ મૂળ બૌદ્ધ ધર્મમાંથી મહાયાન બૌદ્ધ ધર્મના આવિષ્કારમાં દૈશિક, કાલિક અને ઐતિહાસિક બળોએ પર્યાપ્ત ફાળો આપ્યાનો સ્વીકાર છે અને નવા આકાર પામેલા બૌદ્ધ ધર્મને માટે નવું અનુકૂળ સાહિત્ય 'મહાયાનસૂત્રો' રચાયાનો ગર્ભિત એકરાર છે.

વળી, મહાયાનના સિદ્ધાંતોને પ્રમાણિત કરવા માટે મહાયાની આચાર્યોએ બુદ્ધદેશનાની દ્વિવિધતાનો સિદ્ધાંત સ્થાપ્યો. તેમણે કહ્યું કે બુદ્ધદેશના વ્યક્ત અને ગુહ્ય એમ બે પ્રકારની હતી.[૩૨] આ ગુહ્ય દેશના એમની પ્રગટ દેશનામાં જ છૂપાયેલી છે. વ્યક્ત દેશનામાં છૂપાયેલી ગુહ્ય દેશનાને જ મહાયાનસૂત્રોમાં પ્રગટ કરવામાં આવી છે. કેટલાંક બુદ્ધવચનોનો અર્થ ગૂઢ છે. યોગ્ય વ્યક્તિઓ જ આ ગૂઢ

અર્થ પકડી શકે છે. આ ગૂઢ અર્થનો વિસ્તાર જ મહાયાનસૂત્રોમાં છે. મહાયાન-સૂત્રોમાં જે સિદ્ધાન્તો છે તેનાં ગૂઢ સૂચનો ત્રિપિટકોમાં છે. મહાયાનસૂત્રે પ્રતિપાદિત કરેલ કોઈક સિદ્ધાંતના ગૂઢ સૂચનવાળો ભાગ હાલના ત્રિપિટકોમાં ન મળતો હોય તો તેનો અર્થ એટલો જ છે કે તે ભાગ નષ્ટ થઈ ગયો છે. આ રીતે મહાયાની આચાર્યોએ મહાયાનસૂત્રોને પ્રમાણિત કર્યાં છે, એટલું જ નહિ પણ તેમનામાં પ્રતિપાદિત અર્થ જ પરમાર્થ છે એ સૂચિત કર્યું છે. આ દ્વિવિધ દેશનાની વાતને સમર્થિત કરવા તેમણે બુદ્ધે પોતાના ઉપદેશને માટે વાપરેલાં વિશેષણો 'દુર્દર્શ', 'દુરનુબોધ', 'ગંભીર' તરફ આપણું ધ્યાન દોર્યું છે.[૩૩] પરંતુ આ વિશેષણોનો અર્થ એટલો જ છે કે બુદ્ધે જે પ્રગટ ઉપદેશ આપ્યો છે તેને અનુસરવું સંસારરત લોકોને માટે મુશ્કેલ છે, જ્યાં સુધી સંસાર છોડી વ્યક્તિ ભિક્ષુ ન બને ત્યાં સુધી બુદ્ધોપદેશને બરાબર સમજી ન શકે. બુદ્ધનો આશય આ હતો અને નહિ કે પ્રકટ ઉપરાંત પોતાનો ઉપદેશ ગુહ્ય પણ છે એ દર્શાવવાનો. એ વિશેષણોને આધારે વ્યક્ત અને ગુહ્ય દેશનાની વાત કરવી ઠીક લાગતી નથી. બુદ્ધે પોતે જ કહ્યું છે કે મેં કંઈ ગુપ્ત રાખ્યું નથી, મારો ધર્મ પ્રગટ છે, આચાર્યમુષ્ટિ જેવું મારે કંઈ છે નહિ.[૩૪] એટલે જ એમના ધર્મને 'एहिपस्सिक' તરીકે વર્ણવવામાં આવતો હતો. આમ મહાયાની આચાર્યોએ ગૂઢ દેશનાની વાત કેવળ નવા મહાયાન ધર્મને પ્રામાણિક ઠેરવવા ઊભી કરેલી છે. બુદ્ધે તો કંઈ પણ છૂપાવ્યા વિના ધર્મને ઉપદેશ્યો છે — જેની જેટલી શક્તિ હોય તેટલો તેને સ્વીકારે. જે ત્રિપિટકમાં સંગૃહીત ધર્મ છે તેમાં બધી કક્ષાના સાધકોને આપેલો પ્રગટ ધર્મોપદેશ છે. તેથી, તેનાથી અતિરિક્ત ગુહ્ય ધર્મોપદેશ છે એમ કહેવું પણ યોગ્ય નથી. પ્રગટ ધર્મોપદેશમાં બુદ્ધે જાણીજોઈને ગૂઢતા રાખી છે એમ માનવું એ બુદ્ધે આપેલી ખાતરીથી વિરુદ્ધ જવા બરાબર છે.

મહાયાની આચાર્યોએ પોતે મહાયાનની અપ્રમાણિકતાનો નિરાસ કરવા ખૂબ પ્રયત્નો કર્યા છે. તેમણે જે યુક્તિઓ આપી છે તેમાંની કેટલીક અહીં રજૂ કરીએ છીએ. (૧) જો મૂળ બૌદ્ધ ધર્મના અંતરાયરૂપે કોઈએ મહાયાનને પાછળથી પ્રવર્તાવ્યો હોત તો બુદ્ધે અનાગત ભયોની જેમ તેની પણ ભવિષ્યવાણી કરી હોત. (૨) હીનયાની સાધનાની સાથે સાથે મહાયાની સાધના પહેલેથી જ ઉપલબ્ધ છે. (૩) અન્ય ધર્મસંપ્રદાયોના પ્રાચીન ગ્રંથોમાં મહાયાનના સિદ્ધાંતોનો ઉલ્લેખ નથી તેનું કારણ મહાયાનના સિદ્ધાંતો ગંભીર હોઈ અન્ય ધર્મસંપ્રદાયોના અનુયાયીઓને અગોચર જ રહ્યા હતા. (૪) કોઈએ સિદ્ધિપૂર્વક અર્થાત્ અભિસંબોધિપૂર્વક મહાયાનનું પાછળથી પ્રતિપાદન કર્યું છે એમ કહેતાં તેનું

બુદ્ધવચનત્વ સિદ્ધ થઈ જાય છે, કારણ કે જે બોધિપૂર્વક ઉપદેશ દે છે તે જ બુદ્ધ છે. (૫) હીનયાનીઓ જેને ઐતિહાસિક ખરા બુદ્ધ ગણે છે તે ખરેખર ખરા બુદ્ધ હતા જ નહિ. તે તો માયિક બુદ્ધ હતા. માયિક બુદ્ધ ઉપાસકો અને ભિક્ષુઓને ઉપદેશ આપે છે. ખરા બુદ્ધ જ બોધિસત્ત્વોને ઉપદેશ આપે છે. હીનયાન માયિક બુદ્ધે ઉપદેશેલો બૌદ્ધ ધર્મ છે, જ્યારે મહાયાન ખરા બુદ્ધે ઉપદેશેલો બૌદ્ધ ધર્મ છે.[૩૫]

હીનયાન અને મહાયાનના સિદ્ધાંતો વચ્ચે જણાતા મોટા અંતરને ઘટાડવા, મહાયાની સાધના હીનયાની સાધનાની વિરોધી નહિ પણ તેના જ ક્રમમાં આવતી એક ઉચ્ચ સ્તરની સાધના છે એવું પુરવાર કરવા અને મહાયાનસૂત્રોનું પ્રામાણ્ય સ્થાપવા મહાયાની આચાર્યોએ ઉપાયકૌશલ્યના સિદ્ધાંતનો આશરો લીધો છે, દ્વિવિધ દેશનાની વાત કરી છે, મહાયાનસૂત્રોના રચયિતા તરીકે કોઈ અન્ય બુદ્ધની સંભાવના સૂચવી છે અને હીનયાનના ઉપદેષ્ટા ખરેખર ખરા યા ઐતિહાસિક બુદ્ધ ન હતા પણ માયિક બુદ્ધ હતા જયારે મહાયાનના ઉપદેષ્ટા જ ખરા બુદ્ધ હતા એવું પ્રતિપાદન કર્યું છે.

આ બધા ઉપરથી એટલું જ ફલિત થાય છે કે મહાયાન બૌદ્ધ ધર્મનો મૂળ બૌદ્ધ ધર્મ સાથે સંબંધ સ્થાપવાનું કાર્ય અત્યંત વિકટ છે. પરંતુ સાથે સાથે એ પણ એટલું જ સાચું છે કે મહાયાન એ મૌલિક બૌદ્ધ ધર્મનો જ એક નૂતન આવિષ્કાર છે. બૌદ્ધ ધર્મની અંદર એવું કંઈ અવશ્ય છે જેને લઈને જુદા જુદા દેશે, જુદા જુદા કાળે અને જુદી જુદી પરિસ્થિતિઓમાં તે અનેક નવાં રૂપો ધારણ કરી તે તે દેશ, કાળ અને પરિસ્થિતિમાં લોકોનું કલ્યાણ કરે છે.

## ટિપ્પણ

૧. **बौद्धधर्म के विकास का इतिहास, पृ० ३२०–२१**

૨. एवेमहं लोकपिता स्वयंभू: चिकित्सक: सर्वप्रजाननाथ: ।
विपरीत मूढांश्च विदित्व बालान् अनिर्वृतो निर्वृत दर्शयामि ॥२१॥
**सद्धर्मपुण्डरीक, पृ० ३२६**

૩. अचिन्तिया कल्पसहस्रकोटचो यासां प्रमाणं न कदाचि विद्यते ।
प्राप्ता मया एष तदाग्रबोधिर्धर्मं च देशेम्यहु नित्यकालम् ॥१॥
**सद्धर्मपुण्डरीक, पृ० ३२३**

४. निर्वाणभूमिं चुपदर्शयामि विनयार्थ सत्त्वान वदाम्युपायम् ।
न चापि निर्वाम्यहु तस्मि काले इहैव चो धर्मु प्रकाशयामि ॥३॥
तत्रापि चात्मानमधिष्ठहामि सर्वांश्च सत्त्वान तथैव चाहम् ।
विपरीतबुद्धि च नरा विमूढा: तत्रैव तिष्ठन्तु न पश्यिषू माम् ॥४॥
परिनिर्वृतं दृष्ट्व ममात्मभावं धातूषु पूजां विविधां करोन्ति ।
मां च अपश्यन्ति जनेन्ति तृष्णां ततोर्जुकं चित्त प्रभोति तेषाम् ॥५॥
ऋजू यदा ते मृदुमार्दवाश्च उत्सृष्टकामाश्च भवन्ति सत्त्वा: ।
ततो अहं श्रावकसंघ कृत्वा आत्मान दर्शेम्यहु गृध्रकूटे ॥६॥
एवं च हं तेष वदामि पश्चात् इहैव नाहं तद आसि निर्वृत: ।
उपायकौशल्य ममेति भिक्षव: पुन: पुनो भोम्यहु जीवलोके ॥७॥
**सद्धर्मपुण्डरीक, पृ० ३२३–३२४**

५. आकांक्षन्नानन्द तथागत एकपिण्डपातेन कल्पं वा तिष्ठेत् कल्पशतं वा कल्पसहस्रं वा कल्पशतसहस्रं वा यावत् कल्पकोटीन्ययुतशतसहस्रं वा ततो वोत्तरि तिष्ठेत् न च तथागतस्येन्द्रियाण्युपनश्येयुर्न मुखवर्णस्यान्यथात्वं भवेन्नापि छविवर्ण उपहन्येत । **सुखावतीव्यूह, पृ० ४**

६. **अग्गञ्ञासुत्त, दी. नि., ना०, भा०३, पृ० ६६**

७. यो वो आनन्द मया धम्मो च विनयो च देसितो पञ्ञत्तो सो वो ममच्चयेन सत्था । **महापरिनिब्बाणसुत्त, दी. नि.**

८. **अग्गञ्ञासुत्त, दी. नि., ना०, भा०३, पृ० ६६**

९. यो खो वक्कलि धम्मं पस्सति, सो मं पस्सति, यो मं पस्सति सो धम्मं पस्सति । **संयुत्तनिकाय**

१०. स एवानास्रवो धातुरचिन्त्य: कुशलो ध्रुव: ।
सुखो विमुक्तिकायोऽसौ धर्माख्योऽयं महामुने ॥ **त्रिंशिका, श्लोक० ३०**

११. प्रभास्वरमिदं चित्तं प्रकृत्याऽऽगन्तवो मला: । **प्रमाणवार्तिक, १. २१०**

१२. सर्वप्रपञ्चव्यतिरिक्तो भगवत: स्वाभाविको धर्मकाय:, स एव चाधिगमस्वभाव: । **बोधिचर्यावतारपञ्जिका, पृ० ३ ।**

समः सूक्ष्मश्च तच्छिष्ट: काय: स्वाभाविको मत: । **महायानसूत्रालङ्कार ९. ६२ ।**

१३. वन्दे प्रत्यात्मवेद्यं तमहमनुपमं धर्मकायं जिनानाम् । **त्रिकायस्तव ।**

१४. तत्र यः पुण्यसंभारः स भगवतां सम्यक्सम्बुद्धानां शतपुण्यलक्षणवतोऽद्भुताचिन्त्यस्य नानारूपस्य रूपकायस्य हेतुः । **मध्यमकावतारटीका, पृ० ६२–६३**

१५. संभोगविभुताहेतुर्यथेष्टं भोगदर्शने ॥ **महायानसूत्रालङ्कार ९/६२**

१६. लोकातीतामचिन्त्यां सुकृतशतफलात्मनो यो विभूतिं
पर्षन्मध्ये विचित्रां प्रथयति महतीं धीमतीं प्रीतिहेतोः ।
बुद्धानां सर्वलोकप्रसृतमविरतोदारसद्धर्मघोषं
वन्दे सम्भोगकायं तमहमिह महाधर्मराज्यप्रतिष्ठम् ॥ **त्रिकायस्तव ।**

१७. **विज्ञप्तिमात्रतासिद्धि,** (Poussin, Paris 1928–29), पृ० ७०५

१८. **लङ्कावतारसूत्र पृ० २२४; बौद्धदर्शनमीमांसा, पृ० १३६**

१९. तेन खलु पुनः समयेन ये ते तथागता अर्हन्तः सम्यक्सम्बुद्धाः अन्येभ्यो लोकधातुकोटीनयुतशतसहस्रेभ्योऽभ्यागता भगवतः शाक्यमुनेस्तथागतस्य निर्मिता येऽन्येषु लोकधातुषु सत्त्वानां धर्मं देशयन्ति स्म । **सद्धर्मपुण्डरीक पृ० ३०७; बौद्धधर्मदर्शन, पृ० ११८**

२०. **अभिसमयालङ्कारालोक, पृ० ५२३; बौद्धधर्म के विकास का इतिहास, पृ० ३५२**

સાંખ્ય–યોગે ચિત્ત ઉપરાંત કૂટસ્થનિત્ય પુરુષ યા આત્મા માન્યો છે. તેથી સાંખ્ય–યોગે પુરુષસંયુક્ત ( = પુરુષનું સ્વ ) વાસ્તવિક ચિત્ત ઉપરાંત પુરુષસંયુક્ત નહીં (પુરુષનું સ્વ નહીં) એવું માયિક ચિત્ત માન્યું છે. પુરુષ યા ઈશ્વર આ માયિક ચિત્તોનું નિર્માણ કરી તેમના દ્વારા ધર્મોપદેશ કરે છે. આવા નિર્મિત માયિક ચિત્તોને નિર્માણચિત્ત કહેવામાં આવે છે. નિર્માણચિત્તને શરીર હોય છે. આવા શરીરને નિર્માણશરીર કહેવાય છે. આમ અહીં ચિત્ત અને શરીર બંને નિર્મિત યા માયિક સંભવે છે. પરંતુ બૌદ્ધધર્મમાં નિર્માણચિત્ત શક્ય જ નથી, એટલે એની વાત બૌદ્ધધર્મમાં આવતી નથી. આમ કેમ? બૌદ્ધધર્મમાં ચિત્ત જ પરમ-તત્ત્વ છે. તેના ઉપરાંત આત્મા નામનું તત્ત્વ બૌદ્ધધર્મે સ્વીકાર્યું નથી. જેમ સાંખ્ય–યોગના પરમતત્ત્વનું નિર્મિત યા માયિક હોવું શકય નથી તેમ બૌદ્ધધર્મના પરમતત્ત્વનું નિર્મિત યા માયિક હોવું શકય નથી. પરમતત્ત્વ સાથે યોગ્ય સંબંધ હોવા ન હોવા ઉપર માયિક–વાસ્તવિકના ભેદનો આધાર છે. એટલે પરમતત્ત્વના માયિક હોવાની શકયતા રહેતી નથી. આપણે અગાઉ જણાવી ગયા છીએ કે બૌદ્ધધર્મ ચિત્ત ઉપરાંત આત્માને માનતો નથી; એને આનાથી પુષ્ટિ મળે છે.

२१. लङ्कावतारसूत्र ६६/६

२२. मुच्यमानेषु सत्त्वेषु ये ते प्रामोद्यसागरा:।
तैरेव ननु पर्याप्तं मोक्षेणारसिकेन किम्॥

**बोधिचर्यावतार ८/१०८**

२३. अनाथानामहं नाथ: सार्थवाहश्च यायिनाम् ।
पारेप्सूनां च नौभूत: सेतु: सङ्क्रम एव च ॥
दीपार्थिनामहं दीप: शय्या शय्यार्थिनामहं ।
दासार्थिनामहं दासो भवेयं सर्वदेहिनाम् ॥

**बोधिचर्यावतार ३ । १७–१८**

२४. पृथिव्यादीनि भूतानि नि:शेषाकाशवासिनाम् ।
सत्त्वानामप्रमेयाणां यथा भोगान्यनेकधा ॥
एवमाकाशनिष्ठस्य सत्त्वधातोरनेकधा ।
भवेयमुपजीव्योऽहं यावत् सर्वे न निर्वृता: ॥

**बोधिचर्यावतार ३/२०–२१**

२५. **शिक्षासमुच्चय**

२६. तथागताराधनमेतदेव स्वार्थस्य संसाधनमेतदेव ।
लोकस्य दु:खापहतमेतदेव तस्मान्ममास्तु व्रतमेतदेव ॥

**बोधिचर्यावतार ६/१२७**

२७. आत्मीकृतं सर्वमिदं जगत् तै: कृपालुभिर्नैव संशयोऽस्ति ।
दृश्यन्त एते ननु सत्त्वरूपास्त एव नाथा: किमनादरोऽत्र ॥

**बोधिचर्यावतार ६/१२६**

२८. **सद्धर्मपुण्डरीक २/११**

२९. **सद्धर्मपुण्डरीक १३६/४, १०८/१७, ८९/१२, ९०/२**

३०. आसयानुसयं विदित्वा भगवा धम्मं देसेति ।
**मज्झिमनिकाय ।**

३१. महायानप्राप्यप्रापणार्थमेव श्रावक–प्रत्येकयाननिर्माणात् । तदुक्तम्–
आदिकर्मिकसत्त्वस्य परमार्थावतारणे ।
उपायस्त्वयं सम्बुद्धै: सोपानमिव निर्मित: ॥

**तत्त्वरत्नावली, पृ० २१**

३२. *Origin of Mahayana*, R. Kimura, *Journal of Department of Letters*, *Vol XII, p. 57*

३३. अधिगतो सोम्यायं धम्मो गम्भीरो दुद्दसो दुरनुबोधो सन्तो पणीतो अतक्कावचरो निपुणो पंडितवेदनीयो ।

**विनयपिटक, महावग्ग ।**

३४. देसितो आनन्द मया धम्मो अनन्तरं अबाहिरं कारित्वा न तत्थ आनन्द तथागतस्स धम्मेसु आचरियमुट्ठि । **महापरिनिब्बाणसुत्त, दी नि. ।**

३५. आदावव्याकरणात् समप्रवृत्तेरगोचरात् सिद्धेः ।
भावाभावेऽभावात् प्रतिपक्षत्वादुतान्यत्वात् ॥

**महायानसूत्रालङ्कार १.७ ।**

# અધ્યાય ૧૨

## મહાયાની સાધના

મહાયાની સાધકનું ધ્યેય બોધિ પ્રાપ્ત કરીને પરિનિર્વાણમાં પ્રવેશ ન કરતાં સર્વ જીવોની દુ:ખમુક્તિ માટે મથવાનું છે. આમ તે સ્વદુ:ખમુક્તિ માટે બોધિ વાંછતો નથી પરંતુ પરદુ:ખમુક્તિ માટે બોધિ વાંછે છે. એટલે જ એની સાધનાને મહાકરુણારંભા કહી છે. આ સાધના બોધિચર્યા કહેવાય છે. બોધિ-ચર્યાનાં મુખ્ય ત્રણ અંગો છે – બોધિચિત્ત, અનુત્તર પૂજા અને પારમિતાગ્રહણ. મહાયાની સાધનામાં સાધકની આધ્યાત્મિક વિકાસયાત્રાની દસ ભૂમિઓ દર્શાવવામાં આવી છે.

### [૧] બોધિચિત્ત

સાધકે સાધનામાર્ગ પર પ્રસ્થાન કરતાં પહેલાં તેના માટે તીવ્ર સંકલ્પ કરવો પડે છે, માનસિક તૈયારી કરવી પડે છે. કોઈ શુભ ઘડીએ ચિત્તામાં પરમ જ્ઞાનની પ્રાપ્તિ માટે ઝંખના જાગે છે અને સર્વ જીવોને તે પ્રકાશ આપી દુ:ખમુક્ત કરવાની શુભોર્મિ ઊઠે છે. આ ક્ષણિક દિવ્ય પ્રકાશને ઓલવાવા ન દેવો અને તેમાં સંકલ્પબળનું તેલ પૂર્યા જ કરવું એ જ બોધિચિત્ત છે.[1]

મનુષ્યભવની પ્રાપ્તિ દુર્લભ છે. મનુષ્યભવમાં જ પરમ પુરુષાર્થ અભ્યુદય અને નિ:શ્રેયસ્‌ની પ્રાપ્તિનાં સાધનો મળે છે. તેથી, આ સુઅવસર ખોવો ન ઘટે. જો આપણે મનુષ્યભવમાં સ્વ અને પરના હિતની ચિંતા ન કરી તો આવો અવસર ફરી મળવો વિરલ છે. મનુષ્યભવમાં પણ અકુશલ ચિત્તભાવોમાં અભ્યસ્ત હોવાને કારણે સામાન્ય રીતે મનુષ્યની બુદ્ધિ શુભ કર્મોમાં પરોવાતી નથી. પુણ્ય સર્વકાળે દુર્બળ છે. અને પાપ અત્યંત પ્રબળ છે. આવી પરિસ્થિતિમાં પાપ ઉપર વિજય કેવળ કોઈ બળવાન પુણ્ય દ્વારા જ પ્રાપ્ત થઈ શકે છે. ભગવાન બુદ્ધ જ લોકોની અસ્થિર મતિને એક ક્ષણ માટે શુભ કર્મો પ્રતિ પ્રેરિત કરે છે. જેમ વાદળઘેર્યા આકાશમાં રાત્રિએ ક્ષણમાત્ર માટે વિદ્યુત્પ્રકાશથી વસ્તુનું જ્ઞાન થાય છે, તેમ આ અંધકારમય જગતમાં બુદ્ધકૃપાથી જ ક્ષણમાત્ર માટે માનવ-ચિત્ત શુભકર્મોમાં પ્રવૃત્ત થાય છે. આ શુભચિત્ત જ બોધિચિત્ત છે. તે ઘોરતમ

પાપને પોતાના તેજથી અભિભૂત કરે છે. એનાથી વધુ પાપનું પ્રતિઘાતક અને વિરોધી બીજું કશું જ નથી. એક બોધિચિત્ત જ સર્વાર્થસાધક છે. એના દ્વારા અનેક જીવ ભવસાગર પાર કરે છે. એનો ત્યાગ કદી ન કરવો જોઈએ. જેઓ કેવળ પોતાને જ દુઃખમુક્ત કરવા ઇચ્છતા હોય કે જેઓ બહુ સુખ પામવા ઇચ્છતા હોય તેમણે પણ બોધિચિત્તનું ગ્રહણ કરવું જોઈએ.[૨]

બોધિચિત્તનો ઉદય થતાં જ મનુષ્ય બુદ્ધપુત્ર બને છે અને દેવતા તથા મનુષ્ય બધા તેની વંદના—સ્તુતિ કરે છે. બોધિચિત્ત એવું અલૌકિક રસાયણ છે જે મનુષ્યના નિકૃષ્ટ કલેવર અને સ્વભાવને બુદ્ધશરીર અને બુદ્ધસ્વભાવમાં પરિવર્તિત કરી નાખે છે. જેમ એક ગુફામાં હજારો વર્ષોથી સંચિત અંધકાર પ્રદીપના પ્રવેશમાત્રથી નાશ પામે છે અને ત્યાં પ્રકાશ પથરાઈ જાય છે તેમ બોધિચિત્ત અનેક કલ્પોથી સંચિત પાપોનો ધ્વંસ કરે છે અને જ્ઞાનનો પ્રકાશ પાથરી દે છે. બોધિચિત્ત કેવળ સર્વ શુભનો સંચય જ નથી કરતું પણ સમસ્ત દારુણ અને મહા પાપોનો ક્ષય પણ કરી નાખે છે. જેમ મહા અપરાધી બળવાનને શરણે જઈ પોતાને રક્ષે છે તેમ મનુષ્ય બોધિચિત્તને શરણે જઈ પોતાનું પાપોથી અને અકુશલથી રક્ષણ કરે છે. બોધિચિત્તના ઉત્પાદને પરિણામે જન્મેલા વ્યાપક પુણ્યરાશિમાં પાપ ઘેરાઈ જાય છે અને જેમ સબળ દુર્બળને દબાવી દે છે તેમ પ્રબળ પુણ્ય પોતાના વિરોધી પાપને દબાવી ફળ દેવાને અસમર્થ બનાવી દે છે. બોધિચિત્ત જ બધા પાપોને નિર્મૂળ કરવાનો મહાન ઉપાય છે. તે સતત ફળ દેનારું કલ્પવૃક્ષ છે, સકળ દારિદ્રયને દૂર કરનારો ચિન્તામણિ છે અને સઘળી ઇચ્છાઓ પૂરનારો ભદ્રઘટ છે.[૩]

મહાયાનને અનુસરવા ઇચ્છતી કોઈ પણ વ્યક્તિ બોધિચિત્તોત્પાદ વિના બોધિચર્યાની અધિકારી બનતી નથી. બોધિચિત્તોત્પાદ પછી જ બોધિચર્યા શકય બને છે, અન્યથા નહિ. બોધિચિત્ત બે પ્રકારનું છે—બોધિપ્રણિધિચિત્ત અને બોધિપ્રસ્થાનચિત્ત. પ્રણિધિનો અર્થ છે ધ્યાન યા ભાવના. 'હું સર્વ જગતના પરિત્રાણને માટે બુદ્ધ થાઉં' એવી ભાવના પ્રાર્થનારૂપે જ્યારે ઉદય પામે ત્યારે બોધિપ્રણિધિચિત્ત ઉત્પન્ન થયું કહેવાય. આ પૂર્વાવસ્થા છે. મહાયાનના પથિક બનવાનો સંકલ્પ પ્રગટ થયો છે. હજુ એ માર્ગે પથિકે પ્રસ્થાન—પ્રયાણ કર્યું નથી. પરંતુ જ્યારે સાધક વ્રત ગ્રહણ કરીને તે માર્ગે પ્રસ્થાન કરે અને શુભ કર્મમાં પ્રવૃત્ત થાય ત્યારે બોધિપ્રસ્થાનચિત્ત ઉત્પન્ન થયું કહેવાય. જેમણે સંબોધિની પ્રાપ્તિ માટે પ્રસ્થાન આરંભ્યુ હોય એવા જીવો આ જગતમાં અત્યંત દુર્લભ

છે. તેઓ જગતનાં દુ:ખોની પરમ ઔષધિ છે, જગદાનન્દનું બીજ છે. તેઓ સૌ દુ:ખી જનોના સમસ્ત દુ:ખોને દૂર કરી તે બધાને સર્વસુખસંપન્ન કરવાનો ઉદ્યોગ કરે છે. તેઓ સર્વ જીવોના અકારણ બંધુ છે. તેમનો વ્યાપાર પરાર્થ છે. તેમને કોઈ સ્વાર્થ નથી. તેમનો મહિમા અપાર છે. એમનો અનાદર બુદ્ધનો અનાદર છે અને એમનો સત્કાર બુદ્ધનો સત્કાર છે.[૪]

## [૨] અનુત્તરપૂજા

બોધિચિત્તની ઉત્પત્તિ થાય એ માટે અષ્ટાંગ અનુત્તર પૂજા કરવી જોઈએ. આ પૂજાના આઠ અંગો છે – વંદના, પૂજના, શરણગમન, પાપદેશના, પુણ્યાનુમોદન, બુદ્ધાધ્યેષણા, યાચના અને બોધિપરિણામના. આ અષ્ટાંગ અનુત્તર પૂજામાં બૌદ્ધ ભક્તિની વિશદ અભિવ્યક્તિના દર્શન થાય છે.

(૧–૨) વંદના અને પૂજા – બોધિચિત્તની ઉત્પત્તિ માટે બુદ્ધ, સદ્ધર્મ અને બોધિસત્ત્વની વંદના તેમ જ પૂજા આવશ્યક છે. આ પૂજા મનોમય છે. મનોમય પૂજા શા માટે એ સમજાવવા શાંતિદેવ કહે છે, "મેં પુણ્ય કર્યું નથી. હુ મહા દરિદ્ર છું. પૂજાની સામગ્રી મારી પાસે નથી. ભગવાન મહાકારુણિક છે, સર્વભૂતહિતરત છે. હું પોતે ગરીબ હોવાને કારણે જગતમાં જેટલાં પુષ્પ, ફળ, રત્ન, જલ, રત્નમય પર્વત, વનપ્રદેશ, પુષ્પલત્તા, વૃક્ષ, કલ્પવૃક્ષ, મનોહર સરોવર તથા જેટલા ઉપહાર પ્રાપ્ત છે એ બધાને બુદ્ધ અને બોધિસત્ત્વને હું મનથી અર્પણ કરું છું."[૫] આને અનુત્તર દક્ષિણા કહેવામાં આવે છે. પરંતુ બીજી જ ક્ષણે સાધકને ભાન થાય છે કે આ બધું મારું નથી, હું તો દરિદ્ર છું. જો કે પોતે દરિદ્ર છે છતાં પોતાની જાત એની સંપત્તિ છે, એના ઉપર એનું સ્વામિત્વ છે. એટલે બુદ્ધ-બોધિસત્ત્વને ચરણે તે પોતાની જાત અર્પે છે અને ભક્તિભાવથી પ્રેરાઈને તે બુદ્ધ–બોધિસત્ત્વનું દાસત્વ સ્વીકારે છે. ભગવાન બુદ્ધ જેવા પોતાના નાથ છે એ ભાવ જાગતાં તે નિર્ભય બની જાય છે. તે પ્રતિજ્ઞા કરે છે કે હું પ્રાણીમાત્રનું કલ્યાણ કરીશ, પૂર્વકૃત પાપોનું પ્રાયશ્ચિત કરીશ અને ફરી પાપ નહિ કરું.

મનોમય પૂજા પછી ભક્ત બુદ્ધ, ધર્મ, બોધિસત્ત્વ, ચૈત્ય વગેરેની વિશેષ પૂજા કરે છે. મનોરમ સ્નાનગૃહમાં રત્નમય કુંભોથી સુગંધિત જળ વડે, ગીતવાદ્ય સાથે, બુદ્ધ તથા બોધિસત્ત્વને તે સ્નાન કરાવે છે, સ્નાન કરાવ્યા પછી નિર્મળ વસ્ત્ર વડે શરીર લૂછે છે, પછી સુરક્ત અને સુવાસિત ઉત્તમ ચીવરનું પ્રદાન કરે

છે, દિવ્ય અલંકારો પહેરાવે છે, સુગંધિત દ્રવ્યોથી વિલેપન કરે છે, માળાઓ પહેરાવે છે અને ધૂપદીપ–નૈવેદ્ય અર્પણ કરે છે.[૬]

(૩) શરણગમન – પછી સાધક બુદ્ધ, ધર્મ અને બોધિસત્ત્વને શરણે જાય છે. 'હું તમારે શરણે આવ્યો છું' એ પ્રકારની અનુભૂતિ સાધકને પ્રત્યેક ક્ષણે હોય છે. મહાયાનમાં શરણાગતિનું અત્યંત મહત્ત્વ છે. આ ભકતની શરણાગતિ છે.[૭]

(૪) પાપદેશના – શરણગમન પછી સાધક પોતાનાં સઘળાં પાપકર્મોની કબૂલાત કરે છે. કાયિક, વાચિક અને માનસિક જે પાપ એણે પોતે કર્યાં હોય અથવા બીજા પાસે કરાવ્યાં હોય અથવા જેમનું અનુમોદન કર્યું હોય એ બધાં પાપોને તે પ્રગટ કરે છે. પાપવિમુક્તિને માટે એની વ્યાકુળતા ઉત્કટ બને છે. મારા જેવો 'કુટિલ, ખલ, કામી' બીજો કોઈ નથી એવી ભાવના તેનામાં જાગે છે. પહેલાં કરેલાં પાપને ધોવા તે પ્રાયશ્ચિત કરે છે,[૮] ભવિષ્યમાં પાપ ન કરવાનો દૃઢ સંકલ્પ કરે છે અને પોતાનો સંકલ્પ સફળ બને એ માટે બુદ્ધબોધિસત્ત્વની સહાય ઈચ્છે છે. તે બુદ્ધ–બોધિસત્ત્વ સમક્ષ પોતાનાં પાપ પ્રગટ કરતી વખતે પ્રાર્થના કરે છે, "હે ભગવન્! મારી રક્ષા કરો. જ્યાં સુધી હું પાપોનો ક્ષય ન કરી લઉં ત્યાં સુધી મારું મૃત્યુ ન થાઓ, અન્યથા હું દુર્ગતિમાં પડીશ. આ અનિત્ય જીવનમાં મારો વિશેષ અભિનિવેશ હતો. હું યૌવન, રૂપ, ધન, વગેરેના મદથી છકી ગયો હતો. તેથી મેં અનેક પાપો કર્યાં. મારી રક્ષા કરી શકે એવા સાધુની શોધમાં હું ચારેય દિશાઓમાં ઘુમી વળ્યો. દિશાઓને ત્રાણશૂન્ય દેખી મને ભય વ્યાપ્યો. છેવટે મેં નિશ્ચય કર્યો કે મારે બુદ્ધને શરણે જવું. બુદ્ધ સમર્થ છે, દુઃખીની રક્ષા કરવા માટેનું બળ તેમનામાં જ છે, તે સર્વ સંતાપને હરવામાં કુશળ છે. હું હાથ જોડીને ભગવાન સમક્ષ મારાં બધાં પાપોનો સ્વીકાર કરું છું અને પ્રતિજ્ઞા કરું છું કે આજથી કદી અનાર્ય યા ગર્હિત કર્મ નહિ કરું. જેમ રોગી વૈદ્યની શિક્ષાઓનું અનુસરણ કરે છે તેમ હું આપની શિક્ષાઓનું અનુસરણ કરીશ."[૯]

(૫) પુણ્યાનુમોદના – પાપદેશના પછી સાધક બીજા જીવોનાં શુભ કર્મો યાદ કરીને યા દેખીને પ્રસન્નતા અનુભવે છે, તેમનું અનુમોદન કરે છે, તેમની પ્રશંસા કરે છે. બધા જીવો બધાં જ દુ:ખોથી સર્વથા છૂટકારો પામે એ ભાવનાનું પણ તે અનુમોદન કરે છે.[૧૦]

(૬) બુદ્ધાધ્યેષણા – પુણ્યાનુમોદન પછી સાધક હાથ જોડી સર્વ દિશાઓમાં રહેલા બુદ્ધોને પ્રાર્થના કરે છે કે અજ્ઞાનાંધકારથી આવૃત જીવોના ઉદ્ધાર માટે ભગવાન માર્ગને તેમના પૂર્ણ જ્ઞાનથી પ્રકાશિત કરે.[૧૧]

(૭) બુદ્ધયાચના—પછી તે બુદ્ધ પાસે યાચના કરે છે કે તેઓ નિર્વાણમાં પ્રવેશ ન કરે, કારણ કે જો તેઓ નિર્વાણમાં પ્રવેશ કરશે તો જીવોને દુઃખમુક્તિના માર્ગનું જ્ઞાન કોણ આપશે?[૧૨]

(૮) બોધિપરિણામના—છેવટે સાધક પ્રાર્થના કરે છે કે આ અનુત્તર પૂજા કરવાથી જે પુણ્ય કમાયો હોઉં એના દ્વારા હું સમસ્ત પ્રાણીઓના સર્વ દુઃખોનું પ્રશમન કરવા સમર્થ થાઉં અને એમને સમ્યક્જ્ઞાનની પ્રાપ્તિ કરાવું. આવી પ્રાર્થના જ બોધિપરિણામના છે.[૧૩] આ વખતે સાધકનું ચિત્ત દુઃખીઓનાં દુઃખો દૂર કરવાની ઉત્કટ ભાવનાથી વ્યાપ્ત બને છે. તે દુઃખીઓ સાથે એકાત્મ-ભાવ અનુભવે છે.[૧૪] પરિણામે સાધકનો અહંભાવ ગળી જાય છે, સ્વદુઃખ—પરદુઃખનો ભેદ રહેતો નથી, દુઃખમાત્રને દૂર કરવાની ઉત્કટતા વધે છે, સ્વદુઃખ-મુક્તિ તેને ખપતી નથી, તેને તો બધા જીવો દુઃખમાંથી મુક્ત થાય એ જ લક્ષ્ય છે.

## [૩] પારમિતાગ્રહણ

**દાનપારમિતા**—બોધિસત્ત્વની ચર્યાનું મહત્ત્વપૂર્ણ અંગ પારમિતાગ્રહણ છે. મહાયાનમાં છ પારમિતાઓ છે. એમાં પ્રથમ સ્થાન દાનપારમિતા(કરુણા-પારમિતા)નું છે. આ પારમિતા મહાયાનની પ્રવર્તિકા છે. એ પરમ ઉપાય છે. બોધિ એની ચરમ અભિવ્યક્તિ છે. બોધિસત્ત્વે પોતાનાં સઘળાં કાર્યોની નિયામક કરુણાને જ ગણવી જોઈએ.

બોધિપરિણામના પછી શિક્ષાગ્રહણ માટે સાધક વિશેષ પ્રયત્ન કરે છે. તે સૌ પ્રથમ દાનપારમિતાને ગ્રહણ કરે છે. બધી વસ્તુઓનું બધા જીવોને માટે દાન અને બદલામાં દાનફળનો ત્યાગ દાનપારમિતા છે. દાનપારમિતા માટે આવશ્યક છે અહંભાવનો પરિત્યાગ. તે અહંભાવનો ત્યાગ કરે છે. અહંભાવ-પરિત્યાગ જ નિર્વાણ છે. તે સાધક સર્વ ભોગ્ય વસ્તુઓનો ત્યાગ કરે છે. પોતાનાં અતીત, વર્તમાન અને અનાગત પુણ્યને પણ સર્વ જીવોને દાનમાં આપી દે છે.

જો નિર્વાણને માટે બધું ત્યજવાનું જ હોય તો સારું તો એ છે કે બધું જ સર્વ જીવોને દાનમાં આપી દેવું. આમ વિચારી સાધક પોતાનું શરીર સર્વ જીવોને દાનમાં આપી દે છે. ભલેને કોઈ એને લાકડીથી મારે, એની જુગુપ્સા કરે, એના પર ધૂળ ફેંકે, એને પથરા મારે પરંતુ સાધક તો કેવળ એટલું જ ઇચ્છે છે કે એ શરીર વડે કોઈ પણ જીવનો અનર્થ ન થાય. એ તો પોતાના ઉપર મિથ્યા

દોષારોપણ કરનાર, પોતાનો અપકાર યા ઉપહાસ કરનારને પણ બુદ્ધત્વલાભ ઇચ્છે છે.

સાધક કોઈ પણ ચીજમાં મમત્વ રાખતો નથી. તે સર્વ જીવોને પુત્રતુલ્ય દેખે છે અને પોતાને બધાનો પિતા ગણે છે. જો કોઈ એની પાસે કંઈ માગે છે તો તે તરત જ એ વસ્તુ તેને આપી દે છે. તેનામાં શાઠ્ય, માત્સર્ય, ઈર્ષ્યા–પૈશુન્ય અને સંસારમાં લીનચિત્તતા આ ચાર વસ્તુઓ હોતી નથી. જે વસ્તુ પ્રત્યે પોતાને ત્યાગચિત્તતા ઉત્પન્ન થઈ ન હોય તે વસ્તુને તે ગ્રહણ કરતો નથી. જેને જે વસ્તુની આવશ્યકતા હોય તેને તે વસ્તુ શોક કર્યા વિના અને ફળની આકાંક્ષા રાખ્યા વિના તે આપી દે છે.[૧૫]

સાંસારિક દુઃખનું મૂળ પરિગ્રહ છે. તેથી અપરિગ્રહ દ્વારા ભવદુઃખથી મુક્તિ મળે છે. સાધક બોધિસત્ત્વ અનંત કલ્પો સુધી અપરિગ્રહી રહીને લૌકિક અને લોકોત્તર સુખસંપત્તિનો અનુભવ કરે છે અને બીજાને તારે છે. દાન એ જ બૌધિસત્ત્વની બોધિ છે.[૧૬]

આમ અહંભાવનો ત્યાગ કરી, અનાથ જીવો પર દયા કરી, પોતે દુઃખ ઉઠાવીને બીજાનાં દુઃખો દૂર કરવાના આશયથી બુદ્ધત્વને ઉપાય ગણી સાધક બુદ્ધત્વને માટે કટિબદ્ધ થઈ જાય છે. તે પોતાના શરીરને પોતાનું ગણતો નથી. તેનું પણ તેણે દાન કરી દીધું છે. હવે તે શરીરની પાસેથી તે બીજાનાં દુઃખો દૂર કરવાનું કામ લે છે. જેમ તેણે શરીરનું દાન કર્યું છે તેમ સર્વ ચીજવસ્તુઓનું પણ તેણે દાન કર્યું છે.

અહીં કોઈને શંકા થાય કે સમસ્ત જગતના દારિદ્રયને દૂર કરી જગતના બધા જીવોને પરિપૂર્ણ કરવા એ જ જો દાનપારમિતાનું પ્રયોજન હોય તો અનેક બુદ્ધો થઈ ગયા છતાં પણ આજ જગત દરિદ્ર કેમ છે? શું એ બુદ્ધોમાં દાન-પારમિતા ન હતી? એ બુદ્ધોમાં દાનપારમિતા ન હતી એમ તો ન જ કહેવાય. દાનપારમિતાનો અર્થ કેવળ એટલો જ છે કે બધી વસ્તુઓનું સઘળા જીવો માટે, ફળની આકાંક્ષા રાખ્યા વિના દાન. દાનપારમિતામાં ચિત્તનું જ પ્રાધાન્ય છે. ચિત્તની નિરાસંગતા અને ચિત્તનું માત્સર્યરાહિત્ય એ જ દાનપારમિતા છે. આમ દાનપારમિતા સાધકના ચિત્તની વિશિષ્ટ દશા છે. આવું ચિત્ત ધરાવનાર વ્યક્તિ નિષ્ઠાપૂર્વક બીજાનાં દુઃખો દૂર કરવામાં રત રહે છે—ભલે તેનાથી બધા જીવોનાં બધાં દુઃખો દૂર ન થાય.[૧૭]

શીલપારમિતા—પોતાની જાત સર્વ પ્રાણીઓના કલ્યાણને માટે સર્વ પ્રાણીઓને દાનમાં આપી દીધી. હવે તે સર્વ પ્રાણીઓના કલ્યાણને સાધવાનું સાધન છે. એ સાધન નાશ પામે તો સર્વ જીવોનું કલ્યાણ ન થઈ શકે. માટે, એની રક્ષા જરૂરી છે. સાધકે શરીર અને ચિત્તને બરાબર સ્વસ્થ અને નીરોગી રાખવાં જોઈએ. બંનેની રક્ષા કરવી જોઈએ. બંનેને સ્વસ્થ અને નીરોગી રાખવા શું કરવું જોઈએ એ જાણવા કલ્યાણમિત્રની આવશ્યકતા છે. કલ્યાણમિત્રનો ત્યાગ ન કરવો જોઈએ. શું કરણીય છે અને શું અકરણીય છે તેનું જ્ઞાન કલ્યાણમિત્ર અને શિક્ષાગ્રંથો આપે છે. શિક્ષાગ્રંથના નિયમોનું પાલન કરવું જોઈએ. આને શિક્ષાની રક્ષા કહે છે.[૧૮]

ચિત્ત ચંચળ છે. જો એને સ્વાયત્ત ન કરવામાં આવે તો નિયમપાલનમાં સ્થિરતા આવતી નથી. ભય અને દુ:ખનું કારણ ચિત્ત જ છે. ચિત્ત દ્વારા જ અર્થાત્ માનસ કર્મ દ્વારા જ વાક્કર્મ અને કાયકર્મ ઉદ્ભવે છે. એટલે વાક્કર્મ અને કાયકર્મનું સમુત્થાપક યા પ્રેરક ચિત્ત જ છે. તેથી, ચિત્તનું દમન અત્યંત આવશ્યક છે. જેનું ચિત્ત પાપથી નિવૃત્ત છે તેને ભયનું કોઈ કારણ નથી. જેનું ચિત્ત સ્વાયત્ત છે એના સુખની હાનિ થતી નથી. તેથી જ પાપચિત્તથી વધુ ભયાનક બીજું કંઈ નથી. શીલપારમિતા પણ વાસ્તવમાં ચિત્તની દશા જ છે. શીલનો અર્થ છે પ્રાણાતિપાત વગેરે સઘળાં ગર્હિત કર્મોમાંથી ચિત્તની વિરતિ. વિરતિચિત્તતા જ શીલ છે.

શત્રુ વગેરેનું નિવારણ કરવું શક્ય નથી. ચિત્તનું નિવારણ જ શક્ય છે. ચિત્તના નિવારણથી જ કામ સરે છે. એટલે, સાધકે અપકારક્રિયાથી પોતાના ચિત્તનું નિવારણ કરવું જોઈએ. કંટક આદિથી બચવા માટે આખી પૃથ્વીને ચામડે મઢવી ઉચિત છે પણ સંભવિત નથી કારણ કે એટલું ચામડું લાવવું ક્યાંથી? એટલું ચામડું મળે તોય આખી પૃથ્વીને તેનાથી મઢવી અશક્ય છે. પરંતુ ઉપાય દ્વારા કંટક વગેરેથી બચી શકાય. ઉપાય છે ચામડામાંથી બનાવેલાં પગરખાં. એમને પગમાં પહેરી લો એટલે પછી પગમાં કાંટા-કાંકરા નહિ વાગે. એવી જ રીતે અનંત બાહ્ય ચીજોનું નિવારણ એક ચિત્તના નિવારણથી થઈ જાય છે.[૧૯].

ચિત્તની ક્લેશોથી રક્ષા કરવી જોઈએ. તેમ કરવા સ્મૃતિ અને સંપ્રજન્ય જરૂરી છે. સ્મૃતિનો અર્થ છે સ્મરણ. સ્મરણ શેનું? વિહિત અને પ્રતિષિદ્ધનું સ્મરણ.[૨૦] સ્મૃતિને લીધે ક્લેશોનો પ્રાદુર્ભાવ થતો નથી. સ્મૃતિથી સુરક્ષિત

મનુષ્ય ઉત્પથ યા કુમાર્ગમાં પગ મૂકતો નથી. સ્મૃતિ અકુશલને ચિત્તમાં પ્રવેશવા દેતી નથી.[૨૧] સંપ્રજન્યનો અર્થ છે પ્રત્યવેક્ષણ. પ્રત્યવેક્ષણ શેનું? કાય અને ચિત્તની અવસ્થાનું પ્રત્યવેક્ષણ. ખાતા-પીતા, સૂતા-જાગતા, ઊઠતા-બેસતા પ્રત્યેક ક્ષણે કાય અને ચિત્તનું નિરીક્ષણ કરવું જોઈએ. સ્મૃતિ તીવ્ર આદરમાંથી જન્મે છે. તીવ્ર આદર શમથમાહાત્મ્યના જ્ઞાનમાંથી જન્મે છે. શમથ એટલે ચિત્તની શાંતિ. અચપળતા, અચંચળતા, સૌમ્યભાવ, અનુદ્ધતા, કર્મણ્યતા, એકાગ્રતા, એકારામતા, વગેરે શમથનાં લક્ષણ છે. શમથી સ્વપરનું કલ્યાણ થાય છે, અનંત દુ:ખો દૂર થાય છે અને લોકોત્તર સુખસંપત્તિની પ્રાપ્તિ થાય છે. શમથી ચિત્ત અચલ બને છે.

ચિત્તને સ્થિર અને નિર્મળ રાખવું જોઈએ. એને માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. અનર્થનું વિવર્જન કરવું જોઈએ. પ્રયોજન વિના ક્યાંય નજર ન નાખવી જોઈએ. દૃષ્ટિ સદા નીચે તરફ રાખવી જોઈએ. કેવળ દૃષ્ટિને વિશ્રામ દેવા ખાતર પોતાની ચારે બાજુ ઘડીક દૃષ્ટિ ફેરવી લેવી. જો કોઈ નજીક આવે તો છાયામાત્રથી જાણી લઈ તેનું સ્વાગત કરવું જોઈએ, તેની અવજ્ઞા કરવાથી અકુશલની ઉત્પત્તિ થશે. ભયનું કારણ જાણવા ખાતર માર્ગમાં ચોતરફ નજર નાખવી જોઈએ. બરાબર નિરીક્ષણ કરીને આગળ કે પાછળ જવું જોઈએ. આ રીતે સઘળી પરિસ્થિતિઓમાં બુદ્ધિપૂર્વક કામ કરવું જોઈએ અને ઉપઘાતનો પરિહાર તેમ જ કાય-ચિત્તની રક્ષા કરવી જોઈએ. પ્રત્યેક કામમાં શરીરની અવસ્થા ઉપર ધ્યાન રાખવું જોઈએ. દેહની ભિન્ન અવસ્થા થાય તો એને ફરી પૂર્વવત્ સ્થિર કરવો જોઈએ. નાનાવિધ પ્રલાપ સાંભળવા કે કુતૂહલ દેખવા ઉત્સુક ન થવું જોઈએ. પ્રયોજન વિના નખ, દંડ, વગેરેથી ભૂમિ, ફળ, વગેરે ખોતરવાં ન જોઈએ. કોઈ નિરર્થક કર્મ ન કરવું જોઈએ.[૨૨] જ્યારે ચિત્ત માન, મદ યા કુટિલતાથી દુષિત થાય ત્યારે એને સ્થિર કરવું. જ્યારે ચિત્તમાં પોતાના ગુણોને પ્રગટ કરવાની, બીજાના છિદ્રાન્વેષણની કે બીજાની સાથે કલહ કરવાની ઈચ્છા જાગે ત્યારે તત્કાળ ચિત્તને વારી સ્થિર કરવું. જ્યારે ચિત્ત પરાર્થવિમુખ અને સ્વાર્થાભિનિવિષ્ટ બની લાભ, સત્કાર અને કીર્તિનો અભિલાષ કરે ત્યારે પણ તેને વારી સ્થિર કરવું. આ રીતે ચિત્તની અકુશલ વૃત્તિઓનો નિરોધ કરી તેને સ્થિર કરવું, તેની રક્ષા કરવી. શરીરમાં આસક્તિ ન રાખવી. ચિત્તરહિત મૃત શરીર વ્યાપારહીન હોય છે. આમિષલાભી ગીધડાં જ્યારે તેને આમતેમ ખેંચી ચૂંથે છે ત્યારે તે સ્વરક્ષા કરવા સમર્થ નથી હોતું. આવું શરીર સર્વથા અનુપયોગી છે. એમાં આસક્તિ ન રાખવી જોઈએ. એ માંસ અને અસ્થિના પુંજને પોતાનાથી અભિન્ન

ગણી એની તરફ રાગ ન ધરાવવો જોઈએ. તે પોતાનાથી ભિન્ન છે એમ સમજી તેના નાશથી પોતાનું કંઈ અનિષ્ટ થવાનું નથી એવો નિર્મમભાવ કેળવવો જોઈએ. તે અપવિત્ર યંત્ર છે. એ ચામડે મઢેલા અસ્થિપંજરનું પૃથક્કરણ કરી જુઓ અને વિચારો કે એમાં શું સારભૂત છે. આ રીતે પ્રયત્નપૂર્વક શોધવા છતાં કંઈ સાર વસ્તુ દેખાતી નથી. અલબત્ત, તે ધર્મકર્મ કરવાનું સાધન અવશ્ય છે. જે નોકર પોતાનું કામ કરતો નથી તેને શેઠ અન્ન, વસ્ત્ર વગેરે આપતો નથી. શરીરને પણ નોકર જેવું ગણવું જોઈએ અને તેના કામ બદલ તેને વેતન આપવું જોઈએ. શરીર ઉપર પોતાનો સંપૂર્ણ કાબૂ હોવો જોઈએ. જે શરીરના સ્વભાવ અને ઉપયોગને વિચારી શરીરને પોતાને વશ રાખે છે તે સદા પ્રસન્ન રહે છે, તે જગતનો બંધુ છે, તે બધાનું સ્વાગત કરે છે અને તે નિષ્ફળ કાર્ય કરતો નથી.

જે આપ્ત છે, ઉપદેષ્ટા છે અને સર્વભૂતહિતરત છે તેનું અપમાન ન કરવું જોઈએ અને એનાં હિતવિધાયક વચનો આદરપૂર્વક ગ્રહણ કરવાં જોઈએ. પોતાને બધાનો શિષ્ય સમજવો જોઈએ. સૌ પાસેથી શીખવું જોઈએ. આ રીતે ઈર્ષ્યામળને ધોઈ નાખવો જોઈએ. શુભ કર્મ કરનારને દેખી એનાં પુણ્યકર્મની પ્રશંસા કરવી જોઈએ. બધા જીવો તુષ્ટિ મેળવવા પ્રવૃત્તિ કરે છે. તુષ્ટિ ધન દ્વારા પ્રાપ્ત થતી નથી. પરંતુ પરગુણોને દેખીસાંભળી વિના આયાસે સાચા તુષ્ટિસુખનો અનુભવ થાય છે. એમાં કશાનો વ્યય નથી થતો અને બીજાને પણ સુખ થાય છે. એથી ઊલટું બીજાના ગુણોને ઊતારી પાડવાથી દુઃખ અને દ્વેષ જન્મે છે અને વધે છે.

સાધકે મિતભાષી બનવું જોઈએ. તેણે કોઈને કડવું વેણ ન કહેવું જોઈએ. તેણે સદા સૌને સરલ દૃષ્ટિએ જોવા જોઈએ. તેણે સદા સર્વ જીવોના કલ્યાણ માટે પ્રવૃતિશીલ રહેવું જોઈએ. તેણે કોઈ પણ કાર્યમાં બીજાની અપેક્ષા ન રાખવી જોઈએ. સઘળાં કામ તેણે સ્વયં કરવાં જોઈએ. પ્રતિમોક્ષમાં નિષિદ્ધ કર્મો તેણે ન કરવાં જોઈએ.

સાધકે કાયાને થોડા માટે કષ્ટ ન દેવું જોઈએ, અન્યથા મહા શુભની હાનિ થશે. ક્ષુદ્ર અવસર ઉપર પોતાના પ્રાણનો ત્યાગ તેણે ન કરવો જોઈએ, અન્યથા એક જીવનું ભલું કરવા જતાં અનેક જીવોના કલ્યાણનો અંત આવશે. બધા જીવોના કલ્યાણ માટે પોતાની જાતનો ઉત્સર્ગ તો તેણે ક્યારનોય કરી દીધો છે. કેવળ અકાળ શરીર પાડી દેવાથી મહાન અનર્થ થશે. હવે જે પોતાનું નથી

તે શરીરની સર્વ જીવોના ભલા માટે રક્ષા કરવી જોઈએ અને લોકકલ્યાણઅર્થે તેનો સૌથી વધુ ઉપયોગ કેમ થાય એ વિચારી તે પ્રમાણે વર્તવું જોઈએ.

મન, વચન અને કાયાથી કોઈ પણ દુષ્કર્મ ન કરવું એ શીલ છે. દુષ્કર્મોથી ચિત્ત અને કાયાને રક્ષવા એ શીલ છે. જે શીલસંપન્ન નથી તેની નિંદા થાય છે, તેનો અનાદાર થાય છે. પરિણામે, તે ધર્મપ્રચાર કરી શકતો નથી, લોકકલ્યાણ કરી શકતો નથી. શીલ નિવૃત્તિરૂપ પણ છે અને પ્રવૃત્તિરૂપ પણ છે. દુષ્કર્મોમાંથી વિરમવું એ જ શીલ નથી પરંતુ એથી આગળ જઈ સત્કર્મો કરવાં એ પણ શીલ છે.

**ક્ષાન્તિપારમિતા**—ક્ષાન્તિ એટલે સહનશીલતા. સાધકમાં ક્ષાન્તિ હોવી જોઈએ. જેનામાં ક્ષાન્તિ નથી તે ધર્મશ્રવણ—અધ્યયન વગેરેનો ખેદ સહન કરી શકતો નથી. અખિન્ન બની ધર્મશ્રવણ—અધ્યયન કરવું જોઈએ, કારણ કે જ્ઞાન સંપાદન કર્યા વિના સમાધિનો તેમ જ કલેશશોધનનો ઉપાય જાણી શકાતો નથી.[૨૩]

જેવી રીતે એક તણખો તૃણરાશિને બાળીને ભસ્મ કરી દે છે તેવી રીતે દ્વેષ પણ હજારો કલ્પના ઉપાર્જિત શુભ કર્મોને નષ્ટ કરી દે છે. દ્વેષ જેવું કોઈ પાપ નથી અને ક્ષાન્તિ જેવું કોઈ તપ નથી. એટલે, અનેક રીતે ક્ષાન્તિ કેળવવા અભ્યાસ કરવો જોઈએ. જેના હૃદયમાં દ્વેષાનલ જલતો હોય તેને સુખ—શાંતિ કયાંથી હોય? નથી એને સારી ઊંઘ આવતી કે નથી તેનું ચિત્ત પ્રસન્ન રહેતું. એના આશ્રિતો પણ એનો વિનાશ ચાહે છે. મિત્રોને પણ એના ત્રાસનો ભય હોય છે. દાન દેવા છતાં એની કોઈ સેવા કરતું નથી. સંક્ષેપમાં, દ્વેષી કદી સુખી થતો નથી. એટલે, મનુષ્યે દ્વેષથી મુક્ત રહેવા પ્રયત્ન કરવો જોઈએ. જે દ્વેષનો નાશ કરે છે તે બંને લોકમાં સુખી થાય છે. દ્વેષનો નાશ કરવા એનાં કારણોનો નાશ કરવો જોઈએ. જેમને આપણે સુખનાં સાધન ગણીએ છીએ તે આપણને ગમે છે અને જેમને આપણે સુખનાં સાધન ગણતા નથી તે આપણને ગમતા નથી. ન ગમતી વસ્તુઓના સંયોગથી અને ગમતી વસ્તુઓના વિયોગથી માનસ દુઃખ જન્મે છે. તેથી, જે ન ગમતી વસ્તુઓનો સંયોગ કરાવે છે અને ગમતી વસ્તુઓનો વિયોગ કરાવે છે તેના પ્રત્યે દ્વેષ ઉત્પન્ન થાય છે. દૌર્મનસ્યરૂપી ઈંધન પામી દ્વેષાનલ બળવાન બને છે. એટલે, દ્વેષનો નાશ કરવા ઇચ્છનારે સૌ પ્રથમ દૌર્મનસ્યને સમૂળ ઊખેડી નાખવું જોઈએ. આ રીતે દ્વેષના દોષોને બરાબર જાણી દ્વેષના વિપક્ષ ક્ષાન્તિને ઉત્પન્ન કરવી જોઈએ. ક્ષાન્તિ ત્રણ પ્રકારની છે—દુઃખાધિવાસનાક્ષાન્તિ, પરાપકારમર્ષણક્ષાન્તિ અને ધર્મધ્યાનક્ષાન્તિ.

દુ:ખાધિવાસનાક્ષાન્તિ – દુ:ખાધિવાસનાક્ષાન્તિ તે છે જેમાં અત્યંત અનિષ્ટ આવી પડે તો પણ દૌર્મનસ્યનો ભાવ ન જાગે. દૌર્મનસ્યથી કોઈ લાભ નથી. તે પુણ્યનો કેવળ નાશ કરે છે. તેથી દૌર્મનસ્યના પ્રતિપક્ષ મુદિતાની પ્રયત્નપૂર્વક રક્ષા કરવી જોઈએ. દુ:ખ પડવા છતાં પ્રમુદિતચિત્ત રહેવું જોઈએ. ચિત્તમાં ક્ષોભ યા કોઈ પણ પ્રકારનો વિકાર ઉત્પન્ન ન થવા દેવો જોઈએ. દૌર્મનસ્યથી કોઈ લાભ નથી પણ નુકસાન જ છે. જો ઈષ્ટવિઘાતનો પ્રતીકાર કરવો હોય તો પણ દૌર્મનસ્ય વ્યર્થ છે. દૌર્મનસ્યથી ચિત્તક્ષુબ્ધ થાય છે, ક્ષુબ્ધ વ્યક્તિ ક્રોધે ભરાય છે, ક્રોધથી તે મૂઢ બને છે અને મૂઢતાથી તે સારાસારનો વિચાર કરવાની શક્તિ ગુમાવે છે તેથી તે પ્રતિકાર કરવામાં પણ સફળ થતો નથી. તેથી જ કહ્યું છે કે દૌર્મનસ્ય અનર્થકર છે. અભ્યાસ વડે દૌર્મનસ્યથી મુક્ત થઈ શકાય છે.

દુ:ખને સહન કરવાની શક્તિ કેળવવી જ જોઈએ. ચિત્તને દઢ કરવું જોઈએ. કાયરતાનો ત્યાગ કરવો જોઈએ. સાધકે બુદ્ધત્વ પ્રાપ્ત કરી બીજાઓને પણ તે પ્રાપ્ત કરાવી આપવાનું બીડું ઝડપ્યું છે. તેણે સર્વ જીવોનાં દુ:ખો દૂર કરવાની પ્રતિજ્ઞા કરી છે. તેથી દુ:ખ સહન કરવાની શક્તિ તેણે કેળવવી જોઈએ. જો કોઈ શંકા કરે કે અલ્પ દુ:ખ તો સહી શકાય પરંતુ કર—ચરણ—શિરચ્છેદન વગેરે દુ:ખ કેવી રીતે સહી શકાય ? આ શંકા અનુચિત છે કારણકે એવી કોઈ વસ્તુ નથી જે અભ્યાસ દ્વારા સિદ્ધ ન થાય. અલ્પતર વ્યથા સહન કરવાનો અભ્યાસ કરવાથી ધીરે ધીરે મહાવ્યથા સહન કરવાની શક્તિ કેળવાય છે. અભ્યાસવશ જ જીવોને સુખ-દુ:ખનું જ્ઞાન થાય છે. એટલે દુ:ખોત્પત્તિ વખતે સુખસંજ્ઞાના અભ્યાસથી સુખ જ થાય છે. દુ:ખને પણ સુખરૂપે જ જોવાનો અભ્યાસ કરવો જોઈએ. એને લીધે બધું જ સુખરૂપ અનુભવાય એવી સમાધિનો લાભ થાય છે. આ સમાધિને પરિણામે બોધિસત્ત્વને સઘળાં કાર્યોમાં સુખનું જ વેદન થાય છે.

ભૂખ, તરસ, મચ્છરદંશ, વગેરે વેદનાને નિરર્થક ન સમજવી જોઈએ. આ હળવી વ્યથાઓને સહેવાના અભ્યાસથી મોટી વ્યથાઓને સહન કરવાની શક્તિ આવે છે. ટાઢ, તાપ, વર્ષા, વાત, માર્ગક્લેશ, વ્યાધિ, આદિનું દુ:ખ સુકુમાર-ચિત્તતાને કારણે વધે છે. તેથી ચિત્તને દઢ રાખવું જોઈએ. આપણે જાણીએ છીએ કે કેટલાક સંગ્રામભૂમિમાં પોતાનું વહેતું લોહી જોઈ વધુ વીરતા દેખાડે છે જ્યારે કેટલાક લોહી દેખતાં જ મૂર્છિત થઈ જાય છે. ચિત્તની દઢતા અને કાયરતાને લીધે આવું થાય છે. પંડિતે દુ:ખમાંય ચિત્તક્ષોભ ન પામવો જોઈએ કારણ કે એ તો ક્લેશશત્રુઓ સામે સંગ્રામે ચડેલો છે અને સંગ્રામમાં વ્યથા હોવી અનિવાર્ય

છે. જે શત્રુની સામે જઈ એના પ્રહારોને સામી છાતીએ ઝીલે છે તે જ સમરભૂમિમાં વિજયી બને છે, તે જ સાચો શૂરવીર છે, બાકીના કાયર છે.

સહનશીલતા કેળવવા માટે દુ:ખના લાભો વિચારવા જોઈએ. દુ:ખ અભિમાનને ગાળી નાખે છે. દુ:ખ કરુણાને શકય બનાવે છે. દુ:ખ પાપભય જગાડે છે. દુ:ખ શ્રદ્ધાને પણ જન્મ આપે છે.

પિત્ત આદિ દોષત્રય વ્યાધિ ઉત્પન્ન કરી ઘણાં દુ:ખોના હેતુ બનતા હોવા છતાં આપણે તેમના ઉપર ક્રોધે ભરાતા નથી. એમ કેમ ? આપણે સમજીએ છીએ કે તેઓ અચેતન છે અને બુદ્ધિપૂર્વક દુ:ખ દેતા નથી. તેઓ દુ:ખ દેવામાં સ્વતંત્ર નથી. તેવી જ રીતે જે કોઈ સચેતન આપણને દુ:ખ દે છે તે સ્વતંત્રપણે આપણને દુ:ખ દેતો નથી. આપણા પૂર્વ કર્મના નિમિત્તથી પ્રેરાઈને જ તે આપણને દુ:ખ દે છે. જે કોઈ આપણો દ્વેષ કરે છે કે આપણા ઉપર કોપ કરે છે તે આપણા પૂર્વ કર્મના નિમિત્તકારણે તેમ કરે છે. પરમાર્થ દષ્ટિએ કોઈ આપણા ઉપર દ્વેષ કરતું નથી, કોઈ આપણને દુ:ખ દેતું નથી.

જો મનુષ્યની દ્વેષ આદિ પ્રવૃત્તિ સ્વતંત્ર ન હોય, પરવશ હોય તો દ્વેષ વગેરેનું નિવારણ સંભવે કેમ કરીને ? આવી શંકા સ્વાભાવિકપણે ઊઠે છે. આ શંકા યોગ્ય નથી. પોતાનામાં દ્વેષ આદિ બીજરૂપે ન હોય તો ગમે તેટલાં નિમિત્તકારણો ભેગાં થાય તો પણ દ્વેષનાં અંકુર ન જન્માવી શકે. આ બીજરૂપે યા સંસ્કારરૂપે રહેલાં દ્વેષ આદિનો સાધના દ્વારા નાશ થઈ શકે છે.

પરાપકારમર્ષણક્ષાન્તિ—બીજાએ કરેલા અપકારને સહેવા અને એના પ્રત્યે અપકાર ન કરવો એ પરાપકારમર્ષણક્ષાન્તિ છે. પ્રમાદવશ, ક્રોધવશ, કામવશ મનુષ્ણ અનેકાનેક કષ્ટ ઊઠાવે છે, પર્વત આદિ ઉપરથી પડીને કે ઝેર પીને આત્મહત્યા કરી લે છે કે પાપાચરણ દ્વારા પોતાના વિનાશને નોતરે છે. જો કલેશવશ મનુષ્ય પોતે પોતાને પીડા કરતો હોય તો બીજાને પીડે તેમાં શી નવાઈ ? માટે, મનુષ્ય કૃપાને પાત્ર છે, નહિ કે દ્વેષને. કલેશથી ઉન્મત્ત થઈ પરાપકાર દ્વારા આત્મઘાત કરતો મનુષ્ય દયાને પાત્ર છે. એના પ્રત્યે ક્રોધ કેમ થાય ? બીજાને હેરાન કરવાનો બાળકનો સ્વભાવ હોય છે ? શું બાળક પ્રત્યે ક્રોધ કરવો યોગ્ય છે ? અગ્નિનો સ્વભાવ દઝાડવાનો છે. અગ્નિથી દાઝનાર શું અગ્નિ ઉપર ક્રોધ કરે છે ? જીવો સ્વભાવથી દુષ્ટ નથી. તેઓ સરળ સ્વભાવવાળા છે. દોષો તો આગંતુક છે. એટલે જીવો ઉપર ક્રોધ કરવો ઉચિત નથી. ધુમાડાથી

ઘેરાયેલા આકાશ પ્રત્યે ક્રોધ કરવો મૂર્ખતા છે. આકાશ નિર્મળ છે. તે આંખ બાળતું નથી. આંખ તો ધુમાડો બાળે છે. તેવી જ રીતે સ્વભાવશુદ્ધ જીવો પ્રત્યે ક્રોધ કરવો મૂર્ખતા છે. જીવોમાં જણાતા દોષો જીવોનો સ્વભાવ નથી. દોષો આગંતુક છે. એટલે જીવો ઉપર નહિ પણ દોષો ઉપર ક્રોધ કરવો જોઈએ. જીવોને હણવા ન જોઈએ પણ દોષોને હણવા જોઈએ. દુઃખનું જે પ્રધાન કારણ છે તેના પર કોપ ઠાલવવો જોઈએ, નહિ કે અપ્રધાન કારણ પર. શરીર પર દંડપ્રહાર થતાં વેદના થાય છે. વેદનાનું મુખ્ય કારણ દંડ જ લાગે છે, પણ તેમ નથી. દંડ બીજાની પ્રેરણાથી દુઃખવેદના ઉત્પન્ન કરે છે. એમાં દંડનો શો દોષ? તેથી દંડના પ્રેરક ઉપર દ્વેષ કરવો યુક્ત ગણાય. આ જ દલીલને આગળ વધારી કહેવું જોઈએ કે દંડપ્રેરકના પ્રેરક દ્વેષ ઉપર જ દ્વેષ કરવો જોઈએ.[૨૪]

સાધક વિચારે છે કે મેં પૂર્વજન્મોમાં જીવોને પીડા પહોંચાડી હતી. એટલે, એ યોગ્ય જ છે કે ઋણપરિશોધનન્યાયે બીજાઓ મારા ઉપર અપકાર કરે. અપકારીનું શસ્ત્ર અને મારું શરીર બંને દુઃખનાં કારણ છે. એણે શસ્ત્ર ગ્રહણ કર્યું અને મેં શરીર. જો કારણોપનાયક પર જ ક્રોધ કરવાનો હોય તો મારે મારા પોતાના પર પણ ક્રોધ કરવો જોઈએ. જે મનુષ્ય અમુક કાર્ય ન ઇચ્છતો હોય તેણે તે કાર્યના કારણનો પણ ત્યાગ કરવો જોઈએ. પરંતુ મારી તો અવળી મતિ છે. હું દુઃખ નથી ઇચ્છતો પણ દુઃખના કારણ શરીરને તો આસક્તિપૂર્વક વળગી રહ્યો છું. આમ અપરાધ મારો છે. બીજા ઉપર કોપ કરવો અયોગ્ય છે. આત્મવધને માટે મેં પોતે શસ્ત્ર ગ્રહણ કર્યું છે. જે કંઈ દુઃખ મારા ઉપર પડે છે તે મારા જ કર્મનું ફળ છે. બીજો જો મારી સાથે દુષ્ટ વ્યવહાર કરે અને એનાથી મને દુઃખ થાય તો તેમાં મારું કર્મ જ હેતુ છે. સાધકે આ પ્રમાણે વિચારી સહનશીલતા કેળવવી જોઈએ.

વળી, સાધકે વિચારવું જોઈએ કે અપકારીઓ પ્રત્યે ક્ષાન્ત ધારણ કરવાથી પૂર્વજન્મકૃત પરાપકારજનિત મારું પાપ દુઃખાનુભવ દ્વારા નાશ પામે છે અને અત્યારે મારા ઉપર અપકાર કરનારાઓને કટુ ફળ ભોગવવાનું લખાઈ જાય છે. આ રીતે ખરેખર તો હું જ એમનો અપકારી છું, તેઓ તો મારા ઉપકારી છે. તો પછી ઉપકારી પ્રતિ મારે અપકારબુદ્ધિ શા માટે રાખવી? મારે તો ઉપકારી પ્રત્યે કૃતજ્ઞતા પ્રગટ કરવી જોઈએ. આપણા ઉપર અપકાર કરનારા ખરેખર ઉપકાર કરનારા જ છે. આમ વિચારવાથી પણ સહનશીલતાનો ગુણ ખીલે છે.

ધર્મનિધ્યાનક્ષાન્તિ—હવે ધર્મનિધ્યાનક્ષાન્તિની વાત કરીએ. દુ:ખ બે પ્રકારનું છે—કાયિક અને માનસિક. આમાં માનસિક દુ:ખ પરમાર્થત: છે જ નહિ કારણ કે મન અમૂર્ત હોઈ તેના ઉપર દંડ આદિ દ્વારા પ્રહાર શક્ય નથી. પરંતુ આ શરીર મારું છે એવી કલ્પનાને લીધે શરીરને દુ:ખ પડતાં ચિત્ત પણ દુ:ખી થાય છે. કોઈને પ્રશ્ન ઊઠે કે અયશ અને કડવાં વેણ તો શરીરને ઈજા કરતાં નથી તો પછી ચિત્તને દુ:ખ કેમ થાય છે. એનું કારણ એ છે કે લોકો આપણાં અયશને સાંભળી આપણા પ્રત્યે અપ્રસન્ન થાય છે અને લોકોની આ અપ્રસન્નતા આપણને ગમતી નથી. અયશ અને કડવાં વેણથી આપણા ચિત્તને દુ:ખ ન થાય એ માટે આપણે સમજી લેવું જોઈએ કે લોકોની અપ્રસન્નતા આપણું બુરું કરવા શક્તિમાન નથી. અયશ અને કડવાં વેણ સાંભળીને આકુળવ્યાકુળ થઈ હિંસા ન કરવી જોઈએ. આકુળવ્યાકુળ થવું અને હિંસા કરવી એ બંને પાપકર્મ છે. જો સાધકને એવી આશંકા થાય કે લોકોની અપ્રસન્નતાને લીધે મને લાભ મળતો બંધ થઈ જશે, લોકો મારાથી વિમુખ થઈ જશે અને ભિક્ષા આદિ લાભસત્કારથી મને તેઓ વંચિત રાખશે તો તેણે વિચારવું જોઈએ કે લાભ વિનશ્વર હોવાથી નષ્ટ થઈ જશે પરંતુ પાપ સદા સ્થિર રહેશે.[૨૫] લાભના અભાવમાં આજે જ મરી જવું સારું પરંતુ પાપકર્મ દ્વારા લાભસત્કાર પામીને ચિરકાલ મિથ્યા જીવન ગુજારવું ખરાબ છે, કારણ કે ચિરકાલ જીવવામાંય મૃત્યુનું દુ:ખ તો એવું ને એવું રહે છે. મનુષ્ય ચિરજીવી હોય કે અલ્પજીવી એનું ઉપભુક્ત સુખ મરણસમયે વિનષ્ટ થઈ જાય છે. પ્રચુરતર લાભસત્કાર પામીને અને દીર્ઘકાલ સુધી અનેક સુખોનો ઉપભોગ કરીને પણ છેવટે તો જાણે કે કોઈએ સર્વસ્વ હરી લીધું હોય તેમ ખાલી હાથે અને નગ્ન શરીરે જ જવાનું છે.[૨૬] લાભ દ્વારા ચીવર આદિ મળતાં રહેવાથી ચિરકાલ જીવિત રહીને પોતે પાપક્ષય અને પુણ્યસંચય કરી શકશે એમ વિચારનારે યાદ રાખવું ઘટે કે લાભને માટે દ્વેષ યા પરાપકાર કરનારનું સુકૃત નાશ પામે જ છે પરંતુ વધારામાં અક્ષાન્તિથી પાપરાશિની ઉત્પત્તિ થાય છે.[૨૭] જેના માટે જીવન છે તે જ જો નાશ પામે તો એવા નિંદ્ય જીવનને શું કરવાનું ? બૌદ્ધ સાધકનું જીવન ઈતર જનોના જીવન જેવું ધ્યેયવિહીન નથી. એનું જીવન પાપક્ષય અને પુણ્યાભિવૃદ્ધિ માટે છે. જો આ ધ્યેય ફળીભૂત ન થાય અને સુકૃતનો ક્ષય થાય તો એવું અશુદ્ધ જીવન વ્યર્થ છે.

જે બુદ્ધ, ધર્મ, સંઘની નિંદા કરતો હોય તેના પ્રત્યે પણ શ્રદ્ધાવશ દ્વેષ યા ક્રોધ કરવો યોગ્ય નથી. નિંદાથી બુદ્ધ, ધર્મ કે સંઘને કોઈ નુકસાન થતું નથી. ગુરુજન, સહોદર, સગાંવહાલાંનો કોઈ અપકાર કરે તો તેના પ્રત્યે પણ

ક્રોધ કરવો જોઈએ નહિ. તે અપકાર કરનારનો ક્રોધ અજ્ઞાનવશ છે અને તમારો મોહવશ છે. બેમાં કોને અપરાધી ગણાય અને કોને નિર્દોષ? બંનેનો દોષ સમાન છે.

બીજાના ગુણો દેખી પ્રસન્ન થવું જોઈએ. પરગુણોની પ્રશંસા કરવી જોઈએ. પરગુણાનુવાદથી પોતાને અને બીજાને બંનેને સુખ થાય છે. બીજાની સુખસંપત્તિ દેખી બળવું ન જોઈએ. બુદ્ધત્વની પ્રાપ્તિ દ્વારા સર્વ જીવોને સુખસંપત્તિનો ઉપભોગ કરાવવા માટે તો સાધકે બોધિચિત્તનું ગ્રહણ કર્યું છે, એટલે જો જીવો પોતાની મેળે સુખ પ્રાપ્ત કરતા હોય તો તેમાં તેણે અપ્રસન્ન ન થવું. જેની પ્રાપ્તિથી જીવો ત્રણેય લોકમાં પૂજ્ય બને છે એવું બુદ્ધત્વ બધા જીવોને પ્રાપ્ત કરાવી આપવાની સાધકની પ્રતિજ્ઞા છે, તો પછી જીવોનો અલ્પ લાભસત્કાર દેખી સાધકે બળવું શા માટે? જો સાધકને મનમાં એવો વિચાર આવે કે બુદ્ધત્વ માટે જ મેં જગતને આમંત્રણ આપ્યું છે, અન્ય સુખને માટે નહિ, તો એ વિચાર ઠીક નથી. જે સર્વ જીવોને બુદ્ધત્વનો લાભ કરાવવા ઇચ્છે તે એમને લૌકિક અને લોકોત્તર બધી જ વસ્તુઓનો લાભ ઇચ્છે. જે બીજાની સુખસંપત્તિ દેખી બળે અને બીજાના આદરસત્કારને દેખી શકે નહિ તેની બોદ્ધિચિત્તની પ્રતિજ્ઞા મિથ્યા છે.[૨૮] જેને લાભસત્કાર મળે છે તે લાભસત્કાર ન પામે તો દાનની ચીજવસ્તુ દાતાના ઘરમાં રહે છે, તે ચીજવસ્તુ બીજાના લાભસત્કાર દેખી બળતરા કરનારને તો કોઈ પણ રીતે મળતી નથી. લાભસત્કાર પામનારે પોતાના પૂર્વકૃત પુણ્યકર્મનું નિવારણ કરવું, દાતાનું નિવારણ કરવું કે જે ગુણોથી પ્રસન્ન થઈ દાતા લાભસત્કાર આપે છે તેમનું નિવારણ કરવું? કહો, કેમ કરીને બળતરા કરનારને સંતોષ થશે? આપણે પોતે કરેલાં પાપો માટે પશ્ચાત્તાપ ન કરીએ પણ ઊલટું બીજાના પુણ્યની ઈર્ષ્યા કરીએ એ બરાબર કહેવાય? જો સંકલ્પમાત્રથી આપણા શત્રુનું અનિષ્ટ થાય, તો તેનાથી આપણને શું ફળ મળવાનું? વિના કારણ કેવળ આપણા સંકલ્પથી જ કોઈનું અનિષ્ટ ન થાય. જો થાય તો પણ બીજાના દુઃખમાં આપણને સુખ ક્યાંથી? જો બીજાને દુઃખી દેખવાનો જ આપણો અભિલાષ હોય અને એમાં જ આપણે સુખ માનતાં હોઈએ તો એનાથી વધારે બીજું અનર્થકારી આપણા માટે શું હોઈ શકે?

આપણી નિંદાથી આપણે દુઃખી ન થવું જોઈએ. નિંદાથી દુઃખ ઉત્પન્ન થવાને કંઈ કારણ નથી. સ્તુતિ, યશ અથવા સત્કારથી ન તો પુણ્યની વૃદ્ધિ થાય છે, ન આયુની, ન બળની, ન આરોગ્યની કે ન શરીરસુખની. બુદ્ધિમાન મનુષ્ય આ પાંચ પુરુષાર્થની કામના કરે છે. યશને ખાતર લોકો ધન અને પ્રાણને પણ આપી દે છે. યશને ખાતર મરનારને યશનું સુખ ક્યાં પ્રાપ્ત થાય છે? યશ

કેવળ અક્ષરમાત્ર છે. શું અક્ષરને ખવાય છે? શું એનાથી પેટ ભરાય છે? એ તો બાલક્રીડા સમાન છે. જેમ બાળક રેતીનું ઘર બનાવી પરમ પરિતોષથી રમે છે પરંતુ તે ભાંગી જતાં અત્યંત દુ:ખી થાય છે તેમ યશરૂપી રમકડાંથી રમનાર મનુષ્યનું તે રમકડું તૂટી જાય છે (અર્થાત્ લોકો નિંદા કરે છે) ત્યારે તે ખૂબ દુ:ખી થાય છે. સ્તુતિ, યશ, આદિ કલ્યાણનાં ઘાતક છે. તેઓ ગુણી પ્રત્યે ઈર્ષ્યા અને પરલાભસત્કારામર્ષણને ઉત્પન્ન કરે છે. તેમનામાં આ દોષ છે. એટલે, જે આપણી નિંદા કરે છે તે ખરેખર આપણા ઉપકારી છે. સ્તુતિ, યશ, લાભસત્કાર બંધન છે. સાધક તો મુમુક્ષુ છે. એટલે પોતાની નિંદા કરનારને તેણે બંધનોને તોડનાર ગણવો જોઈએ, શત્રુ નહિ. આપણી નિંદા કરનાર તો આપણો કલ્યાણ-મિત્ર છે. તેથી તેના ઉપર દ્વેષ કરવો અયોગ્ય છે. તેના વિના ક્ષાન્તિ યા તિતિક્ષાની પ્રાપ્તિ સાધકને ન થાય. જો કે આપણો શત્રુ આપણા કુશલનો હેતુ છે તેમ છતાં તે એવા આશયથી આપણા ઉપર અપકાર નથી કરતો કે આપણું કુશલ થાય. આમ હોવા છતાં શત્રુ પૂજનીય છે. સદ્ધર્મ અચિત્ત યા નિરભિપ્રાય હોવા છતાં આપણે તેને પૂજનીય ગણીએ છીએ કારણ કે તે કુશલનો હેતુ છે. જો અભિપ્રાય જ પૂજામાં હેતુ હોત તો સદ્ધર્મ આશયશૂન્ય હોવાથી પૂજનીય ન હોત. જો કહો કે શત્રુ અપકારકબુદ્ધિવાળો હોવાથી તેની પૂજા ન કરવી જોઈએ, તો બતાવો કે ક્ષાન્તિ કેવી રીતે ઉદ્‌ભવશે? અપકારને ન સહેવો યા પ્રત્યપકાર કરવો યોગ્ય નથી. જેવી રીતે હિતસુખવિધાયક સુવૈદ્ય પ્રત્યે રોગીના પ્રેમ અને આદર-ભાવ રહે છે, દ્વેષનો લેશમાત્ર પણ હોતો નથી, ત્યાં ક્ષાન્તિનો પ્રશ્ન જ ઊઠતો નથી, તેવી જ રીતે જે અપકારી નથી તેના પ્રત્યે દ્વેષચિત્તના નિવર્તનનો પ્રશ્ન જ ઊઠતો નથી. દુષ્ટાશયને કારણે જ ક્ષમાની ઉત્પત્તિ થાય છે. શુભાશય ક્ષમાનું કારણ નથી. શત્રુનો દુષ્ટાશય જ ક્ષમાનો હેતુ છે. તેથી, શત્રુનો સત્કાર કરવો જોઈએ.

બુદ્ધ પ્રાણીઓના હિતસુખને માટે જ પ્રવૃત્ત છે. પ્રાણીઓના કલ્યાણ માટે બુદ્ધ પોતાના શરીરની પણ ઉપેક્ષા કરે છે, તેને તૃણવત્ ગણે છે. તો પછી સાધકથી પ્રાણીઓનો દ્વેષ કેમ થાય? તેમને દુ:ખ કેમ પહોંચાડાય? પ્રાણીઓની પ્રસન્નતામાં જ બુદ્ધની પ્રસન્નતા છે અને પ્રાણીઓની અવહેલના કરવાથી બુદ્ધની અવહેલના થાય છે.[૨૯]

**વીર્યપારમિતા**[૩૦]—જે ક્ષમાશીલ છે તે જ વીર્યલાભ કરી શકે છે. વીર્યમાં બોધિ પ્રતિષ્ઠિત છે. જેમ વાયુ વિના નાવની ગતિ નથી તેમ વીર્ય વિના પુણ્ય

નથી. સત્કર્મો કરવામાં ઉત્સાહ એ જ વીર્ય છે. વીર્યના વિરોધીઓ છે—આળસ, કુત્સિતમાં આસક્તિ, વિષાદ અને આત્મ-અવજ્ઞા. સંસારદુઃખનો તીવ્ર અનુભવ કર્યા વિના કુશળ કર્મોમાં પ્રવૃત્તિ થતી નથી. ક્લેશરૂપી મગરમચ્છોથી ભરપૂર સંસારસાગરમાં તમે ફસાયા છો એની શું તમને ખબર નથી? તમે મૃત્યુના મુખમાં પડેલા છો એ શું તમે જાણતા નથી? પોતાના વર્ગના લોકોને ટપોટપ મરતા શું તમે નથી દેખતા? આ બધું છતાં તમે ઊંઘો છો? પોતાને અશરણ યા અનાથ દેખવા છતાં તમે સુખપૂર્વક બેઠા છો. તમને ભોજન કેમ રુચે છે? ઊંઘ કેમ આવે છે? વિષયભોગમાં રતિ કેમ થાય છે? આળસ છોડો. કુશલ કર્મો કરવામાં ઉદ્યત થાવ. મૃત્યુ પોતાની સામગ્રી એકઠી કરી શીઘ્ર જ તમારા વધ માટે આવીને ઊભું રહેશે. ત્યારે તમે શું કરશો? એ ઘડીએ તમે ચિંતાથી વિહ્વળ બની જશો. તમને થશે કે જે વિચાર્યું હતું તે ન થઈ શક્યું, જે આરંભ્યું હતું તે અધૂરું રહ્યું. મરણકાળ સમીપ આવતાં જીવન દરમ્યાન કરેલાં પાપકર્મોનું સ્મરણ થવાથી ચિત્ત વ્યગ્ર બનશે, ભયંકર શબ્દો સંભળાશે, ત્રાસથી પુરીષોત્સર્ગ થવાથી અંગો મળથી લેપાઈ જશે, શરીર, વાણી કે ચિત્ત વશમાં રહેશે નહિ. એ સમયે તમે શું કરશો? આ બધું વિચારી સ્વસ્થ અવસ્થામાં જ સત્કર્મો કરવા લાગી જવું જોઈએ. આપણે સમજવું જોઈએ કે મૃત્યુ આજ નહિ તો કાલ અવશ્ય આવવાનું જ છે. મનુષ્યભવરૂપી નૌકા સંસારસાગર તરવા આપણને મળી છે. વીર્ય ફોરવી સૌ દુઃખોને પાર કરીએ. આ ઊંઘવાનો સમય નથી. જો આ વખતે પુરુષાર્થ નહિ કરીએ તો પછી ફરી આ અમૂલ્ય નાવ મળવી કઠિન છે. આ નાવ વારંવાર મળતી નથી. દુષ્કર્મોમાં રત ન રહીએ. સત્કર્મોમાં રતિ રાખવાથી અપર્યન્ત સુખ-પ્રવાહ પ્રવાહિત થાય છે.

'કોઈ પુરુષવિશેષ અપરિમિત પુણ્ય અને જ્ઞાનના બળથી દુષ્કર કર્મોનું અનુષ્ઠાન કરી અસંખ્યેય કલ્પોમાં બુદ્ધત્વ પ્રાપ્ત કરે છે; હું તો સામાન્ય માણસ છું, હું કેવી રીતે બુદ્ધત્વ પ્રાપ્ત કરી શકું?'—આવો વિષાદ ન કરવો જોઈએ. જેઓ બુદ્ધ બન્યા છે તેઓ પણ એક વાર આપણી જેમ જ સંસારસાગરના વમળોમાં અથડાતાકૂટાતા મચ્છર, માંખ, માંકડ, કીડા વગેરે યોનિઓને પામ્યા હતા. જે પુરુષાર્થી છે એને કંઈ દુષ્કર નથી.

આપણને મનુષ્યભવ મળ્યો છે. મનુષ્યને વિવેકબુદ્ધિ મળી છે. તેણે તેનો ઉપયોગ કરી સદ્ગુરુ બુદ્ધને શોધી કાઢવા જોઈએ અને તેમણે ચીંધેલા ધર્મમાર્ગે આગળ વધવું જોઈએ. એમ કરવાથી બોધિ અવશ્ય મળશે. સત્કર્મ દુષ્કર છે

એમ ન વિચારવું જોઈએ. હાથ-પગ પણ કાપી આપવા પડે પરંતુ તેનો ભય ન લાગવો જોઈએ. આપણને ભય લાગે છે કારણ કે આપણે મોહવશ હોઈ પરમાર્થને વિચારી શકતા નથી. મોટું દુ:ખ દૂર કરવા નાનું દુ:ખ સહેવું પડે છે. પગમાં વાગેલા કાંટાને ખેંચી કાઢવાથી દુ:ખ અવશ્ય થાય છે, પરંતુ ઘણું દુ:ખ શમી જાય છે. વૈદ્ય લાંઘણ, રેચન વગેરે દુ:ખમય ક્રિયાઓ દ્વારા રોગીને આરોગ્યલાભ કરાવે છે. થોડું દુ:ખ ભોગવવાથી ઘણું દુ:ખ નાશ પામે છે. સર્વ દુ:ખોની સર્વથા મુક્તિ ઇચ્છતો વિવેકી પુરુષ સાધનાનું થોડું દુ:ખ સહર્ષ સ્વીકારી લે છે. ભવવ્યાધિભિષક્ ભગવાન બુદ્ધે બધા ભવરોગીઓને એકસરખી દુ:ખ-કારક ક્રિયાઓ કરવાનું નથી કહ્યું. ભગવાન રોગીઓના રોગની માત્રા પારખીને ઉપચાર કરે છે. તેઓ મૃદુ ઉપચારથી શરૂઆત કરે છે. તેઓ લોકોને દાનમાં પ્રવૃત્ત કરે છે. તેઓ પ્રથમ તેમને શાક વગેરેનું દાન કરવા કહે છે. ધીમે ધીમે દાનનો વિષય વધુ અને વધુ વિકટ દર્શાવતા જાય છે. પરંતુ તેઓ ક્રમશ: માત્રા વધારતા હોવાથી અને સાધક સતત અભ્યાસ કરતો હોવાથી વિકટમાં વિકટ વિષયનું દાન પણ સાધક કરી શકે છે. સાધક એવી ભૂમિકાએ પહોંચી જાય છે જ્યાં તે પોતાના રુધિરમાંસનું દાન પણ સહેલાઈથી કરી શકે છે. જ્યારે અભ્યાસને લીધે સાધકને સ્વમાંસમાં નિરાસંગ બુદ્ધિ ઉત્પન્ન થાય છે ત્યારે તેને પોતાના માંસનું દાન કરવું સુકર થઈ જાય છે.

બોધિસત્ત્વ સાધકને કાયિક અને માનસિક બંને પ્રકારનાં દુ:ખો નથી થતાં. પાપથી વિરત હોવાથી તેને કાયિક દુ:ખ નથી થતું. અહંત્વમમત્વ ન હોવાથી તેને માનસિક દુ:ખ નથી થતું. મિથ્યા કલ્પનાથી માનસિક દુ:ખ અને પાપકર્મથી કાયિક દુ:ખ ઉદ્‌ભવે છે. યથાર્થબુદ્ધિથી માનસિક સુખ અને સત્કર્મથી શરીરસુખ મળે છે. સર્વભૂતહિતરત સાધકને દુ:ખ હોય જ નહિ. સાધક બોધિ-ચિત્તરૂપી રથ ઉપર આરૂઢ થયેલો હોઈ તેના સર્વ ક્લેશો દૂર થઈ જાય છે. તેને વિષાદ હોય જ નહિ. તે ઉત્સાહથી પૂર્ણ હોય.

અર્થસિદ્ધિ માટે બોધિસત્ત્વ સાધક પાસે બલવ્યૂહ હોય છે. આ બલવ્યૂહ છંદ, સ્થામ, રતિ અને મુક્તિનો બનેલો છે. છંદ એટલે કુશલ કર્મો કરવાની ઉત્કટ અભિલાષા. આરંભેલા સત્કર્મને પૂર્ણ કરવાની દૃઢતા અને તમન્ના એ જ સ્થામ છે. સત્કર્મમાં આસક્તિ એ જ રતિ છે. અને મુક્તિનો અર્થ છે ઉત્સર્ગ, ત્યાગ, દાન. આ બલવ્યૂહ વીર્યસાધનામાં ચતુરંગિણી સેનાનું કાર્ય કરે છે. તે આળસ વગેરેનું ઉન્મૂલન કરી વીર્યની વૃદ્ધિ કરે છે.

'મારે સ્વ—પરના અમેય કાયિક, વાચિક અને માનસિક દોષોનો નાશ કરવો છે. એક એક દોષનો ક્ષય મારા જેવા મંદવીર્યથી અનેક શતસહસ્ર કલ્પોમાં થશે. દોષના નાશ માટે મારામાં લેશમાત્ર ઉત્સાહ દેખાતો નથી. હું અપરિમિત દુઃખનું ભાજન છું. મારું હૃદય કેમ ફાટી પડતું નથી? આ અદ્‌ભુત અને દુર્લભ મનુષ્યભવને હું ફોગટ ગુમાવી રહ્યો છું. મેં ભગવત્પૂજાનું સુખ ન અનુભવ્યું. મેં બુદ્ધશાસનની પૂજા ન કરી. મેં ભયભીત પ્રાણીઓને અભયદાન ન આપ્યું, દરિદ્રોની આશા ન પૂરી, દુઃખિયાને સુખી ન કર્યા. મારો જન્મ કેવળ માતાને દુઃખ દેવા માટે જ થયો. પૂર્વકૃત પાપકર્મોને લીધે મારામાં ધર્મની અભિલાષાનો અભાવ છે. એટલે જ આ જન્મમાં હું આવો પાકયો.' —આમ સમજીવિચારી કોણ કુશલ કર્મોની અભિલાષા ન કરે? બધાં કુશલ કર્મોનું મૂળ છંદ છે, છંદનું મૂળ વારંવાર કરવામાં આવતી શુભ—અશુભ કર્મોના વિપાકની ભાવના છે. જે વિવેકી સત્કર્મ અને દુષ્કર્મનાં પરિણામો ઊંડાણથી વિચારે છે તે કદી દુષ્કર્મ કરતો નથી પણ સત્કર્મ જ કરે છે.

ઉપસ્થિત સામગ્રીને બરાબર તપાસી બલાબલનો વિચાર કર્યા પછી જ કાર્યનો આરંભ કરવો યા ન કરવો જોઈએ. આરંભ ન કરવામાં એટલો દોષ નથી જેટલો આરંભ કરી છોડી દેવામાં છે. પ્રતિજ્ઞાત સત્કર્મને ન કરવાથી પાપ થાય છે અને દુઃખની વૃદ્ધિ થાય છે. સત્કર્મને અધવચ્ચે છોડી દેવાથી આરંભેલું તે કાર્ય પૂરું થતું નથી એટલું જ નહિ પણ તે ગાળામાં જે અન્ય સત્કાર્ય થઈ શકતું હતું તે પણ થતું નથી.

સાધકે જે સત્કર્મ કરવાનું આવે તે સુખપૂર્વક કરવું જોઈએ. તેને મન સત્કર્મની પ્રવૃત્તિ સ્વયં સુખરૂપ બની જવી જોઈએ. આવો સાધક નિષ્કર્મ થઈ કેવી રીતે સુખી બની શકે? તેણે એક સત્કર્મ પૂરું થતાં બીજા સત્કર્મમાં લાગી જવું જોઈએ. આળસ ચિત્તમાં કે શરીરમાં પ્રવેશી ન જાય તે માટે તેણે સતત જાગ્રત રહેવું જોઈએ. સત્કર્મોમાં ઉત્સાહ વધારવા સત્સંગ ઉત્તમ રસાયન છે. સત્કર્મોના સતત અભ્યાસથી સાધકમાં દિવ્ય તેજ પ્રગટે છે.

**ધ્યાનપારમિતા**[31] — વીર્યની વૃદ્ધિ કરીને સમાધિમાં મન લગાવવું જોઈએ. વિક્ષિપ્ત ચિત્તવાળો પુરુષ વીર્યવાન હોય તો પણ ક્લેશોનો ભોગ થઈ પડે છે. જનસંપર્કના વિવર્જનથી તેમ જ કામ આદિના વિવર્જનથી વિક્ષેપનો પ્રાદુર્ભાવ થતો નથી અને ચિત્ત નિરાસંગ બની એકાગ્ર બને છે. તેથી, સાંસારિક સંબંધોનો ત્યાગ કરી રાગ, દ્વેષ, મોહ, વગેરે વિક્ષેપના હેતુઓનો ત્યાગ કરવો જોઈએ.

રાગને વશ થવાથી તેમ જ લાભ, સત્કાર, યશ વગેરેના પ્રલોભનને વશ થવાથી ચિત્ત વિક્ષિપ્ત બને છે. રાગ વગેરે જેટલા ઓછાં તેટલી ચિત્તની એકાગ્રતા અને શાંતિ વધારે.

કોઈ વ્યક્તિ પ્રત્યે રાગ રાખવો ન જોઈએ. સ્ત્રી, પુત્ર, વગેરે પ્રત્યે પણ રાગ તો ન જ ઘટે. તેમના પ્રત્યેનો રાગ આપણી વિવેકબુદ્ધિને મૂઢ કરી મૂકે છે અને આપણને દુષ્કર્મો કરવા પ્રેરે છે. પરિણામે ચિત્ત અશાંત અને વિક્ષિપ્ત રહે છે. જે વ્યક્તિ તરફ આપણને રાગ હોય છે તેનું દર્શન ન થતાં ચિત્ત વ્યાકુળ થઈ જાય છે, દર્શન થવાથી પણ ચિત્તને તૃપ્તિ થતી નથી અને વારંવાર દર્શનની લાલસા પીડા કરતી જ રહે છે. રાગ ગુણદોષનો વિચાર કરવાની શક્તિ હણી નાખે છે. રાગના વિષયના સમાગમની આકાંક્ષાથી મોહ જાગે છે. જેના પ્રત્યે રાગ હોય છે તેની ચિંતા કર્યા કરીએ છીએ. પરિણામે આયુનો ક્ષય થાય છે. આ બધું વિચારીને ડાહ્યો માણસ નિરાસંગ અને અનાસક્ત બની રહે છે.

ચિત્તની એકાગ્રતાનો ઉપાય વૈરાગ્ય છે. રાગ યા તૃષ્ણા જ દુઃખનું મૂળ છે. તે જ ચિત્તને અશાંત અને વિક્ષિપ્ત કરે છે. રાગમાંથી મુક્તિ જ વૈરાગ્ય છે. જેના તરફ રાગ હોય તેના દોષો વિચારવાથી તેના તરફનો રાગ દૂર થાય છે. રાગ દૂર થતાં ચિત્ત શાંત થાય છે.

રાગી મનુષ્યને ભય હોય છે. પોતાનું માનેલું કોઈ પડાવી લેશે, નાશ પામશે, વગેરે વિચારો રાગી મનુષ્યના ચિત્તમાં ભય પેદા કરે છે. જે વીતરાગ છે તેને પોતાનું કંઈ નથી. તેને કશામાં આસક્તિ નથી. તે અપરિગ્રહી છે. અપરિગ્રહીને ભય કેવો? તે તો નિર્ભય બનીને વિહરે છે. તેનું ચિત્ત પરમ શાંતિ અનુભવે છે.

રાગ આદિ ક્લેશોને દૂર કરી, વૈરાગ્ય, ત્યાગ અને અભ્યાસ વડે ચિત્તને સમાહિત કરવું જોઈએ. સમાધિમાર્ગનું વિસ્તૃત નિરૂપણ આપણે અગાઉ કરી ગયા છીએ.

**પ્રજ્ઞાપારમિતા**—ચિત્તની એકાગ્રતામાંથી પ્રજ્ઞાનો ઉદય થાય છે. જેનું ચિત્ત શાંત અને સ્થિર છે તેને જ યથાર્થ જ્ઞાન થાય છે. પ્રજ્ઞાથી બધા આવરણોની અત્યંત હાનિ થાય છે. પ્રજ્ઞાને અનુકૂળ થતાં જ દાન આદિ પાંચ પારમિતાઓ સંબોધિની પ્રાપ્તિ કરાવવા સમર્થ બને છે. દાન આદિ ગુણો પ્રજ્ઞા દ્વારા પરિશુદ્ધ બનીને અભ્યાસવશ પ્રકર્ષની પરાકાષ્ઠાએ પહોંચે છે અને અવિદ્યાપ્રવર્તિત સકળ

વિકલ્પોનો ધ્વંશ કરી તેમ જ ક્લેશાવરણને નિર્મૂળ કરી પરમાર્થતત્ત્વને પ્રાપ્ત કરાવી આપે છે. આમ છ પારમિતાઓમાં પ્રજ્ઞાપારમિતા પ્રધાન છે. આર્યશતસાહસ્રીપ્રજ્ઞાપારમિતામાં ભગવાન કહે છે, "હે સુભૂતિ! જેમ સૂર્યમંડળ અને ચંદ્રમંડળ ચાર દ્વીપોને પ્રકાશિત કરે છે તેમ પ્રજ્ઞાપારમિતા પાંચ પારમિતાઓને પ્રકાશાન્વિત કરે છે. જેમ સાત રત્નો વિના રાજા ચક્રવર્તીપદ પામતો નથી તેમ પ્રજ્ઞાપારમિતા વિના પાંચ પારમિતાઓ 'પારમિતા'પદ પામતી નથી. પ્રજ્ઞાપારમિતા અન્ય પાંચ પારમિતાઓને વ્યાપી વળે છે. જેઓ જન્માંધ છે તેમની સંખ્યા ભલેને ગમે તેટલી હોય પરંતુ તેઓ માર્ગપ્રદર્શક વિના માર્ગે ચાલવામાં સમર્થ નથી. તેવી જ રીતે, દાન વગેરે પાંચ પારમિતાઓ નેત્રવિકલ છે, પ્રજ્ઞાચક્ષુની સહાય વિના તેઓ બોધિમાર્ગે આગળ વધી શકતી નથી. જ્યારે આ પાંચ પારમિતાઓ પ્રજ્ઞાપારમિતાથી અન્વિત બને છે ત્યારે જ તેઓ સચક્ષુષ્ક બને છે. જેમ નાની નદીઓ ગંગામાં ભળી મહાસમુદ્રે પહોંચે છે તેમ પાંચ પારમિતાઓ પ્રજ્ઞાપારમિતા સાથે જોડાઈ પૂર્ણતાને—બોધિને પામે છે." તેથી, પ્રજ્ઞાપારમિતા પંચાત્મક પુણ્યસંભારની જનેતા છે, સમુત્થાપક છે.

ચિત્તની એકાગ્રતાથી પ્રજ્ઞાનો પ્રાદુર્ભાવ થાય છે. જેનું ચિત્ત સમાહિત હોય છે તેને સત્યદર્શન થાય છે. સંસારનું યા દુઃખનું મૂળ અવિદ્યા છે. અવિદ્યાને દૂર કરવાનો એકમાત્ર ઉપાય પ્રજ્ઞા છે. પાંચ પારમિતાઓ પ્રજ્ઞાપારમિતાનો કેવળ પરિકર છે. ભવદુઃખના ઉન્મૂલનમાં પ્રજ્ઞાપારમિતાની જ પ્રધાનતા છે. આ પ્રજ્ઞાનું બીજું નામ વિપશ્યના યા અપરોક્ષ જ્ઞાન છે. આ જ્ઞાનને ઉત્પન્ન કરવાનું સામર્થ્ય સમાધિમાં જ છે. પ્રજ્ઞાપારમિતાનો ઉદય થતાં સંસાર દૂર થાય છે અને નિર્વાણ પ્રાપ્ત થાય છે. પ્રજ્ઞાપારમિતા બોધિસત્ત્વમાં કેવળ બીજાવસ્થામાં સંભવે છે. બીજની ફલાવસ્થા થતાં તે બુદ્ધ બને છે.

દાન આદિ ગુણોની પૂર્ણતા એટલે જ પારમિતા. આ પારમિતાઓ દ્વારા બોધિસત્ત્વની સાધના સફળ થાય છે. બુદ્ધત્વની પ્રાપ્તિ કરીને તે પ્રાણીઓનો ઉદ્ધાર કરવાના મહનીય કાર્યમાં લાગી જાય છે. એના જીવનની પ્રત્યેક ક્ષણ પ્રાણીઓનું કલ્યાણ અને મંગળ સાધવામાં વ્યતીત થાય છે. એમાં સ્વાર્થની તનિક પણ ગન્ધ નથી હોતી. મહાયાનની સાધનાનું આ જ લક્ષ્ય છે. આ સાધના ઉદાત્ત અને મંગલમયી છે. આ સાધનાનું ધ્યેય સ્વમુક્તિ જ નથી પરંતુ સર્વમુક્તિ પણ છે. બૌદ્ધ ધર્મના વ્યાપક પ્રચાર અને પ્રસારમાં બોધિસત્ત્વની લોકકલ્યાણકારી સાધના કેટલી બધી સફળ અને સહાયક બની હશે એ કહેવાની જરૂર નથી.[૩૨]

## [૪] આધ્યાત્મિક વિકાસની દસ ભૂમિકાઓ (દશભૂમિ)

મહાયાનની એક વિશિષ્ટતા તેની દશ ભૂમિની કલ્પના છે. આધ્યાત્મિક વિકાસ એ કંઈ એક દિવસમાં થતો નથી. આધ્યાત્મિકતાના શિખરે પહોંચવા અવિરત પરિશ્રમ, અસીમ ઉત્સાહ અને અદમ્ય પ્રયાસની આવશ્યકતા છે. સાધકનો વિકાસ આંતરિક છે. ધીરે ધીરે તેની સત્ત્વશુદ્ધિ યા ચિત્તશુદ્ધિ થાય છે. હીનયાન અનુસાર અર્હત્પદની પ્રાપ્તિ સુધી ચાર ભૂમિકાઓ સાધકે સર કરવી પડતી : (૧) સ્રોતાપન્ન (૨) સકૃદાગામી (૩) અનાગામી અને (૪) અર્હત્. મહાયાને બુદ્ધત્વ યા નિર્વાણની પ્રાપ્તિને માટે દસ ભૂમિકાઓ માની છે. એક ભૂમિકા પાર કર્યા પછી જ સાધક બીજી ભૂમિકામાં જઈ શકે છે. આ રીતે ક્રમશઃ આધ્યાત્મિક વિકાસ સાધી છેવટે તે બુદ્ધત્વપદ પર આરૂઢ થાય છે. આ દસ ભૂમિકાઓ છે–પ્રમુદિતા, વિમલા, પ્રભાકરી, અર્ચિષ્મતી, સુદુર્જયા, અધિમુક્તિ, દૂરંગમા, અચલા, સાધુમતી અને ધર્મમેઘા.[૩૩]

(૧) પ્રમુદિતા–પૂર્વજન્મનાં શુભ કર્મોના પરિણામે બોધિસત્ત્વ સાધકના હૃદયમાં સંબોધિ પ્રાપ્ત કરવાની અભિલાષા જાગે છે. આ છે બોધિચિત્તોત્પાદ. આમ બોધિસત્ત્વ પૃથક્જન મટી તથાગત બુદ્ધના કુટુંબનો સભ્ય બને છે. બુદ્ધ અને બોધિસત્ત્વોનાં ગૌરવપૂર્ણ કાર્યોનું સ્મરણ કરતાં એનું હૃદય આનંદથી ભરાઈ જાય છે. એના હૃદયમાં મહાકરુણાનો ઉદય થાય છે અને તે દસ સંકલ્પો કરે છે – ૧. સર્વ દેશોમાં સર્વ રીતે બુદ્ધની પૂજા કરવાનો, ૨. બુદ્ધની શિક્ષાઓનું પાલન કરવાનો, ૩. તુષિતભવનવાસથી માંડી નિર્વાણપ્રાપ્તિ સુધીનાં સઘળાં બુદ્ધકર્મો પર સૂક્ષ્મ વિચારણા કરવાનો, ૪. બધી બોધિસત્ત્વભૂમિઓ અને બધી પારમિતાઓ પ્રાપ્ત કરવાનો, ૫. બધા જીવોના આધ્યાત્મિક વિકાસમાં સહાયક બનવાનો, ૬. જગતમાં વિદ્યમાન સમસ્ત ભેદોનું અવલોકન કરવાનો, ૭. બધા જીવોને યોગ્ય રીતે આનંદિત કરવાનો, ૮. મહાયાનમાં અવતરણ કરવાનો, ૯. અમોઘઘોષતાનો અર્થાત્ અમોઘ મહાયાનોપદેશ કરવાનો અને ૧૦. સંબોધિ પ્રાપ્ત કરવાનો. આ ભૂમિને વિશુદ્ધ કરવા દસ ધર્મો કેળવવા જરૂરી છે. તે દસ ધર્મો છે — શ્રદ્ધા, દયા, મૈત્રી, દાન, શાસ્ત્રજ્ઞાન, લોકજ્ઞાન, નમ્રતા, દૃઢતા, અપરિખેદ અને ધૃતિ. આ ભૂમિમાં દાનપારમિતાનો અભ્યાસ કરવામાં આવે છે.

(૨) વિમલા–આ ભૂમિમાં મન, વચન અને કાયાના દસ પ્રકારના દોષોને સાધક દૂર કરે છે. પરિણામે તે દસ ચિત્તાશયો પામે છે. તે દસ ચિત્તાશયો છે– ઋજુતા, મૃદુતા, કર્મણ્યતા, દમ, શમ, કલ્યાણ, અનાસક્તિ, અનપેક્ષતા,

ઉદારતા અને માહાત્મ્ય. આ ભૂમિમાં શીલપારમિતાનો સર્વતોભાવે અભ્યાસ કરવામાં આવે છે.

(૩) પ્રભાકરી—આ ત્રીજી ભૂમિમાં સાધક જગતના પદાર્થોની અનિત્યતાનું દર્શન કરે છે. તે આઠ પ્રકારની સમાધિ અને ચાર બ્રહ્મવિહારને પ્રાપ્ત કરે છે. તેની કામવાસના અને દેહતૃષ્ણા ક્ષીણ બની જાય છે. તેનું ચિત્ત નિર્મળ બનવા લાગે છે. તેને અનેક પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. આ ભૂમિમાં તે વિશેષે ક્ષાન્તિપારમિતાનો અભ્યાસ કરે છે.

(૪) અર્ચિષ્મતી—આ ભૂમિમાં સાધક બધા બોધિપાક્ષિક ધર્મોનો અભ્યાસ કરે છે. તેનું ચિત્ત દયા અને મૈત્રીભાવથી સ્નિગ્ધ બની જાય છે. તે સત્કર્મો કરે છે, લોકકલ્યાણનાં કામો કરે છે. આ ભૂમિમાં તે વિશેષે વીર્યપારમિતાનો અભ્યાસ કરે છે.

(૫) સુદુર્જયા—ચિત્તની સમતા અને વિચારોની વિશુદ્ધતા ઉત્પન્ન થતાં સાધક ચતુર્થ ભૂમિમાંથી પંચમ ભૂમિમાં પ્રવેશ કરે છે. પ્રાણીઓને સહાયભૂત થવાના આશયથી તે ગણિત વગેરે વિવિધ લૌકિક શાસ્ત્રોનું અધ્યયન પણ કરે છે. તેનામાં ઉત્કટ વૈરાગ્ય જાગે છે. તે સંસારનો ત્યાગ કરે છે. તે ઉપદેશક બને છે. આ ભૂમિમાં તે વિશેષે ધ્યાનપારમિતાનો અભ્યાસ કરે છે.

(૬) અધિમુક્તિ—અનિમિત્ત, અલક્ષણ, અનુત્પાદ, અજાત, વિવિક્ત, આદિવિશુદ્ધ, નિષ્પ્રપંચ, અનાવ્યૂહાનિર્વ્યૂહ, પ્રતિબિંબનિર્માણ અને ભાવાભાવાદ્વય આ દસ સમતાઓ સાધકને આ ભૂમિમાં પ્રાપ્ત થાય છે. આ ભૂમિમાં સાધકને જગતના સર્વ પદાર્થોની પરતંત્રતા યા નિ:સ્વભાવતા યા શૂન્યતાનું દર્શન થાય છે. અહીં સાધક વિશેષે પ્રજ્ઞાપારમિતાનો અભ્યાસ કરે છે.

(૭) દૂરંગમા—આ ભૂમિમાં સાધકને ન તો સક્લેશ ગણી શકાય કે ન તો અક્લેશ. અર્થાત્ સાધકના ક્લેશો આ ભૂમિમાં દગ્ધબીજ બની ગયા હોય છે. અહીં સાધક ઉપાયકૌશલ્ય પ્રાપ્ત કરે છે. ઉપાયકૌશલ્યને પરિણામે તે ભવવ્યાધિભિષગ્વર બની જાય છે.

(૮) અચલા—આ ભૂમિમાં સાધક પ્રાણીઓનાં દુ:ખ દૂર કરવાની પુન: પ્રતિજ્ઞા (= પ્રણિધાન) કરે છે. તેને દસ બલ અને ચાર વૈશારદ્ય પ્રાપ્ત થાય છે.

આ ભૂમિમાંથી તે ચ્યુત થતો નથી. તે લોકોત્તરવશિતા દ્વારા અનેક કાયોનું નિર્માણ કરી જીવોને કેળવે છે, જીવોનું પરિપાચન કરે છે.

(૯) સાધુમતી—આ ભૂમિમાં સાધકને કુશલ, અકુશલ અને અવ્યાકૃત વસ્તુઓનો સાક્ષાત્કાર થાય છે. તે ચાર પ્રકારના વિષયપર્યાલોચનનો (= પ્રતિ-સંવિત્નો = પટિસંભિદાનો) અભ્યાસ કરે છે. વિષયપર્યાલોચનના ચાર પ્રકારો આ છે – શબ્દોના અર્થોનું વિવેચન, ધર્મનું વિવેચન, વ્યાખ્યાનની વિશ્લેષણ પદ્ધતિ તથા વિષયના શીઘ્ર પ્રતિપાદનની શક્તિ.

(૧૦) ધર્મમેઘા—આ ભૂમિકામાં સાધકનો સર્વજ્ઞતામાં અભિષેક થાય છે. તથાગતનિ:સૃત પ્રભાથી આ અભિષેક સંપન્ન થાય છે. સાધક બધી સમાધિઓ પ્રાપ્ત કરે છે. તેની મહાકરુણા પૂર્ણ બને છે. પૂર્ણજ્ઞાનથી યુક્ત તે ધર્મચક્રવર્તી બને છે અને સંસારીઓનો ઉદ્ધાર કરે છે. આમ બોધિસત્ત્વ સાધકને આ ભૂમિમાં બુદ્ધ યા તથાગત કહી શકાય. બોધિસત્ત્વની ભૂમિઓનું આ ચરમ શિખર છે.[૩૪]

ભક્તિપૂર્ણ અને કરુણાન્વિત મહાયાની સાધના ઈસ્વી સનની છઠ્ઠી-સાતમી શતાબ્દી સુધી ચાલી. ઈસ્વી સનની ત્રીજીથી છઠ્ઠી શતાબ્દી સુધીના ગાળામાં આ સાધનાનું પ્રાબલ્ય હતું. આ કાળ ગુપ્તોનો સુવર્ણયુગ છે અને બૌદ્ધ ધર્મના વિકાસનો પણ સુવર્ણયુગ છે. ત્યાર બાદ અર્થાત્ ઈસ્વી સનની સાતમી શતાબ્દીથી બૌદ્ધ ધર્મમાં તાંત્રિક સાધના પ્રચલિત થઈ અને બૌદ્ધ ધર્મનો ભારતમાંથી લોપ કરીને ગઈ.

## ટિપ્પણ

૧. **बोधिचर्यावतार १/८; बौद्धधर्मदर्शन, पृ० १८५**

૨–૩. **बोधिचर्यावतार, प्रथम परिच्छेद; बौद्धधर्मदर्शन, पृ० १८५–१८६**

૪. **बोधिचर्यावतार, प्रथम परिच्छेद; शिक्षासमुच्चय, पृ० ८**

૫. अपुण्यवानस्मि महादरिद्रः पूजार्थमन्यन्मम नास्ति किञ्चित् ।
अतो ममार्थाय परार्थचित्ता गृह्णन्तु नाथा इदमात्मशक्त्या ।।
**बोधिचर्यावततार, परि० २, श्लो० ७**

૬. बोधिचर्यावतार, परि० २; बौद्धधर्मदर्शन पृ० १८७ ।

૭. बोधिचर्यावतार, परि० २ ।

૮. अनादिमति संसारे जन्मन्यत्रैव वा पुनः ।
यन्मया पशुना पापं कृतं कारितमेव वा ॥ २८ ॥
यच्चानुमोदितं किञ्चिदात्मघाताय मोहतः ।
तदत्ययं देशयामि पश्चात्तापेन तापितः ॥ २९ ॥
बोधिचर्यावतार, परि० २ ।

૯. એજન, પરિ૦ ૨.

૧૦. એજન, પરિ૦ ૨.

૧૧–૧૨. એજન, પરિ૦ ૨.

૧૩. एवं सर्वमिदं कृत्वा यन्मया साधितं शुभम् ।
तेन स्यां सर्वभूतानां सर्वदुःखप्रशान्तिकृत् ॥ बोधिचर्यावतार ३/६

૧૪. यथात्मबुद्धिरभ्यासात् स्वकायेऽस्मिन्निरात्मके ।
परेष्वपि तथात्मत्वं किमभ्यासान्न जायते ॥ એજન, ૮/૧૧૫

૧૫. शिक्षासमुच्चय, पृ० २१

૧૬. એજન, પૃ૦ ૩૪

૧૭. बौद्धधर्मदर्शन, पृ० १८८–१९०

૧૮. परिभोगाय सत्त्वानां आत्मभावादि दीयते ।
अरक्षिते कुतो भोगः किं दत्तं यन्न भुज्यन्ते ॥
तस्मात् सत्त्वोपभोगार्थं आत्मभावादि पालयेत् ।
कल्याणमित्रानुत्सर्गात् सूत्राणां च सदेक्षणात् ॥
शिक्षासमुच्चय, पृ० ३४

૧૯. भूमिं छादयितुं सर्वां कुतश्चर्म भविष्यति ।
उपानच्चर्ममात्रेण छन्ना भवति मेदिनि ॥ बोधिचर्यावतार ५/१३
રવીન્દ્રનાથ ઠાકુરે આ વિચારને આધારે એક કાવ્ય રચ્યું છે.

૨૦. विहितप्रतिषिद्धयोर्यथायोगं स्मरणं स्मृतिः । बोधिचर्यावतारपञ्जिका पृ० १०८।

૨૧. शिक्षासमुच्चय, पृ० १२० ।

૨૨. સરખાવો જૈનોના અનર્થદંડવિરમણવ્રત સાથે.

૨૩. **शिक्षासमुच्चय, का. २०।**

૨૪. मुख्यं दण्डादिकं हित्वा प्रेरके यदि कुप्यते ।
द्वेषेण प्रेरितः सोऽपि द्वेषे द्वेषोऽस्तु मे वरम् ॥ **बोधिचर्यावतार, ६/४१**

૨૫. नंक्ष्यतीहैव मे लाभः पापं तु स्थास्यति ध्रुवम् ॥ એજન, ૬/૫૫

૨૬. लब्ध्वापि च बहूँल्लाभान् चिरं भुक्त्वा सुखान्यपि ।
रिक्तहस्तश्च नग्नश्च यास्यामि मुषितो यथा ॥ એજન, ૬/૫૯

૨૭. पापक्षयं च पुण्यं च लाभाज्जीवन् करोमि चेत् ।
पुण्यक्षयश्च पापं च लाभार्थं क्रुध्यतो ननु ॥ એજન, ૬/૬૦

૨૮. त्रैलोक्यपूज्यं बुद्धत्वं सत्त्वानां किल वाञ्छसि ।
सत्कारमित्वरं दृट्वा तेषां किं परिदह्यसे ॥ એજન, ૬/૮૧

૨૯. એજન, પરિ. ૬.

૩૦. એજન, પરિ. ૭.

૩૧. એજન, પરિ. ૭.

૩૨. **बौद्धधर्मदर्शन, पृ. २१२–२१८**

૩૩. पश्यता बोधिमासन्नां सत्त्वार्थस्य च साधनम् ।
तीव्र उत्पद्यते मोदो मुदिता तेन कथ्यते ॥
दौःशील्याभोगवैमल्याद्विमला भूमिरुच्यते ।
महाधर्मावभासस्य करणाच्च प्रभाकरी ॥
अर्चिर्भूता यतो धर्मा बोधिपक्षाः प्रवाहकाः ।
अर्चिष्मतीति तद्योगात् सा भूमिर्द्वयदाहतः ॥
सत्त्वानां परिपाकश्च स्वचित्तस्य च रक्षणा ।
धीमद्भिर्जीयते दुखं दुर्जया तेन कथ्यते ॥
आभिमुख्याद् द्वयस्येह संसारस्यापि निर्वृतेः ।
उक्ता ह्याभिमुखी भूमिः प्रज्ञापारमिताश्रयात् ॥
एकायनपथश्लेषाद् भूमिर्दूरंगमा मता ।
द्वयसंज्ञाविचलनादचला च निरुच्यते ॥

प्रतिसंविन्मतिसाधुत्वाद् भूमिः साधुमती मता ।
धर्ममेघाद्वयव्याप्तेर्धर्माकाशस्य मेघवत् ।।

**दशभूमिशास्त्र,** असंग ।

*Mahayana Buddhism*, N. Dutt, pp. 238–289
*History of Buddhist Thought, pp. 206–210*

૩૪. ધર્મમેધા ભૂમિને પાતંજલ યોગદર્શનની ધર્મમેઘસમાધિ સાથે સરખાવો.

# અધ્યાય ૧૩

## તાન્ત્રિક બૌદ્ધ સાધના

### [૧] પ્રાસ્તાવિક

શક્તિની ઉપાસના, પ્રતીકપ્રાચૂર્ય, ગૂઢતા, સિદ્ધિચમત્કાર, ગુરુનું મહત્ત્વ, મુદ્રા-મંડલ-મંત્ર-યંત્રનો પ્રયોગ, સાંસારિક ભાવોનો અતિરસ્કાર તેમ જ એમનો આધ્યાત્મિક ઉપયોગ, વગેરે તાંત્રિક સાધનામાં ન્યૂનાધિકપણે સ્વીકારાયેલ બાબતો છે. શક્તિની ઉપાસના અને ગૂઢતા આ બે તો તાંત્રિક સાધનાનાં અનિવાર્ય અંગ દેખાય છે.

તાંત્રિક સાધનાના કેટલાક અંશો તો છેક પ્રાગૈતિહાસિક કાળમાં પણ જણાય છે. સિંધુસંસ્કૃતિમાં માતૃશક્તિ અને સંભવતઃ કુમારીશક્તિનું પૂજન—આરાધન પ્રચલિત હતું. ઋગ્વેદની ઋચાઓનો મંત્રરૂપે પ્રયોગ થતો હતો. અથર્વવેદમાં મારણ, મોહન, ઉચ્ચાટન, વશીકરણ, સ્તંભન અને વિદ્વેષણના ( = ષટ્કર્મના ) પ્રયોગો છે. બ્રાહ્મણગ્રંથોની 'ચિતિ'ઓ અને ઉપનિષદોની 'વિદ્યા'ઓમાં પ્રતીકાત્મક ઉપાસનાનો પ્રચૂર વિકાસ જણાય છે. બૃહદારણ્યક ઉપનિષદ્ (૩.૨) અને છાંદોગ્ય ઉપનિષદ્ (૫.૮)માં વર્ણવવામાં આવેલ પંચાગ્નિવિદ્યાના પ્રસંગમાં આપેલ 'योषा वाव गौतमाग्निः, तस्या उपस्थ एव समिद्, यदुपमन्त्रयते स धूमो, योनिरर्चिः, यदन्तः करोति तेऽङ्गारा अभिनन्दा विस्फुलिङ्गाः । तस्मिन्नेतस्मिन्नग्नौ देवो रेतो जुह्वति, तस्या आहुतेर्गर्भः सम्भवति ॥' રૂપકનો તાંત્રિક સંકેત સ્પષ્ટ છે. બૃહદારણ્યકમાં અદ્વૈતાનંદની તુલના રતિની 'વિગલિતવેદ્યાન્તરતા' સાથે કરવામાં આવી છે. આ બધું તાંત્રિક સાધનાના અંશોની પ્રાચીનતા પુરવાર કરે છે. કદાચ પ્રાચીન કાળથી તાંત્રિક સાધના એક યા બીજા રૂપે અસ્તિત્વ ધરાવતી હશે. પરંતુ તે અત્યંત સીમિત રહી હશે. શ્રમણોમાં શીલ અને સમાધિની સાધનાની પ્રતિષ્ઠા હતી, તાંત્રિક સાધનાની ન હતી. પરિણામે, પ્રાચીન બૌદ્ધ ધર્મમાં તાંત્રિક સાધનાને સ્થાન ન હતું. બુદ્ધે પોતે સપત્નીક સાધના કરી ન હતી તેમ જ એવી સાધનાને પોષી ન હતી. મંત્ર, જપ અને પ્રતિમાનો પણ તેમણે સ્વીકાર કર્યો ન હતો. ચિત્તને કેળવવાની વાત અવશ્ય એમના ઉપદેશોમાં છે પરંતુ ચિત્તને કેળવવા માટે એમણે જે સાધનામાર્ગ ઉપદેશ્યો છે તેનો મંત્ર, મુદ્રા,

આદિ સાથે કોઈ સંબંધ નથી. ચિત્તને કેળવવા માટે ઉપદેશેલું ધ્યાન પણ મુખ્યતયા પ્રણિધાનરૂપ છે. પ્રાચીન બૌદ્ધ ધર્મમાં સ્મૃતિ અને ધ્યાનનો ઉપદેશ વિતર્ક અને વિકલ્પના ક્ષય માટે છે, તથા જ્ઞાનનું પ્રયોજન વાસનાક્ષય અને શાંતિ છે. એમાં કાયિક અમરતા યા સિદ્ધદેહને કોઈ સ્થાન ન હતું. એમાં વિભૂતિઓને મહત્ત્વ અપાતું ન હતું. બુદ્ધે પોતે સિદ્ધિઓના પ્રદર્શનનો વિરોધ કર્યો હતો.

પરંતુ ઉત્તરકાળે બુદ્ધને સંઘ—ધર્મની વૃદ્ધિ ખાતર ચમત્કારપ્રદર્શન કરતા ચીતરવામાં આવ્યા. સ્થવિરવાદીઓના દીઘનિકાયમાં 'આટાનાટીયસુત્ત' છે. આ સુત્તામાં સ્થવિરવાદીઓએ યક્ષદેવતાઓનો સંવાદ બુદ્ધ સાથે કરાવ્યો છે. એમાં યક્ષદેવતાઓ ભગવાન બુદ્ધ આગળ પ્રતિજ્ઞા કરે છે કે જે કોઈ અમારાં નામનું સ્મરણ કરશે તેને અમારા વંશધરો (=ભૂત, યક્ષ, આદિ) નહિ સતાવે. તેથી, ભૂતયક્ષોનાં નામનું સ્મરણ બૌદ્ધ ધર્મમાં પ્રવેશ્યું. આમ બૌદ્ધ ધર્મમાં 'રક્ષા'[૧] અને મંત્રનો પ્રવેશ થયો. મહાસાંઘિકોએ તો ધારિણીપિટક નામનો એક નવીન પિટક જ રચ્યો. આ ધારિણીઓ વિશેષ પ્રકારના મંત્રો જ છે. પરંતુ જ્યારે મહાસાંઘિકોએ આભિપ્રાયિક મિથુનચર્યાને અધ્યાત્મોપયોગી જાહેર કરી,[૨] જ્યારે મહાયાનીઓએ બુદ્ધોપદેશમાં ગૂઢતા સૂચવી જણાવ્યું કે બુદ્ધે ખાસ અધિકારી સાધકો આગળ જ ગૂઢ અર્થ પ્રગટ કર્યો હતો, જ્યારે તેમણે બુદ્ધને લોકોત્તર બનાવી તેમની પૂજાવિધિ માન્ય કરી અને જ્યારે તેમણે સુખાવતીલોક, બુદ્ધકૃપા, અનેક બોધિસત્ત્વો તથા દેવીઓની કલ્પના કરી ત્યારે બૌદ્ધધર્મમાં તાંત્રિક સાધનાના પ્રવેશનો માર્ગ મોકળો થઈ ગયો. એટલે જ તાન્ત્રિક બૌદ્ધ સાધનાને માહાયાની સાધનાનો જ એક પ્રકાર ગણવામાં આવે છે. મહાયાની સાધનાના બે ભેદ થઈ ગયા—એક ભેદ પારમિતાસાધના ( = પારમિતાયાન) કહેવાય છે અને બીજો ભેદ તાંત્રિક સાધના (મંત્રયાન) કહેવાય છે.

મહાયાનનો ઉદ્ભવ દક્ષિણમાં આંધ્રપ્રદેશમાં થયો હતો. તેથી, સ્વાભાવિકપણે તાંત્રિક બૌદ્ધ સાધનાનો ઉદ્ભવ પણ ત્યાં જ થયો હોવો જોઈએ. તાંત્રિક બૌદ્ધ સાધનાનું ઉદ્ભવસ્થાન ધાન્યકટક યા શ્રીપર્વત મનાય છે.[૩] પ્રાચીન કાળથી તાંત્રિક સાધનાનો સંબંધ શ્રીપર્વત સાથે રહ્યો છે.[૪] શ્રીપર્વતનો સંબંધ વિદ્યાધરો સાથે પણ છે, એ સૂચક છે.

તાંત્રિક બૌદ્ધ સાધના ઈસ્વી સનની ત્રીજીથી છઠ્ઠી શતાબ્દી સુધી ગુપ્ત રહી અને સાતમી શતાબ્દીથી તેની અત્યંત પ્રસિદ્ધિ થઈ એવો સામાન્ય મત

છે.[૫] આમ તાંત્રિક બૌદ્ધ સાધનાનું પ્રાકટ્ય, પ્રચાર, પ્રસાર અને પ્રાબલ્ય ઈસ્વી સનની સાતમી શતાબ્દીથી થયું. આ સાધના ઈસ્વી સનની તેરમી—ચૌદમી સદી સુધી ચાલુ રહી.

કેટલાય શૈવ અને વૈષ્ણવ પુરાણો ઈસ્વી સનની છઠ્ઠી—સાતમી સદીની આસપાસના ગાળામાં રચાયાં છે. આ પુરાણોમાં અનેક દેવદેવીઓની ચમત્કારિક શક્તિઓની વાતો છે. ઈસ્વી સનની સાતમીથી બારમી શતાબ્દીના ગાળામાં શૈવ તાંત્રિક સાધનાનું ખૂબ જોર હતું. લોકોનું તેના પ્રતિ આકર્ષણ હતું. વળી, ઈસ્વી સનની સાતમી શતાબ્દીથી શૈવોએ બૌદ્ધોનો વિધ્વંસ કરવા માંડયો હતો. શૈવોની સામે ટકવા બૌદ્ધોએ પણ શૈવ તાંત્રિક સાધનાને અપનાવવા માંડી હતી. આનો નિર્દેશ પ્રબોધચંદ્રોદય નાટકમાં (ઈ. સ. ૧૦૬૫)માં મળે છે. ઈસ્વી સનની સાતમી શતાબ્દીમાં થાણેશ્વરના શ્રીહર્ષની ઉત્તર ભારતમાં આણ પ્રવર્તતી હતી. આ સમ્રાટ્ શ્રીહર્ષ બૌદ્ધધર્મી હતો. ગૌડાધિપતિ શશાંક મહાશૈવ હતો. તેણે ષડ્યંત્ર રચીને હર્ષવર્ધનના ભાઈ રાજ્યવર્ધનનું ખૂન કરાવ્યું હતું. તેણે બુદ્ધગયાના વિહારોનો ધ્વંસ કર્યો અને બોધિવૃક્ષને મૂળમાંથી ઉખેડીને સળગાવી મૂક્યું. એક વાર શૈવોએ કાવતરું ઘડી શ્રીહર્ષના ખૂનનો પ્રયત્ન પણ કર્યો હતો.[૬] આ બધાનું સમગ્ર પરિણામ એ આવ્યું કે બૌદ્ધોને શૈવ તાંત્રિક સાધના સ્વીકારવી પડી. તેમણે વજ્રના નામે લિંગ સ્વીકાર્યું, પદ્મના નામે યોનિ સ્વીકારી, પ્રજ્ઞાના નામે શક્તિ સ્વીકારી અને બુદ્ધના નામે મહેશ્વર સ્વીકાર્યા.[૭]

તાંત્રિક બૌદ્ધ સાધના દક્ષિણમાંથી બંગાળ—બિહારમાં પ્રસરી અને પાલ રાજાઓના સમયમાં ઈસ્વી સનની આઠમીથી તેરમી શતાબ્દી સુધી ત્યાં વિકસી અને અસ્તિત્વ ધરાવતી રહી.

તાંત્રિક બૌદ્ધ સાધનાના ત્રણ સંપ્રદાયો છે — વજ્રયાન, કાલચક્રયાન અને સહજયાન. આ ત્રણેય સંપ્રદાયોનો પરિચય કરી લઈએ.

## [૨] વજ્રયાન

### (૧) વજ્રયાનના પાયાના ગ્રંથો

વજ્રયાનના બે મહત્ત્વના ગ્રન્થો છે — મંજુશ્રીમૂલકલ્પ અને ગુહ્યસમાજતંત્ર.

મંજુશ્રીમૂલકલ્પ ઈસ્વીસન સાતમી—આઠમી શતાબ્દીની રચના લાગે છે. તે વજ્રયાનનો મહત્ત્વપૂર્ણ પ્રારંભિક ગ્રંથ છે. તેમાં મુદ્રા, મંડલ, યક્ષિણી, ડાકિણી,

આસુર દેવતાઓ વગેરેનું નિરૂપણ છે. તે કુમાર મંજુશ્રી બોધિસત્ત્વની મહત્તા વર્ણવે છે. મંજુશ્રીના મંત્રો સંસારનાં બધાં પ્રાણીઓ ઉપર દીર્ઘાયુ, આરોગ્ય, મનોરથ-પૂરણની વર્ષા કરે છે. આ મંત્રોથી અલૌકિક સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. વચ્ચે વચ્ચે જ્યોતિષ, શકુન, વગેરે વિષયોનું પણ નિરૂપણ આવે છે. મંડલવિધાનની સમજૂતી સવિસ્તર આપી છે. ભગવતી પ્રજ્ઞાપારમિતા, મામકી વગેરે દેવીઓને વિભિન્ન દિશાઓમાં પ્રતિષ્ઠિત કરી મંડલનિર્માણ કરવામાં આવે છે. ભગવતી પ્રજ્ઞાપારમિતાને દક્ષિણ દિશામાં સ્થાપવાનું વિધાન છે. સમગ્ર ક્રિયાવિધાન જટિલ છે. એકાક્ષરી 'જ' મંત્રનો પ્રભાવ, તેનું વિધાન અને તેનાથી પ્રાપ્ત થતી સિદ્ધિ-ઓનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. એ મંત્રના પ્રભાવે રોગમુક્તિ, ઈપ્સિત-ફલપ્રાપ્તિ, પુત્રપ્રાપ્તિ, સૌભાગ્યલાભ, ધનપ્રાપ્તિ વગેરે સંભવે છે. 'કલ્ લ્ હ્રીં' મંત્રથી ડાકિનીઓના ઉત્પાતો અને ગ્રહોથી મુક્તિ મળે છે. સિદ્ધિપ્રાપ્તિ માટે ધ્યાન અને વિધિની આવશ્યકતા જણાવી છે. મુદ્રાનું વિસ્તૃત વર્ણન મળે છે. મુદ્રાનો અર્થ છે—'હાથની આંગળીઓથી બનાવેલા અનેક પ્રકારના સંકેતાકારો.' આ ગ્રંથમાં અનેક દેવતાઓ, દેવીઓ, ડાકિણીઓ, યક્ષિણીઓ વગેરેની કલ્પના પ્રચૂર પ્રમાણમાં મળે છે. આ ગ્રંથ અનુસાર યક્ષિણીઓ આઠ છે—નટ, નટી, ભટ્ટ, રેવતી, તમસુરી, મેખલા, લોકા અને સુમેખલા. એમને ખુશ કરવા યા આરાધવા અલગ અલગ મંત્રો અને સાધનાપદ્ધતિ પણ બતાવી છે.

ગુહ્યસમાજતંત્ર પણ ઈસ્વીસનની સાતમી–આઠમી શતાબ્દીની રચના છે. તે પ્રધાનપણે સાધનાગ્રંથ છે. એની નોંધપાત્ર વિશેષતા એ છે કે એ બૌદ્ધ ધર્મમાં શક્તિતત્ત્વને દાખલ કરે છે. આ ગ્રન્થમાં બે પ્રકારની સિદ્ધિઓ બતાવી છે—સામાન્ય અને ઉત્તમ. સામાન્ય સિદ્ધિમાં અણિમા આદિનો સમાવેશ થાય છે. બુદ્ધત્વપ્રાપ્તિને ઉત્તમ સિદ્ધિ ગણી છે.[૮] ષડંગયોગમાં પૂર્ણ અભ્યસ્ત થયા પછી જ બુદ્ધત્વપ્રાપ્તિ સંભવે છે.[૯] શરીરને કષ્ટદાયક કઠોર આચારને સ્વીકારવામાં આવ્યો નથી. ગુહ્યસમાજતંત્રના મતે ઇચ્છાભોગથી સરળતાપૂર્વક બુદ્ધત્વપ્રાપ્તિ સંભવે છે.[૧૦] પ્રાચીન કાળમાં હીનયાન અને મહાયાન બંને અનુસાર અનેક જન્મોની સાધના પછી બુદ્ધત્વલાભ થતો મનાતો. પરંતુ ગુહ્યસમાજની સાધના એવી છે કે એક જ જન્મમાં સાધના કરી સાધક બુદ્ધત્વલાભ કરી લે છે.[૧૧] શક્તિતત્ત્વની પ્રતિષ્ઠા આ ગ્રન્થના પ્રથમ પટલમાં જ કરવામાં આવી છે. આ ગ્રન્થમાં ધ્યાનીબુદ્ધોને શક્તિથી યુક્ત દર્શાવાયા છે. પ્રત્યેક ધ્યાનીબુદ્ધ સાથે એક એક શક્તિ છે.[૧૨] એ જ રીતે, સાધકની સાથે પણ એક શક્તિનું હોવું જરૂરી મનાયું છે. આ શક્તિને પ્રજ્ઞા યા વિદ્યા પણ કહેવામાં આવે છે. તે સર્વગુણસંપન્ન,

યોગનિપુણ તથા સુંદર હોવી જોઈએ. ગુરુ તથાગતોની સાક્ષીમાં બંનેનો (શક્તિ સહિત શિષ્યનો) અભિષેક કરે છે. એને પ્રજ્ઞાભિષેક કહેવામાં આવે છે. શક્તિ વિના બીજા કોઈ પણ માધ્યમથી બુદ્ધત્વપ્રાપ્તિ શક્ય નથી. તેથી શિષ્ય સાધકે તેને કદી ન ત્યજવી જોઈએ. સમસ્ત સાંસારિક પદાર્થો તત્ત્વતઃ અદ્વયસ્વરૂપ હોવા છતાં દ્વયતાયુક્ત જણાય છે. એટલે અદ્વયયોગની સહાયિકા આ વિદ્યાને (=શક્તિને=સ્ત્રીને) કદી પણ છોડવી ન જોઈએ. આને જ વિદ્યાવ્રત કહે છે. જે વિદ્યાનો અસ્વીકાર કરે છે તે કદી ઉત્તમ સિદ્ધિ પ્રાપ્ત કરતો નથી.[૧૩] આ ગ્રન્થમાં સાધના માટે શક્તિને વારંવાર આવશ્યક જણાવી છે. મદ્ય, માંસ, મૈથુન અને મત્સ્યની છૂટ આપી છે. સાધના માટે હયમાંસ, હસ્તિમાંસ, શ્વાનમાંસ અને મહામાંસ પણ વિહિત છે.[૧૪] આદરની નિરર્થક વસ્તુઓ માટે આ ગુહ્યસમાજમાં જરાય સ્થાન નથી. આ ગુહ્યસમાજની દૃષ્ટિમાં પવિત્રગ્રન્થપાઠ, મંડલનિર્માણ, ત્રિરત્નપૂજા વગેરે કાર્ય નિરર્થક છે.[૧૫]

ગુહ્યસમાજતંત્ર અનુસાર યોગીને માટે સામાજિક નિયમો અને મર્યાદાઓનું પાલન જરૂરી નથી. તે એમનું ઉલ્લંઘન કરી શકે છે. તેણે અસત્યભાષણ, જીવહિંસા, પરદ્રવ્યહરણ, સ્ત્રીસેવન, વગેરે કાર્ય સ્વતંત્ર બનીને કરવા જોઈએ.[૧૬] આને વજ્રમાર્ગ કહ્યો છે. પરમાર્થનો સાક્ષાત્કાર પામેલ વ્યક્તિને માટે સંસાર નાટક છે. તેની આગળ દ્વયતા લય પામી જાય છે અને બધી વસ્તુઓ પ્રતીતિમાત્ર જણાય છે. તેથી, કોઈ વસ્તુમાં આદરણીય–અનાદરણીય ભાવ ન થવો જોઈએ.

ગુહ્યસમાજતંત્રમાં અનેક પારિભાષિક શબ્દોની વ્યાખ્યા મળે છે. ચાર પ્રકારના ઉપાય છે—સેવા, ઉપસાધન, સાધન અને મહાસધાન. સેવા બે પ્રકારની છે—સામાન્ય અને ઉત્તમ. સામાન્ય સેવામાં ચાર વજ્ર છે અને ઉત્તમ સેવામાં વજ્રામૃત છે. ચાર વજ્રો આ છે— શૂન્યતાબોધિ, બીજમાં રૂપાંતર, દેવતાના રૂપમાં વિકાસ અને દેવતાનું બાહ્ય પ્રકાશન. ઉત્તમ સેવામાં ષડંગયોગનું વિધાન છે. ષડંગ છે—પ્રત્યાહાર, ધ્યાન, પ્રાણાયામ, ધારણા, અનુસ્મૃતિ અને સમાધિ. પ્રાચીન ધ્યાનયોગની અંદર સ્વીકારેલા ધ્યાનના પ્રકારો આ ગ્રંથમાં પણ સ્વીકારવામાં આવ્યા છે. ઉપસાધનનો અર્થ છે દેવતાનો સાક્ષાત્કાર. જો છ માસ સુધી ભોજન આદિના નિયમોનું પાલન કર્યા વિના જ અભ્યાસ કરવાથી સફળતા ન મળે તો ત્રણ વાર ઉપરોક્ત યોગપદ્ધતિની આવૃત્તિ કરવી જોઈએ. તેમ છતાં સફળતા ન મળે તો શરીરશુદ્ધિ માટે હઠયોગનો અભ્યાસ કરવો જોઈએ. આનો

ફલિતાર્થ એ છે કે સાધકે ઉત્તમ સિદ્ધિની સાધના શરૂ કરતાં પહેલાં હઠયોગમાં નિપુણ બનવું જોઈએ. આ સૂચવે છે કે જ્યાં હઠયોગ પૂરો થાય છે ત્યાંથી આ તાંત્રિક સાધના શરૂ થાય છે.

ગુહ્યસમાજતંત્રમાં સામાન્ય ચમત્કારિક સિદ્ધિઓ પ્રાપ્ત કરવા માટેનું તેમ જ મારણ આદિ ષટ્કર્મનું પણ વિધાન છે. વિભિન્ન ઉચ્ચ કોટિની સિદ્ધિઓની પ્રાપ્તિ માટે બોધિચિત્તોત્પાદનું મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે. પાંચ ધ્યાની બુદ્ધોના મંડલને બોધિચિત્તની સૃષ્ટિ ગણવામાં આવી છે. આ મંડલ સર્વપ્રદાતા છે. આ જ વજ્રમાર્ગ છે. અધમમાં અધમ વ્યક્તિ પણ આ સાધનામાર્ગ દ્વારા નિર્વાણ પ્રાપ્ત કરી શકે છે.

દેવતાઓની દૃષ્ટિએ પણ ગુહ્યસમાજતંત્રનું મહત્ત્વ છે. ધ્યાની બુદ્ધોનું સૌ પ્રથમ વ્યવસ્થિત વિવેચન આ ગ્રંથોમાં મળે છે. ધ્યાનીબુદ્ધો છે — અક્ષોભ્ય, અમિતાભ, વૈરોચન, અમોઘસિદ્ધિ અને રત્નસંભવ. પાંચ શક્તિઓ છે — લોચના, મામકી, તારા, પાંડરા અને સમયતારા. આ ઉપરાંત ચાર દ્વારરક્ષક છે — પ્રજ્ઞાંતક, પદ્માંતક, યમાંતક અને વિઘ્નાંતક. બીજા પણ અનેક દેવતાઓ છે.

## (૨) લક્ષ્ય

બૌદ્ધ તાંત્રિક સાધનાનું લક્ષ્ય બુદ્ધત્વલાભ જ છે. પરંતુ બુદ્ધત્વ એ પ્રજ્ઞા અને કરુણાનું સામરસ્ય છે. આમ પરમ જ્ઞાન અને પરમ પ્રેમની એકતા—અદ્વય જ બુદ્ધત્વ છે. તેની પ્રાપ્તિ બૌદ્ધ વજ્રયાનીનું ધ્યેય છે. સંસારના ઉદ્ધારમાં કારણભૂત હોવાથી કરુણાને ‘ઉપાય’ તરીકે ઓળખવામાં આવે છે.[૧૭] વજ્રયાનમાં પ્રજ્ઞા-ઉપાયની આ યુગનદ્ધ સત્તાને જ પરમ તત્ત્વ માનવામાં આવ્યું છે. અભેદ્ય અને વિશુદ્ધ હોવાથી પ્રજ્ઞાનું ‘વજ્ર’ નામ રખાયું છે. ઉપાય યા કરુણાનું નામ ‘પદ્મ’ રખાયું છે. મિથુનકલ્પનામાં વજ્ર પુરુષતત્ત્વ છે અને પદ્મ સ્ત્રીતત્ત્વ.[૧૮] અવિદ્યા-રાગના અદ્વયમાંથી વિદ્યા-મહારાગના અદ્વયમાં પરિણમવા માટેનો ઉદ્યમ જ તાંત્રિક સાધના છે. મનુષ્યમાં અવિદ્યા હોય છે અને તેને લઈને જગત પ્રતિ તેને રાગ હોય છે. તેની જગત પ્રતિ દૃષ્ટિ અવિદ્યાજન્ય રાગથી યુક્ત હોય છે. સાધના દ્વારા તે વિદ્યા યા પ્રજ્ઞા પ્રાપ્ત કરે છે, જગત તેને શૂન્ય અને નિઃસ્વભાવ ભાસે છે, આ પ્રજ્ઞા પછી મહારાગ યા કરુણાનો ઉદય થાય છે, પ્રજ્ઞા અને કરુણાનું સમ્મીલન થાય છે અને બુદ્ધિત્વની પ્રાપ્તિ થાય છે. પ્રજ્ઞોદય પછી ક્લેશયુક્ત સંસારની તરફ કરુણાથી પ્રેરાઈ અભિમુખ થવું એ જ યુગનદ્ધ અવસ્થાની પ્રાપ્તિ છે. યુગનદ્ધ

અવસ્થાપન્ન વ્યક્તિ સર્વ જીવો પ્રતિ સમદષ્ટિ ધરાવે છે, કારણ કે તેનું ચિત્ત કરુણાથી પૂર્ણ છે. એ સર્વ દ્વંદ્વોથી પર છે. રાગ–અરાગ, સ્મૃતિ–અસ્મૃતિ, રૂપ-અરૂપ, હિંસા–અહિંસા, સત્–અસત્, ગમ્ય–અગમ્ય, સ્વ–પર આદિ દ્વંદ્વોથી પર છે. બીજા શબ્દોમાં, તેનામાં દ્વંદ્વરૂપ ભાવો સમરસીભાવનું રસાયન પામી અદ્વયરૂપ બની જાય છે. તેની દષ્ટિમાં સઘળું દ્વયમાંથી અદ્વયમાં પરિવર્તન પામી જાય છે. કર્મરહિત અવસ્થા (=નિવૃત્તિ), વિ–રજ અવસ્થા, વિ–રક્ત અવસ્થા, કેવલ અવસ્થા, કેવલ જ્ઞાનની યા પ્રજ્ઞાની અવસ્થા તાંત્રિક સાધનાનું લક્ષ્ય નથી; પરંતુ કર્મયુક્ત અવસ્થા, સ–રજ અવસ્થા, સ–રક્ત અવસ્થા, પ્રકૃતિ–પુરુષના મિથુનની અવસ્થા, જ્ઞાન–મહારાગ યા પ્રજ્ઞા–કરુણાની યુગનદ્ધ અવસ્થા જ તાંત્રિક સાધનાનું લક્ષ્ય છે. કર્મરહિત પુરુષને, વિ–રજ પુરુષને, વિ–રક્ત પુરુષને, કેવળ પુરુષને, કેવળ જ્ઞાની પુરુષને કે કેવળ પ્રાજ્ઞ પુરુષને પરમાનંદલાભ થતો નથી; પરંતુ કર્મયુક્ત, સ–રજ, સ–રક્ત, પ્રકૃતિ સાથે અદ્વયને પામેલા, જ્ઞાન–મહારાગની યા પ્રજ્ઞા–કરુણાની યુગનદ્ધ અવસ્થાને પામેલા પુરુષને જ પરમાનંદ-લાભ થાય છે.[૧૯] આ વસ્તુ સમજાવવા કામક્ષેત્રમાંથી સ્ત્રીપુરુષના મિથુનને થતા આનંદનું સર્વાંગસંપૂર્ણ રૂપક દેવામાં આવે છે. તાંત્રિકોના ધ્યેયને અનુરૂપ તેમની સાધના પણ સસ્ત્રીક છે. તેમાં સ્ત્રીને છોડવાની નથી પણ તેના તરફના પ્રેમને વિશુદ્ધ અને વૈશ્વિક બનાવવાનો છે. કામભોગો છોડવાના નથી પરંતુ તેમના તરફની દષ્ટિ બદલવાની છે, ભાવના બદલવાની છે.[૨૦] આ બધા ઉપરથી એ વસ્તુ પણ સૂચવાય છે કે તાંત્રિક સાધનાનું લક્ષ્ય વિદેહાવસ્થા નથી પરંતુ સદેહાવસ્થા છે; અલબત્ત, આ દેહ વિશુદ્ધ છે, અનાસ્રવ છે, સિદ્ધદેહ છે.

## (૩) અધિકારભેદ

તાંત્રિક સાધના ગંભીર છે અને ગુહ્ય છે. બધા સાધકોમાં એકસરખી શકિત હોતી નથી. તેથી સાધકોની શકિત પ્રમાણે સાધનાના પણ ભિન્ન ભિન્ન સ્તર યા પ્રકાર પાડવામાં આવ્યા છે. આમ સાધકોની શ્રેણીઓ છે અને પ્રત્યેક શ્રેણીમાં પ્રવેશવા માટે સાધકે અમુક યોગ્યતા કેળવવી પડે છે. પ્રત્યેક શ્રેણીના નિયમો જુદા જુદા હોય છે. જે સાધનામાં સિદ્ધિની ચર્ચા હોય, જે સાધનાથી સિદ્ધિઓ પ્રાપ્ત થતી હોય, તે સાધનામાં યોગ્ય વ્યક્તિઓને જ દીક્ષિત કરવી જોઈએ, અન્યથા સિદ્ધિના દુષ્પ્રયોગ દ્વારા અયોગ્ય વ્યકિત પોતાનું અને માનવજાતનું અહિત કરી નાખે. તાંત્રિક ગ્રંથોમાં વિભિન્ન સ્થાનોએ શિષ્યને માટે અનેક વાતો લખી છે. એમાં પરસ્પર વિરોધ જણાય છે. આ વિરોધનો પરિહાર સાધનાના

ભિન્ન સ્તરો અને સાધકના શ્રેણીવિભાગની માન્યતા દ્વારા થઈ જાય છે. બે યા ત્રણ સાધકના શ્રેણીવિભાગો મનાયા છે. સાધકની બે શ્રેણીઓ છે – શૈક્ષશ્રેણી અને અશૈક્ષશ્રેણી. સાધનાના બે પ્રકારો જણાવાયા છે – ક્રિયાપ્રધાન સાધના અને ભાવપ્રધાન સાધના.[૨૧]

## (૪) ગુરુતત્ત્વ

ગ્રંથ વાચવાથી સાધનામાર્ગનું રહસ્ય જાણી શકાતું નથી. વળી, આ સાધનામાં પ્રતીકોનો પ્રચૂર ઉપયોગ થાય છે. તેથી, તેમનો ખરો અર્થ શો તે ગુરુ વિના જાણવું મુશ્કેલ છે. વિધિવિધાન અને યોગાંગોની સિદ્ધિ માટે પણ ગુરુની દોરવણી જરૂરી છે. પરંતુ ગુરુનું સ્વરૂપ શું છે તે જાણવું અત્યંત આવશ્યક છે. જે અદ્વયાવસ્થા યા યુગનદ્ધાવસ્થા પામ્યા છે તે જ ગુરુપદને લાયક છે, બીજા નહિ. આમ સાચો ગુરુ તે છે જેનામાં પ્રજ્ઞા અને કરુણાનું સામરસ્ય છે. બુદ્ધપદ જ ગુરુપદ છે.[૨૨] મૌનમુદ્રા જ ગુરુનો ઉપદેશ છે. ગુરુ આનંદ યા રતિના પ્રભાવથી સાધકના હૃદયમાં મહાસુખનો વિસ્તાર કરે છે.[૨૩] કેવળ મૌખિક ઉપદેશ દેવો ગુરુનું કામ નથી. ગુરુનું કામ હૃદયના અંધકારને દૂર કરી પ્રકાશ અને આનંદનો ઉલ્લાસ જગાવવાનું છે. એટલે જ તન્ત્રશાસ્ત્રમાં ઉપયુક્ત ગુરુની શોધને માટે અત્યંત આગ્રહ રાખવામાં આવે છે.[૨૪] ગુરુકૃપા વિના તાંત્રિક સાધના અશક્ય છે. ગુરુકૃપા વિના યુગનદ્ધ અવસ્થાએ પહોંચવું અસંભવ છે.

## (૫) શક્તિતત્ત્વ

તાંત્રિક સાધના શક્તિની ઉપાસના છે. બૌદ્ધોની દૃષ્ટિએ પ્રજ્ઞા જ શક્તિનું સ્વરૂપ છે. એનું પ્રતીક ત્રિકોણ છે. એમાં વિશુદ્ધ છ ધાતુ ( =તત્ત્વ) વિદ્યમાન છે. એથી એના છ ગુણો પ્રસિદ્ધ છે—ઐશ્વર્ય, સમગ્રત્વ, રૂપ, યશશ્રી, જ્ઞાન તથા અર્થવત્તા. આ ત્રિકોણ ક્લેશ, માર, વગેરેનું ભંજન કરનારો હોવાથી તેને 'ભગ' કહેવામાં આવે છે. હેવજ્રતંત્રમાં પ્રજ્ઞાને ભગ કહેવામાં આવી છે. તેનું નામ વજ્રધરધાતુમહામંડલ પણ છે. તે મહાસુખનો આવાસ છે. તે 'ए'કારવાચ્ય છે. તેને ધર્મધાતુ પણ કહેવામાં આવે છે. તે અજડ, સ્વચ્છ આકાશસદૃશ અને પ્રકાશમય છે. તે વજ્રાલય યા વજ્રાસન છે. રહસ્યમયી ભાષામાં વજ્રનો અર્થ પુરુષેન્દ્રિય કરવામાં આવે છે એ આપણે જોઈ ગયા છીએ. ભગને સિંહાસન બનાવી જે બેસે છે તેને ભગવાન કહેવાય છે. તેને જ મહાશક્તિનો અધિષ્ઠાતા માનવામાં આવે છે.[૨૫]

સાધકે તાંત્રિક સાધના માટે નવયૌવનસંપન્ના યુવતીને પોતાની સંગિની બનાવવી પડે છે. તે શક્તિ અને પ્રજ્ઞાનું રૂપ હોઈ તેને પણ શક્તિ અને પ્રજ્ઞા કહેવામાં આવે છે. તેને મુદ્રા પણ કહેવામાં આવે છે.

## (૬) અભિષેક

અભિષેક એ દીક્ષા છે. વજ્રયાનમાં અભિષેકતત્ત્વને અત્યંત મહત્ત્વ આપવામાં આવ્યું છે કારણ કે તાંત્રિક સાધના ગુહ્યસાધના છે. વજ્રયાની ગ્રંથોમાં વજ્રાચાર્ય દ્વારા વિહિત અભિષેકનું વર્ણન મળે છે. આ અભિષેકને 'બોધિચિત્તા-ભિષેક' યા 'વજ્રાભિષેક' કહેવામાં આવે છે. ગુરુની આરાધના કરવી સાધકનું પરમ કર્તવ્ય છે અને ગુરુનો પણ પરમ ધર્મ છે કે તેમણે સાધકના ચિત્તમાંથી પ્રપંચને દૂર કરી તેને સમ્યક્ સંબોધિ માટે યોગ્ય બનાવવું. સાધક પોતાની સંગિની મુદ્રા (=નાયિકા=યોગિની=પ્રજ્ઞા) સાથે ગુરુની પાસે જાય છે, ગુરુની પૂજા કરે છે અને પોતાને દીક્ષા આપવા ગુરુને પ્રાર્થના કરે છે. ગુરુ (=વજ્રાચાર્ય) તેને વજ્રસત્ત્વના (=પ્રજ્ઞોપાયના=બોધિચિત્તના=સંબુદ્ધના) મંદિરે લઈ જાય છે. તે સ્થાન ગંધ, ધૂપ, પુષ્પથી શણગારવામાં આવે છે. એમાં ફૂલોની માળાઓ લટકતી હોય છે. ઉપર ધવલ ચંદરવો બાંધેલો હોય છે. માળા અને મદિરાની વાસથી સ્થાન સુવાસિત હોય છે. આવા મંદિરમાં વજ્રાચાર્ય સાધકનો સસ્ત્રીક તાંત્રિક સાધના માટે તાંત્રિક વિધાન અનુસાર અભિષેક કરે છે તથા નિયમપાલન માટે પ્રતિજ્ઞા કરાવે છે. તેણે પ્રાણીવધ ન કરવો જોઈએ, ત્રણ રત્નોને ન છોડવા જોઈએ, ગુરુનો ત્યાગ ન કરવો જોઈએ, ચોરી ન કરવી જોઈએ, મિથ્યા કામાચાર ન કરવો જોઈએ, મદ્યપાન ન કરવું જોઈએ અને અસત્ય ન બોલવું જોઈએ. આ અભિષેક પછી સાધક બુદ્ધપુત્ર બને છે, તેનો નવો જન્મ થાય છે. આ અભિષેકનું રહસ્ય એ છે કે સાધકનું ચિત્ત નિર્વાણની પ્રાપ્તિને માટે સન્માર્ગ ઉપર લાગે છે અને હવે તે આધ્યાત્મિક માર્ગનો પથિક બની પોતાની મંગલ સાધનામાં પ્રવૃત્ત થાય છે. અભિષેક પછી સાધક મંડળમાં પ્રવેશી પોતાની સંગિની (=મુદ્રા) સાથે સાધનાનો આરંભ કરે છે. સાધનામાં સાધક પોતાને બુદ્ધનો અને પોતાની મુદ્રાને પ્રજ્ઞાનો અવતાર સમજે છે. આ વજ્રાભિષેક અનેક અભિષેકો પછી થાય છે.[૨૬]

## (૭) સપ્તવિધ સેક યા અભિષેક

વજ્રયાન અનુસાર સાત પ્રકારના અભિષેક છે—ઉદકાભિષેક, મુકુટાભિષેક, પટ્ટાભિષેક, વજ્રઘંટાભિષેક, વજ્રવ્રતાભિષેક, નામાભિષેક અને અનુજ્ઞાભિષેક. આમાં

પ્રથમ બે દેહશુદ્ધિ માટે છે, ત્રીજો અને ચોથો વાક્શુદ્ધિ માટે છે, પાંચમો અને છઠ્ઠો ચિત્તશુદ્ધિ માટે છે અને સાતમો જ્ઞાનશુદ્ધિ માટે છે. દેહ પંચધાતુમય છે. ઉષ્ણીષથી માંડી કટિસંધિ સુધી પાંચ જન્મસ્થાનોમાં યથાવિધિ સમંત્રક અભિષેક કરવાથી પાંચ ધાતુઓની શુદ્ધિ થાય છે. આ અભિષેકથી કાયશુદ્ધિ થાય છે. આનું નામ ઉદકાભિષેક છે. મુકુટાભિષેકથી પંચસ્કંધ (યા પંચતથાગત)ની શુદ્ધિ થાય છે. આમ પ્રથમ બે અભિષેકોથી ધાતુ અને સ્કંધ નિર્મળ થઈ જવાને લીધે કાયાની સમ્યક્ શુદ્ધિ થઈ જાય છે. પટ્ટાભિષેક અને વજ્રઘંટાભિષેક દ્વારા દસ પારમિતાઓની પૂર્તિ થાય છે. વળી, એમનાથી ચંદ્ર અને સૂર્ય એ બે નાડીઓની શુદ્ધિ પણ થાય છે. પાંચમા અભિષેકથી ચક્ષુ વગેરે ઈન્દ્રિયો તથા રૂપ વગેરે વિષયોની શુદ્ધિ થાય છે. આમ થતાં મહામુદ્રાની સિદ્ધિમાં તેમ જ પ્રાકૃતિક વિષયોના નિયંત્રણની સિદ્ધિમાં સહાય મળે છે. છઠ્ઠા અભિષેકથી રાગદ્વેષ દૂર થાય છે અને મૈત્રી આદિ ચાર બ્રહ્મવિહારોની પ્રાપ્તિ થાય છે. છઠ્ઠા અભિષેક પછીની સાધકની અવસ્થાને 'વજ્ર' નામથી ઓળખવામાં આવે છે. સાતમો અભિષેક ધર્મચક્રપ્રવર્તનને માટે યા બુદ્ધત્વલાભ માટે છે. અપરિમિત જીવોની શક્તિને ધ્યાનમાં લઈ પરમ ગુહ્ય વજ્રયાનના રહસ્યનો ઉપદેશ કરવા માટે સંવૃતિસત્ય અને પરમાર્થસત્યનો વિભાગ કરવામાં આવે છે. આમ બુદ્ધત્વ-નિષ્પાદન અને ઉપાયકૌશલ્ય માટે સાતમા અભિષેકનો ઉપયોગ છે. આ સાત અભિષેકોને પૂર્વસેક કહેવામાં આવે છે. તે લૌકિક સિદ્ધિઓના સોપાન છે. આ પૂર્વસેકોની સાધના માટે મુદ્રા (=સંગિની) જરૂરી નથી. આ સાત ઉપરાંત બીજા ત્રણ સેકો છે—કુંભાભિષેક યા કલશાભિષેક, ગુહ્યાભિષેક અને પ્રજ્ઞાભિષેક. આ ત્રણ અભિષેકોને ઉત્તરસેક કહેવામાં આવે છે. આમાંના બે ઉત્તરસેકોની સાધના માટે મુદ્રા (=સંગિની) આવશ્યક છે. અંતિમ અભિષેક પરમાર્થાભિષેક યા અનુત્તરાભિષેક છે. તેની સાધના માટે પણ મુદ્રા (=સંગિની) જરૂરી નથી.[૨૭]

## (૮) ચાર વજ્રયોગ

ગુહ્યસમાજ, વિમલપ્રભા વગેરે બૌદ્ધ તાંત્રિક ગ્રંથોમાં ચાર વજ્રયોગનું નિરૂપણ છે. તેનો ટૂંકમાં પરિચય કરી લઈએ. પૂર્ણતાના માર્ગે આગળ વધવા માટે વજ્રયાન શ્રેષ્ઠ છે. આ મહામાર્ગના ચાર સ્તર છે. એક એક સ્તરમાં પૂર્ણયોગનો એક એક ખંડ આવરણથી મુક્ત બને છે. ચાર સ્તરોની સાધના પૂર્ણ કરવાથી યોગ પૂર્ણ બને છે. પ્રત્યેક સ્તરમાં યોગલાભ પહેલાં વિમોક્ષલાભ કરવો પડે છે. વિમોક્ષલાભનો ઉદ્દેશ કલ્પના વગેરેથી અને આવર્જનાઓથી મુક્ત

થવાનો છે. ધ્યાનથી વિમોક્ષની પ્રાપ્તિ થાય છે અને વિમોક્ષથી યોગ સિદ્ધ થાય છે. ચાર સ્તરોને અનુરૂપ વિમોક્ષ પણ ચાર પ્રકારનો છે—શૂન્યતા, અનિમિત્ત, પ્રણિહિત અને અનભિસંસ્કાર. પ્રત્યેક વજ્રયોગમાં વિમોક્ષના પ્રભાવથી એક એક શક્તિનો વિકાસ થાય છે, અર્થાત્ એક એક વજ્રયોગથી એક એક પ્રકારની શક્તિ પૂર્ણ બને છે. શક્તિનો પૂર્ણ વિકાસ થતાં વજ્રભાવનો ( =વજ્રાવસ્થાનો ) ઉદય થાય છે. સ્થૂલ દૃષ્ટિએ સાધકના અસ્તિત્વને ચાર ભાગમાં વિભક્ત કરી શકાય—જ્ઞાન, ચિત્ત, વાક્ અને કાય. પ્રથમ વજ્રયોગમાં જ્ઞાનવજ્રભાવનો ઉદય થાય છે. બીજા વજ્રયોગમાં ચિત્તવજ્રભાવનો ઉદય થાય છે. ત્રીજા વજ્રયોગમાં વાગ્-વજ્રભાવનો ઉદય થાય છે. અને ચોથા વજ્રયોગમાં કાયવજ્રભાવનો ઉદય થાય છે.

પ્રથમ વજ્રયોગનું નામ વિશુદ્ધયોગ છે. એને પામવા શૂન્યતાવિમોક્ષ પ્રાપ્ત કરવો જરૂરી છે. શૂન્યતાનો અર્થ છે અતીત અને અનાગતથી શૂન્ય ભાવ. જગતની દરેક વસ્તુ અતીત અને અનાગત અવસ્થાઓથી રહિત છે, ક્ષણિક છે એવું જ્ઞાન શૂન્યતાજ્ઞાન છે. આ જ્ઞાન જ શૂન્યતાવિમોક્ષ છે. આ જ્ઞાન સાધકને શૂન્યતાદર્શનમાં કારણભૂત બને છે. સાધક ધ્યેય વસ્તુનું અતીત અને અનાગતભાવોથી રહિત શુદ્ધરૂપે દર્શન કરવા મથે છે. પરિણામે, તેને તેવું દર્શન થાય છે. વજ્રયોગની આ ભૂમિકાને જ્ઞાનવજ્રભાવ કહે છે. અહીં તુરીય અવસ્થાનો ક્ષય થાય છે અને અક્ષર મહાસુખનો ઉદય થાય છે. પ્રજ્ઞા—ઉપાયના સામરસ્યની આ પ્રથમ ભૂમિકા છે.

દ્વિતીય વજ્રયોગનું નામ ધર્મયોગ છે. એને પામવા માટે અનિમિત્ત-વિમોક્ષ પ્રાપ્ત કરવો જરૂરી છે. નિમિત્તનો અર્થ છે વિકલ્પ. પ્રથમ વજ્રયોગમાં સાધક ધ્યેય વસ્તુનું અતીત અને અનાગત ભાવોથી રહીત શુદ્ધરૂપે દર્શન કરે છે. પરંતુ હજુ વસ્તુનું એક અખંડરૂપે દર્શન કરવાની તેની શક્તિ કેળવાઈ નથી. તેથી તે વસ્તુને વિકલ્પો દ્વારા ખંડખંડરૂપે દેખે છે. બુદ્ધ અને બોધિ એક જ છે તેમ છતાં જે એક છે તેને તે બુદ્ધવિકલ્પ અને બોધિવિકલ્પ એવા ભિન્ન વિકલ્પો દ્વારા ભિન્નરૂપે દેખે છે. દ્વિતીય વજ્રયોગમાં આ બાબતે પ્રગતિ સધાય છે અને સાધક વસ્તુને એક અખંડરૂપે દેખે છે, તેના ચિત્તમાં કોઈ વિકલ્પો ઊઠતા નથી. વસ્તુદર્શનમાં વિકલ્પો નિમિત્ત બનતા નથી. આ છે અનિમિત્તવિમોક્ષ. અનિમિત્તવિમોક્ષને પરિણામે ચિત્ત નિત્ય—અનિત્ય વગેરે વિકલ્પદ્વંદ્વોથી મુક્ત બને છે, મૈત્રીનો ઉદય થાય છે અને સુષુપ્તિદશાનો

ક્ષય થાય છે. આવું ચિત્ત ચિત્તવજ્ર કહેવાય છે. તે ધર્મકાય નામે પણ ઓળખાય છે. હકીકતમાં, જગતના કલ્યાણસાધક નિર્વિકલ્પ ચિત્ત સિવાય તે બીજું કંઈ નથી. વજ્રયોગની આ ભૂમિકાને ચિત્તવજ્રભાવ કહે છે. આને જ ધર્મયોગ કહે છે. પ્રજ્ઞા–ઉપાયના સામરસ્યની આ બીજી ભૂમિકા છે.

તૃતીય વજ્રયોગનું નામ મંત્રયોગ છે. તેને પામવા માટે અપ્રણિહિતવિમોક્ષને પ્રાપ્ત કરવો જરૂરી છે. વિકલ્પરૂપ નિમિત્તના અભાવે ચિત્તમાં તર્કનો–વિચારનો અભાવ થઈ ગયો છે. તર્કના અભાવના પરિણામે ચિત્તમાં પ્રણિધાનનો ઉદય થતો નથી. પ્રણિધાનનો અર્થ છે 'હું સંબુદ્ધ છું' જેવા સંકલ્પો. આ સંકલ્પો અહંભાવરૂપ હોય છે. આવા પ્રણિધાનનો અભાવ અપ્રણિહિતવિમોક્ષ છે. અહંભાવનો અભાવ થતાં જ મુદિતાનો ઉદય થાય છે, અપ્રણિહિતવિમોક્ષથી સ્વપ્નાવસ્થાનો ક્ષય થાય છે, અને અંતરમાં અનાહતનાદનો ધ્વનિ સંભળાય છે. આ અવસ્થા 'મંત્ર' યા 'સર્વભૂતરુત' નામથી પ્રસિદ્ધ છે. જેનાથી મનનું ત્રાણ થાય તે મંત્ર. સર્વભૂતરુતનો અર્થ છે મંત્ર દ્વારા સર્વ જીવોમાં આનંદનો સંચાર કરવો તે. વજ્રયોગની આ ભૂમિકાને વાગ્‌વજ્રભાવ યા સંભોગકાય કહે છે. આ જ મંત્રયોગ છે. પ્રજ્ઞા–ઉપાયના સામરસ્યની આ ત્રીજી ભૂમિકા છે.

ચોથા વજ્રયોગનું નામ સંસ્થાનયોગ છે. એને પામવા માટે અનભિસંસ્કાર–વિમોક્ષની પ્રાપ્તિ આવશ્યક છે. પ્રણિધાનના અભાવમાં અભિસંસ્કાર સંભવતા નથી. અભિસંસ્કાર એટલે પાપ અને પુણ્યરૂપ સંસ્કારો. શ્વેત–રક્ત પ્રાણાયામને પણ અભિસંસ્કાર કહે છે. અનભિસંસ્કારવિમોક્ષથી ચિત્તની વિશુદ્ધિ થાય છે. એનાથી જાગ્રતાવસ્થાનો ક્ષય થાય છે અને અનંત નિર્માણકાયોનું સ્ફુરણ થાય છે. વળી, એનાથી ઉપેક્ષારૂપ કાયવજ્રનો લાભ થાય છે. રૌદ્ર, શાંત, આદિ રૂપોથી કાયવજ્ર મિશ્રિત નથી. નિર્માણકાય તેમ જ પ્રજ્ઞા–ઉપાયસામરસ્ય જ સંસ્થાનયોગનું રૂપ છે. સંસ્થાનયોગ 'કમલનયન' નામથી પ્રસિદ્ધ છે.

પૂર્વોક્ત વિવરણથી સ્પષ્ટ થાય છે કે ચાર વજ્રયોગોથી ચાર અવસ્થાઓનો અતિક્રમ થાય છે. વજ્રયોગનું મુખ્ય ફળ પૂર્ણ નિર્મળતા છે. તુરીય વગેરે ચાર અવસ્થાઓમાં કોઈ ને કોઈ મળ રહે છે જ. જ્યાં સુધી આ મળોનું શોધન ન થાય ત્યાં સુધી પૂર્ણત્વલાભ ન થાય. તુરીયાવસ્થાનો મળ છે રાગ. સુષુપ્તિનો મળ છે તમ. સ્વપ્નાવસ્થાનો મળ છે શ્વાસ–પ્રશ્વાસ. શ્વાસ–પ્રશ્વાસથી પ્રાણોત્પાદ વગેરે તેમ જ સત્–અસત્ વગેરે વિકલ્પો સમજવા. જાગ્રતનો મળ છે સંજ્ઞા અર્થાત્ દેહબોધ. તાંત્રિક ક્રિયાઓથી મળો યા આવરણો દૂર થાય છે. એક એક

વજ્રયોગથી ચિત્ત ઉપરથી એક એક આવરણ દૂર થાય છે. એનાથી વિશ્વદર્શન આડેના આવરણો દૂર થતાં છેવટે સમગ્ર વિશ્વનું દર્શન થાય છે. ચાર વજ્રયોગ દ્વારા થતાં ચાર દર્શનોનું નામ અભિસંબોધિ છે.[૨૮]

## (૯) ચાર અભિસંબોધિ

અભિસંબોધિ ચાર છે—એકક્ષણ–અભિસંબોધિ, પંચાકાર–અભિસંબોધિ, પંચજ્ઞાન–અભિસંબોધિ અને માયાજાલ–અભિસંબોધિ. આ ચાર અભિસંબોધિઓને ઉત્પત્તિક્રમ અને ઉત્પન્નક્રમ એમ બે દૃષ્ટિએ જોવામાં–સમજવામાં આવે છે. આ બે ક્રમોની સહાય વિના સમ્યક્ વિશ્વદર્શન શક્ય નથી.

ઉત્પત્તિક્રમમાં ચાર અભિસંબોધિઓને નીચે પ્રમાણે સમજવી જોઈએ. પ્રથમ અભિસંબોધિ છે એકક્ષણઅભિસંબોધિ. તે સ્વાભાવિક યા સહજકાયથી સંશ્લિષ્ટ છે. જન્મોન્મુખ ચિત્ત યા વિજ્ઞાન જે વખતે માતાના ગર્ભમાં માતા–પિતાના સમરસીભૂત બિન્દુદ્વય સાથે એકત્વ પામે છે તે ક્ષણ એક મહાક્ષણ છે. આ ક્ષણે જે સુખાનુભવ થાય છે તેનું નામ એકક્ષણ–અભિસંબોધિ છે. આ વખતે ગર્ભસ્થ કાયા રોહિતમત્સ્યના જેવી એકાકાર હોય છે. એમાં અંગપ્રત્યંગનો વિભાગ હોતો નથી.

એકક્ષણઅભિસંબોધિ પછી પંચાકારઅભિસંબોધિ થાય છે. તે ધર્મકાયથી સંશ્લિષ્ટ છે. માતૃગર્ભમાં જ્યારે રૂપ વગેરેની વાસનાવાળી પાંચ સંવિત્તિઓ જાગે છે ત્યારે ધર્મકાય કાચબાની જેમ પંચસ્ફોટકથી યુક્ત હોય છે. આ પંચાકારઅભિસંબોધિ છે.

પંચાકારઅભિસંબોધિ પછી પંચજ્ઞાનઅભિસંબોધિ થાય છે. પાંચ જ્ઞાનમાંનું પ્રત્યેક જ્ઞાન પાંચ સ્કંધ, પાંચ ધાતુ, પાંચ ઇન્દ્રિય અને પાંચ આયતનોની વાસનાના ભેદે વીસ પ્રકારનું છે. પંચજ્ઞાનઅભિસંબોધિનો સંબંધ સંભોગકાય સાથે છે. આ કાયા વીસ આંગળીઓથી પરિપૂર્ણ હોય છે. અહીં સુધીનો વિકાસ માતૃગર્ભમાં થાય છે.

ત્યાર બાદ ગર્ભમાંથી નિષ્ક્રમણ થાય છે. તે વખતે માયાજાળ જેવી અનંત ભાવોની સંવિત્તિઓ થાય છે. જ્ઞાનના વીસ ભેદોની જગ્યાએ હવે અનંત ભેદો સ્ફુરે છે. આનું નામ માયાજાળઅભિસંબોધિ છે. તે નિર્માણકાયથી સંશ્લિષ્ટ છે. માયાજાળઅભિસંબોધિ પછી શ્વાસપ્રશ્વાસની ક્રિયા શરૂ થાય છે. દેહરચનાના મૂળમાં અશુદ્ધ ચિત્ત યા વિજ્ઞાન છે. એને જ ક્ષરબિંદુ પણ કહે છે.

ઉત્પન્નક્રમમાં ચાર અભિસંબોધિઓને નીચે પ્રમાણે સમજવી જોઈએ. પ્રથમ અભિસંબોધિ છે એકક્ષણાભિસંબોધિ. આ અવસ્થામાં પ્રાણવાયુ શાંત થઈ જાય છે, શ્વાસચક્રની ક્રિયા અટકી જાય છે અને ચિત્ત મહાપ્રાણમાં સ્થિર બને છે. પરિણામે, સ્થૂળ ઈન્દ્રિયોની ક્રિયાઓ રહેતી નથી. સ્થૂળ દેહાભિમાન ગળી જાય છે અને દિવ્ય દેહનો આવિર્ભાવ થાય છે. આ વખતે એક જ ક્ષણમાં વિશ્વદર્શન થાય છે. ददर्श निखिलं लोकम् आदर्शे इव निर्मले । આ જ જ્ઞાનવજ્રયોગ છે. આ જ સ્વભાવકાયની અવસ્થા છે. આ મહાક્ષણને જ બુદ્ધનો જન્મક્ષણ કહે છે. મનુષ્યમાત્ર બુદ્ધત્વ યા પૂર્ણત્વ આ મહાક્ષણમાં પામે છે. આનું જ નામ 'દ્વિતીય જન્મ' છે. મૂલતંત્રમાં કહ્યું છે કે 'जन्मस्थानं जिनेन्द्राणामेकस्मिन् समयेऽक्षरे ।' આ એકક્ષણાભિસંબુદ્ધની સ્થિતિ જ સર્વાર્થદર્શી વજ્રસત્ત્વની સ્થિતિ છે; એ બેમાં કોઈ ભેદ નથી.

આના પછી પંચાકારઅભિસંબોધિ થાય છે. આદર્શજ્ઞાન, સમતાજ્ઞાન, પ્રત્યવેક્ષણજ્ઞાન, કૃત્યાનુષ્ઠાનજ્ઞાન અને પૂર્ણ વિશુદ્ધ ધર્મધાતુનું જ્ઞાન આ પાંચ જ્ઞાનો જ મુખ્યપણે અહીં જાગે છે. દ્રવ્ય વગેરે પાંચ ધાતુઓ અને રૂપ વગેરે પાંચ સ્કંધો એ બંને પ્રજ્ઞોપાયાત્મક બને છે. આ બેય પંચમંડલો નિરોધસ્વભાવ બને છે. આને જ ધર્માવસ્થા યા કાલાવસ્થા ગણવામાં આવે છે. આ વખતે શ્વાસચક્ર પુનઃ કર્મમાં પ્રવૃત્ત થાય છે. પ્રથમાવસ્થામાં જે વજ્રસત્ત્વ હતા તે હવે મહાસત્ત્વના રૂપમાં પ્રગટ થાય છે. આ અવસ્થાને ચિત્તવજ્રયોગ કહેવાય છે. આ પંચાકાર–અભિસંબોધિની અવસ્થા ધર્મકાયયુક્ત હોય છે.

પંચાકારઅભિસંબોધિ પછી પંચજ્ઞાનઅભિસંબોધિ થાય છે. ઉક્ત પાંચ જ્ઞાનો અહીં પાંચ સ્કંધ, પાંચ ધાતુ, પાંચ ઈન્દ્રિયો અને પાંચ આયતનોના સંસ્કારભેદે વીસ પ્રકારનું બને છે. આમ આ વીસ પ્રકારના અભિસંસ્કારની દશા છે. એમાં પાંચ ઈન્દ્રિયો, પાંચ વિષયો, પાંચ કર્મેન્દ્રિયો, અને નિરાવરણસ્વરૂપ બાર સંક્રાન્તિઓ હોય છે. આ પંચજ્ઞાનઅભિસંબોધિમાં સંભોગકાય અભિવ્યક્ત થાય છે. આ જ વાગ્વજ્રયોગની અવસ્થા છે. અહીં મહાસત્ત્વ બોધિસત્ત્વ બને છે. તે અન્ય બોધિસત્ત્વનો અનુગ્રાહક બને છે અને સર્વસત્ત્વરુત દ્વારા ધર્મદેશના કરે છે.

પંચજ્ઞાનઅભિસંબોધ પછી માયાજાલઅભિસંબોધિ થાય છે. માયાજાલઅભિ-સંબોધિ અનંત માયાજાલોથી યુક્ત હોય છે. અહીં સમાધિ પણ માયાજાળના સ્ફુરણવાળી હોય છે. આ અવસ્થામાં એક જ સમયમાં અનંત અને અપર્યન્ત

ની અવસ્થા કહે છે. અહીં જ
કાય પ્રગટ થાય છે.[29]

## ને નાડી

અત્યંત મહત્ત્વ છે. સંપૂર્ણ
પણ નદીઓ, પર્વત, સમુદ્ર,
રીરમાં મેરુપર્વત (=મેરુદંડ)
યંત્ર છે.[30] આ માન્યતાના
ની કલ્પના કરી છે. બૌદ્ધોએ
ણપૂર, અનાહત, વિશુદ્ધ અને
અભિન્નતા સ્થાપી છે. ક્રમશઃ
અને સહજકાયનો સંબંધ છે.
ણચક્ર) છે, હૃદયમાં ધર્મકાય છે
હસ્રારચક્ર યા સહજકાય ઉષ્ણીષ-
સાથે જોડવામાં આવ્યો છે.
દ્રા અને સમયમુદ્રા. કર્મમુદ્રા
વાક્ અને ચિત્તના ક્રિયા.'
કલ્પ, અકૃત્રિમ, અનાદિ અને
યા ભ્રાન્તિ પૂરેપૂરી દૂર થઈ
વભાવ છે અને સર્વાવરણમુક્ત છે.
સ્વચ્છ છે. તે જ સર્વસંપત્તિનો
તે પૂર્ણનિરાલંબ અવસ્થા છે.
મયમુદ્રા વિશ્વકલ્યાણકારી છે. આ
આ ચાર મુદ્રાઓમાં ક્રમશઃ
પ્રાપ્તિ થાય છે. આનંદ એ
માં ક્ષોભ થાય છે તે જ સમય
જ વિકાસ છે. શક્તિની અભિ-
પછી જ્યારે અભિવ્યક્ત શક્તિની
આનંદ થાય છે. આ છે પરમાનંદ.
શુક્ર) નું ક્ષરણ થાય છે. આ જ
ક્ત બંને આનંદોથી પર એવી

આનંદની સ્થિતિ ઉત્પન્ન થાય છે. પરમાનંદથીય વિરમાનંદ અધિક સઘન છે. સહજાનંદ જ પ્રાપ્તવ્ય આનંદ છે. પૂર્વના ત્રણેય આનંદોથી આ આનંદ વિલક્ષણ છે. કેટલીક વાર સહજાનંદને ઉપર્યુક્ત ત્રણ આનંદોની સામ્યાવસ્થા તરીકે વર્ણવવામાં આવે છે.[૩૩]

હજારો નાડીઓ શરીરમાં છે પરંતુ તેમાં ત્રણ મુખ્ય છે– લલના, રસના અને અવધૂતી. શૈવ તંત્રોમાં આ ત્રણને ક્રમશ: ઈડા, પિંગલા અને સુષુમ્ના કહે છે. બૌદ્ધ તંત્રોમાં વર્ણિત લલના (=પ્રજ્ઞા=આલિ) ગર્દનની પાસેથી નીકળે છે અને ડાબી બાજુથી નાભિપ્રદેશમાં પ્રવેશ કરે છે. નાભિપ્રદેશમાંથી રસના (=ઉપાય=કાલિ) નીકળે છે અને ગર્દનની પાસે જમણી બાજુ પ્રવેશ કરે છે. આ બંનેની વચ્ચે હૃદયકમળમાંથી અવધૂતી નીકળે છે. આ અવધૂતીમાં બોધિચિત્ત પ્રવાહિત થાય છે. તે સહજાનંદપ્રદાયિકા છે. તે સહજાનંદસ્વરૂપિણી છે. આ અવધૂતીને મધ્યમમાર્ગ કહે છે. સાંસારિક દશામાં જીવ દક્ષિણમાર્ગ (=રસના) અને વામમાર્ગ (=લલના)માં એટલું બધું ભ્રમણ કરે છે કે તેને મધ્યમમાર્ગે જવાનું સામર્થ્ય જ રહેતું નથી. આદરસહિત અવધૂતીનો યા મધ્યમમાર્ગનો અભ્યાસ કરવાથી હાનઉપાદાનવર્જિત સ્વરૂપનું દર્શન થાય છે.[૩૪]

## (૧૧) પ્રાણાયામસાધના

પ્રાણ અને અપાનની સાધના મંત્રયોગની સહાયતાથી થાય છે. એમાં પૂરક, કુંભક અને રેચક આ ત્રણ ક્રિયાઓ થાય છે. આ ત્રણ ક્રિયાઓમાં ક્રમશ: 'ओं आः हुँ' આ ત્રણ વર્ણોના મંત્રનો જાપ કરવામાં આવે છે. પ્રાણ–અપાનના નિયંત્રણને માટે મંત્રનો જાપ કરવો જરૂરી છે. આને વજ્રજાપ કહે છે. વજ્રજાપથી લલના અને રસનાની શુદ્ધિ થાય છે અને અવધૂતી સાથે તેઓ સમરસીભાવ પામે છે. વજ્રજાપથી પ્રાણાપાનનું નિયંત્રણ થતાં નિર્માણચક્રમાં ચાંડાલીશક્તિ જાગે છે. આ ચાંડાલી એ જ શૈવ તંત્રોની કુંડલિની છે. આ ચાંડાલીશક્તિને વિકાસની અવસ્થાઓ પ્રમાણે ડોંબી, યોગિની, સહજસુંદરી અને બંગાલી એવાં નામો આપવામાં આવ્યાં છે.[૩૫]

## (૧૨) બિંદુસાધના યા રસસાધના

'मरणं बिन्दुपातेन जीवनं बिन्दुधारणात्' આ સર્વમાન્ય સિદ્ધાંત છે. બિંદુ, રસ અને બોધિચિત્તથી વીર્ય (=શુક્ર=રેતસ્) સમજવાનું છે. ઊર્ધ્વરેતસ્ પુરુષ જ પ્રજ્ઞાલાભ કરી શકે છે. ઊર્ધ્વરેતસ્‌ની અવસ્થામાં જીવન (=વીર્ય) સદા

ઊર્ધ્વગામી રહે છે. આ દિવ્ય અવસ્થા છે. બોધિચિત્તની અધોગતિ અટકાવી ઊર્ધ્વગતિ કરવાની સાધના માટે સ્ત્રીની અમુક ગાળામાં આવશ્યકતા છે. સૌ પ્રથમ સંયમ, બ્રહ્મચર્ય, યમ, નિયમ આદિનું કઠોર પાલન જરૂરી છે. આ અવસ્થામાં બિંદુની શુદ્ધિ અને સિદ્ધિ થાય છે. આ અવસ્થામાં શકિતનું (=સ્ત્રીનું) ગ્રહણ કરવાનું નથી. ત્યાર પછા સંયોગ અને સંભોગનો અધિકાર પ્રાપ્ત થાય છે. આ અવસ્થામાં પુરુષનો શકિત સાથે સંઘર્ષ થાય છે. સંઘર્ષમાં છેવટે પુરુષ શકિત ઉપર વિજય પ્રાપ્ત કરે છે અર્થાત્ સંઘર્ષ છતાં સ્ખલન થતું નથી. આ દશામાં એક રીતે કહીએ તો બિંદુની અધોગતિ અટકે છે. ત્રીજી અવસ્થામાં શકિતનો ત્યાગ પણ નથી કે ગ્રહણ પણ નથી. શકિત સંપૂર્ણપણે પુરુષને આધીન છે, શકિત અને પુરુષનો ભેદ લુપ્ત થાય છે અને શકિત–પુરુષનું સામરસ્ય પ્રગટ થાય છે. તાત્પર્ય એ છે કે અહીં સાધકને મન સ્ત્રીપુરુષનો ભેદ રહેતો નથી. તે સ્ત્રીપુરુષમાં સામ્યદૃષ્ટિ પ્રાપ્ત કરે છે. સ્ત્રીસંગથી ક્ષોભ થતો નથી. તેનો રસ ઊર્ધ્વગતિ કરે છે અને શરીરમાં એકરસ બને છે.[૩૬]

જેને બિંદુક્ષોભ કહેવામાં આવે છે તે વાસ્તવમાં ઉપાય (=પદ્મ=સ્ત્રી= મુદ્રા=શકિત) અને પ્રજ્ઞા (=વજ્ર=પુરુષ)ના સંયોગથી થતો બોધિચિત્તનો ઉદ્ભવ છે અર્થાત્ રસનો ક્ષોભ છે. બિંદુનો ઉદ્ભવ થતાં એનું પતન ન થાય એ માટે અર્થાત્ વજ્રમણિમાં એનું સ્ખલન ન થાય એ માટે નાભિસ્થિત ચક્રમાં એને ધારણ કરવું પડે છે. આ નિરોધ કૃત્રિમ છે. સ્વાભાવિક અવસ્થામાં આ નિરોધ કૃત્રિમ હોતો નથી. બિંદુ પારા જેવું ચંચળ હોય છે. પરંતુ યોગબળથી એને સ્થિર કરવું જરૂરી છે. બૌદ્ધ તાંત્રિક ભાષામાં ચંચળ બિંદુને સંવૃત્ત બોધિચિત્ત કહેવામાં આવે છે. પરંતુ જ્યારે યોગાભ્યાસથી તેને સ્થિર કરવામાં આવે છે ત્યારે તે સંવૃત્ત ન રહેતાં વિવૃત બને છે. સંવૃત્તનો અર્થ છે સંકુચિત અને વિવૃતનો અર્થ છે ફેલાયેલું. બોધિચિત્ત જ્યારે વિવૃત બને છે ત્યારે તે જ મહાસુખના રૂપમાં પરિણત બને છે. કુંદપુષ્પ જેવું સંવૃત્ત બોધિચિત્ત જ યોગના પ્રભાવે ઊર્ધ્વગતિ પામીને મહાસુખના રૂપમાં ફેરવાઈ જાય છે. તે જ રસ છે. તેથી, એકમાત્ર મહાસુખચક્રમાં યા ઉષ્ણીષકમલમાં જ બિંદુ સ્થિર થાય છે, અન્યત્ર નહિ. અન્યત્ર ગતિરોધ થઈ શકે છે પરંતુ એવી સ્થિતિ નથી બની શકતી જેમાં સહજાનંદની અભિવ્યકિત થાય.[૩૭]

બિંદુને જગાડી નિર્માણચક્રથી ઉષ્ણીષકમલ સુધી લઈ જવું પડે છે. નિર્માણ-ચક્રથી સ્ખલિત થઈ બિંદુના નીચે ઊતરવાથી દેહરચના થઈ શકે છે, પણ જ્યારે બિંદુની

ઊર્ધ્વગતિ થાય છે ત્યારે આ નિમ્ન સૃષ્ટિનો માર્ગ રુદ્ધ થઈ જાય છે. નિર્માણચક્રસ્થ બિંદુ પંચભૂતાત્મક છે પરંતુ એમાં પૃથ્વીનો અંશ વધુ છે. તેથી તે નીચે તરફ આકર્ષાય છે. જ્યારે તે બિંદુ મધ્યમાર્ગે ઊર્ધ્વોન્મુખ બને છે ત્યારે તેમાં જલીય અંશ પ્રધાન બને છે. પૃથ્વીતત્ત્વ જલતત્ત્વમાં લીન થવાથી તેનું કાઠિન્ય દૂર થાય છે. આ નિર્માણચક્રથી ઉપરના ચક્રની વાત થઈ. બિંદુનું આથી પણ વધારે ઉત્થાન થવાથી તે તેજઃપ્રધાન બને છે. એનો જલીય અંશ પ્રાયઃ શુષ્ક બને છે. એના પછી વધુ ઉત્થાન થવાથી તે વાયુપ્રધાન બને છે અને છેવટે શુદ્ધ જ્યોતિરૂપમાં પરિણત થઈ ઉષ્ણીષકમલમાં સ્થિર થાય છે. ઉષ્ણીષકમલમાં બિંદુ સ્થિર થતાંની સાથે જ દેહ સિદ્ધ બને છે, દિવ્યદૃષ્ટિ અને દિવ્યશ્રુતિની પ્રાપ્તિ થાય છે તથા સર્વજ્ઞત્વ અને વિભુત્વનો ઉદય થાય છે. એક દૃષ્ટિએ આને બુદ્ધત્વલાભ કહી શકાય.[૩૮] આપણે અગાઉ ત્રણ પ્રકારના સેક—પૂર્વસેક, ઉત્તરસેક, અને અનુત્તરસેક—જણાવી ગયા. પૂર્વસેક અને અનુત્તરસેક માટે મુદ્રા ( =સ્ત્રી)ની આવશ્યકતા નથી પણ ઉત્તરસેક માટે જ તેની આવશ્યકતા છે. કુંભ આદિ ત્રણ ઉત્તરસેક છે. કુંભસેકમાં ચતુર્દલ ઉષ્ણીષકમલમાંથી બિંદુ અવતીર્ણ થઈને લલાટસ્થ સહસ્રદલની કર્ણિકામાં આવે છે. આનું ફળ આનંદ છે. ગુહ્યસેકમાં બિંદુ કંઠસ્થ દ્વાત્રિંશદલ કમલમાંથી હૃદયના અષ્ટદલકમલની કર્ણિકામાં આવે છે. એનું ફળ પરમાનંદ છે. આ આનંદ અધિક તીવ્ર છે. પ્રજ્ઞાસેકમાં બિંદુ નાભિસ્ત ચતુઃષષ્ટિ-દલકમલમાંથી દ્વાત્રિંશદલગુહ્યકમલમાં ઊતરે છે—એટલે સુધી કે તે છેક વજ્રમણિના રંધ્રમાં પહોંચી જાય છે, પરંતુ બિંદુનું સ્ખલન થતું નથી. એનું ફળ વિરમાનંદ છે. આ આનંદ પરમાનંદથી પણ ચઢિયાતો છે. આ ત્રણ ઉત્તરસેક પછી અનુત્તરસેકમાં બિંદુના પતનની આશંકા જ રહેતી નથી. જો કે પ્રજ્ઞાસેકમાં બિંદુનું પતન થતું નથી પરંતુ એ વખતે બિંદુ સ્પંદહીન હોતું નથી. અનુત્તરસેકમાં બિંદુ સર્વથા નિઃસ્પંદ બની જાય છે. હવે બિંદુની ઊર્ધ્વગતિ તથા અધોગતિનું કર્મ સમાપ્ત થઈ જાય છે અને આવર્તન પૂરું થાય છે. આનું ફળ સહજાનંદ છે.[૩૯]

## (૧૩) ષડંગયોગ

પતંજલિના પ્રસિદ્ધ અષ્ટાંગ યોગથી બૌદ્ધ તાંત્રિક ષડંગયોગ વિલક્ષણ છે. આ છ અંગો છે—પ્રત્યાહાર, ધ્યાન, પ્રાણાયામ, ધારણા, અનુસ્મૃતિ અને સમાધિ. ઇન્દ્રિયો સામાન્ય રીતે પોતપોતાના વિષય ભણી આકર્ષાય છે. બાહ્ય વિષયો ભણી દોડતી ઇન્દ્રિયોને બાહ્ય વિષયોથી પાછી વાળી અન્તર્મુખ કરવી તે પ્રત્યાહાર છે. પ્રત્યાહારનું ફળ વૈરાગ્ય, ત્રિકાલદર્શન અને ધૂમ આદિ દશ નિમિત્તોનું દર્શન છે.

શુદ્ધ આકાશમાં ધૂમ, મરીચિ, ખદ્યોત, દીપકલિકા, ચંદ્ર, સૂર્ય, બિંદુ વગેરેનું દર્શન નિમિત્તદર્શન કહેવાય છે. આ દર્શન સ્થિર થતાં મંત્ર સાધકને અધીન બને છે. આ વાક્સિદ્ધિ છે. પ્રત્યાહારને પરિણામે છેવટે ત્રૈધાતુક બુદ્ધબિંબનું દર્શન થાય છે.[૪૦]

પ્રત્યાહારથી બુદ્ધબિંબનું દર્શન થતાં ધ્યાનનો પ્રારંભ થાય છે. પંચવિષયાત્મક સત્તાની પંચબુદ્ધાત્મક કલ્પના ધ્યાન છે. જગતની બધી વસ્તુઓમાં બુદ્ધની જ કલ્પના કરવામાં આવે છે. ચિત્ત બુદ્ધભાવથી ભરપૂર બને છે. તે સર્વત્ર બુદ્ધને જ દેખે છે. આ ધ્યાનના પ્રભાવથી બાહ્યભાવ છૂટી જાય છે, ચિત્ત દઢ બને છે અને ચિત્ત બુદ્ધબિંબલગ્ન થતાં અનિમેષ ચક્ષુનો અર્થાત્ દિવ્યચક્ષુનો ઉદય થાય છે. આ રીતે દિવ્યશ્રોત્ર વગેરે અને પાંચ અભિજ્ઞાઓનો ઉદય થાય છે.[૪૧]

ધ્યાન પછી આવે છે પ્રાણાયામ. મનુષ્યનો શ્વાસ પંચજ્ઞાનમય અને પંચસ્કંધમય છે. એને પિંડરૂપમાં નિશ્ચલ કરી નાકના ટેરવે સ્થિર કરવો જોઈએ. આ અવસ્થા મહારત્ન કહેવાય છે. અક્ષોભ્ય વગેરે પંચબુદ્ધ પંચજ્ઞાનસ્વભાવ છે. વિજ્ઞાન વગેરે પાંચ સ્કંધો જ એમનું સ્વરૂપ છે. ડાબા અને જમણા નસકોરામાં શ્વાસનો પ્રવાહ ચાલે છે. આ બંને પ્રવાહો એક થતાં શ્વાસ પિંડાકાર બને છે. આ પિંડને નાકના ટેરવે સ્થિર કરવો જોઈએ. જમણા અને ડાબા પ્રવાહનો નિરોધ કરી કેવળ મધ્યમામાં પ્રાણવાયુને પ્રવાહિત કરવો જોઈએ. આ રીતે નિરુદ્ધ પ્રાણવાયુ પંચવર્ણ મહારત્ન કહેવાય છે. વજ્રયાની આ પ્રાણાયામને વજ્રજાપ કહે છે. બે વિરુદ્ધ ધારાઓને સમ્મિલિત કરી મધ્ય નાડીનું અવલંબન લઈ પ્રાણને નાસાગ્રે સ્થિર કરવો જોઈએ.[૪૨]

ચોથું અંગ છે ધારણા. મનના ત્રાણરૂપ હોવાથી પ્રાણને મન્ત્ર કહેવામાં આવે છે. પોતાના ઈષ્ટ મંત્ર પ્રાણનું હૃદયમાં ધ્યાન કરતાં કરતાં એને લલાટમાં રુદ્ધ કરવો. હૃદયમાંથી અર્થાત્ કર્ણિકામાંથી ખસેડી કર્ણિકાના મધ્યભાગમાં પ્રાણને સ્થાપવો જોઈએ. ત્યાર પછી બિંદુસ્થાન લલાટમાં એનો નિરોધ કરવામાં આવે છે. આનું નામ ધારણા છે. આ વખતે પ્રાણનું સંચરણ (અર્થાત્ શ્વાસ–પ્રશ્વાસ) નથી રહેતું. પ્રાણ એકલોલ બની લલાટસ્થ બિંદુમાં પ્રવેશ કરે છે. ચિત્ત અવધૂતી-માર્ગમાં પ્રવેશતાં પૂર્વવર્ણિત ધૂમ વગેરે નિમિત્તોનો પ્રતિભાસ થાય છે. ધારણાનું ફળ વજ્રસત્ત્વમાં પ્રવેશ છે. એના પ્રભાવથી સ્થિરીભૂત મહારત્ન પ્રાણવાયુ નાભિચક્રથી ચાંડાલીશક્તિને ઉપર ધકેલે છે. વજ્રમાર્ગથી મધ્યધારાને અવલંબી

ક્રમશ: તે ઉષ્ણીષચક્ર સુધી પહોંચે છે. ધારણા સિદ્ધ થતાં જ ચાંડાલીશક્તિ સ્વભાવત: ઉજ્જવલ બને છે.[૪૩]

પાંચમું અંગ અનુસ્મૃતિ છે. ધારણાથી પ્રગટી સ્થિર બનેલા ધૂમ આદિ દસ નિમિત્તોનો વિસ્તાર તથા એમનું સ્મરણ અનુસ્મૃતિ છે. એનાથી ત્રિકાલસ્થ સમગ્ર ભુવનનું દર્શન થાય છે. અનુસ્મૃતિનું ફળ પ્રભામંડળનો આવિર્ભાવ છે. ચિત્તવિકલ્પહીન થવાથી આ પ્રભામંડળનો આવિર્ભાવ થાય છે. આ વખતે રોમ-કૂપમાંથી પંચરશ્મિ નીકળે છે. અનુસ્મૃતિનો અર્થ કામશાસ્ત્રવર્ણિત ચિન્તા આદિ દસ અવસ્થાઓ પણ કરવામાં આવે છે.[૪૪]

છઠ્ઠું અંગ છે સમાધિ. બધાં ભાવોને પિંડીકૃત કરી બિંબમાં ભાવના કરવાથી મહાજ્ઞાનની ઉત્પત્તિ થાય છે. આ સમાધિ છે. જ્ઞેય અને જ્ઞાન એક બનવાથી વિમલ અવસ્થાનો આવિર્ભાવ થાય છે, સર્વ આવરણ છૂટી જાય છે. સર્વ આવરણો દૂર થતાં અદ્વયભાવ યા યુગનદ્ધાવસ્થાનો ઉદય થાય છે.[૪૫]

પ્રત્યાહારમાં ઇન્દ્રિયો અન્તર્મુખ બની જાય છે. પરિણામે, દસ નિમિત્તોનું જ્ઞાન થાય છે. ધ્યાનમાં આ દસ જ્ઞાનોનું પાંચ પૃથ્વી આદિ વિષયો અને પાંચ બુદ્ધો ( = વિષયી) સાથે એકીકરણ થાય છે. ચિત્તની એકાગ્રતા સધાતાં પ્રાણાયામ શકય બને છે. દક્ષિણ–વામ માર્ગને છોડી મધ્યમમાર્ગે પ્રાણ ગતિ કરે છે. બીજા શબ્દોમાં, વામ–દક્ષિણમંડલ પ્રાણાયામમાં સમરસ બને છે અને પ્રાણનિરોધનો સૂત્રપાત થાય છે. ધારણામાં પ્રાણને ચડતા ક્રમે અને ઉતરતા ક્રમે નાભિથી ઉષ્ણીષ સુધી અને ઉષ્ણીષથી નાભિ સુધી જુદે જુદે પાંચ સ્થાનોએ ધારવામાં આવે છે—સ્થિર કરવામાં આવે છે. પ્રાણ દ્વારા બિંદુ પણ ગતિ–આગતિ કરે છે અને ઉષ્ણીષથી વજ્રમણિ સુધી તથા વજ્રમણિથી ઉષ્ણીષ સુધી ઉતરચડ કરે છે. આ ચડઉતર સુનિયંત્રિત હોય છે. આને પરિણામે કામશાસ્ત્રમાં વર્ણિત દસ પ્રકારની અવસ્થાઓ ચિન્તા વગેરે થાય છે. આ દસ અવસ્થાઓ અનુસ્મૃતિઓ છે. સમાધિમાં પ્રાણનો સંપૂર્ણ નિરોધ થાય છે – ગતિ–આગતિ યા ચડઉતર થંભી જાય છે અને બિંદુ પણ સ્પંદરહિત બની જાય છે.[૪૬]

## (૧૪) 'एवं' તત્ત્વ અને તેનું રહસ્ય

વજ્રયાની ગ્રન્થોમાં પ્રજ્ઞા અને ઉપાયની યુગનદ્ધ અવસ્થાના નિદર્શન માટે એક બીજનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ બીજ છે--एवं. આનું યાંત્રિક રૂપ નીચે પ્રમાણે છે. એકાર અધોમુખ▽ ત્રિકોણ છે. આ ત્રિકોણની અંદર

વકાર ઊર્ધ્વમુખ ત્રિકોણના રૂપમાં હોય છે અને આ લઘુત્રિકોણની અંદર બરાબર વચ્ચે અનુસ્વાર બિન્દુના રૂપમાં હોય છે. આ બિંદુ બંને ત્રિકોણોનું મધ્યબિંદુ છે અને બંનેના સંયોગનું સૂચક છે. આ બીજ બુદ્ધરત્ન ધરાવતી પેટી છે. તે મહાસુખનું સ્થાન છે.[૪૭] આ મંત્રબીજમાં એકાર માતા છે, તે ચંદ્ર ( =લલના= ઈડા=આલિ ) અને પ્રજ્ઞાનો દ્યોતક છે. વકાર પિતા છે, તે સૂર્ય ( =રસના= પિંગલા=કાલિ ) અને ઉપાયનો સૂચક છે. બિંદુ બંનેના સમ્મિલનનું સૂચક છે અને પરિણામે તે સમ્મિલનના ફળ અનાહત જ્ઞાનનું પ્રતીક છે.[૪૮]

## [૩] કાલચક્રયાન

વજ્રયાનના ઉદય પછી થોડા વખતમાં કાલચક્રયાનનો ઉદય થયો. કેટલાક વિદ્વાનો કાલચક્રયાનને વજ્રયાનની જ એક શાખા ગણે છે. વજ્રયાન અને કાલ-ચક્રયાન વચ્ચે કોઈ ખાસ ભેદ જણાતો નથી. કેટલાક વિદ્વાનોને મતે વજ્રયાનની અપેક્ષાએ કાલચક્રયાન ષડંગયોગ અને પ્રાણાપાનસાધના પર વિશેષ ભાર મૂકે છે. શ્રીકાલચક્રમૂલતંત્રમાં કહેવામાં આવ્યું છે કે બધી જ વસ્તુઓ અને બધા જ સ્થાનોથી યુક્ત આ સકળ વિશ્વ શરીરમાં છે. કાળ પણ પોતાના વિવિધ રૂપે ( દિવસ, રાત, પક્ષ, માસ, વર્ષ આદિરૂપે ) શરીરમાં પ્રાણવાયુની ક્રિયાઓના રૂપમાં રહેલો છે. પ્રાણાપાનનું નિયંત્રણ જ યોગનું પ્રધાન કાર્ય છે. કાલચક્રયાનના મહત્ત્વના ગ્રન્થો છે – શ્રીકાલચક્રમૂલતંત્ર, સેકોદ્દેશટીકા, પરમાર્થસેવા અને વિમલપ્રભા.[૪૯]

કાલચક્ર શું છે? અદ્વય, અક્ષર પરમતત્ત્વનું નામાંતર કાલચક્ર છે. 'કાલ-ચક્ર'માં બે શબ્દો છે—કાલ અને ચક્ર. સર્વ આવરણોના ક્ષયનું કારણ હોઈ અક્ષરસુખજ્ઞાનને કાલ કહેવામાં આવે છે. જ્ઞેયરૂપમાં સદા ઉપસ્થિત વિશ્વ ચક્ર કહેવાય છે. તે બેનો સમન્વય કાલચક્ર છે. ચક્ર કરુણાપ્રવૃત્તિને પણ સૂચવે છે. આમ 'કાલચક્ર' શબ્દ પ્રજ્ઞાઉપાયની યુગનદ્ધ અવસ્થાનો પણ દ્યોતક છે.[૫૦]

'કલચક્ર' શબ્દ ચાર અક્ષરોનો બનેલો છે—કા, લ, ચ અને ક્ર. 'કા' અક્ષર શાંત કારણનો દ્યોતક છે. જાગ્રત અવસ્થાનો ક્ષય થતાં બોધિચિત્તકાય શાંત યા વિકલ્પરહિત બને છે. આ વિકલ્પરહિત બોધિચિત્તકાયની અવસ્થામાં કાય-બિંદુનો નિરોધ કરવામાં આવે છે અને પરિણામે નિર્માણકાય નામની બુદ્ધકાય અવિર્ભાવ પામે છે. 'લ' અક્ષર લયનો દ્યોતક છે. સ્વપ્નાવસ્થાનો ક્ષય થતાં પ્રાણનો લય થાય છે. આ અવસ્થામાં વાગ્બિંદુનો નિરોધ થાય છે. પરિણામે,

કંઠમાં સંભોગકાયનો ઉદય થાય છે. 'ચ' અક્ષર ચલચિત્તનો નિરોધ સૂચવે છે. સુષુપ્તિનો ક્ષય થતાં આવી નિરોધાવસ્થા થાય છે. જાગ્રત અને સ્વપ્નાવસ્થામાં ચિત્ત શબ્દ વગેરે વિષયોમાં વિચરણ કરે છે. તેથી, તે અવસ્થામાં તે ચંચળ હોય છે અને વિકારોથી દૂષિત હોય છે. ચાંચલ્ય અને વિકારોને દૂર કરી ચિત્તનો હૃદયમાં નિરોધ કરવામાં આવે છે. આવી ચિત્તનિરોધની દશામાં હૃદયમાં ધર્મકાયનો ઉદય થાય છે. 'ક્ર' અક્ષર કાય, પ્રાણ અને ચિત્તના ક્રમબંધનનો દ્યોતક છે. કાય, પ્રાણ અને ચિત્તનો ક્રમશઃ યોગ (સંબંધ) થાય છે. પ્રાણ અને ચિત્તનો યોગ ઘનિષ્ઠ રહે છે. તુરીયાવસ્થાનો નાશ થતાં આ ક્રમયોગ (=સામરસ્યભાવ) બને છે. આ અવસ્થામાં સ્વરગત જ્ઞાનબિંદુનો નિરોધ થાય છે. એને પરિણામે નાભિમાં સહજકાયનો આવિર્ભાવ થાય છે.[૫૧]

આમ કાલચક્ર ચાર બુદ્ધકાયોનો સમાહાર છે. તે પ્રજ્ઞા અને ઉપાયનું સામરસ્ય છે. તે જ્ઞાન–જ્ઞેયનું અદ્વય છે. જ્ઞાનનો અર્થ છે અક્ષરસુખનો બોધ. એનાથી બધાં આવરણોનો ક્ષય થાય છે. જ્ઞેયનો અર્થ છે અનંત જગચ્ચક્ર—સમગ્ર વિશ્વ. પ્રજ્ઞા શૂન્યાત્મક છે અને ઉપાય કરુણાત્મક છે. પ્રજ્ઞા શૂન્યાત્મક છે પરંતુ કરુણા સર્વાત્મક છે. બંનેનું એકત્વ જ કાલચક્ર છે. આ જ સાચી યુગનદ્ધ અવસ્થા છે.[૫૨] કાલચક્રતંત્રમાં લખ્યું છે કે શુદ્ધ તથા અશુદ્ધ ભેદે અનંત વિશ્વ જ ચક્રસ્વરૂપ છે. પરંતુ અનંત હોવા છતાં તે એક જ છે. જેમ બુદ્ધ એક છે તેમ એમનું ચક્ર પણ એક છે. વસ્તુતઃ બુદ્ધ અને ચક્ર અભિન્ન છે. આ કાલચક્ર જ આદિબુદ્ધ છે. નામસંગીતિતંત્રમાં કહ્યું છે કે अनादिनिधनो बुद्ध आदिबुद्धो निरन्वयः । ઐતિહાસિક બુદ્ધો તો તેનો બહિઃપ્રકાશમાત્ર છે.[૫૩]

સાધકના દૃષ્ટિકોણથી જોઈએ તો આ કાલચક્રમાં ત્રણ માત્રાઓ અને ત્રણ મુદ્રાઓ જણાય છે. બોધિચિત્તની ક્ષરગતિ મૃદુમાત્રા છે, તેની સ્પંદગતિ મધ્યમાત્રા છે અને તેની નિઃસ્પંદગતિ અધિમાત્રા છે. જેનાથી અક્ષરસુખનો ઉદય થાય છે તે કર્મમુદ્રા છે, જેનાથી સ્પંદસુખનો ઉદય થાય છે તે જ્ઞાનમુદ્રા છે અને જેનાથી નિઃસ્પંદસુખનો ઉદય થાય છે તે મહામુદ્રા છે. કાલચક્રયાનમાં ષડંગયોગ દ્વારા આ મુદ્રાઓની ભાવના ઉપદેશેલી છે.[૫૪]

## [૪] સહજયાન

સરહપાદ, લુઈપાદ, વગેરે સિદ્ધાચાર્યોએ સહજયાનને પ્રવર્તાવ્યો. તેમણે લોકભાષામાં રચનાઓ કરી. આ રચનાઓમાં દોહાકોષો અને ચર્યાપદોનું વિશેષ

મહત્ત્વ છે. તેમને આધારે સહજયાનનાં સિદ્ધાન્ત અને સાધનાનો પરિચય આપણે કરીશું.

**સિદ્ધાન્ત** — સરહપાદ મહાસુખને પરમતત્ત્વ ગણે છે. સાધક પરમાવસ્થા પ્રાપ્ત થતાં મહાસુખમાં એવો લીન થઈ જાય છે કે તે પોતે મહાસુખમય જ બની જાય છે. મહાસુખતત્ત્વ ન તો સાંભળવાથી પ્રાપ્ત થાય છે, ન તો દેખવાથી. પવનથી ન તો તે કંપે છે કે ન તો ક્ષય પામે છે. તે અનિર્વચનીય છે. ગુરુ પોતાનાં વચનોથી એને કહી નથી શકતા, શિષ્ય ગુરુવચનોને સમજી નથી શકતો. આ મહાસુખ જ સહજસુખ યા સહજામૃત છે. બધાં પ્રાણીઓ અને પદાર્થોમાં તે વ્યાપ્ત છે. તે અનુભવૈકગમ્ય છે. તે ઈન્દ્રિયમનગોચર નથી.[૫૫]

સિદ્ધ સરહપાદ દેવતાઓના અસ્તિત્વને નથી માનતા. દેવતાઓની પૂજા નિરર્થક છે.[૫૬] સંસાર અને નિર્વાણ, જન્મ અને મરણ, વગેરેમાં કોઈ ભેદ નથી. વસ્તુતઃ મનુષ્યે કલ્પનાથી આ બધું ઊભું કર્યું છે અને એનાથી પોતાને બાંધ્યો છે. અજરત્વ, અમરત્વ પ્રાપ્ત કરવા માટે આ ભેદોને પાર કરવા જોઈએ, ભેદોથી પર થવું જોઈએ. ચિત્ત સ્વભાવતઃ મુક્ત છે. સૂર્ય, ચંદ્ર, નાદ, બિંદુ, વગેરે ચિત્તમાં નથી. ચિત્ત સરળ છે. ચિત્તના સ્વાભાવિક સરળ માર્ગનું (= સહજયાનનું) અનુસરણ કરવું જોઈએ. મનના દોષથી જ પ્રાણી પરમતત્ત્વને વિકૃત દેખે છે અને ગુરુવચનમાં પણ સ્થિર રહી શકતું નથી. આ જગત નથી સત્ય કે નથી મિથ્યા. સંસારમાં જ અમૃત વ્યાપ્ત છે. પરંતુ અમૃત હોવા છતાં પ્રાણીઓ વિષપાન કરે છે — સ્વ-પરનો ભેદ કરે છે. પ્રાણીનું વાસ્તવિક સ્વરૂપ સમભાવ છે.[૫૭]

લુઈપાદ પણ મહાસુખને પરમતત્ત્વ માને છે. ચિત્તનું ચંચળ રૂપ એનું વાસ્તવિક યા સહજ રૂપ નથી, ચિત્તનું અચંચળરૂપ જ તેનું સહજ રૂપ છે. જ્યાં સુધી ચિત્ત ચંચળ હોય છે ત્યાં સુધી જ સંસારમાં સુખ-દુઃખ છે, ચિત્તની અચંચળતાથી જ મહાસુખ યા અમૃતરસની પ્રાપ્તિ થાય છે. એવા ચિત્તમાં કાળનો પ્રવેશ નથી. મહાસુખરસનું પાન કરી જીવ અમર બની જાય છે[૫૮].

કૃષ્ણપાદે ચિત્ત અને મહાસુખને નિસ્તરંગ, સમ, સહજરૂપ, સકલમલ-રહિત માન્યાં છે. એમની દૃષ્ટિએ સહજ અવસ્થામાં ચિત્ત પાપપુણ્યરહિત છે. આવું ચિત્ત જ પરમતત્ત્વ છે, સહજતત્ત્વ છે. આવું ચિત્ત નથી ઉપર જતું કે નથી નીચે જતું અર્થાત્ સ્થિર રહે છે. આનો ઉપાય છે પ્રાણ-અપાનનિરોધ.

**સાધના**–સહજયાનીઓએ મંત્ર, તંત્ર, જપ, હોમ, મંડલ આદિ સાધનાના બાહ્ય આડંબરોનો વિરોધ કર્યો છે. તેમણે બાહ્ય આડંબરોથી યુક્ત બધી સાધનાપદ્ધતિઓનો વિરોધ કરી પોતાની સરળ અને સહજ સાધનાપદ્ધતિને જણાવી છે. તેઓ ગુરુની આવશ્યકતા ઉપર ખૂબ ભાર દે છે.[૫૯]

સરહપાદ આ સંસારને જ સાધનાનું ઉત્કૃષ્ટ સાધન માને છે. ખાતાં, પીતાં અને સુખપૂર્વક રમતાં સાધના કરવાથી જ પરમતત્ત્વની પ્રાપ્તિ થાય છે. એનાથી ભયલોકનું દલન થાય છે. તેઓ સાધકને વારંવાર ત્યાં વિરામ કરવાનું કહે છે જ્યાં મનપવનનો સંચાર નથી, જ્યાં રવિ-શશિનો પ્રવેશ નથી, જ્યાં આદિ નથી, જ્યાં અંત નથી, જ્યાં પોતાનું-પારકું એવો ભેદ નથી. જેમ જળ જળમાં ભળી તલ્લીન થાય છે તેમ આ સાધનાથી સાધક મહાસુખમાં તલ્લીન બને છે. આ તલ્લીનતા પ્રાપ્ત કરવાનો ઉપાય છે સંસારરમણ. પરંતુ આ સંસારમાં રમણ કરતાં જ્યારે ચિત્ત ચંચળ બને છે ત્યારે સ્વરૂપની ઉપલબ્ધિ થતી નથી. સંસારમાં રમણ કરવા છતાં ચિત્ત સ્થિર રહે છે ત્યારે જ સ્વરૂપની ઉપલબ્ધિ થાય છે. જેમ જળ અને તરંગ અભિન્ન છે તેમ સંસાર અને મુક્તિ અભિન્ન છે. સમરસતા જ મહાસુખપ્રાપ્તિની સૂચક છે. ચિત્તથી જ મુક્તિ છે અને ચિત્તથી જ બંધન છે. ચૌદ ભુવન શરીરમાં જ છે. શરીર જ પરમ તીર્થસ્થાન છે.

સહજસાધનાને કમલકુલિશસાધનાના રૂપમાં પણ સમજાવવામાં આવે છે. કમલ અને કુલિશ(વજ્ર)ની વચ્ચે સ્થિત રહેવાથી સુખની પ્રાપ્તિ થાય છે. એમાં પોતાનું–પારકું એવો ભાવ રહેતો નથી. ચિત્ત મુક્ત ગજેન્દ્રવત્ રમણ કરવા લાગે છે. આ સાધના માટે વનમાં જવાની જરૂર નથી કે ઘરમાં રહેવાનીય જરૂર નથી. મન જ્યાં જાય ત્યાં તેને જવા દેવું જોઈએ. આ સાધનામાં વામ અને દક્ષિણ માર્ગને છોડી મધ્યમમાર્ગ અપનાવવાનો છે. આને જ ઋજુમાર્ગની સાધના કહી છે.

લુઈપાદે કહ્યું છે કે સહજસાધનામાં કપટત્યાગ પરમ આવશ્યક છે. ચિત્તની ઇચ્છાઓને દબાવવાની કે છૂપાવવાની જરૂર નથી. પ્રજ્ઞાને આલિંગવું આ સાધનાનું પ્રધાન અંગ છે. આ સાધનાર્થી સાધક ધમણ–ચમણ (=ઈડા–પિંગલા) પર યા કાલ પર વિજય પ્રાપ્ત કરી શકે છે.[૬૦]

આમ સહજયાનીઓએ મંત્ર, તંત્ર, મંડલ, મુદ્રા આદિ બાહ્યાચારોનો વિરોધ કર્યો. સહજસાધનામાં કોઈ દેવતાની પૂજા–અર્ચના નથી. આ સાધનામાં

નિર્ગુણ, નિરાકાર સહજતત્ત્વ યા મહાસુખની માનસી આરાધના-ઉપાસના છે. આ સાધનામાં મધ્યમમાર્ગની સાધના યા પ્રાણાયામની સાધનાનું મહત્ત્વ છે. આ સાધનામાંય બિંદુને ક્ષરમાંથી અક્ષર બનાવવાની વાત છે. સંસારમાં રમણ કરવા છતાં બિંદુક્ષોભ ન થાય અને બિંદુ નિઃસ્પંદ રહે એવી સ્થિતિ પ્રાપ્ત કરવી એ સહજયાનનું પણ ધ્યેય છે. ડૉ. શશિભૂષણ દાસગુપ્તે 'સહજ' શબ્દનો અર્થ કરતાં કહ્યું છે કે સહજયાનનું પરમ લક્ષ્ય આત્મગત અને સંસારગત પદાર્થોના સહજસ્વભાવનો સાક્ષાત્કાર હોવાથી તેને સહજયાન કહેવામાં આવે છે. વળી, માનવ પ્રકૃતિ અને શરીરને અનુચિત કષ્ટ દેવાની અપેક્ષાએ આ યાન અત્યધિક સ્વાભાવિક માર્ગથી આ સાક્ષાત્કાર કરાવે છે એટલે પણ તેને સહજ-યાન કહેવામાં આવે છે. આ માર્ગ ઉપર માનવ સ્વાભાવિક રીતે ચાલી શકે છે. દાસગુપ્તે એક ઉદ્ધરણ આપી એ સ્પષ્ટ કર્યું છે કે આ યોગક્રિયા શાશ્વત છે. એ આપણા મન્મથ(યૌનવૃત્તિ)થી ઉત્પન્ન થાય છે. આપણી યૌનવૃત્તિ જ આપણા સ્વભાવનું સર્વસ્વ છે. આ વૃત્તિ શુદ્ધ હોય છે, અનાચારરહિત હોય છે. એટલે એ આવશ્યક છે કે આ યૌનવૃત્તિને યા કામવૃત્તિને પરમતત્ત્વના સાક્ષાત્કાર માટે યોજવામાં આવે. જે સ્વાભાવિક (=સહજ) છે તે સરળ પણ છે. આની વિશેષ ચર્ચા અહીં અસ્થાને છે.[૬૧]

## [૫] ઉપસંહાર

બૌદ્ધ તંત્રે કેટલીય વસ્તુઓ આપી. તે બૌદ્ધ મૂર્તિકલાનો ભંડાર છે. એમાં હઠયોગ, સ્વરોદય, ત્રાટક, કામરૂપની યોગિનીવિદ્યા, ભૂતાવેશ વગેરેનો પણ ક્રમવિકાસ છૂપાયેલો છે. ચંડાલ, ડૉંબ, આદિ સમાજના નીચલા થરના લોકોનું આમાં મહત્ત્વનું સ્થાન હતું. અનેક સિદ્ધો હીનવર્ણના હતા. શૌચાશૌચ સંબંધી બધા નિયમોને છોડયા વિના કોઈ આ સાધના અપનાવી શકતું નહિ. સહજ-યાની સિદ્ધોની લોકભાષાની રચનાઓમાં હિન્દી ભાષા અને હિન્દી કવિતાના વિકાસનું બીજ મળે છે. સહજયાનમાં નાથ, કબીર, નાનક, દરિયાદાસ, સરભંગ આદિ સંપ્રદાયોની પરંપરાનું ઉત્સ નિહિત છે.

પરંતુ આ સાધનાના ઉપાય પંચમકારે, અને ખાસ તો મુદ્રા (=સ્ત્રી) અને મદિરાએ, સાધનાને હલકી પાડી. સાધ્ય વીસરાઈ ગયું અને સાધકો સ્ત્રી અને મદિરામાં જ અટવાઈ ગયા. માણસે પોતાની જાતને છેતરવા માંડી અને સાધનાના ઓઠા નીચે પોતાની કુત્સિત વાસનાઓ સંતોષવા માંડી. આમ

સાધનાએ અત્યંત કુત્સિત અને બિભત્સ રૂપ ધારણ કર્યું. પરિણામે, જેમ લોઢાનો કાટ લોઢાને જ ખાઈ જાય તેમ બૌદ્ધ ધર્મે ઉપજાવેલો તંત્રયાન બૌદ્ધ ધર્મને જ ખાઈ ગયો. આ સમયનો ગાળો (ઈ. સ. ૭૦૦—૧૩૦૦) શૈવ તંત્રના પ્રાબલ્યનો પણ છે. આમ આખો દેશ તંત્રથી ઘેરાઈ ગયો હતો. ભૈરવો અને કાપાલિકો ઠેર ઠેર પ્રગટયા હતા. આનું પરિણામ રાજકીય અવદશામાં આવ્યું. મુસલમાનોના હાથે દેશ પરાજય પામ્યો. ઈ. સ. ૧૨૦૦માં મુહમ્મદ-બિન-બખ્તિયાર-ઈખ્તિયાર ખિલજીના આક્રમણ પછી ઉદંતપુરી( = બિહારશરીફ)-માંથી જ નહિ પરંતુ સંપૂર્ણ બિહાર પ્રદેશમાંથી સેંકડો વર્ષોથી પાલિત બૌદ્ધ ધર્મરૂપી વૃક્ષનાં મૂળ ઉખેડાઈ ગયાં. બંગાળના સેનવંશી તથા બિહારના પાલવંશી રાજાઓના તેમ જ કનોજના રાજાઓના શાસનને ખતમ કરી બૌદ્ધ પ્રદેશોમાં મુસલમાનોએ પોતાનું શાસન સ્થાપ્યું. બિહાર, બંગાળ, ઓરિસ્સા, આદિ પ્રદેશોના બૌદ્ધ સિદ્ધો ભાગીને નેપાળ, તિબેટ, વગેરે દેશોમાં ભરાયા. આમ ઈ. સ. ૧૨૦૦—૧૨૫૦માં ભારતમાંથી બૌદ્ધ ધર્મ લુપ્ત થઈ ગયો.

બૌદ્ધોની અવનતિના મૂળમાં રાજ્યાશ્રયનો મોહ છે. અશોકના સમયથી તેમણે રાજ્યાશ્રયનો સ્વાદ ચાખ્યો હતો, એટલે રાજ્યાશ્રય જાળવી રાખવા કે પાછો મેળવવાની ભાંજગડમાં તેઓ પડતા. શૈવ યા બ્રાહ્મણધર્મી રાજા આ કેમ સહન કરી શકે? મોટા વિહારો, જમીનો, વગેરેનાં દાન સંઘ સ્વીકારતો. સંઘારામોમાં તેમનું જીવન સુખમય રીતે પસાર થતું. લોકકલ્યાણની ચિંતા કરતાં પોતાના સંઘારામોની ચિંતા તેમને વિશેષ હતી. અધિકારી વર્ગને ખુશ કરવા સંસ્કૃતમાં ગ્રંથરચનાઓ કરતા. પરંતુ આ બુદ્ધિજીવી બૌદ્ધભિક્ષુઓ જનપ્રવાહથી વિચ્છિન્ન થઈ ગયા હતા. જે શ્રામણ બૌદ્ધોએ હિમાલય વટાવીને, ખોતાન જેવા નિર્જન અને નિર્જલ પ્રદેશમાં પ્રવાસ કરીને, ચીની લોકોને બૌદ્ધ ધર્મ શીખવ્યો તે જ શ્રામણ બૌદ્ધો હવે સંઘારામના કિલ્લામાં જ સમગ્ર વિશ્વ છે એમ માનવા લાગ્યા. લોકકલ્યાણની સાધનાને બદલે પંડિતાઈનું પ્રદર્શન વધી ગયું. લોકકલ્યાણને માટે કષ્ટ સહન કરવાનો આનંદ ઓસરી ગયો અને એશઆરામ તથા સુખશીલતા વધી ગઈ. સંઘારામોની સ્થિરતા યા જડતા વિનાશક બની. આ સંઘારામો બૌદ્ધ ભિક્ષુઓ માટે પાંજરા જેવા જ થઈ પડયા. મુસલમાનોની ચડાઈઓ જ્યારે આ દેશ ઉપર થવા લાગી ત્યારે આવા એક એક સંઘારામના પાંજરામાં પુરાયેલા હજારો ભિક્ષુઓનો સંહાર મુસલમાનો સહેલાઈથી કરી શકયા.[૬૨]

## ટિપ્પણ

૧. પાલિમાં 'રક્ષા'ને परित्ता કહે છે.

૨. **कथावत्थु २३. १**

૩. **पुरातत्त्वनिबन्धावली, पृ. १४०.**

૪. **मालतीमाधव, अङ्क १।**

जयति ज्वलत्प्रतापज्वलनप्राकारकृतजगद्रक्षः ।
सकलप्रणयिमनोरथसिद्धिश्रीपर्वतो हर्षः ॥ **हर्षचरित, पृ. २ ।**
**रत्नावली, अङ्क २ । शङ्करदिग्विजय, पृ. ३६६**
શ્રીપર્વત અને ધાન્યકટક બંને મદ્રાસના ગંટૂર જિલ્લામાં છે.

૫. **तारानाथ** (અનુ. શીફનર) પૃ. ૨૦૧; **गुह्यसमाज** (भूमिका) पृ. ३०–३२; **तांत्रिक बौद्ध साधना और साहित्य, पृ. १०२**

૬. **હિન્દી સંસ્કૃતિ અને અહિંસા,** કોસંબી, પૃ. ૧૯૧–૧૯૪

૭. **ऊहापोह,** શાન્તિ ભિક્ષુશાસ્ત્રી, પૃ. ૨૪–૨૫

૮. अन्तर्धानादयः सिद्धाः सामान्या इति कीर्तिताः ।
सिद्धिरुत्तममित्याहुर्बुद्धा बुद्धत्वसाधनम् ॥
**गुह्यसमाजतंत्र,** सं. विनयतोष भट्टाचार्य, पृ. १६२

૯. सेवा षडङ्गयोगेन कृत्वा साधनमुत्तमम् ।
साधयेदन्यथा नैव जायते सिद्धिरुत्तमा ॥ એજન, પૃ. ૧૬૩.

૧૦. सर्वकामोपभोगैश्च सेव्यमानैर्यथेच्छतः ।
अनेन खलु योगेन लघु बुद्धत्वमाप्नुयात् ॥
दुष्करैर्नियमैस्तीव्रैः सेव्यमानो न सिद्धयति ।
सर्वकामोपभोगैस्तु सेवयंश्चाशु सिद्धयति ॥ એજન, પૃ. ૨૭
સરખાવો–सम्भोगार्थमिदं सर्वं त्रैधातुकमशेषतः । **प्रज्ञोपायविनिश्चय-सिद्धि, पृ. ३१**

૧૧. अपितु भगवन्तः सर्वतथागता अस्मिन् गुह्यसमाजे बुद्धबोधिं क्षणलव-मुहूर्तेनैव निष्पादयन्ति ।... तदिहैव जन्मनि गुह्यसमाजाभिरतो बोधिसत्त्वः सर्वतथागतानां बुद्ध इति सङ्ख्यां गच्छति । **गुह्यसमाजतन्त्र, पृ. ११४**

૧૨. એજન, પૃ૦ ૧–૩

૧૩. એજન, પૃ૦ ૧૬૧

૧૪. . . . . महामांसं प्रकल्पयेत् । . . . ॥
हस्तिमांसं हयमांसं श्वानमांसं तथोत्तमम् ।
भक्षेदाहारकृत्यार्थं न चान्यत्तु विभक्षयेत् ॥ એજન, પૃ૦ ૨૬

૧૫. चैत्यकर्म न कुर्वीत न च पुस्तकवाचनम् ।
मण्डलं नैव कुर्वीत न त्रिवज्राग्रवन्दनम् ॥ એજન, પૃ૦ ૧૪૨

૧૬. प्राणिनश्च त्वया घात्या वक्तव्यं च मृषावचः ।
अदत्तं च त्वया ग्राह्यं सेवनं योषितामपि ॥
अनेन वज्रमार्गेण वज्रसत्त्वान् प्रचोदयेत् ।
एषो हि सर्वबुद्धानां समयः परमशाश्वतः ॥ એજન, પૃ૦ ૧૨૦

૧૭. *An Introduction to Tantric Buddhism*, Dasgupta, pp. 101–102

૧૮. स्त्रीन्द्रियं च यथा पद्मं वज्रं पुंसेन्द्रियं तथा ॥ ११ ॥ **ज्ञानसिद्धि ।**

૧૯. न प्रज्ञाकेवलमात्रेण बुद्धत्वं भवति; नाप्युपायमात्रेण । किन्तु यदि पुनः प्रज्ञोपायलक्षणौ समतास्वभावौ भवतः, एतौ द्वौ अभिन्नरूपौ भवतः, तदा भुक्तिमुक्तिर्भवति ।...

उभयोर्मिलनं यच्च सलिलक्षीरयोरिव ।
अद्वयाकारयोगेन प्रज्ञोपायं तदुच्यते ॥

चिन्तामणिरिवाशेषजगतः सर्वदा स्थितम् ।
भुक्तिमुक्तिप्रदं सम्यक् प्रज्ञोपायस्वभावतः ॥

**प्रज्ञोपायविनिश्चयसिद्धि, प्रथम परिच्छेद ।**

૨૦. प्रज्ञापारमिता सेव्या सर्वथा मुक्तिकांक्षिभिः ।
परमार्थस्थिता शुद्धा संवृत्या तनुधारिणी ॥ २२ ॥

ललनारूपमास्थाय सर्वत्रैव व्यवस्थिता ।
अतोऽर्थं वज्रनाथेन प्रीत्या बाह्यार्थसम्भवा ॥ २३ ॥

सम्भोगार्थमिदं सर्वं त्रैधातुकमशेषतः ।
निर्मितं वज्रनाथेन साधकानां हिताय च ॥ ३१ ॥

**प्रज्ञोपायविनिश्चयसिद्धि, परि० ५ ।**
**ज्ञानसिद्धि, द्वितीय परिच्छेद ।**

૨૧. *An Introduction to Tantric Buddhism*, pp. 92-96

૨૨. *Two Vajrayana Works*, Bhattacharyya, pp. 12, 33, 71-72.

૨૩. सद्गुरुः शिष्ये रतिस्वभावेन महासुखं तनोति । **ज्ञानसिद्धि**

૨૪. **चर्याचर्यविनिश्चय, पृ० ३**

૨૫. **बौद्धधर्मदर्शन**, भूमिका (म. म. गोपीनाथ कविराज), पृ० ३४–३५

૨૬. **गुह्यसमाजतंत्र, पटल १५, पृ० ९४–११२; प्रज्ञोपायविनिश्चय-सिद्धि, परि० ३, पृ० ११–१५; ज्ञानसिद्धि, परि० १७; तांत्रिक बौद्ध साधना और साहित्य, पृ० १४८–१४९**

૨૭. **बौद्धधर्मदर्शन**, भूमिका (म. म. गोपीनाथ कविराज), पृ० ३६–३७

૨૮. એજન, પૃ૦ ૨૯–૩૧

૨૯. એજન, પૃ૦ ૩૧–૩૪

૩૦. **तांत्रिक बौद्ध साधना और साहित्य, पृ० १४९**

૩૧. એજન, પૃ૦ ૧૪૯

૩૨. એજન, પૃ૦ ૧૫૩–૧૫૪; **बौद्धधर्मदर्शन**, भूमिका, पृ० ३५–३६

૩૩. **तांत्रिक बौद्ध साधना और साहित्य, पृ० १५४; बौद्धधर्मदर्शन**, भूमिका, पृ० ३३–३४

૩૪. *An Introduction to Tantric Buddhism*, Dasgupta, pp. 118, 170-174; *Studies in the Tantras*, pt. I, P. C. Bagchi, p. 69; **साधनमाला**, सं. विनयतोष भट्टाचार्य, पृ० ४४८; **तांत्रिक बौद्ध साहित्य और साधना, पृ० १४२, १५०–१५१.**

૩૫. *An Introduction to Tantric Buddhism*, p. 180; **बौद्धदर्शनमीमांसा** (पं. बलदेव उपाध्याय), पृ० ३७३; **तांत्रिक बौद्ध साधना और साहित्य, पृ० १५२–१५३**

૩૬. **तांत्रिक बौद्ध साधना और साहित्य**, प्राक्कथन (गोपीनाथ कविराज), पृ० १०–११

૩૭. એજન, પૃ૦ ૧૨

૩૮. એજન, પૃ૦ ૧૪–૧૫

૩૯. એજન, પૃ૦ ૧૫–૧૬

૪૦. **बौद्धधर्मदर्शन**, भूमिका, पृ० ३८

૪૧. એજન, પૃ૦ ૩૮–૩૯

૪૨. એજન, પૃ૦ ૩૮

૪૩. એજન, પૃ૦ ૩૮–૩૯

૪૪. એજન, પૃ૦ ૩૯–૪૦

* पञ्चस्कन्धाः समासेन पञ्चबुद्धाः प्रकीर्तिताः । **उहापोह** (શાન્તિભિક્ષુ)માં પૃ૦ ૨૨ ઉપર ઉદ્ધૃત.

૪૫. એજન, પૃ૦ ૩૯–૪૦

૪૬. એજન, પૃ૦ ૪૦

૪૭. एकाराकृति यद् दिव्यं मध्ये वंकारभूषितम् ।
आलयः सर्वसौख्यानां बुद्धरत्नकरण्डकम् ।। **हेवज्रतन्त्र**

૪૮. एकारस्तु भवेन्माता वकारस्तु रताधिपः ।
बिन्दुश्चानाहतं ज्ञानं तज्जातान्यक्षराणि च ।। **हेवज्रतन्त्र**
**तांत्रिक बौद्ध साधना और साहित्य, पृ० १४२**

૪૯. **तांत्रिक बौद्ध साधना और साहित्य, पृ० १५५–१५७**

૫૦. स एव कालचक्रो भगवान् प्रज्ञोपायात्मको ज्ञानज्ञेयसम्बन्धेनोक्तो यथाक्षरसुखज्ञानं सर्वावरणक्षयहेतुभूतं काल इत्युक्तम् । **सेकोद्देशटीका पृ० ८**

૫૧. काकारात् कारणे शान्ते लकाराल्लयोऽत्र वै ।
चकारात् चलचित्तस्य क्रकारात् क्रमबन्धनैः ।। **सेकोद्देशटीका पृ० ८; बौद्धधर्मदर्शन**, भूमिका, पृ० ४१

૫૨. करुणाशून्यतामूर्तिः कालः संवृतिरूपिणी ।
शून्यता चक्रमित्युक्तं कालचक्रोऽद्वयोऽक्षरः ।। **सेकोद्देशटीका, पृ० ८**

૫૩–૫૪. **बौद्धधर्मदर्शन, भूमिका, पृ० ४१**

૫૫. **हिंदी काव्यधारा**, राहुल सांकृत्यायन, पृ० २; **सरहपादीय दोहाकोश.**

૫૬. **दोहाकोश, पृ० ११**

૫૭. **बौद्ध गान ओ दोहा**, सं. म. म. हरप्रसादशास्त्री. **चर्यापद** २२. पृ० ३८–३९

૫૮. એજન, **चर्यापद १, २९; पृ० १, ४५–४६**

૫૯. **तांत्रिक बौद्ध साधना और साहित्य, पृ० १७७**

૬૦. એજન, પૃ૦ ૧૭૫–૧૮૦

૬૧. *Obscure Religious Cults*, p. 59

૬૨. હિન્દી સંસ્કૃતિ અને અહિંસા, પૃ૦ ૨૧૯

# અધ્યાય ૧૪

# બૌદ્ધ દાર્શનિક વિચારધારા

## [૧] પ્રાસ્તાવિક

બૌદ્ધ દાર્શનિક ચિંતનના છ સંપ્રદાયો મુખ્ય છે. તે છે—થેરવાદ, વૈભાષિક ( =સર્વાસ્તિવાદ ), સૌત્રાન્તિક, માધ્યમિક ( =શૂન્યવાદ ), વિજ્ઞાનવાદ અને બૌદ્ધ ન્યાય. થેરવાદને ઈ. સ. પૂ. ૫૦૦ થી ઈ. સ. ૧૮૦ના ગાળામાં, વૈભાષિક—સૌત્રાન્તિકને ઈ. સ. પૂ. ૧૦૦ થી ઈ. સ. ૩૫૦ના ગાળામાં, માધ્યમિકને ઈ. સ. ૩૦૦—૫૦૦ના ગાળામાં, વિજ્ઞાનવાદને ઈ. સ. ૪૦૦—૯૦૦ના ગાળામાં અને બૌદ્ધ ન્યાયને ઈ. સ. ૪૦૦—૧૧૫૦ના ગાળામાં મૂકી શકાય. આ કાલિક વિભાજન તે તે દાર્શનિક બૌદ્ધ સંપ્રદાયના પ્રકર્ષનું સૂચક છે. તે તે સંપ્રદાયની અહીં આપેલી ઉત્તરાવધિ તે સંપ્રદાયની સમાપ્તિ સૂચવતી નથી. તે કેવળ પ્રકર્ષનો અંત જ સૂચવે છે. તે ઉત્તરાવધિ પછી પણ તે સંપ્રદાયની દાર્શનિક વિચારધારાનું વિશ્લેષણ, સમર્થન અને પોષણ કરનારા ગ્રન્થો લખાતા રહ્યા છે. તે તે સંપ્રદાયની અહીં આપેલી પૂર્વાવધિ પણ તે સંપ્રદાયના જનક બીજરૂપ વિચારો યા લખાણોના પૂર્વકાલિક અસ્તિત્વનો નિષેધ નથી સૂચવતી. વળી, કેટલાક ગ્રન્થોમાં સૌત્રાન્તિક, વિજ્ઞાનવાદ અને ન્યાય ત્રણેયનું પ્રતિપાદન થયેલું જોવા મળે છે. એટલે આ કાલિક વિભાજનને ચૂસ્ત ગણવું જોઈએ નહિ.

## [૨] થેરવાદ

ત્રિપિટક, બુદ્ધઘોષકૃત વિશુદ્ધિમગ્ગ તથા અટ્ઠસાલિની અને અનિરુદ્ધકૃત અભિધમ્મત્થસંગહો—થેરવાદના આ પ્રમુખ ગ્રન્થો છે.

થેરવાદના મુખ્ય સિદ્ધાંતોમાં ચાર આર્ય સત્યો અને આર્ય અષ્ટાંગિક માર્ગનો સમાવેશ થાય છે. પરંતુ આ બંનેનું નિરૂપણ આપણે વિસ્તારપૂર્વક કરી ગયા છીએ. એટલે એમનું પુનઃ નિરૂપણ કરવું જરૂરી નથી. થેરવાદના અન્ય મુખ્ય સિદ્ધાંતોનો જ વિચાર આપણે અહીં કરીશું.

**પંચસ્કંધ**—પ્રાણીના વ્યક્તિત્વનું પૃથક્કરણ કરતાં બૌદ્ધ ચિંતકોને પાંચ સ્કંધો હાથ લાગ્યા. આ પાંચ સ્કંધો છે—રૂપ, વિજ્ઞાન, સંજ્ઞા, વેદના અને સંસ્કાર. 'રૂપસ્કંધ' દેહવાચી છે. તેનો વ્યાપક અર્થ છે 'સમસ્ત ભૂત–ભૌતિક પદાર્થો.' વિજ્ઞાનસ્કંધ એ નિર્વિચાર અને પરિણામે કેવળ અનુભવાત્મક એવું વિષયાકાર જ્ઞાન છે. આ જ્ઞાનમાં શબ્દસંસર્ગની યોગ્યતા હોતી નથી. સંજ્ઞાસ્કંધ એ સવિચાર અને સ્મૃતિજન્ય જ્ઞાન છે. પરિણામે, આ જ્ઞાન શબ્દસંસર્ગયોગ્ય હોય છે. વેદનાસ્કંધ એ સુખ–દુઃખનું વેદન છે. સંસ્કારસ્કંધ એ વાસના છે; તેમાં ઈચ્છા વગેરેનો પણ સમાવેશ થાય છે. આ પાંચ અવયવરૂપ સ્કંધોથી અતિરિક્ત સ્વતંત્ર અવયવીરૂપ કોઈ પરમાર્થ વ્યક્તિત્વ નથી.[૧] અલબત્ત, વ્યાવહારિક વ્યક્તિત્વ છે. આને જ પુદ્ગલ કહેવામાં આવે છે.[૨] આ વ્યાવહારિક વ્યક્તિત્વ સાંસારિક અવસ્થામાં જ છે; નિર્વાણ થતાં જ તેનો નાશ થાય છે.[૩]

**દ્વાદશ આયતન**—આયતનનો અર્થ છે આધાર. વસ્તુઓનું જ્ઞાન સ્વતંત્રરૂપે ઉત્પન્ન થતું નથી. એ જ્ઞાનને ઉત્પન્ન થવા માટે આધારની જરૂર છે. ઈન્દ્રિયો દ્વારા વિષયોનું જ્ઞાન થાય છે. તેથી ઈન્દ્રિયો અને એમના વિષયો જ્ઞાનના આધારો ગણાય. આ આધારો આયતનો કહેવાય છે. મન સાથે ઈન્દ્રિયો છ છે. એમના વિષયો પણ છ છે. આ રીતે બાર આયતનો થાય છે.

**અષ્ટાદશ ધાતુ**—જે શક્તિઓના એકીકરણથી આંતર જગતની ઘટનાઓનો પ્રવાહ નિષ્પન્ન થાય છે એમનું નામ ધાતુ છે. ધાતુઓની સંખ્યા અઢાર છે. ૬ ઈન્દ્રિયો, ૬ વિષયો અને ૬ વિજ્ઞાનો મળીને અઢાર ધાતુઓ થાય છે.

**ધર્મ**—ધર્મનો અર્થ છે વસ્તુતત્ત્વ. તે ક્ષણિક છે. ધર્મ બે પ્રકારના છે—સંસ્કૃત અને અસંસ્કૃત. સંસ્કૃતનો અર્થ અશુદ્ધ સમજવો અને અસંસ્કૃતનો અર્થ શુદ્ધ સમજવો. અશુદ્ધિઓ આગંતુક છે, શુદ્ધિ સ્વભાવ છે. તેથી અશુદ્ધિ અનિત્ય છે અને શુદ્ધિ નિત્ય છે. આ અર્થમાં જ સંસ્કૃતને અનિત્ય અને અસંસ્કૃતને નિત્ય સમજવામાં આવે છે.

**પ્રતીત્યસમુત્પાદવાદ**—પ્રતીત્યસમુત્પાદનો અર્થ છે 'પ્રત્યયો (=કારણો) દ્વારા ઉત્પત્તિનો નિયમ.' 'આ હોય તો આ થાય અને આ ન હોય તો આ ન થાય' એવો કાર્યકારણનો સિદ્ધાન્ત જ પ્રતીત્યસમુત્પાદવાદ છે.[૪] આ નિયમ પ્રમાણે, જે ઉત્પન્ન થાય છે તેની ઉત્પત્તિનું કારણ અવશ્ય હોય છે અને જ્યારે કારણનો અભાવ હોય છે ત્યારે કાર્યનો પણ અભાવ હોય છે.

પ્રતીત્યસમુત્પાદમાં તથતા, અવિતથતા, અનન્યતા અને ઈદંપ્રત્યયતા છે.[૫] અમુક વસ્તુની ઉત્પત્તિ માટે જે અને જેટલા પ્રત્યયો જરૂરી છે તેમાંથી એક પણ ઓછો કે વધુ પ્રત્યય ન હોય તો જ તે વસ્તુની ઉત્પત્તિ થાય છે. આ છે પ્રતીત્યસમુત્પાદની તથતા. પ્રત્યયસામગ્રી ઉપસ્થિત થતાં યોગ્ય વસ્તુની ઉત્પત્તિ થાય છે જ. આ છે પ્રતીત્યસમુત્પાદની અવિતથતા. કોઈ એક વસ્તુની (= કાર્યની) પ્રત્યયસામગ્રીથી બીજી વસ્તુની (= કાર્યની) ઉત્પત્તિ થતી નથી. ઘઉંની પ્રત્યયસામગ્રીથી બાજરી ઉત્પન્ન થતી નથી. આ છે પ્રતીત્યસમુત્પાદની અનન્યતા. કારણસામગ્રી અને તેના કાર્ય વચ્ચેનો 'આના હોતાં આનું હોવું'નો જે સંબંધ છે તે જ 'ઈદંપ્રત્યયતા' છે.[૬]

જ્યાં જ્યાં પ્રતીત્યસમુત્પાદનો ઉપદેશ દેવામાં આવ્યો છે અથવા એનું વર્ણન કરવામાં આવ્યું છે ત્યાં ભગવાન બુદ્ધે તેની ગંભીરતાનો નિર્દેશ કર્યો છે.[૭] એક વાર ભગવાને કહ્યું હતું, "હે આનંદ! આ ધર્મને (= પ્રતીત્યસમુત્પાદને) ન જાણવાથી, ન સમજવાથી જ આ બધા લોકો સંસારમાંથી પાર ઉતરી શકતા નથી અને દુઃખ, દુર્ગતિ, પતન અને વિનિપાતને પામે છે."[૮] હેતુનું જ્ઞાન જ ધર્મપ્રતિસંવિદ્ છે.[૯] હેતુ જ ધર્મ છે.[૧૦] ભગવાને બુદ્ધે પોતે જ ધર્મ અને પ્રતીત્યસમુત્પાદની એકતા દર્શાવતાં કહ્યું છે, "જે પ્રતીત્યસમુત્પાદને દેખે છે તે ધર્મને દેખે છે અને જે ધર્મને દેખે છે તે પ્રતીત્યસમુત્પાદને દેખે છે."[૧૧]

એક બાજુ આ પ્રતીત્યસમુત્પાદનો નિયમ બીજા અને ત્રીજા આર્યસત્ય દુઃખસમુદય અને દુઃખનિરોધની હેતુનિષ્ઠ વ્યાખ્યા કરે છે તેમ જ અવિચલ કાર્યકારણભાવને આધારે દુઃખનિરોધની શકયતા દર્શાવે છે, તો બીજી બાજુ તે બધા જ આંતર અને બાહ્ય પદાર્થોને (= ધર્મોને) અનિત્ય અને પ્રતીત્ય-સમુત્પન્ન દેખાડી કૂટસ્થનિત્ય જેવું કોઈ તત્ત્વ નથી એવી બુદ્ધિ જન્માવે છે. શાશ્વતવાદ અને ઉચ્છેદવાદનો વચલો માર્ગ પ્રતીત્યસમુત્પાદવાદ છે. શાશ્વતવાદ અને ઉચ્છેદવાદ બંને આત્યંતિકવાદો હોવા છતાં તે બંનેયમાં એક વસ્તુ બીજી વસ્તુને જન્મ આપે એ શકય જ નથી. એથી ઊલટું પ્રતીત્યસમુત્પાદવાદમાં એક વસ્તુ બીજી વસ્તુને જન્મ આપે છે, કોઈ વસ્તુ નિઃસંતાન નથી. શાશ્વતવાદ અને ઉચ્છેદવાદમાં સંતાન શકય નથી, જ્યારે પ્રતીત્યસમુત્પાદવાદમાં જ તે શકય છે. વળી, 'જે કરે છે તે જ ફળ ભોગવે છે' અને 'કરે એક અને ફળ ભોગવે બીજો' આ બે આત્યંતિક મતોની વચ્ચેનો માર્ગ પ્રતીત્યસમુત્પાદવાદ ચીંધે છે. 'આ જન્મમાં કર્મનો કર્તા અને બીજા જન્મમાં એ કર્મના ફળનો ભોક્તા બંને

એક જ છે' એમ માનવું જેમ ખોટું છે તેમ 'કર્મ કરનારો અને તેનું ફળ ભોગવનારો બંને તદ્દન જુદા છે' એમ માનવું પણ ખોટું છે. તથાગતનો પ્રતીત્યસમુત્પાદવાદ બંને અંતોની વચલો માર્ગ લે છે અને જણાવે છે કે ફળ ભોગવનારો કર્મ કરનારથી પ્રતીત્યસમુત્પન્ન છે, કર્મ કરનાર અને ફળ ભોગવનાર બંને એક ધારાના સભ્યો છે.[૧૨]

ભગવાન બુદ્ધે પ્રરૂપેલા ચાર આર્ય સત્યો બૌદ્ધ ધર્મનો પ્રાણ છે. ચાર આર્ય સત્યો પણ શા માટે? બે જ આર્ય સત્યો કહોને. બુદ્ધે પોતે જ કહ્યું છે, "ભિક્ષુઓ બે ચીજો જ હું તમને શીખવું છું – દુ:ખ છે અને દુ:ખમુક્તિ પણ છે."[૧૩] દુ:ખી જીવો પ્રત્યે જાગેલી કરુણાથી પ્રેરાઈને તેમને દુ:ખમુક્તિનો માર્ગ દેખાડવા જ બુદ્ધે પ્રતીત્યસમુત્પાદનો ઉપદેશ દીધો છે. કેટલાક એવું માનતા કે દુ:ખ ઈશ્વરનિર્મિત છે અને તેથી ઈશ્વરાનુગ્રહથી જ દુ:ખમુક્ત થઈ શકાય. કેટલાક એવું માનતા કે દુ:ખનું કોઈ કારણ નથી અને તેથી દુ:ખમુક્તિ શક્ય નથી. પરંતુ પ્રતીત્યસમુત્પાદવાદ અનુસાર દુ:ખનું કારણ છે અને તેથી તેને દૂર કરી દુ:ખ દૂર કરી શકાય. આમ દુ:ખનિરોધની શક્યતા અને પુરુષાર્થના સ્વીકારનો તાત્ત્વિક યા સૈદ્ધાન્તિક પાયો પ્રતીત્યસમુત્પાદવાદ પૂરો પાડે છે.

દરેક ઘટના પોતાની ઉત્પત્તિ માટે પોતાની પૂર્વવર્તી કોઈ ઘટનાનો કારણરૂપે આધાર લે છે અને પોતે પણ અન્ય પરવર્તી ઘટનાનો કારણરૂપ આધાર બને છે. આમ કાર્યકારણનું ચક્ર ચાલ્યા કરે છે. ભવચક્રનાં બાર અંગો છે. એટલે ભવચક્રના સંદર્ભમાં પ્રતીત્યસમુત્પાદને બાર અંગવાળો કહ્યો છે. આ બાર અંગો કાર્યકારણની શૃંખલાઓ છે. તેમને બાર નિદાનો પણ કહે છે. તે છે – અવિદ્યા (ચાર આર્ય સત્યોનું અજ્ઞાન), સંસ્કાર (કર્મો), વિજ્ઞાન (માતાની કુખે અવતરેલું ચિત્ત), નામરૂપ (ચેતનાયુક્ત પ્રાથમિક ગર્ભશરીર), ષડાયતન (પાંચ ઇન્દ્રિયો અને મન), સ્પર્શ (ઇન્દ્રિયનો વિષય સાથે સંપર્ક), વેદના, તૃષ્ણા, ઉપાદાન (આસક્તિ), ભવ (પુનર્જન્મોત્પાદક કર્મ), જાતિ (જન્મ) અને જરા-મરણ આદિ દુ:ખ.[૧૪] અવિદ્યાને લીધે કર્મ બંધાય છે, બંધાયેલાં કર્મને લીધે ચિત્ત માતાની કુખે અવતરે છે, અવતરેલા ચિત્તને લીધે ચેતનાયુક્ત પ્રાથમિક ગર્ભશરીરનું નિર્માણ થાય છે, આવા ગર્ભશરીરને લીધે પાંચ ઇન્દ્રિયો અને મન ઉત્પન્ન થાય છે, ઇન્દ્રિય-મનને લીધે ઇન્દ્રિયનો વિષય સાથે સંપર્ક થાય છે, આવા સંપર્કને લીધે સુખદુ:ખનું વેદન થાય છે, સુખદુ:ખના વેદનને લીધે તૃષ્ણા જન્મે છે, તૃષ્ણાને લીધે આસક્તિ જન્મે છે, આસક્તિને લીધે પુનર્જન્મોત્પાદક કર્મ બંધાય છે, આવાં કર્મોને લીધે

પુનર્જન્મ થાય છે અને પુનર્જન્મ યા જન્મને લીધે જરામરણ આદિ દુ:ખ પેદા થાય છે.[૧૫] આમ ભવચક્ર નિરંતર ચાલ્યા કરે છે. ભવચક્રનું મૂળ અવિદ્યા છે. એટલે અવિદ્યા દૂર થતાં કર્મબંધ અટકી જાય છે, કર્મબંધ અટકતાં ચિત્તનું માતાની કુખે અવતરણ અટકી જાય છે અને આ જ ક્રમે છેવટે જરામરણ આદિરૂપ દુ:ખ પણ નાશ પામે છે.

પ્રતીત્યસમુત્પાદ કેવળ દાર્શનિક સિદ્ધાંત નથી. તેમાં આંતરિક અને બાહ્ય જીવનના સમસ્ત વ્યાપારોના સમુદય અને નિરોધનો ક્રમ કારણ અને કાર્યના અન્યોન્યાશ્રિતભાવને આધારે દેખાડવામાં આવ્યો છે. પ્રતીત્યસમુત્પાદ જીવનવિકાસના ક્રમનો ઈતિહાસ છે તેમ જ દુ:ખનિરોધગામી આર્ય અષ્ટાંગિક માર્ગની તાત્ત્વિક વ્યાખ્યા છે. પ્રતીત્યસમુત્પાદ આપણને બતાવે છે કે કેવી રીતે પ્રાણી અવિદ્યાને કારણે અનેક અનુભવો અને ચેતનાની અવસ્થાઓમાં ભ્રમણ કરે છે. અવિદ્યા, સંસ્કાર, વિજ્ઞાન, નામરૂપ આદિ ક્રમથી પ્રાણી છેવટે જન્મ-જરા-મરણ-શોક-પરિદેવન-દુ:ખ-દૌર્મનસ્ય-ઉપાયાસની એવી અવસ્થામાં આવી પડે છે જ્યાં દુ:ખ અત્યંત પ્રબળ બની જાય છે અને દુ:ખની આ પ્રબળતા તેને દુ:ખની ઉત્પત્તિના કારણ વિશે વિચારવાની ફરજ પાડે છે. તે દુ:ખનિરોધનો સંકલ્પ કરે છે. તેને પોતાની દૃષ્ટિ બદલવી પડે છે. જે હેતુઓથી દુ:ખ ક્રમશ: ઉત્પન્ન થયું હતું તેમને દબાવવા પડે છે. તે માટે એમના પ્રતિપક્ષી સાધનોનો ઉપયોગ કરવો પડે છે. અવિદ્યા, સંસ્કાર, વિજ્ઞાન, નામરૂપ, ષડાયતન, સ્પર્શ, વેદના, તૃષ્ણા, ઉપાદાન અને ભવના ક્રમથી પ્રાણી યા મનુષ્ય જન્મીને જરા-મરણ આદિનો ભાગી બન્યો છે. તે દુ:ખને દૂર કરવા માટે એણે દુ:ખના સ્વભાવ પર વિચાર કરવો જોઈશે. આ જ દુ:ખ-નિરોધનું પ્રથમ પગથિયું છે, અને આ જ આર્ય અષ્ટાંગિક માર્ગનું પ્રથમ પગલું છે. આર્ય અષ્ટાંગિક માર્ગના આ પ્રથમ પગલાને સમ્યક્ દૃષ્ટિ તરીકે ઓળખવામાં આવે છે. સમ્યક્ દૃષ્ટિ એ દુ:ખ, દુ:ખકારણ, દુ:ખનિરોધ અને દુ:ખનિરોધગામી માર્ગની સમજણ છે. તેથી સમ્યક્ દૃષ્ટિ અવિદ્યાની પ્રતિપક્ષી છે. સમ્યક્ દૃષ્ટિને પરિણામે કાર્યકારણનું ચક્ર દુ:ખનિરોધ તરફ વળે છે. સમ્યક્ દૃષ્ટિની આગળનું પ્રત્યેક અંગ પ્રતીત્યસમુત્પાદના કોઈને કોઈ પ્રત્યયનું પ્રતિપક્ષી છે. સમ્યક્ સંકલ્પ સંસ્કારનો પ્રતિપક્ષી છે. સમ્યક્ વાણીને વિજ્ઞાનની પ્રતિપક્ષી પરંપરાથી ગણી શકાય. સમ્યક્ કર્મ ષડાયતનનું પ્રતિપક્ષી છે. સમ્યક્ આજીવ સ્પર્શનો પ્રતિપક્ષી છે. સમ્યક્ વ્યાયામ વેદનાનો પ્રતિપક્ષી છે. સમ્યક્ સ્મૃતિ તૃષ્ણા અને ઉપાદાનની પ્રતિપક્ષી છે. સમ્યક્ સમાધિ ભવની પ્રતિપક્ષી છે. તે ભવનો અંત કરનારી છે.

આમ જાતિ સાથે અનિવાર્યપણે જોડાયેલાં બધાં દુઃખોનો વિનાશ થઈ જાય છે. આ જ પ્રતીત્યસમુત્પાદનો આર્ય અષ્ટાંગિક માર્ગ સાથે સંબંધ છે.[૧૬]

**ક્ષણભંગવાદ** – પ્રતીત્યસમુત્પાદવાદનું સૂક્ષ્મ રૂપ ક્ષણભંગવાદ છે. આ વાદ અનુસાર જગતની બધી વસ્તુઓ ક્ષણિક છે. બુદ્ધે પોતે શાશ્વતવાદ અને ઉચ્છેદવાદ વચ્ચેનો માર્ગ (મધ્યમ માર્ગ) સ્વીકાર્યો છે. તેમણે કહ્યું છે કે એવી કોઈ ચીજ નથી જે અત્યંત અપરિવર્તિષ્ણુ હોય, નિત્ય હોય, શાશ્વત હોય. તેમણે સાથે સાથે એમ પણ કહ્યું છે કે કોઈ પણ વસ્તુનો અત્યંત ઉચ્છેદ થતો નથી. વસ્તુ શાશ્વત પણ ન હોય અને ઉચ્છેદ પામતી પણ ન હોય તો પછી તે કેવી હોય ? તે વસ્તુ એક ક્ષણ જ ટકનારી પરંતુ પોતાના પછી પોતાના જેવી જ બીજી વસ્તુને જન્મ આપી મૂકી જનારી હોય. વસ્તુ એક ક્ષણ જ ટકે છે માટે શાશ્વત નથી. અને તે પોતાના પછી પોતાના જેવી જ વસ્તુને જન્મ આપી મૂકતી જાય છે એટલે એનો અત્યંત ઉચ્છેદ પણ નથી. જેને આપણે સ્થિર યા નિત્ય વસ્તુ માનીએ છીએ તે ખરેખર તો અનેક એકસરખી ક્ષણિક વસ્તુઓની હાર છે, જેમાં પૂર્વ પૂર્વની વસ્તુ ઉપર ઉત્તર ઉત્તરની વસ્તુના અસ્તિત્વનો આધાર છે કારણ કે પ્રતીત્યસમુત્પાદના નિયમથી તેઓ એકબીજી સાથે કાર્યકારણરૂપે સંબદ્ધ છે. આવી હારને સંતાન યા સંતતિ કહેવામાં આવે છે.[૧૭]

**અનાત્મવાદ**–ઉપનિષદોએ અપરિવર્તિષ્ણુ શાશ્વત તત્ત્વને સ્વીકારી તેને આત્મા નામ આપ્યું છે. બધી જ વસ્તુઓને પ્રતીત્યસમુત્પન્ન અને ક્ષણિક માનનાર બુદ્ધ આવા આત્માને કેવી રીતે સ્વીકારી શકે? તેમણે આવા આત્માનો સ્વીકાર ન કર્યો હોવાથી તે અનાત્મવાદી કહેવાય છે.[૧૮] ઉપનિષદોએ જે આત્મતત્ત્વ સ્વીકાર્યું છે તે ચિત્તથી પર છે. બુદ્ધ ચિત્તથી પર એવા કોઈ તત્ત્વને સ્વીકારતા નથી. તેમને મન ચિત્ત જ પરમ તત્ત્વ છે. ચિત્તથી પર કોઈ તત્ત્વ નથી. ચિત્ત જ આત્મા છે. તે સ્વભાવથી પ્રકાશમય છે અને તેના મળો આગંતુક છે.[૧૯] આગંતુક મળોને દૂર કરી ચિત્તને તેના શુદ્ધ સ્વરૂપમાં પ્રતિષ્ઠિત કરવા માટેનો જ બુદ્ધનો પરમ ઉપદેશ છે.

**અનીશ્વરવાદ**–જગતની દરેક વસ્તુ પોતાના અસ્તિત્વ માટે પોતાના કારણને અધીન છે, તેને ઈશ્વરનું કોઈ પ્રયોજન નથી. પ્રતીત્યસમુત્પાદવાદનો આ ફલિતાર્થ છે. તેથી બુદ્ધે ઈશ્વરનો સ્વીકાર કર્યો નથી.[૨૦] જગતનો કોઈ એક કર્તા તેમને માન્ય નથી. સુખદુઃખનું કારણ પોતાનાં કર્મો જ છે. સુખ-

દુઃખના દાતા તરીકે ઈશ્વરને માનવાની જરૂર નથી. બુદ્ધ પોતાને કેવળ દુઃખ-મુક્તિનો માર્ગ દેખાડનાર ગણે છે. બાકી તો માર્ગના પથિકે પોતે જ ચાલવાનું છે, તેણે પોતે જ પુરુષાર્થ કરવાનો છે. પોતાનું કર્મ જ પોતાનું તારક છે. પોતે જ પોતાનો તારણહાર છે, બીજો કોઈ તારણહાર નથી.

**કર્મસિદ્ધાંત અને પુનર્જન્મ**–કર્મસિદ્ધાન્ત ભગવાન બુદ્ધના નૈતિક આદર્શવાદની આધારશિલા છે. 'વાવે તેવું લણે અને કરે તેવું પામે' આ જ કર્મસિદ્ધાંતનો સાર છે. આ નિયમની અવહેલના સ્વયં બુદ્ધ પણ કરી શકતા નથી. ભગવાન કર્મના નિયમની ગતિને જાણે છે. તેથી, તે પોતાના શિષ્યોને ઉપદેશ દીધા પછી કહેતા, "હે ભિક્ષુઓ! આ રહ્યાં વૃક્ષો અને આ રહ્યાં ખંડેર ઘરો, ત્યાં જઈ ધ્યાન ધરો, સમાધિ લગાવો, પ્રમાદ ન કરો."[૨૧] ભગવાન જાણતા હતા કે કર્મ જ ઉદ્ધાર કરશે, કેવળ ઉપદેશશ્રાવણ નહિ. બોધિપક્ષીય ધર્મો કર્મસ્વરૂપ છે. પ્રતીત્યસમુત્પાદનું ચક્ર કર્મના નિયમને આધારે જ ચાલે છે. કર્મ અને તેના ફળના પારસ્પરિક સંબંધને લીધે ભવચક્ર ફર્યા કરે છે.[૨૨]

કર્મ જ ફળનું કારણ છે અને કર્મ જ પુનર્જન્મનું કારણ છે. આ જન્મમાં કરેલાં કેટલાંક કર્મોનું ફળ આ જન્મમાં મળતું નથી. પરંતુ તેમનું ફળ તો કાર્યકારણના નિયમ અનુસાર મળવું જોઈએ. માટે, પુનર્જન્મનો સ્વીકાર કરવો પડે છે. બોધિ પ્રાપ્ત કર્યા પછી બુદ્ધને પોતાનાં પૂર્વ જન્મોનું સ્મરણ થયું હતું. વળી, પોતપોતાનાં કર્મથી પ્રેરિત પ્રાણીઓને વિવિધ યોનિઓમાં જતાં–આવતાં તેમણે પ્રત્યક્ષ જોયાં હતાં. અમુક પ્રાણી તેના કર્મ અનુસાર કઈ યોનિમાં જન્મશે એનું જ્ઞાન તેમને હતું. આમ કર્માનુસાર કોને કયો પુનર્જન્મ પ્રાપ્ત થશે એનું જ્ઞાન એમને માટે સ્વસંવેદ્ય અનુભવ હતો.[૨૩] ભગવાન બુદ્ધનાં શિષ્ય–શિષ્યાઓને પણ પોતાનાં પૂર્વજન્મોનું જ્ઞાન હતું. ભિક્ષુણી ઋષિ-દાસીએ થેરીગાથામાં પોતાનાં પૂર્વજન્મોનું માર્મિક વર્ણન કર્યું છે.[૨૪] આર્ય મહાકાશ્યપ અને ધર્મસેનાપતિ સારિપુત્ર જેવા ભગવાનના મહાપ્રજ્ઞ શિષ્યો પૂર્વજન્મ સંબંધી જ્ઞાન ધરાવતા હતા.

જગતમાં જે ભયંકર વિષમતા જણાય છે એનું કારણ કર્મ છે. શુભ નામના વિદ્યાર્થીએ ભગવાન બુદ્ધને પૂછ્યું, "હે ગૌતમ! જગતમાં કેટલાક માણસો અલ્પાયુ જણાય છે અને કેટલાક દીર્ઘાયુ, કેટલાક બહુરોગી અને કેટલાક અલ્પરોગી, કેટલાક કદરૂપા અને કેટલાક રૂપાળા, કેટલાક ગરીબ અને

કેટલાક તવંગર, કેટલાક બુદ્ધિમાન અને કેટલાક મંદબુદ્ધિ. હે ગૌતમ! આ વિષમતાનું કારણ શું છે?" ભગવાન બુદ્ધે ઉત્તર આપ્યો, "આ વિષમતાનું કારણ કર્મ છે."[૨૫] કર્મ જ પ્રાણીઓને હીન યા ઉત્તમ બનાવે છે. જેવું કર્મ તેવું ફળ. જે મનુષ્ય હિંસા કરે છે, ક્રોધ કરે છે, ઈર્ષ્યા કરે છે, લોભ કરે છે, અભિમાન કરે છે તે વર્તમાન શરીર છોડી મર્યા પછી દુર્ગતિમાં પડે છે અને જો મનુષ્યયોનિમાં જન્મે છે તો હીન, દરિદ્ર અને બુદ્ધિહીન બને છે. જે મનુષ્ય શુભ કર્મ કરે છે તેની સુગતિ થાય છે અને જો મનુષ્યયોનિમાં જન્મે છે તો ઉત્તમ, સમૃદ્ધ અને પ્રજ્ઞાવાન થાય છે.[૨૬] સારાં કર્મોથી સુગતિ થાય છે અને બુરાં કર્મોથી દુર્ગતિ થાય છે.[૨૭] સારાંશ એ કે વિશ્વની વ્યવસ્થામાં કર્મ જ પ્રધાન છે. એટલે જ ભગવાને કહ્યું હતું કે કર્મને શરણે જાવ, બીજા કોઈને શરણે નહિ. બુદ્ધને શરણે જવાનો અર્થ પણ કર્મને શરણે જવાનો જ છે. બુદ્ધશરણ અને કર્મશરણમાં કોઈ ભેદ નથી. જેનાં કર્મ સારાં છે તે બુદ્ધની નજીક છે, ભલેને તે બુદ્ધથી હજારો યોજન દૂર હોય. જેનાં કર્મ બુરાં છે તે બુદ્ધથી ઘણો દૂર છે, ભલેને તે બુદ્ધના ચીવરના છેડાને પકડી એમની પાછળ પાછળ ચાલતો હોય.[૨૮]

સત્કર્મોને કુશલ કર્મો કહે છે, કારણ કે એમનું ફળ સારું (કુશલ) છે. કુશલ કર્મો કાં તો થોડા વખત માટે દુઃખથી બચાવે છે કાં તો હંમેશ માટે. પ્રથમ પ્રકારનાં કુશલ કર્મોને સાસ્રવ કુશલ કર્મો કહેવામાં આવે છે અને બીજા પ્રકારનાં કુશલ કર્મોને નિરાસ્રવ કુશલ કર્મો કહેવામાં આવે છે. પાપકર્મો અકુશલ છે, કારણ કે એમનું ફળ અનિષ્ટ યા દુઃખ છે. સાસ્રવ કુશલ કર્મનું ફળ સુખ, અભ્યુદય અને સુગતિ છે. નિરાસ્રવ કુશલ કર્મનું ફળ જ નથી, તે વિપાકરહિત છે, તે દુઃખની આત્યંતિક નિવૃત્તિને ઉત્પન્ન કરે છે, આ દુઃખ-નિવૃત્તિને જ નિર્વાણ કહે છે, નિર્વાણ રોગના અભાવની જેમ શાંત અવસ્થા છે.[૨૯]

કર્મના ત્રણ પ્રકાર છે—માનસ, વાચિક અને કાયિક. આ ત્રણમાં માનસ કર્મ પ્રધાન છે કારણ કે બાકીનાં બધાં કર્મોનું કારણ માનસ કર્મ છે. તેથી, ભગવાને કર્મને વસ્તુતઃ ચેતનામય કહ્યાં છે. કાયિક કે વાચિક કર્મ કુશલ છે કે અકુશલ એ નક્કી કરવાની કસોટી માનસ કર્મ (આશય) છે. દાકતર તીક્ષ્ણ ધારવાળા સાધનથી દરદીનું પેટ ચીરી નાખે છે અને એક માણસ પોતાના દુશ્મનના પેટમાં છરા હુલાવી દે છે. બાહ્ય દષ્ટિએ બંને કાયિક કર્મ એકસરખાં

છે. પરંતુ તે બે કાયિક કર્મોનાં કારણરૂપ આશયો (માનસ કર્મો) જુદા છે. એકનું માનસ કર્મ દરદીને રોગમુક્ત કરવાની ભાવનારૂપ છે અને બીજાનું માનસ કર્મ વૈરભાવનારૂપ છે. તેથી દાકતરનું આ કાયિક કર્મ કુશલ છે જ્યારે પેલા માણસનું કાયિક કર્મ અકુશલ છે.[૩૦]

આપણે જે પ્રવૃત્તિ કરીએ છીએ તે કર્મ કહેવાય છે અને તેને પરિણામે જે સંસ્કાર યા વાસના ચિત્તમાં પડે છે તે પણ કર્મ કહેવાય છે. આ વાસનારૂપ કર્મ પુનર્જન્મનું કારણ છે.

કર્મના બીજી એક દૃષ્ટિએ બે વર્ગ પાડવામાં આવ્યા છે—કૃત અને ઉપચિત. જે કર્મ કરવામાં આવ્યું હોય તે કર્મ કૃત કહેવાય છે. જે કૃત કર્મ ફળ આપે તે ઉપચિત કર્મ કહેવાય. બધાં જ કૃત કર્મો ફળ આપતાં નથી. જે કર્મો ઈરાદાપૂર્વક સ્વેચ્છાએ કર્યાં હોય છે તે જ ફળ આપે છે. ઈરાદાપૂર્વક પાપ-કર્મ કર્યા પછી જો અનુતાપ થાય તો કૃત કર્મ પોતાનું ફળ આપતાં નથી. પાપની કબૂલાત કરવાથી પાપની માત્રા ઘટે છે યા પાપનો ક્ષય થાય છે. પાપવિરતિનું વ્રત લેવાથી, શુભનો અભ્યાસ કરવાથી, બુદ્ધ વગેરે સંતોને શરણે જવાથી કૃત પાપકર્મ ઉપચિત થતાં નથી અર્થાત્ પોતાનાં ફળ આપતાં નથી. કેટલાંક કૃત કર્મો પોતાનાં ફળ અવશ્ય આપે છે. આ કૃત કર્મો નિયતવિપાકી કહેવાય છે. કેટલાંક કૃત કર્મો પોતાનાં ફળ આપશે જ એવું નક્કી નથી અર્થાત્ અનિયતવિપાકી છે. આ અનિયતવિપાકી કૃત કર્મોને મનુષ્ય સ્વપ્રયત્નથી ફળ આપતાં રોકી શકે છે.[૩૧]

કર્મના બે વિભાગ પાડી શકાય—નિયત કર્મ અને અનિયત કર્મ. નિયત કર્મના ત્રણ ભેદ છે—(૧) દૃષ્ટધર્મવેદનીય અર્થાત્ વર્તમાન જન્મમાં જ જે ફળ આપે છે તે કર્મ. આ કર્મ દુર્બળ છે. આ કર્મ પુનર્જન્મમાં કારણ-ભૂત નથી. (૨) ઉપપદ્યવેદનીય અર્થાત્ તરત પછીના જન્મમાં જે ફળ આપે છે તે કર્મ. આને આનન્તર્ય કર્મ પણ કહેવામાં આવે છે. (૩) અપરપર્યાયવેદનીય અથાત્ જે ત્રીજા જન્મ પછી ફળ આપે છે તે કર્મ. અનિયત કર્મના બે ભેદ છે—(૧) નિયતવિપાક અર્થાત્ જે કર્મનો વિપાકકાળ અનિયત છે પરંતુ વિપાક નિયત છે તે કર્મ. જે કર્મ પોતાનું ચોક્કસ ફળ આપવાનું છે પરંતુ ક્યારે તે પોતાનું ફળ આપશે એ નિયત નથી તે કર્મ. (૨) અનિયતવિપાક—જે કર્મ પોતાનું ફળ આપશે જ એવું નિયત નથી તે કર્મ. આ કર્મનાં ફળનું ઉલ્લંઘન થઈ શકે છે.[૩૨]

બીજની જેમ કર્મ પોતાના સામર્થ્યથી જ પોતાનું ફળ ઉત્પન્ન કરે છે. પરંતુ બૌદ્ધ ધર્મ અમુક કર્મોના ફળનું ઉલ્લંઘન શક્ય છે એમ સ્વીકારે છે તેમ જ પુણ્યપરિણામનાને પણ સ્વીકારે છે. બૌદ્ધ ધર્મ અનુસાર કર્મની પુણ્યતા—અપુણ્યતાનો આધાર આશય ઉપર છે. કર્મના ફળની માત્રાનો આધાર અનેક બાબતો પર આધાર રાખે છે. કર્મ પોતાનું ફળ કેવી રીતે આપે છે અને તે ફળનાં નિર્ણાયક બળો ક્યાં ક્યાં છે તે જાણવું કઠણ છે. કર્મવિપાક દુર્વિજ્ઞેય છે. જ્યારે કાળ પાકે છે અને કારણસામગ્રી ઉપસ્થિત હોય છે ત્યારે કર્મનો વિપાક થાય છે. કર્મ બીજતુલ્ય છે. તે પોતાની જાતિ પ્રમાણે, વહેલા કે મોડા, અલ્પ યા મહાન ફળ આપે છે. ઈશ્વરવાદી કહે છે કે બીજને ફળદ્રુપ જમીનમાં વાવ્યું હોય પરંતુ વર્ષા વિના તેમાંથી અંકુર ફુટતું નથી; જેમ વર્ષાના સામર્થ્યથી બીજમાંથી અંકુર ફુટે છે તેમ ઈશ્વરના સામર્થ્યથી કર્મમાંથી તેનું ફળ જન્મે છે, કર્મને વિપાકપ્રદાનનું સામર્થ્ય ઈશ્વર આપે છે. બૌદ્ધો કહે છે કે તૃષ્ણાથી પ્રેરાઈને કરાયેલા કર્મમાં વિપાકપ્રદાનનું સામર્થ્ય હોય છે, તૃષ્ણા જ કર્મને વિપાકપ્રદાનનું સામર્થ્ય આપે છે. જે તૃષ્ણારહિત બની કર્મ કરે તે કર્મથી લિપ્ત થતો નથી, તેને કર્મોનાં ફળ ભોગવવાં પડતાં નથી.[૩૩]

બૌદ્ધ ધર્મ અપરિવર્તિષ્ણુ નિત્ય આત્માને માનતો ન હોવા છતાં કર્મ અને પુનર્જન્મને માને છે. તેના અનુસાર જે ચિત્તસંતાન કર્મ કરે છે તે ચિત્ત-સંતાન જ તેનું ફળ ભોગવે છે અને તેનો જ પુનર્જન્મ થાય છે. ઈશ્વરવાદી દર્શનોમાં જે સ્થાન ઈશ્વરનું છે તે સ્થાન બૌદ્ધ ધર્મમાં કર્મનું છે. પોતાનાં કર્મને અનુરૂપ સુખદુઃખ પ્રાણી ભોગવે છે. જે જેવું કરે છે તે તેવું પામે છે. કોઈ કોઈને સુખ કે દુઃખ દેતું નથી. આમ કર્મસિદ્ધાંત દ્વેષનો નાશક છે અને પુરુષાર્થ તેમ જ સ્વતંત્ર સંકલ્પશક્તિનો પોષક છે. કર્મનું ફળ ભોગવતી વખતે સમતા ધારણ કરવી કે વિક્ષિપ્ત થવું એ બાબતે પણ ચિત્ત સ્વતંત્ર છે. શુભ સંકલ્પ કરવા કે અશુભ એ બાબતે પણ ચિત્ત સ્વતંત્ર છે. મનુષ્ય અત્યારે જેવો છે તેની સંપૂર્ણ જવાબદારી તેની પોતાની છે અને ભવિષ્યમાં તે જેવો થવા ઇચ્છે તે થવાનો સંપૂર્ણ આધાર પણ તેના ઉપર છે. પ્રાણીઓનાં કર્મોથી જગતની જડ વસ્તુઓમાં પણ અનુરૂપ પરિવર્તન થાય છે, કારણ કે તે જડ જગત પ્રાણીઓના ભોગનો વિષય છે. પ્રાણીઓનાં કર્મોનો પ્રભાવ પ્રાણીઓના ભોગ્ય જડ જગત ઉપર પણ અવશ્ય પડે છે. પ્રાણીઓનાં પાપકર્મોથી ઔષધ, ભૂમિ, વગેરે અલ્પ-વીર્ય બની જાય છે, ઋતુઓ વિષમ બને છે, શિલાવૃષ્ટિ, ધૂલિવૃષ્ટિ કે ક્ષીરવૃષ્ટિ થાય છે.[૩૪]

**નિર્વાણ**—નિર્વાણનો અર્થ છે નિરોધ. સંપૂર્ણ દુ:ખનિરોધ એ જ નિર્વાણ છે. શીલ, સમાધિ અને પ્રજ્ઞાની ક્રમિક સાધના દ્વારા નિર્વાણ પ્રાપ્ત થાય છે. નિર્વાણમાં ચિત્તના સઘળા મળો દૂર થઈ જાય છે, ચિત્ત અત્યંત શુદ્ધ બની પોતાના પ્રભાસ્વર સ્વભાવમાં પ્રતિષ્ઠિત થાય છે. ચિત્તમાં કોઈ પણ વૃત્તિ ઊઠતી નથી. બધી જ ચિત્તની વૃત્તિઓ શાંત થઈ જાય છે. તેને સુખદુ:ખનું વેદન હોતું નથી, કેવળ શાંતિ હોય છે. ચિત્તમાં બાહ્ય વિષયનો કોઈ આકાર ઊઠતો નથી. તેમાં શબ્દયુક્ત જ્ઞાનાકાર પણ હોતો નથી. તે સંસ્કારોથી પણ મુકત થઈ જાય છે. ચિત્તની નિર્મળતા અને વૃત્તિરહિતતા જ નિર્વાણ છે. નિર્વાણમાં કેવળ શાંતિ છે. તેને સુખ ગણવું હોય તો ગણો. આવું ચિત્ત પુનર્જન્મ પામતું નથી. એક વાર ચિત્ત આવી અવસ્થાને પામે છે પછી તે તેમાંથી ચ્યુત થતું નથી. આ અર્થમાં નિર્વાણને અચ્યુત અને નિત્ય ગણવામાં આવે છે, નિર્વાણ અમૃત પદ છે; તે અજર છે, નિષ્પ્રપંચ છે, શિવ છે, વિશુદ્ધિ છે અને ત્રાણ છે.[૩૫]

**પ્રત્યક્ષસિદ્ધાંત**—પ્રત્યક્ષનો અર્થ છે વર્તમાન વિષયનું જ્ઞાન. પરંતુ ક્ષણિકવાદમાં જ્યારે વિષયનું જ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે વિષય તો નાશ પામ્યો હોય છે. જ્યારે વિષય હોય છે ત્યારે તેનું જ્ઞાન નથી હોતું અને જ્યારે તેનું જ્ઞાન થાય છે ત્યારે વિષય નથી હોતો. આમ ક્ષણિકવાદમાં પ્રત્યક્ષ અશકય બની જાય છે. આ અશકયતાના નિવારણ માટે થેરવાદીઓ ક્ષણિકવાદનો અંશત: ત્યાગ કરે છે. તેઓ સત્તર ચિત્તક્ષણોને (mind-moments) એક રૂપધર્મનું (matter-moment) આયુ ગણે છે.[૩૬] અર્થાત્ ચિત્તક્ષણ કરતાં રૂપધર્મ (=બાહ્ય ભૌતિક વસ્તુ) ની ક્ષણ વધુ વિસ્તૃત છે. આને પરિણામે પોતાનું જ્ઞાન થાય ત્યાં સુધી વસ્તુનું ટકવું સંભવે છે. ચિત્તક્ષણ અને રૂપક્ષણના બે ભિન્ન ધોરણો માની થેરવાદીઓ બાહ્ય વિષયના પ્રત્યક્ષને શકય બનાવે છે.

## [૩] સર્વાસ્તિવાદ યા વૈભાષિકદર્શન

વૈભાષિકદર્શનના મુખ્ય ગ્રંથો છે – કાત્યાયનીપુત્રકૃત જ્ઞાનપ્રસ્થાન, જ્ઞાન-પ્રસ્થાનની ટીકા વિભાષા, વિભાષાની ટીકા મહાવિભાષા, સંઘભદ્રરચિત ન્યાયાનુસાર, ઘોષકકૃત અભિધર્મામૃત અને વિમલમિત્રકૃત અભિધર્મદીપ.

**સર્વાસ્તિવાદ** – ધર્મ (વસ્તુ) ક્ષણિક છે એ થેરવાદીઓનો સિદ્ધાંત આપણે જોયો. સર્વાસ્તિવાદીઓના મતે બધાનું અસ્તિત્વ છે (सर्वमस्ति). અર્થાત્, વર્તમાન ધર્મોની જેમ અતીત અને અનાગત ધર્મો પણ અસ્તિત્વ ધરાવે છે.

કેવી રીતે? સર્વાસ્તિવાદીઓનું કહેવું છે કે ધર્મમાં 'ધર્મસ્વભાવ' અને 'ધર્મલક્ષણ' બે પાસાં છે. 'ધર્મસ્વભાવ' સર્વદા અર્થાત્ ભૂત, વર્તમાન અને ભવિષ્ય ત્રણેય કાળમાં અસ્તિત્વ ધરાવે છે. પરંતુ 'ધર્મલક્ષણ' જ ક્ષણ છે. તે જ ક્ષણિક છે. તેનું કારણ એ છે કે તે ધર્મનો ક્રિયાકારી બાહ્ય દૃશ્યમાનરૂપમાં પ્રાદુર્ભાવ છે. 'ધર્મસ્વભાવ' ત્રણેય કાળે અસ્તિત્વ ધરાવતો હોવા છતાં તે નિત્ય નથી, કારણ કે 'નિત્યતા'નો અર્થ છે પરિવર્તનનો અભાવ પરંતુ ધર્મસ્વભાવ ભવિષ્યમાં કોઈ ધર્મના બાહ્ય અસ્તિત્વની સંભાવનાનો દ્યોતક છે અને વળી કોઈ ધર્મના ભૂતકાલીન અસ્તિત્વનો પણ દ્યોતક છે. આ રીતે ધર્મસ્વભાવ નિત્ય ન હોવા છતાં સર્વદા અસ્તિત્વ ધરાવે છે.[૩૭] સર્વાસ્તિવાદનો આ સિદ્ધાંત અને એનું ઉપર્યુક્ત સમાધાન બૌદ્ધ ધર્મના સામાન્ય ક્ષણિકવાદ સાથે કેટલું સંગત છે, એ એક પ્રશ્ન છે. સાંખ્યના પરિણામવાદ સાથે આ સિદ્ધાંતનું સામ્ય છે.

**નિકાયસભાગતા**—વૈભાષિકદર્શને નિકાયસભાગતાના નામે સ્વતંત્ર સામાન્ય પદાર્થનો સ્વીકાર કર્યો છે. સભાગતાનું બાહ્ય અસ્તિત્વ છે (द्रव्यतः अस्ति). સભાગતા કેવળ પ્રાણી(सत्त्व)વ્યક્તિઓમાં જ રહે છે, બીજી વ્યક્તિઓમાં રહેતી નથી. સભાગતાને કારણે આપણને ભિન્ન ભિન્ન પ્રાણી-વ્યક્તિઓમાં એકાર્થનું જ્ઞાન થાય છે. પોતાની વ્યક્તિઓમાં સભાગતા પ્રતિ-વ્યક્તિ ભિન્ન છે, તે એક અને નિત્ય નથી. તે સાદૃશ્યરૂપ છે. સભાગતાના બે પ્રકાર છે—સત્ત્વસભાગતા (= અભિન્ના સભાગતા) અને ધર્મસભાગતા (= ભિન્ના સભાગતા). સત્ત્વસભાગતા સર્વસત્ત્વવર્તિની છે જ્યારે ધર્મસભાગતા પ્રાણીઓના નાના નાના વર્ગોમાં રહેનારી છે.[૩૮]

**પ્રત્યક્ષસિદ્ધાંત**—ચિત્તક્ષણ અને રૂપક્ષણનાં બે ભિન્ન ધોરણો સ્વીકાર્યા વિના વૈભાષિકો પ્રત્યક્ષને ઘટાવે છે. તેઓ જ્ઞાનને વિષયનું ગ્રાહક માનતા નથી. તેઓ વિષયને જ્ઞાનનો સહભૂહેતુ માને છે. અર્થાત્ વિષય અને જ્ઞાન (તેમ જ ઇન્દ્રિય) એક કાળે ઉત્પન્ન થાય છે. તેઓ વિષય અને જ્ઞાન વચ્ચે સારૂપ્ય (co-ordination) માને છે. ઇન્દ્રિય પણ જ્ઞાનસહભૂ હોવા છતાં જ્ઞાન ઇન્દ્રિયનું થતું નથી પણ વિષયનું થાય છે કારણ કે ઇન્દ્રિય અને જ્ઞાન વચ્ચે સારૂપ્ય નથી પરંતુ વિષય અને જ્ઞાન વચ્ચે સારૂપ્ય છે.[૩૯]

## [૪] સૌત્રાન્તિકદર્શન

**ક્ષણભંગવાદ**—વસુબંધુકૃત અભિધર્મકોશ તેમ જ અભિધર્મકોશભાષ્ય અને યશોમિત્રકૃત અભિધર્મકોશસ્ફુટાર્થાટીકા—સૌત્રાન્તિકોના આ મુખ્ય ગ્રંથો

ગણાય. સૌત્રાન્તિકો ધર્મોનું (વસ્તુઓનું) ત્રૈકાલિક અસ્તિત્વ સ્વીકારતા નથી. તેમને મતે વર્તમાન ક્ષણ જ અસ્તિત્વ ધરાવે છે. અલબત્ત, પૂર્વની ઘટનાની પછીની ઘટના પરની અસરને તેઓ નકારતા નથી. પરંતુ તેને તેઓ ક્ષણોના સંતાન(continuum)માં ઉદ્ભવતા ક્રમિક પરિવર્તન દ્વારા સમજાવે છે. પરિવર્તનની શકયતા ક્ષણમાં તો છે જ નહિ. તે તો ઉત્પન્ન થતાં જ નાશ પામે છે અને તેની જગ્યા બીજી ક્ષણ લે છે. એક સંતાનગત બધી ક્ષણોનો સ્વભાવ પોતપોતાના કારણભૂત પૂર્વ ક્ષણથી નિયત થાય છે. ક્ષણિકતા વસ્તુનો સ્વભાવ હોઈ વસ્તુને પોતાના નાશ માટે કશાની અપેક્ષા નથી. આમ ક્ષણભંગવાદમાંથી જ નિર્હેતુકવિનાશવાદ ફલિત થાય છે. ક્ષણભંગવાદની સ્થાપના સૌત્રાન્તિકોએ સમર્થપણે કરી છે. વસ્તુની ક્ષણિકતા પુરવાર કરવા તેઓ નીચે પ્રમાણે દલીલો કરે છે.

(૧) કોઈ વસ્તુ સ્થાયી નથી. જેમ એક વસ્તુનું એક કાળે બે સ્થાને અસ્તિત્વ અશકય છે તેમ એક વસ્તુનું બે ક્ષણોએ અસ્તિત્વ અશકય છે. જો એક વસ્તુ क ક્ષણે અસ્તિત્વ ધરાવતી હોય તો તેનું ख ક્ષણે અસ્તિત્વ હોઈ જ ન શકે, કારણ કે क ક્ષણે વસ્તુના અસ્તિત્વનો અર્થ ख ક્ષણે અથવા અન્ય કોઈ પણ ક્ષણે તેના અસ્તિત્વનું ન હોવું તે છે. જો આપણે સ્વીકારીએ કે એ જ વસ્તુનું ख ક્ષણે પણ અસ્તિત્વ ચાલુ રહે છે તો એનો અર્થ એ જ થાય કે તેનું અસ્તિત્વ અને અનસ્તિત્વ બંને क ક્ષણે છે. આમ વસ્તુને સ્થાયી માનતાં એક વસ્તુમાં પરસ્પર વિરોધી ધર્મો માનવાની આપત્તિ આવે.[૪૦]

(૨) સત્નું લક્ષણ છે **અર્થક્રિયાકારિતા** (કાર્ય કરવું તે). જે કાર્ય કરે છે તે સત્ છે અને જે કાર્ય કરતું નથી તે અસત્ છે. સ્થાયી વસ્તુમાં અર્થક્રિયાકારિતા ઘટતી નથી. સ્થાયી વસ્તુને વિશે પ્રશ્ન ઉદ્ભવે છે કે તે પોતાનાં બધાં જ કાર્યો ક્રમથી કરે છે કે અક્રમથી? જો તે પોતાનાં બધાં જ કાર્યો અક્રમથી અર્થાત્ પ્રથમ ક્ષણે જ કરી નાખે તો બીજી, ત્રીજી, વગેરે ક્ષણોએ તેને કંઈ કરવાનું રહે જ નહિ, પરિણામે તે ક્ષણોએ તેની સત્તા જ ન રહે. જો તે પોતાનાં કાર્યો ક્રમથી કરે છે એમ માનીએ તો પ્રશ્ન ઊઠે કે તે કાર્યોને ઉત્પન્ન કરવા તે પ્રથમ ક્ષણે સમર્થ છે કે નહિ? જો સમર્થ હોય તો પ્રથમ ક્ષણે જ બધાં કાર્યોને તેણે કરી દેવાં જોઈએ. સમર્થ શા માટે કાળક્ષેપ કરે? જો તે કાર્યોને ઉત્પન્ન કરવા તે પ્રથમ ક્ષણે અસમર્થ હોય તો કદીય તે તેમને ઉત્પન્ન નહિ કરી શકે કારણ કે અસામર્થ્ય તેનો સ્વભાવ છે અને તેનો એ

સ્વભાવ બીજી, ત્રીજી વગેરે ક્ષણોએ રહેવાનો જ. આમ એ સ્પષ્ટ છે કે સ્થાયી વસ્તુ ક્રમથી પોતાનાં કાર્યો કરી શકે નહિ.

ક્ષણભંગવાદી સમક્ષ કોઈ નીચે પ્રમાણે રજૂઆત કરે છે: સ્થાયી વસ્તુ પ્રથમ ક્ષણે પણ બધાં કાર્યોને ઉત્પન્ન કરવાનું સામર્થ્ય ધરાવતી હોવા છતાં તે તે બધાં કાર્યોને પ્રથમ ક્ષણે ઉત્પન્ન કરતી નથી કારણ કે તેમને ઉત્પન્ન કરવા માટે યોગ્ય સહકારિકારણોની તેને અપેક્ષા છે અને તે બધાં કાર્યોનાં બધાં જ યોગ્ય સહકારિકારણો એક કાળે (અર્થાત્ પ્રથમ ક્ષણે) તેને પ્રાપ્ત થતાં નથી પણ ક્રમથી જ થાય છે. જે કાર્યને ઉત્પન્ન કરવા જરૂરી સહકારિકારણો તેને જયારે પ્રાપ્ત થાય છે તે કાર્યને તે ત્યારે જ ઉત્પન્ન કરે છે. બીજ પોતાના કાર્ય અંકુરને ત્યારે જ પેદા કરે છે જયારે તેને જરૂરી સહકારિકારણો જેવાં કે પાણી, ખાતર, તાપ, વગેરે પ્રાપ્ત થાય છે.

આનો જવાબ આપતાં ક્ષણભંગવાદી પ્રશ્ન ઊઠાવે છે કે સહકારિકારણો મુખ્ય કારણમાં કંઈ અતિશય (excellence, additament) લાવે છે કે નહિ? જો ના, તો સહકારિકારણોનો કોઈ અર્થ નથી. જો હા, તો તે અતિશય મુખ્ય કારણથી ભિન્ન છે કે અભિન્ન? જો અતિશયને મુખ્ય કારણથી ભિન્ન માનવામાં આવે તો કાર્ય મુખ્ય કારણથી ભિન્ન અતિશયમાંથી ઉત્પન્ન થતું હોઈ અતિશયને જ કાર્યનું કારણ માનવું જોઈએ – પેલા મુખ્ય કારણને નહિ. અતિશયના હોતાં કાર્ય ઉત્પન્ન થાય છે અને એના ન હોતાં તે ઉત્પન્ન થતું નથી. એથી ઊલટું, મુખ્ય કારણના (બીજના) હોવા છતાં કાર્ય (અંકુર) ઉત્પન્ન થતું નથી એટલે મુખ્ય કારણને નહિ પણ સહકારિકારણોએ ઉત્પન્ન કરેલા અને મુખ્ય કારણથી ભિન્ન એવા અતિશયને કાર્યનું ખરું કારણ ગણવું જોઈએ. પરંતુ આ તો ઈષ્ટ નથી. એટલે આ આપત્તિમાંથી ઉગરવા જો એમ કહેવામાં આવે કે સહકારિકારણોએ ઉત્પન્ન કરેલા અને પોતાથી ભિન્ન એવા અતિશયથી ઉપકૃત થયેલું મુખ્ય કારણ (બીજ) જ કાર્યનું (અંકુરનું) ખરું કારણ છે તો તે પણ યોગ્ય નથી. અતિશય મુખ્ય કારણનો ઉપકાર તેનામાં અતિશય જન્માવ્યા વિના ન કરી શકે કારણ કે તે સિવાય તો મુખ્ય કારણ પહેલાં હતું તેવું જ ચાલુ રહે. મુખ્ય કારણથી ભિન્ન પ્રથમ અતિશય મુખ્ય કારણમાં અતિશય જન્માવે છે એમ માનતાં જૂનો પ્રશ્ન વળી પાછો ખડો થાય કે આ બીજો અતિશય મુખ્ય કારણથી ભિન્ન છે કે અભિન્ન? અને આમ અનવસ્થાદોષ (infinite regress) આવે. હવે જો બીજો વિકલ્પ સ્વીકારીએ અર્થાત્

અતિશયને મુખ્ય કારણથી અભિન્ન સ્વીકારીએ તો મુખ્ય કારણ પ્રથમ ક્ષણે જેવું હતું તેવું પછીની ક્ષણોએ રહે છે અને એમાં કંઈ ફેર પડતો નથી એમ માનવું પડે; તેથી તેણે પોતાનાં બધાં કાર્યો પ્રથમ ક્ષણે જ કરી નાખવાં જોઈએ. જો કહેવામાં આવે કે અતિશયરહિત કારણ નાશ પામે છે અને તેના સ્થાને અતિશયયુક્ત કારણ ઉત્પન્ન થાય છે તો એમ કહેવાનો અર્થ તો એ થાય કે પહેલી ક્ષણની વસ્તુ નાશ પામે છે અને બીજી ક્ષણે નવી જ વસ્તુ ઉત્પન્ન થાય છે, આમ ક્ષણિકવાદ આવીને ઊભો રહે છે.

ક્ષણભંગવાદ સામે પ્રશ્ન ઊઠાવવામાં આવે છે કે ક્ષણિક મુખ્ય કારણને સહકારિકારણો કેવી રીતે ઉપકાર કરી શકે? જો સ્થાયી મુખ્ય કારણની બાબતમાં સહકારિકારણો નિરર્થક છે તો ક્ષણિક મુખ્ય કારણની બાબતમાં પણ તે નિરર્થક જ છે. મુખ્ય કારણ અને સહકારિકારણો એક સાથે એક જ ક્ષણે અસ્તિત્વમાં આવે છે અને બીજી ક્ષણે તો તેમનું અસ્તિત્વ હોતું નથી. એટલે સહકારિકારણોને મુખ્ય કારણને ઉપકાર કરવાનો સમય જ મળતો નથી. આમ ક્ષણભંગવાદમાં સહકારિકારણો નિરર્થક ઠરે છે.

ક્ષણભંગવાદી ઉપર ઊઠાવેલા પ્રશ્નનો નીચે પ્રમાણે ઉત્તર આપે છે : સહકારિકારણો નિરર્થક નથી. ક્ષણભંગવાદમાં સહકારિતાનો અર્થ 'એકબીજાને ઉપકાર કરવો' એવો થતો નથી પણ 'સાથે કાર્ય કરવું' એવો થાય છે. આમ પરસ્પર સાપેક્ષતા એ સહકારિતા નથી પરંતુ એકકાર્યકારિતા એ સહકારિતા છે. બી, માટી, પાણી, તાપ, વગેરે સાથે એક કાર્ય કરે છે પરંતુ તેમાંનું કોઈ બીજાનો ઉપકાર કરતું નથી. મુખ્ય કારણ ક્ષણિક હોઈ સહકારિકારણોથી રહિત તે હોતું જ નથી; તે સહકારિકારણો સાથે ઉત્પન્ન થાય છે અને બીજી જ ક્ષણે તે સહકારિકારણો સાથે નાશ પામે છે.

સ્થાયી વસ્તુ ક્રમથી કે અક્રમથી અર્થક્રિયા કરી શકતી નથી. ક્ષણિક વસ્તુ ક્રમથી અર્થક્રિયા કરી શકે જ નહિ. તે ક્ષણિક હોઈ એક ક્ષણ જ અસ્તિત્વ ધરાવે છે અને તેના અસ્તિત્વની ક્ષણે જ તે અર્થક્રિયા કરે છે. આમ ક્ષણિક વસ્તુ અક્રમથી જ પોતાનાં કાર્યો કરે છે. બીજી ક્ષણે તેનું અસ્તિત્વ જ ન હોવાથી બીજી ક્ષણે તે શું કરશે એ પ્રશ્ન ક્ષણભંગવાદમાં ઊઠતો નથી. આમ સ્થાયી વસ્તુ અર્થક્રિયાકારી નથી જ્યારે ક્ષણિક વસ્તુ અર્થક્રિયાકારી છે. એટલે સ્થાયી વસ્તુ સત્ નથી પણ ક્ષણિક વસ્તુ જ સત્ છે એ પુરવાર થાય છે.[૪૧]

(૩) વસ્તુની ક્ષણિકતા તેની વિનશ્વરતા ઉપરથી પુરવાર થાય છે. બધા ભૌતિક પદાર્થો કાર્યદ્રવ્યો છે. તેમની ઉત્પત્તિ તેમનાં કારણોથી થાય છે. તેથી તે બધા વિનાશી છે. હવે પ્રશ્ન ઊઠે છે કે તેઓ જન્મથી જ વિનશ્વરસ્વભાવ છે કે અવિનશ્વરસ્વભાવ? ત્રીજો વિકલ્પ સંભવતો નથી. જો તેઓ જન્મથી અવિનશ્વર-સ્વભાવ હોય તો તેમનો વિનાશ કોઈ કદી કરી શકે નહિ, કારણ કે નાશ પામવું એ તેમનો સ્વભાવ નથી. આમ તેઓ નિત્ય બની જાય. પરંતુ પરિસ્થિતિ આવી નથી અર્થાત્ હકીકતમાં તેઓ નિત્ય નથી. એટલે તેઓ વિનશ્વરસ્વભાવવાળા જ જન્મ્યા છે એ વિકલ્પ સ્વીકારવો જોઈએ. વિનશ્વરતા તેમનો સ્વભાવ હોવાથી જન્મતાંની સાથે જ તેઓ વિનશ્વરતાથી ઘેરાઈ જાય છે. વિનશ્વરતા તેમનો સ્વ-ભાવ હોવાથી તેમના વિનાશ માટે કોઈ કારણોની જરૂર નથી.

વિનાશ એ ઉત્પન્ન વસ્તુઓનો ધ્રુવભાવી ધર્મ છે, સ્વભાવભૂત ધર્મ છે. જે જેનો સ્વભાવભૂત યા ધ્રુવભાવી ધર્મ હોય તે પોતાની ઉત્પત્તિ માટે તે ધર્મી-રૂપ વસ્તુનાં ઉત્પાદક કારણોથી ભિન્ન બીજાં કારણોની અપેક્ષા રાખતો નથી, જેમ કે તલવારનું લોહમયત્વ. એથી ઊલટું, જે ધર્મ ધર્મીરૂપ વસ્તુનાં ઉત્પાદક કારણોથી ભિન્ન બીજાં કારણોની અપેક્ષા રાખે છે તે તે વસ્તુનો ધ્રુવભાવી યા સ્વભાવભૂત ધર્મ ગણાતો નથી, જેમ કે કાપડ ઉપર ચઢાવેલો રંગ. જો વસ્તુ પોતાના વિનાશ માટે પોતાનાં ઉત્પાદક કારણોથી ભિન્ન બીજાં કારણોની અપેક્ષા રાખે છે એમ માનવામાં આવે તો તે બીજાં કારણોમાં રુકાવટ આવવાથી (પ્રતિબંધ) કે વિકલતા ઊભી થવાથી તે વસ્તુનો વિનાશ નહિ થાય અને વસ્તુ નિત્ય બની જાય. એટલે આપણે સ્વીકાર્યા વિના છૂટકો નથી કે વસ્તુ જન્મે છે ત્યારે વિનશ્વર જ જન્મે છે. આમ વસ્તુ પોતાનાં ઉત્પાદક કારણોથી જ વિનશ્વરસ્વભાવ જન્મે છે એટલે તે ઉત્પન્ન થતાં જ વિનાશ પામે છે.

વસ્તુની ઉત્પત્તિનાં જે કારણો છે તે જ વસ્તુના વિનાશનાં કારણો છે. આમ વસ્તુનું અસ્તિત્વ અને વિનાશિતા એક છે, તેમની વચ્ચે ભેદ નથી. ભેદનો હેતુ કારણભેદ છે. હવે વસ્તુના વિનાશનાં કારણો તે વસ્તુની ઉત્પત્તિનાં કારણોથી ભિન્ન છે એવું જો સ્વીકારવામાં આવે તો વિનાશિતા અને અસ્તિત્વનો અભેદ નહિ બને અર્થાત્ વિનાશનો સત્ વસ્તુથી ભેદ માનવો પડે. વિનાશને સત્ વસ્તુથી ભિન્ન માનતાં વિનાશ પછી પણ વસ્તુનું અસ્તિત્વ રહે છે એવો સ્વીકાર કરવો પડે, કારણ કે વસ્તુથી ભિન્ન કોઈકની ઉત્પત્તિથી વસ્તુના સ્વ-ભાવને કંઈ અસર ન થાય.

જો કાર્યદ્રવ્ય તેની ઉત્પત્તિની પ્રથમ ક્ષણે જ નાશ ન પામે તો એનો અર્થ એ થાય કે તે મૃત્યુને (વિનાશને) પાર કરી ગયું છે. જેણે વિનાશને પાર કર્યો હોય તે તો અવિનાશીસ્વભાવ બની જાય અને પરિણામે અનંત યુગો જીવે. જો કહેવામાં આવે કે વસ્તુનો સ્વભાવ કેટલીક ક્ષણો પછી નાશ પામવાનો છે અર્થાત્ અમુક ક્ષણો ટકવાનો છે તો એવી વસ્તુ કદી નાશ પામશે નહિ એ સમજી લેવું જોઈએ કારણ કે તેનો 'અમૂક ક્ષણ ટકવાનો' સ્વભાવ તો બીજી, ત્રીજી, ચોથી, પાંચમી...ન ક્ષણે પણ રહેવાનો જ. એટલે, આપણે સ્વીકારવું જોઈએ કે વસ્તુ તેની ઉત્પત્તિની ક્ષણે જ નાશ પામે છે; અન્યથા, તે કદી નાશ નહિ પામે.[૪૨]

ક્ષણભંગવાદીને મતે વિનાશનો અર્થ છે પ્રત્યેક ક્ષણે થતો વસ્તુનો નાશ. આ વિનાશ સૂક્ષ્મ છે. તે દેખાતો નથી. પરંતુ જે વિનાશને આપણે જોઈ શકીએ છીએ તેનું શું? લાકડીના પ્રહારથી ઘડાનો નાશ થતો આપણે દેખીએ છીએ. જો વિનાશને પોતાનાં કારણો હોય જ નહિ તો અહીં લાકડી વગેરે નાશક માધ્યમોનું કાર્ય શું છે? ક્ષણભંગવાદી કહે છે કે લાકડીનું કાર્ય ઘટનો વિનાશ કરવાનું નથી પરંતુ ઘટસંતતિથી વિસદૃશ (વિજાતીય) ઠીકરાંની સંતતિ ઉત્પન્ન કરવાનું છે.[૪૩] પ્રત્યેક ક્ષણે નવી નવી ઉત્પન્ન થતી વસ્તુઓની એક નિરંતર શ્રેણીને (સંતતિ–continuumને) આપણે એક નામ કહો કે 'ઘટ' આપીએ છીએ. જ્યારે સંતતિના ઘટકો સમાન હોય છે ત્યારે તેને સભાગ, સદૃશ યા સજાતીય કહેવામાં આવે છે. પરંતુ જ્યારે 'ઘટ' નામની સંતતિની જગ્યાએ તેનાથી જુદી જાતની 'ઠીકરાં' નામની સંતતિ શરૂ થાય છે ત્યારે તે ઠીકરાંની સંતતિને ઘટસંતતિથી વિસદૃશ હોવાથી વિસભાગ, વિજાતીય કે વિસદૃશ સંતતિ કહેવામાં આવે છે. લાકડીના પ્રહારને લીધે ઘટસંતતિની જગ્યાએ ઠીકરાંની સંતતિ શરૂ થાય છે. આમ લાકડીના પ્રહારનું કાર્ય ઘટનો વિનાશ કરવાનું નથી પરંતુ વિસદૃશ ઠીકરાંની સંતતિ ઉત્પન્ન કરવાનું છે

(૪) વસ્તુની સ્થાયિતામાં માનનાર પ્રત્યભિજ્ઞાને વસ્તુની સ્થાયિતા સિદ્ધ કરનાર પ્રમાણ તરીકે જણાવે છે. પ્રત્યભિજ્ઞાનો આકાર 'તે જ આ છે' એવો હોય છે. આમ પ્રત્યભિજ્ઞા પૂર્વાનુભૂત વસ્તુ અને વર્તમાનમાં અનુભવાતી વસ્તુ બંનેની એકતાને ગ્રહણ કરે છે અને પરિણામે તે વસ્તુની સ્થાયિતા સિદ્ધ કરે છે.

ક્ષણભંગવાદી જણાવે છે કે 'તે જ આ છે' એવા આકારનું જ્ઞાન એક નથી પણ પ્રત્યક્ષ અને સ્મરણ બે અંશોનું બનેલું છે. તેનો એક અંશ 'આ'

ઇન્દ્રિયસન્નિહિત વર્તમાન વિષયનું ગ્રહણ કરે છે, જ્યારે તેનો બીજો અંશ 'તે' સ્મૃત્યુપસ્થિત પૂર્વાનુભૂત વિષયનું ગ્રહણ કરે છે. પ્રત્યભિજ્ઞાના આ બંને અંશોને પોતપોતાનાં આગવાં ઉત્પાદક કારણો છે. સન્નિહિત વર્તમાન વિષયને જ ઇન્દ્રિયો ગ્રહણ કરે છે; 'તે'થી નિર્દિષ્ટ અતીત વિષયને ગ્રહણ કરવાની તેમનામાં શક્તિ નથી. સંસ્કાર પૂર્વાનુભવજનિત હોવાથી 'તે'થી નિર્દિષ્ટ પૂર્વાનુભૂત વિષય પૂરતો તેનો વ્યાપાર મર્યાદિત છે; તે 'આ'થી નિર્દિષ્ટ વર્તમાન વિષયને સ્પર્શતો નથી. ઇન્દ્રિય પ્રત્યક્ષનું કારણ છે જ્યારે પૂર્વાનુભવજન્ય સંસ્કાર સ્મૃતિનું કારણ છે. પ્રત્યક્ષ અને સ્મૃતિથી ભિન્ન પૂર્વાનુભૂત વિષય અને વર્તમાન વિષય બંનેને ગ્રહણ કરનારું કોઈ એક જ્ઞાન છે જ નહિ. પ્રત્યભિજ્ઞા એક (unitary) જ્ઞાન નથી, કારણ કે તેમાં પરસ્પર વિરોધી બે સ્વભાવો—પ્રત્યક્ષતા અને પરોક્ષતા—છે. બે વિરોધી સ્વભાવો એકમાં ન સંભવે. આમ પ્રત્યભિજ્ઞા એક જ્ઞાન નથી પણ પ્રત્યક્ષ અને સ્મૃતિ એવાં ભિન્ન–વિષયગ્રાહી બે જ્ઞાનો છે.[૪૪]

દલીલ ખાતર માની લો કે પ્રત્યભિજ્ઞા એક જ્ઞાન છે. હવે પ્રશ્ન એ ઊભો થશે કે તે કઈ જાતના વિષયને ગ્રહણ કરે છે? શું તે અતીત વિષયને ગ્રહણ કરે છે? કે વર્તમાન વિષયને ગ્રહણ કરે છે? કે પછી અનાગત વિષયને ગ્રહણ કરે છે? જો સ્વીકારવામાં આવે કે તે અતીત (ભૂત) વિષયને ગ્રહણ કરે છે તો તે સ્મૃતિથી ભિન્ન નથી એવું સાબિત થશે. જો સ્વીકારવામાં આવે કે તે વર્તમાન વિષયને જ ગ્રહણ કરે છે તો તે સ્થાયિત્વ સિદ્ધ ન કરી શકે. અતીત, વર્તમાન અને અનાગત પરસ્પર વિરોધી સ્વભાવો છે. તેથી એક સાથે એક વિષયમાં તેમનું હોવું સંભવતું નથી અને પરિણામે તે ત્રણેયને કે તેમાંના કોઈ બેને એક જ્ઞાન વિષય કરી શકે નહિ.[૪૫]

પ્રત્યભિજ્ઞા પૂર્વકાલીન અને ઉત્તરકાલીન વિષયોની એકતા પુરવાર ન કરી શકે. એ એકતાનું જ્ઞાન ભ્રાન્તિ છે.[૪૬]

(૫) ક્ષણભંગવાદી વસ્તુની ક્ષણિકતાને પ્રત્યક્ષપ્રમાણથી નીચે પ્રમાણે સિદ્ધ કરે છે: પ્રત્યક્ષ પોતે જ્ઞાનસ્વભાવ હોવાથી ક્ષણિક છે. તેથી તે પોતાના અસ્તિત્વકાળે જે વિષય અસ્તિત્વ ધરાવતો હોય છે તેને જ ગ્રહણ કરે છે. આમ પ્રત્યક્ષ પોતાના વિષયની વર્તમાનકાળ સંબદ્ધ ન હોવાની શકયતાને દૂર કરે છે. વળી, પ્રત્યક્ષ વર્તમાન ક્ષણથી અન્ય ભૂત અને ભવિષ્યત્ ક્ષણો સાથેના પોતાના વિષયના સંબંધની શકયતાને પણ દૂર કરે છે કારણ કે તેનો વર્તમાન

ક્ષણ સાથે નિયત સંબંધ છે. જેનો સંબંધ વર્તમાન ક્ષણ સાથે હોય તેનો સંબંધ ભૂત કે ભવિષ્યત્ ક્ષણો સાથે ન હોઈ શકે. જો વર્તમાન ક્ષણે ગૃહીત થનાર વિષયનો ભૂત અને ભવિષ્યત્ ક્ષણો સાથે સંબંધ અશક્ય હોય તો તેનો અર્થ એ થાય કે વિષય કેવળ વર્તમાન ક્ષણે જ અસ્તિત્વ ધરાવે છે અર્થાત્ ક્ષણિક છે. પ્રત્યક્ષથી કેવળ વસ્તુ ગૃહીત થાય છે પરંતુ ક્ષણિકતાનું ગ્રહણ થતું નથી એવી વાત કરવી બરાબર નથી.[૪૭] સ્થાયિત્વ માનનારા પણ સ્વીકારે છે કે પ્રત્યક્ષ કાલાવચ્છિન્ન (કાલવિશિષ્ટ) વિષયને જ ગ્રહણ કરે છે. 'કોઈક ભણે છે', 'કોઈક રસોઈ કરે છે' વગેરે વાક્યો દર્શાવે છે કે વર્તમાનકાળ વિસ્તૃત છે અને તે માત્ર ક્ષણસીમિત નથી—આમ માનવું પણ ઠીક નથી. વર્તમાન દીર્ઘ છે એમ કહેવું તેમ જ તે અનેક ક્ષણોનો બનેલો એક અવયવી છે એમ માનવું બાલિશ છે. વર્તમાનકાળ એક ક્ષણ જેટલો જ વિસ્તૃત છે અને તેની પૂર્વના બધા ક્ષણો અતીત છે જ્યારે તેની પછીના બધા ક્ષણો અનાગત છે. જો પ્રત્યક્ષને ક્ષણિક માની તેના વિષયને ક્ષણિક સ્વીકારીએ તો પણ ધારાવાહી પ્રત્યક્ષ એ પ્રત્યક્ષનો એક એવો પ્રકાર છે જે ક્ષણિક નથી પણ લાંબા કાળ સુધી ચાલે છે, એટલે ધારાવાહી પ્રત્યક્ષના વિષયને તો છેવટે અનેક ક્ષણ ટકનાર ગણ્યા વિના છૂટકો નથી એમ કહેવું બરાબર નથી. ધારાવાહી પ્રત્યક્ષ લાંબાકાળ સુધી ચાલતું એક જ્ઞાન નથી પણ એક પછી એક નિરંતર ઉદ્ભવતાં અનેક ક્ષણિક જ્ઞાનો છે. તેથી ધારાવાહી પ્રત્યક્ષનો વિષય પણ એક નથી પણ એક પછી એક નિરંતર ઉદ્ભવતા અનેક ક્ષણિક વિષયો છે. ધારાવાહી પ્રત્યક્ષ એ અનેક ક્ષણિક પ્રત્યક્ષોની સંતતિ છે, જ્યારે તેનો વિષય એ અનેક ક્ષણિક વિષયોની સંતતિ છે. આમ ક્ષણભંગવાદી પુરવાર કરે છે કે વસ્તુની ક્ષણિકતા પ્રત્યક્ષગ્રાહ્ય છે.[૪૮]

**અપોહવાદ**—સૌત્રાન્તિકો વૈભાષિકોએ માનેલી સભાગતાનું ખંડન કરે છે. તેઓ સભાગતા (= સામાન્ય) જેવી કોઈ બાહ્ય વસ્તુને માનતા નથી. તેઓ વૈભાષિકોને સાચો જ પ્રશ્ન પૂછે છે કે જો યવ, ચોખા વગેરેમાં સભાગતા ન હોવા છતાં તેમને વિશે સાદૃશ્યજ્ઞાન થાય છે તો પછી સત્ત્વોની બાબતમાં સભાગતા માન્યા વિના સાદૃશ્યજ્ઞાન કેમ ન થઈ શકે? તેઓ કહે છે કે વૈભાષિકોએ વગર વિચાર્યે સભાગતાના અંચળા હેઠે વૈશેષિકોનું સામાન્ય સ્વીકાર્યું છે.[૪૯] સભાગતા યા સામાન્યના ખંડનમાંથી સૌત્રાન્તિકોનો અપોહસિદ્ધાન્ત ઉદ્ભવ્યો છે અને વિકસ્યો છે. સૌત્રાન્તિકોના આ અપોહસિદ્ધાન્ત પ્રમાણે ગોત્વ જેવું કોઈ સામાન્ય નથી. જેને ગોત્વ કહેવામાં આવે છે તે તો કેવળ અ—ગો-

વ્યાવૃત્તિ (exclusion of noncow) છે. આ અગોવ્યાવૃત્તિ બધી ગોવ્યક્તિઓમાં હોવાથી આપણને બધી ગાયોમાં એકત્વનું યા સાદૃશ્યનું જ્ઞાન થાય છે. અપોહવાદને જરાક વધુ સમજીએ.

બૌદ્ધ દાર્શનિક અનુસાર સામાન્ય વસ્તુસત્ નથી. સામાન્યપ્રતીતિનો વિષય બાહ્ય સામાન્ય નથી, કારણ કે બાહ્ય વસ્તુઓ એકબીજાથી અત્યન્ત વિલક્ષણ છે. તેથી સામાન્યપ્રતીતિ નિર્વિષય છે; અથવા કહો કે કલ્પિત સામાન્ય તેનો વિષય છે. પરસ્પર વ્યાવૃત્ત વસ્તુઓથી જ એકાકાર બુદ્ધિ ઉત્પન્ન થાય છે. આ એકાકાર બુદ્ધિ વસ્તુઓના પરસ્પર વ્યાવૃત્ત સ્વભાવને ઢાંકી દે છે. તેથી વસ્તુઓમાં સામાન્યની પ્રતીતિ થાય છે, વસ્તુઓમાં અભેદ જણાય છે. વસ્તુત: વસ્તુઓમાં કોઈ સામાન્ય નથી, કોઈ અભેદ નથી. વસ્તુઓમાં એકાકાર બુદ્ધિ ઉત્પન્ન થવાનું કારણ વિજાતીયવ્યાવૃત્તિ છે. બધી ગાયોમાં અ-ગોવ્યાવૃત્તિ છે. તેથી બધી ગાયોમાં જે એક છે તે વિધ્યાત્મક બાહ્ય વસ્તુસત્ સામાન્ય નથી પરંતુ નિષેધાત્મક કાલ્પનિક અગોવ્યાવૃત્તિરૂપ સામાન્ય છે.[૫૦] એક જ ગાયને અગોવ્યાવૃત્ત હોવાથી ગાય કહેવામાં આવે છે, અપશુવ્યાવૃત્ત હોવાથી પશુ કહેવામાં આવે છે, અદ્રવ્યવ્યાવૃત્ત હોવાથી દ્રવ્ય કહેવામાં આવે છે. આવી રીતે વ્યાવૃત્તિઓના ભેદથી જાતિભેદની કલ્પના કરવામાં આવે છે. જેટલી પરવસ્તુઓ હોય તેટલી વ્યાવૃત્તિઓ એક વસ્તુમાં કલ્પી શકાય છે.[૫૧] એટલે જ સામાન્યબુદ્ધિ( = એકાકાર બુદ્ધિ)નો વિષય વસ્તુસત્ સામાન્ય નહિ પરંતુ અન્યાપોહ ( = અન્યવ્યાવૃત્તિ) માનવો જોઈએ.

આ બૌદ્ધ માન્યતાને બીજા શબ્દોમાં રજૂ કરીએ. વસ્તુઓ સ્વલક્ષણ છે, એકબીજાથી અત્યન્ત ભિન્ન છે, દરેકને પોતાનો સ્વભાવ છે, એકનો સ્વભાવ બીજીમાં નથી. આવી વિલક્ષણ વસ્તુઓમાં આપણને અભેદજ્ઞાન થાય છે. જો એ વસ્તુઓમાં કોઈ એક બાહ્ય વસ્તુસત્ સામાન્ય ન હોય તો અભેદજ્ઞાન કેમ થાય? દરેક વસ્તુ કોઈ ને કોઈ કારણથી ઉત્પન્ન થાય છે અને કોઈ ને કોઈ કાર્ય ઉત્પન્ન કરે છે. જે વસ્તુઓમાં અતત્કારણવ્યાવૃત્તિ અને અતત્કાર્યવ્યાવૃત્તિ હોય છે તે વસ્તુઓમાં અનુગત વ્યવહાર થાય છે. ઉદાહરણાર્થ, જે વ્યક્તિઓ મનુષ્યરૂપ કારણથી ઉત્પન્ન થઈ છે અને આગળ ઉપર મનુષ્યરૂપ કાર્ય ઉત્પન્ન કરે છે તે વ્યક્તિઓમાં અમનુષ્યકારણવ્યાવૃત્તિ અને અમનુષ્યકાર્યવ્યાવૃત્તિ છે, અને તે વ્યાવૃત્તિઓને આધારે તે વ્યક્તિઓમાં 'મનુષ્ય મનુષ્ય' એવો અનુગત વ્યવહાર કરવામાં આવે છે. આમ મનુષ્યત્વ વિધ્યાત્મક વસ્તુસત્ સામાન્ય નથી,

પરંતુ નિષેધાત્મક (વ્યાવૃત્ત્યાત્મક) કાલ્પનિક સામાન્ય છે. જેવી રીતે ચક્ષુ, આલોક અને રૂપ પરસ્પર અત્યન્ત ભિન્ન વસ્તુઓ હોવા છતાં અરૂપજ્ઞાન-જનનવ્યાવૃત્તિને કારણે 'રૂપજ્ઞાનજનક' એવા સમાન અભિધાનને પામે છે, તેવી રીતે બધે જ અતદ્વ્યાવૃત્તિથી જ એકાકારપ્રતીતિ અને સમાનાભિધાન થાય છે. આમ શબ્દનો વાચ્ય પણ અપોહ છે, અપોહરૂપ સામાન્ય છે, વસ્તુસત્ સામાન્ય નથી. વિકલ્પજ્ઞાનનો યા નિશ્ચયાત્મક જ્ઞાનનો વિષય પણ આ અપોહરૂપ સામાન્ય જ છે. વસ્તુસત્ સ્વલક્ષણ નિર્વિકલ્પ પ્રત્યક્ષનો વિષય છે.

**પ્રત્યક્ષસિદ્ધાન્ત**–સૌત્રાન્તિકો વૈભાષિકની સહભૂહેતુની માન્યતાનું ખંડન કરે છે અને જણાવે છે કે જે બે સહભૂ હોય તેમની વચ્ચે કાર્યકારણભાવ ન હોય, તે બે ખરેખર તો એક કારણમાંથી ઉદ્ભવેલાં બે કાર્યો જ હોય.[પર] તેથી સૌત્રાન્તિકો અનુસાર પ્રત્યક્ષજ્ઞાન જ્યારે ઉત્પન્ન થાય છે ત્યારે તેનો વિષય નાશ પામી ગયો હોય છે. તો પછી તેને તે વિષયનું પ્રત્યક્ષ કેમ ગણી શકાય? આ પ્રશ્નનો ઉત્તર આપતી વેળા સૌત્રાન્તિકો સારૂપ્યની માન્યતાનો આશરો લે છે. તેઓ કહે છે કે ઇન્દ્રિયો મારફત વિષય પ્રથમ ક્ષણે ચિત્ત ઉપર પોતાની છાપ (સારૂપ્ય) પાડે છે અને આ છાપ દ્વારા આપણે બીજી ક્ષણે વિષયનું પ્રત્યક્ષ કરીએ છીએ. આમ સૌત્રાન્તિક અનુસાર આપણને વિષયનું સાક્ષાત્ પ્રત્યક્ષ થતું નથી પરંતુ જ્ઞાનગત વિષયના સારૂપ્ય દ્વારા વિષયનું પ્રત્યક્ષ થાય છે. આપણને સાક્ષાત્ પ્રત્યક્ષ વિષયના સારૂપ્યનું થાય છે, વિષયનું પ્રત્યક્ષ તો સારૂપ્ય દ્વારા જ થાય છે. આવો સૌત્રાન્તિકોનો મત હોવાથી તેમને બાહ્યાર્થાનુમેયવાદી ગણવામાં આવે છે.

## [૫] વિજ્ઞાનવાદ

વિજ્ઞાનવાદના મુખ્ય ગ્રંથો છે—વસુબંધુકૃત વિજ્ઞપ્તિમાત્રતાસિદ્ધિ, સ્થિરમતિએ રચેલું વિજ્ઞપ્તિમાત્રતાભાષ્ય, દિઙ્નાગકૃત આલંબનપરીક્ષા, ધર્મકીર્તિકૃત પ્રમાણવાર્તિકનો અમુક ભાગ અને પ્રજ્ઞાકરગુપ્તકૃત પ્રમાણવાર્તિકભાષ્ય.

એક વાર સ્વીકારાયું કે બાહ્ય વિષયનું સાક્ષાત્ પ્રત્યક્ષ થતું જ નથી પરંતુ તેણે ચિત્ત પર પાડેલી છાપનું જ પ્રત્યક્ષ થાય છે એટલે વિજ્ઞાનવાદનો માર્ગ મોકળો થઈ ગયો. વિજ્ઞાનવાદે જણાવ્યું કે બાહ્ય વિષય જ નથી. અને જ્ઞાનગત છાપ યા આકાર એ બાહ્ય વિષયનો છે એવું કહેવાને કોઈ આધાર નથી, તે તો વિજ્ઞાનનો પોતાનો આકાર છે.

વિજ્ઞાનવાદીઓ પોતાના મતના સમર્થનમાં નીચેની દલીલો આપે છે : (૧) જ્ઞાન પોતે જ પોતાને જાણે છે (સ્વસંવેદન). એટલે એને ગ્રાહ્ય વિષય તરીકે બાહ્ય વસ્તુની જરૂર નથી. જ્ઞાન પોતે પોતાને જાણે છે, જ્ઞાન પોતાના પ્રકાશ યા પ્રાકટ્યને માટે બીજા ઉપર આધાર રાખતું નથી એ વાત દીપકના દૃષ્ટાંતને આધારે સમજી શકાય. (૨) જ્યારે આપણે પ્રત્યક્ષથી 'નીલ'ને જાણીએ છીએ ત્યારે 'નીલ' અને 'નીલજ્ઞાન' એ બેની પ્રતીતિ સદા સાથે જ થાય છે. આ ઉપરથી જણાય છે કે તે બંને એક જ વસ્તુ છે. જે બે વસ્તુઓ અલગ હોય છે તેમનું જ્ઞાન કોઈક વાર તો અલગ થાય છે જ. પરંતુ અહીં તો એવું થતું નથી. એટલે તે બંને એક જ વસ્તુ હોવી જોઈએ. જ્ઞાનને માનવું અનિવાર્ય હોઈ 'નીલજ્ઞાન' જ સત્ વસ્તુ છે અને નહિ કે નીલ બાહ્ય વસ્તુ. 'નીલ' અને 'નીલજ્ઞાન' એ બેના સહોપલંભને આધારે એ બંનેનો અભેદ પુરવાર થાય છે. (सहोपलम्भनियमादभेदो नीलतद्धियोः). અર્થાત્, તે બેમાંથી એકનો સ્વીકાર કરવો જોઈએ અને બીજાને તદ્રૂપ જ ગણવું જોઈએ. એટલે કાં તો 'નીલ' બાહ્ય વસ્તુનો સ્વીકાર કરો કાં તો 'નીલજ્ઞાન'નો સ્વીકાર કરો. આ બે જ વિકલ્પો છે. માત્ર 'નીલ'ને સ્વીકારી 'નીલજ્ઞાન'નો છેદ ઉડાડવો અશક્ય છે. એટલે 'નીલજ્ઞાન' જ છે 'નીલ' બાહ્ય વસ્તુ નથી એમ માનવું જોઈએ. (૩) બાહ્ય વસ્તુઓ ન હોવાથી જ્ઞાનમાં ભાસતા આકારો જ્ઞાનના જ આકારો છે, બાહ્ય વસ્તુઓના આકારો નથી. (૪) જ્ઞાનના ભિન્ન ભિન્ન આકારોની નિયામક અનાદિ વાસના છે, બાહ્ય વસ્તુઓ નથી. (૫) બાહ્ય વસ્તુ વિના સ્મરણ, સ્વપ્ન વગેરે સ્થળે જ્ઞાનાકારો સંભવે છે. એટલે જ્ઞાનાકારો માટે બાહ્ય વસ્તુઓ નહિ પણ વાસના જ કારણભૂત છે.[૫૪] આ વાસના અનાદિ હોઈ તેના કારણરૂપે બાહ્ય વસ્તુનો સ્વીકાર થઈ શકે જ નહિ. આ દલીલો ઉપરથી સિદ્ધ થાય છે કે જ્ઞાન જ છે અને જ્ઞાનથી અતિરિક્ત બાહ્ય વસ્તુ છે જ નહિ.[૫૫]

વિજ્ઞાનવાદી સમક્ષ એ પ્રશ્ન આવ્યો કે જો બાહ્ય પદાર્થોનું અસ્તિત્વ ન હોય તો આપણાં પ્રત્યક્ષ અનુભવાત્મક જ્ઞાનોમાં 'ઘટ', 'પટ' વગેરે આકારોનું અંતર કેમ જણાય છે, કારણ કે સ્મરણાત્મક જ્ઞાનોનું અંતર તો અનુભવોના આધાર પર હોય છે પરંતુ અનુભવાત્મક જ્ઞાનોમાં અંતર જણાવાનું કારણ શું છે? માની લઈએ કે જ્ઞાન સ્વભાવથી જ નાના આકારોવાળું થાય છે, એના માટે અન્ય કોઈ નિમિત્તની આવશ્યકતા નથી, તો પણ એ પ્રશ્ન તો રહે છે કે સ્મરણાત્મક અને અનુભવાત્મક જ્ઞાનો વચ્ચે અંતર કેમ છે? આપણાં જ્ઞાન બે પ્રકારનાં છે—એક સ્મરણાત્મક અને બીજાં અનુભવાત્મક (પ્રત્યક્ષાત્મક).

પ્રત્યક્ષાત્મક જ્ઞાનો વિશદ યા સ્ફુટ હોય છે જ્યારે સ્મરણાત્મક જ્ઞાનો અવિશદ યા અસ્ફુટ હોય છે. વળી સ્મરણાત્મક જ્ઞાનો આપણી ઇચ્છાને અધીન હોય છે જ્યારે અનુભવાત્મક જ્ઞાન આપણી ઇચ્છા ઉપર નિર્ભર નથી—આંખ ખુલી એટલે એની આગળ જે કંઈ હશે તે પ્રત્યક્ષ થવાનું જ, તમારી ઇચ્છા હોય કે ન હોય. આ બે પ્રકારનાં જ્ઞાનમાં આવું અંતર કેમ છે? આ પ્રશ્નનો ઉત્તર વિજ્ઞાનવાદી એ આપે છે કે આપણાં સ્મરણાત્મક જ્ઞાન આ જન્મમાં થયેલા આપણા પ્રત્યક્ષાત્મક અનુભવોની વાસના ઉપર નિર્ભર છે જ્યારે પ્રત્યક્ષાત્મક જ્ઞાન આપણી અનાદિ વાસના ઉપર નિર્ભર છે. અનાદિ વાસના અનાદિ છે એટલે એના કારણ તરીકે કયારેય બાહ્ય વસ્તુ નથી જ.

વિજ્ઞાનવાદી બૌદ્ધો બધી જ ક્ષણિક વસ્તુઓને સત્ ન માનતાં માત્ર ક્ષણિક વિજ્ઞાનને જ સત્ માને છે. માત્ર વિજ્ઞાનને જ સત્ માનવાની આ વાત તેમને શાંકર વેદાન્તીઓની સમાન ભૂમિકાએ મૂકે છે. પરંતુ તે બન્ને વચ્ચે ભેદ એ છે કે વિજ્ઞાનવાદી વિજ્ઞાનાદ્વૈતમાં માને છે જ્યારે શંકર બ્રહ્માદ્વૈતમાં માને છે. વિજ્ઞાનવાદીઓનું વિજ્ઞાન એ ક્ષણિક ચિત્ત છે જ્યારે શંકરનું બ્રહ્મ ચિત્તથી અતિરિક્ત કૂટસ્થનિત્ય ચિત્ છે. વિજ્ઞાનવાદીઓ વિજ્ઞાનના અર્થાત્ ચિત્તના નાના સન્તાનો(continuums)માં માને છે અને ધર્મકીર્તિ જેવા તો સન્તાનાન્તરસિદ્ધિ જેવો ગ્રંથ લખી 'સોલિપ્સીઝમ'(solipsism)નો દોષ ટાળે છે. એથી ઊલટું, શાંકર વેદાન્તીઓ બ્રહ્મને એક અને કૂટસ્થનિત્ય માને છે. વિજ્ઞાનવાદીઓ સત્‌ની ત્રણ કોટિ સ્વીકારે છે—પરમાર્થ સત્, સંવૃતિ સત્ અને પરિકલ્પિત સત્. આપણે કહી શકીએ કે, એમને મતે ક્ષણિક વિજ્ઞાન જ પરમાર્થ સત્ છે, બાહ્ય ક્ષણિક વસ્તુઓ સંવૃતિ સત્ છે અને નિત્ય દ્રવ્ય વગેરે પરિકલ્પિત સત્ છે. શંકર પણ સત્‌ની ત્રણ કોટિ સ્વીકારે છે—પારમાર્થિક, વ્યાવહારિક અને પ્રાતિભાસિક. તેમને મતે કૂટસ્થનિત્ય બ્રહ્મ ચેતન જ પરમાર્થ સત્ છે કારણ કે તે ત્રિકાલસ્થાયી છે; ઘટ, પટ, આદિ વ્યાવહારિક સત્ છે કારણ કે તે વ્યવહારકાલમાત્રસ્થાયી છે પરંતુ તત્ત્વજ્ઞાનનાશ્ય છે; શુક્તિરજતાદિ પ્રાતિભાસિક સત્ છે કારણ કે તે પ્રતિભાસકાલમાત્રસ્થાયી છે પરંતુ અધિષ્ઠાન-જ્ઞાનનાશ્ય છે.

## [૬] શૂન્યવાદ

શૂન્યવાદના મુખ્ય ગ્રંથો છે—નાગાર્જુનકૃત વિગ્રહવ્યાવર્તની અને માધ્યમિકકારિકા; આર્યદેવકૃત ચતુઃશતક; ચન્દ્રકીર્તિકૃત માધ્યમિકાવતાર, પ્રસન્નપદા નામની માધ્યમિકાવતારટીકા અને ચતુઃશતકટીકા.

શૂન્યવાદીઓ અનુસાર ક્ષણિક 'ધર્મ' સત્ નથી, અર્થાત્ ક્ષણિક બાહ્ય વિષયો કે ક્ષણિક વિજ્ઞાન સત્ નથી. તેઓ 'ધર્મનૈરાત્મ્ય' યા 'ધર્મશૂન્યતા'ની સ્થાપના કરે છે. થેરવાદ, વૈભાષિક, સૌત્રાન્તિક અને વિજ્ઞાનવાદી અનુસાર 'પ્રતીત્યસમુત્પાદ'નો અર્થ હતો 'કારણના હોતાં કાર્યનું ઉત્પન્ન થવું.' પરંતુ શૂન્યવાદે પ્રતીત્યસમુત્પાદને એક ડગલું આગળ વધાર્યો. 'એના હોતાં (=કારણના હોતાં) આ (=કાર્ય) ઉત્પન્ન થાય છે' એનો અર્થ એ છે કે પ્રત્યેક વસ્તુ બીજી વસ્તુ પર નિર્ભર છે અર્થાત્ એનો 'સ્વભાવ', 'સ્વરૂપ' યા 'સત્ત્વ' બીજી વસ્તુ ઉપર આધાર રાખે છે. આમ વસ્તુને પોતાનો સ્વભાવ યા સત્ત્વ નથી. પ્રત્યેક વસ્તુ બીજી વસ્તુ પર આધાર રાખતી હોવાથી 'નિ:સ્વભાવ' યા 'સ્વરૂપશૂન્ય' છે. શૂન્યવાદ અનુસાર 'પ્રતીત્યસમુત્પાદ'નો અર્થ છે વસ્તુઓની પરસ્પરસાપેક્ષતા (relativity) =નિ:સ્વભાવતા યા શૂન્યતા.[૫૬] આ સિદ્ધાંત અનુસાર 'ધર્મો' નિ:સ્વભાવ યા શૂન્ય મનાયા છે.

શૂન્યવાદી નાગાર્જુનની 'માધ્યમિકકારિકા'માં રજૂ થયેલી તર્કપદ્ધતિ સૂક્ષ્મ છે. તેમાં ગતિ, ઇન્દ્રિય, સ્કન્ધ, ધાતુ, દુ:ખ, સંસર્ગ, સ્વભાવ, કર્મ, બંધ—મોક્ષ, કાલ, આત્મા વગેરે માન્યતાઓની પાંડિત્યપૂર્ણ પરીક્ષા કરી એવી સ્થાપના કરવામાં આવી છે કે એ બધી માન્યતાઓ શૂન્ય છે, સ્વભાવશૂન્ય છે, નિ:સ્વભાવ છે, ઠાલી છે. ખરેખર તો નાગાર્જુનનો આશય બુદ્ધિની ક્ષુદ્રતા, એનો dialectical સ્વભાવ પ્રગટ કરવાનો છે. તેના ગ્રંથમાં તો સ્વયં બુદ્ધિની પરીક્ષા છે. બુદ્ધિ દ્વારા બુદ્ધિની ક્ષુદ્રતાનું ભાન થતાં પ્રજ્ઞાનો સાક્ષાત્કાર થાય છે. આ પ્રજ્ઞા જ પરમતત્ત્વ છે. તેનો સ્વભાવ પરતંત્ર નથી પણ સ્વતંત્ર છે. તે લક્ષણશૂન્ય છે, અલક્ષણ છે અર્થાત્ અવર્ણનીય–અનિર્વચનીય છે. તે સત્ પણ નથી, અસત્ પણ નથી, તે સત્ ને અસત્ બંનેરૂપ નથી તેમ જ સત્ ને અસત્ બંનેથી ભિન્નરૂપ પણ નથી. તે દષ્ટિશૂન્ય છે.[૫૭]

શૂન્યવાદીઓ પણ સત્‌ની ત્રણ કોટિ સ્વીકારે છે પરિનિષ્પન્ન, પરતંત્ર અને પરિકલ્પિત. પરમતત્ત્વ પ્રજ્ઞા (=શૂન્ય) એ પરિનિષ્પન્ન છે. જેનો સ્વભાવ સ્વતંત્ર હોય તે પરિનિષ્પન્ન કહેવાય. ક્ષણિક ધર્મો પરતંત્ર છે અને નિત્ય દ્રવ્ય વગેરે પરિકલ્પિત છે. અસંસ્કૃત અર્થાત્ શુદ્ધ ચિત્તધર્મ પરિનિષ્પન્ન છે, સંસ્કૃત અર્થાત્ અશુદ્ધ ચિત્તધર્મ પરતંત્ર છે અને નિત્ય આત્મા પરિકલ્પિત છે. શુદ્ધ ચિત્તધર્મો પરિનિષ્પન્ન છે કારણ કે આ ચિત્તધર્મોને પોતાની ઉત્પત્તિ માટે કારણસામગ્રી ઉપર આધાર રાખવો પડતો નથી, અથવા ચિત્તધર્મોની શુદ્ધતા તેમનો સ્વભાવ છે અને તેથી તેને ચિત્તધર્મ સિવાય બીજા કશાની અપેક્ષા નથી. અશુદ્ધ

ચિત્તધર્મો પરતંત્ર છે કારણ કે તેમની ઉત્પત્તિ કારણસામગ્રીની અપેક્ષા રાખે છે, આગંતુક મળોને લીધે જ અશુદ્ધ ચિત્તધર્મો ઉત્પન્ન થાય છે.

## [૭] ન્યાયવાદ

આ સંપ્રદાયના મુખ્ય ગ્રંથો ત્રણ ગણી શકાય—દિઙ્‌નાગનો પ્રમાણસમુચ્ચય અને ધર્મકીર્તિના ન્યાયબિંદુ તથા પ્રમાણવાર્તિક.

દિઙ્‌નાગે જ્ઞાનના બે ભેદ કર્યા — અનુભવાત્મક યા સંવેદનાત્મક (=નિર્વિકલ્પક) અને વિચારાત્મક યા સ્મરણાત્મક (=સવિકલ્પક). આ બંને પ્રકારો પરસ્પરવ્યાવૃત્ત છે. અનુભવાત્મક જ્ઞાન જ વસ્તુને યથાર્થ જાણે છે. પરંતુ આ અનુભવાત્મક જ્ઞાન નિશ્ચયાત્મક નથી અર્થાત્ તે દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય વગેરે કલ્પનાઓથી રહિત છે. તેમાં પૂર્વાપરાનુસંધાન છે જ નહિ. એટલે તે શબ્દ-શૂન્ય છે, વિચારશૂન્ય છે.[૫૮] વિચારાત્મક જ્ઞાન યા સ્મરણાત્મક જ્ઞાનમાં પૂર્વાપરાનુસંધાન, વિચાર અને કલ્પનાઓ હોય છે. તે વસ્તુને યથાર્થ જાણતું નથી. તે વસ્તુને તેના શુદ્ધ રૂપે જાણતું નથી. તે વસ્તુ ઉપર કલ્પનાઓનો આરોપ કરે છે. તે વસ્તુને વિકૃત રૂપે જાણે છે. તે નિશ્ચયાત્મક છે.

આ જ્ઞાનસિદ્ધાંતનું મૂળ દિઙ્‌નાગના પ્રમેયદ્વૈવિધ્યના સિદ્ધાન્તમાં છે. પ્રમેયના બે પ્રકાર છે – 'સ્વલક્ષણ' અને 'સામાન્યલક્ષણ'. સ્વલક્ષણ સર્વથા વિશેષરૂપ તત્ત્વ છે. તેની બાબતમાં દેશવ્યાપ્તિ કે કાળવ્યાપ્તિ સંભવતી નથી.[૫૯] કાળની દૃષ્ટિએ તે ક્ષણિક છે અને દેશની દૃષ્ટિએ પણ તે લંબાઈ, પહોળાઈ અને જાડાઈ વિનાના બિંદુ સમાન છે. આ ક્ષણિક સ્વલક્ષણ જ બાહ્ય જગતમાં અસ્તિત્વ ધરાવે છે. તે જ પરમાર્થ સત્ છે કારણ કે તે જ અર્થક્રિયાકારી છે. દઝાડવાનું કામ અગ્નિસ્વલક્ષણ કરે છે, નહિ કે અગ્નિસામાન્યલક્ષણ. સામાન્ય-લક્ષણ વિકલ્પરૂપ છે, માનસ છે; તેનું અસ્તિત્વ બાહ્ય જગતમાં નથી. દિઙ્‌નાગે ગોત્વ વગેરે સામાન્યોને બાહ્ય સત્ માનનારનો અત્યંત વિરોધ કર્યો છે અને જણાવ્યું છે કે ગોત્વ વગેરે સામાન્યો અતદ્વ્યાવૃત્તિરૂપ છે. ગાયોમાં રહેનારું ગોત્વ કોઈ બાહ્ય વિધિરૂપ ભાવપદાર્થ નથી પરંતુ બધી ગાયોનું ભેંસ, ઊંટ, હાથી વગેરે બધી અગાય વસ્તુઓથી ભિન્ન હોવું તે (અગોવ્યાવૃત્તિ) છે. આ અતદ્વ્યાવૃત્તિ એ જ સામાન્યનું સ્વરૂપ છે. તેથી સામાન્ય નિષેધરૂપ અને કાલ્પનિક છે.

પ્રમેય બે પ્રકારના હોવાથી પ્રમાણો પણ બે પ્રકારના છે — પ્રત્યક્ષ (= અનુભવ) અને અનુમાન. પ્રત્યક્ષ સ્વલક્ષણને જ ગ્રહણ કરે છે. અનુમાનનો વિષય છે 'સામાન્યલક્ષણ'. આ કારણે અનુમાનને ભ્રાન્ત ગણવામાં આવ્યું છે. અહીં કોઈને પ્રશ્ન થાય કે જો એ ભ્રાન્ત હોય તો પ્રમાણ શેનું અને પ્રમાણ હોય તો ભ્રાન્ત શેનું? ભ્રાન્તિ બે પ્રકારની હોય છે – વિસંવાદી અને અવિસંવાદી. અનુમાન અવિસંવાદી ભ્રાન્તિ છે માટે તેને પ્રમાણ ગણ્યું છે. અનુમાનથી ગૃહીત સામાન્યલક્ષણ પરંપરાથી સ્વલક્ષણ સાથે સંબદ્ધ હોવાથી જ્ઞાતાની પ્રવૃત્તિ સફળ થાય છે. આમ અનુમાન જે વસ્તુ સ્વલક્ષણરૂપ છે તેને યથાર્થરૂપે ગ્રહણ ન કરતું હોવાથી ભ્રાન્ત છે પરંતુ તે અવિસંવાદી હોવાથી પ્રમાણ છે.[૬૦]

## [૮] બૌદ્ધ દર્શનનો પ્રભાવ

બૌદ્ધ દાર્શનિકો ઉત્તમ ચિંતકો હતા. તેમણે પોતાના સિદ્ધાંતોનું પ્રતિપાદન તર્કબદ્ધ રીતે સૂક્ષ્મતાથી કર્યું છે અને વિરોધી દાર્શનિક સિદ્ધાંતોનું ખંડન પણ તર્કને આધારે ખૂબ સૂક્ષ્મતાથી કર્યું છે. બૌદ્ધોએ અન્ય બધા જ દાર્શનિકોને પ્રબળ પૂર્વપક્ષ પૂરો પાડ્યો છે. એટલું જ નહિ, પણ બૌદ્ધ આલોચનાએ તેમને પોતાના દાર્શનિક સિદ્ધાંતોને પરિષ્કૃત કરવા માટે અને તેમનો બચાવ કરવા માટે વિશેષ ચિંતન કરવા પ્રેર્યા છે. ભારતીય દર્શનમાં જે ઊંડાણ અને વિશદતા છે તે બૌદ્ધ દાર્શનિકોએ કરેલા પ્રબળ ચિંતનસ્ફોટોને આભારી છે. બૌદ્ધ ચિંતકોએ ભારતીય દર્શનમાં પ્રાણ પૂર્યો છે, તેને ચેતનવંતુ રાખ્યું છે અને તેમાં સૂક્ષ્મતા તેમ જ તીક્ષ્ણતા આણી છે. બૌદ્ધ દાર્શનિકોએ આવો ફાળો ન આપ્યો હોત તો ભારતીય દર્શન કંગાળ રહ્યું હોત એ નિઃશંક છે. ભારતીય દર્શનનો કોઈ પણ પ્રૌઢ ગ્રંથ લેશો તો જણાશે કે તેનો મોટો ભાગ બૌદ્ધ સિદ્ધાંતોની સમાલોચનામાં અને સ્વસિદ્ધાંતોની બૌદ્ધ સમાલોચનાના ઉત્તરમાં રોકાયેલો છે. મીમાંસક કુમારિલનું શ્લોકવાર્તિક, નૈયાયિક જયંત ભટ્ટની ન્યાયમંજરી અને જૈનાચાર્ય વાદિ દેવસૂરિનો સ્યાદ્વારત્નાકર આ વાતનું સમર્થન કરતાં દૃષ્ટાંતો છે.

ઉપનિષદોનાં વાકયોની અર્થસંગતિ કરવા માટે બાદરાયણે બ્રહ્મસૂત્ર (આનુ૦ ઈ. સ. ૨૭૫) લખ્યાં. આ બ્રહ્મસૂત્રને વેદાન્તસૂત્ર પણ કહેવામાં આવે છે. બાદરાયણને તેમાં સૌત્રાન્તિક બૌદ્ધ સિદ્ધાન્તો, વિજ્ઞાનવાદ અને શૂન્યવાદનું ખંડન કરવું પડ્યું છે. અદ્વૈત વેદાન્તના પ્રથમ આચાર્ય ગૌડપાદ તો શૂન્યવાદ અને વિજ્ઞાનવાદથી ખૂબ પ્રભાવિત થયા હતા. તેમણે માંડૂકય ઉપનિષદ્‌ની કારિકાઓની વ્યાખ્યામાં જગત ભ્રમ છે એવું પ્રતિપાદન કર્યું. શંકરાચાર્યે ગૌડ-

પાદને અનુસરી, બૌદ્ધ શૂન્યવાદ અને વિજ્ઞાનવાદની જગતને મિથ્યા માનવાની દલીલોનો ઉપયોગ કરી જગતને ભ્રમરૂપ અને અસત્ સાબિત કર્યું. ગૌડપાદ અને શંકર બંનેએ આ માટે એટલી હદે બૌદ્ધ વિચારધારાને સ્વીકારી લીધી હતી કે પ્રાચીન કાળમાં એવી જનશ્રુતિ ચાલી કે શંકરનો માયાવાદ તરીકે પ્રસિદ્ધ અદ્વૈતવાદ પ્રચ્છન્ન બૌદ્ધ દર્શન જ છે.[૬૧]

વૈશેષિકદર્શનના મૂળભૂત ગ્રંથ પદાર્થધર્મસંગ્રહના રચયિતા પ્રશસ્તપાદે (આનુ૦ ઈ. સ. ૪૫૦) વૈશેષિક પદાર્થોની બૌદ્ધ કટુ આલોચનાને ધ્યાનમાં રાખીને બાહ્યાર્થવાદને દૃઢ કરવા ખૂબ પ્રયત્ન કર્યો છે. પરિણામે, તેમણે સામાન્ય, વિશેષ અને સમવાયને બાહ્ય જગતમાં અસ્તિત્વ ધરાવતી સત્ વસ્તુઓ માની છે; અસત્કાર્યવાદની સ્થાપના કરી છે; શરીરોમાં પ્રતિક્ષણ પરિવર્તન સ્વીકાર્યું છે; સંખ્યા, સંયોગ, વિભાગ વગેરેને પણ બાહ્ય જગત્‌માં અસ્તિત્વ ધરાવતી સત્ વસ્તુઓ માની છે; સંખ્યા વગેરેની બાબતમાં ક્ષણોની દૃષ્ટિએ વિચાર કર્યો છે અને વૈશેષિક પદાર્થોનું અસ્તિત્વ ન જોખમાય એ ખાતર સામાન્યના જ્ઞાન પૂર્વે બધા જ પદાર્થોના અવિભક્ત આલોચનરૂપ જ્ઞાનની ભૂમિકા સ્વીકારી છે. વૈશેષિકદર્શનની પાયાની કહી શકાય એવી માન્યતાઓ, જેવી કે પરમાણુ, અવયવી, દ્રવ્ય, સ્થાયિત્વ, વગેરેની બૌદ્ધોએ કડક સમાલોચના કરી છે. એટલે પ્રત્યેક વૈશેષિક ચિંતકને તે સમાલોચનાનો પ્રતિવાદ કરવો પડે છે. બૌદ્ધોના અપોહવાદ સામે પોતાના સામાન્યપદાર્થને ટકાવવા વૈશેષિકોને કેટલી બુદ્ધિ કસવી પડી હશે તેનો જરા વિચાર કરી જુઓ.

ન્યાયદર્શનનો વિકાસ પ્રધાનપણે બૌદ્ધ તાર્કિકો સાથેના સંઘર્ષથી થયો છે. ગૌતમે પોતાના ન્યાયસૂત્રમાં બૌદ્ધ નાગાર્જુનના (આનુ. ઈ. સ. ૨૦૦) શૂન્યવાદનું ખંડન કર્યું છે એવો કેટલાક વિદ્વાનોનો મત છે. દિઙ્‌નાગે (આનુ. ઈ. સ. ૫૦૦) પોતાના પ્રમાણસમુચ્ચય ગ્રંથમાં વાત્સ્યાયન ઉપર આક્રમણ કર્યું છે. ઉદ્યોતકર પોતાના ન્યાયવાર્તિકના પ્રારંભિક શ્લોકમાં સ્પષ્ટપણે કહે છે કે કુતાર્કિકોએ ફેલાવેલા અજ્ઞાનને દૂર કરવા હું આ ગ્રંથની રચના કરું છું. વાચસ્પતિ તેમના આ વાક્યને સમજાવતાં કહે છે કે 'કુતાર્કિકો' થી અહીં દિઙ્‌નાગ વગેરે બૌદ્ધો ઉદ્યોતકરને અભિપ્રેત છે. ઉદ્યોતકરે પોતાના વાર્તિકમાં પ્રધાનપણે દિઙ્‌નાગને લક્ષ્ય બનાવ્યો છે. ઈસ્વીસનની સાતમી શતાબ્દીમાં બૌદ્ધ ધર્મકીર્તિએ દિઙ્‌નાગની વિચારધારાને પ્રૌઢ શૈલીમાં વિશદરૂપે પ્રગટ કરી. તેણે નૈયાયિકોના સિદ્ધાન્તોની અત્યંત કઠોર સમાલોચના કરી છે. તેને પરિણામે પ્રસિદ્ધ નૈયાયિક જયંત ભટ્ટે પોતાની ન્યાયમંજરીમાં

ધર્મકીર્તિને સબળ ઉત્તર આપ્યો છે. વાચસ્પતિએ ન્યાયવાર્તિકતાત્પર્યટીકાની રચનાનું પ્રયોજન દર્શાવતાં કહ્યું છે કે ઉદ્યોતકરની વાણી ઉપર કુતાર્કિકોએ કરેલા આક્રમણમાંથી તેનો ઉદ્ધાર કરવા આ ટીકાની રચના હું કરું છું. તેમણે દિઙ્‌નાગ અને ધર્મકીર્તિના મતનું ખંડન કર્યું છે. નૈયાયિક ઉદયનાચાર્યની સમક્ષ આ બે બૌદ્ધ ચિંતકો ઉપરાંત બીજા બૌદ્ધ ચિંતકો પણ છે.

મીમાંસક દાર્શનિકોમાં કુમારિલ અને પ્રભાકર મુખ્ય છે. આ બંને ઈસ્વીસનની આઠમી શતાબ્દીમાં ઉદ્‌ભવ્યા છે. મીમાંસકો વૈશેષિક પદાર્થોને સ્વીકારે છે. એટલે તે પદાર્થોના બૌદ્ધ ખંડનનો પ્રતિકાર તેમને કરવો પડ્યો છે. કુમારિલે પોતાના શ્લોકવાર્તિકમાં બૌદ્ધ અપોહવાદનું વિસ્તારથી ખંડન કર્યું છે. વળી, તેમણે બાહ્યાર્થવાદના બચાવમાં નિરાલંબનવાદ (=વિજ્ઞાનવાદ) અને શૂન્યવાદ ઉપર આકરા પ્રહારો કર્યા છે. તેમણે બાહ્યાર્થવાદની રક્ષા કાજે 'જ્ઞાતતા' સિદ્ધાંતની સ્થાપના કરી છે. આ સિદ્ધાંત અનુસાર જ્ઞાન કદી પ્રત્યક્ષગમ્ય નથી, તે સદા અનુમેય છે, પરોક્ષ છે. આ સિદ્ધાંત વિશે ન્યાયમંજરીકાર જયંત ભટ્ટે જે કહ્યું છે તે નોંધપાત્ર છે. તે કહે છે, "મીમાંસકોને એટલો બધો કોનો ભય લાગ્યો કે તેમણે આવું વિચિત્ર માની લીધું? મીમાંસકોને બૌદ્ધોનો ભય લાગ્યો હોવો જોઈએ. તેથી, વિષયનું પ્રત્યક્ષ થાય છે ત્યારે જ્ઞાનનું પ્રત્યક્ષ થતું નથી પરંતુ પછીથી તેનું અનુમાન થાય છે આટલું જ માનીશું તો બાહ્યાર્થને નહિ માનનાર વિજ્ઞાનવાદી બૌદ્ધોને પરાસ્ત કરી શકીશું એમ મીમાંસકોએ સ્વીકાર્યું લાગે છે."[૬૨] આમ વિજ્ઞાનવાદી બૌદ્ધોના પ્રહારોથી બાહ્યાર્થવાદનું રક્ષણ કરવા મીમાંસક કુમારિલે 'જ્ઞાતતા' સિદ્ધાંત ઘડ્યો લાગે છે. પ્રભાકર ઉપર બૌદ્ધ વિચારધારાની ખૂબ અસર છે. પરંતુ તેની ચર્ચા અહીં પ્રસ્તુત નથી.

આઠમી શતાબ્દીમાં શાંતરક્ષિતે પોતાના તત્ત્વસંગ્રહ નામના ગ્રંથમાં બૌદ્ધેતર દર્શનોનું વિસ્તૃત ખંડન કર્યું છે. તેના ઉપર કમલશીલની વિશદ ટીકા છે. આઠમીથી બારમી શતાબ્દીઓની વચ્ચે પણ અનેક પ્રભાવશાળી બૌદ્ધ ચિંતકો થઈ ગયા. કર્ણગોમી, પ્રજ્ઞાકરગુપ્ત, અર્ચટ, ધર્મોત્તર, જિતારિ, દુર્વેકમિશ્ર, જ્ઞાનશ્રીમિત્ર, રત્નકીર્તિ, અશોક, રત્નાકરશાન્તિ, મોક્ષાકરગુપ્ત જેવા અનેક બૌદ્ધ ચિંતકો આ ગાળામાં થયા છે. બૌદ્ધ દાર્શનિક સાહિત્યનું લેશમાત્ર મૂળ સંસ્કૃતમાં ઉપલબ્ધ છે. ૧૨મી શતાબ્દીમાં બૌદ્ધ ધર્મના પતનની સાથે એ સાહિત્યનો અધિકાંશ લુપ્ત થઈ ગયો છે. અલબત્ત, ઘણા બૌદ્ધ સંસ્કૃત ગ્રંથોના તિબેટી ભાષામાં કરાયેલા અનુવાદો ઉપલબ્ધ છે. કેટલાક બૌદ્ધ સંસ્કૃત ગ્રંથોના ચીની

અનુવાદો પણ મળે છે. કુમારિલ, શંકર, વાચસ્પતિ અને ઉદયનની દલીલોથી બૌદ્ધ દર્શન નિરાકૃત થઈ ગયું છે એમ માનવું તે નાગાર્જુન, દિઙ્‌નાગ, ધર્મકીર્તિ, પ્રજ્ઞાકરગુપ્ત, જ્ઞાનશ્રીમિત્ર, વગેરે બૌદ્ધ દાર્શનિકોની અવહેલના કરવા બરાબર છે. ખરેખર તો સમગ્ર ભારતીય દર્શન ઉપર બૌદ્ધ દર્શનની ચેતનાપ્રદ પ્રભા પથરાયેલી છે.

## ટિપ્પણ

૧. '**मिलिन्दप्रश्न**'માં આવેલું પ્રસિદ્ધ રથદષ્ટાંત.
**अनत्तलक्खणसुत्त, महावग्ग, विनयपिटक**

२. **भारहारसुत्त, संयुत्तनिकाय**

३. **बौद्धधर्म के विकास का इतिहास, पृ० २८२, २९८**

४. **बहुधातुकसुत्तन्त, मज्झिमनिकाय**

५. 'इति खो, भिक्खवे, या तत्र तथता, अवितथता, अनञ्ञाता, इदप्पच्चयता अयं वुच्चति भिक्खवे पटिच्चसमुप्पादो।' **संयुत्तनिकाय (विसुद्धिमग्ग १७/५** માં ઉદ્ધૃત).

६. **विसुद्धिमग्ग १७/६**

७. गम्भीरो चायं आनन्द पटिच्चसमुप्पादो गम्भीरावभासो च। **संयुत्तनिकाय** (*PTS*), पृ. ९२

८. एतस्स आनन्द धम्मस्स अननुबोधा अप्पटिवेधा एवं अयं पजा...अपायं दुग्गतिं विनिपातं संसारं नातिवत्तति। **महानिदानसुत्त, दीघनिकाय**

९. हेतुम्हि ञाणं धम्मपटिसम्भिदा। **विभंग (विसुद्धिमग्ग १७/३०६**માં ઉદ્ધૃત).

१०. हेतुनो हि धम्मोति नामं। **विसुद्धिमग्ग १७/३०६**

११. **महाहत्थिपदोपमसुत्त, मज्झिमनिकाय.**

१२. **निदानसंयुत्त, संयुत्तनिकाय**

१३. **संयुत्तनिकाय**

१४. **निदानसंयुत्त, संयुत्तनिकाय; महानिदानसुत्त, दीघनिकाय**

१५. *Indian Buddhism* (Warder,) pp. 107-117

૧૬. *The Psychological Attitude of Early Buddhist Philosophy* (Anagarika Govinda) p. 102

૧૭. *Akalanka's Criticism of Dharmakirti's Philosophy*, p. 3

૧૮. **मज्झिमनिकाय १. १. २**

૧૯. प्रभास्वरमिदं चित्तं प्रकृत्यागन्तवो मलाः। **प्रमाणवार्तिक। १. २१०**

*Some Reflections on the Problem of Jñana and Darśana* J. O. I, Baroda, Vol. XXIV, No. 1–2, p. 54

૨૦. **पाथिकसुत्त, दीघनिकाय। केवट्टसुत्त, दी. नि.।**

૨૧. **इन्द्रियभावनासुत्त, मज्झिमनिकाय।**

૨૨. कम्मा विपाका वत्तन्ति विपाको कम्मसम्भवो। कम्मा पुनब्भवो होति एवं लोको पवत्तति॥ **विभंग (विसुद्धिमग्ग, कंखावितरणविसुद्धिनिद्देस**માં ઉદ્ધૃત**)**

૨૩. **तेविज्जवच्छगोत्तसुत्त** તથા **बोधिराजकुमारसुत्त, मज्झिमनिकाय; वेरंजकब्राह्मणसुत्त, अंगुत्तरनिकाय।**

૨૪. જુઓ ગાથાઓ ૪૦૦–૪૪૭

૨૫. 'कम्मं सत्ते विभजति यदिदं हीनपणीतताया'ति। **चूलकम्मविभंगसुत्त, मज्झिमनिकाय।**

૨૬. **चूलकम्मविभंगसुत्त, म. नि.**

૨૭. **महाकम्मविभंगसुत्त, सालेय्यसुत्त** तथा **वेरंजकसुत्त, मज्झिमनिकाय।**

૨૮. **संघाटिसुत्त, इतिवुत्तक।**

૨૯. **बौद्धधर्मदर्शन, पृ० २५७–२५८**

30. એજન, પૃ૦ ૨૨૪–૨૨૫, ૨૫૬–૨૫૭; **बौद्ध दर्शन तथा अन्य भारतीय दर्शन, भा० १, पृ० ४८०।** चेतनाहं भिक्खवे कम्मं ति वदामि। चेतयित्वा हि कम्मं करोति कायेन वाचा य मनसा वा। **अंगुत्तरनिकाय।** सत्त्वलोकमथ भाजनोलोकं चित्तमेव रचयत्यतिचित्रम्। कर्मजं हि जगदुक्तमशेषं कर्म चित्तमवधूय च नास्ति॥ **बोधिचर्यावतारपञ्जिका, पृ० ९९, ४७२।** मनोपुब्बंगमा धम्मा मनोसेट्ठा

मनोमया । मनसा चे पदुट्ठेन भासति वा करोति वा । ततो नं दुक्खमन्वेति चक्कं व वहतो पदं ॥ **धम्मपद १.१ ।**

३१. **अभिधर्मकोश, ४.१२० । बौद्धधर्मदर्शन, पृ० २५०**

३२. **बौद्धधर्मदर्शन, पृ० २६७**

૩૩. એજન, પૃ૦ ૨૭૨–૨૭૩

૩૪. એજન, પૃ૦ ૨૬૪

૩૫. એજન, પૃ૦ ૨૭૮–૩૦૮; **बौद्धदर्शनमीमांसा, पृ० १४३–१५७; बौद्ध दर्शन तथा अन्य भारतीय दर्शन, भा० १, पृ० ४८७–५२३ ।** જૈન વિદ્વાન અકલંકે પોતાના ગ્રંથ '**तत्त्वार्थराजवार्तिक**'માં બૌદ્ધ નિર્વાણ વિશે સાચું જ કહ્યું છે કે : रूपवेदनासंज्ञासंस्कारविज्ञानपञ्चस्कन्धनिरोधाद् अभावो (=पञ्चस्कन्धाभावो) मोक्षः । યોગદર્શનની સર્વચિત્તવૃત્તિનિરોધની અવસ્થા સાથે બૌદ્ધ નિર્વાણની અવસ્થાને સરખાવો. બૌદ્ધ નિર્વાણના વર્ણનને શાન્તરસના નિમ્નલિખિત વર્ણન સાથે સરખાવો—

न यत्र दुःखं न सुखं न चिन्ता<br>
न द्वेषरागौ न च काचिदिच्छा ।<br>
रसः स शान्तः कथितो मुनीन्द्रैः<br>
सर्वेषु भावेषु शमप्रधानः ॥

३६. तानि पन सत्तरस चित्तक्षणानि रूपधम्मानं आयु । **अभिधम्मत्थसंगहो, ४.८ ।**

૩૭. *Central Conception of Buddhism* (Th. Stcherbatsky), pp. 35–36.

૩૮. सभागता नाम द्रव्यम् । **अभिधर्मकोशभाष्य २.४१ अ ।** सा पुनरभिन्ना भिन्ना च । अभिन्ना सर्वसत्त्वानां सत्त्वसभागता । प्रतिसत्त्वं सर्वेषु भावात् । भिन्ना पुनस्तेषामेव सत्त्वानां धातु...अशैक्षादिभेदेन प्रतिनियता धर्मसभागता । पुनः स्कन्धायतनधातुतः यदि सत्त्वसभागता द्रव्यमवशिष्टं न स्यात्, अन्योन्यविशेषभिन्नेषु सत्त्वेषु 'सत्त्व सत्त्व' इत्यभेदेन बुद्धिर्न स्यात् प्रतिपत्तिश्च । **अभिधर्मकोशभाष्य, २.४१अ ।** सा सर्वसत्त्ववर्तिनी प्रतिसत्त्वमन्यान्यापि अभिन्ना इत्युच्यते सादृश्यात् । न हि सा यथा वैशेषिकानामेका नित्या चेति । **स्फुटार्था २.४१ ।**

३९. स्फुटार्था, २.५०–५१ ।

४०. *Buddhist Logic*, Vol. I, pp. 86–87.

४१. हेतुबिन्दु, पृ० ५७–६३

४२. येषां तावद् विनाशो दृश्यते तेषां यदि न प्रतिक्षणं विनाशः स्यात् तदा विनाशप्रतीतिरेव न स्यात् । तथा हि यदि द्वितीये क्षणे भावस्य स्थितिस्तदासौ सर्वदैव तिष्ठेत् । द्वितीयेऽपि क्षणे क्षणद्वयस्थायिस्वभावत्वात् । तदा च तेनापरक्षणद्वयं स्थातव्यम्...इति न विनाशो भावस्य स्यात् । दृश्यते च। तस्माद् विनाशप्रतीत्यन्यथानुपपत्त्या प्रतिक्षणविनाशानुमानम् । **प्रमाणवार्तिक स्वो० कर्ण०, पृ० ३६९ ।**

४३. **न्यायमंजरी** (કાશીસંસ્કૃત સીરિઝ ૧૦૬) ભા. ૨, પૃ૦ ૨૦ ઉપર બૌદ્ધ પૂર્વપક્ષ.

४४. **न्यायकन्दली,** (ગંગાનાથ ગ્રંથમાલા ૧) પૃ૦ ૧૯૩ ઉપર બૌદ્ધ પૂર્વપક્ષ.

४५. **न्यायमंजरी,** ભા. ૨, પૃ૦ ૨૧ ઉપર બૌદ્ધ પૂર્વપક્ષ.

४६. એજન, પૃ૦ ૨૨ ઉપર બૌદ્ધ પૂર્વપક્ષ.

४७. **न्यायकन्दली,** પૃ૦ ૧૯૬ ઉપર બૌદ્ધ પૂર્વપક્ષ.

४८. **न्यायमंजरी,** ભા. ૨, પૃ૦ ૨૩–૨૪ ઉપર બૌદ્ધ પૂર્વપક્ષ.

४९. **વૈભાષિકદર્શન** (બંગાળી) પૃ૦ ૨૨૫–૨૨૭.

५०. एकार्थप्रतिभासिन्या भावानाश्रित्य भेदतः ।
परस्परं स्वरूपेण यया संव्रियते धिया ॥ ६७ ॥
तया संवृतनानात्वाः संवृत्या भेदिनः स्वयम् ।
अभेदिन इवाभान्ति भेदा रूपेण केनचित् ॥ ६८ ॥
तस्य अभिप्रायवशात् सामान्यं सत् प्रकीर्तितम् ।
तदसत् परमार्थेन यथा संकल्पितं तया ॥ ६९ ॥
**प्रमाणवर्तिक ३ ।**

५१. तस्माद् यतो यतोऽर्थानां व्यावृत्तिस्तन्निबन्धनाः ।
जातिभेदाः प्रकल्प्यन्ते तद्विशेषावगाहिनः ॥
**प्रमाणवार्तिक ३.४० ।**

५२. **स्फुटार्था २.५१ ।**

૫૩. सर्वचित्तचैत्तानामात्मसंवेदनम् । **न्यायबिन्दु १.१०।**
अप्रत्यक्षोपलम्भस्य नार्थदृष्टिः प्रसिद्धयति । **प्रमाणसमुच्चय।**
अविभागोऽपि बुद्धयात्मा विपर्यासितदर्शनैः ।
ग्राह्यग्राहकसंवित्तिभेदवानिव लक्ष्यते ॥ **प्रमाणवार्तिक २.३५४।**

૫૪. कस्यचित् किञ्चिदेवान्तर्वासनायाः प्रबोधकम् ।
ततो धियां विनियमो न बाह्यार्थव्यपेक्षया ॥
**प्रमाणवार्तिक २.३३६**

૫૫. જુઓ **तत्त्वसङ्ग्रहपंजिका** (G. O. S.), પૃ૦ ૫૫૦–૫૮૨.

૫૬. यः प्रतीत्यसमुत्पादः शून्यता तं प्रचक्ष्महे । **माध्यमिककारिका २४.१८।**
यः प्रत्ययाधीनः स शून्य उक्तः । **माध्यमिककारिका २४ ।**

૫૭. न सन्नासन्न सदसन्न चाप्यनुभयात्मकम् ।
चतुष्कोटिविनिर्मुक्तं तत्त्वं माध्यमिका विदुः ॥
**माध्यमिककारिका १.७।**

૫૮. प्रत्यक्षं कल्पनापोढम् । **प्रमाणसमुच्चय।**

૫૯. न हि देशकालयोर्व्याप्तिर्भावानामिह विद्यते । **प्रमाणवार्तिक।**

૬૦. **प्रमाणवार्तिक २.५३–५८।**

૬૧. मायावादमसच्छास्त्रं प्रच्छन्नं बौद्धमेव तु । **पद्मपुराण।** (વિજ્ઞાનભિક્ષુના **सांख्यप्रवचनभाष्य**ની ભૂમિકામાં ઉદ્ધૃત).

૬૨. **न्यायमंजरी**ના પ્રથમ આહ્નિકમાં જ્ઞાતતાખંડન

# અધ્યાય ૧૫

## ભારત બહાર બૌદ્ધ ધર્મ[૧]

લગભગ બારમી શતાબ્દી પછી બૌદ્ધ ધર્મ જો કે પોતાની જન્મભૂમિ ભારતમાંથી લુપ્તપ્રાય: થઈ ગયો પરંતુ એ પહેલાં જ એણે પોતાનું મહત્ત્વપૂર્ણ સ્થાન વિદેશોમાં જમાવી દીધું હતું. આ દિશામાં સમ્રાટ અશોકનો ફાળો અવિ-સ્મરણીય છે. અશોકના આશ્રયે થયેલી ત્રીજી સંગીતિનું ફળ એ છે કે બૌદ્ધ ધર્મે ભારતની સીમા ઓળંગી. તેણે શ્રીલંકા, બર્મા, થાઈલેન્ડ, કંબોડિયા આદિ દક્ષિણ દેશોની અને નેપાલ, તિબેટ, ચીન, કોરિયા, જાપાન આદિ ઉત્તર દેશોની જનતાનાં હૃદયો ઉપર ધર્મસીંચન કર્યું. આજ પણ બૌદ્ધ ધર્મની શાંતિકર જ્યોત આ દેશોમાં ફેલાયેલી છે અને કરોડો વ્યક્તિઓને પરમ શાંતિનો માર્ગ દેખાડે છે.

અશોકે પોતાના પુત્ર મહેન્દ્ર અને પુત્રી સંઘમિત્રાને સૌ પ્રથમ પ્રચારકાર્ય માટે શ્રીલંકા મોકલ્યા. ત્યારથી લંકા સ્થવિરવાદી બૌદ્ધ ધર્મનું પ્રધાન કેન્દ્ર બની ગયું. ત્યાંથી એ ધર્મ બર્મા, શ્યામ (થાઈલેન્ડ) અને કંબોડિયામાં ફેલાયો. તેથી આ દેશોમાં સ્થવિરવાદી બૌદ્ધ ધર્મની પ્રધાનતા છે. ભારતની ઉત્તરમાં તિબેટ, ચીન, કોરિયા, મોંગોલિયા અને જાપાનમાં મહાયાન ધર્મની પ્રધાનતા છે. કનિષ્કના સમયમાં (પ્રથમ શતાબ્દીમાં) આ ધર્મ ચીન ગયો, ચીનથી કોરિયા અને પછી તિબેટ પહોંચ્યો. કોરિયાથી જ તે જાપાનમાં પણ ગયો. મોંગોલિયામાં તેનો પ્રચાર કરવાનું શ્રેય મહદંશે તિબેટી લોકોને જાય છે. આમ ભારતની દક્ષિણ દિશાએ આવેલા દેશોમાં સ્થવિરવાદની અને ઉત્તર દિશાએ આવેલા દેશોમાં મહાયાનની પ્રધાનતા છે.

### (૧) શ્રીલંકા[૨]

શ્રીલંકા અને ભારત વચ્ચે પ્રાચીન કાળથી સાંસ્કૃતિક સંબંધ રહ્યો છે. અશોકના શિલાલેખોમાં શ્રીલંકાનો ઉલ્લેખ તામ્રપર્ણીદ્વીપના નામે થયો છે. પરંપરાનુસાર બુદ્ધપરિનિર્વાણના વર્ષમાં લાટદેશમાંથી (ગુજરાતમાંથી) વિજય સિંહ પોતાના મિત્રો સાથે શ્રીલંકા પહોંચ્યો. તેણે ત્યાં પોતાનું શાસન સ્થાપ્યું અને ભારતીય સંસ્કૃતિની પ્રભા ફેલાવી. તેથી, શ્રીલંકાનું નામ સિંહલ પડયું. વિજય લંકા પહોંચ્યો

તે પછી લગભગ બસો વર્ષે અશોકપુત્ર મહેન્દ્ર થેર શ્રીલંકા ગયા. તેમણે ત્યાં બૌદ્ધ ધર્મનો પ્રચાર કર્યો. લાખો સ્ત્રીપુરુષોએ આ નવો ધર્મ અપનાવ્યો અને હજારો પુરુષો ભિક્ષુ થયા. અનેક વિહારો બનવા લાગ્યા અને તેમની વ્યવસ્થા માટે દાન મળવા લાગ્યા. શ્રીલંકાનો રાજા દેવાનાંપ્રિય તિસ્સ (ઈ. સ. પૂ. ૨૪૭–૨૦૭) બૌદ્ધ ધર્મના સિદ્ધાંતોથી પ્રભાવિત થયો. રાણી અનુલા અને કેટલીક સ્ત્રીઓએ પ્રવ્રજ્યા લેવા ઇચ્છા દર્શાવી. પરંતુ કોઈ ભિક્ષુ પ્રવ્રજ્યા આપી શકતો ન હતો. તેથી અશોકને સંદેશો મોકલવામાં આવ્યો કે પ્રસિદ્ધ ભિક્ષુણીઓને શ્રીલંકા મોકલવામાં આવે. અશોકે ભિક્ષુણી બનેલી પોતાની પુત્રી સંઘમિત્રાને સિંહલ મોકલી. સંઘમિત્રાના આવ્યા પછી અનેક સ્ત્રીઓ ભિક્ષુણી બની. સંઘમિત્રાએ અનુરાધાપુરમાં બોધિવૃક્ષ રોપ્યું. આ ઘટનાનું સ્મરણ આજે પણ બૌદ્ધધર્મી શ્રીલંકાવાસીઓમાં પવિત્ર ઉત્સાહ જગાવે છે. મહેન્દ્ર અને સંઘમિત્રાએ લગભગ અડતાલીસ વર્ષ શ્રીલંકામાં ધર્મપ્રચાર કર્યો અને ત્યાં જ તેમણે પોતાના પાર્થિવ દેહ છોડયા. બોધિવૃક્ષરોપણ જેટલી જ મહત્ત્વપૂર્ણ ઘટના પાંચસો વર્ષ પછી બની. આ ઘટના હતી ભગવાન બુદ્ધના દાંતને લાવવાની. આપણે જાણીએ છીએ કે રાજા વટ્ટગામણીના (ઈ. સ. પૂ. ૨૯–૧૭) આશ્રયે બોલાવવામાં આવેલી સંગીતિએ શ્રુતિપરંપરાથી ચાલ્યા આવતા ત્રિપિટકોને લેખનબદ્ધ કરી અત્યંત મહત્ત્વનું કાર્ય કર્યું. ઈ. સ.ના સોળમા સૈકામાં બાપને મારી ગાદીએ આવનાર રાજસિંહે ભિક્ષુસંઘ પાસે પિતૃવધનું પ્રાયશ્ચિત્ત માંગ્યું. ભિક્ષુસંઘે નિર્ણય જાહેર કર્યો કે પ્રાયશ્ચિત આપવું એ ભિક્ષુસંઘના હાથની વાત નથી. તેથી રાજસિંહે શૈવ ધર્મ અપનાવી બૌદ્ધ ભિક્ષુઓ, વિહારો વગેરેનો નાશ કર્યો. તામીલ દેશમાંથી આવેલા શૈવોએ આમાં ખૂબ મોટો ભાગ ભજવ્યો. પરંતુ લોકોના અંતરમાં હજારો વર્ષથી વસી ગયેલી બૌદ્ધ ધર્મભાવનાનો નાશ થઈ શકયો નહિ. રાજસિંહની પાંચ વર્ષની કારકિર્દીમાં બૌદ્ધ ધર્મને ખૂબ સહન કરવું પડયું અને લગભગ નાશ પામ્યો. પરંતુ તેનું સત્ત્વ લોકહૃદયમાં જીવંત રહ્યું. રાજસિંહના મૃત્યુ પછી ગાદીએ આવેલા રાજા વિમલસૂર્યે ફરી બૌદ્ધ ધર્મની પ્રતિષ્ઠા કરી. સંઘની સ્થાપના માટે તેણે શ્યામથી ભિક્ષુઓને નિમન્ત્ર્યા કારણ કે રાજસિંહે સઘળા ભિક્ષુઓનો નાશ કરી નાખ્યો હતો. આમ ભારતમાં બૌદ્ધ ધર્મ ઉપર આક્રમણ કર્યા પછી શૈવોએ શ્રીલંકામાં તેના ઉપર આક્રમણ કર્યું. પરંતુ ત્યાં બૌદ્ધ ધર્મ ટકી રહ્યો. આજ પણ શ્રીલંકા બૌદ્ધધર્મી દેશોમાં અગ્રણી છે. શ્રીલંકામાં ભારતીય સંસ્કૃતિનો પ્રભાવ મહદંશે બૌદ્ધ ધર્મ દ્વારા પડયો છે.

## (૨) બર્મા

શ્રીલંકાના ઇતિહાસવૃત્ત અનુસાર બે બૌદ્ધ ભિક્ષુ સોણ અને ઉત્તરને અશોકે બૌદ્ધ ધર્મનો પ્રચાર કરવા માટે સુવર્ણભૂમિમાં મોકલ્યા હતા. સામાન્ય રીતે સુવર્ણભૂમિને બર્મા સમજવામાં આવે છે. પરંતુ કેટલાક વિદ્વાનોને મતે સુવર્ણભૂમિ સ્યામ છે જ્યારે કેટલાકને મતે તે સમગ્ર હિંદીચીન છે.

ઉત્તર અને સોણની વાત છોડી દઈએ તો ઈસ્વી સનની પાંચમી શતાબ્દી પહેલાં બર્મામાં બૌદ્ધ ધર્મ પહોંચ્યો હોવાનું સમર્થન કરતું કોઈ પ્રમાણ મળતું નથી. પરંતુ પાંચમી શતાબ્દી પછી ત્યાં બૌદ્ધ ધર્મના અસ્તિત્વનાં નિશ્ચિત પ્રમાણ મળે છે. પ્યૂજાતિની પ્રાચીન રાજધાની શ્રીક્ષેત્ર હતી. એના ભગ્નાવશેષ હ્યાવજામાં મળે છે. હ્યાવજામાંથી સુવર્ણપત્ર મળ્યું છે જેના ઉપર બુદ્ધવચન ઉત્કીર્ણ છે. હ્યાવજાના ભગ્નાવશેષ આધુનિક પ્રોમથી પાંચ માઈલ દૂર છે. ચીની વર્ણનો ઉપરથી જાણવા મળે છે કે પાલિ ધર્મસૂત્રો સહિત થેરવાદ પ્રોમની આસપાસના પ્રદેશમાં પાંચમી શતાબ્દીમાં ભારતીય બૌદ્ધો દ્વારા પ્રસારિત કરવામાં આવ્યો હતો. હિંદુ મોન યા તલૈંગો પેગૂમાં યા હંસાવતીમાં વસી ગયા હતા. તેમણે પણ થેરવાદી બૌદ્ધ ધર્મ અપનાવ્યો. વળી, દસમી શતાબ્દીના અંતભાગ પહેલાં થોતાન પણ થેરવાદી બૌદ્ધ ધર્મનું કેન્દ્ર બની ગયું હતું. થોતાન (સુધમ્મવતી) અને એની આસપાસના પ્રદેશોને સામૂહિકરૂપે રામઞ્ઞદેસ કહેવામાં આવતો હતો. દસમી શતાબ્દીના અંતભાગ પહેલાં ભ્રમ્મ નામની જાતિએ પગનમાં એક શક્તિશાળી રાજ્ય સ્થાપ્યું હતું. ઈ. સ. ૧૦૧૪માં પગનની ગાદી ઉપર રાજા અનવરથ (અનિરુદ્ધ) આવ્યો. થોતાનના થેરવાદી તલૈંગ ભિક્ષુ અર્હને અનિરુદ્ધને ઉપદેશ દઈ બૌદ્ધ ધર્મી બનાવ્યો. અનિરુદ્ધે થોતાનના રાજા મનૂહના પાસે દૂત મોકલી ત્રિપિટકના પૂરા પાઠની માગણી કરી. મનૂહે તે ન સ્વીકારી. અનિરુદ્ધે તેને હરાવ્યો. તે થોતાનથી બત્રીસ હાથીઓ ઉપર લાદી બૌદ્ધ ગ્રંથો લાવ્યો. તે ત્યાંથી પવિત્ર અવશેષો અને ભિક્ષુઓને પણ લાવ્યો. તેણે ભલે થોતાનને જીત્યું પણ થોતાની સંસ્કૃતિએ તેને અને તેની જાતિ (ભ્રમ્મ)ને જીતી. ભ્રમ્મ જાતિના લોકોએ થોતાની મોન લોકોનો ધર્મ, ભાષા, સાહિત્ય અને લિપિ અપનાવ્યાં. અનિરુદ્ધ અને તેના વંશજો થેરવાદી બૌદ્ધ ધર્મમાં ખૂબ શ્રદ્ધાળુ હતા. તેમની રાજસત્તા સાથે આ ધર્મ પણ આખા બર્મામાં ફેલાઈ ગયો. જે બ્રાહ્મણ ધર્મ ત્યાં ફેલાયેલો હતો તેનું સ્થાન ધીમે ધીમે બૌદ્ધ ધર્મે લેવા માંડયું. અનિરુદ્ધે કેટલાય પેગોડા બંધાવ્યા. તે શ્રીલંકાથી

પણ ત્રિપિટકોનો પાઠ લાવ્યો. ભિક્ષુ અર્હને આ પાઠને થોતાનથી લાવેલા પાઠ સાથે મેળવ્યો. અનિરુદ્ધના પુત્ર કયનજિત્થે પિતાનું સંપૂર્ણપણે અનુકરણ કર્યું અને પગનમાં પ્રસિદ્ધ આનંદવિહાર બંધાવ્યો. ઈ. સ. ૧૪૭૫ આસપાસ ભિક્ષુ ધમ્મચેતિએ ગૃહસ્થાવસ્થાનો સ્વીકાર કરી રાજયશાસન સંભાળ્યું. ધમ્મચેતિના સમયમાં બૌદ્ધ ધર્મનો પ્રભાવ વધ્યો. ઈ. સ. ૧૯૪૮માં સ્વતંત્ર થતાં જ બર્માએ બૌદ્ધ ધર્મને રાજધર્મ જાહેર કર્યો. આજ સુધી બૌદ્ધ ધર્મનો અત્યંત પ્રભાવ બર્મામાં ચાલુ છે. બર્મી સંસ્કૃતિની રગેરગમાં બૌદ્ધ ધર્મનો પ્રભાવ દેખાય છે.

## (૩) મલયદ્વીપ

સોણ અને ઉત્તરનો પ્રભાવ મલયદ્વીપમાં પણ પડયો હોવો જોઈએ. આ દ્વીપના કેટલાક ભાગમાં સંસ્કૃત ભાષામાં ઉત્કીર્ણ લેખો મળ્યા છે. તે ઈસ્વી સનની ચોથી-પાંચમી શતાબ્દીમાં પ્રચલિત ભારતીય વર્ણમાલામાં લખાયેલા છે. આમાં ત્રણ લેખોનો સંબંધ બૌદ્ધ ધર્મ સાથે છે. આ ઉપરથી પુરવાર થાય છે કે આ કાળે અહીં બૌદ્ધ ધર્મનો પ્રચાર હતો. મહત્ત્વપૂર્ણ બૌદ્ધ અવશેષ તો નાખોન શ્રી તમ્મરાટમાં (લિગોરમાં) મળ્યા છે. આ પ્રદેશમાં એક મોટો સ્તૂપ હતો. આ સ્તૂપની ખોજ હજુ થઈ નથી. આ સ્તૂપની આજુ-બાજુ બંધાયેલા પચાસ પ્રાચીન બૌદ્ધ મંદિરો છે.

ઈ. સ. ના છઠ્ઠા સૈકામાં મલયદ્વીપમાં બૌદ્ધ ધર્મ ફેલાયો. કેદ્દાની નજીકના સ્થળેથી મળેલો માટીમાં ઉત્કીર્ણ લેખ આનો પુરાવો છે. એની લિપિ ઉપરથી તે છઠ્ઠી શતાબ્દીનો જણાય છે. એમાં ત્રણ સંસ્કૃત શ્લોકો છે. આ ત્રણેય શ્લોકો સાગરમતિપરિપૃચ્છા( નાંજિયો ૯૭૬ )ના ચીની અનુવાદમાં મળે છે.

લિગોરમાં મળેલા એક ઉત્કીર્ણ લેખ અનુસાર રાજા અને એના પુરોહિતોએ બૌદ્ધ દેવતાઓ માટે ઈંટોના ત્રણ બૌદ્ધ મંદિરો અને સ્તૂપો બનાવ્યા હતા. આ મંદિરો અને સ્તૂપો ઈ. સ. ૭૭૫માં બનાવાયા હતાં.

## ( ૪ ) ઈન્ડોનેશિયા

ઈન્ડોનેશિયામાં પ્રધાનપણે સુમાત્રા, જાવા, બાલી અને બોર્નિયોનો સમાવેશ થાય છે.

ગુપ્તકાળમાં સુમાત્રા દ્વીપ બૌદ્ધ ધર્મનું પ્રધાન કેન્દ્ર બની ગયો હતો. ખાસ કરીને શ્રીવિજય રાજ્ય તો બૌદ્ધ ધર્મનો ગઢ હતો. આ પ્રદેશમાંથી મળતા ઉત્કીર્ણ લેખો ઉપરથી જાણવા મળે છે કે ઈ. સ. ૬૮૪માં અહીં બૌદ્ધ રાજા રાજ્ય કરતો હતો. સાતમી શતાબ્દીમાં ચીની યાત્રી ઈત્સિગ અહીં શ્રીવિજયમાં આવ્યો હતો અને બૌદ્ધ ગ્રંથોનો અભ્યાસ કરવા રહ્યો હતો. વિક્રમશીલા વિશ્વવિદ્યાલયના આચાર્ય દીપંકર (ઈ. સ. ૯૮૧–૧૦૫૪) પોતાના પ્રારંભિક જીવનકાળમાં અહીં બૌદ્ધ ધર્મનો અભ્યાસ કરવા આવ્યા હતા. શ્રીવિજયનો શૈલેન્દ્ર રાજવંશ બૌદ્ધ ધર્મનો આશ્રયદાતા હતો અને તેનું રાજ્ય ઈન્ડોનેશિયાના મોટા ભાગ પર હતું. શૈલેન્દ્ર રાજાઓ મહાયાની યા તાંત્રિક બૌદ્ધ ધર્મના અનુયાયી હતા. તેમણે નાલંદામાં વિહાર બંધાવ્યો હતો. આ રાજવંશનું પતન ઈ. સ. ૧૨૬૫ આસપાસ થયું.

જાવાનો ભારતીય સંસ્કૃતિ સાથે ખૂબ જૂનો સંબંધ છે. જાવાનો રાજા અજિ–શકા (પ્રથમ શતાબ્દી) ભારતીય હતો. પાંચમી શતાબ્દીના આરંભ સુધી અહીં બૌદ્ધ ધર્મનો પ્રભાવ ખૂબ ઓછો હતો. ફાહિયાન લગભગ ઈ. સ. ૪૧૪માં જાવામાં આવ્યો હતો. તેણે લખ્યું છે કે અહીં વિશેષત: બ્રાહ્મણ ધર્મ પ્રચલિત છે જ્યારે બૌદ્ધ ધર્મનો ખાસ પ્રચાર–પ્રસાર નથી. પરંતુ ત્યાર પછી પચીસ વર્ષના ગાળામાં ભારતીય બૌદ્ધ ભિક્ષુ ગુણવર્મને ઉત્સાહપૂર્વક બૌદ્ધ ધર્મનો પ્રચાર કર્યો. એના પરિણામે બૌદ્ધ ધર્મનું જાવામાં પ્રભુત્વ સ્થાપિત થયું. શૈલેન્દ્ર રાજાઓના કાળમાં બૌદ્ધ ધર્મની ખૂબ પ્રતિષ્ઠા થઈ. શૈલેન્દ્ર રાજાઓએ બૌદ્ધ વાસ્તુકલામાં સારો ફાળો આપ્યો. તેમણે બોરોબુદુરનું વિખ્યાત મહાચૈત્ય, ચંડીસરી, ચંડીસેવૂ, ચંડી, મેંદુત્ અને ચંડીયવાન બૌદ્ધ મંદિરોનું નિર્માણ કર્યું. બૌદ્ધ ધર્મ સાથે બ્રાહ્મણ ધર્મ પણ ચાલતો રહ્યો. જાવામાં લખાયેલા બે મહત્ત્વપૂર્ણ મહાયાન ગ્રંથ 'સંગ હ્યાંગ કમહયનન' અને 'સંગ હ્યાંગ કમહયનિકન' જાવામાં મહાયાન ધર્મની જાણકારી પૂરી પાડે છે.

બાલીદ્વીપ અને જાવા વચ્ચે કેવળ દોઢ માઈલની ખાડી છે. ચીની ઈતિહાસમાંથી જાણવા મળે છે કે અહીં ઈસ્વી સનના છઠ્ઠા સૈકામાં બૌદ્ધ ધર્મ ખૂબ લોકપ્રિય બન્યો હતો. અહીં શૈવ ધર્મની સાથે સાથે બૌદ્ધ ધર્મ પણ ફેલાયો. અહીં પ્રાય: શિવ અને બુદ્ધને એક માનવામાં આવે છે.

બોર્નિયો જાવાથી આઠ ગણો મોટો દ્વીપ છે. ત્રીજી–ચોથી શતાબ્દીમાં અહીં બ્રાહ્મણ ધર્મનો પર્યાપ્ત પ્રચાર થઈ ચૂક્યો હતો. પશ્ચિમ બોર્નિયોમાં મળી આવેલા

અભિલેખો પરથી સ્પષ્ટ થાય છે કે લગભગ દસમી શતાબ્દીમાં અહીં બૌદ્ધ ધર્મનો સારો ફેલાવો થયો હતો. દક્ષિણપૂર્વ બોર્નિયોમાં ઉત્ખનન દરમ્યાન બોધિસત્ત્વ મંજુશ્રીની પાષાણપ્રતિમા, કેટલીક બુદ્ધની પાષાણપ્રતિમાઓ અને એક બુદ્ધની ધાતુપ્રતિમા મળી છે.

જાવા, સુમાત્રા, બાલી અને બોર્નિયો ઉપરાંત ફિલિપીન અને સેલીબીસ દ્વીપોમાં પણ બૌદ્ધ કલાના નમૂના મળ્યા છે. આજ પણ ઈંડોનેશિયાની સંસ્કૃતિ ઉપર બૌદ્ધ ધર્મની અમિટ છાપ જણાય છે.

## (૫) સ્યામ (થાઈલૅંડ)

સ્યામમાં બૌદ્ધ ધર્મ ઈસ્વી સનની પ્રથમ શતાબ્દીથી પ્રસરી ગયો હતો. પોંગ તુક અને ફ્રા પાથોમના પ્રાચીન અવશેષો આ પુરવાર કરે છે. આ અવશેષોમાં બૌદ્ધ ધાર્મિક ઈમારતનાં ખંડેરો, બુદ્ધપ્રતિમાઓ, માટીની ઉત્કીર્ણ તકતીઓ, ધર્મચક્ર આદિ બૌદ્ધ પ્રતિકો, વગેરેનો સમાવેશ થાય છે. આ અવશેષો ઈસ્વી સનની બીજી શતાબ્દી પછીના નથી.

આ સમય પછીના કાળના અગણિત બૌદ્ધ ભગ્નાવશેષો અને મૂર્તિકલાના નમૂના મળ્યા છે. એમના ઉપર ગુપ્ત કલાનો પ્રભાવ છે. આ અવશેષોને દ્વારાવતીવર્ગના ગણવામાં આવે છે. યુઆન–ચ્વાંગના સમયમાં (સાતમી શતાબ્દીના પૂર્વાર્ધમાં) દ્વારાવતી એક સમૃદ્ધ રાજ્ય હતું.

આઠમી–નવમી શતાબ્દીમાં સ્યામ અને લાઓસ કાંબુજ(કંબોડિયા)ના આધિપત્યમાં હતા. તેથી કાંબુજની ધાર્મિક સ્થિતિની અસર અહીં પણ પડી. બ્રાહ્મણ ધર્મ અને બૌદ્ધ ધર્મ બન્ને સ્યામ અને લાઓસમાં સાથે સાથે ફેલાયા. તેરમી શતાબ્દીમાં થાઈ લોકો સ્યામ અને લાઓસના સ્વામી બન્યા અને કંબોડિયાથી રાજકીય દૃષ્ટિએ સ્વતંત્ર થયા. પરિણામે સ્યામમાં બ્રાહ્મણ ધર્મનો પ્રભાવ ઘટવા લાગ્યો અને બૌદ્ધ ધર્મનો પ્રભાવ વધવા લાગ્યો. બૌદ્ધ ધર્મને રાજ્યાશ્રય મળ્યો. થાઈ રાજાઓ બૌદ્ધધર્મી હતા. તેમના પ્રભાવે થેરવાદ બૌદ્ધ ધર્મ અને પાલિ ભાષા આખા સ્યામ અને લાઓસમાં ફેલાયાં. થાઈ રાજા શ્રી સૂર્યવંશ રામ મહાધાર્મિક રાજાધિરાજ બૌદ્ધ ધર્મનો મોટો આશ્રયદાતા હતો. છેવટે તેણે પ્રવ્રજ્યા લઈ બૌદ્ધ ધર્મનો પ્રચાર કર્યો. ઈ. સ. ૧૩૬૧માં કેટલાક વિદ્વાન ભિક્ષુઓને તેણે લંકા મોકલ્યા. મહાસામી સંઘરાજ નામના મહાન ભિક્ષુને તે

સ્યામ લાવ્યા. એની પ્રેરણાથી નાના નાના હિંદુ રાજ્યોમાં પણ બૌદ્ધ ધર્મ ફેલાયો. બ્રાહ્મણધર્મીઓએ બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો. બ્રાહ્મણ ધર્મ અદશ્ય થઈ ગયો. કેવળ વ્રતોત્સવોમાં બ્રાહ્મણ ધર્મનાં ચિહ્નો જળવાઈ રહ્યાં. આજ પણ થાઈલેંડમાં બૌદ્ધધર્મ ખૂબ લોકપ્રિય છે.

## (૬) કાંબુજ (કંબોડિયા)

ચીની ઈતિવૃત્ત અને પુરાતત્ત્વીય શોધ દ્વારા એ સિદ્ધ થયું છે કે ઈ. સ.ની પાંચમી શતાબ્દીના અંતમાં કંબોડિયામાં બૌદ્ધ ધર્મ પ્રસરેલો હતો. પરંતુ આ કાળે અહીં શૈવ ધર્મ લોકપ્રિય હોઈ, બૌદ્ધ ધર્મને વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત થયું ન હતું.

જયવર્મા-પ્રથમના (ઈ. સ. ૬૬૫) શિલાલેખોમાં બૌદ્ધ ધર્મનો ઉલ્લેખ મળે છે. આ પછીની લગભગ બે શતાબ્દીઓમાં કંબોડિયા શ્રીવિજયના બૌદ્ધધર્મી શૈલેન્દ્ર રાજાઓના આધિપત્યમાં રહ્યું. જયવર્મા દ્વિતીયે (ઈ. સ. ૮૦૨) કેટલાક બૌદ્ધ મંદિરોનું નિર્માણ કર્યું. જયવર્મા તૃતીયે (ઇ. સ. ૮૬૯—૮૭૭) પણ બૌદ્ધ મંદિરો બંધાવ્યા. રાજા યશોવર્માએ (ઈ. સ. ૮૯૦) એક સૌગતાશ્રમ સ્થાપ્યો હતો. યશોવર્મા પછી સૂર્યવર્માના રાજ્યકાળમાં (ઈ. સ. ૧૦૦૨—૧૦૪૯) બૌદ્ધ ધર્મ ખૂબ ફેલાયો. રાજા જયવર્મા સપ્તમ (ઈ. સ. ૧૧૮૧—૧૨૨૦) ખૂબ શ્રદ્ધાળુ બૌદ્ધ હતો. એમના મૃત્યુ પછી એમને સૌગતની ઉપાધિ આપવામાં આવી હતી. જયવર્મા સપ્તમની પત્ની જયરાજદેવી પણ બૌદ્ધ ધર્મમાં દઢ શ્રદ્ધા ધરાવતી હતી. એણે જાતકકથા પર આધારિત એક નાટકનો અભિનય કરાવ્યાનો ઉલ્લેખ મળે છે.

ઈ. સ. ની તેરમી શતાબ્દી સુધી કંબોડિયામાં બૌદ્ધ ધર્મ ફૂલ્યોફાલ્યો ખરો, પરંતુ તે રાજ્યધર્મનું યા મુખ્ય ધર્મનું સ્થાન ન પામ્યો. ક્યારે તે રાજ્યધર્મનું સ્થાન પામ્યો અને પ્રધાન ધર્મ બની ગયો એની નિશ્ચિત માહિતી મળતી નથી. પરંતુ થાઈ લોકોના પ્રભાવથી આ પરિવર્તન થયું હોય એમ લાગે છે. થાઈ લોકો ચૂસ્ત બૌદ્ધ હતા. એમણે કંબોડિયાનો અમુક ભાગ જીતી લીધો હતો. પહેલાં થાઈલેંડ પર કંબોડિયાનું આધિપત્ય હતું પણ ઈસ્વી સનની તેરમી સદી પછી સ્થિતિ પલટાઈ ગઈ. થાઈ લોકોના પ્રભાવ નીચે કંબોડિયાવાસીઓ ધર્મ-પરિવર્તન કરી પૂરા બૌદ્ધ બની ગયા. અંગકોરવાટ આદિ મોટા મંદિર—મઠોમાં બ્રાહ્મણ દેવતાઓના સ્થાને બુદ્ધપ્રતિમાઓ આવી ગઈ. આ પ્રતિમાપરિવર્તન

ક્યારે થયું એ પણ નિશ્ચિત નથી. ધીમે ધીમે કંબોડિયામાં બૌદ્ધ ધર્મ મુખ્ય ધર્મ બની ગયો અને બ્રાહ્મણ ધર્મ નામશેષ થઈ ગયો. કેવળ ઉત્સવો અને તહેવારોમાં બ્રાહ્મણ ધર્મનાં ચિહ્નો જળવાઈ રહ્યાં. આજ પણ કંબોડિયામાં થેરવાદી બૌદ્ધ ધર્મ પ્રચલિત છે.

## (૭) ચમ્પા (વિયતનામ)

વિયતનામનું પ્રાચીન નામ ચંપા છે. ઈસ્વી સનની ત્રીજી શતાબ્દીમાં બૌદ્ધ ધર્મ આ દેશમાં પ્રસરી ગયો હતો. આ કાળની અમરાવતીશૈલીની કાંસાની બુદ્ધપ્રતિમા આ દેશમાંથી મળી છે. ચીની ઈતિહાસમાંથી જાણવા મળે છે કે જ્યારે ચીનાઓએ ચંપાની રાજધાનીને ઈ. સ. ૬૦૫માં જીતી ત્યારે તેઓ પોતાની સાથે ૧૩૫૦ બૌદ્ધ ગ્રંથો લઈ ગયા. આ સૂચવે છે કે સાતમી સદી પહેલાં ઘણા કાળથી બૌદ્ધ ધર્મ ચંપામાં ફૂલતોફાલતો રહ્યો હશે. ઈત્સિગ લખે છે કે ચંપામાં આર્યસમ્મિતીય શાખાના બૌદ્ધો ખૂબ છે. પરંતુ આઠમી શતાબ્દી પછીના ઉત્કીર્ણ શિલાલેખો સૂચવે છે કે આઠમી શતાબ્દી પછી મહાયાનનો પ્રભાવ વધ્યો હતો. મહાયાન બૌદ્ધધર્મ એક સજીવ શક્તિ રૂપે ઈસ્વી સનની પંદરમી શતાબ્દી સુધી ચાલુ રહ્યો. આજ પણ ચંપામાં ચીની બૌદ્ધ ધર્મ છે.

## (૮) અફઘાનિસ્તાન અને મધ્યએશિયા

અફઘાનિસ્તાનનો ભારત સાથે સંબંધ અતિ પ્રાચીન કાળથી છે. અફઘાનિસ્તાન પ્રાચીન કાળમાં ગંધાર નામે પ્રસિદ્ધ હતું. વર્તમાન કંદહાર તેનું એક મુખ્ય નગર છે. બુદ્ધના જીવનકાળમાં જ તેમનો ધર્મસંદેશ ગંધાર સુધી પહોંચી ગયો હતો. તે જમાનામાં તક્ષશિલા ગંધારનું પ્રસિદ્ધ નગર હતું. ત્યાંનો રાજા હતો પુક્કુસાતિ (પુષ્કર સારિ=ફો–કિયા–લો). પુક્કુસાતિએ બિંબિસાર ઉપર બહુમૂલ્ય ભેટ મોકલી. બદલામાં બિંબિસારે સુવર્ણપત્ર ઉપર બુદ્ધવચનો કોતરાવી તે સુવર્ણપત્ર પુક્કુસાતિને ભેટ મોકલાવ્યું. આ બુદ્ધ-વચનોની પુક્કુસાતિ ઉપર ઊંડી અસર થઈ. તે પીળા વસ્ત્રો પહેરી બુદ્ધને મળવા પગે ચાલીને રાજગૃહ પહોંચ્યા. બુદ્ધે તેમને ધાતુવિભંગસુત્તનો ઉપદેશ દીધો. તૃતીય સંગીતિના નિર્ણય અનુસાર અશોકના સમયમાં મધ્યાન્તક ભિક્ષુ કાશ્મીર–ગંધારમાં ધર્મપ્રચાર માટે ગયા. મૌર્યવંશના શાસનકાળ પછી કાશ્મીર અને ગંધાર બૌદ્ધ ધર્મનાં કેન્દ્ર બની ગયા. મૂર્તિકલાની ગંધારશૈલી પ્રસિદ્ધ છે. અસંગ અને વસુબંધુ જેવા પ્રકાંડ બૌદ્ધ વિદ્વાનો ગંધારના હતા. લગભગ

દસમી–અગીઆરમી સદી સુધી અફઘાનિસ્તાનમાં (ગંધારમાં) બૌદ્ધ ધર્મ પ્રચલિત હતો.

ચીની તુર્કસ્તાન અને સોવિયેત તુર્કસ્તાન મળીને બનતા પ્રદેશને મધ્ય-એશિયા કહે છે. સોવિયેત તુર્કસ્તાનનું પ્રસિદ્ધ નગર બુખારા છે. ઈસ્લામ ધર્મના પ્રવેશ પહેલાં અહીં બૌદ્ધ વિહાર હતો. આ પ્રદેશના લોકો અને ખાસ તો મોંગોલિયનો આજે પણ વિહારને બુખાર કહે છે. ગંધારશૈલીની બુદ્ધપ્રતિમાઓ અહીં અધિક મળે છે. જરફશાં નદીનું પ્રાચીન નામ સોગ્દ (સુગ્ધ) છે. સમરકંદ અને બુખારા આ નદીના કિનારે વસેલાં છે. સોગ્દી ભાષામાં લખાયેલા કેટલાક બૌદ્ધ ગ્રંથો મળ્યા છે. માનીના ધાર્મિક સિદ્ધાંતો ઉપર બૌદ્ધ ધર્મની પ્રબળ અસર હતી.

ચીની તુર્કસ્તાનમાં બૌદ્ધ ધર્મનો પ્રવેશ ભ્રમણશીલ જાતિઓ અને ભારતીય વેપારીઓ દ્વારા ઈ. સ. પૂર્વેની ત્રીજી શતાબ્દી પહેલાં થઈ ગયો હશે એમ જણાય છે. ચીની તુર્કસ્તાનનો ખોતાન પ્રદેશ બૌદ્ધ ધર્મનો ગઢ હતો. પ્રાચીન ખોતાની પરંપરા અનુસાર અશોકના પુત્ર કુસ્તને ખોતાન રાજ્યની સ્થાપના પરિનિર્વાણ પછી ૨૩૪ વર્ષે અર્થાત્ ઈ. સ. પૂ. ૨૪૦માં કરી. એના પ્રપૌત્ર વિજય સંભવના રાજ્યકાળમાં બૌદ્ધ ધર્મ દૃઢ થયો. ભારતથી આવેલા બૌદ્ધ વિદ્વાન આર્ય વૈરોચને રાજાને બૌદ્ધ ધર્મનો ઉપદેશ આપ્યો અને આમ તેઓ રાજાના પ્રધાન ઉપદેશક બન્યા. ખોતાનમાં પહેલો વિહાર ઈ. સ. પૂ. ૨૧૧માં બંધાયો. વિજય સંભવ પછી ઘણી પેઢીએ થયેલા રાજા વિજયવીર્યના ગુરુ પણ ભારતીય બૌદ્ધ ભિક્ષુ હતા. વિજયવીર્યના પુત્ર વિજયધર્મે અને પૌત્ર વિજયસિંહે બૌદ્ધ ધર્મની અપૂર્વ સેવા કરી. વિજયસિંહના રાજ્યકાળમાં (લગભગ ઈ. સ. ૬૭૫–૭૦૦) આચાર્ય ધર્મપાલ અહીં આવ્યા. બૌદ્ધ ધર્મ જ્યારે અહીં દૃઢ થઈ ખૂબ ફેલાઈ ગયો ત્યારે આ પ્રદેશમાં ચાર હજાર બૌદ્ધ કેંદ્રો હતા. આ કેંદ્રોમાં વિહાર, ચૈત્ય, મંદિર વગેરેનો સમાવેશ થાય છે. ખોતાનમાં આઠમી શતાબ્દી સુધી તો બૌદ્ધ ધર્મ ખીલતો જ રહ્યો હતો એ વાતને ચીની યાત્રીઓ ફાહિયાન, સોઙ્યુન અને યુઆન–ચ્વાંગ સમર્થન આપે છે. બુદ્ધની મૂર્તિપૂજા ખૂબ ઉત્સાહપૂર્વક કરવામાં આવતી હતી.

ચીની તુર્કસ્તાનના ઉત્તર ભાગમાં એક મહત્ત્વનું રાજ્ય કુચ હતું. કુચમાં ઈ. સ. પૂ. પ્રથમ શતાબ્દીમાં બૌદ્ધ ધર્મ ફેલાયો. ત્રીજી શતાબ્દીના

ચીની ઈતિહાસમાંથી જાણવા મળે છે કે ત્રીજી શતાબ્દીમાં કુચમાં લગભગ હજાર સ્તૂપ અને બૌદ્ધ મંદિરો હતાં. અનેક બૌદ્ધ ભિક્ષુઓ કુચમાંથી ચીન ગયા અને ત્યાં બૌદ્ધ ગ્રંથોનો ચીની ભાષામાં અનુવાદ કર્યો. પુરાતત્ત્વવિષયક શોધથી જાણવા મળ્યું છે કે આઠમી શતાબ્દી સુધી બૌદ્ધ ધર્મ અહીં મુખ્ય ધર્મ હતો. પ્રતીત્યસમુત્પાદ, સ્મૃત્યુપસ્થાન, શક્રપ્રશ્ન, મહાપરિનિર્વાણ, ઉદાન-વર્ગ, ઉદાનાલંકાર, અવદાન, કરુણાપુંડરીક, આદિ બૌદ્ધ ગ્રંથો કુચ ભાષામાં ઉપલબ્ધ થયા છે.

કુચની પૂર્વ દિશાએ તૂર્ફાન છે. તૂર્ફાનમાં ઉત્ખનન દરમ્યાન અનેક બૌદ્ધ મૂર્તિઓ મળી છે. તુન–હ્વાંઙ્‌માં ચોથી શતાબ્દીની બૌદ્ધ ગુફાઓ મળી છે. ગુફાઓમાં ભીંતચિત્રો અને બૌદ્ધ મૂર્તિઓ છે. સહસ્રબુદ્ધ ગુહાવિહાર ખૂબ પ્રસિદ્ધ છે. ઉઈગર સાહિત્યમાં બૌદ્ધ ધર્મના ગ્રંથો છે.

## (૯) ચીન

ચીનમાં ઈ.સ. પૂર્વે પ્રથમ શતાબ્દીમાં બૌદ્ધ ધર્મ આવ્યો અને સો વર્ષમાં તો તેણે લોકો અને રાજ્યાધિકારીઓને પોતાના સિદ્ધાંતોથી જીતી લીધા. ચીનમાં એક દંતકથા પ્રચલિત છે. તેના અનુસાર ઈ.સ. ૬૮માં ચીનના સમ્રાટ મિઙ્‌–તીએ સ્વપ્નમાં એક સોનેરી મહાપુરુષને રાજમહેલમાં પ્રવેશ કરતા જોયા. આનો અર્થ એ ઘટાવવામાં આવ્યો કે બુદ્ધના આગમનનું આ સૂચન છે. રાજાએ ત્રણ રાજદૂતોને બૌદ્ધ આચાર્યોને ભારતથી લાવવા ભારત મોકલ્યા. તેઓ પોતાની સાથે કાશ્યપ માતંગ અને ધર્મરત્ન નામના બે બૌદ્ધ આચાર્યોને લઈ ચીન પાછા ફર્યા. કાશ્યપ માતંગ તક્ષશિલા વિદ્યાપીઠના આચાર્ય હતા. તેમણે દ્વાચત્વારિંશત્-સૂત્રનો ચીની ભાષામાં અનુવાદ કર્યો. ધર્મરત્ને પણ ચીની ભાષામાં બૌદ્ધ સાહિત્યનું નિર્માણ કર્યું. ધર્મરત્નનું બીજું નામ શાન્તિભિક્ષુ હતું. માતંગે શરૂ કરેલી અનુવાદ કરવાની પરંપરા પુષ્ટ થતી ગઈ. સોકાઉએ અને લોકક્ષમે લગભગ ૧૨૫ બૌદ્ધ ગ્રંથોના અનુવાદો કર્યા. મિઙ્‌–તી સમ્રાટ હાનવંશનો હતો. હાનકાલમાં (ઈ. સ. ૬૪–૨૨૦) લગભગ ૪૦૦ બૌદ્ધ ગ્રંથોનો ચીની ભાષામાં અનુવાદ થયો. સર્વાસ્તિવાદી ત્રિપિટકો અને સર્વાસ્તિવાદી સાહિત્ય ચીની ભાષાંતરમાં મળે છે, જ્યારે તે મૂળ સંસ્કૃત ગ્રંથો નષ્ટ થઈ ગયા છે.

હાનવંશ પછી ચીનની એકસૂત્રતા ખંડિત થઈ. શૂ (ઈ. સ. ૨૨૧–૨૬૪), વેઈ (ઈ. સ. ૨૨૦–૨૬૫) અને ઊ (ઈ. સ. ૨૨૨–૨૮૦) આ ત્રણ રાજવંશોએ

તેનું વિભાજન કર્યું. પરંતુ બૌદ્ધ ધર્મની પ્રગતિ ચાલુ જ રહી. હાનવંશીય સમ્રાટ મિઙ્-તીએ બંધાવેલો શ્વેતાશ્વ વિહાર આ કાળેય બૌદ્ધ ધર્મના પ્રચારનું કેન્દ્ર હતું. ધર્મપાલ, સંઘવર્મા, ધર્મસત્ય, ધર્મભદ્ર પો-યઙ્, મૂ-ચૂ, ચી-ચિયેન્ અને સેઙ્-હ્રી જેવાં અનેક બૌદ્ધ વિદ્વાનો આ કાળમાં થયા. એમણે અસંખ્ય બૌદ્ધ ગ્રંથોનો ચીની ભાષામાં અનુવાદ કર્યો.

ચોથી શતાબ્દીમાં પણ બૌદ્ધ ધર્મ પ્રગતિ કરતો જ રહ્યો. આ કાળે બૌદ્ધ ભિક્ષુઓએ વૈદ્યકીય ચિકિત્સા દ્વારા જનસેવા કરવાનું શરૂ કર્યું. ભિક્ષુ ધર્મરક્ષ, યૂ-ચા, યૂ-ઝ-ચા-ખાઈ વગેરે ચિકિત્સકો ઉલ્લેખનીય છે. ધર્મરક્ષ (ઈ. સ. ૨૮૪-૩૧૩) ૩૬ ભાષાઓ જાણતા હતા. તેમણે ૨૧૧ બૌદ્ધ ગ્રંથોના ચીની અનુવાદો કર્યા. પ્રજ્ઞાપારમિતા, દશભૂમિકસૂત્ર, સદ્ધર્મપુંડરીક, લલિતવિસ્તર જેવા ગ્રંથોનો એમાં સમાવેશ થાય છે. ધર્મરક્ષે અવલોકિતેશ્વર નામ ઉપરથી અવલોકિત સંપ્રદાયની સ્થાપના કરી હતી. ધર્મરક્ષ ઉપરાંત કુમારબોધિ, ધર્મનંદિ, સંઘદેવ, સંઘભૂતિ વગેરે કેટલાય વિદ્વાનોએ બૌદ્ધ ગ્રંથોના અનુવાદો કર્યા. બૌદ્ધ ગ્રંથોનો ચીની ભાષામાં અનુવાદ કરવાનું કાર્ય ઝડપથી અને યોગ્ય વ્યકિત દ્વારા થઈ શકે એ ખાતર ચીની સેનાપતિ કુચાનિવાસી કુમારજીવને કુચાથી ચીન લઈ ગયા. કુમારજીવનું સંસ્કૃત, તુખારી અને ચીની ભાષા પર અસાધારણ પ્રભુત્વ હતું. તેમણે ૧૦૬ ગ્રંથોનો ચીની ભાષામાં અનુવાદ કર્યો. તેમણે અશ્વઘોષ, નાગાર્જુન, આર્યદેવ અને વસુબંધુના જીવનચરિતો પણ ચીની ભાષામાં લખ્યાં છે. મધ્યભારતના રહેવાસી હરિવર્માનો 'સત્યસિદ્ધિશાસ્ત્ર' નામનો ૨૦૨ અધ્યાયો ધરાવતો સંસ્કૃત ભાષામાં લખાયેલો મૂળ ગ્રંથ મળતો નથી પરંતુ કુમારજીવે તેનો કરેલો ચીની અનુવાદ મળે છે. કુમારજીવના પિતા હતા ભારતીય ભિક્ષુ કુમારાયન. કુમારાયને કુચાની રાજકુમારી જીવા સાથે લગ્ન કર્યા હતા. કુમારજીવ પણ બૌદ્ધ ભિક્ષુ બન્યા હતા. કુમારજીવનો જીવનકાળ છે ઈ. સ. ૩૨૫-૪૧૫.

પાંચમી શતાબ્દીમાં તોપાવંશના રાજાઓએ પાંચ ગુફાઓ બનાવી અને તેમાં બુદ્ધમૂર્તિઓ કોરાવી. સૌથી ઊંચી મૂર્તિ ૭૦ ફૂટ છે. આ કાળમાં બૌદ્ધ ગ્રંથોના અનુવાદનું કાર્ય કરનાર બૌદ્ધ ભિક્ષુઓનાં નામ છે—ધર્મરુચિ, રત્નમતિ, બોધિરુચિ, બુદ્ધશાન્ત, બોધિધર્મ અને की-क्या-ये. રત્નરુચિએ મહાયાનોત્તરતન્ત્રનો અનુવાદ કર્યો હતો. આ શતાબ્દીની શરૂઆતમાં જ ફાહિયાન ભારતની યાત્રા કરી પાછો ચીન આવ્યો હતો.

છઠ્ઠી શતાબ્દીમાં લિયાડ્· સમ્રાટ ઊ–તીએ (ઈ. સ. ૫૦૨–૫૪૯) બૌદ્ધ ધર્મના પ્રચારમાં ખૂબ ફાળો આપ્યો. સમ્રાટ્ યુવાન્ (ઈ. સ. ૫૫૨–૫૫૫) પોતે જ વિદ્વાન હતો અને તેણે પોતાના વિશાળ ગ્રંથાગારને ગ્રંથરત્નોથી ભરી દીધો હતો. સમ્રાટ ઉ–તીએ ભારતમાંથી સંસ્કૃત ગ્રંથો લાવવા એક ટુકડી ભારત મોકલી હતી. એ ટુકડી જ્યારે ચીન પાછી ફરી ત્યારે તેની સાથે ઉજ્જૈનવાસી ભિક્ષુ પરમાર્થ ચીન આવ્યા. તેમણે પચાસ સંસ્કૃત ગ્રંથોનો ચીની ભાષામાં અનુવાદ કર્યો. તેમાંથી ત્રીસ ગ્રંથોના ચીની અનુવાદો આજે ઉપલબ્ધ છે. તેમાં અશ્વઘોષકૃત મહાયાનશ્રદ્ધોત્પાદશાસ્ત્ર, અસંગકૃત મહાયાનસંપરિગ્રહશાસ્ત્ર, તર્કશાસ્ત્ર અને વૃત્તિસહિત હિરણ્યસપ્તતિ (સાંખ્યકારિકા) નો સમાવેશ થાય છે. ઈ. સ. ૫૬૯ માં તેઓ ચીનમાં નિર્વાણ પામ્યા. આ શતાબ્દીમાં જ ભારતીય ભિક્ષુ નરેન્દ્ર યશ (ઈ. સ. ૫૧૮–૫૮૯) ચીન આવ્યા. તેમણે સાત ગ્રંથોનો ચીની ભાષામાં અનુવાદ કર્યો. આ ઉપરાંત અનેક ભારતીય ભિક્ષુઓએ ચીનમાં આવી બૌદ્ધ ધર્મનો પ્રચાર કર્યો. તેમનાં નામ છે જ્ઞાનભદ્ર, જિનયશ, જિનગુપ્ત, યશોગુપ્ત વગેરે.

સાતમી–આઠમી શતાબ્દીમાં બૌદ્ધ ધર્મ ચીનમાં સુદૃઢ હતો. તે ખૂબ લોકપ્રિય બની ગયો હતો. અનેક ચીનાઓ ભારતની યાત્રાએ આવ્યા. એમાં હ્યુએનત્વાંગ (ઈ. સ. ૬૨૯–૬૪૫) અને ઈત્સિંગ (ઈ. સ. ૬૭૧–૬૯૦) મુખ્ય છે. આ બંને ભારતથી બૌદ્ધ ગ્રંથો લાવ્યા. ચીનમાં પાછા ફરી તેમણે બૌદ્ધ ધર્મનો પ્રચાર કર્યો. ભારતીય જ્યોતિષ અને ચિકિત્સાશાસ્ત્રો તેમને બૌદ્ધ ધર્મના પ્રચારમાં વિશેષ સહાય કરી. હ્યુએનચાંગે યોગાચાર, અભિધર્મ, પ્રજ્ઞાપાર-મિતા, સર્વાસ્તિવાદી અભિધર્મનો અનુવાદ કર્યો. ઈત્સિંગ ભારતમાંથી વિનયગ્રન્થો સંગૃહીત કરી લાવ્યા. એમણે મૂલસર્વાસ્તિવાદી પિટકનો ચીની અનુવાદ કર્યો. કહેવાય છે કે એમણે જ માતૃચેટના અધ્યર્ધશતકનો પણ ચીની અનુવાદ કર્યો હતો. ઈ. સ. ૮૬૮માં સૌ પ્રથમ મુદ્રણકાર્યનો આરંભ થયો અને વજ્રચ્છેદિકા નામનો બૌદ્ધ ગ્રન્થ સર્વ પ્રથમ છપાયો. આ બે શતાબ્દીઓમાં પ્રભાકરમિત્ર, અતિગુપ્ત, યાનભટ્ટ, દિવાકર, બુદ્ધપાલ, બોધિરુચિ, અમોઘવજ્ર, શ્રીમિત્ર, વજ્રબોધિ વગેરે વિદ્વાન ભિક્ષુઓએ અનેક બૌદ્ધ ગ્રન્થોના ચીની અનુવાદો કર્યા.

નવમીથી બારમી શતાબ્દીના ગાળામાં પણ ચીનમાં બૌદ્ધ ધર્મ સુસ્થિર હતો. ધર્મદેવ (ઈ. સ. ૯૭૩–૧૦૦૧) નાલંદા વિદ્યાપીઠના સ્નાતક હતા. તેઓએ ચીન આવી અનેક બૌદ્ધ ગ્રન્થોનો અનુવાદ કર્યો. ધર્મદેવ ધારણીઓ અને મંત્રોના જ્ઞાતા હતા. તિ–યાન્–સિ ચઈ (ઈ. સ. ૯૮૦) કાશ્મીરી ભિક્ષુ હતા. તેમણે

મંજુશ્રીમૂલકલ્પ આદિ ગ્રંથોના ચીની અનુવાદો કર્યા. દાનપાલે પણ આ કાર્યમાં ફાળો આપ્યો. બિહારી ભિક્ષુ ધર્મરક્ષે ( ઈ. સ. ૧૦૦૪ ) બોધિસત્ત્વપિટક, અચિન્ત્યગુહ્યનિર્દેશ, બોધિચર્યાવતાર અને પ્રજ્ઞપ્તિવાદ ગ્રન્થોના ચીની અનુવાદો કર્યા. વેહ-ચિહ્, સૂર્યયશ, જ્ઞાનશ્રી, સુવર્ણધારી અને મૈત્રેયભદ્રે પણ અનુવાદના કાર્યને વેગ આપ્યો.

તેરમીથી વીસમી શતાબ્દીની શરૂઆત સુધી ચીનમાં બૌદ્ધ ધર્મની સ્થિતિ સારી હતી. આમ ચીનમાં બૌદ્ધ ધર્મે સુદીર્ઘ કાળ સુધી પોતાનું સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્ય કર્યું. ચીની જીવન અને વિચારો ઉપર બૌદ્ધ ધર્મની ગાઢ અસર પડી. ચીની કલાની મહાન કૃતિઓ પર બૌદ્ધ ધર્મભાવનાની છાપ પડી.

## (૧૦) કોરિયા

સુદૂર પૂર્વમાં મહત્ત્વપૂર્ણ બૌદ્ધ દેશ કોરિયા છે. કોરિયાવાસીઓ ઈસ્વી સનની ચોથી શતાબ્દીથી બૌદ્ધ ધર્મના પરિચયમાં આવ્યા. એ વખતે કોરિયાના ત્રણ ભાગ હતા — ઉત્તર ભાગ કોગુર્યુ (૨) દક્ષિણ–પશ્ચિમ ભાગ પાક–ચે અને (૩) દક્ષિણ–પૂર્વ ભાગ સિલા. ઈ. સ. ૩૭૨માં બૌદ્ધ ધર્મ સૌ પ્રથમ ચીની ભિક્ષુ દ્વારા કોગુર્યુ પહોંચ્યો. બાર વર્ષ પછી મધ્યએશિયાવાસી ભિક્ષુ મારાનન્દ દ્વારા તે પાક–ચે પહોંચ્યો. ઈ. સ. ૩૭૬માં તે સિલા પહોંચ્યો. આરંભથી જ બૌદ્ધ ધર્મને કોરિયામાં રાજ્યાશ્રય મળતો રહ્યો. પરંતુ બૌદ્ધ ધર્મના સિદ્ધાંતોએ અહીં વિકાસ સાધ્યો નહિ.

સાતમી શતાબ્દીમાં કેટલાક કોરિયાના બૌદ્ધ વિદ્વાનો બૌદ્ધ સિદ્ધાંતોના વિશેષ અધ્યયન માટે ચીન ગયા. ઈ. સ. ૧૨૫૦ સુધી બૌદ્ધ ધર્મ વધુ ને વધુ ફેલાતો રહ્યો. તે જનસાધારણનો ધર્મ બની ગયો. અનેક વિહારોનું નિર્માણ થયું. ફૂ–વૂન વિહાર પ્રસિદ્ધ છે. સુખાવતી મંદિર પણ પ્રાચીન બૌદ્ધ સ્થળ છે. આ બંને સચવાઈ રહ્યાં છે. ઈ. સ. ૧૨૫૧ થી ૧૯૧૦ સુધીનો ગાળો બૌદ્ધ ધર્મના હ્રાસનો છે. પરંતુ ઈ. સ. ૧૯૧૦થી વળી પાછો બૌદ્ધ ધર્મ અહીં સમૃદ્ધ બની રહ્યો છે.

## (૧૧) જાપાન[3]

કોરિયામાંથી જાપાનમાં બૌદ્ધ ધર્મ ઈ. સ. ૫૩૮માં આવ્યો. કોરિયાના રાજાએ સૂત્રો અને ધાર્મિક ઉપકરણો સાથે શાક્યમુનિ બુદ્ધની કાંસાની પ્રતિમા

જાપાનના રાજા કિમ્મેઈ ઉપર ભેટ મોકલી. આ રીતે કોરિયાથી જાપાનમાં બૌદ્ધ ધર્મ આવ્યો. થોડાં વર્ષ જાપાની ધર્મ અને બૌદ્ધ ધર્મનો સંઘર્ષ રહ્યો. પરંતુ આ સંઘર્ષ તરત જ શાંત થઈ ગયો. રાજકુમાર શોતુકૂના (ઈ. સ. ૫૭૪—૬૨૨) પ્રયત્નોથી બૌદ્ધ ધર્મ જાપાનમાં પ્રતિષ્ઠિત થયો. તેમણે જાપાનના પ્રસિદ્ધ નગર નારા અને તેની આસપાસના પ્રદેશમાં ઘણાં બૌદ્ધ મંદિરો બંધાવ્યાં. તેમાંનું હોર્યુજીનું બૌદ્ધ મંદિર આજે પણ વિદ્યમાન છે. આ રાજકુમાર પોતે વિદ્વાન હતા અને તેમણે પોતે પુંડરીક, શ્રીમાલા અને વિમલકીર્તિ આ ત્રણ સૂત્રો ઉપર ટીકાઓ લખી. સૌ પ્રથમ તો રાજા અને રાજપુરુષોએ બૌદ્ધ ધર્મ અપનાવ્યો અને પછી જનતામાં પણ તેણે આકર્ષણ જમાવ્યું. તે જનતાનો ધર્મ બની ગયો. જાપાની કલા અને સંસ્કૃતિના ઉત્થાનમાં બૌદ્ધ ધર્મનો અનન્ય ફાળો છે.

આધુનિક જાપાનમાં અનેક બૌદ્ધ સંપ્રદાયો વિદ્યમાન છે. તેમનો સામાન્ય પરિચય કરી લઈએ.

૧. તેન્દઈ સંપ્રદાય—ચીન દેશમાં પણ આ સંપ્રદાય છે. ત્યાં તેને તિયેન્તાઈ સંપ્રદાય કહેવામાં આવે છે. આ મત અનુસાર વ્યવહાર અને પરમાર્થ વચ્ચે કોઈ વાસ્તવિક ભેદ નથી. જલ અને તરંગ વચ્ચે કોઈ વાસ્તવિક ભેદ નથી. તરંગ જલથી પૃથક્ નથી કે જલ તરંગથી પૃથક્ નથી. આવું જ સંસાર અને નિર્વાણનું છે, વ્યવહાર અને પરમાર્થનું છે. તેમની એકબીજાથી સ્વતંત્ર સત્તા નથી. આ મતના ચીની સંસ્થાપકનું નામ છે ચી-ચે-તા-શી. આ સંપ્રદાયનો મૂળ ગ્રન્થ છે સદ્ધર્મપુંડરીક. ચી-ચે-તા-શીએ સદ્ધર્મપુંડરીક અને માધ્યમિકકારિકાનું અધ્યયન કરી શૂન્યતા, પ્રજ્ઞપ્તિ અને મધ્યમાપ્રતિપદા સિદ્ધાન્તોનું પ્રતિપાદન કર્યું છે. આમ આ મતનો શૂન્યવાદ તરફ પક્ષપાત છે. ઈ. સ. ૭૬૭—૮૨૩ના ગાળામાં જાપાનમાં દેંડ્ગયો નામના ધાર્મિક નેતાએ આ સંપ્રદાયનો પ્રચાર કર્યો અને તેની પ્રતિષ્ઠા કરી.

આ મત પ્રમાણે બુદ્ધની શિક્ષાઓનો ત્રણ દૃષ્ટિએ વિભાગ કરવામાં આવે છે—કાલિક દૃષ્ટિએ, સૈદ્ધાન્તિક દૃષ્ટિએ અને વ્યાવહારિક દૃષ્ટિએ. કાલિક દૃષ્ટિએ બુદ્ધોપદેશના પાંચ ભાગ પડે છે— (૧) અવતંસકસૂત્ર. સંબોધિ પ્રાપ્ત કર્યા પછી બુદ્ધે ત્રણ અઠવાડિયા સુધી આ સૂત્રોનો ઉપદેશ આપ્યો. આમાં મહાયાનના ગૂઢ રહસ્યોનું પ્રતિપાદન છે. (૨) આગમસૂત્ર. આ સૂત્રનો ઉપદેશ બુદ્ધે સારનાથમાં બાર વર્ષ સુધી આપ્યો. (૩) વૈપુલ્યસૂત્ર. આ સૂત્રનો ઉપદેશ આઠ વર્ષ સુધી આપ્યો. આમાં હીનયાન અને મહાયાન બંનેના સિદ્ધાંતો

આવે છે. (૪) પ્રજ્ઞાપારમિતાસૂત્ર. ત્યાર પછી બાવીસ વર્ષ સુધી બુદ્ધે આ સૂત્રનો ઉપદેશ આપ્યો. (૫) સદ્ધર્મપુંડરીક અને મહાનિર્વાણસૂત્ર. જીવનના અંતિમ આઠ વર્ષ બુદ્ધે આ સૂત્રોનો ઉપદેશ આપ્યો. આમ સંબોધિ પછી પચાસ વર્ષ અને ત્રણ અઠવાડિયાના ગાળામાં બુદ્ધે ક્યારે કયા સૂત્રોનો ઉપદેશ આપ્યો એનો નિર્દેશ આ કાલિક વિભાગમાં કરવામાં આવ્યો છે.

સૈદ્ધાન્તિક દષ્ટિએ બુદ્ધોપદેશનું જે વર્ગીકરણ છે તે સ્થૂળતા–સૂક્ષ્મતાની દષ્ટિએ છે. આ દષ્ટિએ બુદ્ધોપદેશ ચાર વિભાગોમાં વિભક્ત થાય છે.– (૧) ત્રિપિટક (૨) સામાન્ય શિક્ષા (૩) વિશિષ્ટ શિક્ષા. આ શિક્ષા કેવળ બોધિ-સત્ત્વોને માટે છે. (૪) પૂર્ણ શિક્ષા. બુદ્ધ તથા સમસ્ત પ્રાણીઓની એકતાનું પ્રતિપાદન આ શિક્ષામાં છે. આના ઉપર તેન્દઈ સંપ્રદાયનું ચણતર અને ઘડતર થયું છે.

વ્યાવહારિક દષ્ટિએ પણ બુદ્ધોપદેશ ચાર વિભાગમાં વિભક્ત થાય છે— (૧) આકસ્મિક. કોઈ પણ જાતના અનુષ્ઠાન વિના નિર્વાણની સદ્યઃ પ્રાપ્તિ માટે આપવામાં આવેલો ઉપદેશ. (૨) ક્રમિક. આ ઉપદેશમાં સાધકને ક્રમે ક્રમે સાધનામાં આગળ વધી છેવટે નિર્વાણને કેવી રીતે પ્રાપ્ત કરવું એ દર્શાવવામાં આવ્યું છે. આગમસૂત્ર, વૈપુલ્યસૂત્ર અને પ્રજ્ઞાપારમિતાની ગણના આવા ઉપદેશમાં થાય છે. (૩) ગુપ્ત. આ ઉપદેશ એવા લોકોને માટે છે જેઓ બુદ્ધના સાર્વજનિક ઉપ-દેશોને ગ્રહણ કરવા અસમર્થ છે. (૪) અનિર્વચનીય. આ ઉપદેશ એટલો ગૂઢ છે કે લોકોએ પોતાની બુદ્ધિ પ્રમાણે એનાં જુદાં જુદાં અર્થઘટનો કર્યાં છે.[૪]

૨. કેગોન સંપ્રદાય — આ સંપ્રદાય યોગાચાર વિજ્ઞાનવાદ તરફ પક્ષપાત ધરાવે છે. આ સંપ્રદાયના સ્થાપકનું નામ છે તૂ-ફા-શુન. તેઓ ઈસ્વી સનની છઠ્ઠી શતાબ્દીમાં થયા. અવતંસક સૂત્ર આ સંપ્રદાયનો મૂળ ગ્રંથ છે. તેથી આ સંપ્રદાયનુ નામ અવતંસક પડયું. અવતંસકને જાપાની ભાષામાં ‘કેગોન’ કહે છે.

આ સંપ્રદાયનો મૂળ સિદ્ધાંત એ છે કે સમગ્ર વિશ્વ એક ચિત્તમાંથી પરિણમ્યું છે. આનો સંસ્કૃત અર્થ છે — एकचित्तान्तर्गतधर्मलोकः અર્થાત્ એક ચિત્ત જ પરમાર્થ છે જેમાં સમગ્ર વિશ્વ સમાયેલું છે. ચિત્ત એક છે, અનન્ત છે અને પરમાર્થ છે. ચિત્ત અને જગતનો સંબંધ વાસ્તવિક ચંદ્ર અને જલગત ચંદ્રપ્રતિબિંબના સંબંધ જેવો છે. આમ આ જગત અનન્ત ચિત્તનું પ્રતિબિંબમાત્ર છે. આ ચિત્તને ધર્મકાય કહેવામાં આવે છે.

૩. શિઙ્ગોન સંપ્રદાય — આ સંપ્રદાયનો સંબંધ બૌદ્ધ મંત્રયાન સાથે છે. આ સંપ્રદાયના સંસ્થાપક હતા કો—બો—થા—ઈ—સાં (ઈ. સ. ૭૭૪—૮૩૫). તેઓ પ્રતિભાસંપન્ન હતા. તેઓ વિદ્વાન, સજ્જન, પરિવ્રાજક, ચિત્રકાર, વ્યવહારજ્ઞ અને સારા લેખક હતા. તેમણે મહાવૈરોચનસૂત્ર અને વજ્રશેખરસૂત્રનું ઊંડું અધ્યયન કર્યું હતું. તેમણે રહસ્યનિધિકુઞ્ચિકા નામનો ગ્રંથ લખ્યો. કોયાપર્વતને એમણે પોતાના સંપ્રદાયનું પ્રધાન કેન્દ્ર બનાવ્યું. જો કે તેઓ પર્વત પર રહેવાનું પસંદ કરતા છતાં સંસાર સાથેનો સંબંધ કાપી નાખવાનું ઈચ્છતા ન હતા. તેમના શિષ્યો શ્રદ્ધા ધરાવે છે કે આજે પણ તેઓ આ પર્વત ઉપર સમાધિસ્થ છે. આ સંપ્રદાયના સિદ્ધાંતો વજ્રયાનના સિદ્ધાંતો જેવા જ છે. મંત્રયાનના પ્રધાન દેવતા વૈરોચનના સુંદર ચિત્રો જાપાની કલાકારોએ દોર્યાં છે. જાપાનમાં વૈરોચન ‘ફેદો’ના નામથી પ્રસિદ્ધ છે.

૪. જોદો સંપ્રદાય—આ સંપ્રદાયનું બીજું નામ સુખાવતી સંપ્રદાય છે. આ સંપ્રદાયના પ્રધાન ત્રણ આચાર્ય છે — કૂય-શોનિન (ઈ. સ. ૯૦૨—૯૭૨), હોનેન-શોનિન (ઈ. સ. ૧૧૩૩—૧૨૧૨) અને શિવ રાન્ (ઈ. સ. ૧૧૭૭—૧૨૬૨). આ સંપ્રદાયના મૂલ ગ્રંથો છે સુખાવતીવ્યૂહસૂત્ર અને અમિતાયુ-ધ્યાનસૂત્ર. આ સંપ્રદાય ભક્તિપ્રધાન છે. અમિતાભ બુદ્ધનું નામ જપવાથી કાર્યસિદ્ધિ થાય છે એવી શ્રદ્ધા આ સંપ્રદાયના અનુયાયીઓ ધરાવે છે. સાધકે અમિતાભ બુદ્ધને શરણે જઈ આત્મસમર્પણ કરવું જોઈએ. કર્મકાંડ કે ગૂઢ દર્શનની કોઈ આવશ્યકતા નથી. શુદ્ધ હૃદયથી અમિતાભની પ્રાર્થના કરવી જોઈએ. આવો સરળ ઉપદેશ આ સંપ્રદાયના ગ્રંથોમાં છે. તેથી આ સંપ્રદાય અત્યંત લોકપ્રિય બન્યો છે. સુખાવતીલોકની કલ્પનાએ પણ જનતાના હૃદયને જીતી લીધું છે.

૫. નિચિરેન્ સંપ્રદાય—આ સંપ્રદાયના સ્થાપક નિચિરેન્ શોનિન્ (ઈ. સ. ૧૨૨૨—૧૨૮૨) હતા. તે નીચ કુળના હતા. પિતા ધાર્મિક વૃત્તિના હતા. આ સંપ્રદાયનો મુખ્ય ગ્રંથ સદ્ધર્મપુંડરીક છે. તેથી આ સંપ્રદાયને તેન્દઈ સંપ્રદાયના સિદ્ધાંતોની વ્યાવહારિક અભિવ્યક્તિરૂપ ગણવામાં આવે છે. આ સંપ્રદાય અનુસાર શાકયમુનિ બુદ્ધ સર્વદા વર્તમાન છે. તે આજ પણ અહીં જ છે. પ્રત્યેક પ્રાણીમાં તેમનો પ્રકાશ છે. એની અભિવ્યક્તિ ‘નમઃ પુંડરીકાય’ મંત્રના જાપથી થાય છે. આ સંપ્રદાય સુખાવતીલોક કે વજ્રલોકની વાતો કરતો નથી. કાલ્પનિક સ્વર્ગભૂમિની કલ્પના રજૂ કરી ઈહલોકથી લોકોને પરાઙ્મુખ

કરવા તે ઇચ્છતો નથી. તે ઐહિકતાને અધિક મહત્ત્વ દે છે અને કર્તવ્યપાલનનો પણ આગ્રહ રાખે છે. તેથી આ સંપ્રદાયના અનુયાયીઓમાં દેશભક્તિ અને સ્વાર્થત્યાગ વિશેષ છે. આ સંપ્રદાયના ઘણા અનુયાયીઓ સૈનિક છે.

૬. ઝેન સંપ્રદાય—ઝેન એટલે ધ્યાન. આ સંપ્રદાય ધ્યાનને નિર્વાણપ્રાપ્તિનું મુખ્ય સાધન ગણે છે. ઈ. સ. ની છઠ્ઠી શતાબ્દીમાં બોધિધર્મ નામના ભારતીય ભિક્ષુએ દક્ષિણ ભારતથી ચીન જઈ ત્યાં આ સંપ્રદાયનો પ્રચાર કર્યો. ૬૦૦ વર્ષ તે ચીનમાં સમૃદ્ધ થતો રહ્યો. ઈ. સ.ના બારમા સૈકામાં આ સંપ્રદાય જાપાનમાં આવ્યો. ત્યાં તેણે ખૂબ ઉન્નતિ સાધી. આજે જાપાનમાં પ્રચલિત બૌદ્ધ સંપ્રદાયોમાં આ સંપ્રદાયનું મહત્ત્વનું સ્થાન છે. જાપાની સંસ્કૃતિના અભ્યુદયમાં આ સંપ્રદાયનો વિશિષ્ટ ફાળો છે.

આ સંપ્રદાયનો મૂળ ગ્રંથ લંકાવતારસૂત્ર છે. આ સંપ્રદાયના અનુયાયી પોતાને મહાકાશ્યપના અનુયાયી ગણે છે. ધ્યાન અને આત્મસંયમ ઉપર ખૂબ ભાર આપે છે. જાપાનનો મધ્યવર્તીપર્વત ફ્યૂજીયામા આ સંપ્રદાયનું તીર્થસ્થલ છે. બોધિસત્ત્વ મંજુશ્રી અને એમની શક્તિ અચલાની પૂજા આ સંપ્રદાયમાં પ્રચલિત છે. બોધિસત્ત્વની ચર્યા આદર્શ ચર્યા છે. શૂન્યવાદનો સિદ્ધાંત માન્ય છે.

એ ભૂલવું ન જોઈએ કે જાપાની બુશિદો( જાપાની વીરતા )ના સિદ્ધાંતોના ઘડતરમાં ઝેન સંપ્રદાયનો ઘણો ફાળો છે. ઝેન સંપ્રદાય વિશે આજકાલ અંગ્રેજીમાં ઘણા રોચક ગ્રન્થો લખાયા છે.

## (૧૨) તિબેટ[૫]

ઈ. સ.ની સાતમી શતાબ્દીમાં બૌદ્ધ ધર્મે તિબેટમાં પ્રવેશ કર્યો. તે વખતે સ્નોઙ્‌–ગચન્‌–ગસ્‌મ્‌–પો ત્યાં રાજ્ય કરતો હતો. તે ચીનની અને નેપાલની રાજકુમારીઓને પરણ્યો હતો. બંને રાજકુમારી બૌદ્ધ હતી. એમના સહવાસથી રાજા પણ બૌદ્ધ ધર્મી બન્યો. સોઙ્‌–ગચને લ્હાસાને પોતાની રાજધાની બનાવી અને ઈ. સ. ૬૪૦માં જો–ખઙ્‌ગ અને રમોછી નામના બે બૌદ્ધ મંદિરો બંધાવ્યા. આ બંને બૌદ્ધ મંદિરો આજે પણ છે.

ખિ–સ્રોઙ્‌–લદે–બ્‌ચને ( ઈ. સ. ૭૫૫–૮૦) ઈ. સ. ૭૬૩માં બૌદ્ધ ધર્મનો પ્રચાર કરવા માટે નાલંદા વિદ્યાપીઠના આચાર્ય શાન્તરક્ષિતને નિમંત્રણ આપી

તિબેટ બોલાવ્યા. શાન્તરક્ષિતે તિબેટમાં બૌદ્ધ ધર્મનો ખૂબ પ્રચાર કર્યો. રાજાએ અનેક વિહારો બંધાવ્યા. શાન્તરક્ષિત પછી એમના વિદ્વાન શિષ્ય કમલશીલ તિબેટ આવ્યા હતા.

ખ્રિ-સોઙ્ પછી રાજા બનનાર મુ–નિ–બ્ચન–પો (ઈ. ૭૮૦–૯૭) અને ખ્રિ–લદે–બચન્–પો બંનેએ બૌદ્ધ ધર્મના ગ્રન્થોનો ભોટભાષામાં અનુવાદ કરાવવાનું શરૂ કર્યું.

અગીઆરમી શતાબ્દીમાં વિક્રમશીલા વિદ્યાપીઠના આચાર્ય દીપંકર શ્રીજ્ઞાન જ્ઞાનપ્રભ રાજાનું નિમંત્રણ મળતાં તિબેટ ગયા. જીવનના અંતિમ તેર વર્ષ ત્યાં ગાળ્યા અને ૭૩ વર્ષની ઉંમરે નિર્વાણ પામ્યા. દુભાષિયાની સહાયથી તેમણે સેંકડો બૌદ્ધ સંસ્કૃત ગ્રન્થોનો ભોટભાષામાં અનુવાદ કર્યો. આમાં આચાર્ય ભવ્ય(યા ભાવવિવેક)ના વિખ્યાત 'મધ્યમકરત્નદીપ'નો સમાવેશ થાય છે.

તેરમી શતાબ્દીમાં તિબેટમાં એક મહાન વિદ્વાન થયા. તેમનું નામ રિન્–છેન્–ગ્રુવ. તે બુ–સ્તોનના નામે પણ જાણીતા છે. તેમણે પોતે પચાસ ગ્રન્થો લખ્યા છે. એમાં ભારત અને તિબેટના બૌદ્ધ ધર્મના ઈતિહાસનું પ્રતિપાદન કરતો ગ્રન્થ અત્યંત મહત્ત્વનો છે. આના કરતાં મહત્ત્વનું કાર્ય તો તેમણે બધા ભોટભાષામાં અનુવાદિત ગ્રન્થોના સંગ્રહનું કર્યું. તેમણે આ સંગ્રહ બે મોટા ભાગમાં કર્યો છે. એક ભાગનું નામ છે સ્ક–ગ્યુર (=કંજુર) અને બીજા ભાગનું નામ છે સ્તન–ગ્યુર (તંજુર). કંજુરમાં બુદ્ધવચનરૂપ મનાતા ગ્રન્થોનો સંગ્રહ છે અને તંજુરમાં બુદ્ધવચનથી ભિન્ન દર્શન, કાવ્ય, વૈદ્યક, જ્યોતિષ, તન્ત્ર વગેરે ગ્રન્થોનો સંગ્રહ છે.

તેરમી શતાબ્દીમાં જ પ્રસિદ્ધ વિદ્વાન લામા તારાનાથ થયા. 'ભારતમાં બૌદ્ધ ધર્મનો ઈતિહાસ' એ અર્થના ભોટ નામવાળું મહત્ત્વપૂર્ણ પુસ્તક એમણે લખ્યું છે. એમાં અનેક દંતકથાઓ મળે છે.

ઘણા મૂળ સંસ્કૃત ગ્રન્થો લુપ્ત થઈ ગયા છે. પરંતુ ભોટભાષામાં તેમના અનુવાદો મળે છે. આ અનુવાદો એટલા મૂલાનુસારી છે કે એમની સહાયથી સંસ્કૃત મૂળ ગ્રન્થોનું પુનર્નિર્માણ થવા લાગ્યું છે.

હજુ હમણા સુધી તિબેટનો રાજધર્મ બૌદ્ધધર્મ હતો અને ત્યાંના રાજા દલાઈ લામાને ધર્મગુરુ માનવામાં આવતા હતા. તિબેટની કલા અને સંસ્કૃતિ ઉપર બૌદ્ધ ધર્મની ઊંડી અસર છે.

## (૧૩) પાશ્ચાત્ય દેશોમાં બૌદ્ધધર્મનો પ્રભાવ

વિશાળ ભારત, લંકા, જાવા, સુમાત્રા, બાલી, બોર્નિયો, તિબેટ, થાઈલેંડ, કંબોડિયા, વિયેતનામ, ચીન અને જાપાનમાં બૌદ્ધધર્મના પ્રભાવની વાત આપણે કરી. હવે આપણે એ વિચારીશું કે પાશ્ચાત્ય દેશો ઉપર બૌદ્ધધર્મનો શો પ્રભાવ પડયો હતો. આપણે એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે બૌદ્ધ વિદ્વાનો અને પ્રચારકોએ કેવળ ભારતના પડોશી દેશોમાં જ નહિ પરંતુ સુદૂર બેબિલોનિયા અને મિસર વગેરે દેશોમાં પણ બૌદ્ધધર્મના વિચારબીજો રોપ્યાં હતાં. એ વાત ઉલ્લેખનીય છે કે બૌદ્ધધર્મનો જે પ્રભાવ ભૂમધ્યસાગરના દેશો ઉપર પડયો તે પ્રત્યક્ષરૂપથી ન પડયો પરંતુ ફારસ, બેબિલોનિયા અને મિસર દ્વારા પડયો. એ જાણવું રસપ્રદ થશે કે અરેબિયન નાઈટ્સમાં જેની ખાલી મિજબાનીની પ્રસિદ્ધ કથા આવે છે તે બારમિસાઈડ (Barmecide) વજીર પોતે પારસદેશના બૌદ્ધધર્મપ્રચારક( =પરમક )ના કુટુંબનો હતો અને વળી મુસલમાનોના લુક્માન (Lukmān) છેવટે તો બુદ્ધ જ છે.[૬] ઈસાઈ ધર્મના અનેક અંગો પર બૌદ્ધ-ધર્મનો પ્રભાવ પ્રચૂર માત્રામાં પડયો છે.[૭] અશોકના શિલાલેખો ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે અશોકે દૂર સુદૂર પશ્ચિમના દેશોમાં એન્ટિઓકસના રાજ્ય સુધી સદ્ધર્મના પ્રચાર માટે પોતાના દૂતો મોકલ્યા હતા. એ ઉપરાંત અશોકે ટોલેમી, એન્ટિગોનસ, મગસ અને સિકંદરના રાજ્યો સુધી સદ્ધર્મને ફેલાવ્યો હતો. આ રાજાઓ સિરિયા, મિસર, એપિરસ અને મેસિડોનિયા નામના દેશો ઉપર આધિપત્ય ભોગવતા હતા. અશોકે ભગવાન બુદ્ધના ધર્મના પ્રચાર માટે આ દેશોમાં પોતાના અનેક ધર્મપ્રચારકો મોકલ્યા હતા. આ ધર્મપ્રચારકોએ આ સુદૂરના દેશોમાં બૌદ્ધધર્મનો પ્રચાર કર્યો. જાતકોમાં 'વાવેરુ' નામનું જાતક છે જેમાં એ વાવેરુ દ્વીપમાં જઈને વેપાર કરવાની કથા છે. વાવેરુનું જ નામ બેબિલોનિયા છે. આ જાતકકથા દ્વારા જાણવા મળે છે કે એ પ્રાચીનકાળે પણ ભારતનો બેબિલોનિયા સાથે વ્યાપારિક સંબંધ હતો. તેથી સંભવ છે કે ભારતના લોકોએ ત્યાં જઈને બૌદ્ધધર્મનો પ્રચાર કર્યો હશે.

ઈશુના જન્મસમયે સિરિયામાં 'એસિની' ( Essenian ) જાતિના લોકો વસતા હતા. તેઓ અત્યંત ધાર્મિક અને ત્યાગી હતા. તેઓ ખૂબ સદાચારી અને તપસ્વી હતા. તેઓ બૌદ્ધધર્મપ્રચારકોથી પ્રભાવિત થયા હતા. કુમરાન (Dead Sea )ના ટીપણાંને આધારે આ લોકોમાં પ્રચલિત 'સદાચારના ઉપદેશક'નું અનુમાન વિદ્વાનોએ કર્યું છે. શાસ્તા કે ધર્મચક્રપ્રવર્તકનું જે બિરુદ બુદ્ધ ધરાવતા

હતા તેવું જ બિરુદ આ 'સદાચારના ઉપદેશક' ધરાવે છે. ખરેખર આ કંઈ અકસ્માત્ નથી.[૮] ઈશુ પોતાના જીવનના પ્રારંભના વર્ષોમાં આ લોકોના સંપર્કમાં આવ્યા અને એમની પાસેથી ઈન્દ્રિયદમન અને સદાચાર શીખ્યા. ઈશુએ આ આદર્શનો વ્યાવહારિક પ્રયોગ પોતાના ધર્મમાં કર્યો. એમણે ચર્ચના પાદરીઓને બ્રહ્મચર્યનું પાલન કરવાનો, સદાચારી રહેવાનો અને ઈન્દ્રિયદમન કરવાનો ઉપદેશ આપ્યો. આ રીતે ઈસાઈ ધર્મમાં તપ, સદાચાર અને ઈન્દ્રિયદમનની ભાવના બૌદ્ધધર્મનું પ્રદાન છે. બૌદ્ધ સંઘવ્યવસ્થાએ ઈસાઈ સંઘવ્યવસ્થાને પ્રભાવિત કરી હોય એમ લાગે છે. ઈસાઈ સંઘવ્યવસ્થામાં બ્રહ્મચર્યની પ્રતિષ્ઠાને આના એક ઉદાહરણરૂપે ટાંકી શકાય.[૯] પાશ્ચાત્ય કથાસાહિત્યમાં પણ બુદ્ધના મહાન વ્યક્તિત્વને ઝીલવામાં આવ્યું છે. પાશ્ચાત્ય ચર્ચમાં સેંટ જોજફ યા જોસેફટ (Josaphat)ની જે કથા પ્રચલિત છે તે બોધિસત્ત્વનું જ એક રૂપાંતરિત આખ્યાન છે. ધાર્મિક કથાઓમાં આ કથા બર્લામ (Barlaam) યા જોજફની કથાને નામે સાતમી શતાબ્દીથી પ્રસિદ્ધ છે.[૧૦] મેનિકેઈઝમ (Manicheism) નામના સંપ્રદાયના સિદ્ધાંતો તો નિ:શંકપણે બૌદ્ધધર્મથી પ્રભાવિત છે.[૧૧] જો બાઈબલનું સૂક્ષ્મ દૃષ્ટિએ અધ્યયન કરવામાં આવે તો સ્પષ્ટ ખાતરી થશે કે બુદ્ધ અને ઈશુના ઉપદેશમાં ઘણી સમાનતા છે. બાઈબલના 'સરમન ઓન ધ માઉન્ટ' વાળો ઉપદેશ બુદ્ધના 'ધમ્મપદ'માં સંગૃહીત ઉપદેશ સાથે અત્યંત સામ્ય ધરાવે છે.[૧૨] વળી બાઈબલની કેટલીય દૃષ્ટાંન્તકથાઓનું સામ્ય પિટકની દૃષ્ટાંતકથાઓ સાથે છે.[૧૩] આ બધું દર્શાવે છે કે બૌદ્ધધર્મે પોતાનો સ્વચ્છ અને સ્વાસ્થ્યપ્રદ પ્રભાવ કેવળ પૂર્વીય દેશો પર જ નહિ પરંતુ પાશ્ચાત્ય દેશો પર પણ પાડ્યો હતો.

## ટિપ્પણ

૧. (१) **बौद्धसंस्कृति,** राहुल सांकृत्यायन, इलाहाबाद

(२) **बौद्धधर्म के २५०० वर्ष,** पब्लिकेशन डिविज़न दिल्ली–८, पृ० ३८–६७

(३) **बौद्ध संस्कृति का इतिहास,** डा. भागचन्द जैन, पृ० ३६२–३८६

(४) **बौद्धदर्शनमीमांसा,** पं० बलदेव उपाध्याय, पृ० ३९१–४०८

૨. **महावंस**

૩. *Essays in Zen Buddhism*, Suzuki, pp. 222–331

૪. *Systems of Buddhist Thought*, Yamakami, pp. 270–286

૫. **तिब्बत में बौद्धधर्म**, राहुल सांकृत्यायन

૬. *An Introduction to the Study of Indian History*, 6.5, pp.154–155.

૭. ઈસાઈ ધર્મ પર બૌદ્ધધર્મના પ્રભાવ માટે જુઓ ચાર્લ્સ ઈલિયટનું પુસ્તક *Hinduism and Buddhism*, Vol. III, pp. 429–448.

૮. જુઓ ટિપ્પણ ૬

૯. Ouspensky, P. D. ના *A New Model of the Universe*નું 'Sex and Evolution' પ્રકરણ, પૃ૦ ૫૩૩ (પ્રકાશક Routledge & Kegan Paul 1948)

૧૦–૧૧ જુઓ ટિપ્પણ ૬.

૧૨. *Buddhist and Christian Gospels, being Gospel parallels from Pali Texts*, A. J. Edmunds and M. Anesaki, 4th ed. Philadelphia, 1908–9.

૧૩. ( i ) *Indische Einflüsse auf evangelische Erzählungen*, G. A. van den Bergh van Eysinga, Göttingen, 1904.

( ii ) *Buddhistische and Neutestamentliche Erzählungen*, G. Faber, Leipzig, 1913

# અધ્યાય ૧૬

## બૌદ્ધ ધર્મનું પ્રદાન અને વૈશિષ્ટ્ય

આપણે બૌદ્ધધર્મનું અધ્યયન કરવાનો પ્રયત્ન કર્યો. મૂળ બુદ્ધધર્મદર્શન પર આપણે કંઈક વિશેષ ભાર આપ્યો અને ભગવાન બુદ્ધના મંતવ્યને સમજવાનો ખાસ પ્રયત્ન કર્યો. તથાગતના પરિનિર્વાણકાળથી લઈને પછી અનેક શતાબ્દીઓ સુધી જે જે પ્રવૃત્તિઓ અને પરિવર્તનો બૌદ્ધધર્મ અને સંઘમાં થયાં એમનો પણ નિર્દેશ આપણે કર્યો. વળી, બૌદ્ધ દાર્શનિક સંપ્રદાયોનું સંક્ષિપ્ત વર્ણન પણ આપણે કર્યું. આ બધાને પરિણામે બુદ્ધ, ધર્મ અને સંઘ વિશે એક અવિસ્મરણીય છાપ ચિત્ત ઉપર પડી.

બુદ્ધના ચિંતનની જેમ ઉત્તરકાલીન બૌદ્ધ આચાર્યોની વિચારપ્રણાલીઓ પણ કેવળ ભારતીય દર્શનમાં જ અત્યંત મહત્ત્વપૂર્ણ છે એમ નહિ પરંતુ વિશ્વની દાર્શનિક વિચારધારાઓમાં પણ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. બૌદ્ધ દાર્શનિકોએ અન્ય ભારતીય દાર્શનિકોને ઊંડું ચિંતન કરવા પ્રેર્યા અને ભારતીય દર્શનમાં ઊંડાણ અને સૂક્ષ્મતા આણ્યાં. વિશુદ્ધ નૈતિકવાદના શાસ્તા હોવાને કારણે તથાગત બુદ્ધ વિશ્વના વિચારકોમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. પોતાના માનવીય દૃષ્ટિકોણને લીધે બુદ્ધ માનવનું શરણ બન્યા છે. ભવિષ્યમાં ભલે ગમે તેટલા તત્ત્વચિંતક અભિનવ અને મહનીય સિદ્ધાંતો વિચારી કાઢે, જીવન અને જગતની કેટલીય નૂતન વ્યાખ્યાઓ કરે, પુરાણા સિદ્ધાંતોનું નિરાકરણ કરી નવા સિદ્ધાંતો સ્થાપે અને જ્ઞાનની પરિધિ વિસ્તારે પરંતુ તથાગત બુદ્ધે જે 'કલ્યાણમાર્ગ'ની પ્રતિષ્ઠા કરી છે એની આશ્વાસનકારી શકિત તો કયારેય ઘટવાની નથી. 'હે શ્રામણ! તારી છાયા પણ સુખકર છે' એમ કહીને અશાંત વિશ્વ સદા તથાગતની તરફ મીટ માંડશે. જેઓ એમને શાસ્તા ગણી પ્રબુદ્ધ થવાનો પ્રયત્ન કરશે, જીવનની ગભીરતમ સમસ્યાઓનો ઉકેલ ખોજશે, સ્વતંત્રપણે વિચાર કરવાની અને સાહસપૂર્વક દર્શન પ્રાપ્ત કરવાની શકિત કેળવવા મથશે તેઓ કદી કયારેય નિરાશ નહિ થાય. ઉત્તરકાલીન બૌદ્ધ દર્શન અને દાર્શનિકોનું પ્રદાન પણ કંઈ ઓછું મહત્ત્વ ધરાવતું નથી. અશ્વઘોષ, અસંગ, વસુબંધુ, નાગાર્જુન જેવા ચિંતકો; દિઙ્નાગ, ધર્મકીર્તિ જેવા તાર્કિકો; બુદ્ધદત્ત, બુદ્ધઘોષ જેવા વ્યાખ્યાકારો; બોધિધર્મ, શાંતિદેવ જેવા સાધકો; અને

કુમારજીવ, બુદ્ધયશસ્, પુણ્યયશસ્ જેવા અનુવાદકો તેમ જ વિદેશીભાષામર્મજ્ઞો બૌદ્ધધર્મે આપ્યા છે.

ચિંતનજગતના ઈતિહાસમાં બુદ્ધ ખરેખર એક પ્રકાશસ્તંભ છે. દેવતાઓના યુગનો અંત કરીને એમણે માનવયુગ પ્રવર્તાવ્યો. દેવયજનના સ્થાને એમણે માનવસંસ્કૃતિની પ્રતિષ્ઠા કરી; મનુષ્યને દેવતાઓની દાસતામાંથી મુકત કર્યો અને સ્વપ્રયત્નથી મુકિત પ્રાપ્ત કરવાનો માર્ગ તેને દેખાડયો. બુદ્ધ કેવળ વિચારક ન હતા, તે સાચા સાધક પણ હતા અને સાક્ષાત્કૃતધર્મા ઋષિ પણ હતા. એમના વિચાર તો મૌલિક હતા જ, એમનું વ્યકિતત્વ પણ મૌલિક હતું. એમનું સાધના-પૂત જીવન યુગોના યુગો સુધી સત્યના પ્રયોગો કરનારને પ્રેરણા દેતું રહેશે. માનવની સાર્વભૌમિક એકતાનો આધાર એ સત્યદર્શી મહાત્માએ દુ:ખરૂપી આર્યસત્યમાં દેખ્યો, જે સર્વાશ્લેષી કરુણાને જન્મ દે છે.

જે ધર્મનો તથાગતે ઉપદેશ દીધો તે ધર્મ વિશ્વના મોટા ભાગમાં ફેલાયો. એ પ્રથમ ભારતીય ધર્મ હતો જે વિશ્વધર્મનું રૂપ પામ્યો. વિશેષત: એશિયામાં એવી કોઈ પ્રાચીન ભાષા ભાગ્યે જ હશે જેમાં બૌદ્ધ ધાર્મિક ગ્રંથોના અનુવાદો ન થયા હોય. પોતપોતાની પ્રકૃતિને અનુકૂળ આવે એ રીતે ભિન્ન ભિન્ન દેશ અને જાતિના લોકોએ બૌદ્ધધર્મને અપનાવ્યો. પાલિ, સંસ્કૃત, ચીની, તિબ્બતી, સિંહાલી, જાપાની વગેરે અનેક ભાષાઓમાં બૌદ્ધધર્મનું જે વિશાળ સાહિત્ય છે એનું અધ્યયન કોઈ એક જન્મમાં થવું અસંભવ છે. બૌદ્ધદર્શનની કોઈ એક શાખાનું પૂર્ણ અધ્યયન પણ એક જન્મમાં કોઈ ભાગ્યે જ કરી શકે. તેના ગંભીર દાર્શનિક જ્ઞાન સાથે આ વિશ્વધર્મને સમગ્રરૂપે સમજવો મહાન બુદ્ધિમાનોને માટે પણ અત્યંત કઠિન કામ છે. એમની બુદ્ધિ પણ એની વિશાળતા, વિવિધતા અને ગહનતા આગળ મુગ્ધ બની જાય છે. પરંતુ બીજી બાજુ સૂર્ય—ચંદ્રની જેમ બુદ્ધશાસન બધાને સહજલભ્ય પણ છે. તે બધાને પ્રકાશ આપે છે. પોતાના વિમલ મૌલિકરૂપમાં તે સરલતમ છે અને દાર્શનિક જટિલતાઓથી મુક્ત છે. ત્યાં નથી પૌરોહિત્ય કે નથી કોઈ જટિલ કર્મકાંડ. એનું પ્રવર્તન બહુજનહિતાય બહુજનસુખાય થયું છે. તથાગતની પ્રજ્ઞાની જેમ એમની કરુણા પણ એમાં પ્રસ્ફુટિત થઈ છે. ભગવાન બુદ્ધે આપણને એક એવો ધર્મ દીધો જે પૂર્ણ અર્થમાં જનવાદી હતો, જેની અભિવ્યક્તિ જનભાષામાં થઈ અને જેના પ્રવર્તક એવા પુરુષાર્થી સાધક મહાપુરુષ હતા કે જેમની આગળ કેવળ વૈદિક યુગના દેવતાઓ જ ઝાંખા પડી જાય છે એમ નહિ પરંતુ ઉપનિષદોનું નિર્ગુણનિરાકાર બ્રહ્મ પણ આકર્ષણ ગુમાવે છે.

ભિક્ષુસંઘની સ્થાપના અને એનો વિકાસ એ પણ બૌદ્ધધર્મનું રસપ્રદ અને મહત્ત્વનું પાસું છે. વિશ્વના ઇતિહાસમાં વિદ્યાપ્રસાર અને જ્ઞાનવિકાસને માટે જે કાર્ય ભિક્ષુસંઘે કર્યું છે તેને માટે સમગ્ર માનવજાત ઋણી રહેશે. ભારતમાંનાં નાલંદા, વલભી, વિક્રમશીલા, જગદ્દલ, ઉદંતપુરી જેવાં વિશ્વવિદ્યાલયો ઉપરાંત ભિક્ષુસંઘે તુંગ-હુ-આન (ચીન), કલ્યાણી (બર્મા), શ્રીવિજય (જાવા), સુખોદય (સ્યામ), વગેરે અનેક સુદૂરનાં સ્થળોએ વિદ્યાકેન્દ્રો સ્થાપ્યાં હતાં. બ્રાહ્મણ શિક્ષણપદ્ધતિમાં ગાર્હસ્થ્યના વાતાવરણની આવશ્યકતા હોવાથી ગુરુગૃહો વિસ્તૃત બની મોટાં વિશ્વવિદ્યાલયોનું રૂપ ન લઈ શકયાં, જ્યારે બૌદ્ધ પદ્ધત્તિમાં તો ભિક્ષુવિહારો વિશ્વવિદ્યાલયોનું રૂપ સહેલાઈથી લઈ શકયા અને શિક્ષણ અનેક શિક્ષકોની સાંઘિક વિદ્યાસેવાની સંસ્થા બની ગયું. મોટા મોટા વિહારવિદ્યાલયોમાં હજારો અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એક સાથે રહી શકતા.

મૂર્તિકલા, ચિત્રકલા અને વાસ્તુકલાને બૌદ્ધધર્મમાંથી જે પ્રેરણા મળી છે તે અદ્‌ભુત છે. એશિયાની કેટલીક સર્વોત્તમ કલાકૃતિઓનો સંબંધ બૌદ્ધ ધર્મ સાથે છે. સારનાથના અશોકસ્તંભનો શીર્ષભાગ અને રામપુરવાનો પાષાણ વૃષભ મૌર્યકાલીન બૌદ્ધ મૂર્તિકલાની ભેટ છે. લગભગ ઈ. સ. પૂ. ૨૦૦ આસપાસ બૌદ્ધધર્મના પ્રભાવે સાંચી, ભારહુત, અમરાવતી અને નાગાર્જુનકોંડાની સમૃદ્ધ મૂર્તિઓને જન્મ આપ્યો. ઈ. સ. પ્રથમ શતાબ્દીથી બુદ્ધની મૂર્તિઓ બનવા લાગી. ગુપ્તકાલીન બુદ્ધમૂર્તિઓ આકર્ષક છે. તેમનાં મુખ આધ્યાત્મિક આભાથી પ્રકાશિત છે અને નમિત નેત્રો કરુણાપૂર્ણ છે. પાંચમી શતાબ્દીની સારનાથમાંથી મળેલી ધર્મોપદેશમુદ્રાવાળી બુદ્ધની પાષાણપ્રતિમા અદ્‌ભુત છે. બુદ્ધની ગુપ્તકાલીન ધાતુપ્રતિમાઓ પણ પાષાણપ્રતિમાઓ જેટલી જ કલાપૂર્ણ છે. પાંચમી શતાબ્દીની સુલતાનગંજમાંથી મળેલી બુદ્ધની વરદમુદ્રાવાળી ધાતુપ્રતિમા પ્રસિદ્ધ છે. ભારત બહાર અનેક સ્થળોએ બુદ્ધ-બોધિસત્ત્વની મૂર્તિઓ મળી છે. અફઘાનિસ્તાનમાં બામિયાન અને ફોન્દુકિસ્તાનમાંથી બુદ્ધબોધિસત્ત્વની અસાધારણ સૌન્દર્યવાળી મૂર્તિઓ મળી છે. આ ક્ષેત્ર જ પ્રસિદ્ધ ગાંધારકલાનું ઉદ્‌ભવસ્થાન છે. બૌદ્ધ ધર્મભાવના અને ગ્રીક શરીરસૌષ્ઠવના સમન્વયમાંથી ઈસ્વીસનના પ્રારંભે આ કલાશૈલી ઉદ્‌ભવી હતી. શ્રીલંકામાં અનુરાધાપુરમાં ધ્યાનમુદ્રાવાળી મહત્ત્વપૂર્ણ અત્યંત પ્રાચીન બુદ્ધપ્રતિમા છે, જ્યારે પોલોન્નરુવા નામના સ્થળે મહાપરિનિર્વાણ-મુદ્રાવાળી અગીઆરમી–બારમી શતાબ્દીની સુંદર બુદ્ધમૂર્તિ છે. જાવામાં ચંડી મેંદૂત બૌદ્ધ મંદિરમાં ધ્યાનમગ્ન બુદ્ધની આકર્ષક પ્રતિમા છે (ઈ. સ. ૮૦૦). જાવામાં સિંગસારી નામના સ્થળે બારમી–તેરમી શતાબ્દીમાં બનેલી પ્રજ્ઞાપારમિતાની

જગવિખ્યાત પ્રતિમા છે. વળી, જાવામાંથી જ પદ્મપાણિ બોધિસત્ત્વની ચાંદીની પ્રતિમા મળી છે. તે જાકાર્તાના સંગ્રહાલયમાં છે. ગુપ્તકાલીન બૌદ્ધ ચિત્રકલાના અદ્‌ભુત ચિત્રો અજંતા અને બાઘમાં મળે છે. કોમળતા, લાવણ્ય, શાન્તિ, અંગભંગીઓનું વૈવિધ્ય અને ભાવપ્રાચૂર્ય માટે આ ચિત્રો જગવિખ્યાત છે. ચીની તુર્કસ્તાનમાં અને જાવામાં હારીતિના સુંદર ચિત્રો મળે છે. કૂચાપ્રદેશમાં બુદ્ધજીવનવિષયક ચિત્રો મળ્યાં છે. ધ્યાની બુદ્ધ, માનુષી બુદ્ધ, ભૈષજ્ય બુદ્ધ, વગેરે બુદ્ધોનાં અને તારા, મારીચિ, લોકપાલ, જંભાલ વગેરે દેવદેવીઓનાં ચિત્રો તિબેટ અને નેપાળમાંથી મળ્યાં છે. લંકામાં સિરિગિરિય નામના સ્થળે અપ્સરાઓનાં સુંદર ચિત્રો છે. બર્મામાં પેગનના પૂર્વીપેતલેકના પેગોડામાં જાતકકથાઓનું આલેખન થયું છે. બુદ્ધ-મુચલિન્દ અને ત્રાયસ્ત્રિંશલોકમાંથી સંકાશ્યમાં બુદ્ધાવતરણ આ બે પ્રસંગોનાં મનોહર ચિત્રો સ્યામમાં મળે છે. ભારતમાં સાંચી અને ભારહુત સ્તૂપો, નેપાળમાં સ્વયંભૂનાથ-મંદિર, લંકામાં અનુરાધાપુરમાં થૂપારામ દગોબા, બર્મામાં મિંગુન સ્તૂપ અને જાવામાં બોરોબુદૂર સ્તૂપ જગવિખ્યાત છે. બોરોબુદૂર સ્તૂપ અદ્‌ભુત સૌન્દર્યનું સ્મારક છે, શ્રીચક્રના આકારની એની રચના સર્વતોભદ્ર શૈલીમાં થઈ છે.

ભારતીય ધર્મસાધનાઓમાં સૌપ્રથમ બૌદ્ધધર્મે જ વિદેશોમાં પ્રચારનું કાર્ય આરંભ્યું હતું અને આ સંબંધમાં જે મહાન પરંપરા એણે સ્થાપી છે એનાથી સંપૂર્ણ ભારતીય સંસ્કૃતિનું ગૌરવ થયું છે. બૌદ્ધધર્મના રૂપમાં ભારતે પોતાનું સર્વોત્તમ પ્રદાન વિશ્વને કર્યું છે. બૌદ્ધ ધર્મ વસ્તુતઃ એક આંતરરાષ્ટ્રીય આંદોલન હતું જેનો આરંભ આજથી અઢી હજાર વર્ષો પહેલાં થયો હતો અને જેના સંદેશને સમગ્ર વિશ્વમાં ફેલાવવા માટે ભારતીય ભિક્ષુઓએ ઈ. સ. પૂર્વે તૃતીય શતાબ્દી પહેલેથી જ ગહન સમુદ્રો, વિશાળ જંગલો, ધખતા રણો અને દુર્ગમ પર્વતમાળાઓ પાર કરી વિદેશોમાં જવાનું શરૂ કર્યું હતું અને એવો જ પુરુષાર્થ કરી વિદેશી સત્યકામો પણ તથાગતની પુણ્યભૂમિમાં બૌદ્ધધર્મના સત્યને પામવા આવ્યા હતા.

સંકુચિત રાષ્ટ્રીયતાનો ત્યાગ કરી રાષ્ટ્રીયતાને સદા વ્યાપક વિશ્વજનીનતાના રૂપમાં સ્વીકારવાનો ઉદાત્ત સંદેશ બોદ્ધધર્મ આપે છે. ભારતની રાષ્ટ્રઉપાસના ઉદાત્ત વીરત્વ અને સાર્વજનીન કલ્યાણબુદ્ધિથી પ્રવર્તિત થવી જોઈએ. તે વિદ્વેષ ને વૈરની ભાવના પર પ્રતિષ્ઠિત ન હોવી જોઈએ. આપણાં રાષ્ટ્રમુદ્રા અને

રાષ્ટ્રધ્વજમાં તેમ જ જવાહરલાલજીએ પ્રવર્તાવેલા પંચશીલ અને તટસ્થતાના સિદ્ધાન્તોમાં બુદ્ધ ધર્મની કલ્યાણમયી ભાવના અંકિત થયેલી છે. બુદ્ધની સાધના અને વિચારોનું સાતત્ય રાષ્ટ્રપિતા ગાંધીજીની સાધના અને વિચારોમાં સ્પષ્ટ દેખાય છે. આ છે ભારતની આધ્યાત્મિકતાનું સાતત્ય. આ છે ભારતનો આત્મા. આ છે ભારતની કલ્યાણમયી ચેતના. એને કોઈ પણ ભોગે જાળવીએ અને પોષીએ.

બૌદ્ધ ધર્મમાં એવાં વિશિષ્ટ લક્ષણો છે જેને પરિણામે તે અનેક દેશના અને અનેક કાળના લોકોને આકર્ષી શક્યો છે. પ્રથમ તો બુદ્ધે બુદ્ધિની પ્રતિષ્ઠા કરી. તેમણે કોઈ વ્યક્તિને શરણે નહિ પણ યુક્તિને (બુદ્ધિને) શરણે, ધર્મને શરણે અને પોતાની જાતને શરણે જવાનું લોકોને કહ્યું. તેમણે ધર્મ અને ગુરુની બરાબર પરીક્ષા કરવાનો લોકોને ઉપદેશ આપ્યો. આને કારણે બુદ્ધિપ્રધાન અને 'નાસ્તિક' લોકોને પણ બૌદ્ધધર્મમાં આશ્વાસન અને શાન્તિ મળે છે. બીજું, બૌદ્ધ ધર્મે મનુષ્ય મનુષ્યના ભેદ ભૂંસી નાખ્યા છે અને મનુષ્યમાત્રની સમાનતા પ્રસ્થાપિત કરી છે. તેણે સ્ત્રીપુરુષની સમાનતાનો ઉદ્‌ઘોષ કર્યો છે. સ્ત્રીઓને પણ સંપૂર્ણ આધ્યાત્મિક સાધનાનો અધિકાર બક્ષી સંઘપ્રવેશ કરાવ્યો છે. ત્રીજું, બુદ્ધે શીલ અને સદાચાર ઉપર ખૂબ જ ભાર મૂક્યો છે. પરિણામે, તેમના ઉપદેશમાં વ્યાપકતા અને સર્વગ્રાહ્યતા છે. તેમને મન દુ:ખમુક્તિ માટે જે જરૂરી ન હોય તેમાં પડવું વ્યર્થ છે. સદાચાર દુ:ખમુક્તિનો ઉપાય છે. પરંતુ વાદવિવાદ દુ:ખમુક્તિનો ઉપાય નથી. તેથી તેમણે વિવાદોમાં પડવા કરતાં મૌન રહેવું જ પસંદ કર્યું હતું, ચોથું, બૌદ્ધધર્મની શિરમોર સમી વિશેષતા તેનો મધ્યમમાર્ગ છે. તે આત્યંતિક દેહદમન અને ભોગવિલાસ બંનેને છોડી વચલો માર્ગ કાઢે છે. નથી શરીરને કષ્ટ આપવાથી ચિત્ત શાન્ત થતું કે નથી ભોગવિલાસમાં રચ્યાપચ્યા રહેવાથી ચિત્ત શાન્ત થતું, પરંતુ શરીરમાં મોહ રાખ્યા વિના તેને જરૂરી પોષણ આપી ચિત્તને શાન્ત કરવા ધ્યાનમાર્ગની સાધના કરવાથી જ ચિત્ત શાન્ત થાય છે. ધ્યાનમાર્ગ યા સમાધિમાર્ગ ચિત્તશાન્તિનો ઉપાય છે. ધ્યાનમાર્ગની પૂર્વશરત સદાચાર—શીલ છે. જે શીલસંપન્ન છે તે જ ધ્યાનમાર્ગનો અધિકારી છે. તેથી જ શીલ પછી ચઢતા ક્રમમાં સમાધિને ગણાવવામાં આવી છે. વર્તમાન યુગમાં માણસ માનસિક તાણ અને ચિત્તની અશાંતિ અનુભવી રહ્યો હોઈ યોગ અને સમાધિ તરફ તે આકર્ષાયો છે. સમાધિમાર્ગનું ખેડાણ બૌદ્ધધર્મમાં વિશાળ પાયે થયું છે અને જાપાનમાં બૌદ્ધ

સમાધિમાર્ગે 'ઝેન'નું રૂપ ધારણ કર્યું છે. પાંચમું, બૌદ્ધધર્મમાં મૈત્રી અને કરુણાની જેવી વ્યાપકતા જોવા મળે છે તેવી બીજે ભાગ્યે જ જોવા મળે છે. આથી દબાયેલી, કચડાયેલી, પીડિત જનતાને બૌદ્ધધર્મમાં પોતાના ઉદ્ધારકનાં દર્શન થાય છે. આમ બુદ્ધિવાદ, સમાનતા, વિચારસ્વાતંત્ર્ય, સદાચારની મહત્તા, સમાધિની પ્રતિષ્ઠા, મૈત્રી–કરુણાની વ્યાપકતા આ બધાં લક્ષણો બૌદ્ધધર્મની વિશેષતાનાં સૂચક છે.

# પરિશિષ્ટ–૧

## હિંદુ પુરાણોમાં બુદ્ધ

પુરાણો બુદ્ધને ઈશ્વરનો અવતાર માને છે.[૧] બીજા અવતારોની જેમ બુદ્ધનો અવતાર પણ ધર્મસંરક્ષણાર્થે અને અધર્મવિનાશાર્થે થયો હતો. બુદ્ધ નવમો અવતાર છે. આ નવમો અવતાર કલિયુગમાં થયો. અગ્નિપુરાણમાં કહ્યું છે કે પ્રાચીન કાળમાં દેવાસુરસંગ્રામમાં અસુરો વડે પરાજિત થયેલા દેવો 'બચાવો બચાવો' એવો પોકાર કરતાં ઈશ્વર પાસે ગયા. ઈશ્વર માયામોહ-સ્વરૂપવાળા શુદ્ધોદનપુત્ર બન્યા, તેમણે અસુરોને મોહ પમાડી વેદધર્મથી વિપરીત માર્ગે વાળ્યા.[૨] વિષ્ણુપુરાણમાં દેવો પરમેશ્વરને કહે છે કે દૈત્યો બ્રહ્માની આજ્ઞાનું ઉલ્લંઘન કરી અમારા યજ્ઞભાગો લૂંટી ગયા પરંતુ અમારા એ દુશ્મનો સ્વવર્ણધર્મમાં રત, વેદમાર્ગાનુસારી અને તપસ્વી હોઈ અમે એમને હણવા શક્તિમાન નથી. આ સાંભળી ભગવાન વિષ્ણુએ પોતાના શરીરમાંથી માયામોહને ઉત્પન્ન કરી દેવોને આપ્યો અને કહ્યું કે આ માયામોહ બધા દૈત્યોને મોહ પમાડી વેદમાર્ગથી ભ્રષ્ટ કરશે એટલે તમે તેમનો વધ કરી શકશો.[૩] બુદ્ધ અમને માન્ય છે પણ બુદ્ધના સિદ્ધાંતો અમને માન્ય નથી એવું પૌરાણિકોનું વલણ છે. આ વિચિત્ર છે. બુદ્ધને અવતાર તરીકે સ્થાપ્યા પરંતુ તેમના સિદ્ધાંતોને કુમાર્ગ તરીકે ગણાવ્યા. જે બુદ્ધનો ધર્મ 'बहुजनहिताय बहुजनसुखाय लोकानुकम्पाय अर्थाय हिताय सुखाय देव–मनुष्याणां' [विनयपिटक, महावग्ग] છે તેને છળ તરીકે રજૂ કરી પૌરાણિકો શું તાકે છે? જે બુદ્ધનો ધર્મ 'आदिकल्याणं मध्येकल्याणं पर्यवसानकल्याणं' [विनयपिटक, महावग्ग] છે તેને વિનાશમાર્ગ યા વિનિપાતમાર્ગ ગણાવી પૌરાણિકો શું સાધવા માગે છે? કરુણામૂર્તિ બુદ્ધને માયામોહરૂપ કલ્પી તેમને શું કહેવું છે? આવા પ્રશ્નો ઊભા થાય છે. આ પ્રશ્નોનો ઉત્તર આપવા પ્રયત્ન કરીએ. ઉત્તર આ પ્રમાણે છે: પ્રાચીન કાળમાં થયેલા કોઈ બે સંસ્કૃતિઓ વચ્ચેના સંઘર્ષનો નિર્દેશ દેવાસુર સંગ્રામ કરે છે. દેવો યજ્ઞસંસ્કૃતિના પુરસ્કર્તા હતા અને અસુરો યજ્ઞવિરોધી સંસ્કૃતિના પુરસ્કર્તા હતા. અસુરોની યજ્ઞવિરોધી સંસ્કૃતિનું પ્રાબલ્ય થતાં દેવોને મળતો યજ્ઞભાગ – દાન, દક્ષિણા આદિ – બંધ થવા લાગ્યો. યજ્ઞસંસ્કૃતિના પુરોહિત-વર્ગના સ્વાર્થ ઉપર જબરો ફટકો પડયો. વળી, યજ્ઞવિરોધી સંસ્કૃતિની વિચારધારાથી

યજ્ઞસંસ્કૃતિમાં માનનારાઓ વટલાઈ વ્રાત્યો બની રહ્યા હતા. યજ્ઞવિરોધી સંસ્કૃતિના પ્રબળ પુરસ્કર્તાઓમાં બુદ્ધ મુખ્ય હતા. યજ્ઞસંસ્કૃતિના પુરોહિતવર્ગે સ્વાર્થરક્ષણ માટે એક ઉપાય શોધી કાઢયો. તેમણે બુદ્ધને અવતાર તરીકે સ્વીકારી તેમના સિદ્ધાંતોને છળ તરીકે જાહેર કર્યા. આમ કરવાથી એમણે ધાર્યું હતું એ સિદ્ધ થયું કે નહિ એ એક જુદો પ્રશ્ન છે. આ એક અર્થઘટન છે. આને સૌએ સ્વીકારવું જ એવો કોઈ આગ્રહ નથી. પરંતુ તેના ઉપર વિચાર તો અવશ્ય થવો જ જોઈએ.

પુરાણોમાં બુદ્ધની મૂર્તિની પૂજા કરવાના વિધાનો છે.[૪] બુદ્ધની મૂર્તિ કેવી હોય? શાન્તાત્મા, લંબકર્ણ, ગૌરાંગ, અંબરાવૃત, ઊર્દ્વપદ્મસ્થિત અને વરદ યા અભય મુદ્રાવાળી.[૫] ભવિષ્યપુરાણમાં સોનાની બુદ્ધની મૂર્તિને સ્થાપી, અર્ચના કરી બ્રાહ્મણને દેવાનું વિધાન છે.[૬] મેરુતંત્ર હિંદુ કર્મકાંડનો પ્રામાણિક ગ્રંથ છે. તેમાં મંત્રજપ, હોમ અને તુલસીપત્ર મિશ્રિત જળથી તર્પણ સાથે બુદ્ધની આરાધના કરવાનો આદેશ છે.[૭]

અગ્નિપુરાણમાં બુદ્ધાવતારની કથા કહેતી વખતે કહ્યું છે કે બુદ્ધની કથા વાંચવાથી કે સાંભળવાથી પુરુષાર્થસિદ્ધિ થાય છે.[૮] વરાહપુરાણમાં બુદ્ધદ્વાદશીવ્રતકથા છે.[૯] આ વ્રત અને કથા શ્રાવણ સુદ બારસે કરવાનું વિધાન છે. નિર્ણયસિંધુમાં (બીજો અધ્યાય) પોષ સુદ આઠમે બુદ્ધપૂજાનું વિધાન છે. બુદ્ધની વ્રતપૂજા વિભિન્ન અવસરે વિભિન્ન રીતે કરવાનો આદેશ પુરાણોમાં અને અન્ય વિધિવિધાનના ગ્રંથોમાં છે.

જેમાં નાનો ખાડો હોય, ચકરડાં ન હોય અને સઘન હોય એવો ગોળ પથ્થર (શાલગ્રામ) બુદ્ધનું પ્રતીક મનાતો અને પૂજનીય ગણાતો.[૧૦]

એવું એક પણ પુરાણ નથી જેમાં બુદ્ધને નમસ્કાર ન કરવામાં આવ્યા હોય.[૧૧] સવારે અને સાંજે બંને વખત બુદ્ધનું સ્મરણ કરવું જોઈએ એમ ભાગવતપુરાણમાં કહ્યું છે.[૧૨] મહાભારતમાં પણ બુદ્ધને નમસ્કાર કરવામાં આવ્યા છે.[૧૩] મેરુતંત્ર પણ બુદ્ધને નમસ્કાર કરે છે. બુદ્ધને ધ્યાની તરીકે પુરાણો વર્ણવે છે. શંકરાચાર્ય તેમને યોગીચક્રવર્તી ગણે છે અને કહે છે કે એવા પ્રબુદ્ધ બુદ્ધ મારા ચિત્તમાં વસો.[૧૪]

પુરાણોમાં બુદ્ધગયાનું માહાત્મ્ય દર્શાવ્યું છે, અને ધર્મ તથા ધર્મેશ્વરને નમન કરી મહાબોધિતરુને નમન કરવાનું કહ્યું છે.[૧૫] ધર્મેશ્વરનો અર્થ બુદ્ધ છે.

અમરકોશ અને વૈજયન્તીકોશમાં બુદ્ધનું એક નામ 'ધર્મરાજ' આપ્યું છે. અગ્નિપુરાણમાં કહ્યું છે કે મહાબોધિતરુને નમસ્કાર કરવાથી ધાર્મિક જન સ્વર્ગ મેળવે છે.[૧૬] આમ પુરાણો બુદ્ધગયા, ત્યાંની બુદ્ધમૂર્તિ અને ત્યાંના બોધિવૃક્ષને પૂજ્ય ગણે છે અને સૌને બુદ્ધગયાની યાત્રાએ જઈ બુદ્ધમૂર્તિ અને બોધિવૃક્ષની પૂજા કરવાનો પણ આદેશ આપે છે.

પુરાણો બુદ્ધને ઈશ્વરનો અવતાર ગણે છે અને તેમના તરફ પૂજ્યભાવ ધરાવે છે એ હકીકત અવશ્ય નોંધપાત્ર છે. પરંતુ તેઓ બુદ્ધના ઉપદેશને છલરૂપ ગણે છે એ શોભાસ્પદ નથી. ભલે પુરાણો બુદ્ધોપદેશને છલરૂપ ગણે પરંતુ તે છલરૂપ છે કે કેમ તેની આપણે પરીક્ષા કરવી જોઈએ. બુદ્ધે પોતે પોતાની અને પોતાના ઉપદેશની પરીક્ષા કરવા આપણને સલાહ આપી છે. બુદ્ધોપદેશને, બુદ્ધ-ધર્મને છલરૂપ અને કુમાર્ગ તરીકે વર્ણવી લોકોને તેમનાથી દૂર રાખવાનો પુરાણોનો પ્રયાસ યોગ્ય નથી. પોતાના ધર્મનું રક્ષણ કરવા બીજાના ધર્મગ્રંથો ન વંચાય એવી પરિસ્થિતિનું જે સર્જન કરે એને પોતાના ધર્મની સદ્ધરતામાં કે સત્ત્વમાં શ્રદ્ધા નથી એ જ સિદ્ધ કરે.

## ટિપ્પણ

૧. ततः कलौ संप्रवृत्ते संमोहाय सुरद्विषां । बुद्धो नाम्ना जिनसुतः कीकटेषु भविष्यति ॥ २४ ॥ **भागवत, प्रथमस्कन्ध, १६ अध्याय ।**

२. पुरा देवासुरे युद्धे दैत्यैर्देवाः पराजिताः । रक्ष रक्षेति शरणं वदन्तो जग्मुरीश्वरम् ॥ मायामोहस्वरूपोऽसौ शुद्धोदनसुतोऽभवत् । मोहयामास दैत्यांस्तान् त्याजितान् वेदधर्मकम् ॥ **अग्निपुराण, अध्याय १६ ।**

3. देवासुरमभूद्युद्धं दिव्यमब्दशतं पुरा । तस्मिन् पराजिता देवा दैत्यैर्ह्लाद-पुरोगमैः ॥ ६ ॥ स्तोत्रस्य चावसाने ते ददृशुः परमेश्वरम् ॥ ३५ ॥ तमूचुः सकला देवाः प्रणिपातपुरस्सरम् ॥ ३६ ॥ त्रैलोक्यं यज्ञभागाश्च दैत्यैर्ह्लादपुरोगमैः । हृता नो ब्रह्मणोऽप्याज्ञामुल्लङ्घ्य परमेश्वर ॥ ३७ ॥ स्ववर्णधर्माभिरता वेदमार्गानुसारिणः । न शक्यास्तेऽरयो हन्तुमस्माभि-स्तपसावृताः ॥ ३९ ॥ इत्युक्तो भगवांस्तेभ्यो मायामोहं शरीरतः । समुत्पाद्य ददौ विष्णुः प्राह चेदं सुरोत्तमान् ॥ ४१ ॥ मायामोहोऽयम-खिलान् दैत्यांस्तान् मोहयिष्यति । ततो वध्या भविष्यन्ति वेदमार्ग-बहिष्कृताः ॥ ४२ ॥ **विष्णुपुराण, तृतीयांश, १७ अध्याय ।**

४. ...बुद्धः कल्की तथैव च ॥ तेषामपि च गायत्रीं कृत्वा स्थाप्य च पूजयेत् ॥ **लिङ्गपुराण, २.४८.३३ ।**

५. शान्तात्मा लम्बकर्णश्च गौराङ्गश्चाम्बरावृतः । ऊर्ध्वपद्मास्थितो बुद्धो वरदाभयदायकः ॥ **अग्निपुराण, ४९.८ ।**

६. सुवर्णमयीं भगवतः श्री बुद्धदेवस्य प्रतिमां स्थापयित्वाऽर्चयित्वा च ब्राह्मणाय दद्यात् । **भविष्यपुराण, २.७३ ।**

७. वर्णलक्षं जपेन्मन्त्रं होमयेच्च घृतौदनम् । तुलसीमिश्रतोयैश्च भगवन्तं प्रतर्पयेत ॥ एवं बुद्धं समाराध्य भुक्ति मुक्ति प्रयान्ति ते ॥ **मेरुतन्त्र, अवतारप्रकरण, अध्याय ३६ ।**

८. वक्ष्ये बुद्धावतारं च पठतः शृण्वतोऽर्थदम् । **अग्निपुराण, १६.१ ।**

९. **वराहपुराण, ४९ ।** જુઓ **भविष्यपुराण २.७३ ।**

१०. अणुगह्वरसंयुक्तं चक्रहीनं यथा भवेत् । निबिडो बुद्धसंज्ञः स्याद् ददाति परमं पदम् ॥ **ब्रह्माण्डपुराण ।**

११. 'नमो बुद्धाय...' । **भागवतपुराण १०.४०.२२ । कूर्मपुराण ६.१५। वायुपुराण ३०.२२५ ।**

१२. सायं प्रातर्गृणन् भक्त्या दुःखग्रामाद् विमुच्यते । १.३.२९

१३. **महाभारत, शान्तिपर्व, भीष्मस्तवराज ।**

१४. य आस्ते कलौ योगिनां चक्रवर्ती
स बुद्धः प्रबुद्धोऽस्तु मच्चित्तवर्ती ॥ **दशावतार ।**

१५. पुरुषोत्तमगिरिः श्रेष्ठो यत्र बुद्धगया स्मृता । **स्कन्दपुराण, अवन्तीखण्ड, ६८.३० ।** पाटला च महाबोधिर्नगतीर्थं मदन्तिके । **बृहन्नीलतन्त्रम्, पाताल ५ ।**
धर्मं धर्मेश्वरं नत्वा महाबोधितरुं नमेत् । **वायुपुराण २.४९.२६**

१६. महाबोधितरुं नत्वा धर्मवान् स्वर्गलोकभाक् । **अग्निपुराण ११५.३७ ।**

# વિશેષનામસૂચિ

( ગ્રંથનામો ગાઢા કાળા ટાઇપોમાં છાપ્યાં છે. )


અક્ષોભ્ય ૨૩૯
અગ્નિ ૧૮
અગ્નિક ભારદ્વાજ ૨૮
**અગ્નિપુરાણ ૩૨૫-૩૨૭**
અચલા ૩૧૪
**અચિંત્યગુહ્યનિર્દેશ ૩૧૦**
અજંટા ૩૨૨
અજાતશત્રુ ૧૫, ૨૮, ૩૩-૩૫
અજિત કેસકંબલિ ૧૯
અજિ-શકા ૩૦૨
**અટ્ઠકથા ૧૬૩**
**અટ્ઠશાલિની ૨૬૫**
અતિગુપ્ત ૩૦૯
**અથર્વવેદ ૩, ૧૮, ૩૧૪**
**અધ્યર્ધશતક ૩૦૯**
અનવરથ ૩૦૦
અનાથપિંડક ૨૮, ૫૨, ૧૨૧
અનિરુદ્ધ ૨૬૫, ૩૦૦
અનુરાધાપુર ૨૯૯, ૩૨૧-૩૨૨
અનુલા ૨૯૯
અપદાન ૧૬૩
અપરન્તક ૧૬૨
અફઘાનિસ્તાન ૩૦૫, ૩૨૧
અભય ૧૬૩
અભયકુમાર ૨૮
**અભિધમ્મત્થસંગહો ૨૬૫**
**અભિધમ્મપિટક ૩૮**
**અભિધર્મકોશ ૨૭૬**
**અભિધર્મકોશભાષ્ય ૨૭૬**
**અભિધર્મકોશસ્ફુટાર્થાટીકા ૨૭૬**
**અભિધર્મદીપ ૨૭૫**
**અભિધર્મપિટક ૧૫૭, ૧૬૨**
**અભિધર્મામૃત ૨૭૫**
**અભિસમયાલંકારકારિકા ૧૯૫**
**અમરકોશ ૩૨૭**
અમરાવતી ૩૨૧
અમિતપ્રભ ૧૯૧
અમિતાભ ૧૯૧, ૨૩૯, ૩૧૩
અમિતાયુ ૧૯૧
**અમિતાયુર્ધ્યાનસૂત્ર ૩૧૩**
અમોઘવજ્ર ૩૦૯
અમોઘસિદ્ધિ ૨૩૯
અરહંત ૩
અરિટ્ઠ ૧૬૩
**અરેબિયન નાઈટ્સ ૩૧૬**
અર્ચટ ૨૯૨
**અર્થવર્ગીયસૂત્ર ૧૫૮**
અર્હન્ ૩૦૦-૩૦૧
**અવતંસકસૂત્ર ૩૧૧, ૩૧૨**
**અવદાન ૩૦૭**
અવલોકિતેશ્વર ૧૮૬, ૧૮૭, ૧૯૦, ૩૦૮
અવંતી ૧૧, ૧૫૬, ૧૫૮-૧૬૦
અશોક ૬, ૧૬૧-૧૬૩, ૧૭૧, ૧૭૯,

૨૯૨, ૨૯૮, ૩૦૦, ૩૦૫, ૩૦૬, ૩૧૬
અશો જરથુશ્ત્ર ૨૨
અશ્વગુપ્ત ૧૬૪
અશ્વઘોષ ૭૩, ૩૦૮–૩૦૯, ૩૧૯
અશ્વજિત્ ૨૮, ૧૩૯
અશ્વપતિ (કેકયરાજ) ૧૫
**અષ્ટસાહસ્રિકાપ્રજ્ઞાપારમિતા ૧૮૧–૧૮૨**
અસિત ઋષિ ૨૩
અસુર ૧૮, ૩૨૫
અસ્સક ૧૧
અસંગ ૩૦૫, ૩૦૯, ૩૧૯
અંગ ૧૧
અંગુલિમાલ ૨૯, ૩૨
**અંગુત્તરનિકાય ૧૫૭–૧૬૩**
અંશુમતી નદી ૫
અહોગંગપર્વત ૧૫૬
**આગમસૂત્ર ૩૧૧, ૩૧૨**
આજીવક ૪, ૧૯, ૨૮, ૧૧૯, ૧૩૩, ૧૫૪
આજ્ઞાત કૌણ્ડિન્ય ૧૮૨
**આટાનાટીયસુત્ત ૨૩૫**
આદિબુદ્ધ ૧૮૭, ૧૮૮, ૧૯૦
આદિનાથ ૧૮૭, ૧૯૦
આનંદ ૨૮, ૩૦, ૩૧, ૩૫, ૫૦, ૭૪, ૧૨૮, ૧૫૦, ૧૫૪, ૧૫૫, ૧૫૭, ૧૭૩, ૧૭૮, ૧૯૦
આનંદવિહાર ૩૦૧
આમ્રપાલી ૨૯, ૩૫
આયુપાલ ૧૬૪
**આરણ્યક ૧૨૮**
આર્યદેવ ૨૮૭–૩૦૮
**આર્યશતસાહસ્રીપ્રજ્ઞાપારમિતા ૨૨૭**
આલાર કાલામ ૨૦, ૨૩, ૨૪, ૨૭
**આલંબનપરીક્ષા ૨૮૫**
આળવી ૧૭, ૧૮
આળિકા ૧૮
આંધ્ર ૧૬૧, ૧૬૫, ૧૭૯, ૧૮૧, ૨૩૫
ઈટ્ઠિય ૧૬૨
**ઇતિવુત્તક ૬૪, ૧૬૩**
**ઇત્યુક્તા ૧૫૮**
ઈત્સિંગ ૩૦૨, ૩૦૫, ૩૦૯
ઈન્દ્ર ૫, ૧૮
ઈન્દ્રાગ્નિમિત્ર ૧૬૪
ઈરાન ૨૨
ઈશાન ૩
ઈશુ ૩૧૬–૩૧૭
ઉઈગર ૩૦૭
ઉગ્ર ૩
ઉજ્જૈન ૩૦૯
ઉડ્ડીયાન ૧૮૨
ઉત્તર ૩૦૦
ઉત્તિય ૧૬૨
ઉદયન (રાજા) ૩૧
ઉદયનાચાર્ય ૨૯૨–૨૯૩
**ઉદ્દાન ૧૬૩, ૩૦૭**
ઉદંતપુરી ૨૫૮, ૩૨૧
ઉદ્દાલક આરુણિ ૧૫
ઉદ્યોતકર ૨૯૧–૨૯૨
ઉપક આજીવક ૨૭
ઉપગુપ્ત ૧૦૧, ૧૬૧
**ઉપનિષદ્ ૩, ૬–૮, ૧૩–૧૪, ૧૭, ૨૦, ૧૨૮, ૨૭૦, ૨૯૦, ૩૨૦**

ઉપાલિ ૧૫૫
ઉરુવેલા ૨૪, ૨૭–૨૮
ઉંબરદત્ત ૧૮
ઊ–તી ૩૦૯
ઊ–વંશ ૩૦૭
**ઋગવેદ ૧, ૩, ૫**
ઋષભદેવ ૪
ઋષિદાસી ૨૭૧
ઋષિપત્તન ૨૭, ૬૦, ૧૨૨, ૧૮૩
એકવ્યાવહારિક ૧૬૧
એકવ્રાત્ય ૩
**એકોત્તરાગમ ૧૫૭**
એન્ટિઓકસ ૩૧૬
એન્ટિગોનસ ૩૧૬
એપિરસ ૩૧૬
એપોલો ૧૯૮
એમ્પેડોકલીઝ ૨૨
એસિની (Essenian) ૩૧૬
ઔપમન્યવ ૧૫
કકુચ્છન્દ ૧૭૧
**કઠોપનિષદ્ ૧૬**
**કથાવત્થુ ૧૬૩**
કનિષ્ક ૧૬૪–૧૬૫, ૧૭૯, ૧૮૯, ૨૯૮
કપિલમુનિ ૩, ૬, ૮
કપિલવસ્તુ ૨૨, ૨૩, ૨૭, ૫૮, ૬૦, ૧૨૫
કમલશીલ ૨૯૨, ૩૧૫
**કરુણાપુંડરીક ૩૦૭**
કર્ણગોમી ૨૯૨
કર્મારપુત્ર ચુંદ ૨૯, ૩૫
કલિંગ ૨૬૧
કલ્યાણી ૩૨૧
કસ્સપ ૧૭૧
કચનજિત્થ ૩૦૧
કાત્યાયનીપુત્ર ૧૬૫, ૨૭૫
**કારંડવ્યૂહ ૧૮૭, ૧૯૦**
**કાલચક્રતંત્ર ૨૫૫**
કાલામ ૩૪, ૩૬, ૧૭૨
કાલામગણરાજ્ય ૧૧
કાશી ૧૧, ૨૭
કાશ્મીર ૧૬૦, ૧૬૨, ૧૬૪, ૩૦૫
કાશ્યપ ૧૮૪–૧૮૫
**કાશ્યપપરિવર્ત ૧૮૯**
કાશ્યપમાતંગ ૩૦૭
કાશ્યપીય ૧૬૦
કિમ્મેઈ ૩૧૧
કી–કયા–યે ૩૦૮
કીટાગિરિ ૧૩૯
કુચ (ચા) ૩૦૬–૩૦૮, ૩૨૨
કુમરાન ૩૧૬
કુમારજીવ ૩૦૮,૩૨૦
કુમારબોધિ ૩૦૮
કુમારાયન ૩૦૮
કુમારિલ ૨૯૦, ૨૯૨–૨૯૩
કુરુ ૧૧, ૩૦
કુરંગી ૧૬૪
કુશીનગર (નારા) ૩૫, ૬૦, ૧૫૪
કુષાણ ૧૬૪–૧૬૫
કુસ્ત ૩૦૬
કુંતી ૧૮
કૂય–શોનિન ૩૧૩
કૃષિ ભારદ્વાજ ૨૯
કૃષ્ણ ૪–૬

કૃષ્ણપાદ ૨૫૬
કેદ્દા ૩૦૧
**કેશીસૂક્ત ૩**
કોગુર્યુ ૩૧૦
કોણાગમન ૧૭૧
કોન્ફ્યુશ્યસ ૨૨
કો—બો—થા-ઈ—સી ૩૧૩
કોરિયા ૨૯૮, ૩૧૦
કોલિય ૨૨, ૨૮
કોલિયગણરાજ્ય ૧૧
કોશલ ૧૧, ૨૨, ૨૭, ૧૩૦
કોશલક ૨૨
કોશલકુળ ૨૨
કૌટ( ટિ )લ્ય ૬
કૌશાંબી ૩૧, ૧૩૭, ૧૩૯, ૧૫૬, ૧૫૯, ૧૬૦
**કંજુર ૩૧૫**
કંદહાર ૩૦૫
કંબોજ ૧૧
કંબોડિયા ૨૯૮, ૩૦૩—૩૦૫
**ક્ષુદ્રકઆગમ ૧૫૯**
**ખડ્ગવિષાણગાથા ૧૫૭**
ખિલજી ૨૫૮
ખિ-લદે-બચન્-પો ૩૧૫
ખિ—સોડ્—લ્દે—બચન્ ૩૧૪, ૩૧૫
ખુજ્જસોભિત ૧૫૭
**ખુદ્દકનિકાય ૧૫૭, ૧૬૩**
**ખુદ્દકપાઠ ૧૬૩**
ખોતાન ૩૦૬
ગયાશીર્ષ ૧૫૮
ગરગિર ૩
ગર્દભ ૧૮
**ગંડવ્યૂહ ૧૮૨, ૧૮૮**
ગંધાર ૧૧, ૧૬૦, ૧૬૨, ૧૬૪, ૧૯૮, ૩૦૫
ગાંધીજી ૩૨૩
ગુણવર્મન્ ૩૦૨
**ગુહ્યસમાજતંત્ર ૨૩૬-૨૩૯, ૨૪૩**
ગૃધ્રકૂટપર્વત ૧૮૯—૧૯૦
**ગૃહ્યસૂત્ર ૧૭**
ગોકુલિક ૧૬૧
ગોવર્ધનપર્વત ૬
ગૌડપાદ ૨૯૦—૨૯૧
ગૌતમ ૨૩, ૨૫, ૨૬, ૩૪, ૧૬૮ ૨૭૨, ૨૯૧
ગૌતમી ૨૨—૨૪, ૨૮, ૧૫૦
ગ્રીક ૧૬૪
સ ૨૨ગ્રી
ઘંટિક ૧૮
ઘોર આંગિરસ ૪, ૬
ઘોષક ૨૭૫
**ચતુઃશતક ૨૮૭**
**ચતુઃશતક ટીકા ૨૮૭**
ચન્દ્રકીર્તિ ૨૮૭
**ચરિયાપિટક ૧૬૩, ૧૬૯**
**ચર્યાપદ ૩૫૫**
ચંડી મેંદૂત ૩૦૨, ૩૨૧
ચંડીયવાન ૩૦૨
ચંડીસરી ૩૦૨
ચંડીસેવૂ ૩૦૨
ચંદ્રગુપ્ત ૬
ચાંડાલ ૧૩, ૩૯
ચી—ચિયેન્ ૩૦૮
ચી—ચે—તા—શી ૩૧૧

ચીન ૨૨, ૨૮૯, ૩૦૭–૩૧૦, ૩૨૧
**ચુલ્લવગ્ગ ૧૨૧, ૧૩૪, ૧૬૩**
ચુંદ ૨૯, ૩૫
ચેદિ ૧૧
ચૈત્યવાદી ૧૬૧
છન્ન ૧૩૯
**છાંદોગ્ય ૧૪–૧૬, ૨૩૪**
જગદ્દલ ૩૨૧
જટિલક ૧૯
જટિલ કાશ્યપ ૨૭
જટિલ શ્રાવક ૧૨૪
જનક (વિદેહરાજ) ૧૫
જનશર્કરાક્ષ ૧૫
જયરાજદેવી ૩૦૪
જયવર્મા ૩૦૪
જયંત ભટ્ટ ૨૯૦–૨૯૨
જફરશાંનદી ૩૦૬
જવાહરલાલજી ૩૨૩
જંભાલ ૩૨૨
જાકાર્તા ૩૨૨
**જાતકકથા ૧૫૯, ૧૬૩, ૧૬૯**
જાપાન ૨૯૮, ૩૧૦–૩૧૪, ૩૨૧
જાવા ૩૦૧–૩૦૩, ૩૧૬, ૩૨૧–૩૨૨
જાંબુવતી ૬
જિતારિ ૨૯૨
જિનગુપ્ત ૩૦૯
જિનયશ ૩૦૯
જીમૂતવાહન ૧૦૧
જીવક ૧૩૬
જીવા ૩૦૮
જેટ્ઠક ૧૪
જેતવનવિહાર ૨૮, ૩૯
જૈન ૪, ૬, ૧૯
જો–ખડ્ગ મંદિર ૩૧૪
જોજફ ૩૧૭
જોસેફટ (Josaphat) ૩૧૭
જ્ઞાનપ્રભ ૩૧૫
**જ્ઞાનપ્રસ્થાન ૧૬૫, ૨૭૫**
જ્ઞાનભદ્ર ૩૦૯
જ્ઞાનશ્રી ૩૧૦
જ્ઞાનશ્રીમિત્ર ૨૯૨
ટોલેમી ૩૧૬
તક્ષશિલા ૩૦૫, ૩૦૭
**તત્ત્વસંગ્રહ ૨૯૨**
**તથાગતગુહ્યક ૧૮૨**
તમસુરી ૧૮
તમસિકા ૧૮
**તર્કશાસ્ત્ર ૩૦૯**
તર્લૈંગ ૩૦૦
**તંજુર ૩૧૫**
તામીલ ૨૯૯
તામ્રપર્ણીદ્વીપ ૨૯૮
તારા ૨૩૯, ૩૨૨
તારાનાથ ૧૬૪
તિબેટ ૨૯૮, ૩૧૪–૩૧૫, ૩૨૨
તિ–યાન–સિ–ચઈ ૩૦૯
તિષ્ય ૧૬૧, ૧૬૩
તિસ્સ ૧૯૯
તુન–હ્વાડ્· ૩૦૭
તુ–ફા–શુન ૩૧૨
તુર્કસ્તાન ૩૦૬, ૩૨૨
તુર્ફાન ૩૦૭
તુષિતલોક ૧૭૬, ૧૭૮

તેદંડિક ૧૯
તોપાવંશ ૩૦૮
**ત્રિપિટક ૩૮, ૧૬૨, ૧૬૩, ૧૬૫, ૨૦૧, ૨૯૯, ૩૦૭, ૩૧૨**
થાઈલૅંડ ૨૯૮, ૩૦૩–૩૦૪
થાણેશ્વર ૨૩૬
થૂપારામ દગોબા ૩૨૨
**થેરગાથા ૧૬૩**
**થેરીગાથા ૧૬૩, ૨૭૧**
થોતાન ૩૦૦
દક્ષિણાગિરિ ૧૫૫
દર્વ ૨૯
દલાઈ લામા ૩૧૫
**દશભૂમિકસૂત્ર ૨૦૮**
**દશભૂમીશ્વર ૧૮૨, ૧૮૯**
દસ્થૂ ૧
દાનપાલ ૩૧૦
દાસ ૧
દિઙ્‌નાગ ૨૮૫, ૨૮૯, ૨૯૧–૨૯૩, ૩૧૯
દિવાકર ૩૦૯
**દિવ્યાવદાન ૧૬૪**
**દીઘનિકાય ૨૯, ૧૫૭, ૧૬૩, ૧૭૧, ૨૩૫**
દીપંકર ૧૮૫, ૩૦૨, ૩૧૫
**દીર્ઘઆગમ ૧૫૭**
દુર્દાંત ૧૮
દુર્વેક મિશ્ર ૨૯૨
દેઙ્‌ગિયો ૩૧૧
દેવકી ૪, ૬
દેવકીપુત્ર ૪
દેવદત્ત ૩૩, ૩૪, ૩૬, ૧૨૧, ૧૫૮
દેવદહનગર ૨૨
દેવભૂતિ ૧૬૫
દેવસૂરિ ૨૯૦
**દોહાકોષ ૨૫૫**
**દ્વાચત્વારિંશત્સૂત્ર ૩૦૭**
દ્વારાવતી ૩૦૩
**ધમ્મપદ ૧૬૩, ૩૧૭**
ધમ્મચેતિ ૩૦૧
**ધમ્મસંગણિ ૧૬૩**
ધર્મકીર્તિ ૨૮૫, ૨૮૭, ૨૮૯, ૨૯૧, ૨૯૩, ૩૧૯
ધર્મગુપ્તક ૧૬૦
ધર્મદેવ ૩૦૯
ધર્મનંદિ ૩૦૮
ધર્મપાલ ૩૦૬, ૩૦૮
ધર્મભદ્ર ૩૦૮
ધર્મરક્ખિત ૧૬૨
ધર્મરક્ષ ૩૦૮, ૩૧૦
ધર્મરક્ષિત ૧૬૪
ધર્મરત્ન ૩૦૭
ધર્મરાજ ૩૨૭
ધર્મરુચિ ૩૦૮
**ધર્મશાસ્ત્ર ૧૧૯**
ધર્મસત્ય ૩૦૮
ધર્મેશ્વર ૩૨૬
ધર્મોત્તર ૨૯૨
ધર્મોપક ૧૬૦
**ધાતુકથા ૧૬૩**
**ધાતુવિભંગસુત્ત ૩૦૫**
ધાનંજનિ ૨૮
ધાન્યકટક ૨૩૫
**ધારિણીપિટક ૨૩૫**

નકુલ ૨૮
નચિકેતસ્ ૧૬
નટા ૧૮
નરેન્દ્ર યશ ૩૦૯
નાખોન શ્રી તમ્મરાટ ૩૦૧
નાગ (રાજાઓ) ૬
નાગદેવા ૧૬૪
નાગરાજ સાગર ૧૮૫
નાગસેન ૧૬૪
નાગાર્જુન ૧૯૦, ૨૮૭–૨૮૮, ૨૯૩, ૩૦૮, ૩૧૯
નાગાર્જુનકોંડા ૩૨૧
**નામસંગીતિતંત્ર ૨૫૫**
નારા ૩૧૧
નાલંદા ૩૦૨, ૩૦૯, ૩૧૪, ૩૨૧
નિચિરેન્ શેનિન્ ૩૧૩
નિગંઠ નાતપુત્ત ૧૯–૨૦
**નિર્ણયસિંધુ ૩૨૬**
**નિદ્દેસ ૧૬૩**
નિગ્રંથ ૨૮, ૩૦, ૧૧૯, ૧૫૦, ૧૭૦
નેપાળ ૨૨, ૨૯૮, ૩૨૨
નેમિનાથ ૪, ૬
નેરંજરાનદી ૨૬
ન્યગ્રોધ ૧૬૧
**ન્યાયબિંદુ ૨૮૯**
**ન્યાયમંજરી ૨૯૦–૨૯૨**
**ન્યાયવાર્તિક ૨૯૧**
**ન્યાયવાર્તિકતાત્પર્યટીકા ૨૯૨**
**ન્યાયસૂત્ર ૨૯૧**
**ન્યાયાનુસાર ૨૭૫**
૬, ૧૨૫
નંદ (રાજાઓ) ૬
પકુધ કચ્ચાયન ૧૯
પગન ૩૦૦–૩૦૧
**પટિસંભિદામગ્ગ ૧૬૩**
**પટ્ઠાન ૧૬૩**
પતંજલિ ૨૫૧
**પદાર્થધર્મસંગ્રહ ૨૯૧**
પદ્માંતક ૨૩૯
પરમાર્થ ૩૦૯
**પરિનિર્વાણસુત્ત ૧૭૩**
**પરિવારપાઠ ૧૬૩**
પરિવ્રાજક ૧૯–૨૦, ૨૩, ૧૨૯
પર્શ્વ ૧૮૨
પશુપતિ ૨, ૩
**પંચવિંશતિસાહાસ્રકા ૧૯૩**
પંચાલ ૧૧
પાક–ચે ૩૧૦
**પાચિત્તિયાદિ ૧૬૩**
પાટલિગ્રામ ૩૫
પાટલિપુત્ર ૧૬૦, ૧૬૨–૧૬૩
પારસદેશ ૩૧૬
**પારાજિકા ૧૬૩**
**પારાયણ ૧૫૮**
પાર્મેનિડીઝ ૨૨
પાર્શ્વ ૧૬૫
પાર્શ્વનાથ ૪
પાલ (રાજાઓ) ૨૩૬
પાવા ૩૫, ૧૩૨, ૧૫૪, ૧૫૬, ૧૫૮
પાંડરા ૨૩૯
**પિટક ૩૧૭**
પિંડોળ ભારદ્વાજ ૩૦
પુક્કસ ૧૩

પુક્કુસાતિ ૩૦૫
**પુગ્ગલપઞ્ઞતિ ૧૬૩**
પુંડરીક ૩૧૧
પુણ્યયશસ ૩૨૦
પુનર્વસુક ૧૩૯
પુબ્બારામમિગારમાતુપાસાદ ૨૮
પુરાણ (ભિક્ષુ) ૧૫૫
પુરુષપુર ૧૬૪
પુષ્કરસાદી ૨૮
પુષ્કરસારિ ૩૦૫
પુષ્યમિત્ર ૧૬૪-૧૬૫
પૂરણ કસ્સપ ૧૯
પૂર્ણભદ્ર ૧૮
પૂર્વાપેતલેક ૩૨૨
પેગન ૩૨૨
પેગૂ ૩૦૦
**પેતવત્થુ ૧૬૩**
પેશાવર ૧૬૪
પો—યઙ્ ૩૦૮
પૌલુષિ—ઇન્દ્રદ્યુમ્ન ૧૫
પ્યૂ (જાતિ) ૩૦૦
**પ્રજ્ઞપ્તિવાદ ૩૧૦**
પ્રજ્ઞાકરગુપ્ત ૨૮૫, ૨૯૨—૨૯૩
**પ્રજ્ઞાપારમિતા ૩૦૮**
**પ્રજ્ઞાપારમિતાસૂત્ર ૧૮૯, ૩૧૨**
**પ્રજ્ઞાપારમિતાસૂત્રભાષ્ય ૧૯૦**
પ્રજ્ઞાંતક ૨૩૯
**પ્રતીત્યસમુત્પાદવાદ ૩૦૭**
**પ્રબોધચંદ્રોદયનાટક ૨૩૬**
પ્રભાકર ૨૯૨
પ્રભાકરમિત્ર ૩૦૯
**પ્રમાણવાતિક ૨૮૫, ૨૮૯**
**પ્રમાણવાર્તિકભાષ્ય ૨૮૫**
**પ્રમાણસમુચ્ચય ૨૮૯, ૨૯૧**
પ્રવાહણ જૈવલિ (પંચાલરાજ) ૧૫
પ્રશસ્તપાદ ૨૯૧
**પ્રસન્નપદા ૨૮૭**
પ્રસેનજિત્ ૨૮, ૩૯, ૪૫, ૪૬, ૧૭૩
પ્રોમ ૩૦૦
ફારસ ૩૧૬
ફાહિયાન ૩૦૨, ૩૦૬, ૩૦૮
ફિલિપીન ૩૦૩
ફૂ—વૂન વિહાર ૩૧૦
ફેદો ૩૧૩
ફો—કિયા—લો ૩૦૫
ફોન્દુકિસ્તાન ૩૨૧
ફયૂજીયામા ૩૧૪
બર્મા ૨૯૮, ૩૦૦—૩૦૧, ૩૨૧-૩૨૨
બર્લામ (Barlaam) ૩૧૭
બહુશ્રુતિક ૧૬૧
બંગાળ ૨૩૬
**બાઇબલ ૩૧૭**
બાઘ ૩૨૨
બાદરાયણ ૨૯૦
બામિયાન ૧૮૨
બારમિસાઈડ (Barmecide) ૩૧૬
બાલી ૩૦૧—૩૦૩, ૩૧૬
બિહાર ૨૩૬
બિહારશરીફ ૨૫૮
બિંબિસાર ૧૪, ૨૪, ૨૮, ૩૩, ૧૨૮, ૩૦૫
બુખારા ૩૦૬
બુડિલ આશ્વતરાશ્વિ ૧૫
બુદ્ધ ૪, ૭—૮, ૧૫, ૧૮—૨૦,

૨૨—૩૬, ૩૮—૬૦, ૬૨, ૬૫, ૬૭, ૭૧, ૭૩—૭૫, ૭૮, ૧૧૯—૧૨૧, ૧૨૫, ૧૨૮, ૧૩૨—૧૩૪, ૧૩૭, ૧૩૯, ૧૫૦, ૧૫૪—૧૫૬, ૧૫૮—૧૬૧, ૧૬૯—૧૭૪, ૧૭૭—૧૭૯, ૧૮૨, ૧૮૯—૧૯૧, ૧૯૮, ૨૨૪, ૨૩૪—૨૩૬, ૨૬૮, ૨૭૦, ૩૦૨, ૩૦૫, ૩૧૯, ૩૨૫—૩૨૭

બુદ્ધગયા ૩૨૬—૩૨૭, ૨૩૬

બુદ્ધઘોષ ૨૯, ૨૬૫, ૩૧૯

બુદ્ધદત્ત ૩૧૯

**બુદ્ધદ્વાદશીવ્રતકથા ૩૨૬**

બુદ્ધપાલ ૩૦૯

બુદ્ધયશસ્ ૩૨૦

**બુદ્ધવંશ ૧૬૩, ૧૬૯, ૧૭૧**

બુદ્ધશાન્ત ૩૦૮

બુ—સ્તોન ૩૧૫

**બૃહદારણ્યક ૧૫, ૨૩૪**

બૃહદ્રથ ૧૬૩

બૅક્ટ્રીઆ ૧૬૪

બેન્દા ૧૮

બેબિલોનિયા ૩૧૬

બોધગયા ૬૦, ૧૬૪

**બોધિચર્યાવતાર ૩૧૦**

બોધિતરુ (વૃક્ષ) ૧૭૩, ૨૩૬, ૩૨૬—૩૨૭

બોધિધર્મ ૩૦૮, ૩૧૪, ૩૧૯

બોધિરાજકુમાર ૩૧, ૩૫

બોધિરુચિ ૩૦૮-૩૦૯

**બોધિસત્ત્વપિટક ૩૧૦**

બોરોબુદુર ૩૦૨, ૩૨૨

બોર્નિયો ૩૦૧—૩૦૩, ૩૧૬

**બ્રહ્મજાલસુત્ત ૧૫૫**

બ્રહ્મદત્ત ૩૧

બ્રહ્મમિત્ર ૧૬૪

**બ્રહ્મસૂત્ર ૨૯૦**

**બ્રાહ્મણગ્રંથો ૧, ૭, ૨૩૪**

ભગ્ગગણરાજ્ય ૧૧

ભટ્ટા ૧૮

ભદ્દસાલ ૧૬૨

ભદ્રયાનિક ૧૬૦

ભરંડુ કાલામ ૨૩

ભર્ગ ૨૮

ભવ ૩

**ભવિષ્યપુરાણ ૩૨૬**

ભવ્ય ૩૧૫

ભંડગ્રામ ૩૫

ભંડી ૨૧૮

**ભાગવત ૫, ૧૮૧, ૩૨૬**

ભાગવત ૬, ૧૮૦

ભારહુત ૧૬૪, ૩૨૧—૩૨૨

ભાલ્લપેય ૧૫

ભાવવિવેક ૩૧૫

**ભિક્ષુસૂત્ર ૧૧૯**

ભૈષજ્યરાજ બોધિસત્ત્વ ૧૮૬

ભોગનગર ૩૫

ભ્રમ્મ(જાતિ) ૩૦૦

મક્ખલિ ગોસાલ ૧૯

મગધ ૧૧, ૨૭, ૧૮૧

મગસ ૩૧૬

મઘા ૧૮

મજ્ઝન્તિક ૧૬૨

મજ્ઝિમ ૧૬૨

**મજ્ઝિમનિકાય ૬૭, ૭૫, ૯૩, ૧૫૭, ૧૬૩**

મત્સ્ય ૧૧
મથુરા ૧૭-૧૮, ૧૫૯-૧૬૦, ૧૯૮
**મધ્યમઆગમ ૧૫૭**
**મધ્યમકરત્નદીપ ૩૧૫**
મધ્યાન્તક ૩૦૫
મનૂહ ૩૦૦
મલ્લ ૧૧, ૨૮-૨૯, ૩૫
મલ્લિકા ૨૮, ૩૯
મહાઉપાસિકા ૧૬૪
મહાકાશ્યપ ૧૫૪, ૧૫૫, ૧૮૪, ૨૭૧
મહાદેવ ૩, ૧૫૮-૧૫૯, ૧૬૧-૧૬૨
૧૬૫
મહાધર્મરક્ખિત ૧૬૨
મહાનામ ૫૮
**મહાપદ્માનસુત્ત ૧૭૧-૧૭૨**
**મહાપરિનિર્વાણસુત્ત ૧૫૯, ૧૬૮, ૧૭૧, ૩૦૭, ૩૧૩**
**મહાભારત ૧૮, ૩૨૬**
મહામહિદ ૧૬૨
મહામૌદ્ગલ્યાયન ૧૮૪
**મહાયાનશ્રદ્ધોત્પાદસૂત્ર ૧૯૧, ૩૦૯**
**મહાયાનસંપરિગ્રહશાસ્ત્ર ૩૦૯**
**મહાયાનસૂત્ર ૧૮૧-૧૮૯, ૧૯૯-૨૦૨**
**મહાયાનોત્તરતંત્ર ૩૦૮**
મહારક્ખિત ૧૬૨
મહારાષ્ટ્ર ૧૬૨
**મહાવગ્ગ ૬**
**મહાવસ્તુ ૧૭૬-૧૭૭, ૧૮૯**
મહાવિજિત ૫૧
**મહાવિભાષા ૧૬૫, ૨૭૫**
મહાવીર ૭-૮, ૧૫, ૧૯-૨૦, ૨૨, ૨૮, ૧૫૦, ૧૭૦
**મહાવૈરોચનસૂત્ર ૩૧૩**
મહાસામીસંઘરાજ ૩૦૩
મહાસાંઘિક ૧૫૯-૧૬૧, ૧૭૬-૧૮૧, ૨૩૫
મહિષમંડલ ૧૬૨
મહીશાસક ૧૬૦
મહેન્દ્ર ૧૬૧, ૧૬૩, ૨૯૮-૨૯૯
મંજુશ્રી ૨૩૭, ૩૦૨, ૩૧૪
**મંજુશ્રીમૂલકલ્પ ૨૩૬, ૩૧૦**
માગંદિયા ૩૦-૩૧
માણિભદ્ર ૧૮
માતૃચેટ ૩૦૯
માતંગ ૩૦૭
**માધ્યમિકકારિકા ૨૮૭-૨૮૮**
માધ્યમિકા ૧૬૩
**માધ્યમિકાવતાર ૨૮૭**
મામકી ૨૩૭, ૨૩૯
માયાદેવી ૨૨-૨૩, ૧૬૮, ૧૭૭, ૧૯૫
માયામોહ ૩૨૫
માર ૨૬
મારાનન્દ ૩૧૦
મારીચિ ૩૨૨
માલુંક્યપુત્ત ૩૯
**માંડૂક્યોપનિષદ ૨૯૦**
મિઙ્-તી ૩૦૭-૩૦૮
મિનાન્દર ૧૬૪, ૧૭૯
મિલિન્દ ૧૬૪
**મિલિન્દપ્રશ્ન ૧૬૪**
મિસર ૩૧૬
મુચલિંદ ૩૨૨

**મુદ્રારાક્ષસનાટક ૬**
**મુનિગાથા ૧૫૭**
મુ—નિ—બચનૂ—પો ૩૧૫
મૂ—ચૂ ૩૦૮
**મૂલતંત્ર ૨૪૭**
મેખલા ૧૮
**મેરુતંત્ર ૩૨૬**
મેસિડોનિયા ૩૧૬
મેંડક શેઠ ૧૩૨
મૈત્રેય ૧૭૧, ૧૭૪, ૧૮૮
મૈત્રેયભદ્ર ૩૧૦
મોક્ષાકરગુપ્ત ૨૯૨
મોગલ્લાન ૧૫૮
મોગ્ગલિપુત્ત તિષ્ય ૧૬૧—૧૬૨
**મોધિયસુત્ત ૯૩**
મોન ૩૦૦
મોરિયગણરાજ્ય ૧૧
મોહેં—જો—દડો ૨
મોંગોલિયા ૨૯૮
મૌદ્ગલ્યાયન ૨૮, ૩૪, ૭૫
મૌર્ય (રાજાઓ) ૬
યમ ૧૬
**યમક ૧૬૩**
યમાંતક ૨૩૯
યવનદેશ ૧૬૨
યશ ૨૭, ૧૫૬—૧૫૭
યશોગુપ્ત ૩૦૯
યશોધરા ૨૩
યશોમિત્ર ૨૭૬
યશોવર્મા ૩૦૪
યાનભટ્ટ ૩૦૯
યુઆનચ્વાંગ ૩૦૩, ૩૦૬
યુધિષ્ઠિર ૧૮
યુવાન્ ૩૦૯
યૂ—ચા ૩૦૮
યૂ-ઝ-ચા—ખાઈ ૩૦૮
રક્ખિત ૧૬૨—૧૬૩
રક્તાતિસાર ૩૫
રત્નકીર્તિ ૨૯૨
રત્નમતિ ૩૦૮
રત્નસંભવ ૨૦૯
રત્નાકરશાન્તિ ૨૯૨
રમોછીમંદિર ૩૧૪
**રહસ્યનિધિકુઞ્ચિકા ૩૧૩**
રાજગૃહ૧૪, ૨૭—૨૮, ૩૦, ૩૩—૩૪, ૧૫૪—૧૫૫, ૩૦૫
રાજસિંહ ૨૯૯
રાજ્યવર્ધન ૨૩૬
રામ૭-૭-દેસ ૩૦૦
રામપુરવા ૩૨૧
રાહુલ ૨૩, ૨૮, ૪૪, ૫૩, ૭૪, ૭૮, ૧૨૫, ૧૬૦, ૧૭૭
રિન્—છેન્—ગ્રુવ ૩૧૫
રુદ્ર ૩
રુદ્રક રામપુત્ર ૨૦, ૨૪, ૨૭
રેવત ૧૫૭
રેવતી ૧૮
રોહિણીનદી ૨૨
લક્ષ્મીદેવી ૧૮
**લલિતવિસ્તર ૧૭૬, ૧૮૨, ૧૮૯, ૧૯૦, ૩૦૮**
**લંકાવતારસૂત્ર ૧૮૨, ૨૦૦, ૩૧૪**
લાઓત્સે ૨૨
લાઓસ ૩૦૩

લાટદેશ ૨૯૮
લિગોર ૩૦૧
લિચ્છવી ૨૮, ૩૦
લિચ્છવીગણરાજ્ય ૨૩
લુઈપાદ ૨૫૫–૨૫૭
લુક્માન (Lukmān) ૩૧૬
લુમ્બિની ૨૨–૨૩
લોકક્ષમ ૩૦૭
લોકા ૧૮
લોકોત્તરવાદી ૧૬૧
લોચના ૨૩૯
વક્કલિ ૧૭૨
વજ્જિ ૧૧, ૩૫, ૫૦, ૧૨૧,
૧૫૯–૧૬૦
વજ્જિગણરાજ્ય ૨૮
વજ્જિપુત્તક ૧૫૮
**વજ્રચ્છેદિકા ૩૦૯**
વજ્રબોધિ ૩૦૯
**વજ્રશેખરસૂત્ર ૩૧૩**
વટ્ટગામણી ૧૬૩, ૨૯૯
વત્સ ૧૧
વત્સદેશ ૧૬૦
વનવાસી ૧૬૨
**વરાહપુરાણ ૩૨૬**
વર્ધમાન ૨૩
વર્ષકાર ૩૫, ૧૨૮
વલભી ૩૨૧
વસુદેવ કણ્વ ૧૬૫
વસુબંધુ ૨૭૬, ૨૮૫, ૩૦૫, ૩૧૯
વસુમિત્ર ૧૬૫
વાચસ્પતિ ૨૯૧–૨૯૨
વાત્સીપુત્ર ૧૬૦
વાત્સ્યાયન ૨૯૧
વારાણસી ૨૭, ૧૮૩
વાસભગામિક ૧૫૭
વાસવદત્તા ૩૧, ૧૦૧
**વાવેરુજાતક ૩૧૬**
વાવેરુદ્વીપ ૩૧૬
વિક્રમશીલા ૩૦૨, ૩૧૫, ૩૨૧
**વિગ્રહવ્યાવર્તની ૨૮૭**
વિઘ્નાંતક ૨૩૯
વિજયધર્મ ૩૦૬
વિજયવીર્ય ૩૦૬
વિજયસંભવ ૩૦૬
વિજય સિંહ ૨૯૮, ૩૦૬
**વિજ્ઞપ્તિમાત્રતાસિદ્ધિ ૨૮૫**
**વિજ્ઞપ્તિમાત્રતાભાષ્ય ૨૮૫**
**વિનયપિટક ૨૮, ૩૮, ૧૨૮,**
**૧૫૫, ૧૬૩, ૩૨૫**
વિપસ્સિન્ ૧૭૧
**વિભંગ ૧૬૩**
**વિભાષા ૧૬૫, ૨૭૫**
વિમલકીર્તિ ૩૧૧
**વિમલપ્રભા ૨૪૩, ૨૫૪**
વિમલમિત્ર ૨૭૫
વિમલસૂર્ય ૨૯૯
**વિમાનવત્થુ ૧૬૩**
વિશાખદત્ત ૬
વિશાખા ૨૮, ૪૯, ૧૩૩
**વિશુદ્ધિમાર્ગ (મગ્ગ) ૭૦, ૧૦૮,**
**૨૬૫**
વિષ્ણુ ૪, ૩૨૫
**વિષ્ણુપુરાણ ૩૨૫**
વૃષલ ૩, ૪, ૬, ૭

વૃષલક ૭
વેઈવંશ ૩૦૭
વેણુવન ૨૮
**વેદ ૬–૭**
**વેદાન્તસૂત્ર ૨૯૦**
વેલુવગ્રામ ૩૫
વેસ્સભૂ ૧૭૧
વેહ–ચિઙ્ ૩૧૦
**વૈખાનસશાસ્ત્ર ૧૧૯**
**વૈજયન્તીકોષ ૩૨૭**
વૈતુલ્લક ૧૭૮
વૈતુ(પુ)લ્યક ૧૮૧
**વૈપુલ્યસૂત્ર ૧૮૧–૧૮૨, ૩૧૧–૧૩૨**
વૈભાષિક ૧૬૫, ૨૭૫–૨૭૬, ૨૮૩, ૨૮૫
વૈરોચન ૨૩૯, ૩૦૬, ૩૧૩
વૈરોચનવ્યૂહાલંકારગર્ભ ૧૮૮
વૈશાલી ૨૭–૨૮, ૩૦, ૩૫, ૧૩૬, ૧૫૬–૧૬૦
વૈશેષિક ૨૮૩, ૨૯૧–૨૯૨
વૈષ્ણવ ૪
વ્રાત્ય ૩, ૬–૭, ૩૨૬
**શક્રપ્રશ્ન ૩૦૭**
શર્વ ૩
શશાંક ૨૩૬
શશિભૂષણ ૨૫૮
શંકરાચાર્ય ૬, ૨૯૦–૨૯૧, ૩૨૬
શાક્ય ૨૨, ૨૮, ૧૨૪
શાક્યગણરાજ્ય ૧૧, ૨૩
શાક્યમુનિ ૧૮૫, ૩૧૧, ૩૧૩
શાન્તરક્ષિત ૨૯૨, ૩૧૫
શાન્તિભિક્ષુ ૩૦૭
શારિપુત્ર ૨૮, ૭૫, ૧૫૮, ૧૬૦
શાલવન ૩૫
શાલિશૂક ૬
શાંડિલ્ય ૬
શાંતિદેવ ૧૯૬, ૩૧૯
શિયાલકોટ ૧૬૪
શિવ ૨–૪, ૩૦૨
શિવ–રાનૂ ૩૧૩
શુદ્ધોદન ૨૨, ૨૩, ૧૨૫, ૩૨૫
શુભ ૨૭૧
શુંગ (રાજાઓ) ૬
શૂદ્ર ૧–૨
શૂરસેન ૧૧
શૂલપાણિ ૧૮
શૂવંશ ૩૦૭
શૃગાલ (સિગાલ) ૨૯
**શૈલગાથા ૧૫૭**
શૈલેન્દ્ર (રાજવંશ) ૩૦૨, ૩૦૪
શૈવ ૪, ૨૩૬, ૨૫૯, ૨૯૯
શોતુક્કૂ (રાજકુમાર) ૩૧૧
**શ્રામણ્યફલસૂત્ર ૨૮, ૩૪, ૧૫૫**
શ્રાવસ્તી ૨૭–૨૮, ૩૨, ૪૩, ૫૨, ૧૩૨, ૧૩૭, ૧૩૯
**શ્રી કાલચક્રમૂલતંત્ર ૨૫૪**
શ્રીક્ષેત્ર ૩૦૦
શ્રીપર્વત ૨૩૫
શ્રીમાલા ૩૧૧
શ્રીમિત્ર ૩૦૯
શ્રીલંકા ૨૯૮–૩૦૦, ૩૨૧–૩૨૨
શ્રીવિજય ૩૦૨, ૩૦૪, ૩૨૧
શ્રીસૂર્યવંશ રામ ૩૦૩
શ્રીહર્ષ ૨૩૬

શ્રૌતસૂત્ર ૧૭
શ્લોકવાર્તિક ૨૯૦, ૨૯૨
શ્વેતકેતુ ૧૫
શ્વેતાશ્વવિહાર ૩૦૮
ષણ્ણગરિક ૧૬૦
સતિપટ્ઠાનસુત્ત ૭૫
સત્યયજ્ઞ ૧૫
સત્યસિદ્ધિશાસ્ત્ર ૩૦૮
સદ્ધર્મપુંડરીક ૧૮૨, ૧૮૬, ૧૮૯,
૧૯૦, ૨૦૦, ૩૧૧–૩૧૩
સન્તાનાન્તરસિદ્ધિ ૨૮૭
સપ્તસિંધુ ૨, ૫
સમનીચામેઢ્ર ૩
સમયતારા ૨૩૯
સમરકંદ ૩૦૬
સમાધિરાજ ૧૮૨, ૧૯૧
સરહપાદ ૨૫૫–૨૫૭
સર્વકામી ૧૫૭
સર્વાસ્તિવાદ ૨૭૫–૨૭૬
સહસ્રબુદ્ધગુહાવિહાર ૩૦૭
સંગ હ્યૃંગ કમહયનન ૩૦૨
સંગ હ્યૃંગ કમહનિકન ૩૦૨
સંગારવ બ્રાહ્મણ ૫૪
સંઘદેવ ૩૦૮
સંઘભદ્ર ૨૭૫
સંઘભૂતિ ૩૦૮
સંઘમિત્રા ૧૬૧–૧૬૨, ૨૯૮–૨૯૯
સંઘવર્મા ૩૦૮
સંજય બેલટ્ઠિપુત્ત ૧૯
સંજય પરિવ્રાજક ૨૮
સંપ્રતિ ૬
સંબલ ૧૬૨
સંભૂત ૧૫૬–૧૫૭
સંયુક્ત આગમ ૧૫૭
સંયુત્તનિકાય ૬૪, ૧૫૭, ૧૬૩
સાકેત ૧૩૨, ૧૬૩–૧૬૪
સાગર નાગરાજ ૧૮૫
સાગરમતિપરિપૃચ્છા ૩૦૧
સાગલ ૧૬૪
સાતવાહન ૧૬૫, ૧૮૧
સામ્મતીય ૧૬૦
સારનાથ ૨૭, ૬૦, ૧૬૨, ૩૨૧
સારિપુત્ર ૩૪, ૧૨૫, ૧૮૨–૧૮૩,
૧૮૬, ૨૭૧
સાળહ ૧૫૭
સાંક્રાન્તિક ૧૬૦
સાંખ્ય ૩, ૪, ૬, ૮, ૨૭૬
સાંખ્યકારિકા ૩૦૬
સાંચી ૧૬૪, ૩૨૧–૩૨૨
સિકંદર ૩૧૬
સિખિન્ ૧૭૧
સિગાલ ૪૭–૪૯
સિરિ ૧૮
સિરિગિરિય ૩૨૨
સિરયા ૩૧૬
સિલા ૩૧૦
સિંગસારી ૩૨૧
સિંધુપ્રદેશ ૧
સિંહલ ૧૬૦, ૧૬૨–૧૬૩,
૨૯૮–૨૯૯
સિંહ સેનાપતિ ૨૮, ૩૦, ૩૫
સુખાવતી મંદિર ૩૧૦
સુખાવતીવ્યૂહ ૧૮૮, ૧૯૦, ૩૧૩
સુખાવતીલોક ૧૮૮, ૧૯૪

સુખોદય ૩૨૧
સુગ્ધ ૧૮૨
સુજાતા ૨૬
**સુત્ત ૧૫૫, ૧૬૦**
**સુત્તનિપાત ૧૬૩**
**સુત્તપિટક ૩૮, ૯૩, ૧૫૫, ૧૫૭, ૧૬૩**
સુધન ૧૮૮
સુધમ્મવતી ૩૦૦
સુપ્પવાસા ૨૯
સુપ્રિય પરિવ્રાજક ૩૧
સુભદ્ર પરિવ્રાજક ૩૫
સુભદ્ર ૧૫૪
સુભૂતિ ૧૮૪, ૨૨૭
સુમન ૧૫૭
સુમાત્રા ૩૦૧–૩૦૩, ૩૧૬
**સુમંગલાવિલાસિની ૨૯**
સુરપ્રિય ૧૮
સુરંબર ૧૮
સુલતાનગંજ ૩૨૧
સુવર્ષ ૧૬૦
સુવર્ણધારી ૩૧૦
**સુવર્ણપ્રભાસ ૧૮૨**
સુવર્ણભૂમિ ૧૬૨, ૩૦૦
સુષીમ ૧૬૧
'સૂકરમદ્દવ' ૩૫
સૂર્યયશ ૩૧૦
સેડ્ં–હ્રી ૩૦૮
**સેકોદ્દેશટીકા ૨૫૪**
સેલીબીસ ૩૦૩
સોકાઉ ૩૦૭
સોગ્દ (સુગ્ધ) ૩૦૬
સોડ્ંયુન ૩૦૬
સોણ ૧૬૨, ૩૦૦
સોણ કોલિવિસ ૧૩૦
સોણગુપ્ત ૧૬૪
સૌગતાશ્રમ ૩૦૪
સૌત્રાન્તિક ૧૬૫, ૨૭૬–૨૮૪
સૌરેય્યક ૧૫૬
**સ્કુ–ગ્યુર ૩૧૫**
**સ્તન–ગ્યુર ૩૧૫**
**સ્થવિરગાથા ૫૮**
**સ્થવિરીગાથા ૫૮**
સ્થિરમતિ ૨૮૫
સ્નોડ્ં–ગચનૂ–ગસમૂ–પો ૩૧૪
**સ્મૃત્યુપસ્થાન ૩૦૭**
**સ્યાદ્વાદરત્નાકર ૨૯૦**
સ્યામ ૨૯૯–૩૦૦, ૩૨૧
સ્વયંભૂ ૧૮૭, ૧૯૦
સ્વયંભૂનાથમંદિર ૩૨૨
હડપ્પા ૨
હરિવર્મા ૩૦૮
હંસાવતી ૩૦૦
હાનવંશ ૩૦૭
હિમવન્તપ્રદેશ ૧૬૨
હિરણ્યવતીનદી ૩૫
**હિરણ્યસપ્તતિ ૩૦૯**
હિંદીચીન ૩૦૦
હેરુક ૨૪૮
**હેવજ્રતંત્ર ૨૪૧**
હોનેન–શોનિન ૩૧૩
હોર્યુજી ૩૧૧
હ્માવજા ૩૦૦
હ્યુએનત્સાંગ ૩૦૯

## પારિભાષિક અને વિશિષ્ટ શબ્દોની સૂચિ


અકાર્ય ૧૨૪
અગ્નિશાળા ૧૩૬–૧૩૭
અચલા ૨૨૮–૨૨૯
અટ્ઠગરુધમ્મા ( આઠ શરતો ) ૧૫૦
અટ્ઠિક ૭૭
અતદ્વ્યાવૃત્તિ ૨૮૯
અતિશય ૨૭૭
અદત્તાદાન ૬૭
અદ્વયભાવ ૨૫૩
અદ્વૈતાનંદ ૨૩૪
અધિકરણશમથ ૧૪૧, ૧૪૯–૧૫૦
અધિમુક્તિ ૨૨૮–૨૨૯
અધ્યાત્મવિદ્યા ૭, ૧૫–૧૭
અધ્વા ૮૩–૮૫
અનભિસંસ્કારવિમોક્ષ ૨૪૪–૨૪૫
અનાગામી ૬૦, ૧૧૦–૧૧૧, ૨૨૮
અનાત્મવાદ ૨૭૦
અનાહત ૨૪૮
અનિત્યભાવના ૯૩
અનિમિત્તવિમોક્ષ ૨૪૪
અનિયત ૧૪૧–૧૪૨
અનિયતવિપાકીકર્મ ૨૭૩
અનીશ્વરવાદ ૨૭૦
અનુજ્ઞાભિષેક ૨૪૨
અનુત્તરપૂજા ૨૦૯–૨૧૧
અનુત્તરસેક ૨૫૧
અનુબંધના ૯૪
અનુમાન ૨૯૦
અનુસેટ્ઠિ ૧૪
અનુસ્મૃત્તિ ૮૭–૮૯, ૯૩, ૯૬–૯૯, ૨૫૧, ૨૫૩
અનુશ્રાવણ ૧૨૨–૧૨૩
અન્યાપોહ ૨૮૪
અપરપર્યાયવેદનીયકર્મ ૨૭૩
અપરિગ્રહ ૧૧૯, ૨૧૨
અપોહ ૨૮૩–૨૮૫, ૨૯૧–૨૯૨
અપ્રણિહિતવિમોક્ષ ૨૪૪–૨૪૫
અબ્ભાન ૧૪૦
અભિજ્ઝા ( અભિધ્યા ) ૫૯, ૬૭
અભિધર્મ ૧૬૦
અભિષેક ૨૪૨
અભિસંબોધિ ૨૪૬–૨૪૮
અમરતા ૧૬
'અમુષિતસ્મૃતિ' ૭૪
અમૂઢવિનય ૧૪૯
અમૃતક્ષરણ ૨૪૮
'અરણ' ૬૬
અરૂપાવચરઆયતન ૧૦૫–૧૦૮
અર્ચિષ્મતી ૨૨૮–૨૨૯
અર્પણાસમાધિ ૮૨, ૧૦૮
અર્હત્ ૧૧૦–૧૧૨, ૧૫૮–૧૬૦, ૧૭૦, ૧૭૪, ૧૭૭, ૧૮૩–૧૮૪, ૧૮૬, ૧૯૪, ૧૯૬, ૨૨૮
અર્હત્પદ ૬૦
અર્હદ્યાન ૧૮૧
અર્થક્રિયાકારિતા ૨૨૭

અવત્રપ્ય ( ઔત્તપ્ય ) ૪૩, ૬૪, ૮૬
અવધૂતી ૨૪૯
અવયવી ૨૯૧
અવલોકિત સંપ્રદાય ૩૦૮
અવસ્થાન ૮૮–૮૯
અવિદ્યા ૨૬૮
અવિભક્ત આલોચન ૧૯૧
અશુભ ૭૭, ૮૬, ૮૮–૮૯, ૯૩, ૯૬
અશ્વત્થપૂજા ૨
અષ્ટાંગિક માર્ગ ૬૩, ૬૬–૬૯, ૨૬૯
અસત્કાર્યવાદ ૨૯૧
અસંસ્કૃત ૨૬૬
અહિંસા ૩–૪, ૭–૮, ૬૪
અહંભાવ ૨૧૧
અંતરવાસક ૧૩૩
અંતરાય ૮૩
અંતેવાસી ૧૨૮
આકાશાનન્ત્ય ૧૦૬–૧૦૭
આકિંચન્ય ૧૦૬–૧૦૭
આચાર્ય ૧૨૮
આચાર્યમુષ્ટિ ૨૦૧
આત્મજ્ઞાન ૧૭
આત્મશુદ્ધિ ૨૦
આત્મા ૧૫, ૧૭, ૧૯, ૪૧, ૨૭૦
આત્મૌપમ્ય ૪, ૭
આદિબુદ્ધ ૨૫૫
આનંદ ૨૪૮–૨૪૯, ૨૫૧
આનાપાનસ્મૃતિ ૨૬, ૭૪, ૭૭, ૮૭, ૯૩–૯૬
આપોકસિણ ૧૦૫
આબાધ ૮૩, ૮૫
આભોગ ૮૨
આયતન ૨૬૬
આરઞ્જક ૧૩૪, ૧૩૬
આરણ્યક ૮
આરૂપ્ય ૮૮, ૮૯, ૯૩
આર્યસત્ય ૬૨–૬૪, ૬૬–૬૯, ૭૯
આર્યસમ્મિતીયશાખા ૩૦૫
આર્યધર્મપરંપરા ૧–૮
આર્યેતરધર્મપરંપરા ૨–૮
આલોકકસિણ ૧૦૫–૧૦૬
આવરણ ૧૪૧
આવાસ ૮૩, ૮૭
ઇન્દ્રકૃષ્ણયુદ્ધ ૫
ઇન્દ્રજાળ ૧૮
ઇન્દ્રિય ૬૫, ૬૯
ઇન્દ્રિયજય ૨૦
ઇડા ૨૪૯
ઈર્યાપથ ૮૬, ૮૮, ૯૦–૯૧
ઈર્ષ્યામળ ૨૧૫
ઈશ્વર ૧૮૦, ૨૭૪
ઈશ્વરવાદ ૫
ઈશ્વરાનુગ્રહ ૫
ઈસાઈધર્મ ૧૭૮, ૩૧૬–૩૧૭
ઉચ્છેદવાદ ૨૬૭–૨૭૦
ઉત્ક્ષેપણીયકર્મ ૧૩૯
ઉત્તમસિદ્ધિ ૨૩૭–૨૩૯
ઉત્તરસેક ૨૪૩, ૨૫૧
ઉત્તરસેટ્ઠિ ૧૪
ઉત્તરાસંગ ૧૩૩
ઉદકાભિષેક ૨૪૨–૨૪૩
ઉદ્ગ્રહનિમિત્ત ૧૦૬

ઉદ્ધુમાતક ૭૭
ઉપચારસમાધિ ૮૨
ઉપચિતકર્મ ૨૭૩
ઉપટ્ઠાક ૧૨૫
ઉપપદ્યવેદનીયકર્મ ૨૭૩
ઉપવસથ ૧૨૮
ઉપસંપદા ૧૨૨—૧૨૪
ઉપસાધન ૨૩૮
ઉપસ્થાપક ૧૩૪
ઉપશમાનુસ્મૃતિ ૯૩, ૯૮—૯૯
ઉપાદાન ૨૬૮—૨૬૯
ઉપાધ્યાય ૧૨૫—૧૨૭
ઉપાય ૨૩૮—૨૩૯, ૨૪૯
ઉપાયકૌશલ્ય ૧૮૨—૧૮૩, ૧૮૫—૧૮૬, ૧૮૯, ૨૦૦, ૨૦૨, ૨૨૯
ઉપાસક ૫૮—૬૦, ૬૨
ઉપેક્ષા ૨૬, ૫૯, ૭૯—૮૨, ૯૯, ૧૦૨—૧૦૩
ઉપોસથ ૫૯, ૧૧૯, ૧૨૮—૧૨૯
ઉષ્ણીષ ૧૭૩
ઊર્ધ્વમેઢ્ર ૩
ઋજુમાર્ગ ૨૫૭
ઋતુ ૮૮
ઋદ્ધિ ૮૩, ૮૫
ઋદ્ધિપાદ ૬૫, ૭૨—૭૩
એકક્ષણાભિસંબોધિ ૨૪૬—૨૪૭
એકાગ્રતા ૮૨
એકાન્તવાસ ૧૨૧
'એવં' તત્ત્વ ૨૫૩—૨૫૪
'એહિપસ્સિક' ૨૦૧
ઓવાદ ૧૪૧
ઓસડ ૧૩૧
ઔદ્ધત્ય ૫૯, ૮૫, ૮૭
ઔપનિષદ પરંપરા ૧૧૯
કઠિન ૧૩૨—૧૩૩
કરુણા ૨૬, ૫૯, ૯૬, ૯૯, ૧૦૧—૧૦૨, ૧૭૯, ૧૯૯, ૨૧૧, ૨૩૯, ૩૨૪
કર્મ ૨, ૫, ૧૩, ૧૬, ૧૯, ૪૧, ૫૩, ૬૭, ૮૧, ૮૩, ૮૪, ૨૭૧—૨૭૪
કર્મફળ ૪૦
કર્મમુદ્રા ૨૪૮, ૨૫૫
કર્મયોગ ૨૫૫
કર્મવિપાક ૨૭૪
કર્મસિદ્ધાન્ત ૩, ૫, ૭, ૨૭૧—૨૭૪
કર્મસ્થાન ૮૮—૮૯, ૯૩
કલશાભિષેક ૨૪૩
કલ્યાણમિત્ર ૮૯, ૯૦, ૧૮૯, ૨૧૩
કસિણ ૮૮—૮૯, ૧૦૪—૧૦૬
કામક્ષય ૩, ૭—૮, ૧૬—૧૭
કામચ્છંદ ૮૫
કાય ૨૪૮
કાયકર્મ ૬૭
કાયગતાનુસ્મૃતિ ૭૫, ૭૭—૭૮
કાયગતાસ્મૃતિ ૮૬, ૯૩, ૯૬
કાયપ્રસ્રબ્ધિ ૮૨
કાયવજ્ર ૨૪૫
કાયવજ્રયોગ ૨૪૮
કાયસ્મૃત્યુપસ્થાન ૭૫
કાયાનુપશ્યના ૭૫
કાલચક્ર ૨૫૪
કાલચક્રયાન ૨૫૪—૨૫૫
કાલાવસ્થા ૨૪૭
કાલિ ૨૪૯

કુમારીશક્તિ ૨૩૪
કુલ ૮૩, ૮૪
કુંડલિની ૨૪૯
કુંભાભિષેક ૨૪૩
કૃતકર્મ ૨૭૩
કૃત્ય ૯૦–૯૧
કૃષ્ણપૂજા ૧૮૦
કેગોનસંપ્રદાય ૩૧૨
કૌકૃત્ય ૮૭
ક્રિયાકાંડ ૧, ૬, ૭, ૧૫, ૧૭
ક્રોધ ૪૪
ક્ષણભંગવાદ ૨૭૦, ૨૭૬–૨૮૩
ક્ષત્રિય ૧, ૨, ૬–૭, ૧૧, ૧૩, ૧૫
ક્ષરબિંદુ ૨૪૬
ક્ષાન્તિપારમિતા ૧૮૯, ૨૧૬–૨૨૨, ૨૨૯
ખડ્ગવિષાણસમ ૧૨૧
ગણ ૮૩–૮૪
ગણના ૯૪
ગણરાજ્ય ૧૧–૧૨, ૨૦
ગાંધર્વ ૧૭
ગાંધારકલા ૩૨૧
ગુણ ૨૪૧
ગુરુ ૪૮, ૧૨૦, ૨૩૪, ૨૪૧
ગુહ્યાભિષેક ૨૪૩
ગોચર ૮૭
ગોમૂત્ર ૧૨૩, ૧૩૧
ગોસંવર્ધન ૬
ગ્રંથ ૮૩, ૮૫
ચક્ર ૨૪૮
ચક્રવર્તી ૧૨, ૨૦, ૧૬૮
ચમત્કારપ્રદર્શન ૩૦, ૨૩૫
ચતુર્ધાતુવ્યવસ્થાન ૭૭, ૯૩, ૧૦૪
ચંક્રમ ૧૩૬, ૧૩૭
ચંક્રમણ ૨૯
ચાતુર્યામધર્મ ૪
ચારિકા ૧૨૯
ચાંડાલીશક્તિ ૨૪૯, ૨૫૨–૨૫૩
ચિતિ ૨૩૪
ચિત્ત ૫૨–૫૫, ૧૯૨–૧૯૩, ૨૧૩, ૨૧૭, ૨૨૫, ૨૨૭, ૨૭૦, ૨૭૫
ચિત્તક્ષણ ૨૭૫
ચિત્તધર્મ ૨૮૮
ચિત્તપ્રસ્રબ્ધિ ૮૨
ચિત્તમળ ૨૫, ૪૫, ૯૯
ચિત્તવજ્ર ૨૪૫
ચિત્તવજ્રયોગ ૨૪૭
ચિત્તસ્મૃત્યુપસ્થાન ૭૫, ૭૮
ચિત્તાનુપશ્યના ૭૫
ચિત્તાશય ૨૨૮
ચિત્રકલા ૩૨૧–૩૨૨
ચીવર ૧૩૩
છંદ ૨૨૪–૨૨૫
જપ ૨૩૪
જાગ્રતાવસ્થા ૨૪૫, ૨૫૫
જાતિ ૨૬૮
જાતિભેદ ૨, ૪, ૬–૭, ૧૩, ૧૫, ૨૦, ૧૨૧
જાતિમદ ૨, ૪
જીવહિંસા ૧૫
જુગાર ૪૭
જૈન પરંપરા ૪, ૬
જોદો સંપ્રદાય ૩૧૩

જ્ઞપ્તિ ૧૨૨
જ્ઞાતતા ૨૯૨
જ્ઞાતિ ૮૩–૮૪
જ્ઞાન ૨૮૬–૨૮૭, ૨૮૯, ૨૯૨
જ્ઞાનમુદ્રા ૨૫૫
જ્ઞાનવજ્રભાવ ૨૪૪
જ્ઞાનવજ્રયોગ ૨૪૭
ઝેન સંપ્રદાય ૩૧૪
ડોસેટિઝમ ૧૭૮
ડોંબી ૨૪૯
તત્પાપીયસિક ૧૫૦
તથાગત ૧૮૪
તપ ૩–૫, ૮, ૧૭, ૧૯, ૨૪–૨૫
તર્જનીયકર્મ ૧૩૮–૧૩૯
તીર્થયાત્રા ૬૦
તીર્થંકર ૧૯
તુરીયાવસ્થા ૨૪૪–૨૪૫, ૨૫૫
તૃણાવસ્તારક ૧૫૦
તૃષ્ણા ૬૩, ૨૬૮–૨૬૯, ૨૭૪
તેજોકસિણ ૧૦૫
તેન્દઈ સંપ્રદાય ૩૧૧, ૩૧૩
ત્યાગ ૩–૪, ૧૬–૧૭, ૪૩–૪૪
ત્યાગાનુસ્મૃતિ ૯૭
ત્રિકાયવાદ ૧૯૧–૧૯૫
ત્રિરત્ન ૬૦
ત્રિશરણ ૫૮
થીનમિદ્ધ ૫૯
થેરવાદ ૨૬૫–૨૭૫
દક્ષિણમાર્ગ ૨૪૯
દક્ષિણા ૨૦૯
દર્શન ૯૦, ૯૨
દશભૂમિ ૨૨૮–૨૩૦
દશાવતાર ૧૧૭
દસબલ ૧૭૦
દંડકમ્મ ૧૪૧
દાન ૪૦, ૪૪, ૫૯–૬૦, ૯૭–૯૮, ૨૨૪
દાનપારમિતા ૧૮૯, ૨૧૧–૨૧૨, ૨૨૮
દાસ ૧૩
દુઃખ ૬૩, ૨૨૦, ૨૨૪
દુઃખમુક્તિ ૮, ૧૬, ૧૯–૨૦, ૨૩–૨૪, ૨૭
દુઃખાધિવાસનાક્ષાન્તિ ૨૧૬–૨૧૮
દુઃશીલ ભિક્ષુ ૬૫
દૂરંગમા ૨૨૮–૨૨૯
દૃષ્ટધર્મવેદનીયકર્મ ૨૭૩
દેવ ૧, ૭
દેવતાનુસ્મૃતિ ૯૮
દેવાસુરસંગ્રામ ૩૨૫
દેહદંડ ૨૫
દૌર્મનસ્ય ૨૧૯
દ્રવ્ય ૨૯૧
દ્વેષ ૧૦૦
દ્વેષચરિત ૯૦–૯૩
દ્વેષચર્યા ૯૦
ધમણ–ચમણ ૨૫૭
ધર્મ ૩૫, ૪૦, ૫૦, ૫૫, ૧૨૦, ૧૫૭, ૨૨૮, ૨૬૬, ૨૭૭, ૨૮૮
ધર્મકાય ૧૯૧–૧૯૩, ૨૪૫–૨૪૬, ૨૪૮, ૨૫૫
ધર્મચક્ર ૧૭૩
ધર્મચક્રપ્રવર્તન ૨૭, ૧૮૩, ૧૮૬
ધર્મજ્ઞાન ૨૬

ધર્મનિધ્યાનક્ષાન્તિ ૨૨૦–૨૨૨
ધર્મનૈરાત્મ્ય ૨૮૮
ધર્મપ્રવૃત્તિ ૯૦,૯૨
ધર્મમુદ્રા ૨૪૮
ધર્મમેઘા ૨૨૮, ૨૩૦
ધર્મયોગ ૨૪૪–૨૪૫
ધર્મલક્ષણ ૨૭૬
ધર્મવિચય ૭૯–૮૨
ધર્મવિનય ૧૮૩
ધર્મસભાગતા ૨૭૬
ધર્મસ્મૃત્યુપસ્થાન ૭૫, ૭૯
ધર્મસ્વભાવ ૨૭૬
ધર્મશૂન્યતા ૨૮૮
ધર્માનુપશ્યના ૭૫
ધર્માનુસ્મૃતિ ૯૭
ધર્માવસ્થા ૨૪૭
ધાતુ ૨૬૬
ધારણ ૧૨૨–૧૨૩
ધારણા ૨૫૧–૨૫૩
ધારણીમંત્ર ૧૮૬
ધ્યાન ૨૩–૨૪, ૬૯, ૮૧–૮૨, ૧૦૩, ૧૬૯, ૨૩૫, ૨૫૧–૨૫૩
ધ્યાનપારમિતા ૧૮૯, ૨૨૫–૨૨૬, ૨૨૯
ધ્યાનમાર્ગ ૧૭, ૨૩, ૨૫–૨૬
ધ્યાનીબુદ્ધ ૨૩૭, ૨૩૯, ૩૨૨
નાગપૂજા ૧૭
નાડી ૨૪૮–૨૪૯
નામરૂપ ૨૬૮
નામાભિષેક ૨૪૨–૨૪૩
નિકાય ૧૪, ૧૬૧
નિકાયસભાગતા ૨૭૬
નિગમ ૧૪
નિગ્રહ ૧૨૩
નિચિરેન્ સંપ્રદાય ૩૧૩
નિદાન (બાર) ૨૬૮
નિયતવિપાકીકર્મ ૨૭૩
નિયશઃકર્મ ૧૩૯
નિરાલંબનવાદ ૨૯૨
નિગ્રંથ ૨૮, ૩૦, ૧૧૯, ૨૫૦, ૧૭૦
નિર્ભયતા ૨૫
નિર્માણકાય ૧૯૧, ૧૯૩–૧૯૫, ૨૪૫, ૨૪૮, ૨૫૪
નિર્માણચક્ર ૨૪૯
નિર્માણચિત્ત ૧૯૪, ૨૦૪
નિર્વાણ ૬૨, ૯૮–૯૯, ૨૧૧, ૨૭૫
નિર્વિકલ્પ પ્રત્યક્ષ ૨૮૫
નિર્હેતુકવિનાશવાદ ૨૭૭
નિશ્ચય ૧૨૩
નીલકસિણ ૧૦૫
નીવરણ ૮૧, ૮૫, ૮૭
નૈવસંજ્ઞાનાસંજ્ઞા ૧૦૬–૧૦૮
ન્યાય (બૌદ્ધ) ૨૮૯–૨૯૦
પગરખાં ૧૩૦
પટિસંભિદા ૨૩૦
પટ્ટાભિષેક ૨૪૨–૨૪૩
પદ્મ ૨૩૬, ૨૩૯
પરગુણાનુવાદ ૨૨૧
પરતંત્ર ૨૮૮
પરમાણુ ૨૯૧
પરમાનંદ ૨૪૮–૨૪૯, ૨૫૧
પરમાર્થસત્ ૨૮૭
પરમાર્થસેવા ૨૫૪
પરલોક ૧૫, ૧૯, ૧૪૦–૧૪૧

પરાપકારમર્ષણક્ષાન્તિ ૨૧૬, ૨૧૮–
૨૧૯
પરિકર્મનિમિત્ત ૧૦૬
પરિકલ્પિત ૨૮૭–૨૮૮
પરિગ્રહ ૨૧૨
પરિચ્છિન્નાકાશકસિણ ૧૦૫–૧૦૬
પરિનિષ્પન્ન ૨૮૮
પરિણામવાદ ૨૭૬
પરિવાસ ૧૨૪, ૧૪૦
પરિસ્રાવણ ૧૩૪
પલિબોધ ૮૩
પશુપૂજા ૨
પંચજ્ઞાનાભિસંબોધિ ૨૪૬–૨૪૭
પંચશીલ ૫૦, ૫૮
પંચાકારાભિસંબોધિ ૨૪૬–૨૪૭
પાતયન્તિક ૧૪૧–૧૪૬
પાથેય ૧૩૨
પાપદેશના ૨૦૯–૨૧૦
પારમાર્થિક સત્ ૨૮૭
પારમિતા ૧૭૭, ૧૮૦, ૧૮૯,
૨૧૧–૨૨૮
પારમિતાયાન ૨૩૫
પારાજિક ૧૪૧
પિશુનવચન ૬૭
પિંગલા ૨૪૯
પુણ્યપરિણામના ૨૭૪
પુણ્યાનુમોદના ૨૦૯–૨૧૦
પુત્તિમુત્તભેસજ્જ ૧૩૧
પુદ્ગલ ૮૮, ૨૬૬
પુદ્ગલવાદી ૧૬૨
પુદ્ગલસિદ્ધાંત ૧૬૦
પુનર્જન્મ ૫, ૧૬, ૨૭૧–૨૭૪
પુરુષ ૨૪૦
પુરુષમેધયજ્ઞ ૬
પુરુષાર્થ ૧૯, ૪૧
પુળવક ૭૭
પૂર્વકરણ ૧૨૯
પૂગ ૧૪
પૂજના ૨૦૯
પૂર્વનિવાસાનુસ્મૃતિ ૧૬૯
પૂર્વબુદ્ધ ૧૭૧, ૧૭૪
પૂર્વસેક ૨૪૩, ૨૫૧
પૃથ્વીકસિણ ૧૦૫
પ્રકૃતિ ૨૪૦
પ્રગ્રહ ૧૦૯
પ્રજ્ઞપ્તિવાદી ૧૬૧
પ્રજ્ઞા ૪૩–૪૪, ૫૫, ૬૪, ૬૯-૭૦,
૭૨, ૨૨૬–૨૨૭, ૨૩૬–૨૩૭,
૨૩૯, ૨૪૧–૨૪૨, ૨૮૮
પ્રજ્ઞાપારમિતા ૧૮૧, ૧૮૯, ૨૨૬–
૨૨૭, ૨૨૯
પ્રજ્ઞાભિષેક ૨૩૮, ૨૪૩
પ્રજ્ઞાસ્કંધ ૬૬, ૬૯
પ્રણિધાન ૧૭૭
પ્રતિજ્ઞાતકરણ ૧૪૯
પ્રતિદેશનીય ૧૪૧, ૧૪૭
પ્રતિભાગનિમિત્ત ૧૦૬
પ્રતિસંવિત્ ૨૩૦
પ્રતિસ્મારણીયકર્મ ૧૩૯
પ્રતીત્યસમુત્પાદ ૨૬૬–૨૭૦, ૨૮૮
પ્રત્યક્ષ ૨૭૫–૨૭૬, ૨૯૦
પ્રત્યભિજ્ઞા ૨૮૧–૨૮૨
પ્રત્યાહાર ૨૫૧, ૨૫૩
પ્રત્યેકબુદ્ધ ૧૮૨–૧૮૪

પ્રધાન ૬૫, ૭૨—૭૩
પ્રભાકરી ૨૨૮—૨૨૯
પ્રમુદિતા ૨૨૮
પ્રમેયદ્વૈવિધ્ય ૨૮૯
પ્રવારણા ૧૩૦
પ્રવ્રજ્યા ૧૧૯
પ્રવ્રાજનીયકર્મ ૧૩૯
પ્રસ્રબ્ધિ ૭૯—૮૨
પ્રાણાતિપાત ૬૭, ૨૧૩
પ્રાણાપાનસાધના ૨૫૪
પ્રાણાયામ ૨૪૯, ૨૫૧—૨૫૩
પ્રાતિભાસિક સત્ ૨૮૭
પ્રાતિમોક્ષ ૧૨૮—૧૨૯, ૧૪૧, ૧૫૫, ૨૧૫
પ્રાતિહાર્ય ૧૭૧, ૧૮૫
પ્રીતિ ૭૯—૮૨, ૯૫
બલ ૬૨, ૧૭૦, ૨૨૯
બલવ્યૂહ ૨૨૪
બંગાલી ૨૪૯
બાસઠ સંપ્રદાયો ૧૮
બાહ્યાર્થાનુમેયવાદી ૨૮૫
બિંદુ ૨૪૯—૨૫૧, ૨૫૩, ૨૫૮
બિંદુક્ષોભ ૨૫૦
બિંદુસાધના ૨૪૯—૨૫૧
બુદ્ધકૃપા ૧૭૮
બુદ્ધચિત્ત ૧૯૨, ૧૯૪—૧૯૫
બુદ્ધદિનચર્યા ૨૯
બુદ્ધદેશના ૨૦૦—૨૦૧
બુદ્ધમૂર્તિ ૧૭૩, ૧૭૮, ૩૨૬—૩૨૭
બુદ્ધયાચના ૨૦૯, ૨૧૧
બુદ્ધયાન ૧૮૩—૧૮૪, ૧૮૬, ૧૮૯
બુદ્ધવચન ૩૦૦
બુદ્ધસ્વભાવ ૧૮૨
બુદ્ધાધ્યેષણા ૨૦૯—૨૧૦
બુદ્ધાનુસ્મૃતિ ૯૬—૯૭, ૧૭૨
બુદ્ધિ ૭૧, ૩૨૩
બુદ્ધિચરિત ૯૦
બુદ્ધિચર્યા ૯૦
બુશિદો ૩૧૪
બોધિ ૨૧૧
બોધિચર્યા ૧૯૬
બોધિચિત્ત ૨૦૭—૨૦૯, ૨૪૮—૨૫૦, ૨૫૫
બોધિચિત્તકાય ૨૫૪
બોધિચિત્તાભિષેક ૨૪૨
બોધિચિત્તોત્પાદ ૨૨૮, ૨૩૯
બોધિપક્ષીયધર્મ ૬૫—૮૧, ૨૨૯
બોધિપરિણામના ૨૦૯, ૨૧૧
બોધિપ્રણિધિચિત્ત ૨૦૮
બોધિવૃક્ષ ૧૭૩, ૨૩૬, ૩૨૬—૩૨૭
બોધિસત્ત્વ ૧૬૦, ૧૬૮—૧૬૯, ૧૭૬—૧૮૦, ૧૮૯—૧૯૧, ૧૯૪, ૧૯૬—૧૯૮, ૨૨૭, ૨૪૭
બોધિસત્ત્વયાન ૧૮૧
બોધિસત્ત્વોપાસના ૧૮૭
બોધ્યંગ ૬૫, ૭૪, ૭૯
બ્રહ્મચર્ય ૮, ૧૧૯
બ્રહ્મ ૫, ૨૮૭, ૩૨૦
બ્રહ્મવિહાર ૮, ૮૮—૮૯, ૯૩, ૯૯—૧૦૪, ૨૨૯
બ્રહ્માદ્વૈત ૨૮૭
બ્રાહ્મણ ૧, ૨, ૫, ૭, ૮, ૧૩, ૧૫—૧૭, ૩૮
ભક્તિ ૧૭૨—૧૭૪, ૧૭૮—૧૮૧,

૧૮૭, ૧૮૯–૧૯૯, ૨૦૯
ભગ ૨૪૧
ભગવાન ૨૪૧
ભત્તાંગમ ૧૩૪, ૧૩૬
ભયભૈરવ ૨૫
ભવ ૨૬૮–૨૬૯
ભાવિબુદ્ધ ૧૭૧
ભાષ્ય ૮૭
ભિક્ષુણીસંઘ ૧૫૦
ભિક્ષુપ્રવ્રજ્યા ૧૨૨
ભિક્ષુસાધના ૬૨–૧૧૨
ભોગ ૮
ભોજન ૮૮, ૯૦, ૯૨
ભૈષજ્યબુદ્ધ ૩૨૨
ભ્રાન્તિ ૨૯૦
મણિપૂર ૨૪૮
મદ્યપાન ૪૭
મધ્યમમાર્ગ ૮, ૬૬, ૨૪૯
મધ્યમાપ્રતિપત્ ૬૬
મનુષ્યપ્રકાર ૪૫–૪૬
મનોમયકાય ૧૬૫
મનોમયપૂજા ૨૦૯
મરણસ્મૃતિ ૮૬, ૯૩
મરણાનુસ્મૃતિ ૯૮
મહાજનપદ ૧૧
મહાદેવભક્તિ ૧૮૦
મહામુદ્રા ૨૪૮, ૨૫૫
મહાભૂત ૧૯
મહાયાન ૧૬૫, ૧૮૧, ૧૮૩–૧૮૪, ૧૮૬, ૧૯૩–૧૯૫
મહાસત્ત્વ ૨૪૭
મહાસંઘ ૧૫૯
મહાસાધન ૨૩૮
મહાસુખ ૨૫૬
મહાસેટ્ઠિ ૧૪
મહેશ્વર ૨૩૬
મંડલ ૨૩૪, ૨૩૭
મંત્ર ૨૩૪–૨૩૫, ૨૩૭, ૨૪૫
મંત્રતંત્ર ૧૮
મંત્રયાન ૨૩૫
મંત્રયોગ ૨૪૫
માતૃદેવી ૨, ૧૮
માતૃશક્તિ ૨, ૨૩૪
માધ્યમિક ૨૬૫
માનત્ત ૧૪૦
માનસકર્મ ૬૭
માનુષીબુદ્ધ ૩૨૨
માયાજાલાભિસંબોધિ ૨૪૬–૨૪૭
માયાવાદ ૨૯૧
માંસ ૨૩૮
મિતાહાર ૪૬
મિત્ર ૪૮
મિદ્ધ ૮૬
મિથુનચર્યા ૨૩૫
મિથ્યાચાર ૬૭
મિથ્યાદષ્ટિ ૬૭
મુકુટાભિષેક ૨૪૨–૨૪૩
મુક્તિ ૫, ૨૨૪
મુદિતા ૨૬, ૫૯, ૯૯, ૧૦૨
મુનિ ૩, ૧૭, ૨૦
મુદ્રા ૨૩૪, ૨૩૭, ૨૪૨–૨૪૩, ૨૪૮
મુંડ શ્રાવક ૧૯
મૂર્તિકલા ૩૨૧–૩૨૨
મૂર્તિપૂજા ૨

મૂલાયપટિક્સ્સના ૧૪૦
મૃષાવચન ૬૭
મેનિકેઈઝમ (Menicheism) ૩૧૭
મૈત્રી ૪, ૨૫–૨૬, ૫૯, ૯૬, ૯૯–
૧૦૧, ૩૨૪
મૈત્રીભાવના ૮૬, ૯૩
મોક્ષ ૩–૪, ૭, ૧૭, ૪૧
મોહચરિત ૯૦–૯૩
મોહચર્યા ૯૦
યક્ષ ૧૭–૧૮
યક્ષદેવતા ૨૩૫
યક્ષપૂજા ૧૮
યક્ષિણી ૧૭–૧૮, ૨૩૭
યજ્ઞ ૧, ૨, ૪–૭, ૧૪–૧૫, ૧૭
યજ્ઞસંસ્કૃતિ ૬, ૩૨૫
યતિ ૩, ૫, ૨૦
યદ્ભૂયસીકીય ૧૪૯
યાત્રા ૧૫૯
યુગનદ્ધ ૨૪૦, ૨૫૩, ૨૫૫
યોગ ૨–૩, ૭, ૨૦
યોગિની ૨૪૯
યોનિ ૨૩૬
યોનિપૂજા ૨
યૌનવૃત્તિ ૨૫૮
રક્ષા ૨૩૫
રતિ ૨૨૪
રસ ૨૪૯
રસના ૨૪૯
રસસાધના ૨૪૯–૨૫૧
રાગ ૫૧, ૯૯, ૨૨૬
રાગચરિત ૯૦–૯૩
રાગચર્યા ૯૦
રાત્રિભોજન ૪૬
રાષ્ટ્ર(માં શાંતિ સ્થાપવાના ઉપાય) ૫૧
રૂપ ૭૯, ૨૬૬
રૂપકાય ૧૯૧, ૧૯૩–૧૯૫
રૂપધર્મ ૨૭૫
લલના ૨૪૯
લિંગ ૨૩૬
લિંગપૂજા ૨
લોકસેવા ૧૯૮
લોકોત્તરવાદ ૧૬૦
લોહિતક ૭૭
વજ્ર ૨૩૬, ૨૩૮–૨૩૯, ૨૪૧, ૨૪૩
વજ્રઘંટાભિષેક ૨૪૨–૨૪૩
વજ્રજાપ ૨૪૯, ૨૫૨
વજ્રધરધાતુમહામંડલ ૨૪૧
વજ્રયાન ૨૩૬–૨૫૪, ૩૧૩
વજ્રયોગ ૨૪૩–૨૪૬
વજ્રલોક ૩૧૩
વજ્રવ્રતાભિષેક ૨૪૨
વજ્રસત્ત્વ ૨૪૨, ૨૪૭
વજ્રાભિષેક ૨૪૨
વજ્રાલય ૨૪૧
વત્ત ૧૩૪
વર્ણકસિણ ૯૩
વર્ણધર્મ ૧૨૧
વર્ષાવાસ ૧૧૯, ૧૨૯
વંદના ૨૦૯
વાગ્બિંદુ ૨૫૪
વાગ્વજ્રભાવ ૨૪૫
વાગ્વજ્રયોગ ૨૪૭
વાચિકર્મ ૬૭
વાતરશના મુનિ ૩

વાત્સીપુત્રીય ૧૬૦
વાદવિવાદ ૪૦
વામમાર્ગ ૨૪૯
વાયુકસિણ ૧૦૫
વાસના ૨૭૩, ૨૮૬
વાસુદેવપૂજા ૧૮૦
વાસ્તુકલા ૩૨૧—૩૨૨
વિક્ખાયિતક ૭૭
વિક્ખિતક ૭૭
વિકલ્પજ્ઞાન ૨૮૫
વિચાર ૮૨
વિચિકિત્સા ૫૯, ૮૫, ૮૭
વિચ્છિદ્દક ૭૭
વિજ્ઞાન ૭૯, ૨૬૬, ૨૬૮–૨૬૯, ૨૮૭
વિજ્ઞાનવાદ ૨૮૫–૨૮૭, ૨૯૦–૨૯૨
વિજ્ઞાનાદ્વૈત ૨૮૭
વિજ્ઞાનાનન્ત્ય ૧૦૬—૧૦૭
વિતર્ક ૮૨
વિતર્કચરિત ૯૦, ૯૨
વિતર્કચર્યા ૯૦
વિદ્યા ૧૭, ૧૬૯—૧૭૦, ૨૩૪, ૨૩૭
વિદ્યાવ્રત ૨૩૮
વિનય ૧૨૨, ૧૫૫
વિનશ્વરતા ૨૮૦
વિનાશ ૨૮૦
વિપશ્યના ૨૨૭
વિપશ્યનાભાવના ૧૧૦
વિપશ્યનાયાન ૧૧૦
વિપુબ્બક ૭૭
વિભાગ ૨૯૧
વિભૂતિ ૨૩૫
વિમલા ૨૨૮—૨૨૯
વિમોક્ષ ૨૪૩—૨૪૪
વિરમાનંદ ૨૪૮—૨૪૯, ૨૫૧
વિરાટદર્શન ૧૮૮
વિલીનક ૭૭
વિશુદ્ધ ૨૪૮
વિશુદ્ધયોગ ૨૪૪
વિશેષ ૨૯૧
વિશ્વદર્શન ૨૪૬—૨૪૭
વિશ્વરૂપ ૧૮૫
વિષયપર્યાલોચન ૨૩૦
વિસભાગ ૨૮૦
વિહારદાન ૧૨૧—૧૨૨
વીર્ય ૬૯—૭૦, ૭૯—૮૨
વીર્યપારમિતા ૧૮૯, ૨૨૨—૨૨૫, ૨૨૯
વૃક્ષપૂજા ૨, ૧૭
વૃષલસંસ્કૃતિ ૪
વેદના ૭૯, ૨૬૬, ૨૬૮—૨૬૯
વેદનાનુપશ્યના ૭૫
વેદનાસ્મૃત્યુપસ્થાન ૭૫
વેદાન્ત ૮
વૈખાનસ ૮
વૈભાષિક ૨૭૫—૨૭૬
વૈશારદ્ય (ચાર) ૨૨૯
વૈશ્ય ૧—૨
વ્યસન ૪૭
વ્યાપાદ ૫૯, ૬૭, ૮૫—૮૬
વ્યાવહારિક સત્ ૨૮૭
વ્યાવૃત્તિ ૨૮૪
વ્રત ૩, ૧૭
વ્રાત્ય ૩, ૬—૭, ૩૨૬
શક્તિ ૨૩૪, ૨૩૬—૨૩૮, ૨૪૨,

૨૫૦
શબ્દપ્રમાણ ૧૨૦
શમથયાન ૧૧૦
શરણગમન ૨૦૯–૨૧૦
શરીર ૯૫, ૨૧૫, ૨૫૭
શલ્યચિકિત્સા ૧૩૧
શાશ્વતવાદ ૨૬૭, ૨૭૦
શાંકર વેદાન્તી ૨૮૭
શિક્ષાત્રય ૬૪
શિક્ષાપદ ૧૨૨, ૧૫૪
શિઙ્ગોન સંપ્રદાય ૩૧૩
શિવપૂજા ૩, ૧૮૦
શિવશક્તિ ૩
શિષ્ય ૧૨૫–૧૨૭
શીલ ૪૩, ૫૫, ૫૯, ૬૪–૬૫, ૬૭, ૨૩૪, ૩૨૩
શીલપારમિતા ૧૮૯, ૨૧૩–૨૧૬, ૨૨૯
શીલસ્કંધ ૬૬, ૬૯
શીલાનુસ્મૃતિ ૯૭
શુચિ ૬૫
શૂન્યતાવિમોક્ષ ૨૪૪
શૂન્યવાદ ૨૮૭–૨૯૨
શોક ૧૦૧
શૈક્ષ ૧૪૧, ૧૪૭–૧૪૯
શૈવ ૪, ૨૩૬, ૨૫૯, ૨૯૯, ૩૦૨
શ્રદ્ધા ૪૩, ૫૮, ૬૯–૭૨, ૮૨, ૮૭
શ્રદ્ધાચરિત ૯૦-૯૩
શ્રદ્ધાચર્યા ૯૦
શ્રમણ ૨૪
શ્રમણપરંપરા ૫
શ્રમણસાધના ૬૦
શ્રામણેર ૧૨૫
શ્રાવક ૧૮૨–૧૮૩
શ્રાવકયાન ૧૮૪
શ્રુત ૪૩–૪૪
શ્રુતિ ૨
શ્રેણિ ૧૪
ષટ્કર્મ ૨૩૪, ૨૩૯
ષડક્ષરમંત્ર ૧૮૭
ષડંગયોગ ૨૩૭–૨૩૮, ૨૫૧–૨૫૪
ષડાયતન ૨૬૮–૨૬૯
સકૃદાગામી ૬૦, ૧૧૦–૧૧૧, ૨૨૮
સત્ ૨૮૭
સત્કર્મ ૪૨
સત્ત્વસભાગતા ૨૭૬
સત્ય૩
સદાચાર ૪૧
સદ્ધર્મ ૧૮૩
સભાગતા ૨૮૩
સમયમુદ્રા ૨૪૮
સમવાય ૨૯૧
સમાધિ ૫૫, ૬૪, ૬૯, ૭૦, ૭૯–૮૩, ૧૧૦, ૨૨૯, ૨૩૪, ૨૫૧, ૨૫૩, ૩૨૩
સમાધિમાર્ગ ૧૭
સમાધિસ્કન્ધ ૬૬, ૬૯
સમ્મુખવિનય ૧૪૯
સમ્યક્ આજીવ ૬૬, ૬૮, ૨૬૯
સમ્યક્ કર્મ ૬૬, ૬૯, ૨૬૯
સમ્યક્ દષ્ટિ ૬૬–૬૭, ૨૬૯
સમ્યક્ સમાધિ ૬૬, ૬૯, ૨૬૯
સમ્યક્ વાણી ૬૬–૬૭, ૨૬૯

સમ્યક્ વ્યાયામ ૬૭, ૬૮, ૨૬૯
સમ્યક્ સંકલ્પ ૬૬—૬૭, ૨૬૯
સમ્યક્ સંબુદ્ધ ૧૮૨—૧૮૩
સમ્યક સ્મૃતિ ૬૬, ૬૮, ૨૬૯
સર્વજ્ઞતા ૧૭૦, ૧૭૮, ૨૩૦
સર્વભૂતરુત ૨૪૫
સર્વાસ્તિવાદ ૧૬૦, ૧૬૫, ૨૬૫, ૨૭૫—૨૭૬
સર્વાસ્તિવાદી ૧૬૨, ૧૬૪
સહકારિતા ૨૭૯
સહજકાય ૨૪૮
સહજસાધના ૨૫૭
સહજસુંદરી ૨૪૯
સહજાનંદ ૨૪૮-૨૪૯, ૨૫૧
સહનશીલતા ૨૧૬—૨૨૨
સહભૂહેતુ ૨૮૫
સહસ્રાર ૨૪૮
સહોપલંભનિયમ ૨૮૬
સંકલ્પ (દસ) ૨૨૮
સંખ્યા ૨૯૧
સંગીતિ ૧૫૪, ૧૬૧, ૧૬૪, ૨૯૮—૨૯૯
સંઘ ૧૪, ૫૦, ૧૨૯
સંઘપરિણાયક ૧૨૯
સંઘપિતા ૧૨૯
સંઘભેદ ૧૫૮
સંઘસામગ્રી ૧૩૭—૧૩૮
સંઘસ્થવિર ૧૨૯
સંઘાદિશેષ ૧૪૦—૧૪૨
સંઘાનુસ્મૃતિ ૯૭
સંજ્ઞા ૭૯, ૮૮—૮૯, ૯૩, ૧૦૪, ૧૦૮, ૨૬૬
સંન્યાસ ૧૧૯
સંન્યાસ આશ્રમ ૮
સંપ્રજન્ય ૭૪—૭૫, ૨૧૩—૨૧૪
સંપ્રદાય (૩૬૩) ૧૯
સંપ્રલાપ ૬૭
સંપ્રહર્ષણ ૧૦૯
સંબોધિ ૨૬, ૧૯૨
સંભોગકાય ૧૯૧, ૧૯૩—૧૯૫, ૨૪૫, ૨૪૭—૨૪૮, ૨૫૫
સંયમ ૧૯
સંયોગ ૨૯૧
સંવૃતિ સત્ ૨૮૭
સંવેગ ૧૦૯
સંસાર ૩, ૫
સંસારચક્ર ૧૬
સંસારરમણ ૨૫૭
સંસારવાદ ૭
સંસ્કાર ૭૯, ૨૬૬, ૨૬૮—૨૬૯
સંસ્કૃત (ધર્મ) ૨૬૬
સંસ્થાનયોગ ૨૪૫
સાત પદાર્થ ૧૯
સાધન ૨૩૮
સાધુમતી ૨૨૮, ૨૩૦
સાધુપુરુષ ૪૯—૫૦
સામાન્ય ૨૮૩—૨૮૫, ૨૮૯, ૨૯૧
સામાન્યલક્ષણ ૨૮૯—૨૯૦
સામાન્યસિદ્ધિ ૨૩૭
સારૂપ્ય ૨૭૬, ૨૮૫
સાંપ્રદાયિક સંકુચિતતા ૪૦
સિદ્ધદેહ ૨૩૫, ૨૪૦
સિદ્ધિ ૩, ૧૭૦
સિંધુસંસ્કૃતિ ૨, ૩, ૧૮, ૨૩૪
સિંહશય્યા ૨૯

સુખ ૮૨
સુખાવતીલોક ૩૧૩
સુખાવતીસંપ્રદાય ૩૧૩
સુગતિ ૬૨
સુદુર્જયા ૨૨૮–૨૨૯
સુષુપ્તિ ૨૪૪–૨૪૫, ૨૫૫
સુષુમ્ના ૨૪૯
સેક ૨૪૨–૨૪૩
સેટ્ઠિ ૧૩
સેવા ૨૩૮
સૌત્રાન્તિક ૨૬૫, ૨૭૬–૨૮૫
સ્કંધ ૨૬૬
સ્તૂપ ૧૫૯
સ્ત્યાનમિદ્ધ ૮૫–૮૬
સ્થવિકા ૧૩૪
સ્થવિરવાદ ૧૫૯–૧૬૦, ૧૬૮–
૧૭૪, ૧૭૬–૧૭૯, ૧૯૩,
૧૯૬, ૧૯૯
સ્થાપના ૯૪
સ્થામ ૨૨૪
સ્થાયિત્વ ૨૯૧
સ્પર્શ ૯૪, ૨૬૮–૨૬૯
સ્મૃતિ ૬૯–૭૦, ૭૪–૭૫, ૭૯–
૮૧, ૨૧૩–૨૧૪, ૨૩૫
સ્મૃતિવિનય ૧૪૯
સ્મૃતિસંપ્રજન્ય ૯૨
સ્મૃત્યુપસ્થાન ૬૫, ૬૯, ૭૪, ૭૫,
૭૯
સ્રોતાપત્તિ ૬૦
સ્રોતાપન્ન ૧૧૦–૧૧૧, ૨૨૮
સ્વપ્નાવસ્થા ૨૪૫, ૨૫૪–૨૫૫
સ્વભાવકાય ૨૪૭
સ્વર્ગ ૧, ૪, ૭, ૧૬, ૪૦
સ્વલક્ષણ ૨૮૫, ૨૮૯–૨૯૦
સ્વસંવેદન ૨૮૬
હઠયોગ ૨૩૮–૨૩૯
હતવિક્ખિતક ૭૭
હાસ્ય ૧૦૨
હિંસા ૫
હીનયાન ૧૮૧, ૧૮૩, ૧૮૬,
૧૯૫, ૧૯૯–૨૦૦, ૨૦૨

# શુદ્ધિપત્ર

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૪ | ૧૩ | બૈદ્ધ | બૌદ્ધ |
| ૮ | ૫ (નીચેથી) | સામ્યયોષક | સામ્યપોષક |
| ૧૩ | ૨ (નીચેથી) | વૅદિક | વૈદિક |
| ૧૪ | ૧૧ | લક્ષ્ય | લક્ષ |
| ૨૦ | ૨ (નીચેથી) | જરૂરી | જરૂર |
| ૩૧ | ૬ | અનંદ | આનંદ |
| ૩૫ | ૯ | નિર્માણ | નિર્વાણ |
| ૩૫ | ૫ (નીચેથી) | પૂર્ણિમાના | પૂર્ણિમાની |
| ૭૬ | ૫ (નીચેથી) | થક | થુંક |
| ૭૯ | ૧૮ | અમે | અને |
| ૮૩ | ૧૦ | ખોટાં | ખોટા |
| ૯૬ | ૧ (નીચેથી) | ગંભાર | ગંભીર |
| ૧૬૩ | ૯ (નીચેથી) | નિદ્દસ | નિદ્દેસ |
| ૧૭૫ | ૮ | ચૈતત્યનિર્માણમાં | ચૈત્યનિર્માણમાં |
| ૧૮૫ | ૧૫ | અગીઆરમાં | અગીઆરમા |
| ૧૮૫ | ૨૬ | કુલપુત્રા | કુલપુત્રો |
| ૨૧૮ | ૯ | મનુષ્ણ | મનુષ્ય |
| ૨૨૦ | ૪ (નીચેથી) | સુકૃશ | સુકૃત |
| ૨૩૨ | ૩ | प्ररके | प्रेरके |
| ૨૩૨ | ૧૧ | दृट्वा | दृष्ट्वा |
| ૨૪૪ | ૩ | પ્રણિહિત | અપ્રણિહિત |
| ૨૪૮ | ૧૬ | ચિત્તાના | ચિત્તની |
| ૨૫૦ | ૫ | પછા | પછી |
| ૨૫૪ | ૬ (નીચેથી) | ‘કલચક્ર’ | ‘કાલચક્ર’ |
| ૨૬૦ | ૧૧ | હિન્દા | હિન્દી |
| ૨૯૦ | ૭ | સ્યાદ્વારત્નાકર | સ્યાદ્વાદરત્નાકર |
| —— | —— | બુધ્ધ | બુદ્ધ |
| ૨૩૧ | ૫ (નીચેથી) | उपान्न- | उपान- |
| ૨૩૯ | ૨ (નીચેથી) | બુદ્ધિત્વ | બુદ્ધત્વ |